
# ગુજરાત

## દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૬ • વર્ષ - ૨૦૨૦



કિંમત : ₹ ૪૦/-



“ પ્રકાશ પર્વ ”
- નરેન અંધારીયા
મો. - ૯૪૨૯૬૩૬૬૮૪

# ગુજરાત

## દીપોત્સવી અંક

વિક્રમ સંવત : ૨૦૭૬

વર્ષ : ૨૦૨૦

**તંત્રી**
અશોક કાલરીયા

**સહતંત્રી**
અરવિંદ પટેલ

**સંપાદક**
પુલક ત્રિવેદી

**ઉપસંપાદક**
જગદીશ આચાર્ય

**સહસંપાદક**
ઉર્વી રાવલ, શીરિન સૈયદ, બેલા મહેતા

**વિતરણ વ્યવસ્થા**
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, હસમુખ પટેલ, કિર્તી પરમાર,
જે. બી. મુનિયા, પ્રકાશન શાખા, ગાંધીનગર
તથા જિલ્લા માહિતી કચેરીઓ

**પ્રકાશક**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**વેબસાઇટ**
www.gujaratinformation.net

**કિંમત : ₹ ૪૦/-**

આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા
વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.





## આવો, આપણા ગુજરાતને
## ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે સંકલ્પબદ્ધ બનીએ...

દિવાળીમાં સેંકડો-હજારો દીપકની જ્યોતના પ્રકાશનો અજવાશ ઊર્ધ્વગામી સંકલ્પો સાથે નવા વર્ષમાં પ્રવેશનું ઈજન આપે છે. નૂતન વર્ષે નવતર જોશ અને હોંશ સાથે જીવનના ઉત્કર્ષનાં દ્વાર ખખડાવવાનાં છે. આગળ વધવાનું છે. જેનાં મન અને હૃદયમાં અજવાળું હોય એનો આત્મા પ્રકાશિત જ હોય. આત્મજ્યોત આગળ અનેક સૂર્યનો પ્રકાશ પણ પાણી ભરતો હોય છે. આ દીપોત્સવના પર્વે આપણે સૌ ગુજરાતી બાંધવ સ્વયંના આત્માની જ્યોતિ પ્રગટાવી દેશ, રાજ્ય, સમાજ, પરિવાર અને પોતાને ઉજળા કરવાનો સાચા હૃદયથી પ્રયત્ન કરીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. તિમિર ઉપર પ્રકાશપુંજ પાથરતા દીપોત્સવી પર્વ અને વિક્રમ સંવત-૨૦૭૭ના નૂતન વર્ષ નિમિત્તે, હું ગુજરાતના સૌ ગુજરાતી બાંધવોને દીપાવલીની મંગલકામના સાથે નવા વર્ષની ઉન્નતિ માટે શુભેચ્છાઓ પાઠવું છું.

ભારતના ઉત્સવો ખરા અર્થમાં લોકોત્સવો છે. સ્નેહીજનો, મિત્રો અને પરિવાર સાથે દરેક ઉત્સવ આનંદથી ઉજવવામાં આવે છે. દિવાળી એટલે દીપોત્સવ, ઝગમગતા દીવડાઓનું આ જાજ્વલ્યમાન પર્વ છે. અંધકારને દૂર કરવા દીપ પ્રાગટ્યથી પ્રકાશનો મહિમા સમજાવતો અનોખો લોકોત્સવ એટલે દિવાળી. જ્ઞાન અને સંસ્કારના પ્રકાશના પ્રસાર માટે આ તહેવારમાં સાથે મળીને પ્રત્યેક વ્યક્તિ અને પરિવાર આગળ વધે ત્યારે અજ્ઞાનનો અંધકાર ટકી શકતો નથી.

આ વર્ષે આપણા સૌની કપરી કસોટી થઈ છે. રાજ્ય સરકારની પ્રબળ ઈચ્છાશક્તિ, ગુજરાતીઓની કોઠાસૂઝ તેમ જ કર્મયોગને વરેલા વહીવટી તંત્રના સામંજસ્યથી કોરોના મહામારીના કપરા સમયમાં પણ વિકાસના દરેક ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. કોરોના સામે પ્રત્યેક ગુજરાતીબંધુએ ખભેખભા મિલાવી મુકાબલો કર્યો છે. મ્હોં વકાસીને જોયા કરવાને બદલે આપણે સૌ ગુજરાતી બાંધવોએ નરબંકાઈથી કોરોના સામે બાથ ભીડી છે. વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ જેવી આપત્તિના સમયે કોરોના સંક્રમણને નિયત્રંણમાં લાવવા મોટા પાયે કોવિડ ટેસ્ટિંગ, ટ્રેકિંગ, ટ્રીટમેન્ટ, વિશેષ કોવિડ હૉસ્પિટલો તેમજ પ્લાઝમા બેન્કની પહેલ જેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં ગુજરાતે ઉદાહરણીય કાર્ય કર્યું છે.

ગુજરાતમાં પેશન્ટ રિકવરી રેટ અન્ય રાજ્યો કરતાં ઘણો ઊંચો છે. મૃત્યુદરમાં દિન પ્રતિદિન ઘટાડો થતો જાય છે. ગુજરાતના મહેનતું વેપારીઓ અને ખમીરવંતી ખંતીલી પ્રજાના સહયોગના કારણે જનજીવન તથા ઉદ્યોગ - ધંધા પૂર્વવત થઈ રહ્યાં છે. કોરોના સામે જંગ લડી રહેલા ગુજરાતને ‘જીતશે ગુજરાત, હારશે કોરોના’નું સૂત્ર આપી સરકારે નાગરિકો અને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સમાં અભિનવ ઊર્જાનો સંચાર કર્યો છે.

નિર્ણાયકતા વિકાસની મુખ્ય ધરોહર છે. જન વિશ્વાસની મજબૂત ધરોહર ઉપર બનેલી જનહિતલક્ષી સરકારના તમામ નિર્ણયોમાં લોકો કેન્દ્ર સ્થાને રહ્યા છે. જિલ્લાઓના વહીવટી તંત્રની સાથે યોગ્ય સંકલનમાં રહી રાજ્યના ખૂણે ખૂણામાં લોકકલ્યાણકારી અભિયાનો તથા યોજનાઓના લાભ પહોંચાડવાની દિશામાં ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

નકારાત્મકતાને દૂર કરી સૌના સાથ, સૌના વિકાસના ધ્યેય મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને આવનારા દિવસો આપણા સૌ માટે મંગલમય બની રહે તે માટે નૂતનવર્ષના પ્રારંભે શુભ સંકલ્પ કરીએ. ગુજરાતની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદાર બનીએ. ગુજરાતનો વિકાસ ક્યારેય અટક્યો નથી અને ક્યારેય અટકવાનો નથી. ગુજરાત સરકાર હંમેશાં જનસામાન્યની પડખે અડીખમ ઊભી છે. મને વિશ્વાસ છે, ગુજરાતની જનતાના ખમીર પર, મને વિશ્વાસ છે ૧૩ કરોડ ભૂજાઓના બળ પર. મુશ્કેલીનો સમય પસાર કરી ખૂબ ઝડપથી ગુજરાતની વિકાસયાત્રાને તેજ બનાવવા આપણે સૌ આપણું સામર્થ્ય બતાવીશુ.

ગુજરાત દીપોત્સવી અંક રાજ્યના સાહિત્યકારો અને વાચકોમાં આગવું સ્થાન ધરાવે છે. તમામ પ્રકારના સાહિત્યને એક જ ગ્રંથમાં માણવાનું દીપોત્સવી અંકમાં સુલભ બને છે. પોતાની સાહિત્ય સર્જનકલાને ગુજરાત દીપોત્સવી અંકના સાહિત્ય રસિકો સાથે વહેંચવા બદલ લેખકો, ચિંતકો, કવિઓ, તસવીરકારો અને ચિત્રકારો સૌને અભિનંદન.

સૌ ગુજરાતી બાંધવોને દીપાવલી અને નવા વર્ષની અનેક અનેક શુભેચ્છાઓ...

જય જય ગરવી ગુજરાત...

**વિજય રૂપાણી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



## નકારાત્મકતાના અંધકારને દૂર કરીને હકારાત્મકતાનો પ્રકાશ પાથરીએ...

નવી આશાઓ અને નવા અરમાનોનું આકાશ ખોલતું પર્વ એટલે દીપોત્સવ. જીવન કેવી રીતે જીવવું એના કોઇ નિર્ધારિત અભ્યાસક્રમો ન હોય, પરંતુ જીવન કેવી રીતે માંજવું અને ઉજાળવું એની દૃઢનિશ્ચયી પ્રબળ નિષ્ઠા તો હોવી જ જોઈએ. નવરાત્રી અને શરદ પૂનમના દીવડાઓની જ્યોતનું અજવાળું ઘરમાં ચારેકોર પથરાયું છે. હવે પ્રત્યેક પરિવારનાં આંગણામાં દિવાળીના કોડિયામાં નવા વર્ષનુ શુભત્વ ઝગારા મારી રહ્યું છે. દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. યુગોથી ભારતીય સંસ્કૃતિએ અજ્ઞાનતા અને અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીવાની સમજ સ્વીકારી છે. દીપની શુભ જ્યોત ઊર્ધ્વગામી બનવાનો શુભસંદેશ આપે છે. દીવાઓની દીપમાળા અંધકારને ફેડીને ઉજાસનાં ઓવારણાં લે છે.

દિવાળી અને નૂતન વર્ષ આપણી ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિનું અનોખુ સંસ્કાર પર્વ છે. અજવાળું હંમેશાં પવિત્ર કહેવાય કારણ કે, અજવાળામાં નવતર હોંશ અને જોશ હોય છે. વિતેલા વર્ષના પ્રત્યેક દિવસ અમૂલ્ય અનુભવોનો ખજાનો આપીને જાય છે અને નવા વર્ષની ઉષા આગળ વધવાના શુભત્વના સંકેત સાથે ટોડલે ઊભી હોય છે. દીપાવલી એટલે ફટાકડાની આતશબાજીમાં ઈર્ષા, દ્વેષ અને નકારાત્મકતાનો ધુમાડો કરવાનું મહા પર્વ.

કોરોના મહામારીના પ્રકોપના કારણે આ વર્ષ વિશ્વ સમસ્ત માટે ખૂબ કપરું રહ્યું. કોરોનાની મહામારી સામે ગુજરાતે રીતસર બાથ ભીડી. કોવિડ ૧૯ જેવી બીમારીમાં સ્વયં સુરક્ષિત રહી પરિવાર અને સમાજને સુરક્ષિત રાખવાનો સંકલ્પ કરીએ. મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, બાળકો, વંચિતો, વનબંધુઓ તેમજ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા વર્ગોની આરોગ્ય સુખાકારી સાથે ઊર્ધ્વગામી વિકાસ માટેની ગુજરાત સરકારની દૃઢ નિર્ણાયકતાની પ્રતીતિ જનજનને થઇ રહી છે. નિર્ણાયક સરકારના પ્રત્યેક નિર્ણયના કેન્દ્રમાં જનતા છે. આરોગ્ય, શિક્ષણ, પાણી, ખાદ્ય સુરક્ષા, વીજળી, સામાજિક સમરસતા, ઉદ્યોગ, પર્યાવરણ, માળખાગત સુવિધા જેવા તમામ ક્ષેત્રે સરાહનીય કામગીરીના કારણે આજે ગુજરાત દેશ અને દુનિયામાં 'વિકાસ મોડેલ' કહેવાય છે.

આવનારા વર્ષમાં આપણે સૌ આપણી અંદર રહેલી રચનાત્મક શક્તિઓને ખિલવીને વિકાસના નવા પ્રકાશ પૂંજનું આહવાન કરીએ. દિવાળીનું આ પર્વ આપણા માટે નવી આશા લઈને આવે તેવી શુભેચ્છાઓ સાથે ગુજરાત દીપોત્સવીનો વિક્રમ સંવત ૨૦૭૬નો અંક આપના કરકમળમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે, રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રતિ વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને કલા-સાહિત્યને પ્રસ્તુત કરતો ગુજરાત દીપોત્સવી અંક સૌ વાચકો, અભ્યાસુઓ, કલા રસિકો અને સાહિત્ય રસિકોની જ્ઞાન પિપાસાને તૃપ્ત કરશે.

ગુજરાત દીપોત્સવી અંકના સુજ્ઞ વાંચકો અને સર્વે ગુજરાતી બાંધવોને દીપાવલીના પર્વની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન....

**અશ્વિનીકુમાર, આઇ.એ.એસ.**
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

सत्यमेव जयते



## વિકાસના નવતર સીમાડાઓ સર કરવાની શુભકામનાઓ...

સમયના પંખીની પાંખો એટલી તેજ રફતારથી ફરફરતી હોય છે કે, આપણને એમ લાગે કે, હજી હમણાં તો હોળી ગઈ, નોરતાં ગયાં ત્યાં હર્ષ-ઉલ્લાસ સાથે પ્રકાશનું અદ્વિતીય પર્વ દીપાવલીનું આગમન થઈ ગયું. પ્રકાશના મહાત્મ્યનું આહવાહન કરીને અંતરને અજવાળવાનો અનેરો ઉત્સવ એટલે દીપોત્સવ. આંગણે રંગોળી તેમજ બારણે આસોપાલવનાં તોરણ સજાવવાના ઉત્સાહ સાથે ઝળહળતા દીવાઓની હારમાળાને આવકારવા સૌ કોઇ સુસજ્જ છે. ઉત્સવો જીવનને ઉમંગ, ઉલ્લાસથી ભરી દે છે. આગળ વધવાના નવતર સંકલ્પો લેવા માટે ઉત્સવો પ્રોત્સાહિત કરે છે.

૨૦૨૦નું વર્ષ સમગ્ર વિશ્વ માટે જબરજસ્ત ઉતાર ચઢાવનું વર્ષ રહ્યું. વિટંબણા, આફતો અને સમસ્યાઓમાંથી માર્ગ કાઢવાનું ખમીર પરમાત્માએ માનવીને ઉપહાર સ્વરૂપે આપ્યું જ છે. આજે હાર છે તો કાલે જીત, આજે નિરાશા છે તો કાલે આશા. આશાનો એક દીપક નિરાશારૂપી તિમિરને દૂર હડસેલી દેવાની અપ્રતિમ ક્ષમતા રાખે છે. ખમીરવંતા ગુજરાતીઓ આફતને અવસરમાં પલટાવવામાં અજબની ખુમારી ધરાવે છે. સમગ્ર વિશ્વમાં કોરોના નામના અદૃશ્ય વાઇરસે અફડાતફડી મચાવી દીધી છે. ગુજરાતે આગોતરા પગલાં લીધાં. કેન્દ્ર સરકારે લીધેલા પ્રત્યેક નિર્ણયોનું ચૂસ્તપણે પાલન કરવાની સાથોસાથ કોરોના મહામારીને અટકાવવા કોઈ કચાશ ના રાખી. અને આમ પણ, થાકે, હારે અને ઝૂકે એ ગુજરાત અને ગુજરાતી નહીં.

'ગુજરાત દીપોત્સવી અંક- ૨૦૭૬' વાચકો સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. આ દીપોત્સવી અંકમાં ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, સર્જકો, વિવેચકો, ચિંતકોની કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ, અભ્યાસલેખો, કાવ્યો, નવલિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. વિશેષાંકમાં પ્રકૃતિ, લોકજીવન અને માનવસંવેદનાઓને અભિવ્યક્ત કરતી રંગીન તસવીરોને સમાવિષ્ટ કરવામાં આવી છે. પ્રતિવર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વિશેષાંકને રસપ્રદ, વાચનક્ષમ અને આકર્ષક બનાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

ગુજરાતને વધુ ઉજ્વળ બનાવી વિકાસના નવતર સીમાડાઓ સર કરવા માટે આપણે સૌ ગુજરાતી બાંધવો નવા વર્ષે સંકલ્પબદ્ધ બનીએ. દીપોત્સવી પર્વનું તેજપુંજ સૌના જીવનમાં વિકાસનો ઉજાસ લાવનારું બની રહે તેવી શુભેચ્છા સાથે વિ.સં. ૨૦૭૭ના નવા વર્ષની શુભકામનાઓ.

**અશોક કાલરીયા**
માહિતી નિયામક

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧ | સરદાર પટેલ : ઠંડી મક્કમતાના સ્વામી | - ગુણવંત શાહ | ૧૭ |
| ૨ | સંસ્કૃતિની સ્વરભૂમિ... | - ડૉ. વિષ્ણુ પંડ્યા | ૨૧ |
| ૩ | કચ્છી લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના શ્રદ્ધેય સારસ્વતઃ દુલેરાય કારાણી | - ડૉ. બળવંત જાની | ૨૫ |
| ૪ | 'નવ ઉદ્ધરત ગુજરાત' | - કુમારપાળ દેસાઈ | ૩૯ |
| ૫ | આપણી ભાષા કથીર હોય તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ | - દેવેન્દ્ર પટેલ | ૪૫ |
| ૬ | જર, જમીન, જોરુનાં દેવી : લક્ષ્મી | - જય વસાવડા | ૪૭ |
| ૮ | ધન્ય ભૂમિ ગુજરાતની : જ્યાં મોટા માણસોને નાના માણસો જિવાડે છે | - ભવેન કચ્છી | ૫૧ |
| ૯ | ગુજરાતનું નંદનવન : નડિયાદ | - ડૉ. નરોત્તમ વાળંદ | ૫૫ |
| ૧૦ | માનવજાતની સંસ્કાર-મૂડી : ઈસપકથાઓ | - યશવંત મહેતા | ૫૯ |
| ૧૧ | ઓખામંડળના માણેકવંશનો ઇતિહાસ | - નરોત્તમ પલાણ | ૬૯ |
| ૧૨ | કચ્છની કલાધરિત્રી : ધનબાઈ કારા... | - જોરાવરસિંહ જાદવ | ૭૧ |
| ૧૩ | જાતિ ધર્મભેદને દૂર કરતી 'શ્રી જગન્નાથજી'ની પુરાકથા | - હસુ યાજ્ઞિક | ૭૫ |
| ૧૪ | ભારત, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ ધરાતલની ગહેરાઈથી સ્પષ્ટતા બક્ષે છે - વિનોબાજી | - ભદ્રાયુ વછરાજાની | ૮૧ |
| ૧૫ | આદિવાસી સમાજનું વર્ષા લોકશાસ્ત્ર | - ડૉ. ભગવાનદાસ પટેલ | ૮૯ |
| ૧૬ | સૌરાષ્ટ્રના રાજવીઓ : જસદણ | - યાસીન દલાલ | ૯૧ |
| ૧૭ | દુહો અમાણા દેશનો | - શિવદાન ગઢવી | ૯૯ |
| ૧૮ | લાટની લાડકી સર્જક ત્રિપુટી : શતાબ્દી સ્મરણ | - પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૧૦૩ |
| ૧૯ | લોકસાહિત્યમાં ઝિલાયેલો પ્રકૃતિનો પ્રભાવ | - દોલત ભટ્ટ | ૧૦૯ |
| ૨૦ | સતની શોધમાં ! | - પરમાનંદ માણેકલાલ ગાંધી | ૧૧૧ |
| ૨૧ | અમદાવાદના પ્રથમ નગરશેઠ : શાંતિદાસ ઝવેરી | - ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૧૧૫ |
| ૨૨ | વસતી નિયંત્રણ, સમાન નાગરિક અને ડૉ. બાબાસાહેબ આંબેડકર | - કિશોર મકવાણા | ૧૧૭ |
| ૨૩ | ડૉ. આંબેડકરનો આફ્રિકા સંદર્ભ ! | - નટુભાઈ પરમાર | ૧૨૩ |
| ૨૪ | સૌરાષ્ટ્રનું ધર્મદર્શન | - લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૧૩૩ |
| ૨૫ | લૂંટી લીધું... | - ડૉ.અશોક નારાયણ | ૧૩૯ |
| ૨૬ | પુરા મળે ત્યારે પ્રેમ જગાડેજી... ભક્ત કવયિત્રી સતી લોયણ | - કાકડિયા મનસુખ વી. | ૧૪૧ |
| ૨૭ | ભારતનું પ્રાચીન વિદ્યાધામ : વલભી વિશ્વવિદ્યાલય | - ભૂપેન્દ્ર મો. દવે | ૧૪૭ |
| ૨૮ | પારસી રંગભૂમિનું અણમોલ રત્ન - પદ્મશ્રી યઝદી કરંજિયા | - અજય મો. નાયક | ૧૫૨ |
| ૨૯ | જ્ઞાન-કર્મ તથા ભક્તિનો ત્રિવેણી સંગમ : વિનોબાજી | - વી. એસ. ગઢવી | ૧૫૫ |
| ૩૦ | ગુજરાતી લોકગીતોની નાયિકાઓની 'સ્વદેશ'નીતિ | - નીલેશ પંડ્યા | ૧૫૮ |
| ૩૧ | ગુજરાતી લઘુકથામાં લાઘવ, સિચ્યુએશન અને સંવેદન | - સોમાભાઈ વિ. પટેલ | ૧૬૦ |
| ૩૨ | કબીરસાહેબની હૃદય સોંસરવી ઊતરી જાય એવી સાધુકડી ભાષા | - પુલક ત્રિવેદી | ૧૬૩ |

# અનુક્રમણિકા

નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | એમ ?! | - મોહમ્મદ માંકડ | ૧૬૯ |
| ૨. | આ આખી દુનિયા ખરાબ છે ! | - ડૉ. દિનકર જોષી | ૧૭૩ |
| ૩. | અનલોક્ડ | - વર્ષા અડાલજા | ૧૭૫ |
| ૪. | પીળી પેટી ! | - રજનીકુમાર પંડ્યા | ૧૭૯ |
| ૫. | તક | - કેશુભાઈ દેસાઈ | ૧૮૧ |
| ૬. | સત્યજીત | - ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૮૫ |
| ૭. | મન તો થાય પણ... | - રમેશ ર. દવે | ૧૮૯ |
| ૮. | વારસ | - રાઘવજી માધડ | ૧૯૩ |
| ૯. | ઉચ્છૃંખલ | - નસીર ઇસમાઈલી ‘ઝુબિન’ | ૧૯૭ |
| ૧૦. | હું - એક ટાઈપિસ્ટ | - સુમંત રાવલ | ૨૦૫ |
| ૧૧. | ઢોરાં | - રમેશ ત્રિવેદી | ૨૦૯ |
| ૧૨. | આપદા | - ભી. ન. વણકર | ૨૧૧ |
| ૧૩. | વિનિયાના એમઓયુ | - નીતિન ત્રિવેદી | ૨૧૫ |
| ૧૪. | મયૂરી ફ/જ જડીબા | - નટવર પટેલ | ૨૧૭ |
| ૧૫. | ઈન્વેસ્ટિગેશન | - દશરથ પરમાર | ૨૨૫ |
| ૧૬. | દીકરા, તમે કઈ કક્ષાના ?... | - અલતાફ પટેલ | ૨૨૯ |
| ૧૭. | વન મોર ચાન્સ ડેડી...! | - અતુલકુમાર વ્યાસ | ૨૩૩ |
| ૧૮. | ચપટીક આકાશ... | - નીલમ દોશી | ૨૩૭ |
| ૧૯. | નજરબંધી | - નટવર ગોહેલ | ૨૪૧ |
| ૨૦. | કોરોનાકાળ | - અવિનાશ પરીખ | ૨૪૫ |
| ૨૧. | ફાંસ | - માવજી મહેશ્વરી | ૨૫૩ |
| ૨૨. | આકાર | - સુરમ્યા જોશી | ૨૫૭ |
| ૨૩. | આ પાર, પેલે પાર | - ડૉ. સ્વાતી નાયક | ૨૬૧ |
| ૨૪. | “કસુંબીનો રંગ” | - રેખાબા સરવૈયા | ૨૬૫ |
| ૨૫. | ૩-ડેડબોડીઝ | - દર્શનાબહેન ભગલાણી | ૨૬૯ |
| ૨૬. | મારી સખીને ગમ્યું તે ખરું | - ડૉ. પિનાકિન દવે | ૨૭૫ |
| ૨૭. | યુ ટર્ન | - પ્રફુલ્લ કાનાબાર | ૨૮૧ |
| ૨૮. | આ નંબર અસ્તિત્વમાં નથી ! | - સંજય થોરાત ‘સ્વજન’ | ૨૮૩ |
| ૨૯. | શેષ પરિચય | - ગિરીશ ભટ્ટ | ૨૮૭ |
| ૩૦. | અધિકારપત્ર | - પ્રવીણ ગઢવી | ૨૯૧ |
| ૩૧. | પટારો | - રાજ ભાસ્કર | ૨૯૫ |
| ૩૨. | મોક્ષ અથવા પ્રેમનું પારિતોષિક | - પરીક્ષિત જોષી | ૨૯૭ |
| ૩૩. | નસીબદાર | - પ્રેમજી પટેલ | ૩૦૦ |
| ૩૪. | છતાં !!! | - અન્નપૂર્ણા મેકવાન | ૩૦૧ |
| ૩૫. | બફારો | - આશિષ આચાર્ય | ૩૦૪ |

વિનોદિકા સંપુટ

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | લૉકડાઉનનાં લેખાં-જોખાં | - રતિલાલ બોરીસાગર | ૩૦૯ |
| ૨. | ઈસરોની એક શોધ | - નિરંજન ત્રિવેદી | ૩૧૧ |
| ૩. | ન્યૂ-નોર્મલ અને બુધાલાલ | - પ્રવીણ દરજી | ૩૧૩ |
| ૪. | વાણીનો વ્યવહાર ને હરકતો | - હરિકૃષ્ણ પાઠક | ૩૧૫ |
| ૫. | સ્કૂલ ઍડ્‌મિશનની રામાયણ ! | - હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' | ૩૧૭ |
| ૬. | કોરોનાને પાંચમો મહિનો જાય છે...! | - ડૉ. નલિની ગણાત્રા | ૩૧૯ |
| ૭. | પાર્ટીનું પંચનામું | - પરાગ ત્રિવેદી | ૩૨૧ |
| ૮. | કોરોનાની આત્મકથા | - ડૉ. જગદીશ ત્રિવેદી | ૩૨૫ |
| ૯. | રિપૅરિંગના અનુભવો | - અધીર અમદાવાદી | ૩૨૭ |
| ૧૦. | નવરી બજાર | - જીતેન્દ્ર ઠક્કર | ૩૩૧ |
| ૧૧. | હું આમ તો બીઝી હોઉં છું ! | - કિશોર અંધારિયા | ૩૩૩ |
| ૧૨. | ગૃહ, ગૃહસ્થ અને ગૃહિણી | - નગીન દવે | ૩૩૫ |
| ૧૩. | કોર્ટની રમૂજ | - મધુકર દિ. ધ્રુવ | ૩૩૭ |
| ૧૪. | વનસ્પતિનાં વિચિત્ર નામો (હળવે હૈયે) | - ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન' | ૩૩૯ |
| ૧૫. | અધોવાયા ફડેશનાં લગ્ન ! | - કૃષ્ણ પંડિત | ૩૪૫ |
| ૧૬. | છેલ્લી ઘડી | - કલ્પના દેસાઈ | ૩૪૭ |
| ૧૭. | કાનને દોષ છે... | - પ્રદ્યુમન આચાર્ય | ૩૪૯ |
| ૧૮. | ચંદ્રયાન... થી | - દિલીપ આર. શાહ 'રસીલા' | ૩૫૩ |
| ૧૯. | વાઈરસ | - નિપુણ. સી ચોકસી | ૩૫૭ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧ | સુખદ અકસ્માત (એકાંકી) | - પ્રકાશ લાલા | ૩૬૫ |
| ૨ | સંબંધોના સથવારે...! | - વિનોદ સી. દવે | ૩૬૯ |
| ૩ | કટ-ઓફ (એકાંકી) | - રવીન્દ્ર પારેખ | ૩૮૩ |
| ૪ | વિદાય | - શૈલેષ ટેવાણી | ૩૮૭ |
| ૫ | નામકરણ રાખ્યું છે | - દુર્ગેશ ઓઝા | ૩૯૫ |
| ૬ | ભારત મા કી... | - મનસુખ વાઘેલા | ૪૦૩ |
| ૭ | પંગુમ્ લંઘયતે ગિરિમ્ | - તારિણીબહેન દેસાઈ | ૪૧૩ |
| ૮ | સાત ડગલાં આઘેરાં.. (નાટક) | - ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૪૨૨ |

# અનુક્રમણિકા

કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | કન્યાકુમારી | - રઘુવીર ચૌધરી | ૪૩૩ |
| ૨. | એક મને ગોઠે છે તારી સાથ ! | - ચંદ્રકાન્ત શેઠ | ૪૩૩ |
| ૩. | ગઝલ | - રાજેન્દ્ર શુક્લ | ૪૩૪ |
| ૪. | સંયમપૂર્વક | - માધવ રામાનુજ | ૪૩૪ |
| ૫. | ખેતર ચણી ગયું રે અમને... | - વિનોદ જોશી | ૪૩૫ |
| ૬. | આપણાથી એક નવી સવાર ! | - યોસેફ મેકવાન | ૪૩૫ |
| ૭. | બાપુનું સ્મરણ | - મનોહર ત્રિવેદી | ૪૩૬ |
| ૮. | ગઝલ | - રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૩૬ |
| ૯. | વટેમારગુ | - હરીશ મીનાશ્રુ | ૪૩૭ |
| ૧૦. | મારું વ્હાલું ગામ | - મણિલાલ હ. પટેલ | ૪૩૭ |
| ૧૧. | પૂતળાં | - ધીરેન્દ્ર મહેતા | ૪૩૮ |
| ૧૨. | હરિયાળી | - નીતિન વડગામા | ૪૩૮ |
| ૧૩. | ઊડણ ચરકલડી | - યોગેશ જોશી | ૪૩૯ |
| ૧૪. | શ્વાસનો ફોટો | - ધૂની માંડલિયા | ૪૩૯ |
| ૧૫. | ગઝલ | - રમણીક સોમેશ્વર | ૪૪૦ |
| ૧૬. | મહારાણી | - મુસાફિર પાલનપુરી | ૪૪૦ |
| ૧૭. | કોરોના | - કિસન સોસા | ૪૪૧ |
| ૧૮. | ટહુકે ચીતર્યા તડકા | - સતીશ ડણાક | ૪૪૨ |
| ૧૯. | વસંતમાં | - હર્ષદ ચંદારાણા | ૪૪૨ |
| ૨૦. | ફકીરા | - શિવજી રૂખડા | ૪૪૩ |
| ૨૧. | ગઝલ | - ગુણવંત ઉપાધ્યાય | ૪૪૩ |
| ૨૨. | વરસાદની પળો | - બકુલેશ દેસાઈ | ૪૪૪ |
| ૨૩. | માટીના વાસમાં... | - દલપત પઢિયાર | ૪૪૪ |
| ૨૪. | વિશે વાત ના કર | - સંજુ વાળા | ૪૪૫ |
| ૨૫. | વરસે... | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૪૪૫ |
| ૨૬. | કોરોનાસૂર વધ !!! | - કૃષ્ણ દવે | ૪૪૬ |
| ૨૭. | ન સમજો એમ કે | - અંકિત ત્રિવેદી | ૪૪૬ |
| ૨૮. | વાંસળી ઉરની | - હર્ષદ ત્રિવેદી | ૪૪૭ |
| ૨૯. | નરસિંહને... | - દિલીપ જોશી | ૪૪૭ |
| ૩૦. | ભાષાનું ક્વોરેન્ટાઈન | - ભાગ્યેશ જહા | ૪૪૮ |
| ૩૧. | વાત કર | - ફિલિપ ક્લાર્ક | ૪૪૯ |
| ૩૨. | સ્વર્ગીય ટાણું (મંદાક્રાંતા) | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૪૫૦ |
| ૩૩. | ક્યાં ગઈ ? | - રાધેશ્યામ શર્મા | ૪૫૦ |
| ૩૪. | ગઝલ | - રઈશ મનીઆર | ૪૫૧ |
| ૩૫. | લહાણી કરી | - અઝીઝ ટંકારવી | ૪૫૧ |
| ૩૬. | ગઝલ | - રમેશ પટેલ 'ક્ષ' | ૪૫૨ |
| ૩૭. | પ્રથમ વરસાદની વેળા | - ઉર્વીશ વસાવડા | ૪૫૨ |

કાવ્ય સંપુટ

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૯. | પાછળ પાછળ દોડાવીને ! | - કિશોર જિકાદરા | ૪૫૩ |
| ૪૦. | જોડાઈ જાવું છે... | - અનંત પટેલ | ૪૫૩ |
| ૪૧. | ગઝલ | - અનિલ ચાવડા | ૪૫૪ |
| ૪૨. | ધીરે રહીને... | - ભાવેશ ભટ્ટ | ૪૫૪ |
| ૪૩. | યાદ છે... | - ચંદ્રેશ મકવાણા | ૪૫૫ |
| ૪૪. | ઘરમાં રહો | - હરદ્વાર ગોસ્વામી | ૪૫૫ |
| ૪૫. | ચાલીને | - અશોક ચાવડા 'બેદિલ' | ૪૫૬ |
| ૪૬. | વરસે | - મનીષ પરમાર | ૪૫૬ |
| ૪૭. | ગઝલ | - સ્નેહી પરમાર | ૪૫૭ |
| ૪૮. | ભેખ લીધો રે... | - પ્રશાંત કેદાર જાદવ | ૪૫૭ |
| ૪૯. | અવતરે | - રમેશ ઠક્કર | ૪૫૮ |
| ૫૦. | હેતનાં ઓઢણાં | - ડૉ. એસ. એસ. રાહી | ૪૫૮ |
| ૫૧. | મોડું થયું... | - મનીષ પાઠક'શ્વેત' | ૪૫૯ |
| ૫૨. | "છું જ હું" | - સતીન દેસાઈ "પરવેઝ" | ૪૫૯ |
| ૫૩. | ગોપીની વ્યથા | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૬૦ |
| ૫૪. | મીરાં મીરાં બોલ સજનવા... | - પ્રદીપ સુમિરન | ૪૬૦ |
| ૫૫. | સ્વપ્ન સમ્રાટ | - ભસ્માંગ માંકડ "સમ્રાટ" | ૪૬૧ |
| ૫૬. | મૂંગી નદીના | - નટવર આહલપરા | ૪૬૧ |
| ૫૭. | દેખો ઠામે-ઠામ | - ડૉ. ઈશ્વર સુથાર, 'શિલ્પી' | ૪૬૨ |
| ૫૮. | મારી વહી | - પ્રફુલ્લ રાવલ | ૪૬૨ |
| ૫૯. | ટહુકો | - રમેશ પટેલ | ૪૬૩ |
| ૬૦. | ગીત | - મનહર ઠાકર | ૪૬૩ |
| ૬૧. | "અદાઓ, ચાલાકી અને લાડ પારખું છું" | - દિનેશ દેસાઈ | ૪૬૪ |
| ૬૨. | ગઝલ | - પ્રીતમ લખલાણી | ૪૬૪ |
| ૬૩. | અંધારાની ઐસીતૈસી | - રક્ષા શુક્લ | ૪૬૫ |
| ૬૪. | તંતોતંત | - વિવેક મનહર ટેલર | ૪૬૫ |
| ૬૫. | એક ફરિશ્તો... | - નયના જાની | ૪૬૬ |
| ૬૬. | થાબડભાણું | - ચંદ્રશેખર પંડ્યા | ૪૬૬ |
| ૬૭. | મધર્સ પછીના દિવસની સંવેદના | - કનૈયાલાલ ભટ્ટ | ૪૬૭ |
| ૬૮. | અનાજ ઉપણવાની ક્રિયા | - રમેશ આચાર્ય | ૪૬૮ |
| ૬૯. | નાચે | - ડૉ. ધૈવત શુક્લ, 'આનંદ' | ૪૬૮ |
| ૭૦. | જેવું... | - પારસ એસ. હેમાણી | ૪૬૯ |
| ૭૧. | ગઝલ | - ડૉ. મનોજ જોશી 'મન' | ૪૬૯ |
| ૭૨. | હરપળે | - ડૉ. પ્રદીપ આઝાદ | ૪૭૦ |
| ૭૩. | નાચે છે મોર... | - હર્ષિદા દીપક ત્રિવેદી | ૪૭૦ |
| ૭૪. | હમણાં બેઠું થાશે ભારત... | - દીપક ત્રિવેદી | ૪૭૧ |

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૭૫. | મેકલસુતા મા રેવા | - પ્રજ્ઞા પટેલ | ૪૭૧ |
| ૭૬. | ગઝલ... | - ભાવિન ગોપાણી | ૪૭૨ |
| ૭૭. | મારી આંખોમાં પણ આજે | - તેજસ દવે | ૪૭૨ |
| ૭૮. | વ્હોરી લીધી | - દર્શક આચાર્ય | ૪૭૩ |
| ૭૯. | પળપળના પરપોટા | - રમણ વાઘેલા | ૪૭૩ |
| ૮૦. | પ્રસ્તાવના જેવું હતું... | - ડૉ. મુકેશ જોષી | ૪૭૪ |
| ૮૧. | માંહ્યલો તું જો... | - જયંતિ ધોકાઈ | ૪૭૪ |
| ૮૨. | વચ્ચે... | - પ્રશાંત સોમાણી | ૪૭૫ |
| ૮૩. | પછડાયો | - વિપુલ માંગરોલિયા - વેદાંત | ૪૭૫ |
| ૮૪. | ગઝલ | - શૈલેષ પંડ્યા 'ભીનાશ' | ૪૭૬ |
| ૮૫. | ધ્યાન છે | - રેણુકા દવે | ૪૭૬ |
| ૮૬. | ભરમાઈ ગઈ...! | - ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ', | ૪૭૭ |
| ૮૭. | હાઈપોથિસિસ | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૪૭૭ |
| ૮૮. | ગીત | - વિનોદ ગાંધી | ૪૭૮ |
| ૮૯. | હતું ત્યારે હતું | - વિનુ બામણીયા 'અતીત' | ૪૭૮ |
| ૯૦. | જાતવાસો | - પ્રતાપસિંહ ડાભી 'હાકલ' | ૪૭૯ |
| ૯૧. | વાત જ જવા દે | - કિરણસિંહ ચૌહાણ | ૪૭૯ |
| ૯૨. | આપણે રે એનાં અજવાળા ! | - જિગર જોષી 'પ્રેમ' | ૪૮૦ |
| ૯૩. | ગઝલ | - જિગર ઠક્કર 'ગઝલનાથ' | ૪૮૦ |
| ૯૪. | અંજળ લખો | - ઉમેશ જોશી | ૪૮૧ |
| ૯૫. | હાલરડું / જાગરડું | - મધુસૂદન પટેલ 'મધુ' | ૪૮૧ |
| ૯૬. | ગઝલ | - નટવર હેડાઉ | ૪૮૨ |
| ૯૭. | છાયા હવે ચાલી | - જિતેન્દ્ર પ્રજાપતિ | ૪૮૨ |
| ૯૮. | સાહેબજી | - બેન્યાઝ ધ્રોલવી | ૪૮૩ |
| ૯૯. | કોરોના | - મહેશ દેસાઈ | ૪૮૩ |
| ૧૦૦. | છૂટ્ટા પડ્યાનો ભાવ | - હાર્દિક વ્યાસ | ૪૮૪ |
| ૧૦૧. | ભીતરે જો કેટલો વિષાદ છે... | - સ્નેહલ નિમાવત | ૪૮૪ |
| ૧૦૨. | તમે છો | - ભરત વિંઝુડા | ૪૮૫ |
| ૧૦૩. | ગઝલ | - યોગેશ પંડ્યા | ૪૮૫ |
| ૧૦૪. | જગથી જુદી મા ગુજરાતા... | - રવજી ગાબાણી | ૪૮૬ |
| ૧૦૫. | હોવો જોઈએ | - દિનેશ પોપટ | ૪૮૬ |
| ૧૦૬. | ગીત | - કુમાર જૈમિનિ શાસ્ત્રી | ૪૮૬ |
| ૧૦૭. | ગઝલ | - સાહિલ | ૪૮૭ |
| ૧૦૮. | શું કરે ? | - અમીચંદભાઈ શા. પટેલ 'અ' | ૪૮૭ |
| ૧૦૯ | જીવી લીધું | - હરીશ ધોબી | ૪૮૭ |
| ૧૧૦ | મૃત્યુ કદી મરતું નથી | - કૌશિક મહેતા | ૪૮૮ |

# ફોટોગ્રાફ્સ અને ચિત્રો

હેમરાજભાઈ દેસાઈ
ગાયત્રી ત્રિવેદી
હર્ષ પગી
હેમંત પંડ્યા
ભૂમિકા ભાવસાર
દામોદર ગજ્જર
રમેશભાઈ ગોહિલ
દુર્ગેશ ઉપાધ્યાય
ભાર્ગવી આર. ભટ્ટ
દેશળ બી. પગી
હસમુખભાઈ રાવલ
અંજલી મહેતા
રેખા જયદેવસિંહ વેગડ
જયદીપ એન. ઠાકર
એન. પી. વૈશ્યક
હરિશ મકવાણા
ભાટી એન.
અર્પણ કાપડિયા
પશાભાઈ મકવાણા

શૈલેષ રાવલ
પિનલ પંચાલ
રક્ષા ભટ્ટ
જગદીશ મેવા
મુકેશ પંડિત
નટુભાઈ પરીખ
સંજીવ પંડ્યા
રેખા ચૌહાણ
કનુભાઈ પટેલ
પરેશ પ્રજાપતિ
વિક્રમ બી. પગી
ડૉ. ઉષા રા. પાઠક
બલવંતભાઈ જોષી
અનસૂયાબહેન પટેલ
અવની ઘનશ્યામભાઈ દવે
આનંદ પટેલ
તેજસ જીનગર
પ્રિયા પરિયાણી
જસ્મીન દવે

હરિભાઈ ટંડેલ
કલ્પિત પંચાલ
હેતલ દવે
રમેશ હાલારી
નટુભાઈ મિસ્ત્રી
નિરૂપમા ટાંક
રસિક ગલચર
તેજસ દોષી
મનહર કાપડિયા
અમૂલ પરમાર
પ્રશાંતભાઈ પટેલ
જયેશભાઈ જાદવ
જેસલબા જાડેજા
જય પંચોલી
નરેન અંધારીયા
નયના મેવાડા
જિગ્નેશ બી. પટેલ
ફાલ્ગુની પારેખ
ગજુ પટેલ

**: મુખપૃષ્ઠ - ૧ :**
**ડૉ. અશોક જી. પટેલ**
**(૯૪૨૮૮૧૧૦૦૩)**

**: મુખપૃષ્ઠ - ૨ :**
**અશોક ખાંટ**
**(૯૯૯૮૯૯૯૮૦૯)**

**: રેખાંકન :**
**જય પંચોલી**
**(૯૬૨૪૨૨૭૧૪૦)**



" બિલ્વાભિષેક "
- કલ્પિત પંચાલ
મો.- ૯૮૨૫૦૦૫૧૧૭



" પ્રેમનાં પુષ્પો"
- હરિભાઈ ટંડેલ
મો.- ૯૨૬૫૭૧૮૪૦૦

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
ડૉ. વિષ્ણુ પંડ્યા
ડૉ. બળવંત જાની
કુમારપાળ દેસાઈ
દેવેન્દ્ર પટેલ
જય વસાવડા
ભવેન કચ્છી
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
હસુ યાજ્ઞિક
ભદ્રાયુ વછરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ

શિવદાન ગઢવી
પ્રસાદ બ્રહ્મભટ્ટ
દોલત ભટ્ટ
પરમાનંદ માણેકલાલ ગાંધી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
કિશોર મકવાણા
નટુભાઈ પરમાર
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
ડૉ.અશોક નારાયણ
કાકડિયા મનસુખ વી.
ભૂપેન્દ્ર મો. દવે
અજય મો. નાયક
વી. એસ. ગઢવી
નીલેશ પંડ્યા
સોમાભાઈ વિ. પટેલ
પુલક ત્રિવેદી



" અમે મહિયારાં"
- જિગ્નેશ બી. પટેલ

# સરદાર પટેલ : ઠંડી મક્કમતાના સ્વામી

*- ગુણવંત શાહ*

**સ**રદાર વલ્લભભાઈ પટેલને સમજવામાં આપણો પનો ટૂંકો પડતો જણાય તો એમાં સરદારસાહેબનો કોઈ વાંક નથી. પોતાને જે સત્ય જણાય તે વાત ગાંધીજી સમક્ષ સ્પષ્ટપણે પ્રગટ કરવા માટે જરૂરી એવી નિરપવાદ નિખાલસતા સરદારમાં હતી. શ્રી મનુભાઈ પંચોળી(દર્શક)નું નાનકડું પુસ્તક 'વંદના' વાંચવા જેવું છે. સરદારને સમજવામાં સાહિત્યકાર અને ઈતિહાસજ્ઞ એવા દર્શકે સરદારનું દર્શન આ પુસ્તકમાં જે રીતે પ્રગટ કર્યું છે, તે માટે એમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો ગણાય.

સરદાર પટેલની મૃત્યુતિથિ ૩૧મી ડિસેમ્બર (ગુરુવારે) છે. તોય આજે ૨૭મી જુલાઈએ (સોમવારે) લખવા બેસી ગયો તેનું કારણ શું ? બસ, એમ જ, રહેવાયું નહીં તેથી. સરદાર, નેહરુ અને ગાંધીજી વચ્ચેની કેમિસ્ટ્રી કેવી હતી? તદ્દન સચોટ જવાબ ગાંધીજીના મંત્રી પ્યારેલાલના શબ્દોમાં પ્રાપ્ત થાય છે. સાંભળો :

*નાના નાના મુદ્દાઓની બાબતમાં*
*ગાંધીજીના વલણ પરત્વે સરદાર*
*તેમ જ પંડિત નેહરુ ઉભયને*
*પ્રકૃતિથી જ અણગમો હતો.*
*પરંતુ ગાંધીજી વિના બેમાંથી એકેને ચાલતું ન હતું,*
*અને*
*ગાંધીજી એવા નિર્ણય પર આવ્યા હતા કે,*
*સરકારમાં તેમની બંનેની સેવાઓની*
*દેશને જરૂર છે.*

(મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ-૪ પાન - ૩૫૧)

....આપણે તેમને (ગાંધીજીને) સાફ કહી દેવું જોઈએ કે કોંગ્રેસ પાસે જે વસ્તુ નથી, તે છે, એમ કહીને ચાલવા જઈએ તો કાંઈ ચાલવાનું નથી અને નુકસાન થવાનું છે.

દર્શક આગળ નોંધે છે : આ ભાષણમાં અપાર સત્યનિષ્ઠા, અજોડ હિંમત, નમ્રતા, અહિંસા છે અને છતાં તાદશ્ય જ્ઞાન છે. રાજકારણ તો 'આર્ટ ઓફ ધ પોસિબલ' છે, શક્યતાની કલા છે, નર્યું નીતિશાસ્ત્ર નહીં. (સુપુત્રી મણિબહેનની ઉપસ્થિતિમાં દર્શકે આપેલી આ વિગતોમાં ગાંધીજી સાથે સરદારે કોઈ બેઈમાની કરી ખરી? બસ, સરદાર આવા નિખાલસ હતા અને નિખાલસતા વિના સત્યનિષ્ઠા ટકી શકે ખરી? સાચું કહું? સરદારને જો રેંટિયામાં શ્રદ્ધા ન હોત તો તેમણે રેંટિયો ન જ ચલાવ્યો હોત. એમની જેલડાયરી વાંચો. સરદાર સાબરમતી જેલમાં પણ રોજ રેંટિયો ચલાવતા હતા. આવા સ્વચ્છ મહામાનવને એમના મૃત્યુ પછી જે અન્યાય થયો તેમાં રહેલું મહાપાપ ક્યારે ટળશે? પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આ માટેના પ્રયત્નોની કદર આજે નહીં થાય તો ક્યારે થશે? ગાંધી પરિવાર નહીં હોય ત્યારે? દર્શક લખે છે :

**આ ભાષણમાં અપાર સત્યનિષ્ઠા, અજોડ હિંમત, નમ્રતા, અહિંસા છે અને છતાં તાદશ્ય જ્ઞાન છે. રાજકારણ તો 'આર્ટ ઓફ ધ પોસિબલ' છે, શક્યતાની કલા છે, નર્યું નીતિશાસ્ત્ર નહીં**

*શાસ્ત્રોમાં કહ્યું છે :*
*માણસમાં બ્રાહ્મણ ચડિયાતો છે,*
*બ્રાહ્મણમાં જ્ઞાની અને*
*જ્ઞાનીમાં પણ કર્તાજ્ઞાની શ્રેષ્ઠ.*
*સરદાર 'કર્તાજ્ઞાની' હતા.*

સાચું કહું ? સરદારનું આવું પરિશુદ્ધ મૂલ્યાંકન તો દર્શક જ કરી શકે. કેટલાય બૌદ્ધિકોને સરદારની આટલી સચોટ અને તર્કપૂર્ણ પ્રશંસા નહીં ગમે. એક ચતુર સુજાણે દલીલ કરી હતી કે સરદારને અન્યાય થયો નથી. કારણ કે સરદાર એવા બહાદુર હતા કે, કોઈ એમને અન્યાય કરી જ ન શકે. આવું કહેવામાં થતો 'અપ્રગટ અન્યાય' વાચકોના ધ્યાન



બહાર જાય ખરો? ખરા સરદારને પામવા હોય, તો આજે જ 'વંદના' પુસ્તિકા ખરીદીને વાંચવાની ફરમાઈશ કરવાનું મને ગમશે.

સરદાર વલ્લભભાઈ પટેલ જ્ઞાતિવાદી કે કોમવાદી ન હતા. એમને જીવનની છેલ્લી ક્ષણ સુધી ગેરસમજનો અઢળક વૈભવ પ્રાપ્ત થયો હતો. તેઓ સ્વભાવે જ કોઈને માટે ત્યાગ કરવામાં ઉતાવળ કરનારા ભૂમિપુત્ર હતા. ગાંધીજીના એક ઈશારે એમણે સાપ કાંચળી ઉતારે એ રીતે ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક આવી મળી તે જતી કરી હતી. ૧૯૨૯ના વર્ષમાં જ્યારે લાહોરમાં ભરાનારા કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસનું અધ્યક્ષપદ પ્રાપ્ત થવાની તૈયારીમાં હતું, ત્યારે ગાંધીજીના ઈશારે એ પદ પંડિતજીને મળે તે માટે હરીફાઈમાંથી ખસી ગયા. જવાહરલાલે પોતે જ આત્મકથામાં લખ્યું છે કે પોતાને એવી લાગણી થઈ કે એ પદ ચોર દરવાજેથી પ્રવેશીને મેં મેળવ્યું છે. આવા ત્યાગ માટે જવાહરે એક વાર પણ સરદારને થેંક-યૂ જેવા બે શબ્દો નથી કહ્યા. વડાપ્રધાન બન્યા પછી પણ નેહરુના વર્તનમાં જે આભિજાત્ય પ્રગટ થવું જોઈએ તે કદી પ્રગટ થયું ન હતું. હૈદરાબાદની સમસ્યાના સફળ ઉકેલ પછી જ્યારે સરદારની સલાહથી ક.મા. મુનશી નેહરુને મળવા માટે ગયા ત્યારે જે ઠંડો પ્રતિભાવ મળ્યો તેમાં ભારોભાર કટુતા હતી, જાણે સરદારે અને મુનશીએ કોઈ ગુનો કર્યો હોય તેવું વર્તન નેહરુએ બતાવ્યું હતું. નેહરુનું ચાલ્યું હોત, તો હૈદરાબાદનો પ્રશ્ન આજે પણ U.N.O. માં હોત!

**કર્તવ્યતત્પર એવા સરદાર ડાબેરીઓની નિંદાથી ક્ષોભ પામે એવા નબળા મનના ન હતા. અંદરથી પ્રામાણિક અને નિર્ભય મનુષ્ય જ ગેરસમજનો સામનો કર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા દ્વારા કરી શકે.**

સરદાર વિષે દિલ્હીનાં અખબારોમાં સમાજવાદીઓનાં લખાણોમાં સરદાર અને મુનશી અંગે જે નિંદારસ પ્રગટ થતો તેથી લીલાવતી મુનશીએ સરદારશ્રીને પત્ર લખ્યો જેનો જવાબ આપ્યો તેમાં સરદારનું નીલકંઠસંલક્ષણ (નીલકંઠ-syndrome) પ્રગટ થયું. કર્તવ્યતત્પર એવા સરદાર ડાબેરીઓની નિંદાથી ક્ષોભ પામે એવા નબળા મનના ન હતા. અંદરથી પ્રામાણિક અને નિર્ભય મનુષ્ય જ ગેરસમજનો સામનો કર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા દ્વારા કરી શકે. આવો મનુષ્ય જ ભારતના મુસલમાનોને સુદર્શનચૂર્ણ જેવું કડવું છતાં કલ્યાણકારી સત્ય સાફ શબ્દોમાં સંભળાવી શકે. સરદાર પટેલને પ્રાપ્ત થયેલો શત્રુવૈભવ એટલું તો અવશ્ય સિદ્ધ કરે છે કે સરદારની ધાતુ મજબૂત હતી. કાયર મનુષ્ય નિર્વીર્ય હોય છે, અજાતશત્રુ નથી હોતો. નપુંસક મનુષ્ય શત્રુવિહોણો હોય તેથી શું? પરાક્રમ કરનાર મનુષ્ય શત્રુવિહોણો હોઈ જ ન શકે. સરદારને ઇતિહાસ જરૂર ન્યાય આપશે. તેમણે રાષ્ટ્રને એક કરીને ઇતિહાસ રચ્યો હતો. મેક્સમુલરે ઇતિહાસની મૌલિક વ્યાખ્યા કરી છે : ' ઇતિહાસ એટલે માનવીના મનની આત્મકથા.' આવા સરદારનું આજે પુનરાગમન થઈ રહ્યું છે.

કોઈ માને કે નહીં માને, પરંતુ હકીકતમાં દમ છે કે સદ્ગત નારાયણ દેસાઈની ગાંધીકથામાં પણ સરદારને જે આદર મળવો જોઈએ તે નહોતો મળતો. આવી ફરિયાદ મને કરનારા કેટલાક ગાંધીજનો જ હતા. એ દિવસોમાં 'સેક્યુલર કોરોના' ચેપી હતો. મૃત્યુ પછીનાં વર્ષોમાં સરદારનો યથાસ્થાને ઉલ્લેખ કરવામાં પણ વક્તાઓને 'ગેરસમજ થશે' એવો ભય લાગતો. આવો ભય કેવળ કોંગ્રેસના નેતાઓને જ નહીં, પણ સર્વોદયના કાર્યકર્તાઓને પણ લાગતો. આવું વલણ વર્ષો સુધી રહ્યું તોય સરદારને મળતા લોકાદરમાં ઘટાડો ન થયો. આજે સરદારનું પુનરાગમન થઈ રહ્યું હોય એવું જણાય તો તેમાં સરદારે પાળેલી રાજધર્મની નક્કરતા (Solidity) નો ફાળો ઓછો નથી.

સરદાર અને ગાંધીજી સાથે ઓછો વિચારભેદ ન હતો. નહેરુને તો ગાંધીજી સાથે એથી પણ વધારે મતભેદ હતો. નેહરુએ રેંટિયો ચલાવેલો, તોય એમને રેંટિયા સાથે જોડાયેલી ગ્રામકેન્દ્રી અર્થવ્યવસ્થામાં લગીરે શ્રદ્ધા ન હતી. સરદારે કરેલા એક પ્રવચનને વિગતવાર રજૂ કરીને દર્શકે આ વાત બહુ નજાકતથી પોતે આપેલા પ્રવચનમાં સમજાવી છે. સરદાર સંપૂર્ણપણે નિખાલસ હતા તેથી એમની વૈચારિક, પ્રામાણિકતા છોડીને ગાંધીજી સાથે બધી વાતે સંમત થવાની ઉતાવળમાં ન હતા. મનુભાઈએ(દર્શકે) જે પ્રવચન કર્યું તે વખતે સરદારપુત્રી મણિબહેન પોતે ઉપસ્થિત હતાં. માત્ર થોડા મુદ્દા જ અહીં પ્રસ્તુત છે. શબ્દો સરદારના છે, જે મનુભાઈએ પોતાના પ્રવચનમાં પ્રગટ કર્યા છે.

સાંભળો :

- પણ અમે એવું નથી માનતા કે સ્વરાજ આવ્યા પછી અમારે લશ્કર નહીં રાખવું પડે, નાનું રાખીએ પણ રાખવું તો પડે એવું અમને લાગે છે.

- ગાંધીજીએ કહ્યું કે 'તો હું તમારી ભેગો ન રહું.' આ પ્રમાણે ઊભી થયેલી ગૂંચ ઉપર કોંગ્રેસ કારોબારી એવા નિર્ણય પર આવી છે કે ગાંધીજી જોડે તે ઠેઠ સુધી ચાલી શકે તેમ નથી. આમ છતાં તે એમ પણ સમજે છે કે એમને પોતાને એમના મહાન આદર્શોનો પંથ એમની રીતે જ ખેડવાની છૂટ હોવી જોઈએ.
- હિંદમાં તેમ જ દુનિયામાં અત્યારે ભારી આક્રમણ તેમ જ આંતરિક અનવસ્થા પરત્વે પ્રવર્તી રહેલી પરિસ્થિતિમાં કોંગ્રેસ ચલાવવાના કાર્યક્રમ અને પ્રવૃત્તિ અંગેની જવાબદારીમાંથી કારોબારી ગાંધીજીને છૂટા કરે છે.
- મેં તો ગાંધીજીને કહ્યું, કે તમે હુકમ કરતા હો તો મને તમારા પર એટલી શ્રદ્ધા છે કે આંખો મીંચીને દોડું, પણ તેઓ કહે છે કે હવે મારા કહેવાથી નહીં, તમને સૂઝ પડતી હોય તો મારા માર્ગે ચાલો.
- પણ મને સૂઝ ન પડતી હોય એમાં સૂઝ પડે છે, એવું મારાથી કેમ કહેવાય..?.. કોઈએ પણ બાપુ સાથે બેઈમાની ન કરવી જોઈએ...
- અત્યારના સંજોગોમાં અહિંસાનો સંપૂર્ણ પ્રયોગ કરવો કોંગ્રેસ માટે શક્ય જ નથી. અમારી શક્તિની મર્યાદા છે.

**સરદાર અને નેહરુ, બેમાંથી કોઈ મહાત્મા ન હતા. બંને ઊંચા ગજાના રાજકીય નેતા હતા, પરંતુ ગાંધીજીની ઊંચાઈએ પહોંચવામાં તેમને સફળ થવાની હોંશ પણ ન હતી. ગાંધીજીના સત્યનો પ્રભાવ જ એવો હતો કે બંને ગાંધીજીના ચુંબકત્વ સામે લાચાર હતા**


સરદાર અને નેહરુ, બેમાંથી કોઈ મહાત્મા ન હતા. બંને ઊંચા ગજાના રાજકીય નેતા હતા, પરંતુ ગાંધીજીની ઊંચાઈએ પહોંચવામાં તેમને સફળ થવાની હોંશ પણ ન હતી. ગાંધીજીના સત્યનો પ્રભાવ જ એવો હતો કે બંને ગાંધીજીના ચુંબકત્વ સામે લાચાર હતા. બારડોલી સ્વરાજ આશ્રમમાં સેવા આપનારાં નિરંજનાબહેન ક્લાર્થી સરદારના સાથી સદ્‌ગત ઉત્તમચંદ શાહે દીકરી નિરંજનાને સંભળાવેલો પ્રસંગ નિરંજનાબહેનની સુપુત્રી પ્રજ્ઞાએ કહ્યો હતો. સરદાર જ્યારે પણ ટોઈલેટમાં જાય ત્યારે ઉત્તમચંદભાઈ આગળથી એક સળગતી સિગારેટ યોગ્ય સ્થાને મૂકી આવતા. એક દિવસ ઉત્તમચંદભાઈ એમ કરવાનું ભૂલી ગયા. થોડાક કાર્યકર્તાઓની હાજરીમાં સરદારે આડકતરો ઈશારો કરીને ઉત્તમચંદભાઈને આ વાત પહોંચાડી દીધી. તરત જ ઉત્તમચંદભાઈ બોલ્યા: 'હવેથી એવી ભૂલ નહીં થાય.' વાત પતી ગઈ.

સરદાર જીવતા હતા ત્યારે એમના સૌથી કડવા ટીકાકાર જયપ્રકાશજી હતા. જયપ્રકાશ સમાજવાદી હતા અને સરદારને ડાબેરી સમાજવાદીઓ પ્રત્યે સોલિડ પૂર્વગ્રહો હતા. ગાંધીજીના દેહવિલય પછી જયપ્રકાશ પોતાની જાહેરસભાઓમાં 'ગાંધીજીના હત્યારાઓ'ની આકરી ટીકા કરતા અને આડકતરી રીતે સરદારની નિંદા કરતા. એવા જયપ્રકાશે બારડોલીમાં યોજાયેલી ખેડૂતસભામાં સરદાર વિષે જે શબ્દો ઉદ્‌ગાર્યા તે મનુભાઈ પંચોળી(દર્શક) નોંધ્યા છે. સાંભળો :

*'મારી જુવાનીમાં મેં સરદારને*
*બરાબર ઓળખ્યા ન હતા.*
*અત્યારે વિચાર કરતાં એમ લાગે છે કે*
*સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે*
*પંડિતજીને બદલે સરદાર હોત તો સારું થાત.'*

'વંદના' લે. મનુભાઈ પંચોળી(દર્શક)
પ્રકાશક : આર.આર.શેઠની કંપની,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, મુંબઈ (૪૦૦ ૦૦૨) પાનઃ૭

મનુભાઈ આ શબ્દો કહ્યા પછી આગળ લખે છે : ' જે.પી. જેવી જ અનુભૂતિ આજની વિષમ દેશસ્થિતિમાં ઘણાંને થતી હશે. મહાપુરુષોને એમના જમાનામાં નજીકના અને દૂરના લોકોનો આવો અભાવ કે વિરોધ સહન કરવો જ પડે છે...એમાંય જો એ મહાપુરુષ સ્પષ્ટ વક્તા કે અપ્રિય પથ્ય સૂચવતા હોય, તો વિશેષ અણગમો તે ઘડીએ પેદા થાય છે. પણ જેણે પ્રજાહિત કરવું છે, તેણે 'અપ્રિયસ્વાપિ પથ્યસ્ય' વક્તા થવું જ પડે છે.' (વંદના, પાન - ૭)



મનુભાઈ પંચોળી (દર્શક)ની પુસ્તિકા સરદાર પટેલની પ્રતિભાને સમજવામાં અત્યંત ઉપકારક છે. (એ પુસ્તિકા મને મિત્ર જયંતી નાઈ તરફથી મળી હતી અને તે મને ખજાના જેવી લાગી હતી. એ માટે હું ભાઈ જંયતીનો ઉપકૃત છું.) દર્શક લખે છેઃ

**સરકાર કહે છે કે નવમી ઓગસ્ટનો ઠરાવ પાછો ખેંચો, પણ એમાં તો એક કાનોય ખસવાનો નથી. ને એમણે 'હિંદ છોડો નહીં પણ એશિયા છોડો'- એમ અવાજ ઉઠાવ્યો.**

('વંદના', પાન -૩)

અહમદનગરના કિલ્લામાંથી બહાર આવનારાઓમાં સરદાર જ પહેલા હતા અને ત્યારે એમણે આવા સ્પષ્ટ શબ્દો અંગ્રેજ સરકારને કહ્યા હતા. સરદાર પટેલની અભયસિદ્ધિને બિરદાવવામાં ગુજરાતમાં દર્શક સૌથી મોખરે હતા. તેઓ સરદાર માટે કહે છે તે બે વાર વાંચવા જેવું છે :

**અહમદનગરના કિલ્લામાંથી બહાર આવનારાઓમાં સરદાર જ પહેલા હતા અને ત્યારે એમણે આવા સ્પષ્ટ શબ્દો અંગ્રેજ સરકારને કહ્યા હતા. સરદાર પટેલની અભયસિદ્ધિને બિરદાવવામાં ગુજરાતમાં દર્શક સૌથી મોખરે હતા**

**તેમને ભય ન હતો. ભય જ તેમની પાસે આવતાં ભય પામતો. અવસાન વખતે તેમને વીલ કરવાપણું ન હતું કારણ કે સંતાનોને આપવા જેવું કાંઈ હતું જ નહીં!**

**બેચાર જોડ લૂગડાં જ ફક્ત!**

**પરમ અકિંચન, પરમ નિર્ભય હતા.**

**જે.પી.ની લાગણી સાથે ઘણા લોકો મળતા થશે. આજની કથળેલી જ નહીં, રસ્તો ન સૂઝે તેવી ગૂંચવાયેલી પરિસ્થિતિમાં સરદાર જ સુકાની હોત તો સારું થાત, કારણ કે રાજ્યનીતિ, ખાસ કરીને લોકશાહી-રાજનીતિ માત્ર આદર્શનાં રંગભર્યા સ્વપ્નાં પર નિર્ણય લઈ શકતી નથી. વાસ્તવિકતા અને આદર્શ બંને લોકશાહી-રાજનીતિની આંખો છે. બે આંખોની સહિયારી કામગીરીથી જે દૃશ્ય સાંપડે તેના પર નિર્ણયો લેવાવા જોઈએ. સરદાર સાહેબની આ બંને આંખો સાબૂત હતી.**

('વંદના', પાન-૭)

'આજે ભારત વિષે જે કંઈ કહેવા યોગ્ય કે વિચારવા યોગ્ય છે, તે મોટે ભાગે સરદાર પટેલની કુનેહયુક્ત મુત્સદ્દીગીરી અને કુશળ વહીવટને લીધે જ છે. તેમ છતાં આપણે એમની સતત અવગણના કરી છે.'

- ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(મે, ૧૩, ૧૯૫૯નો દિવસે પોતાની ડાયરીમાં કરેલી નોંધ.)

*ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,*
*જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦*
*ફોન : ૦૨૬૫-૨૩૪૦૬૭૩*

*પ્લેટોના અવસાન પછી એરિસ્ટોટલ એકેડેમીમાં ભણાવી રહ્યો હતો. વર્ગમાં એક વિદ્યાર્થીએ કહ્યું : 'એરિસ્ટોટલ! તમે જે કહો તે ઠીક છે, પરંતુ પ્લેટો તો જુદું કહેતો હતો.' આવું વર્ગમાં ચારપાંચ વાર બન્યું ત્યારે એરિસ્ટોટલે ઠંડે કલેજે એ વિદ્યાર્થીને માત્ર એક જ વાક્ય કહ્યું : 'મિત્ર પ્લેટો મહાન હતો, પરંતુ સત્ય તો પ્લેટોથી પણ વધારે મહાન છે.' આપણે સતત યાદ રાખવાનું છે કે ગાંધીજી મહાન હતા, પરંતુ સત્ય એમનાથી પણ મહાન ગણાય. સરદારને સમજવાની ચાવી એરિસ્ટોટલના વાક્યમાં રહેલી છે. સત્યમેવ જયતે!*

# સંસ્કૃતિની સ્વરભૂમિ...

- *ડૉ. વિષ્ણુ પંડ્યા*

**કો**ઈ એક સ્થાન એવું હોય છે, જ્યાં શક્તિ, ભક્તિ અને શ્રદ્ધા સાથેના તર્કની દીર્ઘ તવારિખ રચાયેલી હોય છે. ગુજરાતના સદ્ભાગ્યે દ્વારિકા એવું નગર છે જ્યાં એકલી જમીન પર જ નહીં, છેક સમુદ્રની ગહેરાઈમાં આપણી સંસ્કૃતિના કીર્તિસ્તંભો ઊભા છે. કોઈપણ પુરાતત્ત્વવિદ્‌ને પૂછો તો તે પેટાળમાં પડેલી એક, બે નહીં, અનેક દ્વારિકા નગરીનો ઇતિહાસ આપણી સમક્ષ ધરી દેશે!

બધે આવું કંઈ બનતું નથી હોતું. કેટલાંક જ સ્થાનવિશેષ પાસે આવી સમૃદ્ધિ છે એટલે દ્વારિકાને આપણું 'સંસ્કૃતિ સ્થાન' ગણવામાં આવે છે. અહીં રાજ્ય, રાજ્યશાસન, પ્રજાજીવનનો વૈભવ, ધાર્મિક આસ્થા,અધ્યાત્મની આરાધના, વિજ્ઞાન અને બીજાં શાસ્ત્રોનું અધ્યયન-સંશોધન, સ્વાતંત્ર્યપ્રીતિ અને તર્કની ભૂમિ પરનો વિહારઃ આટલું એકસાથે સર્જાતું રહ્યું. દ્વારિકાએ નિર્માણનો સ્તંભ રચ્યો અને વિનાશનો યે અનુભવ લીધો. માનવીય આપત્તિઓથી પ્રાકૃતિક આપત્તિઓ સુધીનો તેને અનુભવ છે અને દ્વારિકાની માટી મોટા પડકારો માટે જગજાણીતી છે. યાદવાસ્થળીનો કારમો પ્રસંગ તે આસાનીથી ભૂલીને 'નવ-દ્વારિકા'નું નિર્માણ કરે છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે પણ દ્વારિકા અને દ્વારિકાધીશ પાકિસ્તાનના નિશાન પર હતાં.

સ્વાતંત્ર્યસંગ્રામમાં દ્વારિકા ? હા,

હમણાં સાહિત્ય અકાદમીના એ જિલ્લાના લેખકો-કવિઓની સંગાથે અમે બેટ દ્વારિકામાં કાર્યક્રમ કર્યો હતો. ગુરુદ્વારામાં 'સંગત' કરી, 'ગુરુબાની' સાંભળી, માથું ટેકવ્યું, એક દિવસ તેના મહેમાનગૃહમાં રહ્યા, પછી બીજા દિવસે આ ખોબા જેવડાં નગરની ઉબડખાબડ સાંકડી ગલીઓમાં નીકળ્યાં. અહીં એક 'રંગુનવાલાનો બંગલો' નામે નિવાસ છે. બંગલો તો નથી, બે માળનું મકાન છે. પણ તેનો ઇતિહાસ અદ્ભુત છે. આ મકાનમાં હેમરાજ બેટાઈ અને હીરાલક્ષ્મી બેટાઈ રહેતાં હતાં. બેટમાં રહ્યા એટલે બેટાઈ કહેવાય! પોરબંદર અને બેટ દ્વારિકા પછી રંગુન સ્થળાંતર કર્યું. બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન ટોકિયો-સિંગાપુર-રંગુનમાં ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનો ઐતિહાસિક અધ્યાય રચાયો. રાસબિહારી બોઝ અને નેતાજી સુભાષચંદ્ર બોઝે જાપાન સાથેનાં યુદ્ધમાં ભારતીય યુદ્ધ કેદી સિપાહીઓની આઝાદ હિન્દ ફોજ રચી. એશિયન ભારતીયો તેમાં જોડાયા. રંગુનમાં ''આઝાદ હિન્દ સરકાર'' રચવામાં આવી. તેની પોતાની બેંક, ચલણ, સરકાર, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત બધું હતું. ખરેખર તો સ્વાધીન ભારતની એ બીજી સરકાર હતી. (પ્રથમ આઝાદ હિન્દ સરકાર અફઘાનિસ્તાનમાં રાજા મહેન્દ્ર પ્રતાપે રચી હતી.) ત્રીજી ૧૯૪૭ પછી ભારત સરકાર બની.

આઝાદ હિન્દ ફોજ માટે બેટાઈ દંપતીએ પોતાની સમૃદ્ધ કમાણી સંપૂર્ણ રીતે ધરી દીધી અને પોતે પણ ફોજમાં જોડાયાં હતાં. ઘણા ગુજરાતીઓએ આ સ્વાતંત્ર્ય-જંગમાં ભાગ લીધો હતો. તેમાં હેમરાજ હીરાબહેન અગ્રજ હતાં.

આજે તો આ મકાનની સારસંભાળ એક સ્થાનિક નિવાસી કરે છે. કોઈ દાવેદાર નથી. બેટાઈ દંપતી પણ થોડા સમય પર અવસાન પામ્યું. (તેમની મુલાકાત લઈને વાર્તાકાર રજનીકુમાર પંડ્યાએ એક મોટો લેખ કર્યો હતો.) એટલે માત્ર ''રંગુનવાલાનો બંગલો'' નામ રહી ગયું છે. ખરેખર તો આવાં સ્થાનોને 'ઐતિહાસિક પ્રવાસન સ્થળ' તરીકે સુપ્રતિષ્ઠ કરવાં જોઈએ.

દ્વારિકાનો પરિચય કેવા કેટલા પડાવ સાથેનો રહ્યો હશે ?

આ દ્વારિકાએ કંઈ ઓછા આઘાત-પ્રત્યાઘાતો સહન કર્યા નથી. ગોપીગીતમાં તો આર્તનાદ વ્યક્ત પણ થયો કે ક્ષણનો ૧૭૦૦મો ભાગ છે ત્રુટિ! આટલી ત્રુટિ પણ કૃષ્ણવિહોણી અમને એક યુગ જેવડી લાગે છે.

આનો અર્થ એ કે શ્રીકૃષ્ણની દ્વારિકા કેવી ભવ્યાતિભવ્ય હશે ? વૈભવી દ્વારાવતી, ચાર મુખ્ય ધામોમાંની એક, કોઈ પણ મહાકાવ્ય તેના વિના અધૂરું લાગે. સર્જન અને વિસર્જન. કૃષ્ણે વસાવી એ તો છઠ્ઠી દ્વારિકા હતી. પછી સમુદ્રે તેને સમાવી લીધી. પછીની તે સાતમી દ્વારિકા.

હા, તેનું સંશોધન ડૉ. એસ.આર.રાવ અને ડૉ. હસમુખ સાંકળિયાએ કર્યું. કૃષ્ણ તો છેક ૩૩૦૦ વર્ષ પૂર્વે આવ્યા હતા. એક ગણતરી પ્રમાણે સાતમો મન્વંતર-વૈવસ્વત, તેની અઠ્ઠાવીસમી ચતુર્યુગીનો પ્રારંભ 'સત્યયુગ'તરીકે થયો. એ રીતે આજે વૈશ્વિક મનુષ્યસૃષ્ટિને ૧૨,૦૫,૩૮,૧૧૮ વર્ષ થયાં. અદ્ભુત છે કૃષ્ણકથા :

*બ્રહ્માંડાનિ બહૂનિ*
*પંકજભવાન્પ્રત્યેજત્યદ્ ભૂતાન્*
*ગોપાન વત્સયુતાનદર્શયજં*
*વિષ્ણુનરોણાંય યઃ*
*શંભૂર્ય શ્ચરણોદ્કમ સ્વશિરસા*
*ધત્તે ચમૂર્તિત્રયાત્*

*કૃષ્ણો વૈ પૃથગસ્તિ*
*કોઽપિ વિકૃતઃ સચ્ચિમન્યો નીલિમા!*

આ કૃષ્ણે જ રચ્યાં અનેક બ્રહ્માંડો, બ્રહ્માંડોમાં ગોપાલકો, ગાયો અને વિષ્ણુઓ! શિવે તેના ચરણે વહેતી જળગંગાને મસ્તકે ધારણ કરી. અરે, આ જ તો સત્ય- બ્રહ્માવિષ્ણુમહેશ પ્રતિમાથીયે અલગ, અલૌકિક, સચ્ચિદાનંદમય, અવિકારી અને શ્યામ પરમેશ્વરરૂપ છે.

આ સ્તુતિ ગાઈ હતી આદિ શંકરાચાર્યે . કૃષ્ણ-દ્વારિકાનો તો ઘટના-સંસાર રચાયો હતો. 'પારિજાતનાં વૃક્ષોથી શોભિત નગરી- બલરામનાં રેવતીની સાથે લગ્ન, પછી રુકિમણિ હરણ, સોળ રાત્રિ સુધી જામ્બુવાન સાથે યુદ્ધ, સ્યાંમતક મણિની શોભા, સત્યભામા સાથેનાં લગ્ન, કાલિંદીનો ભવનપ્રવેશ, પ્રિયંવદા-ભદ્રા- અને ૧૬૦૦૦ કન્યાઓની ભૌમાસુરથી મુક્તિનો સંઘર્ષ, અનિરુદ્ધ-ઉષાનાં લગ્ન (આ ઉષા તે આજના 'ઓખા'નું મૂળ!) પુત્ર સામ્બવાનાં લક્ષ્મણા સાથે લગ્ન, પછી -

*'સમય સમય બલવાન છે*
*નહીં પુરુષ બલવાન,*
*કાબે અર્જુન લૂંટિયો*
*વહી ધનુષ વહી બાણ!''*

શ્રીકૃષ્ણે ૧૦૦ વર્ષ શાસન કરીને યાદવાસ્થળીથી દુઃખી થઈને દ્વારિકા છોડ્યું, સર્વત્ર ડૂબ્યું. પણ પ્રપૌત્ર વજ્રનાભે દેવાલય- હરિગૃહમાં સ્થાપિત કર્યું. ઈ.સ. પૂર્વે આઠમીથી બીજી સદી સુધી પછી આવ્યા મૌર્ય-ક્ષત્રપ- શાલિવાહન-ગારુલક-સૂર્યપૂજક ચૌરા અને અરબ આક્રમણો. આદિ શંકર પરિભ્રમણ કરતા આવ્યાં, દ્વારિકાધીશનો જિર્ણોદ્ધાર કરાવ્યો. શારદાપીઠની સ્થાપના કરી તેમાં પ્રથમ આચાર્ય બન્યા 'હસ્તભલાક' 'હાથમાં આમળાં' જેવા જ અદ્‌ભુત!

**દ્વારિકા આંતરરાષ્ટ્રીય ખ્યાત હતું. વિક્રમ સંવતના પ્રથમ શતકમાં છેક ગ્રીસની એથેન્સ નગરીમાં યવનાચાર્ય સુપ્રતિષ્ઠ હતા, તેમણે 'યવનજાતક' નામે સમુદ્ર શાસ્ત્રનો ગ્રંથ રચ્યો. અને ઈસવીસન બીજા શતકમાં અહીં એક રાણી વીરા થઈ**

દ્વારિકા આંતરરાષ્ટ્રીય ખ્યાત હતું. વિક્રમ સંવતના પ્રથમ શતકમાં છેક ગ્રીસની એથેન્સ નગરીમાં યવનાચાર્ય સુપ્રતિષ્ઠ હતા, તેમણે 'યવનજાતક' નામે સમુદ્ર શાસ્ત્રનો ગ્રંથ રચ્યો.

અને ઈસવીસન બીજા શતકમાં અહીં એક રાણી વીરા થઈ. રુકદામનનું સામ્રાજ્ય માલવાથી સમગ્ર રીતે વ્યાપક થયું. અવંતિ, અનુપદેશ, નીવૃત્ત, અનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિન્ધુ, સૌવીર, અપરાંત, નિષાદ બધે ધ્વજ ફરક્યો. ગિરિનગર રાજ્યમાં રુદ્રદામનના આદેશથી સુવર્ણસિકતા અને પલાશિનીનાં ભયાનક પૂર સામે સેતુબંધ રચવામાં આવ્યો. વિશાખાદત્તને આભારી હતો.પછી નજર ગઈ દ્વારિકા પર. ત્યાં પણ પહ્‌લવ વિશાખદત્ત પહોંચ્યો. મોટું યુદ્ધ થયું. રાજવી વાસુદેવે લડતાં લડતાં છેલ્લા શ્વાસ લીધા. અને સૈન્યનું નેતૃત્વ વાસુદેવ-પત્ની ધીરાદેવીએ લીધું!

તેને બંદીની બનાવવામાં આવી. રાજદરબારમાં પ્રસ્તુત કરી. ગૌરવભેર તેણે કહ્યું : હું દ્વારિકાના મહારાજાની મહારાણી છું, મારી સાથે એક રાજ્ય બીજાં રાજ્ય સાથે સન્માન અને સમાનતા જાળવે તે રીતે તમારી પાસે વર્તવાની આશા છે.

એ જ સમયે રુદ્રદામનની પુત્રીએ તેને સાંભળી. રાજવી પિતાને કહ્યું કે જય અને પરાજય તો પ્રાસંગિક છે, પિતાજી! આ આર્યનારીનું તેજ- સ્વરૂપ જુઓ. છલોછલ આત્માભિમાનને પારખો. તેમને મુક્ત કરો અને દ્વારિકા જવા રથ તૈયાર કરાવો.

રુદ્રદામનને નવાઈ લાગી. પોતાની પુત્રી પરાજિત દુશ્મનની રાણી પ્રત્યે આટલી મુગ્ધ?

બન્યું હતું એવું કે ધીરાદેવીને પ્રથમ તો વિશાખદત્તે જેલમાં રાખ્યાં, ત્યાં રુદ્રદામનની પુત્રી મળવા ગઈ. આ ભૂમિની તેજસ્વિનીને જોઈને, સાંભળીને લાગ્યું કે ખરું ખમીર તો અહીં પડ્યું છે, આ રાણીમાં. રુદ્રદામનનેય તેણે કહ્યું કે મને મુક્ત કરો. છ મહિના પછી-આટલાં સૈન્ય કરતાં અનેક ગણું લઈને- મારાં દ્વારિકા પર આક્રમણ કરજો. પછી જે નિયતિ હોય તેને સ્વીકારજો, તમે અને હું પણ- રાજા અભિભુત થયો.

ધીરાદેવીને મુક્ત કરવામાં આવી. ''જાઓ રાણી, છ મહિનાનો તમને ઉપહાર આપું છું.''

ધીરાદેવીએ બીજી વાત કરી, રુદ્રદામન શાતવાદનનો વંશ, અને ધીરાદેવીનો ક્ષત્રપ. આ બંનેનો સ્નેહસંબંધ રચાય, એક થાય તો કેવું મોટું અને ભયમુક્ત સામ્રાજ્ય રચી શકાય.

રુદ્રદામન વિચારમાં પડ્યો. ધીરાએ તેને વિચાર કરતો કરી મૂક્યો.

**ધીરા અને મીરાં.**

મેડતાથી નિકળી હતી આ રાજરાણી, કૃષ્ણમયી બનીને. યાત્રામાં જ દ્વારિકા આવતાં મહારાજા ભોજરાજના રાજદૂત મળવા આવ્યા. ''મહારાજાનો આગ્રહ છે કે આપ પાછા ફરો. વૃંદાવનથી દ્વારિકાની ભક્તિયાત્રા તો પૂરી થઈ. ભજનભક્તિના પર્વનું સમાપન થયું, હવે રાજમહેલમાં પધારો. ભલે શ્રીકૃષ્ણની ભક્તિ કરો, એ દ્વારિકામાં છે તેમ મેડતામાંયે છે! હવેલીમાં ત્યાંયે શ્રીકૃષ્ણ બિરાજે છે..''

મીરાં : હે રાજદૂત, આ સમુદ્ર અને તેના પર નીલરંગી આકાશ નિહાળ્યું તમે? અને આ શંખછીપલાંની રેતી?

'હા.'

'પવનવેગમાં હલેસાં મારીને દૂ...ર સુદૂર જતો નાવિક?'

'હા.'

મીરાં : તો ભોજરાજાને સંદેશો આપજો કે એક નૌકામાં બેસીને હું નીકળી છું. મારો કિશન મને સાદ દે છે. પાછાં વળવું અસંભવ છે.

રાજદૂત : પણ મહારાણી...

મીરાં : હા, મહા-રાણી, એકાદ દેહમાં એકાદ વ્યવસ્થામાં પૂરાયેલી વ્યક્તિની નહીં, સમગ્ર વિશ્વનાં કૃષ્ણસ્વરૂપની મહારાણી! જુઓ, સંભળાય છે તેનો સ્વર, મહારાસ, અને સંગીત? સૂર્ય-ચંદ્ર-તારલા-મેઘ-તાપ-નક્ષત્રો, બધાં ધરતી અને આકાશઃ મારા મહારાજની સંગાથે મહાનૃત્ય કરી રહ્યાં છે. મહા-રાજ મારો કનૈયો. નટવર નાગર. રાહ જોઈ રહ્યો છે મારી... તે સૂર છેડે છે બંસરીનો. તે મૌની બને છે. ખડખડ હસે છે. છટકી જાય છે. કદમ્બની ડાળે બેસીને વાંસળી વગાડે છે. યમુનામાં તરે છે. બંસીધર, ગિરિધર, ચક્રધર...

એ જ તો વિશ્વાધાર!''

રાજદૂતે આ સાંભળ્યું. પથ્થર પર લકીર ખેંચવી અસંભવ હતી એમ તેને લાગ્યું, ને મીરાં?

*મૈં ગિરિધર કે ઘર જાઉં*
*ગિરિધર મ્હારો સાંચો પ્રીતમ*
*દેખત રુપ લુભાઉં.*
*રૈણ પડે તબ હી ઉઠી જાઉં*
*ભૌર ભયે ઉઠિ જાઉં,*
*રૈણ દિના વાકે સંગ કેલું*
*જ્યું ત્યું વાહિ લુભાઉં*
*જો પહિરાવે સોઈ પહેર.*
*જો દે સોઈ ખાઉં.*
*મેરી ઉણકી પ્રીત પુરાણી*
*ઉણ વિણ પલ ન રહાઉં.*
*જહં બૈઠે તિત હી બૈઠું*
*બેચે તો બિક જાઉં,*
*મીરાં કે પ્રભુ ગિરિધર નાગર*
*બારબાર બલિ જાઉં!*

શું મીરાં દ્વારિકાથી દક્ષિણ ભારતે પહોંચી હતી? કે દ્વારિકાધીશમાં અંતર્ધાન થઈ હતી? સંશોધકો આ બે માન્યતા ધરાવે છે, પણ જનમાનસની મીરાં આ બધાંથી પાર થઈ ગઈ છે.

એક વધુ અદ્વિતીય ઘટના આ સમુદ્ર કિનારાએ સાચવી રાખી છે. ૩૦ માર્ચ, ૧૬૧૯, વિક્રમસંવત ૧૭૫૬નો વૈશાખી દિવસ. ગુરુ ગોવિંદસિંહ અને સામે પગડીધારી શીખ. ગુરબાની ચાલે છે. સત શિરી અકાલનો ગગનભેદી નારો. ગોવિંદ તો ગોવિંદ હતાને?

*સવા લાખ સે એક લડાઉ*
*ચિડિયોં સે મૈં બાજ લડાઉ,*
*બિલ્લિ સે મૈં શેર લડાઉં*
*તબ ગોવિન્દસિંહ કહલાઉં!*

ફરી 'વાહે ગુરુ કી ફતેહ!' ગુરુએ હાથમાં તલવારની સાથે સંબોધન કર્યું : મા દુર્ગાએ હવે ભેટ માંગી છે, પાંચ બંદાઓની. તેની સામે જ બલિદાન આપનારા વીર બંદાઓ, બોલો, તૈયાર છો?

એક પછી એક એમ પાંચના લોહી નિગળતાં મસ્તક ધરાવવાનાં છે. શું તમે ગુરુ સમક્ષ અને મા દુર્ગા સમક્ષ શિરસમર્પણ કરશો?

ભીડમાંથી પ્રથમ ઊભો થયો ભાઈ દયાસિંહ. લાહોરવાસી હતો, ગુરુ તેનો હાથ પકડીને પાછળની છાવણીમાં લઈ જાય છે અને થોડીવારે રક્તરંજિત તલવાર લઈને પાછા ફર્યા. 'બીજો કોણ?' ધરમસિંહ જાટ, ઉત્તર પ્રદેશનો ત્રીજો હિંમતરાય ખ્રિસ્તી, જગન્નાથપુરીનો એક પછી એક બંદાને પાછળની છાવણીમાં લઈ જાય અને ગુરુ લોહીભીની તલવારની સાથે પાછા આવે.

ચોથો હતો મોહકમસિંઘ. બેટ દ્વારિકામાં જન્મ્યો. માતા દેવીબહેન, પિતા તીરથદાસ. છીપાકામથી રોજગારી મેળવે. છેક દ્વારિકાથી બળદગાડીમાં આવ્યો, મા-બાપની રજા લઈને. આવે-દેશ ધરમ માટે બોલાવ્યા હોય ને ના આવીએં તો મોત પણ બૂરું આવે.

**સૂર્ય-ચંદ્ર-તારલા-મેઘ-તાપ-નક્ષત્રો, બધાં ધરતી અને આકાશઃ મારા મહારાજની સંગાથે મહાનૃત્ય કરી રહ્યાં છે. મહા-રાજ મારો કનૈયો. નટવર નાગર. રાહ જોઈ રહ્યો છે મારી... તે સૂર છેડે છે બંસરીનો. તે મૌની બને છે. ખડખડ હસે છે. છટકી જાય છે**

તેને પણ ગુરુએ અંદર મોકલ્યો. એ જ તલવાર, એ જ લોહી. પાંચમો કર્ણાટકના બીદર ગામનો સાહિબચંદ. જાણે કે દેશ આખાનું પ્રતિનિધિત્વ!

ગુરુએ રહસ્ય છતું કર્યું : તમારા આ બંદાઓ હણાયા નથી. મારે તો પરીક્ષા લેવી હતી. આ તલવાર પરનું લોહી આ જુવાનોનું નથી, બકરાંઓનું છે! હવે મારા આ ''પંજ પ્યારા'' છે, મારા ''સિંહ''! કેશ-કંગી-કડું-કચ્છો-કિરપાણથી તમારા દેહને સજાવજો, બધાં રણભૂમિનાં પ્રતીક છે અને આપણો 'ખાલસા'પંથ ! જુઓ, કોઈ જાતપાત નથી. દયાસિંઘ ખત્રી છે, ધરમસિંહ જાટ છે, હિંમતસિંઘ કુંભાર અને સાહિબસિંઘ વાળંદ. મોહકમસિંઘ દૂર દ્વારિકામાં કપડાંનું રંગાટકામ કરતો. પણ બંદા થયા, હવે માત્ર 'ધર્મસૈનિક' પંજ પિયારે!

મોહકમસિંઘ જનમ્યો હતો ૧૬૭૬માં. બચપણથી ચોર્યાસી ધૂણાના ઉદાસી અખાડામાં જાય. શીખ ગુરુ નાનક-બાનીથી તરબતર થાય. ને એમ જ આનંદપુર સાહેબની નિશ્રામાં પહોંચ્યો. ૧૫૨૩ વિક્રમ સંવત, જેઠ સુદ સપ્તમીએ-શનિવારે પટણામાં ગોવિંદ જનમ્યા અને મુઘલો સામેના દારુણ યુદ્ધની વચ્ચે ગ્રંથ સાહેબની પ્રતિષ્ઠા કરી. વિક્રમ સંવત ૧૭૬૪ની ભાદ્રપદી ચતુર્થીએ છેલ્લા શ્વાસ લીધા, પણ તે પૂર્વે તેમણે શીખ ધર્મને જ હિન્દુસ્તાનનો સંગ્રામી આત્મા બનાવી દીધો. ખાલસા પંથની રચના કરીને Regimentation કર્યું.

ગુજરાતનો શીખ ધર્મ સાથે ગાઢ નાતો રહ્યો છે નાનકદેવે પાટણ, ઈડર, સુરત, ભરુચ, રાજપીપળા, ખંભાત, વડોદરા, અમદાવાદ, ડાકોર, ખેડા, વઢવાણ, પાલીતાણા, જૂનાગઢ, વેરાવળ, સોમનાથ, છાયા(પોરબંદર), દ્વારકા, અંજાર, માંડવી, ભૂજ, લખતર અને બેટ દ્વારકાની યાત્રા કરી હતી. લખપત-ભરુચ-વડોદરાનાં ગુરુદ્વારા નાનકદેવનાં નામ સાથે સંકળાયેલાં છે.

આમાં બેટ દ્વારિકાનું અધિક મહત્ત્વ છે, શીખ ઈતિહાસમાં. અહીં મહાપ્રભુ વલ્લભાચાર્ય (ઇ.સ. ૧૫૨૭), ગોસાઈ વિઠ્ઠલનાથ, તેમના ભાઈ રઘુનાથજી (૧૫૭૪) અને આદિ શંકરાચાર્ય પણ પધાર્યા હતા. નાનકદેવના પુત્ર શ્રીચંદજી ઉદાસી અખાડાના સ્થાપક ગણવામાં આવે છે. ચોર્યાસીના ધૂણામાં વાંઝા છીપા દરજીના મોહકમ વારંવાર જતા. ૧૬૮૫માં આનંદપુર પહોંચ્યા. ૧૭૫૬માં ખાલસા પંથ સ્થપાયો. પંથજન્મસ્થાન કેશગઢ સાહેબમાં.૧૭૦૪થી ૨૦ ડિસેમ્બરે ગુરુ ગોવિંદસિંહ ૪૦૦ શીખ શિષ્યો સાથે આનંદપુર સાહેબથી સરસા નદી પાર કરી રહ્યા હતા ત્યારે મુઘલ વઝીરખાનનો હુમલો થયો. ૪૦૦માંથી ૪૦ શીખ શિષ્યો ગોવિંદસંઘની સાથે નદી પાર કરી શક્યા અને ચમકોરે સાહેબ (રાપર) પહોંચ્યા..ત્યાં પુનઃ યુદ્ધ થયું તેમાં ગુરુ ગોવિંદસિંઘના પુત્ર અજિતસિંઘ યુદ્ધના મેદાને પડ્યા, તેમની સાથે મોહકમ સિંઘ પણ રહ્યા, મોહકમસિંઘે અગિયાર લડાઈમાં બહાદૂરી બતાવી. છેલ્લી ડિસેમ્બર ૧૭૦૪, ચમકોરમાં બીજીવારનાં યુદ્ધમાં શહીદ થયા. બેટ દ્વારિકામાં ગુરુ નાનકદેવજી ગુરુદ્વારા આજે ય ઊભું છે. જ્યાં મોહકમસિંઘનો જન્મ થયો હતો.

દ્વારિકા-ઓખામંડળે અંગ્રેજો સામેનું સ્વાતંત્ર્ય યુદ્ધ તો લાંબા સમય સુધી ખેલ્યું આરંભડા, વસઈ, ધ્રાસણવેલ, બેટ દ્વારિકા, માછરડાની ધાર, કોડીનાર, પીપરડી, આભપરા, બરડાનો ડુંગર, ગીરનું જંગલ અને પોરબંદર નજીકનું વછોડા-વનચરડામાં યુદ્ધ કરતાં કરતાં મૃત્યુ, આ વાઘેર માણેકોની શૌર્યગાથા, ૧૮૨૦થી ૧૮૬૫ સુધી ચાલી. અહીં જ વાઘેર-માણેક સ્ત્રીઓએ સમુદ્ર કિનારેથી બ્રિટિશ સમુદ્રી જહાજમાંથી ઝીંકાતા તોપના ગોળા, પોતાના પાણીથી ભીંજવેલા ગોદડાં-તકિયા-ગાદલાંમાં ઝીલી લીધા હતા!

૧૯૬૫ - ૧૯૬૯માં ભારત પર પાકિસ્તાને નાપાક આક્રમણ કર્યું. કચ્છ-બનાસકાંઠા અને જામનગરના સમુદ્ર કિનારા સુધી તેના ઓળા વિસ્તર્યા. ખાવડા, ભૂજ, ધર્મશાળા, બાંદી, બ્રીજ, ધોરડો, બન્ની, છાડબેટ, વીત્રાકોટ, સરદાર ચોકી, કરીમશાહી, બિયારબેટ, બોરિયા બેટ, સર્વત્ર યુદ્ધનાં વાદળ. દ્વારિકા ઓખા પરના આકાશી બોંબમારા સમયે અન્ય જવાનોની સાથે ‘એર ડિફેન્સ રેજિમેન્ટ કેમ્પ’નો પૂર્વ સૈનિક ગણપત લક્ષ્મણ ભટ્ટ પણ જોડાયો. પોતાના એસ.ટી. વર્કશોપમાં કામ કરતો હતો. હાકલ પડી એટલે દોડી આવ્યો. દ્વારિકા સ્થિત લશ્કરી છાવણીના વડાને મળ્યો. તોપ અને રાઈફલનો તેને અનુભવ હતો. આકાશેથી બોમ્બ વર્ષા કરતું પાકિસ્તાની વિમાન દેખાયું. દ્વારિકાધીશને હેમખેમ રાખવા આ ગુજરાતી સૈનિકે પાકિસ્તાની સેબર જેટને તોડી પાડ્યાં!

આ ગણપતની દેશભક્તિનું મૂળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમમાં હતું. અમદાવાદના કેંપ હનુમાન, સદર બજારની શાખાનો તે સ્વયંસેવક હતો.

દ્વારિકામાં પગ માંડીએ અને વિશ્વનાં સ્પંદનો ઝીલાય. આ સમુદ્રકિનારે એક દીવાદાંડી (લાઈટહાઉસ) ઊભી છે, રાતે અજવાળાં પાથરે છે, સમુદ્રવલય તેને ઝીલે છે. ભડકેશ્વર મહાદેવનું મંદિર દરિયાઈ મોજાંઓની વચાળે છે. ગોમતી-ઘાટે દર્શનાર્થીઓ ઉમટે છે. સમુદ્રની પગથારે નાનાંમોટાં મંદિરો. પશ્ચિમે રુક્મિણી પોતાના ઠાઠથી વિરાજે છે. મધ્યભાગે ગૂગળી યજમાનોની હિલચાલ, આદિ શંકરાચાર્યની શારદાપીઠ અને દ્વારિકાધીશનો વૈભવ નગરની બહાર હવે જ્યાં કોલેજ છે તે કોઈ સમયે ગાયકવાડી જેલ હતી! આ જ રસ્તે વરવાળાની વનરાજિ અને ઓખા બંદરગાહ આવે, ત્યાંથી સમુદ્રનૌકાની સફર કરો એટલે બેટ દ્વારિકા પહોંચાય....

અત્યારે દરિયાકિનારે જે કંઈ છે એ તો સહસ્ર વર્ષોની યાદગીરીના અવશેષ માત્ર છે. જૂનું પુરાણું કંઈ પાછું આવતું નથી પણ ધરતી પર પગ માંડો એટલે શ્રીકૃષ્ણ, ધીરા, મીરાં, શંકરાચાર્ય, વલ્લભાચાર્યશી, ખમીરવંતા બહાદૂર માણેકો સુધીનો રણકાર સંભળાય. ‘ના છડિયાં હથિયાર...’ના નાયક મૂળુભા અને જોધાભા કંઈ-તત્કાલીન શાસકોએ ચીતરેલા ધાડપાડુ- નહોતા, ખરા અર્થમાં સ્વાભિમાનને-વટને-જાળવવા નીકળેલા લોકનાયકો હતા. જોધાભા તો પોતે જ ફિલસુફ વિપ્લવી હતો ને મુળુભા દ્વારિકાધીશનો સાચુકલો રખેવાળ હતો. વડોદરાની ગાયકવાડી જેલ પણ તેને નાથી શકી નહોતી અને પોતાના પાંચ બહાદૂર સાથીઓ સહિત, પોરબંદર નજીકના વનચરડા-વછોડા-ના પાદરે દલિતવાસમાં, રાજ્યની પોલીસ ગિશ્ત સામે લડતાં લડતાં નિછાવર થયા હતા. ત્યાં પાંચ પાળિયા તો છે પણ સા-વ નિઃસ્તબ્ધ. પ્રવાસન વિભાગે આવાં સ્થાનોને એવી રીતે જોડવાં જોઈએ, જેથી નવી પેઢીને તેના પ્રતાવી પૂર્વજોની ઝાંખી થાય. સંસ્કૃતિની સ્વરભૂમિનો પરિચય આત્મસાત્ થાય તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ધ્વજ વધુ ઊંચો ફરકશે.

*ગુજરાત સાહિત્ય અકાદમી,*
*અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭*
*ગાંધીનગર*
*મો. ૯૪૨૭૮૦૪૭૨૨*

# કચ્છી લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના શ્રદ્ધેય સારસ્વતઃ દુલેરાય કારાણી

*- ડૉ. બળવંત જાની*

કચ્છ ભૂ-ભાગ ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન પરિસર છે. અહીં ભાષાકીય, સાહિત્યિક, ઐતિહાસિક, સ્થાપત્ય, ખાન-પાન અને જીવનશૈલી સંદર્ભે આગવી-અનોખી પરંપરા આજે પણ જીવંત છે. અંગ્રેજો અને અન્ય થોડા ભારતીય વિદ્વાનોએ અંગ્રેજીમાં ઘણું લખ્યું છે. ગુજરાતીમાં મહત્ત્વની સામગ્રી જે, બે-ચાર વિદ્વાનો રામસિંહ રાઠોડ, શંભુદાન ગઢવી, દુલેરાય કારાણી અને ગોવર્ધન શર્મા દ્વારા પ્રાપ્ત છે, એમાં અગ્રણી છે દુલેરાય કારાણી. એમના દ્વારા પ્રકાશિત કાર્યનું પૂરું ચિત્ર ગુજરાતીમાં આજ સુધી પ્રસ્તુત થયું ન હોઈને એમના પ્રદાનનો મહિમા પૂરો પ્રમાણાયો નથી. બહુ ઓછાને ખ્યાલ છે કે 'જળકમળ' તથા 'હસતારામ' તખલ્લુસથી પણ તેઓ સાહિત્યસર્જન કરતા હતા. આપણે સૌરાષ્ટ્ર કે ગુજરાતના સંશોધકો-સંપાદકોનો ખૂબ મહિમા કર્યો. એમનાં મૂલ્યાંકનો પણ ખૂબ થયાં. પરંતુ આવા કચ્છને સંપૂર્ણતયા સમર્પિત અને કચ્છનો જ પ્રતિબદ્ધ બનીને આજીવન અભ્યાસ પ્રસ્તુત કરતા રહેલા કારાણીના કામને આપણે બહુ વિગતે અવલોક્યું નહીં. શતાબ્દીવર્ષ ચાલ્યું ગયું. ઈ.સ. ૨૦-૨૧માં સવા શતાબ્દી ઉજવણી માટે આપણે કશુંક આગોતરું આયોજન કરીને સવાસો વર્ષે તો એમનાં વધામણાં-ઓવારણાં ઓછા-ઓછા થઈને લેવાં જોઈએ. અહીં પ્રારંભે એમના કવનની-જીવનની થોડીક વિગતો અને પછી કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના સંદર્ભે એમના પ્રદાનને મૂલવવાનો ઉપક્રમ છે.

**ગુજરાતીમાં મહત્ત્વની સામગ્રી જે, બે-ચાર વિદ્વાનો રામસિંહ રાઠોડ, શંભુદાન ગઢવી, દુલેરાય કારાણી અને ગોવર્ધન શર્મા દ્વારા પ્રાપ્ત છે, એમાં અગ્રણી છે દુલેરાય કારાણી. એમના દ્વારા પ્રકાશિત કાર્યનું પૂરું ચિત્ર ગુજરાતીમાં આજ સુધી પ્રસ્તુત થયું ન હોઈ એમના પ્રદાનનો મહિમા પૂરો પ્રમાણાયો નથી**

**કારાણી : કવન - સર્જન સંદર્ભ -**

એમણે નવલકથાઓ, નાટકો અને કવિતા જેવા સર્જનાત્મક સાહિત્યસ્વરૂપોમાં કરેલા પ્રદાનની ગુજરાતી સાહિત્યનાં જે-તે સ્વરૂપોની ઇતિહાસમાં નોંધ લેવાઈ નથી. કચ્છના ઈતિહાસને અનુલક્ષીને લખાયેલી પાંચ નવલકથાઓ 'જામ ચનેસર' (૧૯૬૬), 'જામ રાવળ (૧૯૬૮)', 'જમાદાર ફત્તેમંદ' (૧૯૭૮), 'જામ લક્ષરાજ'(૧૯૭૯), 'જામ અબડો અભંગ'(૧૯૮૧) મહત્ત્વની છે. ગુજરાતની કચ્છના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની ભારે મહત્ત્વની ઘટનાઓને આલેખતી શૌર્ય, વીરત્વ અને અડગતા-અટલતાનાં મૂલ્યોની માવજત કરતી તથા કચ્છ સાથે સંકળાયેલા મહત્ત્વના સંદર્ભોને નવલકથાના માધ્યમથી આલેખતી ઐતિહાસિક ગુજરાતી નવલકથાઓ અવલોકનીય છે. એનો વિગતો અભ્યાસ થવો જોઈએ. કચ્છી સમાજ, સંસ્કૃતિના અનેક સંદર્ભો પણ એમાંથી પ્રગટે છે. એ આજ સુધી વણમૂલવ્યા રહી ગયા. હવે કચ્છને તો યુનિવર્સિટી પણ મળી છે, છતાં દુર્લક્ષ જ સેવાઈ રહ્યું છે.

એમણે રચેલા કચ્છના ઐતિહાસિક-સામાજિક પ્રસંગોને આલેખતાં ચારેક નાટકોની પણ ગુજરાતી નાટ્યસાહિત્યના ઇતિહાસમાં પ્રદાનસંદર્ભે નોંધ લેવાઈ નથી. 'જામ વીર ખેંગાર' (૧૯૬૯), 'જગડુ દાતાર' (૧૯૭૧), 'જામ અબડો'(૧૯૭૨), 'ઝારેજો યુદ્ધ'(૧૯૭૨) નાટકોમાં ઐતિહાસિક-સામાજિક કચ્છી સંઘર્ષને વિષયસામગ્રી તરીકે ખપમાં લેવાયો છે. સંવાદમાં કચ્છી ભાષાને, કહેવતોને-રૂઢિપ્રયોગોને કલાત્મક રીતે પ્રયોજ્યા હોઈને કચ્છી વાતાવરણ પ્રગટતું અનુભવાય છે. ગૌતમ શર્મા, મૂળરાજ રૂપારેલ, ઉમિયાશંકર અજાણી અને આનંદ ચંદેના કચ્છી સાહિત્યમાંથી પસાર થઈએ ત્યારે કારાણીની કથનકળાની મોહિનીમાંથી છૂટી શકાતું નથી. એ સર્જક કારાણીની મને મોટી સિદ્ધિ જણાઈ છે. ૧૧ કાવ્યગ્રંથોમાં સંચિત એમણે કરેલું કાવ્યસર્જન ગુજરાતીમાં પણ અને કચ્છીબોલીમાં પણ છે. કવિ તરીકે છંદવિનિયોગમાં ચારણી છટાને તેમણે કલાત્મક રીતે ઝીલીને નાદવિશ્વ ખડું કર્યું છે. 'કારાણી કાવ્યકુંજ'ના પાંચ ભાગ ઈ.સ. ૧૯૩૫થી ૧૯૭૮ દરમ્યાન પ્રગટતા રહ્યા. એમણે રચેલી છ બાવની કવિતા 'ગાંધીબાવની'(૧૯૪૮), 'દયાનંદ બાવની'(૧૯૫૫), 'હરિજન બાવની'(૧૯૫૯), 'સોનલ બાવની'(૧૯૬૫), 'કલ્યાણ બાવની'(૧૯૭૨), 'મહાવીર બાવની'(૧૯૭૭) મહત્ત્વની કાવ્યરચનાઓના ગ્રંથો છે. બ.ક. ઠાકોર જેવા દુરારાધ્ય કવિએ એમના 'આપણી કવિતાસમૃદ્ધિ'ના પ્રથમ ભાગમાં 'ઝારાનું મયદાનેજંગ' કાવ્ય પસંદ કરેલું. 'સોનલ બાવની' અને 'કલ્યાણ બાવની' તો ગુજરાતી કરુણ પ્રશસ્તિમાં ભારે નોંધ લેવા જેવી રચનાઓ અભ્યાસીઓથી ચૂકી જવાઈ છે. આપણે ત્રિભુવન વ્યાસના 'ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરણી'ને ખૂબ ચગાવ્યું, મૂલવ્યું. નર્મદના 'જય-જય ગરવી ગુજરાત'ને અને ઉમાશંકરના 'ગુજરાત મોરી-મોરી રે'ને જેટલાં વધાવ્યાં એટલાં દુલેરાયના કચ્છી ધરતીને વધાવતા-

'વિકટ વન ડુંગરા, વિકટ રણવાટ જ્યાં, વિકટ ભૂજકોટ વંકો ભૂજંગી;

વિકટ પથરાળ, રેતાળ રસ્તા અને વિકટ રણવીર વીરત્વ વંગી.'

વાછરો વીર ને વીર પાબૂ તણી વીરતા ભોમના ભાર હરણી,

ભારતીય માતને ખોળલે ખેલતી, ધન્ય હો ધન્ય હો કચ્છી ધરણી.'

ગીતમાંથી કચ્છીયત પ્રગટે છે. આટલું ચુસ્ત ઝૂલણા પરંપરામાં ઉમેરણ રૂપના ગીત તરીકે પણ એનાં ઓવારણાં લેવાનાં રહે. કચ્છ યુનિવર્સિટીનું 'યુનિવર્સિટી ગીત' બની શકે એવી એ રચના છે. 'કારા ડુંગર કચ્છ જા'(૧૯૬૨) ઉપરાંત ત્રણ જેટલા એમના અનુવાદો પણ ભારે પ્રમાણભૂત છે. 'રસાલો શાહ અબ્દુલ લતીફ બિટાઈ' (૧૯૭૯),, 'શાયર નજીર'(૧૯૭૯), 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'- કચ્છી (૧૯૮૮) એમના આ ક્ષેત્રના પ્રદાનને પણ આપણે પૂરું પ્રમાણવામાં પાછા પડ્યા છીએ. આમ, લોકસાહિત્ય સિવાયના નવલકથા, નાટક, કવિતા અને અનુવાદના ૨૬ જેટલા ગ્રંથો મને એમની કવન-સાહિત્ય સેવાની બળૂકી સોગાદ જણાયા છે.

**કારાણી : આગવા અને અનોખા-**

મેઘાણીની લગોલગ જેમની બેઠક-સ્થાનક મુકાવું જોઈતું હતું. બલકે કેટલીક બાબતે તો તેઓ મેઘાણીથી પણ કેટલુંક આગવું અને અનોખું અર્પણ કરી શક્યા. લોકસાહિત્યનાં લઘુસ્વરૂપો આપણે બહુ એકઠાં કર્યાં નથી, એના અર્થો સારવ્યા-તારવ્યા નથી. એની સાથે સંકળાયેલાં કથાનકો પણ બહુ સાચવ્યાં નથી અને સિદ્ધાન્તરૂપ તારવેલ નથી. દુલેરાય કારાણીએ કચ્છી લોકકહેવતોને લગતા ચાર-પાંચ ગ્રંથો સંપાદિત કર્યા. 'કચ્છી પીરોલી' પણ આ શ્રેણીમાં સ્થાન પામે. 'કચ્છી બાલ અખાણી' પણ એવું જ મહત્ત્વનું



**દુલેરાય કારાણીએ કચ્છી લોકકહેવતોને લગતા ચાર-પાંચ ગ્રંથો સંપાદિત કર્યા. 'કચ્છી પીરોલી' પણ આ શ્રેણીમાં સ્થાન પામે. 'કચ્છી બાલ અખાણી' પણ એવું જ મહત્ત્વનું લઘુલોકસાહિય કૃતિનું દૃષ્ટાંત છે**

લઘુલોકસાહિય કૃતિનું દૃષ્ટાંત છે. 'કચ્છનાં રસઝરણાં', 'મીઠે મિરાણજાં મોતીડાં' અને 'કચ્છી કિસ્સા બાવની' જેવાં બીજાં પાંચ-છ એમ કુલ દશેક જેટલાં કચ્છી લોકસાહિત્યના લઘુ સ્વરૂપનાં ટચૂકડાં ઉદાહરણોને સાચવી લેતા ગ્રંથો છે. એની સાથે જોડાયેલી કથાઓ, સમાજ, ઈતિહાસ અને લોકસંસ્કૃતિકેન્દ્રી વિગતો પણ આ નિમિત્તે એમના દ્વારા સચવાઈ. એના સિદ્ધાંત સ્વરૂપને પણ તારવ્યું. ગુજરાતના લઘુલોકસાહિત્યનાં દૃષ્ટાંતોમાં કચ્છનું મહત્ત્વનું સચવાયું દુલેરાય કારાણીને કારણે, જે લોકસાહિત્યક્ષેત્રનું મેઘાણીથી આગવું, એવું લઘુસ્વરૂપની કૃતિઓ અને સિદ્ધાંતલક્ષી અવધારણા રૂપે અનોખું અને વિશિષ્ટ પ્રદાન.

બીજું, મેઘાણીએ ઘણું લોકસાહિત્ય એકત્ર કર્યું. એનાં આસ્વાદ અને અર્થઘટનો પણ આલેખ્યા પરંતુ એમની પાસેથી સૌરાષ્ટ્રી તળપદા શબ્દોના અર્થોનો કોશ સમયના અભાવે આપણે મેળવી ન શક્યા. કદાચ એમને એ યોજના ઘડવાનું ટાણું ન મળ્યું. પણ કારાણીએ તૈયાર કરેલો 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' એમની આજીવન કચ્છી સાહિત્ય સાધનાનું સુફળ છે. એમના અભ્યાસનું અંતિમ પરિપાક રૂપી ફળ આ શબ્દકોશ છે. આપણે વિગતે એનું અવલોકન, મૂલ્યાંકન કર્યું નથી. બહુ ઓછાને ખ્યાલ છે કે સિંધી, ખોજકી, ગુજરાતી ભાષાના ઘણા જૂના શબ્દો અહીં સચવાયા છે.

ત્રીજું, મેઘાણીએ મૌલિક પરંપરાના ઈતિહાસને અને લૌકિક કથાનકોને જાળવતી કથાઓ ખૂબ આપી. પણ લોકકવિઓ અને લોકસંતો-લોકધર્મોનાં કથાનકો પ્રમાણમાં ઓછાં એકત્ર કરી શક્યા. જ્યારે કારાણીએ કચ્છી કવિ અને કચ્છી લોકધર્મ-પંથપરંપરાને વિપુલ માત્રામાં સાચવી લીધી. એટલે લોકકવિ-લોકસંત-પંથકેન્દ્રી કથાનકો એમના દ્વારા ઘણાં મળ્યાં. કચ્છી સંતો અને કવિઓની શૃંખલા અકબંધ રીતે દસ્તાવેજી રૂપ પામી. આમ, બે-ત્રણ બાબતે લોકસાહિત્યક્ષેત્રે મેઘાણીથી આગવાં અને અનોખાં કાર્યો તેઓ સ્થાપિત કરી શક્યા. તેમણે લોકસાહિત્યને બૃહદ્ અર્થમાં કંઠસ્થ પરંપરાના સાહિત્ય તરીકે સંતધારા-ચારણ-બારોટધારાને પણ સમાવિષ્ટ કરવાની વિભાવના સ્વીકારી જણાય છે અન્યથા આટલું વ્યાપકરૂપે તેઓએ કચ્છી કંઠસ્થ પરંપરાનું લોકસંત સાહિત્ય એકત્ર કર્યું ન હોત.

કચ્છના રાઓ મદનસિંહજી, લંડનના આયરલેન્ડમાંના ઈતિહાસના વિશ્વવિખ્યાત વિદ્વાન વિલિયમ્સ રશબૂકને કચ્છના ઈતિહાસ આલેખનકાર્ય માટે ભૂજ લઈ આવેલા. બહુ ઓછાને ખ્યાલ છે અને જેની લગભગ નોંધ પણ

અભ્યાસીઓએ નથી લીધી કે રશબૂકને ઈતિહાસની વિગતો કહેનાર-અર્પનાર માહિતીદાતા તરીકે રાજ્ય તરફથી નિયુક્ત હતા દુલેરાય કારાણી.

*રશબૂકને કારાણીએ આપેલ દુહો-*
*'કારા ડુંગરા કચ્છ જા, ધોરા ણ ચરે,*
*સિજ ઉલથે સામા મિલેં, ડિસંજે ડુખ ટરેં.'*

રશબૂકે અંગ્રેજીમાં લખાયેલા કચ્છના ઈતિહાસનું 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ' રાખ્યું. એનો ગુજરાતી અનુવાદ કર્યો વસંતરાય પટ્ટણીએ પણ એમાં દુલેરાય કારાણીએ પૂર્તિરૂપે-ઉમેરણરૂપે અનેક સંદર્ભો મૂકીને રશબૂકથી ચૂકી જવાયેલી ટૂંકમાં કહેવાયેલી-લખાવેલી બાબતોને વિગતે આલેખીને 'કારા ડુંગર કચ્છ જા' અર્થાત્ 'ઈતિહાસ અને લોકકથામાં કચ્છ' નામથી પ્રકાશિત કર્યો. કચ્છની પ્રસિદ્ધિ અંગ્રેજી ગ્રંથને કારણે વિશેષ થઈ, એમાં દુલેરાય કારાણીના માહિતીદાતા તરીકેના સંદર્ભોની નોંધ અનેક સ્થાને બ્રિટિશ ઈતિહાસકારે પૂરી પ્રામાણિકતા દાખવી છે. દુલેરાય કચ્છી સાંસ્કૃતિક સંદર્ભોના સંરક્ષક હતા, સાધક હતા. આલેખક અને સંપાદક પણ હતા. કચ્છ વિષયે બધું એમને હૃદયગત હતું. મેઘાણીને માહિતીદાતાનો આધાર હતો જ્યારે કારાણી સ્વયં માહિતીદાતા હતા પોતાના અને અન્યના પણ.

**કચ્છ માટે માત્ર ત્રણ-ચાર નામો-દુલેરાય કારાણી, શંભુદાન ગઢવી, રામસિંહ રાઠોડ અને ગોવર્ધન શર્મા. પણ આમાં પ્રમુખ નામ અને કામ દુલેરાય કારાણીનું, કારણ કે કચ્છને જ તેઓ સમર્પિત હતા, પ્રતિબદ્ધ હતા**

જેમ રાજસ્થાનને કર્નલ જેમ્સ ટોડ મળ્યા તે જ રીતે કચ્છને દુલેરાય કારાણી મળ્યા. એ રીતે એલ.એફ. રશબ્રૂક વિલિયમે પણ બહુ સાચી રીતે કારાણીને કચ્છના જેમ્સ ટોડ તરીકે ઓળખાવ્યા છે. રશબૂક વિલિયમ્સ જેવા અંગ્રેજ વિદ્વાને કચ્છ વિશેની મોટાભાગની જાણકારી કારાણીની મદદથી મેળવેલી. એમના ગ્રંથ 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ'નું ગુજરાતી 'કારા ડુંગર કચ્છ જા' નામથી સંવર્ધિત સ્વરૂપે કારાણીએ કરેલું. કચ્છના જાણતલ અંગ્રેજ અમલદાર કચ્છની માહિતીના ખરા જાણતલ તરીકે કારાણીને માને અને માહિતીને વિશ્વ સમક્ષ મૂકનાર વિદ્વાન ટોડની કક્ષાએ સ્થાપે એ તળપદી સંસ્કૃતિના જાણતલનું ભારે મોટું બહુમાન છે.

છેક ઈ.સ. ૧૮૧૫થી અંગ્રેજ અમલદારોએ કચ્છ એક આગવા લોકસાંસ્કૃતિક ભૂભાગ તરીકે અવલોકીને એના વિશે અભ્યાસપૂર્ણ ગ્રંથો રચીને વિશ્વને કચ્છનો પરિચય કરાવવાનું આરંભેલું એમાં આદ્યસ્થાને આવે અંગ્રેજ મેકમર્ડો. પછી બર્જેશ ને બ્લેનફર્ડ, ગ્રાન્ટ અને પોસ્ટાંસ ત્યારબાદ કેમ્પબેલ, ફાર્બસ અને બાર્ટન જેવા વિદ્વાનોએ કચ્છ-કાઠિયાવાડની આગવી લોકસાંસ્કૃતિક અને લૌકિક ઐતિહાસિક વિગતોથી વિશ્વને સુવિદિત કર્યા. કચ્છ માટે માત્ર ત્રણ-ચાર નામો-દુલેરાય કારાણી, શંભુદાન ગઢવી, રામસિંહ રાઠોડ અને ગોવર્ધન શર્મા. પણ આમાં પ્રમુખ નામ અને કામ દુલેરાય કારાણીનું, કારણ કે કચ્છને જ તેઓ સમર્પિત હતા, પ્રતિબદ્ધ હતા. કચ્છમાં રહ્યા અને કચ્છથી નિષ્કાસિત થયા પણ કચ્છમાં જ લીન તલ્લીન રહ્યા. એકનિષ્ઠા ભાવે કચ્છને જ ભજતા રહ્યા. આવા બધા આગવા-અનોખા ગણાવી શકાય એવા એમના વ્યક્તિત્વના રંગોને કારણે મને તેઓ મેઘાણી આગવા-અનોખા એવાં ગુજરાતી સારસ્વત પરંપરાના ભારે મહત્ત્વના અભ્યાસનિષ્ઠ સ્વાધ્યાયનિષ્ઠ સંશોધક મનિષી જણાયા છે.

ફ્રાંસ્વા માર્લિઝો સાથે, તેઓ નરસિંહ મહેતા ઉપર કામ કરતા હતા ત્યારથી એટલે કે ૧૯૮૨થી મારે સંબંધ. ફ્રાંસની સોરોબોન યુનિવર્સિટીમાં મુલાકાતી અધ્યાપક તરીકે ઈ.સ. ૧૯૯૮ એપ્રિલમાં મારે જવાનું બનેલું. ડૉ. માર્લિઝો સાથે ભાયાણી સાહેબને કારણે મારે અંગત સંબંધ સ્થપાયો. એમની ગુજરાતની દરેક મુલાકાત વખતે એમની સાથે સાથે કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રવાસમાં જોડાવાનું મારે બનતું. ૧૯૯૯ અને ૨૦૦૧માં તેઓ કચ્છી કાનફટ્ટાનાથ સંપ્રદાય વિશે કામ કરતાં ત્યારે હું પ્રવાસમાં હતો. પ્રાણગિરિ ગોસ્વામી સાથેની, ભૂજ મ્યુઝિયમની મુલાકાત વખતે એમની પાસે રશબૂકનું અને કારાણીના અનુવાદનું એમ બંને પુસ્તકો હોય. ભૂકંપ પછી પણ તેઓએ જ્યાં જ્યાં પ્રવાસ કરેલો એ બધાં સ્થાને પુનઃપ્રવાસ કરીને નોંધ કરેલી. નાથ વિશેનો કારાણીની વિગતો અને ઈસ્માઈલી ખોજા તથા નિજારી ગુપ્તી ખોજાઓની ક્રિયાકાંડની વિગતો માટે એમણે મારી પાસે પીર શમ્સકૃત 'ગોવરચંદનો આખિયાન' સંપાદિત કરાવેલું. કારાણી વિશેનો મારો એ સમયનો ઘનિષ્ઠ સ્વાધ્યાય અને અભ્યાસનોંધો મને અહીં આ



કચ્છી લોકસાહિત્યના પ્રખર સંશોધક દુલેરાય કારાણી

સ્વાધ્યાયલેખમાં ખપમાં લાગી છે. કારાણીના સંદર્ભોનો આદર સાથે માર્લિઝો ઉલ્લેખ કરતાં લખે છે કે, 'મને દુલેરાય કારાણી આવાં બધાં કારણે કચ્છની સંસ્કૃતિના મોટા ગજાના આગવા-અનોખા સંશોધક અને શ્રદ્ધેય સંપાદક જણાયા છે.'


**કારાણી : જીવનસંદર્ભ -**

દુલેરાય કારાણીનું જીવન ભારે સંઘર્ષપૂર્ણ રહ્યું. સતત અભાવજન્ય અવસ્થા વચ્ચે પણ પૂરા સ્વમાની રહ્યા. જરૂરિયાતો જ બહુ રાખી નહીં. સંતોષ, સ્નેહ અને સદ્દસભર એમનું જીવન અન્યને પણ શાતા અર્પનારું બની રહ્યું.

૨૬-૨-૧૮૯૬ એમનો જન્મદિવસ. ચૌહાણ વંશના ક્ષત્રિય. મૂળ વતન તો રાજસ્થાનનું અજમેર. ચારસો વર્ષ પહેલાં વડવાઓ કચ્છમાં સ્થાયી થયેલા. પિતાશ્રીનું નામ લાખાભાઈ. માતુશ્રીનું નામ માલાબા. પિતાશ્રી ઊંટનો વેપાર કરતા. લોકસાહિત્યના જાણતલ હતા. કારાણીજીના કાકા કેશવજીભાઈ શિક્ષક હતા. ધનજીકાકા વાર્તાકાર અને જાદુગરી પણ કરતા.

**દુલેરાય કારાણીનું જીવન ભારે સંઘર્ષપૂર્ણ રહ્યું. સતત અભાવજન્ય અવસ્થા વચ્ચે પણ પૂરા સ્વમાની રહ્યા. જરૂરિયાતો જ બહુ રાખી નહીં. સંતોષ, સ્નેહ અને સદ્દસભર એમનું જીવન અન્યને પણ શાતા અર્પનારું બની રહ્યું**

દુલેરાય કારાણીનું પ્રાથમિક શિક્ષણ આરંભાયું સાતેક વર્ષની ઉંમરે, મુન્દ્રાની દરબારી ગુજરાતી નિશાળમાં. ગુજરાતી સાતમી પછી બીજી અંગ્રેજી પસાર કરી. બીજી ભાષા સંસ્કૃત સ્વીકારી હતી. ચોથી અંગ્રેજી પૂર્ણ કરે ત્યાં તો માતુશ્રીનું અકાળે નિધન થયું. અભ્યાસ અધૂરો છોડવો પડ્યો. વડીલ બંધુ આફ્રિકા જવા નીકળ્યા અને દુલેરાય જ્યાં ભણતા હતા ત્યાં પાંચમા આસિસ્ટન્ટ તરીકે શિક્ષકની નોકરીમાં જોડાઈ ગયા. શિક્ષકની નોકરી ઉપરાંત ખાનગી ટ્યૂશન પણ આપતા. વચ્ચે આફ્રિકાથી પરત થઈને આવેલા મોટાભાઈ સાથે નાગપુર જવું પડેલું. પણ ત્યાંથી પરત થયા અને




શિક્ષણકાર્યમાં જ સેવારત રહ્યા. ઉર્દૂ, સિંધી, ફારસી અને અંગ્રેજી ભાષાઓ પણ આ સમયગાળા દરમ્યાન શીખ્યા. 'યંગ ઈન્ડિયા' અને બીજા અંગ્રેજી ગ્રંથોનું વાંચન, અનુવાદ, સિંધી અને ઉર્દૂમાંથી પણ કરવાનું ચાલુ રાખ્યું. લોકકથાઓ તો બાળપણથી માતાને મોઢેથી અને પછીથી પિતા પાસેથી ખૂબ સાંભળેલી. કેટલુંક મેળવતા પણ હતા. કાવ્યસર્જનની પ્રેરણા પણ આ ગાળા દરમ્યાન મળી.

અઢાર વરસ સુધી મુન્દ્રા પછી ગુંદીયાળીમાં શિક્ષક તરીકે બદલી થઈ. ત્યારે મદનજીબાવાએ ભૂજમાં લગ્ન ઉત્સવ પ્રસંગે નિમંત્રીને વ્યવસ્થા જાળવણીનું કામકાજ સોંપ્યું. લગ્ન પ્રસંગે કચ્છી કાવ્યરચના કરીને લગ્નકમિટિના સભ્યોને આપી. કલ્પનાનું નિરૂપણ, શબ્દચયનનું માધુર્ય અને લય-ઢાળ નિર્ણાયકોને સ્પર્શી ગયા તેથી ૧૫૦ કચ્છી કોરીનું ઈનામ મળ્યું. નારાયણ સરોવરની જાગીરનો વહીવટ સંભાળવા મૂકયા પણ રાજકીય કાવાદાવા અને ખટપટનો ભોગ બન્યા. તેથી પછીથી એમને તૂર્ત જ કચ્છના શિક્ષણના ડેપ્યુટી તરીકે નિયુક્ત કર્યા. કચ્છમાં આ કારણે સતત પ્રવાસ રહ્યો અને સતત માહિતીદાતાઓને પૃચ્છા કરી. માહિતી એકત્ર કરીને નોંધ રાખી. કચ્છીયતના જ્ઞાની-ખજાનચી બની રહ્યા. જાતે સ્વપ્રયત્ને જાતનોંધ દ્વારા એકત્ર કરેલી સામગ્રી ઉપરાંત એમને ભૂજના વાલજી કરસનજી વકીલ પાસેથી હસ્તલિખિત ઈતિહાસની સામગ્રીને સાચવતો ચોપડો પણ મળેલો. આ કારણે તેઓને મળેલી અને પ્રાપ્ત સામગ્રી વચ્ચે તાળો મેળવવાની અનુકૂળતા પણ રહી.

મુન્દ્રા નિવાસ દરમ્યાન એમના સન્મિત્ર હાથીભાઈએ કારાણીજીનો પરિચય જૈન યતિ કલ્યાણચંદ્રજી મહારાજ સાથે કરાવેલો. એમની સમક્ષ 'ઝારાનો મયદાનેજંગ' કાવ્યપાઠ રજૂ કર્યો. શુદ્ધ ભાષા-ઉચ્ચારણ, શિષ્ટ પદાવલિ અને મૂલ્યનિષ્ઠાનો પરિચય કરાવતી વિષયસામગ્રી મુનિશ્રીને સ્પર્શી ગઈ. એ મિલન ગાઢ મૈત્રીમાં પરિણમ્યું. મહારાજસાહેબની સંગત વધી. એમની સાથે વિશેષ મુલાકાતો, નિરાંતે વાતો અને સાહિત્યસ્વાદ એમાં કેન્દ્રસ્થાને રહેતા. તેઓ બંસરીવાદનમાં કુશળ હતા. શતરંજ રમતમાં પણ બાહોશ હતા.

ઈ.સ. ૧૯૧૭માં સોનલબા સાથે લગ્ન થયું. એમનાં સંતાનો પોતાની રીતે વિકાસ સાધતાં રહ્યાં. ઈ.સ. ૧૯૪૮માં બધા મિત્રો નિવૃત્ત થતા હતા એમની સાથે કારાણીએ પણ નિવૃત્તિ મેળવી લીધી. નિવૃત્ત થયા પછી નિરાંતે યતિશ્રી કલ્યાણચંદ્ર મહારાજને મળવા માટે સોનગઢ ગયા. ત્યાં 'મહાવીર જૈનચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ'માં યતિશ્રીએ કારાણીજીને રોકી લીધા. સોનગઢ આશ્રમમાં રહીને અભ્યાસ

કરતાં બાળકોને સંભાળવાનું અને 'સમયધર્મ' નામના સામયિકનું સંપાદનકાર્ય સંભાળ્યું. ઈ.સ. ૧૯૪૮થી ૧૯૭૩ પચીસેક વર્ષ સુધી ત્યાં સ્થાયી થઈને રહ્યા. વાચન, લેખન, પ્રકાશન તથા સવાર-સાંજ કલ્યાણચંદ્રજી સાથે પદયાત્રી બનીને ચાલવું અને કલ્યાણચંદ્ર મુનિ સાથે સત્સંગ, બાળકો સાથે રાત્રિ વાર્તાલાપ. એમની સાથે વર્ષમાં એક વખત લાંબો પ્રવાસ. ભારે નિરાંતનું જીવન જીવ્યા. ઘણાં પ્રકાશનો અહીં રહ્યે-રહ્યે જ તૈયાર કર્યાં.

આશ્રમમાં મહાનુભાવોનાં-સારસ્વતોનાં વ્યાખ્યાનો પણ ગોઠવે. ર.વ.દેસાઈ, પંડિત સુખલાલજી, મુનિ સંતબાલજી, નારાયણ દેસાઈ, સ્વામી આનંદ આદિએ કારાણીના સાહિત્યને પણ પ્રસંગોપાત પોંખ્યું હોય. એમની સાથે એકાદ દાયકા જેટલો સમયગાળો સહવાસી તરીકે વિદ્યાર્થી અવસ્થામાં ગાળ્યો એ જૈન યુવક સંઘ-મુંબઈના સ્વર્ગસ્થ પ્રમુખશ્રી અને મારા આદરણીય સન્મિત્ર ડૉ. ધનવંત શાહે એ સંસ્મરણોને આલેખતો વિગતે લેખ એમના શતાબ્દી વર્ષની ઉજવણીના ગ્રંથમાં આલેખ્યો છે. ઉમાશંકર જોશી કારાણીના ઘરને અને કારાણીને તીર્થ તરીકે માનતા. એમનો નિર્વ્યાજ સ્નેહ અને નિર્મળ પ્રકૃતિ માટે સારસ્વત સમુદાય સમાદર ધરાવતા. કલાગુરુ રવિશંકર રાવળ અને મહારાજ કૃષ્ણકુમારસિંહજીને પણ કારાણીજી પરત્વે અપાર આદર.

**વિદ્યાપાસનામાં, લેખન-અધ્યયનમાં જ વ્યસ્ત રહ્યા. લખવું-વાંચવું એમ નર્મદ-મેઘાણીની માફક કલમને ખોળે પોતાના આયખાને સમર્પિત કરનારા દુલેરાય આયુષ્યના ૯૩મા વર્ષે પણ પત્રવ્યવહાર-લેખન, પ્રકાશનમાં વ્યસ્ત રહેતા**

મને આદરણીય સન્મિત્ર ધનવંતભાઈ શાહની સાથે ઈ.સ. ૧૯૮૧માં એમને અમદાવાદમાં મળ્યાનું તીવ્ર સ્મરણ છે. સૂરતના જૈન સાહિત્ય સમારોહમાંથી એમની સંગાથે અમદાવાદ આવેલો. ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી ગૌરવ પુરસ્કારથી તેમને પુરસ્કૃત કરવાનો સમારંભ હતો. એમના પરત્વેના અપાર સમાદરને કારણે તેઓ એ પ્રસંગે ખાસ આવતા. રસ્તામાં તેમને વિશેની અનેક વાતો સાંભળવા મળેલી. તેઓ આ શુભપ્રસંગે અંગત રીતે એમને શાલ-સ્મૃતિચિહ્નથી કાર્યક્રમ પૂર્વે જ સન્માનિત કરવા માગતા હતા. કાળો કોટ, સફેદ મખમલી ધોતી, માથે બાંધણી ભાતની જાંબલી રંગની કચ્છી પાઘડી, હાથમાં સીસમની લાકડી, ચમકતી આંખો, વિશાળ કપાળ, તીણી નાસિકા નીચે ભરાવદાર શ્વેત પૂણી જેવી મૂછોથી શોભતું મુખારવિંદ અને ગૌરવવર્ણા, ધનવંતભાઈએ ચરણવંદના કરીને એમને શાલથી વિભૂષિત કરેલા. એમને ભેટી પડેલા. ધનવંતભાઈની આંખમાં હર્ષાશ્રુ જોઈને પુનઃભેટેલા. દુલેરાય કારાણીને પ્રથમ જોવાનું આ દૃશ્ય ચિર સ્મરણીય છે. ધનવંતભાઈએ મારો પરિચય કરાવેલો. મને એમના સ્નેહાશિષ સાંપડેલા.

જીવનની તડકી-છાંયડીમાં તેઓ આજીવન એકનિષ્ઠ વિદ્યાવ્યાસંગી બની રહ્યા. વિદ્યાપાસનામાં, લેખન-અધ્યયનમાં જ વ્યસ્ત રહ્યા. લખવું-વાંચવું એમ નર્મદ-મેઘાણીની માફક કલમને ખોળે પોતાના આયખાને સમર્પિત કરનારા દુલેરાય આયુષ્યના ૯૩મા વર્ષે પણ પત્રવ્યવહાર-લેખન, પ્રકાશનમાં વ્યસ્ત રહેતા. જયમલ્લ પરમારને 'ઊર્મિનવરચના' માટે લેખ મોકલે. પત્રની સાથે-સાથે એક દુહો પણ લખે અને એ જ અઠવાડિયે ૨૬-૨-૧૯૮૯ના શતાયુ થવાના સાત વર્ષ પૂર્વે અનંતની યાત્રાએ ચાલી નીકળે. કચ્છી સંસ્કૃતિના જાણતલની વિદાય સાથે જ્ઞાનોપાસકની પણ વિદાય થઈ.

કારાણી : કચ્છી-લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના પ્રદાતા -

દુલેરાય કારાણીના કચ્છી લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના પ્રદાનરૂપ ગ્રંથોને મેં ચાર વિભાગમાં વર્ગીકૃત કરીને અત્રે મૂલવેલા છે.

**(૧) કંઠસ્થપરંપરાનું દંતકથા, ઇતિહાસ અને લૌકિક ચરિત્રકેન્દ્રી કચ્છી સાહિત્ય :**

૧. 'કચ્છ કલાધર-૧' : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૨. 'કચ્છ કલાધર-૨' : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૩. 'કચ્છી સંતો અને કવિઓ-૧' : (૧૯૫૯, ૧૯૮૮)
૪. 'કચ્છી સંતો અને કવિઓ-૨' : (૧૯૬૪, ૧૯૮૮)
૫. 'મેકરણ ડાડા : ૧૯૬૦'
૬. 'કચ્છના ભક્તિમાન કવિઓ': (૧૯૮૨)
૭. 'જાડેજા દેવાજીની દેવવાણી' : (૧૯૮૨)
૮. 'કારા ડુંગર કચ્છ જા' : (૧૯૬૩)
૯. 'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો' : ૧૯૭૯)

**(૨) લઘુસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :**

૧. 'કચ્છી રસઝરણા' (૧૯૨૮)
૨. 'કચ્છી કહેવતો' (૧૯૩૦)
૩. 'કચ્છી કિસા બાવની' (૧૯૩૮)
૪. 'કચ્છી પીરોલી' (૧૯૭૫)
૫. 'સાર્થ કચ્છી કહેવતો' (૧૯૭૬)
૬. 'કચ્છની કહેવતકથાઓ' (૧૯૭૬)
૭. 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧)
૮. 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' (૧૯૮૨)
૯. 'મિઠે મિરાણજાં મોતીડાં' (૧૯૮૮)

**(૩) લોકકથાકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય**

૧. 'કચ્છની રસધાર', ભાગ-૧ (૧૯૭૨)

૨. 'કચ્છની રસધાર', ભાગ-૨ (૧૯૭૪)
૩. 'કચ્છની રસધાર', ભાગ-૩ (૧૯૭૬)
૪. 'કચ્છની રસધાર', ભાગ-૪ (૧૯૭૬)
૫. 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪)
૬. 'કચ્છી કથામૃત' (૧૯૭૦)
૭. 'કચ્છી બાલ અખાણી' (૧૯૭૦)

**(૪) વૈવિધ્યસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :**

૧. 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪)
૨. 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્યપદ' (૧૯૭૨)
૩. 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯)

કચ્છની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના ગંજાવર સંપાદનગ્રંથોમાં તેઓ કચ્છના મૌખિક ઈતિહાસને-સંસ્કૃતિને ઉકેલતા હોઈને, કંઠસ્થપરંપરાના સંતસાહિત્ય, ચારણી સાહિત્ય અને લોકસાહિત્યને પણ ઉદ્‌ઘાટિત કરતા હોઈને અને સાથે-સાથે કચ્છી ભાષાના રૂપનો પરિચય પણ કરાવતા હોઈને એનો મહિમા ખૂબ છે. કચ્છી લોક, કચ્છી સંસ્કૃતિના સંરક્ષક, સાધક અને સંપાદક દુલેરાય કારાણીની કચ્છી સાહિત્ય અને સંસ્કૃતિની સાધનાના સુફળરૂપ આ શૃંખલા છે. આ ચાર પ્રકારે વર્ગીકૃત કરેલા કચ્છી લોકસંસ્કૃતિ લોકસાહિત્યક્ષેત્રના એમના પ્રદાનની મહત્તાને ટૂંકમાં પ્રમાણીએ.

**(૧) કંઠસ્થપરંપરાનું દંતકથા, ઇતિહાસ અને લૌકિક ચરિત્રકેન્દ્રી કચ્છી સાહિત્યઃ**

૧. 'કચ્છ કલાધર' પ્રથમ ખંડ : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૨. 'કચ્છ કલાધર' દ્વિતીય ખંડ : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૩. કચ્છના સંતો અને કવિઓ ભાગ-૧ : (૧૯૫૯, ૧૯૮૮)
૪. 'કચ્છી સંતો અને કવિઓ' ભાગ-૧ : (૧૯૬૪, ૧૯૮૮)
૫. 'મેકરણ ડાડા' : (૧૯૬૦)
૬. 'કચ્છના ભક્તિમાન કવિઓ' : (૧૯૮૨)
૭. 'જાડેજા દેવાજીની દેવવાણી' : (૧૯૮૨)
૮. 'કારા ડુંગર કચ્છ જા'અનુવાદ-સંવર્ધન : (૧૯૬૩)
૯. 'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો' : (૧૯૭૯)




દુલેરાય કારાણીને એમનું જીવનકાર્ય-લક્ષ્ય તરુણવયે જ સમજાઈ ગયું હશે. અન્યથા બત્રીશ વર્ષની વયે 'કચ્છી રસઝરણા' જેવું કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની કંઠસ્થપરંપરાની રસપૂર્ણ વિગતોને રસપ્રદ રીતે અભિવ્યક્તિ અર્પીને પ્રકાશિત કરવાનું એમનાથી બન્યું ન હોત.

કચ્છની લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલો લોકધર્મ, સાંસ્કૃતિક તથા રાજકીય ઈતિહાસની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી લોકસાહિત્યિક સામગ્રીનો સર્વાંગીણ પરિચય કરાવતા આકરગ્રંથ 'કચ્છ કલાધર' ભાગ-૧ અને ભાગ-૨ (૧૯૩૪) એમણે આડત્રીશમે વર્ષે પ્રકાશિત કર્યા. એ ગ્રંથની સામગ્રીનાં એકત્રીકરણ-લેખન અને પ્રકાશન પાછળ બે દાયકા જેટલો સમય આપેલો. એ રીતે અઢાર-ઓગણીસ વર્ષની યુવાવયે વિશેષ અર્થોપાર્જન પરત્વે બહુ ન દોરવાયા અને કચ્છની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીને એકત્ર કરવામાં સમર્પિત રહ્યા. એ ગુજરાતી સારસ્વત વ્યક્તિમત્તાનું ઊજળું ઉદાહરણ છે.

**પ્રાક્કથનમાં જ જણાવે છે કે, 'કચ્છનો પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસ કચ્છીઓના મસ્તકને ઉન્નત બનાવે તેવું ગૌરવ ધરાવે છે.' 'પ્રત્યેક દેશના પ્રમાણભૂત ઇતિહાસની રચનામાં લોકકથાઓનો ફાળો પણ નાનો-સૂનો હોતો નથી**

એમને બહુ સ્પષ્ટ રીતે ખ્યાલ છે કે કચ્છ ભૌગોલિક, ઐતિહાસિક અને સામાજિક રીતે ગુજરાતનો આગવો ભૂ-ભાગ છે. ગુજરાત રાજ્યનું તો હજુ અસ્તિત્વ ન હતું. પાકિસ્તાનનો જન્મ પણ નહીં થયેલો એ સમયના સાંસ્કૃતિક ગુજરાતના આગવા ભૂ-ભાગ પ્રદેશની અનોખી વિગતો એમણે એકત્ર કરવાનું પ્રારંભ્યું હશે. તેઓ 'કચ્છ કલાધર'ના પોતાના આલેખન સંદર્ભે ભારે સ્પષ્ટ છે. પ્રાક્કથનમાં જ જણાવે છે કે, 'કચ્છનો પ્રાચીન તેમજ અર્વાચીન ઈતિહાસ કચ્છીઓના મસ્તકને ઉન્નત બનાવે તેવું ગૌરવ ધરાવે છે.' 'પ્રત્યેક દેશના પ્રમાણભૂત ઈતિહાસની રચનામાં લોકકથાઓનો ફાળો પણ નાનો-સૂનો હોતો નથી. લોકકથાઓનું સંશોધન એ જ ઈતિહાસ છે. લોકકથામાં ચમત્કારી તત્ત્વો પણ હોય છે. એ તત્ત્વોનું બારીક નિરીક્ષણ કરવાથી તેમાંથી કંઈક નવું જ નવનીત નીકળી આવે છે.'

કચ્છનો સર્વાંગીણ પરિચય કરાવવાના તેમનાં આવા દૃષ્ટિકોણને કારણે કચ્છનો માત્ર રાજકીય ઈતિહાસ જ

નહીં પણ સાંસ્કૃતિક અને સામાજિક ઈતિહાસ આપણને પ્રાપ્ત થયો. લોકોમાં પ્રચલિત-પરંપરિત માન્યતાઓમાં-કથાઓમાં જે ચમત્કારિક તત્ત્વો હોય એને તર્કને આધારે ગાળી નાખીને તથ્યો તારવવાનો અભિગમ એમની બિનંગત પર્યેષક દૃષ્ટિનો પરિચાયક છે. 'કચ્છ કલાધર' શીર્ષક એનું દ્યોતક છે. રાજ ચલાવવાની પણ એક કળા છે. સંતો અને સમાજના સામાન્યમાં સામાન્યથી અસામાન્ય અને અદ્વિતીય કક્ષાના માણસો એમના જીવનમાં મૂલ્યોની જાળવણી અને મનની ગતિવિધિ સામે કેવો મુકાબલો માંડે છે એ કલાના કચ્છી કિસ્સાઓનો આલેખ એટલે 'કચ્છ કલાધર'ના બન્ને ભાગમાંથી સંગ્રહિત અઠ્ઠાવન પ્રકરણો.

અહીં જામ ઉનડથી માંડીને રાઓ ભોજરાજથી ખેંગારજી અને તમાચીજી સુધીના રાજવંશોના શાસનકાળની વિગતોનો પરિચય છે. ઓઢા જામ અને હોથલ પદમણીની, મોડપીરની, જેસલ જાડેજા અને તોરલની ઈતિહાસમૂલક લોકકથા છે. કેસર મકવાણો અને જગડુ દાતારની દાતારીની, ભેરુઓ ગારુડી, સસઈ-પુનુહ તથા સુહિણી-મેહારની પ્રણયકથાઓ છે. સમાજમાં પ્રચલિત 'કચ્છની પ્રાચીન રૂપરેખા', 'મરુવંશ', 'કચ્છમાં કાઠી રાજ્ય' જેવાં પ્રકરણોમાંથી કચ્છમાં શાસક તરીકે જાડેજાઓની કુળકથા પણ સાંપડે છે. આવા કારણથી કારાણીકૃત 'કચ્છ કલાધર'ની સામગ્રી કંઠસ્થ પરંપરામાં જળવાયેલા કચ્છી લોકસાહિત્યનો ખજાનો છે. લોકો ઈતિહાસને, સંસ્કૃતિને અને સમાજને અવલોકીને એમાંનું શું સાચવે છે. એની સરૂપરેખા સર્વાંગીણ રીતે પ્રાપ્ત થતી હોઈને એક મોટું કામ માત્ર કારાણીએ કર્યું. આવો સોરઠી ઈતિહાસ મેઘાણી પાસેથી સાંપડ્યો હોત તો આજે ગુજરાતની લૌકિક તસવીર પૂરી સચવાઈ ગણાત. એ રીતે પણ કારાણી આગવા, અનોખા અને અનન્ય છે.

**સંતો અને સમાજના સામાન્યમાં સામાન્યથી અસામાન્ય અને અદ્વિતીય કક્ષાના માણસો એમના જીવનમાં મૂલ્યોની જાળવણી અને મનની ગતિવિધિ સામે કેવો મુકાબલો માંડે છે એ કલાના કચ્છી કિસ્સાઓનો આલેખ એટલે 'કચ્છ કલાધર'ના બન્ને ભાગમાંથી સંગ્રહિત અઠ્ઠાવન પ્રકરણો**

'કચ્છના સંતો અને કવિઓ'(૧૯૫૯)ના બે ખંડો પણ કચ્છી કંઠસ્થ પરંપરાની વિપુલ સામગ્રીની ઓળખ કરાવતા હોઈને એની મહત્તા પણ ઓછી નથી. 'કચ્છના ભક્તિમાન કવિઓ' (૧૯૮૦)એ પુસ્તકમાંથી પસાર થતાં કચ્છમાં પ્રચલિત વિવિધ પંથો, સંતો તથા ભક્તકવિઓની પૂરી ભાળ મળે છે. એ રીતે આ ગ્રંથશ્રેણી પણ 'કચ્છ કલાધર'ની માફક આકર ગ્રંથ છે. કચ્છમાં પ્રચલિત નાથપંથના સંતો એમનું જીવન-સ્થાનક, રવિ-ભાણ પંથની પરંપરાના સંતો અને સ્થાનકો, ચારણી સંતો-ભક્તો, સ્વામિનારાયણીય સંતો, જૈન સંતો, હરિજન સંતો, મુસ્લિમ સંતો, જખડાડા-મામૈદેવ અને મેકરણ ડાડા જેવા તમામ કચ્છીનાં પૂજનીય સ્થાનકો, મહિલા સંતો અને એમના સાહિત્યથી અહીં સુપરિચિત થવાનું બને છે. પોતાના સમકાલીન અને અનુકાલીન ભક્તિમાન કવિઓની વાણીને પણ એમણે અહીં વણી લીધી હોઈને એમનું આ કાર્ય કંઠસ્થ પરંપરાના કચ્છી લોકસાહિત્ય સંદર્ભે સર્વગ્રાહી ચિત્ર પ્રસ્તુત કરે છે. સંતોની લોકાભિમુખતા અને રાજ્ય સામે મુકાબલાની કથા તથા એમના કવનમાંથી પ્રગટતી અધ્યાત્મલક્ષિતાને અને મૂલ્યપ્રતિબદ્ધતાને કારણે આ સંતો સામાજિક અનુસંધાનની અભ્યાસસામગ્રી બની રહે છે. 'મેકરણ ડાડા' (૧૯૬૦) તથા 'જાડેજા દેવાજીની દેવવાણી' (૧૯૮૨)થી સ્વતંત્ર રીતે કચ્છી સંત પ્રતિભા અને એમના દુહા-સાખીઓનો પરિચય કરાવતા ગ્રંથો છે. એમણે જાતે પ્રવાસ કરી, અધિકૃત માહિતીદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરી અને પોતે જ બધા અંકોડા મેળવીને, ઐતિહાસિક ચકાસણી કરીને આલેખેલું આ કચ્છી સંતસાહિત્ય ભારતીય અધ્યાત્મકેન્દ્રી સાહિત્યનું તેજસ્વી પ્રકરણ છે.

આ બન્ને ગ્રંથશ્રેણીમાંથી વિદેશી-વિધર્મી આક્રમણો, વિવિધ સંસ્કૃતિઓના આગમન સામે અને રાષ્ટ્રપ્રીતિને કારણે કચ્છીઓએ કેવો પ્રભાવ પાથર્યો અને એથી સામંજસ્ય સધાયું. સંમિશ્રિત સાંસ્કૃતિકરૂપ નિખાર્યું એનો પરિચય હાજીપીર, જખડાડા વગેરે કથાનકમાંથી મળી રહે છે.

રશબ્રૂક વિલિયમ્સ ભારતીય રાજકીય ઈતિહાસના ઊંડા જ્ઞાતા હતા. કચ્છના મહારાજાઓશ્રી ખેંગારજી બાવા એમના શાસનકાળ દરમ્યાન પોતાના કોંસ્ટિટ્યૂશન એડવાઈઝર તરીકે એમને લંડનથી ઈ.સ. ૧૯૩૨માં કચ્છમાં લઈ આવેલા. એમના સહયોગી તરીકે દુલેરાય કારાણીની નિયુક્તિ કરેલી. રશબ્રૂકજીને બધી માહિતી એકત્ર કરી આપવા માટે એમની સાથે સમગ્ર કચ્છનો પ્રવાસ કરવાનું, એમની સાથે ચર્ચા-વિમર્શ કરવાનું અને પોતાની પાસેથી વિગતો રશબ્રૂકજીને આલેખન માટે આપવાનું કામ કારાણીજીનું હતું. અંગ્રેજ વિદ્વાનની ઘટનાઓ-પ્રસંગોને નોંધવાની અને એમાંથી આલેખન નોંધ કરવાની પદ્ધતિથી પણ કારાણીજી આ ચારેક વર્ષના સમય દરમ્યાન આપમેળે-આપબળે કેળવાયા. 'કચ્છ કલાધર' ગ્રંથનું લેખનકાર્ય આ સમયગાળા દરમ્યાન થયું હતું. પશ્ચિમના વિદ્વાનને આમાંનું ખપ પૂરતું આપવાનું પણ બન્યું અને પોતાને કેટલીક મહત્ત્વની વિગતો પણ આ નવા ક્ષેત્રકાર્યને કારણે સહજ રીતે સાંપડી એ સ્વાભાવિક છે. 'કારા ડુંગર કચ્છજા' (૧૯૬૩)એ 'બ્લેક હિલ ઓફ કચ્છ' પ્રકાશિત થયાં બાદ એનો ગુજરાતી અનુવાદ એમની નજર હેઠળ તૈયાર થયો. કેટલીક વિગતો અંગ્રેજ વિદ્વાન દ્વારા છોડી દેવાયેલી એને આમેજ કરીને, તથા

સાંપડેલી વિશેષ વિગતોને ઉમેરીને થયેલો શુદ્ધિ વૃદ્ધિવાળો અનુવાદ મને અને ડૉ. માર્લિઝોને વધુ પ્રમાણભૂત જણાયો છે. કોઈ અભ્યાસીએ રશબ્રૂક અને કારાણીની સામગ્રીને ચકાસીને નૂતન વિગતો ખોલી મૂલવવી જોઈએ. કારાણીની મુદ્રિત સામગ્રીમાંથી બહુ થોડું રશબ્રૂકમાં અવલોકવા મળે છે. કારાણીના આ અનુવાદનું આને કારણે ભારે મહત્ત્વ છે.

દુલેરાય કારાણી કચ્છી, ગુજરાતી, સિંધી, હિન્દી, અરબી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજી એમ છએક અનેક ભાષાઓના જાણકાર હતા. આવા કારણે સિંધના મહાનકવિ અબ્દુલ લતિફના સાહિત્યથી પણ પરિચિત થયેલા. કચ્છ-સિંઘ પ્રદેશનું નિકટત્વ પણ તેઓ જાણતા. એમણે 'રસાલો શાહ અબ્દુલ લતિફ ભિટાઈ જો' (૧૯૮૨) માં કથાની મહત્ત્વની કડીઓનો ગુજરાતી અનુવાદ કરીને એમાંની સિંધ લોકકથાઓ તથા સિંધી ઘટનાવલિઓથી પરિચિત કર્યા. સિંધની કથાના કચ્છમાં પ્રચલિત લોકકથાઓ પણ 'કચ્છ કલાધર'માં આલેખેલી મૂળ સિંધી અને કચ્છ-ગુજરાત પંજાબમાં પ્રચલિત 'સસઈ અને પુનુહ', 'સુહિણી મેહાર' જેવી અનેક લોકકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ. આ માટેની પ્રમાણભૂત સામગ્રી કારાણીના આ અનુવાદગ્રંથમાં ઉપલબ્ધ છે.

**દુલેરાય કારાણી કચ્છી, ગુજરાતી, સિંધી, હિન્દી, અરબી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજી એમ છએક અનેક ભાષાઓના જાણકાર હતા. આવા કારણે સિંધના મહાનકવિ અબ્દુલ લતિફના સાહિત્યથી પણ પરિચિત થયેલા**

દુલેરાય કારાણીનાં લોકસાહિત્ય ક્ષેત્રનાં કાર્ય આ ક્ષેત્રકાર્ય આધારિત શોધગ્રંથો અને બે અનુવાદ ગ્રંથોને કારણે આગવા પ્રકારનાં ગણાવા જોઈએ. તેમના આ સાહિત્યમાંથી પસાર થઈને એટલે કચ્છના લોકસાહિત્યને પૂર્ણ રૂપમાં વાંચી-સમજી શકાય. મારી દૃષ્ટિએ એમનું આ કાર્ય કચ્છી લોકસાહિત્યનું પ્રવેશદ્વાર છે. કચ્છી લોકસાહિત્યનું પુરોવચન છે. કારાણીએ કચ્છ પ્રદેશનું માત્ર લોકસાહિત્ય જ ન સુલભ કરાવ્યું. પણ એના લોકસાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભ દ્વારા પણ વિગતે આલેખ્યો. એમના આ ગ્રંથો માત્ર ઈતિહાસગ્રંથો નથી પણ સાંસ્કૃતિક અધ્યયન-કલ્ચરલ સ્ટડીઝ છે. આ અધ્યયન-સ્ટડી-પણ માત્ર ઉપરછલ્લું, પ્રાથમિક કે પરિચયાત્મક નથી પણ ઊંડાણથી અનેક સ્તરોનો પરિચય કરાવતું સર્વાંગીણ અધ્યયનનાં પરિપાકરૂપ આલેખન છે. કારાણીના લોકસાહિત્યના કાર્યના અભ્યાસલેખમાં પ્રારંભે એમના આવા દૃષ્ટિકોણવાળા સાહિત્યને અલગ તારવીને વર્ગીકૃત કરીને એમના આ કાર્યને આવા કારણથી મેં અહીં પ્રારંભે મૂલવ્યું છે.

**(૨) લઘુસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :**

૧. 'કચ્છી રસ ઝરણા' (૧૯૨૮)
૨. 'કચ્છી કહેવતો' (૧૯૩૦)
૩. 'કચ્છી કિસા બાવની'(૧૯૩૮)
૪. 'કચ્છી પીરોલી' (૧૯૭૫)
૫. 'સાર્થ કચ્છી કહેવતો'(૧૯૭૬)
૬. 'કચ્છની કહેવત કથાઓ' (૧૯૭૬)
૭. 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧)
૮. 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' (૧૯૮૨)
૯. 'મિઠે મિરાણજા મોતીડા' (૧૯૮૮)

એક મૂળભૂત બાબત તો સ્પષ્ટ છે કે દુલેરાય કારાણી કચ્છ વિસ્તારમાં પ્રચલિત પરંપરિત લોકસાહિત્યના સંપાદક, સંરક્ષક અને આલેખક છે, એ કારણે કચ્છની આગવી-અનોખી લોકસાંસ્કૃતિક અને રાજકીય ઐતિહાસિક વિગતોથી પરિચિત કરાવતા લોકસાહિત્યનું એમણે આલેખન કર્યું. પણ ગુજરાતી સમાજને-સાહિત્યપ્રેમીઓને કચ્છી લોકસાહિત્યનો સાચો પરિચય મળી રહે એટલે કચ્છી લોકબોલીમાં પ્રચલિત લોકસાહિત્યના વિવિધ સ્વરૂપની રચનાઓનો અર્વાચીન ગુજરાતીમાં આસ્વાદ કરાવતા હતા. એમણે કચ્છી શબ્દોનો અર્વાચીન ગુજરાતી શબ્દકોશ પણ તૈયાર કરીને પ્રકાશિત કર્યો. મહત્ત્વની બાબત તો એ છે કે એમણે કચ્છી લોકસાહિત્યને અધિકૃત માહિતીદાતા પાસેથી માત્ર એકત્ર જ ન કર્યું. એ કચ્છ વિસ્તારમાં જ પ્રચલિત બની રહે એ એમનો આશય ન હતો. એમની મહત્ત્વાકાંક્ષા તો એ હતી કે સમગ્ર ગુજરાતી ભાષા સમાજને એની સૌંદર્યલક્ષિતા અને તળપદી વાણીની તાકાતનો પરિચય પ્રાપ્ત થાય. બીજો એવો પણ આશય હતો કે ગુજરાતનું તળપદું સાહિત્ય, સામગ્રી અને અભિવ્યક્તિ સંદર્ભે કચ્છી, સિંધી સાથે કેટલું બધું સામંજસ્ય ધરાવે છે એનો ખરો ખ્યાલ મળી રહે. મેઘાણીએ આ કામ ભારે દૃષ્ટાંતોથી લોકગીત-લોકકથા સંદર્ભે મૂલ્યવાન સુદીર્ઘ અભ્યાસલેખો તૈયાર કરીને એ સમયે જણાવેલું કે ગુજરાતી લોકગીતો, હિન્દી, પંજાબી, કાશ્મીરી, બંગાળી, મરાઠી અને ભારતીય ભાષાઓના લોકગીતો સાથે ઘણું બધું સામંજસ્ય ધરાવે છે. કારાણીએ આવું કાર્ય આગળ વધારવા માટે કચ્છી લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોને પહેલાં હાથમાં લીધાં અને એનું સંપાદન ગુજરાતી ભાષામાં અર્થાત્ કચ્છી બોલીને ગુજરાતી લિપિમાં મૂકી આપીને ગુજરાતીમાં એની સમજણ, એમાંની વિશિષ્ટતાઓ-કૃતિને આધારે તારવીને મૂકી આપીને સ્વરૂપગત લાક્ષણિક્તાઓનાં-સૈદ્ધાંન્તિક પાસાઓનો પરિચય કરાવ્યો.

ગુજરાતી લોકસાહિત્યમાં દુહાઓના વિપુલ માત્રામાં સંચયો-સંકલનો હતાં. લોકમાં પ્રચલિત કંઠસ્થ પરંપરામાં જળવાયેલી કહેવતો, ઉખાણાઓ, ઓઠાઓ અને રૂઢિપ્રયોગો

જેવાં લઘુસ્વરૂપો પરત્વે બહુ લક્ષ્ય અપાયું ન હતું. કારાણીએ કચ્છની કંઠસ્થ પરંપરાની આવા પ્રકારની લોકવાણીમાં પ્રચલિત કચ્છી કહેવતો અને રૂઢિપ્રયોગો તથા આમાં સંકળાયેલી ટૂંકી કથાઓ, કિસ્સાઓ, ઓઠાઓના લઘુસ્વરૂપની કૃતિઓના ચાર-પાંચ સંગ્રહો આપ્યા. ઉપરાંત ઉખાણાં-પીરોલી તથા 'મીઠે મીરાણજાં મોતીડાં' તથા 'કચ્છી રસઝરણા' રૂપે બેએક સંગ્રહોમાં આ લઘુસ્વરૂપના લોકસાહિત્યની કૃતિઓને સંપાદિત કરી. કચ્છી બોલીના એક-એક શબ્દો કેવા અર્થસભર છે અને અર્વાચીન ગુજરાતીનો કયો અર્થ કચ્છી શબ્દમાં નિહિત છે એને ખોલી બતાવતો 'કચ્છી-ગુજરાતી શબ્દકોશ' પણ તૈયાર કરીને કચ્છીવાણીમાં ભારતીયતાના-ગુજરાતીના પ્રાણ પડઘાય છે એની પ્રતીતિ કરાવી.

'કચ્છી કહેવતો' (૧૯૩૦), 'સાર્થ કચ્છી કહેવતો' (૧૯૭૬), 'કચ્છની કહેવતકથાઓ' (૧૯૭૭) અને 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧) આ ચાર પુસ્તકો ગુજરાતી લઘુસ્વરૂપના લોકસાહિત્યના કહેવત સ્વરૂપના શાસ્ત્રીય ગ્રંથો છે. લઘુલોકસાહિત્યના સ્વરૂપના આ ગ્રંથોમાં કૃતિઓને આધારે તેઓ જે-તે સ્વરૂપની સૈદ્ધાન્તિક અવધારણા પણ ઘડી આપે છે. પશ્ચિમમાં થયેલી વિચારણાને આધારે નહીં પણ એમણે અભ્યાસમાં-ખપમાં લીધેલી કૃતિમાંથી પ્રગટતા સ્વરૂપને તેઓ ખોલી આપતા હોઈને એમની પાસેથી આપણી પોતીકી સ્વરૂપલક્ષી વિચારણા આપણી ભાષામાં પ્રાપ્ત થાય છે. એમના લોકસાહિત્યિક સંપાદનગ્રંથોની બીજી વિશિષ્ટતા એ છે કે તેઓ પ્રાપ્ત થયેલી વિપુલ કહેવતોને આકારાદિક્રમે ગોઠવે છે. ચારેય ગ્રંથોમાં કુલ મળીને પાંચેક હજાર કહેવતો અને શતાધિક કહેવત- લઘુકથાઓ સંપાદિત થયેલી છે. કચ્છી બોલીની કહેવત ગુજરાતી લિપિમાં મૂકીને એના અર્વાચીન ગુજરાતી ભાષામાં અર્થો, એનો સાર, એમાં રહેલો ધ્વનિ અને પ્રાપ્ત થઈ શકી હોય તો કહેવત સાથે જોડાયેલી કથા-ટૂચકાઓ પણ મૂકી આપે છે. તેમણે કહેવતોમાંથી રમૂજ-હાસ્ય પ્રગટાવતી કચ્છી કહેવતોનું અલગ સંપાદન તૈયાર કરેલું છે. આ ઉપરાંત કચ્છી કહેવતને લગતી ગુજરાતી ભાષાની કહેવતને દૃષ્ટાંત તરીકે સામેલ કરેલું છે. એમના સંપાદનોની ત્રીજી વિશિષ્ટતા એ છે કે તેઓ કચ્છી બોલીના વ્યંજનો અને ઉચ્ચારણોની ખાસિયતોથી પણ અભ્યાસીઓને અભિજ્ઞિત કરે છે. આવાં બધાં કારણે એમના લોકસાહિત્ય લઘુસ્વરૂપ કહેવત વિશેનાં ચારેય સંપાદનો લોકસાહિત્યના લઘુસ્વરૂપની સમજ, કૃતિ, સામગ્રીની ગોઠવણ, અર્થ, કથાનક અને સમાન ગુજરાતી કહેવતોનું નિદર્શન એમ પાંચ-છ પ્રકારની શાસ્ત્રીય પદ્ધતિરૂપને કારણે ખરા અર્થમાં કારાણીના પ્રદાનરૂપ છે. એમણે સંપાદનમાં નોંધેલી કહેવત સ્વરૂપલક્ષી અવધારણાનો પરિચય મેળવીએ.

**નવલકથા, નાટકો કે કાવ્યોમાં ઓતપ્રોત રહેનાર સાક્ષરો કરતાં દૂહા, સોરઠા અને ભજનો, કાફીઓ લલકારનાર લોકસાહિત્યના આશકોની જીભને ટેરવે કહેવતોના થોકના થોક રમતા હોય છે**

'કહેવત એટલે વંશપરંપરાથી લોકસંભાષણમાં ઊતરી આવેલ અનુભવી પુરુષોનાં, બોધરૂપ-દૃષ્ટાંતરૂપ વચનબાણો. આ વચનબાણ જેના હૃદયમાં લાગે છે તેના હૃદય પર તે કાયમની અસર કરી બેસે છે. આ કારણથી હર કોઈ કહેવત એક જમાનામાંથી બીજા જમાનામાં ઊતરી આવવા સમર્થ બને છે.'

એક કહેવત માટે સામાન્ય રીતે ચાર તત્ત્વોની આવશ્યકતા છે. અલ્પશબ્દાત્મકતા, વ્યાવહારિક્તા, ચમત્કૃતિ અને લોકપસંદગી. અલ્પશબ્દાત્મકતા અર્થાત્ લઘુતાને એક કહેવત કશા પ્રયાસ વિના તરત યાદ રહી જાય છે. કારણ કે થોડા શબ્દોથી પણ તેમાં પુષ્કળ અર્થનો સમાવેશ થયેલો હોય છે. વ્યાવહારિક્તાને લઈને કહેવતને માનવહૃદયમાં ઠસાઈ જવાનું બળ પ્રાપ્ત થાય છે. ચમત્કૃતિના કારણે કહેવત લોકહૃદયને આકર્ષી શકે છે. આ ત્રણેય તત્ત્વોના એકત્ર બળથી તે લોકપસંદગી પ્રાપ્ત કરી શકે છે. લોકપસંદગી એ કહેવતના પ્રાણ સમાન છે.

કહેવતો એટલે જ્ઞાનીઓનો જ્ઞાનકોશ-ડાહ્યા લોકોના ડહાપણનો જ્ઞાનભંડાર.

એક કહેવત ઉદાહરણ તરીકે વપરાઈને તેના જેવા અન્ય પ્રસંગોને લાગુ પડી શકે એવી હોવી જોઈએ. આ ગુણ સિવાય એક વાક્ય ચાહે તેવું સુંદર હોય છતાં તેને કહેવત તરીકે સ્વીકારી શકાય નહિ. કારણ કે તેમાં યોગ્ય સમયે આપણા સ્મૃતિપટ પર તરી આવવાની શક્તિ હોતી નથી. બહુ બહુ તો આવા વાક્યને એક સુભાષિત કહી શકાય, કહેવત ન કહી શકાય. સુભાષિત એ અમુક દુકાન પરથી જ વટાવી શકાય એવી હૂંડી છે. જ્યારે કહેવત તો રસ્તે ચાલતાં બજારમાં બેધડક વટાવી શકાય એવું રાજમાન્ય ચલણી નાણું છે- લોકસિક્કો છે.

'કહેવતો બહુધા અલ્પશબ્દાત્મક હોતાં શિક્ષિત કરતાં અશિક્ષિત જનતા તેમને તરત અપનાવી લે છે. આજનો સુધારક વર્ગ ભાગ્યે જ કોઈ કહેવતોનો ઉપયોગ કરતો હોય છે જ્યારે બળદોનાં પૂછડાં મરોડતો ખેડૂત, ગાડાં હાંકતો ગાડાવાળો, વાડીઓમાં વૈયા ઉડાડતો દહાડિયો કે ગામડિયો, વાતની વાતમાં પાંચ-દશ કહેવતો ઝપાટાબંધ ગબડાવી દેશે.'

નવલકથા, નાટકો કે કાવ્યોમાં ઓતપ્રોત રહેનાર સાક્ષરો કરતાં દૂહા, સોરઠા અને ભજનો, કાફીઓ લલકારનાર લોકસાહિત્યના આશકોની જીભને ટેરવે કહેવતોના થોકના થોક રમતા હોય છે.

કહેવતોનું સ્થાન ગગનગામી હવેલીઓની ઊંચી

અટારીઓ પર નહિ પરંતુ જંગલ-ઝાડીઓ, ખેતર-વાડીઓની કાંટા-કાંકરાવાળી ગામડાંની ધરતી પર છે.

'જુદા જુદા દેશોની કહેવતો એક બીજાને ઘણી મળતી આવતી હોય છે. કારણ કે જુદા જુદા દેશોના રીત-રિવાજ, આચાર-વિચાર, વાણી-વર્તન વગેરે વિવિધ પ્રકારનાં હોવા છતાં ઘણી બાબતો એક સરખી-સામાન્ય પણ હોય છે. બધા દેશોમાં સજ્જન-દુર્જન, ઉદ્યોગી-આળસુ, સાક્ષર-નિરક્ષર, ગરીબ-તવંગર, લુચ્ચા અને ભોળા લોકો પણ વસતા હોવાથી તત્સંબંધી અનુભવોનો આંતરભાવ એકસરખો જ હોય છે.'

ઘણીવાર એક ભાષાની કહેવતો બીજી ભાષામાં પણ ઊતરી આવે છે. કેટલીક વાર તેમાં પરિવર્તિત પણ થઈ જાય છે. દા.ત. હિન્દી ભાષાની એક જૂની કહેવત છે : 'કહાં રાજા ભોજ ઔર કહાં ગાંગેવ-તૈલંગ!' આ ગાંગેવ ત્રિપુરીનો રાજા હતા અને તૈલંગ તૈલંગણનો રાજા હતો, બંને ભોજ રાજાના દુશ્મન હતા. ઉપર્યુક્ત કહેવતે આગળ જતાં એક વિચિત્ર પલટો ખાધો. 'ગાંગેવ-તૈલંગ' ને સ્થાને કોણ જાણે ક્યાંથી 'ગાંગો તેલી' આવી ગયો! આમ, કાળના પ્રભાવે કહેવતોમાં પરિવર્તન પણ આવી જાય છે.

કહેવતો, એ ભાષાનું તેમજ લોકસાહિત્યનું એક આવશ્યક અંગ છે. કચ્છના લોકસાહિત્યમાં પણ કહેવતો પુષ્કળ પ્રમાણમાં મોજૂદ છે. ઘણી જૂની કહેવતો સમયના પરિવર્તનને લઈને લુપ્ત થઈ ગઈ છે.

('સાર્થ કચ્છી કહેવતો', દુલેરાય કારાણી, પૃષ્ઠ : ૫, ૬ ૭)

**તેમણે લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોમાં બીજું મહત્ત્વનું કાર્ય કર્યું, પીરોલી-ઉખાણાના એકત્રીકરણ અને અભ્યાસમૂલક સંપાદનનું. 'કચ્છી પીરોલી'માં તેમણે કચ્છી પીરોલી એકત્ર કરીને એનો સ્વરૂપલક્ષી પરિચય પણ કરાવ્યો**

એમની આ સ્વરૂપલક્ષી વિચારણા પોતાના પરિચયમાં આવેલી કૃતિઓને આધારે પોતે બાંધેલી છે. એમાંનો અંગ્રેજ બ્રિટિશ અમલદારોના માહિતીદાતા તરીકેનો એમની સાથેના વિમર્શને કારણે પ્રાપ્ત માહિતીને પણ તેઓ પોતાની સ્વરૂપ વિચારણામાં વણી લે છે. સૂત્રાત્મકતાથી તેઓ એની ટૂંકી વ્યાખ્યા પણ બાંધી આપે છે. એમણે કચ્છી બોલીનાં વ્યંજનો અને ઉચ્ચારણોની વ્યવસ્થાથી પણ અભ્યાસીઓને અવગત કર્યા છે.

એમણે કહેવતોનું એકત્રીકરણ કર્યું. એમણે વર્ગીકૃત કરીને અભ્યાસ કર્યો. એના અર્થો કર્યા, એની સ્વરૂપલક્ષી ચર્ચા કરી, એમની સાથે સંકળાયેલી કથાઓ આલેખી અને શાસ્ત્રીય રીતે અકારાદિક્રમે જુદાં જુદાં ચાર સંપાદનો કર્યાં. આ ચારેયને એક સાથે એકત્ર કરીને એક જ ગ્રંથમાં અકારાદિક્રમે ગોઠવીને એનું અભ્યાસપૂર્ણ ઉપોદ્‌ઘાત સાથે પુનઃ સંપાદન થવું જોઈએ. કચ્છી ભાષાના વિકાસની, રૂપની ખરી સૌંદર્યરેખાથી ભાવિ પેઢી પરિચિત થશે. કારાણીનું કહેવતમૂલક સંશોધન-સંપાદન ગુજરાતી લોકસાહિત્યના લઘુસ્વરૂપનું તેજસ્વી પ્રકરણ છે.

તેમણે લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોમાં બીજું મહત્ત્વનું કાર્ય કર્યું, પીરોલી-ઉખાણાના એકત્રીકરણ અને અભ્યાસમૂલક સંપાદનનું. 'કચ્છી પીરોલી'માં તેમણે કચ્છી પીરોલી એકત્ર કરીને એનો સ્વરૂપલક્ષી પરિચય પણ કરાવ્યો. કૃતિને આધારે કૃતિમાંથી પ્રગટતી પીરોલી લઘુસ્વરૂપની ખાસિયતો આલેખીને કઈ રીતે કહેવતથી અને કિસ્સાથી જુદી તરી આવે છે એ સ્પષ્ટ કરતો આલેખ પણ તૈયાર કર્યો છે. તેમનાં સંપાદનો તેમણે દાખવેલા-અપનાવેલા આવા શાસ્ત્રીય અભિગમને કારણે લોકસાહિત્યના લઘુસ્વરૂપની મીમાંસા કરતા ગ્રંથના સ્થાન-માનને પ્રાપ્ત કરે છે, પણ તેમના આ પ્રદાનની આલોચના કે મહત્તા આપણા સાહિત્યિક ઈતિહાસમાં બહુ થઈ નથી. અહીં એમણે કરેલી પીરોલી સ્વરૂપની ચર્ચાના કેટલાંક ઘટકોથી સુપરિચિત કરાવવા માટે અહીં ઉદાહૃત કરેલું છે. આપણે ત્યાં ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ 'મધ્યકાળના સાહિત્યપ્રકારો'માં અને મંજુલાલ મજમુદારે 'ગુજરાતી સાહિત્યસ્વરૂપો'માં થોડી સ્વરૂપ ચર્ચા કરેલી છે પણ એ ઉપરાંતની ઘણી પાયાની ચર્ચાના અંશો મને કારાણીની 'પીરોલી' સ્વરૂપ અવધારણામાં અવલોકવા મળ્યા છે તે અહીં ઉદાહૃત કરેલા છે.

'પિરોલી' એ કચ્છી ભાષાનો શબ્દ છે. એનો અર્થ થાય છે ઉખાણું. હિન્દી ભાષામાં જેને 'પહેલી' કહે છે એ પહેલી શબ્દ કચ્છીમાં પિરોલીરૂપે પ્રચલિત છે. પહેલીનું જ કચ્છીમાં પિરોલી રૂપે રૂપાંતર થયું હોય તેમ સ્પષ્ટ દેખાય છે. ગુજરાતી ભાષામાં એને સમસ્યા કહે છે, પ્રહેલિકા પણ કહે છે. આ પ્રહેલિકા પણ પહેલી સાથે મળતો ઝૂલતો શબ્દ છે. એ રીતે જોતાં બધી ભાષાઓ એકબીજા સાથે કોઈને કોઈ રીતે સંબંધ ધરાવતી-સંકળાયેલી હોય છે. સૌરાષ્ટ્રમાં એને 'વરત' નામથી ઓળખાવાય છે.

'દુનિયાની પ્રત્યેક ભાષામાં આવી પહેલીઓને : પિરોલીઓને સ્થાન છે. કચ્છમાં તો આવી પિરોલીઓ ગામે ગામ અને ઘેરઘેર સાંભળવા મળે છે. રાત્રે વાળુ કરીને વાર્તાલાપ કરતાં અનેક કુટુંબો પિરોલીઓ દ્વારા પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે અને આનંદની મજા માણે છે.'

કચ્છના પ્રત્યેક ગામમાં પિરોલીઓના જાણકારો અને પિરોલીઓનું ઘડતર કરનારા કવિઓ મળી આવે છે. રાતે ચોરામાં કે ગામના પાદરમાં પિરોલીઓની રમઝટ જામે છે. સામસામે પિરોલીઓનાં તીર છૂટે છે. બુદ્ધિમાન જાણકારો થોડો વિચાર કરીને તરત પિરોલી ભાંગી શકે

છે. લોકસાહિત્યના કવિઓ દ્વારા- અનાયાસે પિરોલીઓની રચના પણ થતી રહે છે.

'કચ્છમાં ઊંડે ઊંડે આવેલાં અનેક ગામડાં આજે પણ નિરક્ષર જેવાં જ રહ્યાં છે. આમ છતાં કાન દ્વારા મળતા જ્ઞાનથી આ ગ્રામ્યજનતા વંચિત હોતી નથી. પિરોલીઓ, કહેવતો, ભજનો, કાફીઓ એ ગ્રામ્ય પ્રજાની જ્ઞાનશાળાના જ્ઞાનગુરુ સમાન હોય છે. ગ્રામ્યસમાજ પોતે જ એક વિશ્વવિદ્યાલય રૂપે છે, એમાં હરિજનોથી માંડીને બ્રાહ્મણો એકબીજાને જ્ઞાનદાન કરતા રહે છે. જ્યાં બધા ગુરુ છે અને બધા જ શિષ્ય છે એનું નામ છે ગ્રામ્યસમાજ. એની જ્ઞાનશાળામાં બ્રાહ્મણને પણ સ્થાન છે, અછૂતને પણ સ્થાન છે. હરિજનોના મુખમાંથી નીકળતાં ભજનો અરે કાફીઓ, બ્રાહ્મણોને અને અન્ય ઉચ્ચ વર્ણોને પણ આનંદમગ્ન બનાવે છે. હરિજનો પાસેથી બ્રાહ્મણો પણ લોકસાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.'

'પિરોલીની શબ્દરચના અને એના બંધારણ માટે કોઈ ખાસ નિયમ નક્કી કરવામાં આવેલો નથી. કેટલીક પિરોલીઓ દૂહા-દોહરામાં હોય છે. કેટલીક સોરઠામાં અને બ્હેતોમાં પણ હોય છે. કેટલીક ચાર-છ કે આઠ-દશ લીટીઓમાં હોય છે. એક-બે લાઈનમાં પણ હોય છે. કોઈ માત્ર બે-ચાર શબ્દોની બનેલી પણ હોય છે. કોઈ જોડકણામાં જ જડેલી હોય છે. કોઈ સવાલજવાબમાં જ સમાપ્ત થતી હોય છે. આમ, અનેક નામી-અનામી કવિઓએ જુદી જુદી રીતે એની રચના કરેલી છે.'

**'કચ્છમાં ઊંડે ઊંડે આવેલાં અનેક ગામડાં આજે પણ નિરક્ષર જેવાં જ રહ્યાં છે. આમ છતાં કાન દ્વારા મળતા જ્ઞાનથી આ ગ્રામ્યજનતા વંચિત હોતી નથી. પિરોલીઓ, કહેવતો, ભજનો, કાફીઓ એ ગ્રામ્ય પ્રજાની જ્ઞાનશાળાના જ્ઞાનગુરુ સમાન હોય છે**

'પિરોલી એ સાક્ષરોની સંપત્તિ નહીં, પણ નિરક્ષરોનું નાણું છે. કચ્છમાં એક વખતે ચારે તરફ નિરક્ષરતા વ્યાપી રહી હતી એટલે પિરોલીનું સાહિત્ય એ પ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં હતું. પિરોલી અને કહેવતો એ જ કચ્છની સાહિત્યસંપત્તિ હતી. આ સંપત્તિ વડે કચ્છડો સમૃદ્ધ હતો.'

('કચ્છી પિરોલી', દુલેરાય કારાણી, પૃ. ૪, ૭, ૯, ૧૨, ૧૫)

એમણે ચર્ચેલા મુદ્દાઓ એમના પિરોલી અભ્યાસમાંથી ધ્યાનમાં આવ્યા એ નોંધેલા છે. એમની સૂક્ષ્મ દૃષ્ટિ અને સર્વાંગી રીતે સાહિત્યને અવલોકવાથી, ચિંતનાત્મક સાહિત્યિક વિમર્શનો પરિચય મળી રહે છે. ઉપરાંત એમણે ચર્ચેલી એક પિરોલી અને એની સમજણનો પણ પરિચય મેળવીએ.

**'હથ બોલે ને હથ સુણે,**
**કન તાં સુણે ન કીં,**
**કાં બોડો ગુરુજી સુણે,**
**બ્યો કો સુણે ન તીં.'**
**'હાથ બોલે અને હાથ સાંભળે,**
**કાન તો કશું ન સાંભળે,**
**કાં તો બહેરો ગોરજી સાંભળે,**
**બીજો કોઈ ન સાંભળે.'**

- નાડીપરીક્ષા

- કચ્છ-માંડવીનો ગોરજી કાંતિવિજયજી એક ચારણ કવિની નાડી જોતો હતો. એ વખતે નાડીમાં બોલનાર હતો કવિનો હાથ અને સાંભળનાર હતો નાડીપરીક્ષક ગોરજીનો હાથ. કાન કંઈ સાંભળી શકે તેમ ન હતો. માત્ર બહેરા ગોરજી જ સાંભળી શકતા હતા અને તે બીજો કોઈ પણ ન સાંભળી શકે તેમ સાંભળતો હતો.

('કચ્છી પિરોલી', દુલેરાય કારાણી, પૃ. ૩)

'પિરોલી' સાહિત્ય સ્વરૂપ અને કૃતિઓનું સંપાદન એમ બંને રીતે તેમણે લોકસાહિત્યનાં ઓછાં ચર્ચાયેલાં લઘુસ્વરૂપની વિશિષ્ટતા અને લોકસાંસ્કૃતિક મહત્તા એમ ઉભય રીતે પરિચય કરાવ્યો એનું ઘણું મહત્ત્વ રહેવાનું.

ગુજરાતી અને કચ્છી લોકસાહિત્યમાં અલ્પ ખેડાયેલાં લઘુસ્વરૂપો વિશે તેમણે કરેલાં સંશોધન, સંપાદન અને કૃતિપરિચયથી આ ક્ષેત્રના તેઓ પ્રારંભિક સંપાદક ગણાયા. તેમણે આ ઉપરાંત એવું જ બીજું લઘુસ્વરૂપ-ઓઠા-કિસ્સા અને મોતીડાં જેવા નાનકડા દૃષ્ટાંતમૂલક લઘુસાહિત્યસ્વરૂપ વિશે પણ ખેડાણ કર્યું. 'કચ્છ કિસ્સાબાવની' (૧૯૩૮) અને 'મિઠે મિરાણજાં મોતીડાં' (૧૯૮૪) સંગ્રહોમાં નાનકડા આપણે ગુજરાતીમાં જેને ઓઠા તરીકે ઓળખીએ છીએ તેવા કચ્છી કિસ્સાં, મીઠાં મોતી જેવી રૂપકડી નાનકડી દૃષ્ટાંતકથાના સંચય પણ તૈયાર કરેલા.

લોકોમાં વાતચીતમાં ઓઠા-દૃષ્ટાંત અવશ્ય ટપકી પડતાં હોય છે. એ પ્રસંગકથા કે કહેવતકથાથી આગવી અને અલગ મુદ્રા પ્રગટાવતાં હોય છે. તેમણે કચ્છી સમાજમાં કંઠસ્થ પરંપરામાં પ્રચલિત આવાં લૌકિક દૃષ્ટાંતો એકત્ર કર્યાં.એને અર્વાચીન ગુજરાતી ભાષામાં સમજાવ્યાં. મોટેભાગે આવી કિસ્સા રચનાઓ લોકમાનસમાંથી પડઘાતા ડહાપણ અને ચતુરાઈપણાને કોઠાસૂઝને પ્રગટાવનારાં હોય છે. 'કચ્છી રસઝરણાં' (૧૯૮૮) પણ આવી નાનકડી દૃષ્ટાંતકથામૂલક રચનાઓ સંગ્રહી છે. કારાણીની વિશિષ્ટતા એ છે કે તેઓએ આવી અલગ-અલગ પ્રકૃતિની રચનાઓને નામકરણ-સ્વરૂપ સંદર્ભની ઓળખ પણ આપી. તેઓ આરંભિક હોઈને કચ્છમાં પ્રચલિત કહેવત, પિરોલી-ઉખાણાં અને કિસ્સા-ઓઠાં એમ

ત્રણેક પ્રકારના લોકસાહિત્યમાં લઘુસાહિત્યસ્વરૂપની આઠ-નવ કૃતિના સંપાદનોમાં જે-તે સ્વરૂપની રચનાઓ સંપાદિત કરી. એમને ક્ષેત્રકાર્યમાંથી પ્રાપ્ત થયેલી સામગ્રીનું વર્ગીકરણ અને સ્વરૂપલક્ષી સંપાદનો અલગ-અલગ ગ્રંથો રૂપે કરાવીને કચ્છી લોકસાહિત્યને ઘાટ આપ્યો અને એનું ઘડતર પણ કર્યું.

લઘુસ્વરૂપકેન્દ્રી રચનાઓનું એકત્રીકરણ એ તેમનું પોતીકું દૃષ્ટિબિંદુ લોકસાહિત્ય સંદર્ભે કેવું સુરેખ અને સ્પષ્ટ હતું તેનો પરિચય કરાવે છે. તેઓ પ્રાપ્ત સામગ્રીને પ્રકૃતિ પ્રમાણે વર્ગીકૃત કરીને, અકારાદિક્રમે ગોઠવીને, વિષય પ્રમાણે વિભાજન કરીને અને સ્વરૂપલક્ષી લાક્ષણિક્તાઓ તારવીને અભ્યાસપૂર્ણ દૃષ્ટિપૂત રીતે સંપાદનો પ્રકાશિત કરતા હોઈને એમનાં કાર્યને શાસ્ત્રીય પરિમાણ પ્રાપ્ત થયેલું જોઈ શકાય છે. એમની અભ્યાસનિષ્ઠા, સૂક્ષ્મ રીતનો સ્વાધ્યાય અને એને આલેખવાનો પોતીકો અભિગમ ભલે કોઈ સૈદ્ધાન્તિક શાસ્ત્રીય વિભાવનાને આધારે ન ઘડાયેલો હોય તો પણ એ સંપાદનોમાંથી એમની પોતીકી સૈદ્ધાન્તિક ભૂમિકા અને શાસ્ત્રીય દૃષ્ટિકોણ પ્રગટતા જોઈ શકાય છે. દુલેરાય કારાણીની આ એક મહત્ત્વની અને મોટી રિદ્ધિ છે.

**(૩) લોકકથાકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :**

૧. 'કચ્છ કથામૃત' (૧૯૭૦)
૨. 'કચ્છની રસધાર' ભાગ-૧(૧૯૭૨)
૩. 'કચ્છની રસધાર' ભાગ-૨ (૧૯૭૪)
૪. 'કચ્છની રસધાર' ભાગ-૩ (૧૯૭૬)
૫. 'કચ્છની રસધાર' ભાગ-૪ (૧૯૭૬)
૬. 'કચ્છી બાલ અખાણી' (૧૯૮૧)
૭. 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪)

કચ્છી લોકકથાઓનું સંપાદન કારાણીનું એક મહત્ત્વનું પ્રદાન ગણાશે. લોકકથાઓનાં સંપાદનમાં તેઓ સાંભળેલી પ્રાસંગિક ઘટના કે કથાનું પુનઃકથન ગુજરાતી ભાષામાં કરે છે. વચ્ચે-વચ્ચે ક્યાંક કચ્છી દુહો પણ સાંકળે છે ક્યારેક કથાનો આરંભ જ દુહાથી કરે છે. કચ્છી દુહાનો ગુજરાતી અનુવાદ મૂકે છે. કથા સાથેના દુહાઓ લગભગ જ્યાં-જેટલા પ્રાપ્ત હોય ત્યારે પૂરેપૂરો પાઠ મૂકે છે. 'ઓઢા-હોથલ' અને 'કચ્છનો કેસરી પીર કરાયલ અને સતી કપૂરી' એના તરત જ સ્મરણે ચઢતાં ઉદાહરણો છે. કથાપ્રસંગને લગતી કચ્છી કવિતા કોઈ ચારણ કે બારોટે કહેલી હોય તો એને એમાં સ્થાન આપે. કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા. જીવરામ અજરામર ગોરે પહેલવહેલાં આ રસપ્રદ લૌકિક કથાઓ માટે 'કચ્છની રસધાર' નામથી સંચય તૈયાર કરેલો. મેઘાણીને એ સમયમાં રસપ્રદ, રસપૂર્ણ અને રસિક વાતો માટે પ્રયોજાયેલા 'રસધાર' શબ્દ ગમી ગયેલો. સાચો પણ લાગેલો. એમણે પછીથી લોકકથાઓના સંચયને 'સૌરાષ્ટ્રની રસધાર'શીર્ષકથી પ્રકાશિત કર્યો. કારાણીને પણ જીવરામ અજરામર ગોરની પરંપરા, પ્રચલિત સંજ્ઞા કચ્છની રસપૂર્ણ અને વિવિધ રસની રસાનુભૂતિ કરાવતી કથાઓ માટે 'કચ્છની રસધાર' શીર્ષકથી ચાર ભાગમાં પંચોતેરથી વધુ કથાઓ આલેખી, પોતે આ વિગત 'કચ્છની રસધાર'(૧૯૭૨)ના ત્રીજા ભાગના બે-બોલ, આમુખમાં કબૂલ્યું છે કે, 'આજથી પોણી સદી પહેલાં કચ્છના આદ્ય લોકસાહિત્યકાર કવિશ્રી જીવરામ અજરામર ગોર કચ્છના તખ્તા પર પ્રકાશમાં આવ્યા. સમસ્ત ગુજરાતમાં સૌથી પ્રથમ એમણે લોકસાહિત્યનાં સંશોધન અને પ્રકાશનની શરૂઆત કરી એ સમયના સાપ્તાહિક 'ગુજરાતી'ના દીપોત્સવી અંકોમાં લોકસાહિત્યની એમની કથાઓ પ્રગટ થવા લાગી હતી.' 'ઊઢો-હોથલ', 'ઉમર-મારઈ', 'સુહણી-મોહાય', 'કરાય-કપૂરી' વગેરે લોકકથાઓ છપાતી રહી. એ જ અરસામાં 'કચ્છની રસધાર' નામનું એમનું પુસ્તક પ્રગટ થયું અને જીવરામ અજરામર ગોર ગુજરાતના પહેલા લોકસાહિત્યકાર તરીકે પ્રખ્યાત થયા. જીવરામ ગોરનું 'કચ્છની રસધાર'નું એક જ પુસ્તક પ્રગટ થયું હતું. આજે આ જૂના નામથી રસધારો જુદા-જુદા ભાગોમાં નવા સ્વરૂપે પ્રગટ થવા લાગી છે. 'જીવરામ ગોરનું શીર્ષક સ્વીકારીને કચ્છ વિસ્તારની ઐતિહાસિક, લૌકિક અને પ્રાચીન સાંસ્કૃતિક પ્રસંગોની કથાઓની રચના કરી કારાણીએ કચ્છી લોકકથા સાહિત્યથી ગુજરાતી લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું.'

**કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા**

તેમની લોકકથા આલેખન શૈલી જીવરામ ગોરથી અનુપ્રાણિત છે. વળી, અંગ્રેજોને માહિતીદાતા રૂપે કહેલા કથા પ્રસંગોને તેઓ જ્યારે પુનઃકથન રૂપે આલેખે છે ત્યારે એમાં વર્ણનોમાં કે પાત્રોના પરિચયમાં બહુ પડતા નથી. એટલે એમણે આલેખેલી લોકકથાઓમાં સર્જનાત્મક અંશો બહુ ભળેલા જણાતા નથી.

'ચારણની ચતુરાઈ અને ચાબખા' તથા 'ચારણ અને હાલોજી' જેવી કથાઓ બનેલા પ્રસંગની સાક્ષીરૂપ દુહાઓથી બદ્ધ છે. ચારેય સંગ્રહોમાંથી ચારણ વિશેની છ-સાત લોકકથાઓ મળે છે. તેમણે 'કચ્છ કથામૃત'(૧૯૭૦)માં પણ કચ્છી લોકકથાઓ આલેખી છે અને 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪) પણ કચ્છ-સિંધ પ્રદેશની પ્રણય પ્રસંગકેન્દ્રી

લોકકથાઓનો સંચય છે. 'કચ્છકલાધર', 'કચ્છી સંતો'માં આલેખેલાં ચરિત્રાત્મક આલેખનો અને એ વિષયની લોકકથાઓમાંથી પસાર થતાં એમની લોકકથાની કથનકલાનું સ્વરૂપ આપણને સ્પષ્ટ થાય છે. ક્યાંક અતિશયોક્તિસભર, વર્ણનો-આલેખનોની ભરમાર નહીં અવલોકવા મળે. કચ્છી બોલીના સંવાદો પણ બને ત્યાં સુધી અર્વાચીન ગુજરાતીમાં આલેખે છે. અવશ્ય ક્યાંક કચ્છી બોલી કે શબ્દો પ્રસંગોપાત તેઓ પ્રયોજે છે.

'કચ્છી બાલ અખાણી' (૧૯૮૧)એ કચ્છની બાળલોકકથાઓ છે. શિશુ-તરુણ વયના કુમારોની જિજ્ઞાસાને પોષક અને કચ્છની સાંસ્કૃતિક છબિને આલેખતી આ કથાઓ ગુજરાતી બાળલોકસાહિત્યની મહત્ત્વની રચનાઓ જણાય છે. ગીજુભાઈ બધેકાના ખરા પુરોગામી તેઓ છે એની પ્રતીતિ આ સરળ રસળતી શૈલીની બાળલોકકથાઓમાંથી મળી રહે છે.

કચ્છી લોકકથાના આઠ સંચયો કારાણીને કચ્છના જીવરામ અજરામર ગોર પછીના લોકવાર્તા આલેખક અને ગુજરાતી લોકકથા સાહિત્યના મહત્ત્વના પ્રદાતા તરીકે સ્થાપે છે. પણ દુર્ભાગ્યે તેમની આ મહત્તાને ગુજરાતી લોકકથાના ઇતિહાસમાં બહુ પ્રમાણાઈ નથી.

**કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા**

**(૪) વૈવિધ્યસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :**

૧. 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪)

૨. 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (૧૯૭૨)

૩. 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯)

૪. 'લોકગૂર્જરી' વાર્ષિક સામયિકના સંપાદન (૧૯૭૯-૧૯૮૦)

દુલેરાય કારાણીએ કચ્છી કંઠસ્થ પરંપરામાં જળવાયેલી વિવિધ સામગ્રીના આકરગ્રંથોના નિર્માણ નિમિત્તે દંતકથાઓ-લોકમાન્યતાઓનો ખજાનો ખોલી આપ્યો. લઘુકથાનક-સ્વરૂપના લોકસાહિત્યની સામગ્રી અને એની વિશિષ્ટતાઓ તારવી આપી. શતાધિક કચ્છી લોકકથાઓના આઠેક સંચયો સંપાદિત કર્યા. આ ઉપરાંતનાં વિવિધ સ્વરૂપલક્ષી કચ્છી લોકસાહિત્યના ત્રણ સંચયો- 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪), 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (૧૯૭૨) અને 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯) પણ મહત્ત્વના ગ્રંથો છે.

તેમણે લઘુ સ્વરૂપોની કૃતિઓ ઉપલબ્ધ કરાવી આપી. આ ઉપરાંતના દુહા, રાસડા, ગીતો, આગમવાણી, કટાક્ષવાણી, સલોકાઓ આમ લઘુસ્વરૂપની અને દીર્ઘસ્વરૂપની લોકગીતો, ગીતકથાઓ અને કથાગીતો લોકસાહિત્ય કૃતિઓ એના વિવરણ સાથે સુલભ કરાવી આપી. લોકસાહિત્ય વિશેની તેઓની સમજ પણ ઘણી સ્પષ્ટ છે. એમની પોતીકી રીતે એમણે આમુખમાં લોકસાહિત્ય વિશે આલેખેલી વિભાવના અવલોકીએ.

'લોકસાહિત્ય એ લોકજીવન સાથે અનાદિ કાળથી જડાયેલું છે, વણાયેલું છે. માનવ જીવનનું તે એક અવિભાજ્ય અંગ છે. જ્યારે સાંસ્કૃતિક સાહિત્યનો અભાવ હતો ત્યારે પણ લોકસાહિત્યનું અસ્તિત્વ હતું.'

લોકસાહિત્ય એટલે સ્વાભાવિક સાહિત્ય. અનેક અનામી કવિઓ અને સરસ્વતી સેવકોનો એમાં ફાળો હોય છે. એવા લોકકવિઓના હૃદયતલમાંથી બહાર પડેલાં વચનો લોકસાહિત્યનું સ્વરૂપ પકડે છે. લોકસાહિત્ય અનાયાસે જ રચાઈ જતું હોય છે. વાંસનો અંકુર ધરતીના પડને ફોડીને ફૂટી નીકળે છે તે જ રીતે આ લોકસાહિત્ય સાહજિક રીતે જ બળ કરીને અંતરની ધરતીમાંથી ફૂટી નીકળે છે.

લોકકવિ, એ એક એવા પ્રકારનો કવિ છે જેને નથી હોતી કીર્તિની કામના કે નથી હોતી લક્ષ્મીની તમન્ના. આ લોકકવિની કૃતિ કદી નષ્ટ થતી નથી. લોકહૃદયના કોઈને કોઈ ખૂણામાં એના અવશેષ જળવાઈ રહે છે અને તે ફરી ફરીને સજીવન થાય છે.

એક સમય એવો હતો જ્યારે લોકસાહિત્યની મહત્તાની અને વિશિષ્ટતાની આપણને પૂરી જાણ ન હતી. વિદ્વદ્ વર્ગનો અમુક ભાગ લોકસાહિત્યને ગ્રામ્યસાહિત્ય કહીને એની અવગણના પણ કરતો. એ વખતે સાંસ્કૃતિક સાહિત્યમાં લોકસાહિત્યને સ્થાન ન હતું. પરંતુ હવે તો વિદ્વદ્ વર્ગ તેમજ સામાન્ય વર્ગ-તમામ આમજનતા લોકસાહિત્યમાં રસ લેવા લાગે છે. આ એક આનંદની વાદ છે.

('કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય', દુલેરાય કારાણી, પૃષ્ઠ : ૨)

કચ્છના વિવિધસ્વરૂપકેન્દ્રી લોકસાહિત્યથી અભિજ્ઞિત કરાવવાના આશયથી તેઓ કચ્છી વનસ્પતિના, છપ્પનિયા દુષ્કાળના અને છન્નુના દુકાળના વિપુલ દુહાઓ ઉપરાંત મેહકરણ-મેકરણ ડાડા કથિત દુહાઓ અને એના અર્થો મૂકે છે. મામૈયાદેવની આગમવાણી, દેદાનો રાસડો, વરસાદ સંબંધી લોકવાણી- ભડલીગીતો, કોરશી પટેલના સલોકો, કાયાંજીનો સલોકો, વાઘેલાનો સલોકો તથા 'ભૂતકાળનું લોકસાહિત્ય સલોકા'માં વિપુલ દૃષ્ટાંતો મૂકીને આ બધી લઘુસ્વરૂપની લોકસાહિત્યની રચનાઓ આસ્વાદ સાથે ઉપલબ્ધ કરાવતા હોઈને એનું ઘણું મૂલ્ય છે.

દુલેરાય કારાણીએ અનેક કચ્છી લોકગીતો પણ આ ગ્રંથોમાં સુલભ કરી આપ્યાં છે. 'ડુંગરા ભગતનું લોકગીત', 'જમાદાર ફતેહ મહમ્મદનાં લોકગીતો', 'સોના વડારણ' જેવાં લોકગીતો કે 'ઝારાની લડાઈ મહારથી મેઘજી શેઠ', 'વીજળી'નાં લોકકથાગીતો પણ આ સ્વરૂપની કચ્છની પ્રાણવાન રચનાઓ છે. તેમણે આલેખેલી ગીતકથાઓ 'સોના વડારણ', 'ઝારાની પનિહારી' , 'બહારવટિયાનો જૂમલો' પણ કચ્છી લોકસાહિત્યનો કૃતિલક્ષી પ્રત્યક્ષ પરિચય અને આસ્વાદને કારણે ઉલ્લેખનીય બની રહે છે.

તેઓ 'ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ' દ્વારા પ્રકાશિત થતાં લોકસાહિત્યના વાર્ષિક સંશોધન સામયિક 'લોકગુર્જરી'ના સંપાદક પદે પણ બે વર્ષ ૧૯૭૯-૧૯૮૦ સુધી રહ્યા. એ સમયે તેમની સાથે જેઠાલાલ ત્રિવેદી અને માધવ ચૌધરી પણ સંપાદકો હતા. સામયિક માટે તેમણે અનેક વિદ્વાનોના અભ્યાસલેખો પ્રકાશિત કર્યા. તેઓએ ગુજરાત રાજ્ય સરકારની લોકસાહિત્ય સમિતિના સદસ્યપદે પણ સેવાઓ આપેલી.

હકીકતે તો તેમણે આ ત્રણેય ગ્રંથોમાં વિવિધ સ્વરૂપની રચનાઓ અને એના આસ્વાદો અહીં સંચિત કર્યા છે. આમાંનું કેટલુંક આંશિક કે ખંડિત રૂપે પૂર્વેની કૃતિઓમાં અવલોકવા પણ મળે છે. પરંતુ કચ્છી દુહાઓ, સલોકો કે આગમવાણી ઉપરાંત કચ્છી લોકગીતો, ગીતકથાઓ, કથાગીતો અને રાસડાઓ સાથે સંકળાયેલા કથાસંદર્ભને અનુષંગે તેઓ આલેખન કરતા હોઈને સ્વરૂપકેન્દ્રી સ્વતંત્ર કૃતિલક્ષી આસ્વાદમૂલક લોકસાહિત્ય તરીકે આ ગ્રંથોની સામગ્રીને અવલોકવાની રહે. સર્વતોમુખી અભિગમથી તેઓએ અહીં કચ્છી લોકસાહિત્યને કેન્દ્રિત કર્યું છે. કહેવતો, ઉખાણાં અને પિરોલીઓનાં સ્વતંત્ર રીતે તેમણે સંપાદનગ્રંથો તૈયાર કરેલા સંપાદિત કરવાનું પાછળથી મળેલું આ સ્વરૂપોનું સાહિત્ય અહીં લેખસ્વરૂપે સ્થાન પામેલું અવલોકવા મળે છે. હવે જ્યારે એમના સાહિત્યનું પુનઃસંપાદન કરવાનું બને ત્યારે વિવિધ સ્વરૂપોને અનુલક્ષીને બધા ગ્રંથોમાંથી ચયન કરીને એકરૂપે સ્વરૂપકેન્દ્રી ગ્રંથમાળા તૈયાર કરવાની રહે. એમાંથી એમણે વિપુલ માત્રામાં એકત્ર કરેલા લઘુ અને દીર્ઘસ્વરૂપના કચ્છી લોકસાહિત્ય સંપાદન અને અભ્યાસનો આલેખ મળી રહેશે.

તેઓનું લોકસાહિત્યિક સંપાદનકાર્ય કાલજયી બન્યું છે. આજે પણ એટલું તાજું જણાય છે. પરંતુ હવે આપણી લોકસાહિત્યના અભ્યાસની દૃષ્ટિ વિકાસ પામી, એટલે લાગે કે તેમણે આયુષ્યનાં પચાસ-સાંઠ વરસ સુધી એકનિષ્ઠભાવે લોકસાહિત્ય ક્ષેત્રની સેવા કરીને એકત્ર કરેલું સાહિત્ય કચ્છના કયા વિસ્તારનું એટલે કે વાગડ, બન્ની કે અન્ય ભિન્ન-ભિન્ન નામથી પ્રચલિત કયા વિસ્તારનું આ સાહિત્ય છે એનો ખ્યાલ એમાંથી આવતો નથી. તેમણે કચ્છમાં ખૂબ જ પ્રચલિત ગુપ્તી ઈસ્માઈલી ખોજાઓ વિશે કશું જ આપ્યું -કહ્યું નથી. તેમણે રણકથાઓ કે સાગરકથાઓ લગભગ આપી જ નહીં, મોટેભાગે માહિતીદાતાઓ વિશે પણ કશું કહ્યું નહીં. એટલું ખરું કે તેમણે પોતે જ બધું એકત્ર કર્યું પણ કોની પાસેથી, કયા વિસ્તારમાંથી એની માહિતી અભ્યાસીઓને ઉપલબ્ધ ન કરાવી. આટલીક મર્યાદા માત્ર ધ્યાનમાં આવે છે. બાકી એમણે સંપાદિત કરેલું કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિવિષયક બધું જ આલેખન પૂરું પ્રામાણિક, શ્રદ્ધેય પ્રકારનું છે. એમણે આ સામગ્રીને અતિશયોક્તિ કે ચમત્કારોથી અળગું રાખ્યું છે એ ભારે મોટી બાબત છે. આ કારણે કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના તેઓ મોટા ગજાના સંરક્ષક અને સંપાદક છે. તેમણે કોઈ ઈનામ-અકરામની કે કોઈની મૂલવણીના શબ્દોની પણ દરકાર ન રાખી. ખરા અર્થમાં નિરપેક્ષ રહીને સાહિત્યસેવામાં રત સારસ્વત તરીકેની મુદ્રા સ્થાપી ગયા. આમાંથી એમની નિરપેક્ષ સાહિત્યસેવી અને ઉજ્જવળ વ્યક્તિમત્તાનો પરિચય મળી રહે છે.

કશુંક આગવું, અનોખું અને વણખેડાયેલા ક્ષેત્રમાં એમણે કરેલી પહેલ-ખેડાણ એમની સારસ્વતપ્રતિભાનું દ્યોતક છે. આજે રાષ્ટ્રીય ધોરણની સરાણે પણ એમણું કાર્ય ઊણું ઊતરતું નથી. નિસર્ગદત્ત પ્રતિભા, કોઠાસૂઝ અને દૃષ્ટિપૂત સાહિત્યસેવા વિચારશીલ શ્રદ્ધેય સારસ્વત કારાણીનું ભલે આજ સુધી ઉવખાઈ-અવગણાઈ પણ અંતે-આખરે કોઈકના ધ્યાનમાં આવ્યા તો ખરા. ભવભૂતિનું 'કાલો હ્યયં નિરવધિઃ' પ્રાવચન સાચું લાગે છે.

**સંદર્ભસામગ્રી :**


૧. 'કચ્છની અસ્મિતાનો ગાયકઃ દુલેરાય કારાણી - ડૉ. ગોવર્ધન શર્મા, ભાવના મહેતા'
૨. 'કચ્છની શક્તિ દુલેરાય કારાણી વિશેષાંક-૧૯૯૬-જુલાઈ'
૩. 'દુલેરાય કારાણી સ્મૃતિઅંક સ્વબળ-૧૯૮૯-જુલાઈ'
૪. 'કારાણી અમૃતદોહન'- (કવિવર દુલેરાય કારાણી શતાબ્દી મહોત્સવગ્રંથ)-૧૯૯૭, ડૉ. ધનવંત શાહ
૫. 'ગુજરાતી સાહિત્યકોશ' ભાગ-૧(અર્વાચીનકાળ)-૧૯૯૦, ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા
૬. દુલેરાય કારાણીના પ્રકાશિત, સમગ્ર સાહિત્ય ગ્રંથો



*'તીર્થ' ૨૬૪-જનકપુરી, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૫(ગુજરાત)*
*મો. ૯૮૨૫૦૭૫૦૭૮*

# ‘નવ ઉદ્ધરત ગુજરાત’

*- કુમારપાળ દેસાઈ*

**આજે** ગુજરાતમાં માતૃભાષા ગુજરાતીના પ્રસાર માટેના પ્રયત્નો થતાં જોઈએ, ત્યારે માનસપટ પર ગુજરાતપ્રેમી ઉમદા અંગ્રેજ અમલદારની યાદ જાગે છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આ અધિકારી ફાર્બસ પાસે સત્તા હતી, પદ હતું, પ્રતિષ્ઠા હતી, પરંતુ એ બધાથીય વિશેષ એ અંગ્રેજ અમલદારના મનમાં ગુજરાતી ભાષાનો મહિમા કરવાની અદમ્ય ભાવના હતી.

આજથી બરાબર ૧૭૪ વર્ષ પહેલાં અંગ્રેજ સનદી અમલદાર એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસ અમદાવાદમાં સહાયક ન્યાયાધીશ તરીકે આવ્યા. એમનું કામ તો અદાલતી ફેંસલા આપવાનું હતું, પરંતુ પોતે જ પ્રજાની વચ્ચે આવ્યા, એની સર્વાંગી ઉન્નતિ કરવાનો દઢ નિર્ધાર કર્યો.

**વિદ્વત્તાને વિદાય મળી હતી અને વહેમનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપ્યું હતું. ગ્રંથો ગ્રંથભંડારોમાં હતા ખરા, પણ જ્ઞાનીઓના પઠનને બદલે ઉધઈઓનું ભોજન બની ગયા હતા. એ ગ્રંથોમાં રહેલા જ્ઞાનની કોઈને કશી જાણ કે ફિકર નહોતી**

એ સમયના અમદાવાદની અને ગુજરાતની હાલત દુર્દશાપૂર્ણ હતી. રાજવીઓના છડેચોક ચાલતા જુલમ અને કારભારીના ત્રાસથી પ્રજા ગૂંગળાઈ ગઈ હતી. બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિમાં અન્યાય, અનીતિ, વ્યભિચાર અને બળાત્કાર આદિ દુર્ગુણો સર્વત્ર મહાલી રહ્યા હતા. વિદ્વત્તાને વિદાય મળી હતી અને વહેમનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપ્યું હતું. ગ્રંથો ગ્રંથભંડારોમાં હતા ખરા, પણ જ્ઞાનીઓના પઠનને બદલે ઉધઈઓનું ભોજન બની ગયા હતા. એ ગ્રંથોમાં રહેલા જ્ઞાનની કોઈને કશી જાણ કે ફિકર નહોતી. આવે સમયે ગુજરાતમાં એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસનો પ્રવેશ થયો. આ અંગ્રેજ અધિકારીના દિલમાં માનવતાનો વાસ હતો અને તેથી એણે સત્તાનો રુઆબ બતાવવાને બદલે ગરીબ, અભણ અને વહેમોથી ઘેરાયેલી પ્રજાના ઉત્કર્ષનો વિચાર કર્યો.



ફાર્બસસાહેબને નામે જાણીતા થયેલા આ અધિકારીએ સનદી સેવા માટે ઉચ્ચશિક્ષણ આપતી ઈંગ્લેન્ડની હેલિબરી સ્કૂલમાં તાલીમ લીધી હતી. આ તાલીમ સમયે વિદ્યાર્થી ફાર્બસને સર વિલિયમ જોન્સના ગ્રંથો ભેટ મળ્યા. કાલિદાસના પ્રખ્યાત નાટક ‘શાકુંતલ’નો વિલિયમ જોન્સે કરેલો અનુવાદ વાંચીને જર્મન મહાકવિ ગ્યૂથે એટલા બધા આનંદવિભોર બની ગયા કે એ નાટ્યગ્રંથ પોતાના મસ્તક પર મૂકીને નાચ્યા હતા! ‘ઋતુસંહાર’ અને ‘ગીત ગોવિંદ’નો સર વિલિયમ જોન્સે અનુવાદ કર્યો અને ‘એશિયાટિક રિસર્ચિસ’ નામના ચાર ગ્રંથો પ્રકાશિત કર્યા હતા.

સર વિલિયમ જોન્સના બાળપણમાં પારિતોષિક રૂપે મળેલા ગ્રંથોએ ફાર્બસસાહેબમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ જગાડ્યો. સંસ્કૃત ભાષા શીખ્યા, ભારતમાં આવતાં સાથે માત્ર બે મહિનામાં હિંદુસ્તાની અને એ પછી મરાઠી ભાષા અને ત્યારબાદ એમણે ગુજરાતી ભાષા શીખવાનો પ્રારંભ કર્યો. આવા ફાર્બસસાહેબના ગ્રંથાલયમાં વિલિયમ જોન્સનાં પુસ્તકો માનવંતુ સ્થાન ભોગવતાં હતાં અને જિંદગીભર પોતાને ઈનામરૂપે મળેલા એ ગ્રંથોને ગર્વથી બતાવતા હતા.

સર વિલિયમ જોન્સ પ્રાચ્યવિદ્યાવિદ્ હતા, તો એલેકઝાંડર ફાર્બસ સ્થાપત્યવિદ્ અને ઇતિહાસપ્રેમી હતા.

સ્થપતિ બનવા માટે ફાર્બસે ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ કલાવિદ્ જ્યોર્જ બાર્સેવિની પાસેથી સ્થાપત્યનો અભ્યાસ કર્યો હતો અને સ્થપતિની આંખે એમણે ગુજરાતના કલાજીવન, લોકજીવન અને એના ઈતિહાસનું દર્શન કર્યું અને એને પરિણામે આ પ્રદેશ અને દેશ વિશે એમના હૃદયમાં કલ્યાણભાવના જાગી. મુંબઈ ત્રૈમાસિક વાર્તિક પત્રના દસમાં અંકમાં 'હિંદુસ્તાનનું કૌશલ્ય' 'Indian Architecture' વિશે લખતાં જણાવ્યું.

'ગુજરાતનો મહિમા તેનાં બાંધકામોનાં ખંડિત ચિહ્નથી પોતે જાણ્યો, તે જ રીતે આખા ભારતખંડનો મહિમા તેનાં અલૌકિક કળાકૌશલ્યનાં પ્રાચીન ચિહ્નથી, આખું જગત જાણે, અને તેનો મહિમા અને તેની કુલીનતા જાણી તેના ઉપર અનુકંપા આણી પ્રીતિ કરે. કલ્યાણ કરવું એ તો પછી પ્રીતિનું અનિવાર્ય ફળ છે જ.'

આ રીતે આ સ્થપતિએ ગુજરાતની પ્રજાની વર્તમાન દુર્દશાથી દુ:ખી થવાને બદલે એને દૂર કરવાના સાચદિલ પ્રયત્નો કર્યા. એમની વિદ્યાનો પ્રકાશ કળા પર પડ્યો અને કળાનો પ્રકાશ વિદ્યા પર પડ્યો. ગુજરાતનાં શિલ્પ સ્થાપત્યોને જેમ જેમ નિહાળતા ગયા, તેમ તેમ અનુભવતા ગયા કે કેવી પ્રતાપી હશે આ પ્રજા કે જેણે આવાં ઉત્તમ સ્થાપત્યોની રચના કરી હશે. એ શિલ્પ-સ્થાપત્યમાંથી એમને એ પ્રજાના ઈતિહાસનો સાક્ષાત્કાર થતો સંભળાતો, એની કમનીય કલા-કારીગરીની

**સ્થપતિ બનવા માટે ફાર્બસે ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ કલાવિદ્ જ્યોર્જ બાર્સેવિની પાસેથી સ્થાપત્યનો અભ્યાસ કર્યો હતો અને સ્થપતિની આંખે એમણે ગુજરાતના કલાજીવન, લોકજીવન અને એના ઇતિહાસનું દર્શન કર્યું અને એને પરિણામે આ પ્રદેશ અને દેશ વિશે એમના હૃદયમાં કલ્યાણભાવના જાગી**



સૂક્ષ્મતા એમની કળાસમજનો ખ્યાલ આપતી હતી. એમાંથી એ સમયના લોકોના પહેરવેશ અને જીવનશૈલીની ઝાંખી થતી અને આ રીતે ગુજરાતના સ્થાપત્યો આ અંગ્રેજ અમલદારને ગુજરાતી ભાષા તરફ દોરી ગયા.

એ સમયે ભોગીલાલ માસ્તર પાસેથી એમણે ગુજરાતી શીખવાનો પ્રારંભ કર્યો, પરંતુ આ વહાલી ભાષાનો વિશેષ અભ્યાસ કરવા માટે એમનું મન આતુર બન્યું અને એથી જ એમણે ભોળાનાથ સારાભાઈને એ વિશે વાત કરી. ભોળાનાથ સારાભાઈએ વઢવાણમાં વસતાં દલપતરામને સાદ દીધો. એ જમાનામાં તાર-ટપાલ નહીં, વાહન-વ્યવહારની કોઈ સુવિધા નહીં. આથી પોતાની પેઢીના માણસ મારફતે એમણે વઢવાણમાં દલપતરામને જાણ કરી.

કવિ દલપતરામ અમદાવાદ આવ્યા અને ગુજરાતી ભાષાસાહિત્યની એક યાદગાર ઘટનાનું સર્જન થાય છે. અમદાવાદના ખાનપુરમાં નદીના કિનારે આવેલા ચાંદા-સૂર્યના મહેલમાં પહેલી મુલાકાત થઈ.

આ સમયે ફાર્બસસાહેબે દલપતરામને પૂછ્યું કે તેઓ એમની પાસે ગુજરાતી ભાષા શીખવા માગે છે, તો તેઓ કેટલા પગારની અપેક્ષા રાખે છે?

દલપતરામે કહ્યું, 'બસો રૂપિયા'. ફાર્બસ સાહેબ તો આશ્ચર્ય પામ્યા. 'આટલો બધો પગાર!' એમને વિચારમાં પડેલા જોઈને દલપતરામે કહ્યું, 'સાહેબ, વર્ષે આટલી રકમ તો જોઈએ ને!'

ફાર્બસસાહેબે કહ્યું, 'હું તો માસિક પગાર સમજ્યો હતો. તમે તો વાર્ષિક પગારની વાત કરો છો.' એમણે પોતાની આવકમાંથી એમને મહિને વીસ રૂપિયા પગાર આપવાનું નક્કી કર્યું. જો કે એ ઉપરાંત દલપતરામને રાજ્યાશ્રય દ્વારા વર્ષાસનો અને પારિતોષિકોની પણ આવક થતી હતી.

આ મુલાકાતે ગુજરાતની સંસ્કૃતિમાં નવો ઈતિહાસ સર્જ્યો. એ બંનેની દોસ્તી તો દિલની દોસ્તી બની, પરંતુ ફાર્બસસાહેબના પ્રત્યેક વિદ્યાકાર્યમાં દલપતરામે જીવનભર સાથ આપ્યો અને દલપતરામને ફાર્બસસાહેબમાં એક ગુણગ્રાહક અને કદરદાન આશ્રયદાતા મળ્યો. કર્તવ્યનિષ્ઠ

ફાર્બસસાહેબ ઉમદા રીતે પોતાનું સરકારી અમલદાર તરીકેનું કર્તવ્ય બજાવતા હતા, પરંતુ એ પછીનો સમય વિદ્યાભ્યાસમાં ગાળતા હતા. જેમ જેમ ગુજરાતી ભાષા શીખતા ગયા, તેમ તેમ ગુજરાત પ્રદેશ પર વધુને વધુ ચાહના જાગવા લાગી. એ સમયે ફાર્બસસાહેબ જૂના હસ્તલિખિત ગ્રંથોની શોધ કરતા હતા. જૂનાં કાવ્યોની નકલ કરાવતા હતા અને પછી એ બધું પોતાના 'રાસમાળા' પુસ્તકને માટે કવિ દલપતરામ પાસે બેસીને એનું વાચન કરતા હતા અને એનો અર્થ સમજતા હતા.

પ્રાચીન ગુજરાતના રાજવીઓની રહેણીકરણી અને એ સમયના કવિઓના ડાયરા કેમ જામતા એનાં વર્ણનો સમજતા. આની સાથોસાથ એ સમયના રીતરિવાજો, આચારવિચાર, લગ્ન-મૃત્યુ વિધિ અને તીર્થધામોની માહિતી મેળવવા માટે ઉત્સુક રહેતા.

**ફાર્બસસાહેબે આ પ્રાચીન ગ્રંથો મેળવવા માટે અથાગ પુરુષાર્થ કર્યો. એ સ્વયં કવિઓ અને ચારણોને નિમંત્રણ આપીને બોલાવતા અને એમની રચનાઓ સાંભળતા ને લખાવતા. ઠેર ઠેર ગ્રંથભંડારોમાં મહત્ત્વની હસ્તપ્રતોની શોધ કરવા લાગ્યા**

ફાર્બસસાહેબે પોતે મહી કાંઠામાં પોલિટિકલ એજન્ટ હતા, ત્યારે ઈડરના ઠાકોરસાહેબ દ્વારા કવિઓને નિમંત્રણ આપીને એક કાવ્યમેળો પણ ગોઠવ્યો હતો. આ કાવ્યમેળામાં દલપતરામે એક કવિના મુખે કહેવડાવ્યું હતું,

'કુથ્થા પુસ્તક કાપિને, એનો નકરીશ અસ્ત
ફરતો ફરતો ફાર્બસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ'

એટલે કે કવિ ઉધઈને પુસ્તક કાપવાની ના કહે છે, કારણ કે એનો ઉપયોગ કરનારો ફાર્બસ નામનો ગૃહસ્થ હવે મળ્યો છે.

ફાર્બસસાહેબે આ પ્રાચીન ગ્રંથો મેળવવા માટે અથાગ પુરુષાર્થ કર્યો. એ સ્વયં કવિઓ અને ચારણોને નિમંત્રણ આપીને બોલાવતા અને એમની રચનાઓ સાંભળતા ને લખાવતા. ઠેર ઠેર ગ્રંથભંડારોમાં મહત્ત્વની હસ્તપ્રતોની શોધ કરવા લાગ્યા. એમને જાણ થઈ કે મહાકવિ ચંદનો 'પૃથ્વીરાજ રાસ' એક મહત્ત્વની કૃતિ છે. એંસી હજાર શ્લોક ધરાવતો આ ગ્રંથ છે. છાણી, વીજાપુર આદિ ગામોનાં ગ્રંથભંડારોમાં એમણે એની શોધ ચલાવી. જેવી ખબર મળે કે કોઈ દુર્લભ પુસ્તક અમુક ભંડારમાં છે, તો એ તરત જ સરકારી માણસો દ્વારા તપાસ કરાવતા, પોતાની ઓળખાણનો ઉપયોગ કરતા, સામે ચાલીને એને ઘેર જઈ ગ્રંથની માંગણી કરતાં અને ધન આપીને ખરીદવું પડે તો ખરીદતા.

એમને ખબર પડી કે મુંબઈની રોયલ એશિયાટિક સોસાયટીની શાખામાં 'પૃથ્વીરાજ રાસો'નું પુસ્તક છે. ત્યાંથી એ પુસ્તક મંગાવ્યું, પણ તે સંપૂર્ણ નહોતું. એવામાં જાણ થઈ કે બુંદિ કોટાના રાજા પાસે 'પૃથ્વીરાજ રાસો'નું આખું પુસ્તક છે. ફાર્બસ સાહેબે ત્યાંના અંગ્રેજ રેસિડેન્ટને કહીને એની તપાસ કરવા પ્રયત્ન કર્યો. ઘણી મહેનત બાદ એ પુસ્તક મળ્યું. એ પુસ્તકનો ટપાલખર્ચ એ જમાનામાં ૧૧૦ રૂપિયા થયો હતો ! જોકે આ પુસ્તક પણ અપૂર્ણ હતું. ફાર્બસ સાહેબે લહિયાઓ પાસે એની પ્રત કરાવી. આવી રીતે સંસ્કૃત, ગુજરાતી અને વ્રજભાષાનાં ઘણાં પુસ્તકો એમણે મેળવ્યાં હતાં.

એવામાં ફાર્બસસાહેબને જાણ થઈ કે પાટણમાં ઘણા પ્રાચીન ગ્રંથો છે. તપાસ કરતાં જાણવા મળ્યું કે ત્યાં બે ઉપાશ્રયો આવેલા છે અને એ ઉપાશ્રયોમાં અતિ દુર્લભ ગ્રંથોનો સંગ્રહ છે. એક ઉપાશ્રય પુનમિયા ગચ્છના સાધુનો હતો, તો બીજો ઉપાશ્રય સાગર ગચ્છનો હતો. એમણે આ ઉપાશ્રયોમાંથી પુસ્તકો મંગાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કોઈએ દાદ આપી નહીં. કેટલાક ગ્રંથસંગ્રહોમાં એને સાચવનારા જ એના માલિક બની જાય છે અને પછી એ વિદ્યાધન પર સાપ કુંડલી મારે તેમ બેસી જાય છે!

ફાર્બસસાહેબ અમદાવાદથી ઘોડા પર બેસીને પાટણ ગયા. પાટણના સાગરગચ્છના ઉપાશ્રયમાં સાધુમહારાજને મળ્યા અને એમની સાથે અત્યંત મધુર વાણીમાં નમ્રતાપૂર્વક વાત કરી. અંગ્રેજ અમલદાર ઉપાશ્રયમાં આવ્યા છે એમ માનીને સાધુમહારાજે એમને બેસવા માટે ખુરસીની ખાસ સગવડ કરી હતી, પણ આ અંગ્રેજ અમલદાર ફાર્બસ તો જમીન પર મૂકેલા ચાકળા પર બેઠા. એમની નમ્રતા જોઈ સાધુજનો આશ્ચર્ય પામ્યા. એમણે સાધુઓને શાલ વહોરાવી, એટલું જ નહીં પરંતુ મધુર વાણીથી એમને પ્રસન્ન કર્યા.

બંને ઉપાશ્રયના સાધુઓ પ્રસન્ન થયા પછી ફાર્બસસાહેબે ગ્રંથભંડારની સૂચિ માંગી. તેમણે એક દાબલાનાં પુસ્તકોની સૂચિ આપી, જેમાં ૫૦૦ જેટલાં પુસ્તકોની નામાવલિ હતી.

ફાર્બસસાહેબ તો સૂચિ વાંચતા જાય અને આનંદથી ઊભરાતા જાય. એક એકથી ચડિયાતા દુર્લભ પુસ્તકો હતાં. એમને મનમાં થયું કે આ બધાં પુસ્તકો મળી જાય, તો કેવું સારું? પણ એની સાથોસાથ એમણે વિચાર્યું કે જો બધા ગ્રંથો માગીશ તો સાધુમહાત્મા તૈયાર નહીં થાય. કદાચ અતિ લોભી પણ માની લે. આથી બધા ગ્રંથો માંગવાને બદલે અત્યંત મહત્ત્વના એવા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય લિખિત 'દ્વયાશ્રય' પુસ્તક માગ્યું.

સાધુ ચમકી ગયા. પુસ્તક તે કઈ રીતે અપાય? એમણે આપવાની અનિચ્છા વ્યક્ત કરી એટલે ફાર્બસસાહેબે એમનાં પર કોઈ દબાણ કર્યું નહીં, ધાકધમકીની તો વાત જ કેવી! બલકે એમણે તો કહ્યું કે મારે આ એક ગ્રંથની જરૂર છે. આપ કહો તે વ્યવસ્થા કરાવું. છેવટે ઉપાશ્રયમાં લહિયાને બેસાડીને આ આખુંય પુસ્તક એમણે લખાવી લીધું. આમ એકલા સાગરગચ્છના ઉપાશ્રયમાં જ આવાં ૩૫૦૦૦ પુસ્તકો હતાં. પણ દુર્ભાગ્ય એ હતું કે આ પુસ્તકોની વિદ્યા ગ્રંથ ભંડારોમાં ગૂંગળાતી હતી અને વિદ્વાનોને તે અપ્રાપ્ય બની હતી. આ ગ્રંથ ભંડારોમાંથી ફાર્બસસાહેબે ખાસ કરીને ઇતિહાસ સંબંધી પુસ્તકોનો સંગ્રહ કર્યો. 'પ્રબંધચિંતામણિ', 'ભોજપ્રબંધ', 'પૃથ્વીરાજ રાસ', 'કુમારપાલ રાસ', 'દ્વયાશ્રય', 'પ્રવીણસાગર', 'શ્રીપાલરાસ', 'હમીરપ્રબંધ' જેવા ગ્રંથો એકત્રિત કર્યા અને એનો પોતાના ગ્રંથ 'રાસમાળા' માટે સારો એવો ઉપયોગ કર્યો.

**ફાર્બસસાહેબ અને કવિ દલપતરામના સંબંધનો પ્રારંભ ગુરુશિષ્યથી થયો અને સમય જતાં બંને ગાઢમૈત્રીનું દૃષ્ટાંત બની રહ્યા! ફાર્બસસાહેબે વ્રજભાષામાં સરળતાથી કવિતા સર્જતા દલપતરામને સ્વભાષાનો મહિમા સમજાવ્યો અને માતૃભાષા ગુજરાતીમાં કવિતા રચવાની પ્રેરણા આપી**

દૂર દેશાવર ઇંગ્લેન્ડથી ભારત આવેલા અંગ્રેજ સરકારી અમલદાર એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસને ગુજરાતનાં સ્થાપત્યોમાં એનો ભવ્ય ભૂતકાળ દેખાયો, તો ગુજરાતના જ્ઞાનભંડારોમાં રહેલા ગ્રંથોમાં ઇતિહાસના પ્રભાવશાળી તેજનો અનુભવ થયો.

આ સનદી અમલદારને ગુજરાતની ભૂમિ માટે એવો તો પ્રેમ જાગ્યો કે આધુનિક યુગના પરોઢના સમયે એણે અનેક ક્ષેત્રોમાં ગુજરાતની સેવા કરી. આથી તો એ દોહો સર્વત્ર પ્રસિદ્ધ હતો,

કર્નલ ટોડ કુલિન વિણ, ક્ષત્રિ-યશ ક્ષય થાત,
ફાર્બ્સ સમ સાધન વિના, નવ ઉદ્ધરત ગુજરાત

ફાર્બસસાહેબ અને કવિ દલપતરામના સંબંધનો પ્રારંભ ગુરુશિષ્યથી થયો અને સમય જતાં બંને ગાઢમૈત્રીનું દૃષ્ટાંત બની રહ્યા! ફાર્બસસાહેબે વ્રજભાષામાં સરળતાથી કવિતા સર્જતા દલપતરામને સ્વભાષાનો મહિમા સમજાવ્યો અને માતૃભાષા ગુજરાતીમાં કવિતા રચવાની પ્રેરણા આપી. એ સમયે કાઠિયાવાડના રાજદરબારોમાં પરંપરાગત રીતે વ્રજ ભાષામાં કવિતા ગવાતી હતી. વળી, દલપતરામને વ્રજ ભાષાનો એટલો બધો મહાવરો હતો કે એમને કવિતા કરવી હોય, તો વ્રજભાષામાં જ કરતા. મિત્રની સલાહથી કવિ દલપતરામે ગુજરાતી ભાષામાં કવિતા રચવાનો પ્રારંભ કર્યો. પરિણામે જે સમયે ગુજરાતી ભાષા માત્ર 'બજાર ભાષા' તરીકે ઓળખાતી હતી, તેને એક સમર્થ સર્જક મળ્યા. ફાર્બસસાહેબ 'ગુજરાતી કવિતા જહાજના કૂવાથંભ' તરીકે ઓળખાયા. વળી દલપતરામે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો નહોતો, ત્યારે એમને પશ્ચિમનાં મૂલ્યો અને એની ભાવનાઓનો પરિચય ફાર્બસસાહેબ પાસેથી સાંપડ્યો.

ફાર્બસ-દલપતની દોસ્તી પણ એવી કે ગુજરાતના ઇતિહાસને શોધવા માટે તાર-ટપાલ વિનાના જમાનામાં ખાસ માણસ મોકલીને દલપતરામને વઢવાણ તેડું મોકલ્યું અને એ પછી બંને ગાઢ મિત્રોની માફક જીવનભર જીવ્યા. એમનું મિલન ગુજરાતી સમાજ, સાહિત્ય અને સંસ્કૃતિને માટે પૂર્વ-પશ્ચિમના સમન્વયનું પરિબળ બની ગયું. એ સમયે શેરબજારનો જુવાળ આવ્યો અને અનેક લોકોએ એમાં પૈસા રોક્યા હતા. ૧૮૬૫માં થયેલી આર્થિક બરબાદીના સમયે ફાર્બસસાહેબે જ કવિ દલપતરામને સહાય કરી હતી. એ સમયે મહારાજા ખંડેરાવ ગાયકવાડના દરબારમાં જઈને દલપતરામે કાવ્યભાષણ આપ્યું. ભાષણ આપતાં પૂર્વે પોતાની ઓળખ આપતાં દલપતરામે કહ્યું કે તેઓ 'રૂડી ગુજરાતી વાણી, રાણીના વકીલ છે' એમનું આ ભાષણ સાંભળીને મહારાજા ખંડેરાવ ગાયકવાડ પ્રસન્ન થયા, પણ દલપતરામે મહારાજને સ્નેહભર્યો ઉપાલંભ આપીને કહ્યું, 'ગુજરાત રાજ્યમાં તો ગુજરાતી ભાષાનું ચલણ હોવું જોઈએ' અને એ માટે એમણે મહારાજને કેટલાંક સૂચનો પણ કર્યાં હતાં.

ફાર્બસસાહેબે જોયું કે ગુજરાત અને સમગ્ર દેશ જુદાં જુદાં વહેમો અને માન્યતાઓમાં ખૂંપેલો છે. એમણે પ્રજાને વહેમ, રૂઢિ અને ખોટી માન્યતાઓથી મુક્ત કરવા માટે ઈનામી નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું. આ નિબંધમાં એમણે સમાજસુધારાને લક્ષમાં રાખીને જુદા જુદા વિષયો રાખ્યા અને એ નિબંધોમાંથી ઈનામી નિબંધ પ્રકાશિત કરતા હતા. દલપતરામે આ ઈનામી સ્પર્ધામાં 'ભૂતનિબંધ' લખ્યો અને એક અર્થમાં કહીએ તો ગુજરાતી નિબંધસાહિત્યનો પ્રારંભ કર્યો. આ 'ભૂતનિંબધ' ફાર્બસસાહેબને એટલો બધો ગમી ગયો કે એમણે એની સમતોલ પ્રસ્તાવના તો લખી જ, પણ એથીય વિશેષ એ નિબંધનો સ્વયં અંગ્રેજી અનુવાદ કર્યો અને પ્રજામાં વૈજ્ઞાનિક બુદ્ધિ પ્રેરવાનો પ્રારંભ કર્યો. ગુજરાતની પ્રસિદ્ધ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ગ્રંથપ્રકાશન માળાએ એના પ્રથમ મણકા તરીકે આ 'ભૂતનિબંધ' પ્રગટ કર્યો. એમાં ગુજરાતમાં પ્રવર્તતા વહેમોનું ખંડન કરવામાં આવ્યું અને વિશેષે તો ડાહ્યાભાઈ વેદિયાની પરંપરામાં ઉછરેલા દલપતરામના કેટલાક સાહસિક અને હિંમતભર્યા વિચારો આમાં પ્રગટ થયા. એ પછી ફાર્બસસાહેબે જ્ઞાતિસંસ્થા, બાળવિવાહ જેવા વિષયો પર નિબંધસ્પર્ધા યોજી હતી.

**'ભૂતનિબંધ' એ દલપતરામનું પહેલું ગદ્ય લખાણ છે, તો એ જ રીતે ફાર્બસની પ્રેરણાથી દલપતરામ 'લક્ષ્મી' નામનું નાટક લખે છે. ગુજરાતી સાહિત્યના ગદ્ય અને પદ્યના પ્રારંભ માટે ફાર્બસસાહેબ નિમિત્ત બને છે**

'ભૂતનિબંધ' એ દલપતરામનું પહેલું ગદ્ય લખાણ છે, તો એ જ રીતે ફાર્બસની પ્રેરણાથી દલપતરામ 'લક્ષ્મી' નામનું નાટક લખે છે. ગુજરાતી સાહિત્યના ગદ્ય અને પદ્યના પ્રારંભ માટે ફાર્બસસાહેબ નિમિત્ત બને છે. એટલું જ નહીં, પણ 'ફારબસ વિરહ'માં દલપતરામનું શોકાતુર હૃદય પોતાના મિત્ર ફાર્બસની વિદાયથી દુઃખ અનુભવે છે અને ગુજરાતને પહેલું શોકપ્રશસ્તિકાવ્ય મળે છે.

ઠેર ઠેર ફરીને ગુજરાતના ગ્રંથો અને વિશેષે ઈતિહાસગ્રંથોનો સંગ્રહ કરનાર ફાર્બસે 'રાસમાળા'ની રચના કરી છે. આ સમયે તેઓ જૂના હસ્તલિખિત ગ્રંથોની શોધ કરતા, પ્રાચીન કાવ્યોની નકલ કરાવતા. કવિ દલપતરામ પાસે બેસીને એનો અર્થ સમજતા. ૧૮૫૪ની ૨૮મી માર્ચે ફાર્બસસાહેબ ઈંગ્લેન્ડ ગયા, પણ એમનું હૃદય તો ગુજરાતમાં હતું. પોતાની સાથે ગુજરાતના ઈતિહાસને લગતાં પુસ્તકો લેતા ગયા. 'રાસમાળા'ના પુસ્તકની રચના કરી. ઈંગ્લેન્ડમાં મળતાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આ પ્રદેશને લગતા પત્રોનો શ્રમ વેઠીને અભ્યાસ કર્યો. પૂરા દોઢ વર્ષની જહેમત બાદ 'રાસમાળા'ના બે ભાગો તૈયાર થયા. ફાર્બસસાહેબે એનું પ્રકાશન લંડનમાં આવેલા રિચર્ડસન બ્રધર્સના પ્રેસમાં કરાવ્યું. પુસ્તકમાં મહત્ત્વનાં ચિત્રો મૂક્યાં અને જેમ કર્નલ ટોડને કારણે રાજસ્થાનના રજપૂતોના ઈતિહાસ તરફ સહુની નજર ગઈ, એ જ રીતે ફાર્બસસાહેબના 'રાસમાળા'ના કારણે ગુજરાતના ઈતિહાસ તરફ સૌની મીટ મંડાઈ.

ફાર્બસ સાહેબે ગુજરાતમાં વૈજ્ઞાનિક બુદ્ધિ ખિલવવાની અને એ રીતે પ્રજાનો અભિગમ બદલવાનું કાર્ય કર્યું. સિદ્ધપુર, અણહિલપુર અને પાલિતાણામાં આવેલાં સ્થાપત્યો જોયાં. દેવાલયો, જળાશયો, કીર્તિસ્તંભો અને ખંડેરોને નિરખતી વખતે એમની આંખ ગુજરાતના ઈતિહાસ પર ઘૂમી વળતી હતી. વળી ચિત્રકળામાં પણ પ્રવીણ હોવાથી એ સ્વયં સ્થાપત્યનાં ચિત્રો દોરતા. સતત પગપાળા પ્રવાસ કરતા. તેઓ પોતાની પાસે એક નકશો, નાણાંની કોથળી, પિસ્તોલ અને લાકડી રાખતા હતા. એમનો અંતિમ લેખ પણ ગુજરાતના તીર્થધામ સોમનાથ વિશેનો છે.

અનેક ક્ષેત્રોમાં ગુજરાતપ્રેમી અંગ્રેજે નવપ્રસ્થાનો કર્યાં. એમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી અને એના દ્વારા ગુજરાતી ગ્રંથોના પ્રકાશનનું મહત્ત્વનું કામ હાથ ધર્યું. એનું કામ બરાબર ચાલતું નહોતું, ત્યારે એમણે દલપતરામને ફરી પાછા બોલાવ્યા અને દલપતરામ ફાર્બસસાહેબનું કહેણ આવતા પગારનો કશોય વિચાર કર્યા વિના અમદાવાદ દોડી આવ્યા. એ જમાનામાં આ સંસ્થાનો હેતુ વર્તમાનપત્ર પ્રગટ કરવું, લાઈબ્રેરીની સ્થાપના કરવી, ગુજરાતી કોશ માટે શબ્દસંગ્રહ કરવો, હસ્તપ્રતોનો સંગ્રહ કરવો, સહશિક્ષણની નિશાળો સ્થાપવી, શાળોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવું, ઈનામી નિબંધો લખાવીને નવાં પુસ્તકો રચવાની યોજના કરવી અને વિદ્યાર્થીઓને ઉત્તેજન ઈનામોનો હતો. અને એને પરિણામે આ સંસ્થા(જે પછીથી ગુજરાત વિદ્યાસભા નામે ઓળખાઈ) એ ૧૮૪૯ની બીજી મેએ દર બુધવારે પ્રગટ થતું 'વરતમાન' અઠવાડિકનો પ્રારંભ કર્યો.

આની પાછળ ફાર્બસસાહેબનો આશય એટલો જ હતો કે જે સાધનો દ્વારા પોતાના દેશ ઈંગ્લેન્ડનો ઉત્કર્ષ થયો છે, એ બધાનાં બીજ ગુજરાતમાં રોપવાં. એ સમયે બુધવારે પ્રગટ થતું હોવાથી ઘણાં વર્ષો સુધી ગુજરાતના વર્તમાનપત્ર ‘બુધવારિયા’ તરીકે ઓળખાતું હતું ! આવું અખબાર પ્રકાશિત કરવા ફાર્બસસાહેબને અંગ્રેજોનો ખોફ પણ વહોરવો પડ્યો અને એમને અટકાવવા ન્યાયાધીશોએ પરિપત્ર પણ કાઢ્યો કે સરકારી નોકરે વર્તમાનપત્રના કામથી દૂર રહેવું. અમદાવાદ વર્નાક્યુલર સોસાયટીની નિશાળ સ્થાપી. ૧૮૫૦માં ‘બુદ્ધિપ્રકાશ’ સામયિકનો પ્રારંભ કર્યો, તો ૧૮૫૧માં સંસ્થાનું પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું. ફાર્બસસાહેબ સૂરતમાં ગયા, તો ત્યાં પણ સંસ્થાની સ્થાપના કરી. ‘સૂરત સમાચાર’ નામનું પત્ર પ્રગટ કર્યું અને એન્ડ્રુઝ પુસ્તકશાળા શરૂ કરી.

૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે ફાર્બસસાહેબે ભારતની પ્રજાના અવાજને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. એક અંગ્રેજ અમલદાર હોવા છતાં એમણે વસ્તુસ્થિતિનું વાસ્તવિક મૂલ્યાંકન કરતાં કહ્યું, ‘લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થયા તેથી જ બળવો થયો.’ વળી એમણે લખ્યું, ‘અન્યાય થાય છે એવું સમજી જે દેશની પ્રજા સક્રિય થઈ હોય, તે દેશમાં કદાપિ રાજ્ય રાખી શકાય નહીં.(માટે અન્યાય કરવો નહીં) એવું લોર્ડ એલેન્બરો વદે છે તે યથાર્થ અને સત્ય છે.’

ફાર્બસસાહેબ ઈંગ્લેન્ડ ગયા, પણ ત્યાં રહીને ભારતની પ્રજાનો અવાજ એનાં અખબારો સુધી પહોંચાડ્યો હતો. ભારતવાસીઓ માટે જ્યારે મહાઘાતકી, જંગલી અને ક્રોધી એવાં વિશેષણોથી ઈંગ્લેન્ડમાં લેખો લખાતા હતા, ત્યારે ફાર્બસસાહેબે યુરોપમાં ભારતનો પક્ષ બતાવવાનો પ્રયાસ કર્યો એટલું જ નહીં, પણ દૃઢતાપૂર્વક કહ્યું પણ ખરું છે કે ભારતમાં અંગ્રેજો અને એમની સુકુમાર સ્ત્રીઓ સલામત છે.

આવા ફાર્બસસાહેબ અત્યંત પ્રેમાળ સરકારી અધિકારી હતા. ગુજરાતની પ્રજા વહેમથી પીડિત હતી, છતાં એના તરફ સતત એમના હૃદયનું વાત્સલ્ય વહેતું રહ્યું. પગપાળા પ્રવાસ કરવાના શોખીન ફાર્બસસાહેબ જે કોઈ વટેમાર્ગુ મળે તેની સાથે પ્રેમથી વાત કરતા હતા. એમનાં સુખ-દુઃખને સમજવાનો પ્રયાસ કરતા હતા. કોઈ ગરીબ મળે તો મદદ કરતા હતા. એકવાર જંગલમાંથી પસાર થતા હતા, ત્યારે એક સ્ત્રી માથે લાકડાનો ભારો ઊંચકીને જતી હતી. એ ખૂબ થાકી ગઈ હતી, પણ એના માથાનો ભાર ઉતારનાર એક ઈશ્વર સિવાય બીજું કોઈ દેખાતું નહોતું! એવે સમયે ફાર્બસસાહેબ ત્યાંથી નીકળ્યા, એની પાસે ગયા અને મદદ કરીને એના માથેથી લાકડાનો ભારો ઉતરાવ્યો.

**આવા ફાર્બસસાહેબ અત્યંત પ્રેમાળ સરકારી અધિકારી હતા. ગુજરાતની પ્રજા વહેમથી પીડિત હતી, છતાં એના તરફ સતત એમના હૃદયનું વાત્સલ્ય વહેતું રહ્યું. પગપાળા પ્રવાસ કરવાના શોખીન ફાર્બસસાહેબ જે કોઈ વટેમાર્ગુ મળે તેની સાથે પ્રેમથી વાત કરતા હતા**

ફાર્બસસાહેબ મુંબઈમાં આવ્યા ત્યારે શ્રી મનઃસુખરામ ત્રિપાઠીના સહયોગથી ગુજરાતી સભાની સ્થાપના કરી. એના માટે મુંબઈના ધનિકોએ ૩૭ હજાર રૂપિયા અને કાઠિયાવાડના રાજરજવાડાંઓએ ૨૮ હજાર આપ્યા. એ પછી ફાર્બસસાહેબનું અવસાન થતાં મુંબઈની ‘શ્રી ગુજરાતી સભા’ની સાથે એમનું નામ જોડી ‘ફાર્બસ ગુજરાતી સભા’ રાખવામાં આવ્યું. એક અંગ્રેજ અમલદારે ગુજરાતી ભાષા, સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિની કેવી અનન્ય સેવા કરી!

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી,*
*અમદાવાદ-૩૮૦૦૦૨*
*ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫*



# આપણી ભાષા કથીર હોય તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ

- દેવેન્દ્ર પટેલ

ગુજરાતની પ્રજાને આજથી ૧૦૦ વર્ષ પૂર્વેના રાજકીય ઈતિહાસની બહુ ઓછી ખબર છે. ઐતિહાસિક રીતે ૧૯૧૭નું ગયું વર્ષ ઘણું મહત્ત્વનું હતું. ખેડા સત્યાગ્રહ, અમદાવાદનો મિલ મજૂર સભાગૃહ, ચંપારણ સત્યાગ્રહ, રેંટિયાની શોધ વગેરે ઘટનાને એક સૈકો થયો.

એ બધામાં એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી : ૧૯૧૭માં મળેલી ગુજરાતની પહેલી રાજકીય પરિષદ. પહેલી ગુજરાતની રાજકીય પરિષદ તા. ૩, ૪, ૫ નવેમ્બર, ૧૯૧૭ના દિવસોમાં પંચમહાલના ગોધરા ખાતે મળી હતી. આ પરિષદનું કાર્યક્ષેત્ર ગુજરાત પૂરતું સીમિત હોવા છતાં તેમાં લોકમાન્ય ટિળક, વરાડના રાજા ખાપરડે તથા મોહંમદ અલી ઝીણાએ પણ હાજરી આપી હતી.

**સ્વદેશી ભાષાના સંદર્ભે ગાંધીજીએ કહ્યું હતું કે, બહારની પરદેશી ભાષા સુવર્ણમય હોય તો પણ તે ઉપયોગની થઈ શકતી નથી. આપણી ભાષા કથીર હોય તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ**

**લઘુતાગ્રંથિ છોડો**

તા. ૩ નવેમ્બર, ૧૯૧૭ના રોજ બપોરે બે વાગે ૫૦૦ મહિલાઓ અને ૧૦,૦૦૦ની જનમેદની સાથે યોજાયેલી એ પરિષદનું પ્રમુખસ્થાન દક્ષિણ આફ્રિકાથી પાછા આવેલા ગાંધીજીએ સંભાળ્યું. તેઓ શરૂઆતમાં જ બોલ્યા હતા : ''મને આ ઉચ્ચ પદ (પ્રમુખસ્થાન) આપ્યું તે માટે આપ સૌનો હું આભાર માનું છું. અહીંના રાજકારણમાં હું અઢી વર્ષનો બાળક છું. (ગાંધીજી તા. ૯ જાન્યુઆરી, ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા.( દક્ષિણ આફ્રિકાના મારા અનુભવ પર હું અહીં વ્યાપાર કરી શકતો નથી. એક સૂત્ર છે કે, જે વખત અને વચન નહીં સાચવે તેને સ્વતંત્રતા નહીં મળે. આપણે બે વાગે કાર્ય શરૂ કરવાના હતા તેના બદલે આપણે તો પોણો કલાક મોડું શરૂ કર્યું છે તેથી આપણને જ્યારે પણ સ્વરાજ્ય મળવાનું હશે તે કરતાં પોણો કલાક મોડું મળશે.''


આ રાજકીય પરિષદની નોંધપાત્ર વાત એ હતી કે પહેલી રાજકીય પરિષદમાં ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારીના શિરસ્તાનો છેદ ઉડાડી દીધો. ઈ.સ. ૧૯૧૭ સુધી ભારતમાં કોંગ્રેસ કે અન્ય સભાઓની શરૂઆત 'Long live the Emperor' કહી એક ઠરાવ કરી બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે વફાદારી દર્શાવવાની પ્રણાલિકા હતી. શિરસ્તો ગાંધીજીએ ગોધરામાં તોડ્યો.ગાંધીજીએ કહ્યું : ''કશા કારણ વગર આવો ઠરાવ પસાર કરી આપણે આપણી લઘુતા દેખાડીએ છીએ. અંગ્રેજો એમની પરિષદોના પ્રારંભમાં આવો ઠરાવ કરતા નથી.''

આ પછી બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે વફાદારી દર્શાવતા ઠરાવની બીજી રાજકીય પરિષદો અને કોંગ્રેસના અધિવેશનોમાં બાદબાકી થઈ ગઈ.

**અસ્પૃશ્યતા એક કલંક**

પરિષદમાં ગાંધીજીનું ભાષણ સૈકાઓથી સમાજના અત્યાચારોનો ભોગ બનેલા અંત્યજો માટે નોંધપાત્ર હતું. તેમણે કહ્યું કે,''અંત્યજોનો એક જુદો વર્ગ હોય તે હિંદને માટે કલંક છે. નાત-જાત એ બંધારણ છે. પાપ નથી. પરંતુ અસ્પૃશ્યતા એ તો પાપ છે, સખત ગુનો છે અને હિંદુસ્તાન જો આ નાગનો સમયસર નાશ નહીં કરે તો એ એને ભરખી જશે. અંત્યજોને હિંદુ ધર્મથી અળગા હરગીઝ ન માનવા જોઈએ. તેમની સાથે હિંદુ સમાજના પ્રતિષ્ઠિત માણસોની જેમ વર્તવું જોઈએ.''

સ્વદેશી ભાષાના સંદર્ભે ગાંધીજીએ કહ્યું હતું કે, બહારની પરદેશી ભાષા સુવર્ણમય હોય તો પણ તે ઉપયોગની થઈ શકતી નથી. આપણી ભાષા કથીર હોય



તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ. આ પરિષદમાં ગાંધીજીએ બીજા વક્તાઓને પણ આગ્રહપૂર્વક ગુજરાતીમાં ભાષણ કરાવડાવ્યું હતું.

જોકે ગાંધીજીની આ સફળતામાં જ મોહંમદ અલી ઝીણા અને ગાંધીજી વચ્ચે વૈચારિક વૈમનસ્યતાનું બીજ વવાયું હોવાનું રાજમોહન ગાંધી માને છે.

**ભાષણો અંગે ગાંધીજી**

ગાંધીજીએ આ પરિષદમાં એક મહત્ત્વપૂર્ણ વાત કહી : " સ્વરાજય વિના હિંદુસ્તાનમાં શાંતિ સંભવ નથી. પરંતુ જો આપણે સ્વરાજ્ય માટેની ચળવળ માત્ર સભાઓ ભરીને જ કરીએ તો પ્રજાને હાનિ થવાનો સંભવ છે. મેળાવડા અને ભાષણો યોગ્ય સ્થળે અને યોગ્ય વખતે જ શોભી શકે છે પણ માત્ર મેળાવડા કે ભાષણોથી પ્રજા ઘડાતી નથી."

**રેંટિયો મળ્યો**

ગાંધીજીનું રચનાત્મક શસ્ત્ર 'રેંટિયો'ની શોધ પણ ગોધરા પરિષદની ફળશ્રુતિનો એક ભાગ હતી. ગાંધીજીએ કહ્યું હતું : "આ બહેન (ગંગાબહેન)નો વિશેષ પરિચય મને ગોધરાની પરિષદમાં થયો. મારું દુઃખ મેં તેમની પાસે મૂક્યું ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમજ રેંટિયાની પાછળ ભમવાનું પ્રણ(પ્રતિજ્ઞા) લઈ તેમણે મારો ભાર હળવો કર્યો. ગુજરાતમાં સારી પેઠે ભમ્યા પછી ગાયકવાડના વિજાપુરમાંથી ગંગાબહેનને રેંટિયો મળ્યો."

**"સ્વરાજય વિના હિંદુસ્તાનમાં શાંતિ સંભવ નથી. પરંતુ જો આપણે સ્વરાજ્ય માટેની ચળવળ માત્ર સભાઓ ભરીને જ કરીએ તો પ્રજાને હાનિ થવાનો સંભવ છે. મેળાવડા અને ભાષણો યોગ્ય સ્થળે અને યોગ્ય વખતે જ શોભી શકે છે પણ માત્ર મેળાવડા કે ભાષણોથી પ્રજા ઘડાતી નથી"**

આમ રેંટિયાની શોધ પાછળ પણ ગોધરાની પરિષદ નિમિત્ત બની.

**શતાબ્દી સ્મરણ**

'શતાબ્દી સ્મરણ : પહેલી ગુજરાત રાજકીય પરિષદ ગોધરા, ૧૯૧૭' શીર્ષક હેઠળનું એક સુંદર પુસ્તક લખનાર લેખક સંપાદક ડૉ. અરુણ વાઘેલા અને સહ સંપાદકો પ્રો. વિનોદ ગાંધી તથા ડૉ. ગૌતમ ચૌહાણે ગોધરામાં મળેલી પહેલી ગુજરાત રાજકીય પરિષદ અંગે સુંદર સંશોધન કર્યું છે. તેમાં તેમણે કરેલા સંશોધનાત્મક અભ્યાસની ફળશ્રુતિમાં જણાવવામાં આવ્યું છે કે, "ગાંધીજીની માફક ગાંધીજીની જેમ સરદાર પટેલ અને બીજા કાર્યકર્તાઓ પણ આ રાજકીય પરિષદના પ્રભાવથી પેદા થયા. સરદાર પટેલને ગુજરાતવ્યાપી નેતા તરીકે ઉપસાવવામાં ગોધરા પરિષદ મદદરૂપ નીવડી. આ પરિષદ પછી રચાયેલા કાર્યકારી મંડળના સરદાર પટેલ મંત્રી બન્યા. તેથી વેઠપ્રથા વિરુદ્ધના ઠરાવનો અમલ કરાવવા માટે પણ તેમની જવાબદારી વધી. ગાંધીજીના અંગત મંત્રી મહાદેવ દેસાઈ આ રાજકીય પરિષદ પછી તરત જ જોડાયા. ઈંદુલાલ યાજ્ઞિક, શંકરલાલ બેન્કર પણ અહીંથી જ પ્રેરણા પામ્યા. ટૂંકમાં ગોધરાની પરિષદ નેતાઓ અને કાર્યકર્તાઓ તૈયાર કરનારી પ્રયોગશાળા પુરવાર થઈ. રાજકીય પરિષદના છેલ્લા દિવસે દલિતોના વિસ્તારમાં મળેલા મેળાવડાને અંત્યજ પરિષદનું નામ મળ્યું. ગોધરામાં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણના ઈતિહાસમાં ક્રાંતિકારી કામ કર્યું.

**પરિષદનું મહત્ત્વ**

ગોધરા પરિષદના મહત્ત્વને સમજાવતા ઈંદુલાલ યાજ્ઞિકે કહ્યું હતું : "ગુજરાતની રાજકીય તવારીખમાં ગોધરાની રાજકીય પરિષદ સીમાચિહ્નરૂપ બની હતી. જાગૃત થયેલી પ્રજાએ અને એના નવા નાયકોએ ગોધરામાં મળીને ગાંધીજીને કુમકુમ તિલક કરી ગુજરાતની આગેવાની અર્પણ કરી. ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહ કરીને, આફ્રિકાની ગિરમીટીઓ પ્રથા રદ કરાવીને અને વિરમગામની જકાત બંધ કરાવીને ચમત્કાર કર્યો. આવા ત્રિવિધ વિજયથી તેમણે સિદ્ધ કરેલા કર્મયોગનો મંત્ર તેમણે ગોધરામાં સાદી બોલીમાં ફરી ફરીને આપ્યો."

ગુજરાતના નવેસરના ઘડતરનું બીજ જ્યાં રોપાયું તેવી ગોધરાની પહેલી રાજકીય પરિષદ ગુજરાતના રાજકીય ઈતિહાસનું એક સોનેરી ઊજળું પ્રકરણ છે. ગુજરાતની નવી પેઢીને આ પહેલી ઐતિહાસિક રાજકીય પરિષદ ૧૯૧૭થી વાકેફ કરવી જોઈએ.

*એ-૧૦૧, અભિલેખ વિલા, શીલજ ચાર રસ્તા પાસે,*
*શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૯*
*(મો. ૯૮૭૯૨૦૭૧૦૨)*

# જર, જમીન, જોરુનાં દેવી : લક્ષ્મી

*- જય વસાવડા*

ભારતમાં નવરાત્રિ આવે એને આડે દસેક દિવસ બાકી હશે ત્યાં સુપરસ્ટાર સ્પેનિશ અભિનેત્રી એવી સલમા હાયેકે એક પોસ્ટ મૂકી સોશિયલ નેટવર્ક પર, જે અહીં હેડલાઈનમાં ચમકી. સલમાએ ભારતના લક્ષ્મીદેવીનું રાજા રવિવર્મા રાજી થઈ જાય એવું સરસ ચિત્ર મૂકીને અંગ્રેજી અને સ્પેનિશમાં લખ્યું, જેનો અનુવાદ વાંચો :

'મારે જયારે મારા આંતરિક સૌંદર્ય/ઈનર બ્યુટી સાથે કનેક્ટ થવું હોય ત્યારે હું મારું મેડિટેશન દેવી લક્ષ્મીને ધ્યાનમાં રાખી કરું છું. જે હિંદુ ધર્મમાં પ્રતિનિધિત્વ કરે છે સમૃદ્ધિ, સંપત્તિ, સદ્ભાગ્ય, પ્રેમ, સૌંદર્ય અને માયા ( શબ્દશઃ ઇલ્યુઝન કે મેજિક ), આનંદ, સુખ અને પ્રગતિનું! કોઈ અકળ કારણથી એનું ચિત્ર મને જોયફૂલ / આનંદિત કરે છે અને આનંદ જ તમારી ઇનર બ્યુટી સુધી પહોંચવાનું સર્વોત્તમ દ્વાર છે.'

વાહ, જોબન પડદા પર પાથરી ચિરયુવા લાગતી સલમાના ધનકુબેર ફ્રેન્ચ પતિ પિનો ગુચ્ચી સહિત બાવીસેક ફેશન બ્રાન્ડસના રણીધણી છે ! અબજોની દોલત ધરાવે છે. એ રીતે લક્ષ્મીપૂજા સલમાને ફળી જરૂર. આમ પણ હમ્પીના ખંડેરોથી ઝુરિકના મ્યુઝિયમો સુધી વિષ્ણુના સંગિની તરીકે સંસાર ચલાવવામાં ચાલકબળ એવા દિવાળીના મુખ્ય અધિષ્ઠાત્રી લક્ષ્મીજી જોવા મળે !

શ્રીદેવી. ઐશ્વર્યા. લક્ષ્મી.

ત્રણે ય નામ અભિનેત્રીના નહિ, દિવાળીને જેમનું હોંશે હોંશે પૂજન કરીએ છીએ એ લક્ષ્મીદેવીના છે. લક્ષ્મી એટલે જ જર, સોનું, રૂપું, હીરા, મોતી, ઝવેરાત, રૂપિયા, ડોલર, યુરો, પાઉન્ડ, યેન, એ હોય તો જ જમીન આવે. ખરીદી શકાય કે ખરીદેલી હોય એ ટકાવી શકાય. અને ઘરમાં




આવતી સ્ત્રીને તો ભારતમાં ગૃહલક્ષ્મી જ કહેવાય. દીકરી જન્મે એને ય લક્ષ્મી આવ્યા, એમ જ વધામણી અપાય. અને લક્ષ્મી તો રૂપના પણ દેવી. રૂપાળી રમણી લક્ષ્મીકૃપાથી જ બની શકાય. માટે લક્ષ્મી એટલે જર, જમીન અને જોરુ.

આમ પણ, દિવાળીની બજારમાં ફરો એટલે લક્ષ્મીના પગમાં પડવાનું મન થઈ જ જાય ! ફટાકડા કે કપડાના ભાવ સાંભળો, ગ્રીટિંગ્સ કે કલર્સનું બજેટ ફાળવો, મકાનના સુશોભનથી મીઠાઈઓના સર્જન સુધી લક્ષ્મીની અદશ્ય બોલબાલા છે. પ્રવાસ કે ટેલિફોનના બિલ્સ, શોપિંગની ક્રેડિટ- ઈન્ટરેસ્ટ... બધે જ કમલા (કમળે જેને ધારણ કરી છે, અને જેણે કમળને ધારણ કર્યું છે તેવા લક્ષ્મીદેવી સ્તો!)નો કમાલ દેખાય ! તમારે રામની ભક્તિ કરવી હોય કે અંબાની સ્તુતિ-આશીર્વાદ તો પહેલા લક્ષ્મીજીના જ મેળવવા પડે ! સ્વયં નારાયણને પણ લક્ષ્મીપતિ થવું પડ્યું હોય, તો પછી બાપડા નરનો શો વાંક ?

કેટલાક તજજ્ઞો માને છે કે 'ધનતેરસ' મૂળ તો વૈદકના પિતામહ ગણાતા ધન્વંતરિની ઉપાસનાનો તહેવાર છે. પણ કળિયુગ આવતા પહેલા જ સુજ્ઞજનોને લક્ષ્મીદેવીની આરાધનાનું મહાત્મય સમજાઈ ગયું હશે. એટલે ધનતેરસે ધન્વંતરિને બદલે ધનની પૂજા થવા લાગી હશે ! એક જાહેર સમારંભમાં આયોજકોએ સરસ્વતીની બાજુમાં લક્ષ્મીની છબી મૂકીને દીપપ્રાગ્ટય કર્યું હતું. વાત એકદમ બરાબર છે. લક્ષ્મીની કૃપા વિના સરસ્વતીના સાધકોને આજકાલ હોલ પણ ભાડે મળતો નથી !

દિવાળીનો આખો તહેવાર ભારતીય ફેસ્ટિવલ્સની માર્કેટમાં 'ફ્લેગશિપ' બ્રાન્ડ છે. દીપાવલી એટલે જ લક્ષ્મીનું મહત્ત્વ સમજાવતું પર્વ ! આ ઉત્સવ સમ્રાટની ઉજવણી પાછળ નરકાસુરના વધથી રામના અયોધ્યા આગમન સુધીના અનેક કારણો ભલે કહેવાય, આ તહેવાર લક્ષ્મીપૂજનનો બની રહ્યો છે. દિવાળી જ નહિ, ધનતેરસે પણ લોકો કુંભની રંગોળી કરીને લક્ષ્મીવંદના કરવા લાગે છે.

ગ્રીક માયથોલોજીમાં જે સ્થાન સૌંદર્ય અને સંપત્તિની દેવી એફ્રોડાઈટનું છે, એ ભારતીય પુરાણકથાઓમાં ઐશ્વર્યાની અધિષ્ઠાત્રી એવી 'શ્રીદેવી' યાને લક્ષ્મીનું છે. લક્ષ્મીની પ્રશંસા કરતું વૈદિક સાહિત્યનો ભાગ ગણાતુ-શ્રીસૂક્ત એક ઉત્તમ અલંકારિક રચના છે. આજના શુષ્ક ધાર્મિકજનો ભલે સૌંદર્ય વિરોધી થઈ ગયા, ભારતના પ્રાચીન ધાર્મિક સાહિત્યમાં ડગલે

ને પગલે અદ્ભુત સૌંદર્યવર્ણનો પથરાયેલા છે. શ્રીયંત્ર ઘણાને યાદ હશે, પણ શ્રીસૂક્ત નહિ હોય !

એમાં લક્ષ્મીની પ્રશંસા હિરણ્યવર્ણમ (સુવર્ણ જેવી ચમકવાળી), પદમવર્ણમ (કમળ જેવા ગુલાબી વાનવાળી) અને આદિત્યવણી (સૂર્ય જેવી દેદીપ્યમાન) જેવા શબ્દોથી કરીને સૌંદર્ય સંપત્તિ, સંતાન અને સુખ માટે એને ભજવામાં આવી છે. શાસ્ત્રોક્ત રીતે લક્ષ્મીના આઠ મુખ્ય પ્રકાર છે : આદિલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, ધૈર્યલક્ષ્મી, ગજલક્ષ્મી, સંતાનલક્ષ્મી, વિજયલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી અને ધનલક્ષ્મી. લક્ષ્મી નસીબવાનોને મળે છે, કારણ કે એ પ્રારબ્ધની દેવી છે. કહેવાય છે કે એ ઋષિભૃગુ અને ખ્યાતિની કન્યા હોઈને વિધાતાની બહેન છે ! એ ફળદ્રુપતા, સૌંદર્ય અને સંપત્તિની માતા છે. મહર્ષિ અરવિન્દે લક્ષ્મીને પ્રેમશક્તિ કહીને 'રેડ મધર'ની ઉપમા આપેલી.

ધુવડ પર સવારી કરનાર લક્ષ્મી બ્રહ્માંડના પ્રતીક જેવા સહસ્રદલ કમળ સાથે જોડાયેલી છે. માટે જ વિષ્ણુના અવતાર ગણાતા વેંકટેશ્વરની પત્ની પદમાવતી (લક્ષ્મી) છે. લક્ષ્મી વિષ્ણુની છાતીમાં વસે છે. માટે જ વિષ્ણુનું નામ છે શ્રીનિવાસ! લક્ષ્મી સ્વર્ગલોકની પ્રમુખ નૃત્યાંગના છે. અપ્સરાઓને શાસ્ત્રીય નૃત્ય શીખવનાર પણ લક્ષ્મી છે. કોશા કે ઈન્દિરાના નામે ઓળખાતી મહાલક્ષ્મી સૃષ્ટિની રચના પહેલા વૈકુંઠમાં રમા નામે ઓળખાતી, એમ ભાગવત કહે છે. દેવરાજ ઈન્દ્ર અને દાનવરાજ બલિ બંનેથી નારાજ થઈને જળસમાધિ લઈ લેનાર આદિલક્ષ્મી પછી શ્રીદેવી બનીને ઐશ્વર્યામય થયા !

દુનિયામાંથી ગ્રીક સંસ્કૃતિ સદંતર નાબૂદ થઈ ગઈ, પણ ગ્રીક દેવી દેવતાઓના નામ બધી સંસ્કૃતિ પર છવાયેલા રહ્યા ! કારણ ? એને શ્રદ્ધા-પૂજન અર્ચનના બંધન વિના જાણવા માણવાની નવી પેઢીને મોકળાશ મળી. એમની રંગબેરંગી વાર્તાઓમાં જગતને રસ પડયો. એમના નોખા-અનોખા પાત્રો લોકોથી દૂર ઊંચાઈ પર જવાને બદલે લોકોની વચ્ચે, લોકોના ખોળામાં પહોંચી ગયા. સદ્નસીબે ગ્રીકરોમન કલ્ચર બચ્યું ન હોઈ 'ધાર્મિક લાગણી દુભાવા'ની આહલેક જગાવતો કોઈ વિઘ્નસંતોષી પ્રગટ ન થયો. માટે એ દેવી-દેવતાઓ મ્યુઝિયમથી કોમ્પ્યુટર પ્રોગ્રામ સુધી, વીડિયો ગેઈમ્સથી કોમિક્સ સુધી અમર બની ગયા.

ભારત પાસે તો અન્ય તમામ સંસ્કૃતિઓને એકઠી કરો, એથી ય વધુ મજાનો ખજાનો છે. રસતરબોળ કરી દે એવી કહાનીઓ છે પણ બધું ધાર્મિક્તાની તાળાબંધીમાં કેદ પડયું હોઈને રસિક રીતે યુવા ભારતીયો સુધી પહોચતું નથી. ધીરે ધીરે 'હેરી પોટર' એમના પર કામણ કરે છે અને ફેન્ટાસ્ટિક ફેન્ટેસીથી છલોછલ પુરાતન કથાઓ નામશેષ થતી જાય છે. પંડિતો એને પ્રમાણભૂત ઈતિહાસ તરીકે સિદ્ધ કરવા માટે હલ્લાગુલ્લા કરે છે. પુસ્તકો-ચર્ચાઓ શિબિરો થાય છે.

પછી શું ? એનાથી એ જનમાનસના હૃદય સુધી પહોંચે છે ? એ ઉગતી પેઢીના બચ્ચાંઓ અને ઉગી ચૂકેલી પેઢીના જવાનોના વોટ્સએપ મેસેજીઝ સિવાયનો જીવનનો અંતરંગ હિસ્સો બને છે ? જો આમ ન થાય તો આ બધો બૌદ્ધિક વ્યાયામ નિરર્થક છે. ગૌરવના ભાષણોથી સ્નેહનો સંબંધ નથી બનતો. પછી નવું વર્ષ માત્ર નવો દટ્ટો અને નવી ડાયરી લઈ આવે છે, નવો અભિગમ, નવી મુક્તિ, નવી ક્રાંતિ નહિ !

ઉદાહરણ માટે લક્ષ્મીદેવી સાક્ષાત મોજૂદ છે. ફોનના ટચસ્ક્રીનથી કાચની છબીઓ સુધી લક્ષ્મીનું પૂજન થશે પણ લક્ષ્મીના ઉદ્ભવથી બેહદ પ્રચલિત કથા પણ આજે કેટલાને યાદ છે ? કુંભના સ્ટિકર્સ લગાવનારને લક્ષ્મી અને કુંભ વચ્ચેના સંબંધની ખબર છે ? જરા 'સમુદ્રમંથન'ની દશાવતારી કથા યાદ કરો. એની ભવ્યતા 'ટેન કમાન્ડમેન્ટસ'ને પણ ટપી જાય એવી છે. તો, દેવ-દાનવના સંગ્રામની વાતમાં વળી શું જાણવા જેવું હતું ? આવો પ્રશ્ન થઈ આવે તો જાણવું કે દિવાળીમાં ઘરની સાથે દિમાગના જાળા પણ સાફસૂફ કરવાના છે! દેવ અને દાનવો ઓરમાન ભાઈઓ છે, એ જાણો છો ? દાનવ અને દૈત્ય એક જ નથી એ ખબર છે ? ધન્વંતરિ અને લક્ષ્મી વચ્ચે ધનતેરસ સિવાયનો સંબંધ જાણો છો ?

ઓકે. માંડીને વાત કરીએ. આમ તો ભારતના પ્રાચીન ગ્રંથોમાં અસંખ્ય વિરોધાભાસો છે, જે સ્વાભાવિક છે. પણ બધાનું તારણ કંઈક આવું છે. બ્રહ્માંડના પ્રથમ રાજા બ્રહિની દસમી પેઢીએ પ્રચેતસ દક્ષ હતો. (શિવના સસરા દક્ષ પ્રજાપતિની વાત નથી) દક્ષને તેર દીકરીઓ હતી, જે તમામ બ્રહ્માના માનસપુત્ર (જેમના નામ પરથી કાશ્મીર નામ પડયું છે તેવા) કશ્યપ ઋષિને પરણી હતી. એમાં આદિતીને ૧૨ પુત્રો થયા, જે આદિત્યો કહેવાયા. સૌથી નાના વિષ્ણુના વંશજો દેવ કહેવાયા.

અદિતીની જ બહેન દિતીના સંતાનો દૈત્યો કહેવાય. જેમાં હિરણ્યકશ્યપુ એન્ડ કંપનીનો ઉદ્ભવ થયો. દનુ નામની દેવ-દૈત્યોની માસી વત્તા સાવકી માના સંતાનો દાનવો કહેવાયા. કશ્યપની પત્નીઓ પ્રથા, કપિલા, વિશ્વા અને મુનિના સંતાનો ગાંધર્વો અને અપ્સરાઓ બન્યા. કદ્રુના પુત્રો નાગ (ભક્ષક) અને વનિતાના બે પુત્રો સૂર્યરથનો સારથી અરૂણ તથા વિષ્ણુનું વાહન ગરુડ થયા. ઉપરાંત દાન્યા, કલા, ક્રોધા અને સિંહિકાના પણ સંતાનો હતા! બાય ધ વે, બ્રહિની ૧૫મી પેઢીએ વિવસ્વાન (સૂર્ય)ના પુત્ર સત્યવ્રત યાને વૈવસ્વતઃ મનુ અને શુત્પાના પ્રલય બાદના સંતાનો એટલે માનવો !

સુરાપાન કરે તે સુર(દેવ)અને એ ન કરે તે અસુર ! દૈત્યો-દાનવોમાં શંબર, વિરૂપાક્ષ, મારીચ, નિકુંભ, વાતાપિ,

હયગ્રીવ, આરિષ્ટ, સ્વર્ભાનુ (રાહુનો બાપ) વગેરે પ્રમુખ નામો હતા. એમની શક્તિઓ પાસે દેવો નબળા હતા. હિરણ્યકશ્યપુના પુત્ર પ્રહલાદના પુત્ર વિરોચનનો પુત્ર એટલે બલિ. અસુરગુરુ શુક્રાચાર્યની સંજીવની વિદ્યાના પ્રતાપે બલિએ ત્રિલોક પર કબજો કરી લીધો. અસહાય ઈન્દ્રે (રાબેતા મુજબ) વિષ્ણુની સહાય માંગી. સંજીવનીનો મુકાબલો કરવા વિષ્ણુએ અમૃત મેળવવાની સલાહ આપી. પણ અમૃત મેળવવું કેમ ?

ધરતી ત્યારે ક્ષીરસાગર યાને દૂધના અફાટ સમુદ્રમાં ડૂબેલી હતી. સમુદ્રનું બ્લેન્ડરથી છાશ વલોવાય, એમ મંથન (ચર્નિંગ, યુસી !) કરવાનું નક્કી થયું. સમુદ્રને વલોવવો કઈ રીતે ? મંદાર પર્વતને વલોણા તરીકે વાપરવાનું સૂચન થયું. (કહેવાય છે કે મંદાર આજના બિહારના ભાગલપુરમાં છે.) વાસુકિ નાગને દોરડારૂપે એની ફરતે વીંટાળવાનો બંને બાજુથી પર્વત ધૂમાવી દરિયો વલોવવાનો !

દુર્બળ દેવોથી એકલે હાથે આ કામ ન થાય, માટે ઐતિહાસિક સંધિ કરીને બલિરાજાના દાનવોની મદદ માંગવામાં આવી. ભારત-પાકિસ્તાનની સંયુક્ત ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાને પડકારે એમ દેવ-દાનવ અમૃતની આશાએ એકઠા થયા. પ્રચંડ મંદાર પર્વતને ગરૂડે ઊંચકીને ક્ષીરસાગરમાં મૂક્યો. વાસુકિના મુખ પાસે વિષ્ણુ ઊભા હોઈ ને દૈત્યોએ એ ભાગ પસંદ કર્યો. ઘમ્મરવલોણું ફર્યું કે પર્વત તો શ્વેત દૂધના દરિયામાં ડૂબવા લાગ્યો!

નીચે આધાર આપવા માટે વિષ્ણુએ કૂર્મ અવતાર ધારણ કર્યો. વિરાટ કાચબાનું રૂપ ધારણ કરવાની સ્પેશ્યલ ઈફેક્ટ સજીને ફરી સમુદ્રમંથન આગળ ધપાવ્યું ત્યાં તો 'કાલકૂટ' નામનું હળાહળ ઝેર નીકળ્યું ! આખા મનોમંથનથી દૂર ભોળા શંભુને (વિનવીને વિષપાન કરાવાયું.) બહુજન હિતાય ઝેર ગટગટાવેલા મહાદેવે એ ગળામાં ભર્યું હોઈને એમનું ગળું ભૂરૂં પડી ગયું. માટે નામ પડયું નીલકંઠ !

પછી તો એક પછી એક અજાયબ ભેટો મંથનમાંથી મળતી ગઈ. 'સુરભિ' નામે ઓળખાતી કામધેનુ (ઈચ્છો તે આપનારી) ગાય નીકળી. જે ઋષિઓને સોંપાઈ. રંભાની આગેવાની નીચે અપ્સરાઓ નીકળી. જે દેવલોકમાં ગઈ. કૌસ્તૂભમણિ અને પાંચજન્ય શંખ વિષ્ણુની પાસે રહ્યા. કાળી પૂંછડીવાળો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ બલિએ લઈ લીધો. સાત સૂંઢાળો ઉડતો ઐરાવત હાથી ઈન્દ્રે રાખ્યો. (મ્યાનમારની ઈરાવદી નદી મૂળ 'ઐરાવત' નદી હતી) પારિજાત નામનું માગો તે મળે એવું 'કલ્પવૃક્ષ'નીકળ્યું, જે દેવોના નંદનવનમાં ગયું.

બેહદ સ્વરૂપવાન તારૂણી મદ્યની સાથે નીકળી, અને અસુરોએ મોહિત થઈને એને રાખી લીધી. આ સમુદ્રમંથનમાં હાથીઓની સલામી વચ્ચે લાલ વસ્ત્રોમાં સજ્જ, હાથમાં કમળ રાખેલી સુંદરી પ્રગટ થઈ. એ હતી 'જલધિજા' યાને જળમાંથી જન્મેલી લક્ષ્મી ! લક્ષ્મીએ હાથમાં વરમાળા રાખેલી. ઈન્દ્ર અને બલિ તરફ નજર પણ નાખ્યા વિના સૃષ્ટિ સંચાલક એવા વિષ્ણુના કંઠમાં હાર નાખી દીધો ! અમૃતમંથનમાં એની સાથે અલક્ષ્મી પણ પ્રગટ થયેલી. જેનામાં લક્ષ્મીથી વિરુદ્ધ ગુણો હતા. આજે ય અસ્વચ્છતા હોય ત્યાં અલક્ષ્મીનો વાસ હોય તેવી માન્યતા છે. છેલ્લે, અમૃતમંથનના અંતે હાથમાં અમૃતકુંભ લઈને ધન્વંતરિ પ્રગટ થયા. આ કુંભ માટે ઝપાઝપી થઈ. એમાંના ચાર ટીપાં ઉજ્જૈન, નાસિક, પ્રયાગ અને હરદ્વારમાં પડયા. માટે ત્યાં કુંભમેળાઓ યોજાય છે ! પછીનો રાહુ, કેતુ, મોહિનીવાળો ક્લાઈમેક્સ ખૂબ જાણીતો છે. આ સમુદ્રમંથનનું શિલ્પ કમ્બોડિયાના મંદિર અંગકોરવાટની ભીંતો પર કે થાઈલેન્ડના પાટનગર બેંગકોકના સ્વર્ણભૂમિ એરપોર્ટ પર આજે ય છે ! ભારતમાં લક્ષ્મીની પૂજા એ પ્રામાણિક કર્તવ્ય છે. વાસ્તવમાં આપણે આ એક પૂજન જ કરીએ છીએ, સામે ભલેને મંદિરો બદલાતા રહે ! વેદમાં પણ આ ધાન્યની દેવીને જ આખુ સૂક્ત માને છે!

કદાચ એટલે જ લક્ષ્મીના પુત્રનું નામ કામદેવ હશે ! જી હા, પ્રેમ-સૌંદર્ય, શૃંગારનો આ દેવ લક્ષ્મીપુત્ર મનાય છે. અને રતિ લક્ષ્મી પુત્રવધૂ ! લક્ષ્મીનો સીધો સંબંધ એટલે શૃંગારપ્રિય નારી સાથે છે. લક્ષ્મી એટલે ખજાનો. લક્ષ્મી એટલે ભોગવટો. સૃષ્ટિના પાલનહાર વિષ્ણુની એ અર્ધાંગિની છે. લક્ષ્મીની અમીદ્રષ્ટિથી જ ઘર, પત્ની, બાળકો, મિત્રો, અન્ન અને પ્રતિષ્ઠા મળે છે...આવી પ્રાર્થના ઈન્દ્રના મુખેથી 'વિષ્ણુપુરાણ'માં રચાઈ છે ! જર,જમીન, જોરુ આવી ગયા ને! વેલ સેઈડ ! સેલ્ફ ફાઈનાન્સ્ડ શિક્ષણ સંસ્થાઓમાં સરસ્વતીની તસવીરો સાથે લક્ષ્મીની ગોઠવવી જોઈએ. એમની કૃપા વિના એજ્યુકેશન તો શું, એડ્મિશન પણ નથી મળતું !

સલમા હાયેકને લીધે પશ્ચિમના ફેશનજગતમાં જેમની તસવીરને નામ ચર્ચાય એ લક્ષ્મીના પ્રાગટ્યની આખી કહાની સાથે જગતના ચિત્રો માણવાનો શોખ હોય તો ખ્યાલ આવે કે એનું ગજબનાક સામ્ય બર્થ ઓફ વીનસની માયથોલોજી સાથે છે ! સમુદ્રમાથીજ સૌંદર્ય અને ઐશ્વર્યના વૈભવવિલાસની દેવી વીનસ બહાર આવી હતી અને રૂપથી બધા અંજાઈ ગયા હતા. એ ફર્ટીલિટી યાને ફળદ્રુપતા અર્થાત સમૃદ્ધિની પણ દેવી ગણાય. વીનસ જાણે લક્ષ્મીની જ સાયન્સની ભાષામાં ઓલ્ટરનેટિવ યુનિવર્સમાં બહેન હોય એવું લાગે !

'ગુજરાત દીપોત્સવી' વાચકપરિવારને દિવાળી પર વૈશ્વિક મંદીમાં લક્ષ્મીજી રીઝે એવી શુભેચ્છાઓ...

*૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,*
*અમીન માર્ગ, કાલાવડ રોડ,*
*રાજકોટ. મો. - ૯૮૨૫૪૩૭૩૭૩*

# ગુજરાત

ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
www.gujaratinformation.net
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**



**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.net

**● લવાજમ ●**
**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# ધન્ય ભૂમિ ગુજરાતની : જ્યાં મોટા માણસોને નાના માણસો જિવાડે છે

- ભવેન કચ્છી

ધ્રુવ ભટ્ટે સરસ પ્રસંગ કહ્યો છે. દર વર્ષે નાનાં બાળકોને લઈને ગીરમાં કેમ્પ કરવાનું થતું, ત્યારે ત્યાં ગીર વનવિભાગના એક ઓફિસર હતા શૈલેન્દ્ર સિંહા. સિન્હા સાહેબ દર વર્ષે કહેતા કે 'તમે કેમ્પ કરો છો પણ કંઈક ફીડબેક કે, સૂચનો આપતા નથી. તમારા સૂચનો ગીર અને જંગલ ખાતાને ઉપયોગી થાય.' પછી તો કેમ્પ અમુક વર્ષ પછી કરવાના પણ બંધ કરી દીધા. એમાં એકવાર સમાચાર આવ્યા કે સિન્હા સાહેબ ગુજરી ગયા. આ સમાચાર મળતા મને સિંહ સાહેબનું લેણું યાદ આવ્યું કે, કંઈક ગીરને ઉપયોગી થાય એવું કરવું.

હું ગીરમાં રહેવા લાગ્યો. શરૂઆતમાં શું કરવું કે લખવું એવી કોઈ દિશા નહોતી મળતી. પણ એમાં એક બે પ્રસંગો એવા બન્યા કે જેમાં એકવાર રખડતા એક નેસડામાં એક ઝૂંપડાની બરાબર ઉપર એક ઝાડ નમેલું હતું. મેં ઝૂંપડામાં રહેતા માડીને કહ્યું 'આ ઝાડ નીચે ઘરના બધાય રહો છો. આ તો ગમે ત્યારે પડશે.'

**એ માડીએ કહ્યું 'એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રે'સે... 'અને બસ અહીંથી દિશા મળી. આ ભૂમિમાં રહેતા લોકોનો સમાજ, પ્રકૃતિ અને સિંહ જેવા પ્રાણી સાથેનો એમનો નાતો. રખડતા-રઝળતા એના અનુભવો લેતો ગયો અને એમાંથી સાહિત્ય કૃતિ 'અકૂપાર' જન્મી'**

એ માડીએ કહ્યું 'એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રે'સે... 'અને બસ અહીંથી દિશા મળી. આ ભૂમિમાં રહેતા લોકોનો સમાજ, પ્રકૃતિ અને સિંહ જેવા પ્રાણી સાથેનો એમનો નાતો. રખડતા-રઝળતા એના અનુભવો લેતો ગયો અને એમાંથી સાહિત્ય કૃતિ 'અકૂપાર' જન્મી.'

ગુજરાતી સાહિત્યને તત્ત્વમસી, સમુદ્રાન્તિકે, અકૂપાર, તિમિરપંથી, કર્ણલોક જેવી અનોખી નવલકથાઓથી રળિયાત કરનાર લેખક ધ્રુવ ભટ્ટે 'અકૂપાર'ના સર્જન બીજ માટે ઉપરોક્ત પ્રસંગ નિમિત્ત ગણાવ્યો છે. માત્ર સર્જકને જ નહીં આપણને પણ સહજ રીતે કોઈ અજાણી વ્યક્તિ કે પ્રસંગથી અનુભવાતી કોઈ સંવેદના હલબલાવી શકવી જોઈએ.

ખરેખર એવું બનતું જ હોય છે કે, આપણે જેમને અભણ, ગરીબ કે ગમાર ગણતા હોઈએ છીએ, ક્યારેક તેઓ આપણને સંસ્કાર અને સંસ્કૃતિ કોને કહેવાય તે શીખવાડી જતા હોય છે. તેઓએ નથી કોઈ તત્ત્વજ્ઞાન કે વેદો અને ઉપનિષદો વાંચ્યા કે નથી કથા-પ્રવચનો-સત્સંગની સરવાણી ઝીલી.

તમે અંતરિયાળ ગિરનારના જંગલમાં રહેતા પરિવારો અને મિત્રો જોડે પરિક્રમા કરતા હો અને કોઈ મઢી કે ઝૂંપડું માર્ગ પર આવે ત્યારે સામે ચાલીને જ ઝૂંપડામાં વસતા માથે ફાળિયું બાંધેલા, મેલા ઘેલા ગામઠી ભાઈ તેમના પીળા દાંતથી તમે અત્યાર સુધી ક્યારેય આટલી આત્મીયતા ના અનુભવી હોય તેવું સ્મિત આપતા કહેશે કે 'બેહો, થોડો પોરો ખાવ (વિરામ લો) 'તમે થાકી ગયા છો. ભાઈ ચાર કિલોમિટર ચાલીને લાવેલ માટલાનું પાણી તમારી સામે ધરી દે છે. ઝૂંપડીમાંથી હવે વધુ એક વ્હાલભર્યો આવકાર આપતો અવાજ આવે છે કે 'પી લો... તમારા શહેરમાં આવું મીઠું પાણી નઈ મળે.'

આપણા ગ્રૂપમાંથી શહેરીવૃત્તિ બહાર લાવતા કોઈ ગણગણાટ કરશે કે 'ચા મળે તો જમાવટ થઇ જાય.' ઝૂંપડીમાં રહેતા પરિવારના કાન પર ચા શબ્દ પડે તે જ પ્રત્યાયન તેઓ માટે પૂરતું હતું.

તેઓ અંદરોઅંદર મુંઝાય છે. ચહેરા પર નિરાશા ડોકાતી જોઈ શકાય છે. 'પાંચ -પંદર મિનિટ વિહામો લો. ત્યાં સુધીમાં તમારા સૌનો થાક ઉતારી જાય તેવી ચા થઇ જાહે ' તેમ કહી ભાઈ ઝૂંપડીની બહાર જાય છે. બેન લાકડા સળગાવી અગ્નિ પ્રગટાવે છે. ભાઈ તેમની ઝૂંપડીવાળીને (ઘરવાળી તો કહી શકાય તેવી ભૌતિકતા તેઓ નહોતા ધરાવતા) હાથમાં કંઈક આપે છે. થોડી મિનિટોમાં તો ગ્રૂપના તમામ ૧૦ પ્રવાસીઓને કાંસાની રકાબી હાથમાં પકડાવી ભાઈ ધગધગતી તપેલીમાંથી ગરમાગરમ ચા પીરસવા માંડયા.

ભાઈએ સહેજ ઝંખવાણા થઈને કહ્યું કે 'દૂધ નહોતું .. નેસડો થોડો દૂર છે અને ચાની ભૂકી કે પડીકું રોજ અમને પરવડે પણ નહીં. તમે દૂધ અને ચાની ભૂકી વગરની આ ચા પી જુઓ જામો પડી જાહે ..' ચાના ઘૂંટ માંડતા જ લિજ્જતથી સૌના મસ્તિષ્કમાં ઊર્જાનું મોજું ફરી વળ્યું . 'અદભુત. શેની બનાવેલ છે ?' તેવો પ્રશ્ન

વાતાવરણમાં ફરી વળ્યો. ભાઈએ કહ્યું કે ‘તમે ચાની ઈચ્છા કરી એથી અમે પહેલા તો ખુબ દુખી થયા કે અમે તમે પીવો છો તેવી ચા નહીં આપી શકીએ. પણ તમને મજા પડે તેવી ચાની અમને ખાતરી હતી.

અમે લીંબુના ઝાડના પાંદડાની ચા તમને પિવડાવવાનું નક્કી કર્યું. પાંદડાને ઉકાળી તેમાં ગોળ અને થોડું નમક નાંખ્યું છે.’ ખરેખર આવી ચાનો અનુભવ ‘વાહ તાજ’ કરતા કમ નહોતો. તેનાથી પણ વિશેષ પ્રકૃતિ અને નયનરમ્ય ગીરના જંગલની ગોદમાં ભારે થકાન અનુભવતા હતા ત્યારે આ ચા - પાણી, વિશ્રામ અને આતિથ્ય અનુભવી બધાની આંખો ભીની થઇ ગઈ. ગ્રામ્ય દંપતીનો આ બિનશરતી પ્રેમ હતો. ભવિષ્યમાં એકબીજાને ફરી ક્યારેય મળવાના નહોતા તે ખબર હતી.

સવારના નવેક વાગ્યાનો સમય હતો. હજુ જંગલમાં શહેરી સભ્યતા પ્રમાણે ટ્રેકિંગ કરવાનું હતું. ‘આવજો રામ રામ‘ સાથે વિદાય લીધી. ઝૂંપડામાંથી બેન અંદરથી કંઈક યાદ આવ્યું હોય તેમ બહાર આવ્યાં અને તેમનો અવાજ સંભળાયો કે ‘બપોરના જમવા ટાણે અહીંથી જ પરત ફરવાના હો તો રોટલા તૈયાર રાખું.’

**ભદ્ર, સાક્ષર અને કહેવાતા સંસ્કારી સમાજના દંભ અને ઘસાતાં મૂલ્યો સામે આ અંતરિયાળ ગ્રામજનો અરીસો ધરે છે. જો કે તેઓનો એવો કોઈ ઈરાદો નથી. તેઓએ તો ક્યારેય શહેરની મતલબી બનતી જતી સંસ્કૃતિનો પરચો પણ નથી મેળવ્યો**

અંદરખાનેથી ગ્રૂપમાંના સૌનું શહેરી માનસ શરમથી ખુલ્લું પડી ગયું હતું. બધાં એક પ્રકારનું છોભીલાપણું અનુભવતા હતા. શહેરમાં તો એવી ચાલાકી પણ પ્રવર્તે છે કે, નિકટના આદરણીય સ્વજન વર્ષમાં બે વખત ઘેર આવતા હોય તેને પણ ચાની એકાદ વખત ઓફર કરતા મહેમાન ‘ના ના ચાલશે’ તે પ્રકારનો વિવેક બતાવે તે સાથે તરત જ ‘બીજી વખત ચા વગર નહીં જવા દઉં હો’ તેમ ઝડપથી કહી ચાના વ્યવહાર પર ઠંડું પાણી રેડી દેવાતું હોય છે.

ઘણા તો અગાઉથી નક્કી કરીને શુભ પ્રસંગની વેળાએ કોઈ સ્નેહીને ઘેર ગયા હોઈએ તો મોં મીઠું કે નાસ્તો કરાવવાનું હોય તેની જગાએ છાશ પિવડાવી દેતા. મહેમાનગતિના સંસ્કાર છાજલીએ ચઢાવી દે છે. ભદ્ર, સાક્ષર અને કહેવાતા સંસ્કારી સમાજના દંભ અને ઘસાતાં મૂલ્યો સામે આ અંતરિયાળ ગ્રામજનો અરીસો ધરે છે. જો કે તેઓનો એવો કોઈ ઈરાદો નથી. તેઓએ તો ક્યારેય શહેરની મતલબી બનતી જતી સંસ્કૃતિનો પરચો પણ નથી મેળવ્યો. પરચો મેળવ્યો હોય તો પણ તેઓ તેમના સંસ્કારથી બદલાય જાય તેવા નથી.

દિવાળી પછી કારતક મહિનાની ગિરનારની પરિક્રમા વખતે પણ માર્ગમાં આવતાં ગામડાઓનાં રહીશોના ઘર અને ઝૂંપડાઓ યાત્રાળુઓ માટે આખી રાત્રી રામરોટીની જેમ ધમધમશે.

સૌરાષ્ટ્રનો જ એક હૃદયસ્પર્શી પ્રસંગ યાદ આવે છે. હું થોડા વર્ષો પહેલાં મારા વતન જૂનાગઢથી અમદાવાદ શિયાળાની મોડી રાત્રીની ખાનગી બસમાં પરત આવી રહ્યો હતો. ઘેરથી નીકળ્યો ત્યારે જૂની બાંધણીના ફળિયાના ઘરમાં રાત્રે હૂંફાળું વાતાવરણ હતું, બસમાં રાત્રે ૧૧ વાગે બેઠો ત્યારે ઠંડો પવન અચાનક વધવા લાગ્યો. ઘરના સભ્યોએ કહેલું કે શાલ કે સ્વેટર લઈને જાવ. પણ સલાહ ગણકારી નહોતી. બસમાં સ્લીપિંગ કોચ હતો પણ બારી બગડી ગઈ હતી.બંધ કરીએ તો થોડી મિનિટોમાં જ ખૂલી જાય. બસ આગળ ધપતી ગઈ તેમ ઠંડી વધતી ગઈ. બારીને દબાવી રાખી પવનને રોકાતો હતો. બસ ત્રણેક કલાક બાદ ચા પાણી માટે ચોટીલાથી થોડી આગળ ઊભી રહી. હજુ અડધી મંજિલ કાપવાની હતી. ઠંડી હજુ વધશે તે વિચારે નક્કી કર્યું કે ચા ની કીટલીએથી રૂ માંગી લઉં જેથી કાનમાં પૂમડાં બનાવી ખોસી શકાય. ઠંડીમાં આ કારણે ખાસ્સી રાહત રહેશે. ગરમાગરમ ચા પીધા બાદ કીટલી પરના ભાઈ કે જે ચાને ઉકાળવામાં મસ્ત હતા તેમની પાસે રૂ માંગતા પૂછ્યું કે “ભાઈ થોડું રૂ હશે? ઠંડી છે તો કાનમાં ખોસી શકાય”. માથે ફાળિયું બાંધેલા અને નજીકના ગામડામાં રહેતા હોય તેવા લઘરવઘર જણાતા તે ભાઈએ ચાની કીટલીમાંથી ધ્યાન હટાવ્યા વગર કહ્યું કે “ના ભાઈ રૂ તો ક્યાંથી હોય.”ભારે નિરાશ અને ઠંડીની કલ્પના કરતી ધ્રુજારી સાથે મેં બસ તરફ હજુ થોડા ડગ જ માંડ્યા હશે ત્યાં તે કીટલીવાળા ભાઈએ હળવી બૂમ પાડી. “ભાઈ, ઊભા રહો.” તેમ કહેતા તેમણે ધૂળ ચઢી ગયેલી પ્લાસ્ટિકની બરણીમાંથી દિવેટ કાઢીને મને આપી. દિવેટ ઘી વગરની હતી. રૂ ઝાઝું અને કાનમાં ઈયર ફોનની જેમ ખોસી દેવાય તેવી મઝાની દિવેટ બનેલી હતી.કીટલીવાળાએ કહ્યું”લો, આ ભગવાનને રોજ સવારે દીવો કરીએને તેની દિવેટ છે, મને થયું કદાચ આ તમને કામ લાગે તો.” મેં શહેરી સભ્યતા બતાવતા કહ્યું “અરે આ તો બહુ સરસ... તમારી ભાવના

અને લાગણી બદલ આભાર.'' કીટલીવાળાને ખાસ રસ ન પડ્યો. મેં વળી વધુ ધન્યતા અનુભવતા વિવેક વ્યક્ત કર્યો કે ''દિવેટ તો મને બહુ કામ લાગશે પણ, તમને મનમાં ખટકો કે દોષની લાગણી નહિ થાયને કે ભગવાનને માટે બનાવેલી દિવેટ આવા ઉપયોગ માટે આપવી પડી.''

કીટલીવાળા ભાઈએ જે જવાબ આપ્યો તેણે મારી જીવનદૃષ્ટિ તો બદલી જ પણ ધાર્મિકતાની સમજ અને રખેવાળ તરીકે કહેવાતા ભદ્ર સમાજના નાગરિક તરીકેનું આડંબરી આવરણ પણ ઉતારી દીધું. તેણે કહ્યું ''ભાઈ જો આ રૂના પૂમડાથી તમારા કાનની ઠંડી ઓછી થતી હોય તો હું સમજીશ કે મારા સવારના બે દીવા થઈ ગયા. મોજ કરોને ભઈલા.'' મને તેનો જવાબ ઢંઢોળી ગયો. ભગવાનને માટે મંદિર જવું કે તેના ફોટા-મૂર્તિને ધૂપ દીવા કરવા તે જ નહીં અજાણ્યા માનવીને પણ સહાય કરવી તે જ પૂજા અને તે જ ભગવાન તેવું જ્ઞાન મને તે ગ્રામ્યજને આપ્યું.

**''ભાઈ, આ બે દિવેટ કાનમાં ખોસવાથી તમને ઠંડીમાં રાહત થશે તો સમજોને ભગવાનને મારા બે દીવા થઇ ગયા. ગીરના નેસડામાં રહેતા માજીએ કહ્યું, ''એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રહે છે''**

અંબાજી, ડાકોર કે પદયાત્રાના અવસરે માર્ગ પરથી પસાર થતા લાખો યાત્રાળુઓને ઠેર ઠેર પાણી, લીંબુ પાણી, ગરમ નાસ્તા, ભોજન સાવ મફતમાં પીરસાતું હોય છે. રસ્તા ગરીબો અને ભિક્ષુકોને ખીચડી-શીરો કે રોટલી -શાક વિતરણ કરવા જઈએ તો નજરે અનુભવ્યું છે કે જો કોઈ ભિક્ષુકને અગાઉ કોઈ દાતા ભોજન આપી ગયો કે તેની પાસે હાલના ટંકનું ભોજન પડ્યું હોય તો તે કહે છે કે ''ભાઈ, મારી પાસે તો આ ટંકનું છે તમે તે આગળ બીજાને આપો. હું સંઘરી રાખું અને આગળવાળો મારા લીધે ભૂખ્યો રહે તો પાપ લાગે. અત્યારે જેમ તમને ભગવાને મારી ભૂખ ઠારવા મોકલ્યા છે તેમ બેય ટંક ઉપરવાળો કોઈને મોકલતો રહેશે. ભિક્ષુકોની તુલનામાં આપણે કદાચ ભિક્ષુક કરતા પણ ઊતરતી માનસિકતા ધરાવતા હોઈશું. ભગવાન પર ખરી શ્રદ્ધા આપણને છે ખરી? એટલો સંગ્રહ કરી રાખીએ છીએ.

ઘરમાં કામ કરનારી બાઈ પણ તે જ્યાં કામ કરે છે તે મધ્યમ વર્ગના દંપતીને ફી ભરવા કે બીમારી વખતે પૈસાની ભીડ છે તે સાંભળી જશે તો કહેશે કે ''બેન મારી પાસે પાંચ હજારની બચત પડી છે હો, હાલ મારે તેની જરૂર પડે તેમ નથી.તમારે જરૂર હોય તો આપું.આપણે બે જણા જ જાણીએ.

હવે તો પરિચય જ ન હોય તો પણ મૃતક સ્વજનના અંગ દાન જરૂરિયાતમંદને આપનારાઓ છે.ગુજરાત બીજાને જિવાડી લેવાની ભાવનામાં ભારતમાં ઉદાહરણીય છે. છેલ્લે એક પ્રસંગ પણ યાદ કરવો જ રહ્યો.

સૌરાષ્ટ્ર ઉપરાંત ભૂજ-કચ્છની ભૂમિ પણ આવી દિલદાર છે.ધોરડો નજીક એક નાની દુકાનમાં હસ્તકળા અંતર્ગત કચ્છી બનાવટના વેશ પરિધાન બનાવી વેચતા એક સાવ સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા કારીગર દંપતીને થોડી ઘણી ખરીદી પૂરી થઈ તે પછી ખબર પડી કે તેમની દુકાનની મુલાકાતે આવેલ ગ્રાહક જાણીતા લેખક છે ત્યારે આ ગરીબ કારીગરે તેની સાથે રોમાંચિત થઈને ફોટો પડાવ્યો એટલું જ નહિ હજુ આ લેખક કંઇક વિચારે ત્યાં તો તેના ખભા ફરતે તેણે બનાવેલ કચ્છી લુંગી મૂકી દીધી. લેખકે મૂંઝવણ અનુભવતા કહ્યું કે 'અરે ભાઈ આ શું કરો છો ?' ગરીબ કારીગર અને નાની દુકાનના પણ માલિક એવા કચ્છી માડુએ વિનંતીના અંદાજમાં જણાવ્યું કે 'સાહેબ,મારી પાસે શાલ નથી કે તેનાથી તમારા જેવાનું સન્માન કરું . પછી વિચાર્યું કે શાલ નહીં તો કઈ નહીં લુંગી ઓઢાડીને સન્માન કરવાની તક ઝડપી લઉં.' ભીની આંખો સાથે લેખકે કહ્યું કે 'મારે મન રાષ્ટ્રપતિ કરતાં પણ આ મોટું સન્માન છે'

ભારત દેશ ખરેખર તેના નાના માણસોથી મોટો અને ઉજળો છે.

*એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ-૫૨*
*મો.-૯૮૯૮૯૮૮૦૧૪*



QR Code for website link

Government of Gujarat

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**Directorate of Information**
**Gujarat**

# Social Media

gujaratinformation.net

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# ગુજરાતનું નંદનવન : નડિયાદ

*- ડૉ. નરોત્તમ વાળંદ*

ગુજરાતી પ્રથમ નવલકથાના લેખક નંદશંકરે ગુજરાતને ભારતના નંદનવન તરીકે વર્ણવ્યું ગુજરાતમાં આવીને ગુજરાતી તરીકે રહેલા મેજર જેમ્સ ફાર્બર્સે સાબરમતી અને મહી નદી વચ્ચેના પ્રદેશને રમ્ય વનરાજીથી શોભતો પ્રદેશ ગણ્યો છે. આ પ્રદેશને 'ચરોતર' તરીકે ઓળખવામાં આવે છે. 'ચરોતર' શબ્દ 'ચારુતર' (અર્થાત્ 'રમ્ય', 'મનોહર')માંથી આવેલો છે. નડિયાદ અને તેની આજુબાજુનો પ્રદેશ ચરોતરમાં ગણાય છે. એ રીતે નડિયાદને ગુજરાતનું નંદનવન કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં રાજમાતા મીનળદેવીએ સોમનાથની યાત્રાએ નીકળ્યા ત્યારે, ગુજરાતના પ્રવાસ દરમિયાન, તેમણે નડિયાદના ડુમરાલ બજારમાં, સંતરામ ટાવર પાસે વાવ બંધાવેલી. તેના નિર્માણની મિતિ સંવત ૧૧૫૨ના વૈશાખ સુદ ત્રીજના દિવસની શિલાલેખમાં કોતરેલી છે. નડિયાદની વિશિષ્ટતા એ છે કે અહીં નવ વાવ, નવ તળાવ અને નવ દરવાજા છે.

**સવાસો - દોઢસો વર્ષ પહેલાંનો એક સમય એવો હતો કે પ્રકાંડ પંડિતોની આગેવાની સાક્ષરતાની ઊંચાઈ સિદ્ધ કરનારી આ નગરી 'સાક્ષરનગરી' તરીકે વિશ્વવિખ્યાત બની હતી**

નડિયાદના શબ્દનું મૂળ 'નટપદ્ર' કે 'નટીપદ્ર'માં રહેલું છે. નટ લોકોએ આ નગર વસાવ્યું હોવાનું મનાય છે. નડિયાદની રૂપા પારેખની પોળના દેરાસરની મૂર્તિ નીચે 'નટીપદ્ર' નામ છે, જે બતાવે છે કે 'નડિયાદ' એ નામે ઓળખાતું હશે. ઈ.સ. ૭૪૯થી માંડીને ૧૨૯૭ના અરસામાં એ અંગેના ઉલ્લેખો મળે છે. ઇ.સ. ૮૫૮ની આસપાસ ડાકોર રોડ પર આવેલા ભૈરવના મંદિર પાસેથી મળેલા અવશેષોને આધારે કહી શકાય કે નડિયાદ અહીં વસ્યું હશે. ઈન્દુલાલ યાજ્ઞિકે તેમની આત્મકથામાં લખ્યું છે કે છેલ્લી સદીમાં દેસાઈઓ અને નાગરોએ મળીને રાજકારણના ચમત્કારિક નટવિદ્યાના અજબ ખેલ મહાગુજરાતની રંગભૂમિ ઉપર ખેલ્યા હતા, એની કોણ ના કહેશે ?

સવાસો-દોઢસો વર્ષ પહેલાંનો એક સમય એવો હતો કે પ્રકાંડ પંડિતોની આગેવાની સાક્ષરતાની ઊંચાઈ સિદ્ધ કરનારી આ નગરી 'સાક્ષરનગરી' તરીકે વિશ્વવિખ્યાત બની હતી. ત્યાં એક સાથે નવ સાક્ષરોએ ગુજરાતભરમાં પોતાની સાહિત્યિક પતાકા ફરકાવી હતી. અર્વાચીન પૂર્વ, પ્રાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમની સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સાધતી મહાનવલ 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧ થી ૪)'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, મનઃસુખરામ ત્રિપાઠી, અંબાલાલ જાની, ચંદ્રશંકર પંડ્યા, છગનલાલ પંડ્યા, ઝવેરીલાલ યાજ્ઞિક, દોલતરામ પંડ્યા અને બાલાશંકર કંથારિયા - એ સર્વે મોટા ગજાના નવ અને તેમાં બીજા કેટલાકનો ઉમેરો કરતાં અઢીસો જેટલા સાક્ષરોની જન્મભૂમિ કે કર્મભૂમિ નડિયાદ છે. ઝઘડિયા પોળમાં આવેલા ગોવર્ધનરામના ઘરને 'ગોવર્ધનરામ સ્મૃતિ મંદિર' તરીકે કલાત્મક રીતે વિકસિત કરીને જાળવી રાખવામાં આવ્યું છે તેમાં તેમની અંગત ચીજો ઉપરાંત 'સરસ્વતીચંદ્ર'ની લેમિનેટેડ હસ્તપ્રતો પણ કાળજીપૂર્વક સચવાયેલી છે. આ પોળમાં જ મહાગુજરાતના આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ થયો હતો.

મોગલ સત્તા દરમિયાન ઈ.સ. ૧૯૪૧માં કુત્બુદ્દીન જ્યારે તખ્તનશીન થયોત્યારે નડિયાદ તેના તાબામાં હતું. ત્યાં તેણે કચેરી સ્થાપેલી. આજે તે મોગલકોટ તરીકે જાણીતી છે. મોગલો પછી ગાયકવાડ આવ્યા અને તે પછી અંગ્રેજો આવ્યા. એ વખતે શહેરની ઊંચી સપાટી પર કોટ બાંધવામાં આવ્યો હતો. અંગ્રેજ-શાસન દરમિયાન ઈ.સ. ૧૮૫૦થી ૧૯૦૦ દરમિયાન નડિયાદ ગુજરાતની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું કેન્દ્ર બની રહ્યું હતું. અંગ્રેજી સત્તા સ્થિર થતાં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીઓની સ્થાપના દ્વારા ઉચ્ચ શિક્ષણ શરૂ થયું. એ દ્વારા પરોક્ષ રીતે ગુજરાતમાં અને તેમાંયે ખાસ કરીને સુરતમાં સુધારાની ચળવળ શરૂ થઈ. એ સમયે નડિયાદ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું સંરક્ષણ કેન્દ્ર બન્યું હતું.

આઝાદી પહેલાં નડિયાદ વેપારનું મથક હતું. આજુબાજુનાં પરગણાંનાં ગામો અને દૂર દેશાવર સાથે તેનો


ગોવર્ધનરામ ત્રિપાઠી


મણિલાલ નભુભાઈ દ્વિવેદી


મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. જે.

બહોળો વેપાર ચાલતો હતો. નડિયાદથી કપાસ, બાસ્તાનું જાડું કાપડ, મલમલ, દોરડાં, વાસણ અને તમાકુની નિકાસ થતી. કંસારાવાડમાં તાંબા-પિત્તળનાં વિવિધ વાસણોના ઘડતરનું કામ ચાલતું અને વેચાણ પણ થતું. ગુજરાતમાં નડિયાદ ૧૩મા નંબરનું શહેર ગણાય છે.

દેશી રજવાડાઓના એ યુગમાં નડિયાદના ચાર મિત્રો મનઃસુખરામ ત્રિપાઠી, મણિભાઈ જશભાઈ, હરિદાસ વિહારીદાસ દેસાઈ (ભાઉ સાહેબ) અને રણછોડભાઈ ઉદયરામની મંડળીએ પોતાની આવડત અને મુત્સદ્દીગીરીના જોરે મુંબઈથી કચ્છ સુધીનાં રડવાડાંઓમાં સત્તા ભોગવી હતી. ઈન્દુલાલ યાજ્ઞિકે નોંધ્યું છે તેમ, મનઃસુખરામ અને હરિદાસની લાગવગનો લાભ લઈને નડિયાદના અનેક દેસાઈઓ અને નાગરો રજવાડાંઓમાં પ્રવેશીને શ્રીમંત બની ગયા. એ રીતે લક્ષ્મી, સરસ્વતી અને રાજસત્તાનો વૈભવ તેમણે ભોગવ્યો. મહાગુજરાતની ચળવળના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિક એક સમયે તો જનતાના એવા મોટા લોકપ્રિય નેતા હતા કે તેમની અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુની સમાંતર સભા યોજાતી ત્યારે ઈન્દુલાલની સભામાં માનવમહેરામણ ઘૂઘવતો હતો. ઉમાશંકર જોશીએ તેમની ઓળખાણ ચાર શબ્દોમાં આપી હતી ! 'શ્રીમંત નગરીના ફકીર નેતા !'

**દેશી રજવાડાઓના એ યુગમાં નડિયાદના ચાર મિત્રો મનઃસુખરામ ત્રિપાઠી, મણિભાઈ જશભાઈ, હરિદાસ વિહારીદાસ દેસાઈ (ભાઉ સાહેબ) અને રણછોડભાઈ ઉદયરામની મંડળીએ પોતાની આવડત અને મુત્સદ્દીગીરીના જોરે મુંબઈથી કચ્છ સુધીનાં રડવાડાંઓમાં સત્તા ભોગવી હતી**


વર્તમાન સમયમાં પણ નડિયાદે એનું તેજ ગુમાવ્યું નથી. 'મોગલે આઝમ' ફિલ્મના લોકપ્રિય ગીત 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' ગીત નડિયાદના રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે લખ્યું છે. રાજકપુરની 'બોબી' ફિલ્મમાં 'જૂઠ બોલે કૌઆ કાટે' ગીત કવિ વિઠ્ઠલભાઈ પટેલે આલેખ્યું છે. ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય લેખક બકુલ ત્રિપાઠી પણ નડિયાદનું ફરજંદ હતા. જશવંત ઠાકર, મગનભાઈ દેસાઈ, દી.બ. ગોવિંદભાઈ દેસાઈ, પ્રબોધ પરીખ - એ બધાની જન્મભૂમિ કે કર્મભૂમિ નડિયાદ હતી. કવિ ન્હાનાલાલે સાચું જ કહ્યું છે કે 'ગુજરાત આખું નડિયાદને આંગણે સાક્ષરતાને શોધતું હતું.' 'નડિયાદનો અક્ષર દેહ' એ પુસ્તકમાંથી, અ.સૌ. ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં યોજાયેલ પ્રદર્શનમાંથી એનો પુરાવો મળી રહેશે.


નડિયાદને આંગણે પધારેલા મહેમાનોની યાદી પણ જેવી તેવી નથી. સહજાનંદ સ્વામી, ભિક્ષુ અખંડાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, રવીન્દ્રનાથ ઠાકુર, ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ તથા શ્રીમદ્ રાજચંદ્રજીએ નડિયાદનું આતિથ્ય માણ્યું છે.

એક સાધુપુરુષ પરિભ્રમણ કરતાં કરતાં નડિયાદની ભૂમિ પર આવ્યા અને અહીં અટક્યા. તેમનું નામ સંતરામ મહારાજ. અહી એક ખેતરમાં આવેલા રાયણના વૃક્ષની બખોલમાં રહી નિવાસ કર્યો. આ સ્થળ આજે 'દેરી' તરીકે પ્રખ્યાત છે. સમય વીતતો જતો હતો, લોકોની શ્રદ્ધા વધતી જતી હતી એટલે અહીં એક મંદિર બંધાયું અંદાજે ર૧૫ ચોરસ ફૂટના ઘેરાવામાં મંદિર પથરાયેલું છે. આરાસુરની ખાણોના સંગેમરમર પથ્થરો અને રાજસ્થાનના ભરતપુર જિલ્લાની ખાણોમાંથી લાલ પથ્થરો તેમાં વપરાયેલા છે. ચાર મજલાની સુસજ્જ અને ૭૫ ફૂટની ઊંચાઈને સર કરતા શિખરબંધ મંદિરના ચણતર માટે ૧૨૦૦ ટન કરતાં વધારે લાલ પથ્થર અને ૮૦૦ ટન જેટલા દૂધિયા આરસના પથ્થર વપરાયા છે. સંતરામ મહારાજના નિર્વાણ બાદ વિવિધ સંતોએ દાનની સરવાણીથી મંદિરને નવા સાજ સજાવ્યા. મહારાજશ્રી ધનનો સંચય કરવાની વિરુદ્ધ હતા. આજે પણ મંદિર આકાશવૃત્તિથી ચાલે છે.

સંવત ૨૦૫૩ના વૈશાખ સુદ આઠમને તા. ૨૯-૪-૧૯૯૬માં મંદિરના સાતમા મહંત જાનકીદાસની સમાધિ વખતે મંદિરના નવનિર્માણનો પ્રારંભ કરાયો. મંદિરના પ્રવેશદ્વાર પાસે મોટું ચોગાન આવેલું છે. મંદિરમાં પ્રવેશતાં અગાઉના મહારાજોનાં સમાધિસ્થાન આવેલાં છે.

મંદિરના મુખ્ય શિખરની નીચે શ્રી સંતરામ મહારાજની ગાદી આવેલી છે. મુખ્ય ગાદીની પાસે તુલસીક્યારો આવેલો છે. મંદિરના વિશાળ પટાંગણમાં મંત્રકૂપ બનાવવામાં આવેલો છે. બાજુમાં વર્તમાન મહંતની ગાદી આવેલી છે. મંદિરની પાછળના ભાગે ભારતભુવન બાંધેલું છે. ત્યાં નિયમિત રીતે સંતો દ્વારા ભજન-કીર્તન થાય છે. ઉપરના માળે બહારગામથી આવતા સંતોને ઉતારો આપવામાં આવે છે. પાછળના ભાગે 'બાવળી' નામે ઓળખાતી જગામાં ભગવાનનાં પગલાં પ્રતીક રૂપે મૂકાયાં છે. સંતરામ મહારાજે મંદિરની બહાર જવું નહિ એવો નિયમ





ભાઈલાલ પટેલ (ભાઈકાકા) ઇન્દુલાલ યાજ્ઞિક (ઇન્દુચાચ

રાખવામાં આવેલો છે.

નડિયાદમાં બીજું પ્રખ્યાત સ્થળ છે તે 'માઈ મંદિર' છે. દક્ષિણ ભારતનાં મંદિરો કલાત્મક શિલ્પ-સ્થાપત્યથી ભરપૂર અને જમીન પર પહોળાં પથરાયેલાં છે. ગુજરાતમાં પણ કલાવૈભવથી શોભતાં આવાં ઘણાં મંદિરો છે, પરંતુ ૧૯૯૭માં બનાવાયેલું નડિયાદનું 'માઈ મંદિર' આકાશ તરફ વધ્યું છે. આ માઈ મંદિર 'આદ્યપીઠ કેશભવાની મંદિર' નામથી પ્રખ્યાત છે. કમ્પાઉન્ડમાં પ્રવેશતાં બન્ને બાજુ મોકળાશભર્યા વાતાવરણમાં બે ડિઝાઈનના ઊંચાઈ ધરાવતા ગોખ અને તેમાં નાની મૂર્તિઓ નજરે પડે છે. અંદર આરતી વખતે રણકાર કરવાના સમયે : ઘણા ઘંટ લટકાવેલા છે. ત્યાં માતાજીની ત્રિમૂર્તિઓ પધરાવેલી છે. એને 'શ્રી માઈ મોક્ષધામ' મુખ્ય મંદિર તરીકે ઓળખવામાં આવે છે.

મંદિરના બહારના ભાગે આરસના પથ્થર પર ચંડીપાઠના શ્લોકો કોતરવામાં આવ્યા છે. આસો મહિનાની પૂનમના દિવસે પાટોત્સવ ઉજવાય છે. મુખ્યમંદિરની સામે જ જુદા પ્રકારની ઊંચાઈવાળું મંદિર છે, તે 'ગુરૂમંદિર' તરીકે ઓળખાય છે. ત્યાં કેશવ મહારાજની મૂર્તિ, ચરણપાદુકા છે. એના નીચેના માળે ઉપાસના ગૃહ આવેલું છે. પરંપરા અનુસાર આ ધર્મપીઠમાં દર વર્ષે ચાર નવરાત્રિ દરમિયાન નવદુર્ગામાની સ્થાપના, જાગ, અખંડ દીપ તથા ગરબાનો કાર્યક્રમ યોજાય છે. માગશર વદ બીજના દિવસે 'પ્રાગટ્ય દિન'નો ઉત્સવ થાય છે.

અહીં ઊંચા મંદિરના માળે માળે ૨૧ મંદિરો આવેલાં છે. જેમાં એકાદશ રુદ્ર, ભગવાન પશુપતિનાથ, પીપળાના પાન પર શય્યા કરતા ભગવાન બાલમુકુન્દ બાલસ્વરૂપમાં, એ ઉપરાંત મહાકાળી, સરસ્વતી, મહાલક્ષ્મી, અન્નપૂર્ણા, મહિષામર્દિની વગેરે ૧૦૮ દેવીઓ, ૫૧ શક્તિપીઠ દર્શન તથા ૬૪ યોગિની દર્શન, આમ એકી સાથે ૨૫૧ જેટલાં દેવ-દેવીઓ આ 'શ્રી માઈ ધર્મ આદ્યપીઠ'માં સ્થપાયેલા છે. આ 'માઈ મંદિર' એની ઊંચાઈ અને ધાર્મિક મહત્ત્વને કારણે પ્રખ્યાત બન્યું છે.





નડિયાદની બીજી ઓળખ 'જય મહારાજ'ના ગામ તરીકેની છે. આજથી ૧૮૦ વર્ષ અગાઉ દત્તાત્રેય સ્વરૂપ યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ અહીં વસવાટ કરીને અધ્યાત્મિક જ્યોતિનો પ્રકાશ પાથર્યો હતો. પરિણામે નડિયાદ તીર્થભૂમિ બની ગઈ. આ સંતરામ મહારાજે 'સુખસાગર'ના ઉપનામથી જ્ઞાનભક્તિનાં ઉત્તમ પદો રચ્યાં છે. તેમન પરંપરાના અન્ય કવિઓએ પણ આવાં પદો આપ્યાં છે. ગુજરાતમાં આ એક એવું શહેર છે કે જ્યાં બે વ્યક્તિઓ સામસામે મળે ત્યારે બે જ શબ્દો બોલે : 'જય મહારાજ' આ અભિવાદન દ્વારા આ શહેર શ્રી સંતરામ મહારાજને નિત્ય સ્મરી રહ્યું છે.

નડિયાદની મુલાકાતે આવનારને સૌ પ્રથમ સંતરામ મંદિર જોવાનું મન થાય. ત્યાં અનેક ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ થાય છે. સગર્ભા સ્ત્રીઓ માટે ગર્ભસંસ્કાર કેન્દ્રથી લઈને બાળકો માટે શાળા અને પુસ્તકાલય, યુવાનો માટે રમતનું મેદાન, કન્યા વ્યાયામ મંદિર, વડીલો માટેનું વિશ્રાન્તિ ગૃહ, આરોગ્ય શિબિર, સાધુઓ અને ગરીબો માટે ભોજનાલય - એમ માણસને આખા આયુષ્યમાં જરૂરી તમામ સુવિધા સંતરામ મંદિરના એક દ્વારથી બીજા દ્વાર વચ્ચે મળી રહે છે વિવિધ તહેવારોની ઉજવણી પણ અહીં થાય છે. લગ્ન પ્રસંગો પણ અહીં ઉજવાય છે. માઘ માસની પૂનમે સંતરામ મંદિરમાં મોટો મેળો ભરાય છે. ત્યાં માનવ મહેરામણ ઉમટે છે અને સાકરનો પ્રસાદ વહેંચાય છે. નડિયાદ આધ્યાત્મિકતાની ડૂબકી લગાવીને ભૂતકાળની ભવ્યતાની યાદ અપાવે છે.

**નડિયાદની બીજી ઓળખ 'જય મહારાજ'ના ગામ તરીકેની છે. આજથી ૧૮૦ વર્ષ અગાઉ દત્તાત્રેય સ્વરૂપ યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ અહીં વસવાટ કરીને અધ્યાત્મિક જ્યોતિનો પ્રકાશ પાથર્યો હતો**

શહેરના અન્ય ધાર્મિક-આધ્યાત્મિક સ્થળોમાં સંતરામ સમાધિસ્થાન પ્રાચીન સોમનાથ મંદિર, સ્વામિનારાયણ મંદિર, અજિતનાથ - આદિનાથ જિનાલય, સુપાર્શ્વનાથ જૈન મંદિર ઉપરાંત ચર્ચ અને મસ્જિદનો સંગમ થયેલો જોવા મળે છે.

નડિયાદમાં ભાઉસાહેબની હવેલીનો ઉલ્લેખ તો અચૂક કરવો જ જોઈએ. 'ભાઉસાહેબ' તરીકે વર્ષોથી વિખ્યાત એવા ૧૮૮૫માં જન્મેલા શેઠ વિહારીદાસ અજુભાઈ દેસાઈ બાપદાદાના સમયથી જમીનદાર હતા. મોગલ રાજ્ય અને બ્રિટિશ રાજ્યના સમયમાં એમના બે દીકરા હરિદાસ અને બેચરદાસ જૂનાગઢ સ્ટેટમાં દીવાનપદે હતા.

આ સુપ્રસિદ્ધ હવેલીનું મકાન ૯૦૦૦ ચો.મીટરમાં પ્રસરેલું છે. હવેલીમાં ૨૪૯ ખંડ છે. ઈ.સ. ૧૭૮૩માં ભાઉસાહેબના દાદાએ


આ હવેલી બંધાવવી શરૂ કરેલી, તે ૧૯૦૨માં પૂરી થઈ ત્યારે પાંચ ભાઈઓ વચ્ચે હવેલીના પાંચ ભાગ પડી ગયા. નડિયાદ જેવા નગરમાં તો એ રાજમહેલ જ ગણાય.

હવેલીમાં બધી જગાએ કાષ્ટ, પિત્તળ અને સ્ટીલનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. છતથી માંડીને ઓરડાની તથા ચોકની દીવાલો પર લાકડાની મનોહર કલાત્મક કોતરેલી પૂતળીઓ ઠેર ઠેર જોવા મળે છે. ભાઉસાહેબ પોતે જ રંગરસિયા હતા એટલે હવેલી એક રાજમહેલ જેવી બની ગઈ.

૧૮૫૭ના બળવા વખતે તાત્યાટોપેનો અહીં મુકામ હતો. સ્વામી વિવેકાનંદે ૧૮૯૨માં અહીં રોકાણ કરીને પ્રવચન કર્યું હતું. ખેડા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી અહીં રોકાયા હતા અને સભાને સંબોધી હતી. એ રીતે જોતાં આ હવેલી ઐતિહાસિક છે.

અત્યારે ભાઉસાહેબના ૫૦ વારસદારોમાંના એક શ્રી વીરેન્દ્રકુમાર આ હવેલીમાં રહે છે. પાંચ દીકરાઓમાંના દરેકને ભાગે ૫૦-૫૦ રૂમ વારસામાં મળ્યા છે અને તેઓ હવેલીની સંભાળ રાખે છે. હવેલીના છેક ઉપલા મજલાની ચારે દિશાઓ તરફ આવેલી બારીઓમાંથી જુઓ તો સમગ્ર નડિયાદનું વિહંગદર્શન થાય તેમ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ વિખ્યાત 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચના જે સ્થળે કરી હતી તે આજે પણ એની રચનાભૂમિ તરીકે સરસ રીતે સચવાયેલું છે. આ ઉપરાંત અંબાઆશ્રમ, વેદાન્તભૂમિ, 'પૂજ્ય મોટા' તરીકે ઓળખાતા આધ્યાત્મિક પુરુષ ચુનીલાલ આશારામ ભાવસારના જન્મસ્થાન નડિયાદમાં તેમણે સ્થાપેલો 'હરિઓમ' આશ્રમ, વિખ્યાત કથાકાર કૃષ્ણશંકર શાસ્ત્રી પણ આ શહેરમાં જન્મેલા, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મસ્થળ પણ નડિયાદ, તેમનું વતન કરમસદ પણ મોસાળ નડિયાદ. અહીંના દેસાઈ વગામાં આવેલા મોસાળ નિવાસે તેમનો જન્મ થયેલો. તેમનું



પ્રાથમિક શિક્ષણ પણ નડિયાદની શાળામાં થયેલું. વીર વિઠ્ઠલભાઈ પટેલનું પણ નડિયાદ જન્મસ્થળ છે.

નડિયાદે વિદ્યાનગરી તરીકે પણ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. અ.સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર ગણાય છે. નડિયાદમાં આર્ટ્સ અને સાયન્સની, આયુર્વેદના અભ્યાસની, નર્સિંગ કોર્સની, બધિર બાળકોની, ફાર્મસીની એમ અનેક શાળાઓ અને કોલેજો દ્વારા શિક્ષણ અપાય છે. નડિયાદમાં ધર્મસિંહ યુનિવર્સિટી પણ સ્થપાઈ છે. તેના વાઈસ ચાન્સેલર ડૉ. એચ. એમ. દેસાઈને શિક્ષણક્ષેત્રે ઉત્તમ કાર્યસેવા કરવા બદલ ગઈ તા. ૨૬-૧-૨૦૨૦ના રોજ ભારત સરકારે 'પદ્મશ્રી'નો ઈલકાબ આપીને નવાજ્યા છે.

ઈ.સ. ૧૯૧૭ના વર્ષમાં અતિવૃષ્ટિના કારણે ખેતરના પાક નિષ્ફળ જતાં ખેડૂતોએ અંગ્રેજ સરકારને જમીન મહેસૂલ માફ કરવાની અરજીઓ કરી પણ સરકાર માની નહિ. એ વખતે ગાંધીજીએ ખેડૂતોની વહારે આવી 'નાકર'ની લડત ઉપાડી. લડતનું કાર્યાલય નડિયાદના હિન્દુ અનાથાશ્રમમાં હતું. તેને 'સત્યાગ્રહ મંદિર'નું નામ અપાયું હતું. અહીં ગાંધીજી અને સરદાર પટેલ સાથે રહીને લડતનું સુકાન સંભાળતા હતા.

ઈ.સ. ૧૯૩૦ની દાંડીકૂચ વખતે તા. ૧૫ મી માર્ચની સાંજે ગાંધીજી તેમના સાથીદારો સાથે નડિયાદ આવ્યા હતા અને સંતરામ મંદિરમાં યોજવામાં આવેલી સભામાં ગાંધીજીએ જંગી મેદની જોઈને કહ્યું હતું કે 'અહીં મેં ઘણી સભા સંબોધી છે, પરંતુ અગાઉ ક્યારેય હકડેઠઠ ભીડ જોઈ નથી.' નડિયાદની આ સભાની યાદગીરી રૂપે અહીં તકતી લગાવેલી છે.

આજે જે. કે. માલ્ટ કંપની નડિયાદમાં મહત્ત્વનો ઉદ્યોગ ગણાય છે. ભારતના અગ્રણી માલ્ટ સપ્લાયર્સમાં એની ગણના થાય છે. સીમા ફેકટરી અને ન્યૂ શોરોક મિલ ઔદ્યોગિક પ્રતિનિધિત્વ કરે છે. એ ઉપરાંત મફતલાલ મિલ્સ, ઈપ્કો અને જીઆઈડીસી ઉદ્યોગો પણ અહીં પાંગર્યા છે.

ગુજરાતમાં એક કહેવત છે કે 'નાડા માટે નડિયાદ જવું ?' એટલે કે 'નાની સરખી બાબતે મોટો પરિશ્રમ ઉઠાવવો ?' અનો જવાબ 'હા' પણ હોઈ શકે. કહેવતમાં થોડોક ફેરફાર કરીને કહી શકાય કે 'નાડા' માટે નહિ, પણ 'નાણાં' માટે નડિયાદીઓ વિદેશ જાય છે. નડિયાદની પ્રજા ખંતીલી છે. તેનામાં એક પ્રકારનું મળતાવડાપણું છે. દેશમાં કે વિદેશમાં જ્યાં જાય ત્યાં સ્થિરતા પ્રાપ્ત કરી લે છે. થોડીક અગવડ પડે તો પણ ચલાવી લેવાની એનામાં ટેવ છે. વિદેશોમાં ચરોતરની અને ખાસ કરીને નડિયાદની પ્રજાએ ડંકો વગાડ્યો છે. નડિયાદમાં આજે ઘણા ખરાં ઘર બંધ છે, તાળાં લાગેલાં છે. વર્ષે બે વર્ષે ઘરના લોકો વિદેશથી અહીં આવીને ઘરની સફાઈ કરીને, થોડા મહિના રહીને, પાછા વિદેશ ચાલ્યા જાય છે. નડિયાદની કેટલીક સામાન્ય ભણેલી મહિલાઓ વિદેશમાં મોટેલો ચલાવે છે ! નોકરીની સાથોસાથ પોતે પણ પરિશ્રમ કરીને સારી કમાણી કરી લે છે અને લહેરથી ત્યાં વર્ષો ગાળે છે !

*૮, પ્રીતમ સોસાયટી-૧, ભરૂચ-૩૯૨૦૦૨*
*ફોન-(૦૨૬૪૨) ૨૨૯૯૯૩*

# માનવજાતની સંસ્કાર-મૂડી : ઈસપકથાઓ

*- યશવંત મહેતા*

એક ગુલામ વિશેની પ્રસંગકથા વારંવાર કહેવાઈ છે અને એકથી વધારે વ્યક્તિઓને વિશે કહેવાઈ છે.

એ ગુલામ એક લશ્કરી સરદારનો ખરીદેલો હતો.

આ સરદારે એક વાર આ ગુલામને હુકમ કર્યો, 'જા, પેલા ઉત્તર બાજુના ખેતરમાં ઘઉં વાવી આવ.'

ગુલામ ઉત્તર બાજુને ખેતરે ગયો તો ખરો, પરંતુ ત્યાં એણે ઘઉંને બદલે બાજરી વાવી !

આ વાતને થોડાં અઠવાડિયાં થયાં. સરદાર ફરતો ફરતો પેલે ખેતરે ગયો. ત્યાં એણે બાજરી ઊગી નીકળેલી જોઈ. આથી સરદાર પેલા ગુલામ પર ખૂબ રીસે ભરાયો. ઘેર આવીને બરાડા પાડીને ગુલામને વઢવા લાગ્યો. 'મેં તને કહ્યું હતું કે આ ખેતરમાં ઘઉં વાવજે, અને તેં બાજરી શા માટે વાવી ?'

ગુલામ કહે, 'મેં તો ઘઉં ઉગાડવા માટે બાજરી વાવી છે.'

સરદારની આંખો ગુસ્સાથી ફાટી ગઈ. એમણે કહ્યું, 'મૂરખ ! બાજરી વાવવાથી તે કદી ઘઉં ઊગતા હશે ?'

ત્યારે ખૂબ નમ્રતાથી ગુલામે જવાબ દીધો, 'માલિક ! તમે હંમેશાં દુનિયાના ખેતરમાં ખુનામરકી અને લૂંટફાટના ગુનાનાં બીજ રોપીને સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખો છો, એ જોઈને જ મેં પણ વિચારેલું કે બાજરી વાવીને ઘઉંનો પાક લણી શકાશે !'

ગુલામની આ અકલમંદીની અને સચ્ચાઈની અને સુનીતિની વાતની સરદાર પર ભારે સારી અસર થઈ. એણે તરત જ આ શાણા ગુલામને ગુલામીમાંથી આઝાદ કરી દીધો.

આ પ્રસંગ અમે બે વ્યક્તિઓના સંદર્ભમાં લખાયેલો જોયો. એક યુનાની તબીબી પદ્ધતિના આદિપુરુષ હકીમ લુકમાન, અને બીજો નીતિકથાઓ કે વ્યવહાર કથાઓનો લેખક ઈસપ. સંભવ છે કે અન્યોને વિશે પણ કહેવાયો હોય. આ પ્રકારની વાતોને અનેક અનેક વ્યક્તિઓ સાથે જોડાવાની આદત હોય છે. પેલી નાનકડી પ્રસંગ કથા યાદ છે ને, જેમાં ખૂબ ગોળ ખાવાની આદતવાળા દીકરાને લઈને માતા સંત પાસે જાય છે અને વિનવે છે કે આ છોકરાને ગોળ ન ખાવાનો ઉપદેશ આપો. તમારું કહ્યું એ માનશે. સંત કહે છે કે આઠ-દસ દિવસ પછી દીકરાને લઈને આવજો. માતા દસ દિવસ પછી ગઈ ત્યારે સંતે દીકરાને સમજાવ્યું કે દીકરા ગોળ બહુ ન ખાઈએ. બે-ચાર દિવસ એકાદ ઢેફું ખાવો ! માતા સાશ્ચર્ય બોલવા લાગી કે બાપુ આટલી વાત તો તમે દસ દિવસ પહેલાં પણ કહી શક્યા હોત ! ત્યારે સંતે જણાવ્યું કે ત્યારે હું પણ રોજ ખૂબ ગોળ ખાતો, પછી બાળકને એ છોડવાનું કેમ કહી શકું ? હવે મેં ગોળ ખાવો બંધ કર્યો છે, ત્યારે તમારા દીકરાને આટલું કહી શકું છું... આ પ્રસંગ કથામાં સંત તરીકે સંત જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ પરમહંસ, સહજાનંદ સ્વામીથી માંડીને ગાંધીજી સુધીનાં નામ અપાયાં છે.



એટલે ઘઉં-બાજરીવાળી વાતવાળો ગુલામ ઈસપ જ હતો. (અથવા આ વાત જ સાચી છે કે નહિ એ વિશે ખાતરીથી કશું કહી શકાય એમ નથી. અઢી અઢી હજાર વર્ષ અગાઉ જીવી જનાર વિશેની આવી વાતોના કશા પુરાવા હોતા નથી. પરંતુ અગણિત પ્રાચીન સાધનોમાં ઈસપને એના શાણપણ બદલ ગુલામીમાંથી મુક્તિ મળી એવું નિરૂપણ છે. એટલે એ મૂળે વેચાયેલો માણસ, પરંતુ ઉત્તમ બદ્ધિશાળી માણસ હશે, એ નક્કી છે. એનો જીવનકાળ ઈસુ પૂર્વે ૬૨૦ થી ૫૬૦ ગણાવાય છે. એક સાધનમાં મરણનું વર્ષ ઈસુ પૂર્વે ૫૬૪ જણાવાયું છે. એટલે એની આવરદામાં ચાર વર્ષ કમ.)

એના જન્મનો પ્રદેશ ફ્રીજિયા (Phrygia) ગણાવાય છે, જે આજના તુર્કીના પ્રાંત આનાતોલિયાનો ભાગ હતો. કેટલાક એને લીડિયાનો વતની તો કેટલાક સાર્ડીસનો ગણાવે છે. પણ એકંદર તથ્ય એ ઠરે છે કે એ મધ્ય એશિયાનો વતની હતો, અને ત્યાં ગ્રીસની અસર ફેલાયેલી હતી.

એનાં માબાપ, ઉછેર, ઘડતર વિશે કશી જાણકારી અગાઉ નહોતી, આજે પણ નથી. એટલે આપણે વિવિધ સાધનોમાંથી એને વિશેની જે કાંઈ માહિતી મળે તે એકત્ર કરવા કોશિશ કરીએ.

એના જીવનનો પહેલો જે પ્રસંગ મળી આવે છે તે એની યુવાવસ્થાનો છે. એ જમાનામાં કદાચ આજના ઢોરવાડાની જેમ ગુલામવાડા પણ હશે, જ્યાં ગુલામોને પકડી લાવવામાં આવે, બલિદાનના બકરાની જેમ પાળવામાં આવે. પછી ગુજરી બજારની જેમ જ્યાં ગુલામબજાર ભરાતાં હોય ત્યાં લઈ જવામાં આવે. ઈસપ આવા એક ગુલામવાડામાં બંધ હતો. એટલામાં જણાવવામાં આવ્યું કે ઈફેસસ નગરના

ગુલામબજારમાં આ વાડાનાં ગુલામ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોએ જવાનું છે. રસ્તો લાંબો છે. સવારે નીકળવાનું અને સાંજે પહોંચીશું. જરૂરી સરસામાનના ટોપલાભર્યા છે. દરેક જણ એક એક ટોપલો ઉપાડી લો. ઈસપે બધો સામાન તપાસ્યો. જે ટોપલો સૌથી મોટો અને ભારે હતો એ જ પસંદ કર્યો. જે ઉપાડવા અન્ય કોઈ તૈયાર નહોતા. ઈસપે એ પસંદ કર્યો. એ બદલ ઘણા ગુલામો એની મશ્કરી કરવા લાગ્યા, ઈસપ ચૂપ રહ્યો.

મુસાફરી ચાલી. બપોર થતાં સૌ આરામ અને બોજન કરવા રોકાયા. ભોજનની સામગ્રી ઈસપવાળા ટોપલામાં હતી. જે વહેંચાઈ અને ટોપલાનું વજન અર્ધું થઈ ગયું. સૌ ચાલતા થયા, બપોર પછીના સમયે વળી થાક ખાવા બેઠાં. સૌને નાસ્તો વહેંચી આપવામાં આવ્યો. ઈસપનો ટોપલો ખાલી થઈ ગયો. બીજા સૌના બોજ અકબંધ રહ્યા. ઈસપ ભાર વગરનો થઈ ગયો. સૌને સમજાયું કે એ કાંઈક વિશેષ બુદ્ધિ ધરાવે છે.

**ભોજનની સામગ્રી ઈસપવાળા ટોપલામાં હતી. જે વહેંચાઈ અને ટોપલાનું વજન અર્ધું થઈ ગયું. સૌ ચાલતા થયા, બપોર પછીના સમયે વળી થાક ખાવા બેઠાં. સૌને નાસ્તો વહેંચી આપવામાં આવ્યો. ઈસપનો ટોપલો ખાલી થઈ ગયો**

ઈફોસસ પહોંચતાં જ બધા ગુલામોને બજારમાં ખડા કરી દેવામાં આવ્યા. એ માટે સૌને સારાં કપડાં પહેરાવવામાં આવેલાં પછી વેપારી એક પછી એક ગુલામને જરાક ઊંચી જગાએ ચડાવીને એની વિશેષતાઓ વર્ણવે અને ગ્રાહકો એમની બોલીઓ બોલે. જેની સૌથી ઊંચી બોલી હોય તેને ગુલામ વેચવામાં આવે. આ બજારમાં બધા વેચાઈ ગયા, માત્ર ત્રણ ગુલામ બાકી રહ્યા. એમાં એક ભાષણિયો હતો, બીજો ગવૈયો હતો અને ત્રીજો કૂબડો હતો - ઈસપ.

ગુલામોનો વેપારી વળતે દિવસે આ ત્રણ ગુલામોનો લઈને સામોસ નગરે ગયો. ત્યાં ગુલામબજારમાં એમને ખડા કર્યા.

અહીં જાન્થુસ નામનો ધનવાન માણસ આવ્યો. એ જમીનદાર અને વેપારી અને તત્ત્વવેત્તા પણ હતો. શાણો હતો. એટલે એણે આ ત્રણ ગુલામોની વિશેષતા જાણવા કોશિશ કરી. એણે પહેલા ગુલામને પ્રશ્ન પૂછ્યો, ''તું શું શું કરી શકે છે ?'' પેલાએ ઉત્તર આપ્યો. ''તમે કહો તે.'' બીજાને એ જ સવાલ પૂછયો તો જવાબ મળ્યો : ''હું દરેક કામ કરી શકું છું.'' આ બન્નેના જવાબ સાંભળીને ઈસપ હસી પડ્યા.




એ હસ્યો એટલે જાન્થુસનું એના તરફ ધ્યાન ગયું. એણે આ કૂબડા ગુલામને પૂછ્યું, ''અલ્યા, તું હસ્યો કેમ ? તું શું શું કરી શકે છે ?'' ઈસપે આડો જવાબ આપ્યો, ''મારો એક સાથી તમે કહો તે કરી આપે એમ છે અને બીજો સાથી દરેક કામ કરી શકે છે. એ બંને બધાં કામ કરે પછી મારે તો કશું કરવાનું રહેતું જ નથી ને ! એમની સાથે મને ખરીદી જશો તો મારે તો કશું કરવાપણું નથી રહેતું. મજા જ મજા !''

કૂબડા ગુલામનો આ તર્કપૂર્ણ જવાબ સાંભળીને જાન્થુસને જરાક નવાઈ લાગી. છતાં એની વધારે પરીક્ષા લેવા માટે આગળ પ્રશ્ન કર્યો, ''હું તને ખરીદું તો તું પ્રમાણિક પણે રહીશ ખરો ?''

''પ્રમાણિક તો હું છું જ; અને નહિ ખરીદો તોય પ્રમાણિક જ રહીશ.'' ઈસપે જવાબ આપ્યો.

જાન્થુસને સમજાયું કે પોતે સવાલ જ અકારણ પૂછ્યો હતો. હવે અગત્યનો સવાલ પૂછ્યો, ''હું તને ખરીદી તો જાઉં પણ તું નાસી નહિ જાય ને ?''

જવાબમાં ઈસપે જાન્થુસની આંખોમાં આંખો પરોવતાં ઉચ્ચાર્યું, ''પાંજરે પુરાયેલ કોઈ પંખી પોતાનો ઈરાદો માલિકને કદી કહે ખરું ?''

જાન્થુસને ખાતરી થઈ કે આ ખરેખર વિચક્ષણ બુદ્ધિવાળો માણસ છે. એને કોઈ પણ કિંમતે ખરીદી લેવો જોઈએ. આથી એણે ગુલામોના વેપારીને ગુલામોની કિંમત પૂછી. પેલાએ કહ્યું કે આ બેની કિંમત આપીને ખરીદો તો આ ખૂંધો કૂબડો ભેટ ! કારણ કે આ બે વેચાય પછી આ કૂબડાની તો કોઈ કોડી પણ નહિ આપે !!

આમ જાન્થુસ ઈસપને ખરીદીને પોતાને ઘેર ચાલ્યો. જો કે રસ્તામાં જ એને વિમાસણ થઈ. ઘરવાળી તો આ કૂબડાને જોઈને જ ભડકો થશે ! એ હતી અતિ ધનવાનની માથાફરેલ છોકરી. એને આવો માણસ ઘરના વાડામાં પણ શાનો પોસાશે !

અને બન્યું પણ એવું જ. ઈસપને જોતાં જ પત્નીએ જાન્થુસની અક્કલ સામે, એના કુળ સામે, એના જીવતર સામે આક્ષેપોનાં બાણ ચલાવવા માંડ્યાં. જાન્થુસે ઘણી દલીલ કરી કે માણસ નમ્ર છે, વફાદાર છે, સમજુ છે, આપણને કદી છોડીને ન જાય એવો છે, પરંતુ એની એક પણ વાત ઘરવાળીએ માન્ય ન રાખી.

આ દરમિયાન, ત્રણે ગુલામો તો સ્તબ્ધ બનીને ઊભા જ રહી ગયેલા. જાન્થુસને આશા હતી કે આ હોંશિયાર ગુલામ ઉપસ્થિત પરિસ્થિતિ ઠારવા કશીક અક્કલની વાત કરશે, પરંતુ એય સાવ મૂંગો ઊભો હતો. આથી જાન્થુસ અકળાયો. એણે રાડ પાડી, ''અબે,

નકામા આદમી ! તું કેમ હજુ ચૂપ છે ? કેમ કશું બોલતો નથી ? અમસ્તી તો તારી જીભ ખૂબ ચાલે છે. અહીં આ મારી ઘરવાળી મારે માથે માછલાં ધૂએ છે અને તું ચૂપ છે ? કંઈક તો બોલ !"

ઈસપ આ સાંભળીને એક ડગલું આગળ વધ્યો અને એણે એક જાણીતી ગ્રીક કહેવત ઉચ્ચારી, જેનો અર્થ આવો થાય : "હે પ્રભુ ! તું એમને આગ, પાણી અને કુભારજાની દયા પર મુકાતાં બચાવ !"

હવે ભાઈ, આવા "ડહાપણ"થી પરિસ્થિતિ કેટલી કથળી હશે, બાઈને "કુભારજા" કહેવાથી એને કેટલો ક્રોધ ચડ્યો હશે અને પછી આ વાયડા ગુલામ પર શી શી વીતી હશે, એની કલ્પના કરવી અઘરી નથી. છતાં, એની જે જીવનકથા આપણને મળી છે, એ સૂચવે છે કે ઈસપ જાન્થુસને ઘેર ખૂબ લાંબા સમય સુધી રહ્યો છે. એનો અર્થ એમ થાય કે એણે કોઈક ઉપાયે આ ગુસ્સાખોર સ્ત્રીનો વિશ્વાસ પણ જરૂર સંપાદન કર્યો હશે.

**જાન્થુસ પણ હવે માલિક કરતાં મિત્ર વધારે બની ગયો હતો. પરંતુ સામાજિક દરજ્જા બહુ સહેલાઈથી બદલાતો નથી. ગુલામીને સાર્વત્રિક સ્વીકાર મળેલો, એવા એ યુગમાં દરજ્જો બદલવો અશક્યવત્ હતો**

અને જાન્થુસ તો બહુ જલદી એના માલિક કરતાં મિત્ર વિશેષ બની ગયો. સંસાર-વ્યવહાર અને વેપારધંધામાં પણ ઈસપની સલાહ એને ઉપયોગી બની રહી.

જો કે જાન્થુસની ખૂબસૂરત અને ધનવાન ઘરની દીકરી એવી ઘરવાળી ગુસ્સાખોર હોવા ઉપરાંત અન્યો ઉપર આધિપત્ય જમાવવાની શોખીન હતી. સૌથી વધારે એને જાન્થુસને કહ્યાગરો કંથ બનાવવામાં મોજ આવતી. જાન્થુસને એના પ્રત્યે સાચે જ ખૂબ પ્રેમ હતો અને બાઈ પણ પ્રેમાળ બની શકતી, પરંતુ માલિકીભાવ દાખવવો એને વધારે ગમતો. સ્વભાવના આ અંતરને કારણે બંને વચ્ચે કજિયા ચાલ્યા કરતા અને આવા એક કજિયાને પરિણામે પત્ની પિયર ચાલી ગઈ.

બિચારા ભલા અને પ્રેમાળ જાન્થુસને માટે આ સ્થિતિ અસહ્ય થઈ પડી. થોડો સમય તો એ મન મારતો રહ્યો, પરંતુ પછી વધુ ને વધુ ઉદ્વિગ્ન રહેવા લાગ્યો. હોંશિયાર ઈસપથી આ કશું છાનું થોડું જ રહે ! એણે જાન્થુસને કહ્યું કે શેઠાણીને પાછાં બોલાવવાની એક તરકીબ છે. અરે, એ પછી શેઠાણી રીસાવાનું અને ક્રોધ કરવાનું સાવ ભૂલી જશે!



એણે અને જાન્થુસે એ તરકીબનો અમલ શરૂ કર્યો. ઈસપે જ્યાં ને ત્યાં, જેને ને તેને કહેવા માંડ્યું કે મારા માલિકની ઝઘડાખોર ઘરવાળી પિયર જતી રહી છે. તે ભલે ને જતી રહી! માલિકને રૂપરાણી રોડોફિસ સાથે પ્રેમ થયો છે અને એની સાથે ટૂંકમાં લગ્ન કરવાના છે! રોડોફિસ એટલે ગુલાબ જેવા ગાલવાળી-ગુલરૂખ! વાહ, મારા માલિક! એમણે બીજી પત્ની તરીકે વિશ્વની સુંદરમાં સુંદર સ્ત્રી પસંદ કરી છે! વાહ, વાહ!

દરમિયાનમાં, જાન્થુસે શહેરના કરિયાણાવાળા, અનાજવાળા, ઝવેરી, અરે, ફૂલવાળાને ત્યાં સુદ્ધાં મોટે પાયે ખરીદીના આદેશ આપવા માંડ્યા. રહેઠાણનાં રંગરોગાન પણ શરૂ કરાવ્યાં. પોતે પણ જે મળે તેને કહેવા માંડ્યું કે એક સારા દિવસની તૈયારી ચાલે છે. બધા નિમંત્રણની પ્રતીક્ષા કરજો! હવે, ભાઈ, આવા સમાચાર બાઈને પિયર પહોંચ્યા વગર રહે! એટલે એક દિવસ ઓચિંતો ઘોડાના ડાબલાનો ધમધમાટ અવાજ શહેરની શેરીઓમાં આવતા જાન્થુસના ઘર ભણી વહેતો આવ્યો. ઘરની આગળ જ હાંફતા અને પરસેવે રેબઝેબ ઘોડા ઊભા રહ્યા. એમને મારફાડ ઉતાવળે દોડાવવામાં આવ્યા હતા. રથમાંથી એવી જ રીતે ગુસ્સાથી હાંફતી અને ફુંગરાતી અને ધમધમ પગલાંથી ધરતી ધ્રુજાવતી અને ધમકીઓ ઉચ્ચારતી એ ઊતરી અને સીધી જાન્થુસની સામે જઈને ઊભી રહી અને બરાડી ઊઠી, "હું જીવતી છું ત્યાં સુધી બીજી કરવાનું સપનેય ન વિચારતોઃ નહિતર... અને એણે ઘોડાને ફટકારવા માટેનો ચાબુક હવામાં વીંઝયો.

અલબત્ત, ઘડીક વારમાં જ મામલો શાંત થઈ ગયો. આ તો એને પિયરથી પાછી બોલાવવા માટેનો તાયફો રચાયો છે, એ સમજાતાં બાઈ રાજી થઈ ગઈ. લગ્નની તૈયારીરૂપ જે ખરીદીઓ થઈ હતી તે પત્નીના પુનરાગમન મિષે મિજબાની આપવામાં નિયોજાઈ.

**ઈસપનાં પણ માન વધ્યાં જ!**

જો કે હવે એને પોતાની ગુલામ દશા અખરવા લાગી હતી. કોઈક ઉપાયે મુક્ત થઈ શકાય?

જાન્થુસ પણ હવે માલિક કરતાં મિત્ર વધારે બની ગયો હતો. પરંતુ સામાજિક દરજ્જા બહુ સહેલાઈથી બદલાતો નથી. ગુલામીને સાર્વત્રિક સ્વીકાર મળેલો, એવા એ યુગમાં દરજ્જો બદલવો અશક્યવત્ હતો. કહે છે કે એકવાર તો કોઈ એક કબર પરનું લખાણ ઉકેલી આપે તો તને છૂટો કરું એવું જાન્થુસે વચન આપ્યું અને ઈસપે એ કોયડારૂપ લખાણ ઉકેલી આપ્યું અને એથી જાન્થુસને ગુપ્ત સુવર્ણભંડાર મળ્યો, તેમ છતાં એણે ઈસપને મુક્ત ન કર્યો. એનું ખાસ કારણ કદાચ એ હતું કે આ અક્કલના ભંડાર

જેવા માણસને એ પોતાનાથી દૂર કરવા માગતો ન હતો!

આ પછી કેટલેક સમયે સામોસમાં એક અજાયબ ઘટના બની. એક ગરુડે ઊડતાં ઊડતાં પોતાની ચાંચમાં પકડાયેલી એક વીંટી નીચે ફેંકી. સંભવ છે કે એ લાલ નંગવાળી કોઈ વીંટી હશે અને માંસનો ટુકડો ધારીને ગરુડે એ ચાંચમાં ઝડપી હશે. પરંતુ એને અખાદ્ય જણાતાં નીચે પડવા દીધી હશે. હવે બન્યું એવું કે એ વીંટી સામોસના કોઈક ગુલામને માથે પડી. આવી બાબતોને દૈવી માનનારા લોકો આ ઘટનાથી મૂંઝાઈ ગયા અને ગરુડ દ્વારા વીંટી કોઈ ગુલામને માથે ફેંકાય એવી ઘટનાનું દૈવી અર્થઘટન વિમાસવા લાગ્યા. ત્યાં કોઈકે વાત શરૂ કરી કે જાન્થુસનો ગુલામ ઈસપ આવી બધી સમસ્યાઓના ઉકેલ જાણે છે. એને નગરરાજ્યની મંત્રીસભા સમક્ષ બોલાવો.

જ્યારે ઈસપને મંત્રીસભા સમક્ષ હાજર કરવામાં આવ્યો ત્યારે એણે પ્રથમ તો એ જમાનાના કાનૂનનો મુદ્દો ઉપસ્થિત કર્યો. એણે કહ્યું કે કોઈ ગુલામને ભવિષ્ય ભાખવાનો કે દૈવી ચમત્કારનો ઉકેલ આપવાનો અધિકાર નથી. આથી પહેલાં તો મને મુક્ત નાગરિક જાહેર કરો. ચિંતાતુર મંત્રીસભાએ કહ્યું કે ભાઈ, તારી મુક્તિની શરત મંજૂર છે અને તારા ઉકેલથી મંત્રીસભાને સંતોષ થશે તો રોકડ ઈનામ પણ આપીશું. બિચારો જાન્થુસ આ વેળા હાજર હતો. એ ઘણુંય ચાહતો હતો કે ઈસપ પોતાનો ગુલામ રહે. પરંતુ મંત્રીસભાના ઠરાવની વિરુદ્ધ જવાની પણ એની હિંમત નહોતી.

**ઈસપ મુક્ત માનવી તરીકે પોતાના વતનમાં અને ગ્રીસમાં પણ ખૂબ ફરતો રહ્યો. જાન્થુસના પ્રતિનિધિ તરીકે ગ્રીસ અને અન્ય પ્રદેશોમાં ગયાં. કેટલાંક રજવાડાંનો અને નગર તથા રાજ્યોનો સલાહકાર પણ બન્યો**

હવે ઈસપે ગરુડ અને ગુલામને માથે વીંટીવાળી ઘટનાનો ઉકેલ આપ્યો. ગરુડ શાહી પક્ષી છે. એણે ગુલામને માથે વીંટી ફેંકી, એનો અર્થ એ કે કોઈ સમ્રાટ દ્વારા તમારી સ્વતંત્રતા છીનવી લેવામાં આવશે. તમને ગુલામ પ્રજા બનાવવામાં આવશે!

અને, જૂની વાર્તા કહે છે કે એ પછી તરતને દિવસે જ લીડિયાના રાજા ક્રીસસના દૂત સામોસ આવ્યા અને એમણે કહ્યું કે કાં તો લીડિયાના સમ્રાટ ક્રીસસનું આધિપત્ય સ્વીકારી લો અથવા યુદ્ધ કરો.

હવે, નાનકડું નગરરાજ્ય સામોસ લીડિયાના મોટા સામ્રાજ્ય સામે યુદ્ધમાં ટકી ન શકે, પરંતુ સ્વતંત્રતા પણ સૌને એટલી જ વહાલી હતી. ક્રીસસને મળીને કશીક વાજબી વ્યવસ્થા થઈ શકે તો સારું, આવી વિચારણાને અંતે નક્કી થયું કે ક્રીસસના દરબારમાં આપણો એલચી મોકલવો.



સ્વાભાવિક જ, શાણા માનવી તરીકે હવે વખણાઈ ચૂકેલા ઈસપ ઉપર પસંદગી ઢોળાઈ.

એ જમાનાથી આજના જમાના સુધી ક્રીસસ અને લીડિયાની સમૃદ્ધિની દંતકથાઓ ચાલે છે. એવા ક્રીસસના દરબારમાં ઈસપ પહોંચ્યો. સમૃદ્ધિની છોળો વચ્ચે જીવતા લીડિયાના દરબારીઓ આ મુફલીસને અને એના પહેરવેશને જોઈને હાંસી કરવા લાગ્યા. ઈસપે ક્રીસસની સામે જોયું. જબ્બર હિંસકતા એના ચહેરા પર દેખાઈ એ સમજી ગયો કે એક અણગમતો શબ્દ અને પોતાની ગરદન કપાઈ જશે.

છતાં એણે હિંમતથી પોતાની વાર્તાઓ બનાવવાની અને કહેવાની પ્રશસ્ત પદ્ધતિએ વાર્તા કહેવા માંડી: "કોઈ એક છોકરાના હાથમાં એક તીડ આવી ગયું. છોકરો એને ચોળીને મારી નાખવાની તૈયારીમાં હતો ત્યાં જ પેલું તીડ ચિત્કારી ઊઠ્યું કે અફસોસ! મેં જિંદગીમાં કદી કોઈનેય કશી જ ઈજા નથી કરી કે ઈજા કરવાની ઇચ્છા નથી કરી અને કોઈનેય ઈજા કરવાની મારી ગુંજાયશ પણ નથી. છતાં મારો નાશ કરવાથી તારા હાથમાં શું આવશે? તીડની આ વાત સાંભળીને પેલા છોકરાનું દિલ દ્રવી ઊઠ્યું અને એણે તીડને આઝાદ કરી દીધું. એ જ રીતે, આપ સામોસને આઝાદ રહેવા દો, એવી વિનંતી છે."

ક્રીસસ તો આ ગરીબડા આદમીની શિખામણ સાંભળીને ઘડીભર અવાક્ બની ગયો. પણ પછી એનું સમ્રાટત્વ જાગ્યું. "અબે ગુલામ! મને શિખામણ આપવાની તારી ગુસ્તાખી બદલ તને મોત આપી શકું છું, સમજ્યો? બોલ, મારે તને મારી કેમ ન નખાવવો?"

"નામદાર! આપ શક્તિમંત છો. એક બેગુનાહ નગર અને એક બેગુનાહ ગુલામ તમારે આશરે છે. પેલા ઉદાર છોકરાની જેમ આપ પણ આઝાદી આપી શકો છો અને મારી વાત કરું તો, મને વાણીનું વરદાન છે. એનો ઉપયોગ મેં હંમેશાં માનવજનના હિત માટે કર્યો છે. જીવતો રહીશ તો હિત અને સમજણની આવી વાતો કરતો રહીશ."

કથા કહે છે કે ક્રીસસે સામોસની સ્વાયતત્તા યથાવત્ રાખી.

આ પછી તો ઈસપ મુક્ત માનવી તરીકે પોતાના વતનમાં અને ગ્રીસમાં પણ ખૂબ ફરતો રહ્યો. જાન્થુસના પ્રતિનિધિ તરીકે ગ્રીસ અને અન્ય પ્રદેશોમાં ગયાં. કેટલાંક રજવાડાંનો અને નગર તથા રાજ્યોનો સલાહકાર પણ બન્યો. એ

બધાંને શાસનસંબંધી સાચી સલાહ આપતો રહ્યો.

આ સમસ્ત વ્યાપક કામગીરી દરમિયાન એ પોતાના દુનિયાદારીના અનુભવોને બળે કેટલીક સાચી વાતો કરતો હશે. કેટલીક વાતો શાણપણ કથાઓ કે નીતિકથાઓ.. ના રૂપમાં કહેતો હશે. અનેક લોકો એ કથાઓ યાદ રાખી લેતા હશે, જે પછીથી મુખપરંપરાથી અને લેખનથી સચવાતી રહી. બદલાતી રહી અને એમાં ઉમેરા થતા ગયા. પ્રાચીન યુગની ખાસિયત જ આ હતી કે કોઈ એક વ્યક્તિ દ્વારા કશીક રચના થાય એમાં પછીની પેઢીઓ ઉમેરા કરતી જ રહે.

અલબત્ત, શાણાઓના પણ ક્યારેક બૂરા ફેજ થાય છે. કાં તો એમને શાણપણનું અભિમાન ચડે છે અને એથી એમનું પતન થાય છે, કાં તો એમની અદેખાઈ કરનારા એમનો વિનાશ કરાવે છે. ઈસપના મૃત્યુ વિશે જે ઘટના નોંધવામાં આવી છે, એમાં આ બંને પરિબળો કામ કરતાં જણાય છે. કહે છે કે ઈસપ ઈ.સ.પૂર્વે ૫૬૦ના(કે ૫૬૪) ના) વર્ષમાં લીડિયાના રાજા ક્રીસસના દૂત તરીકે ગ્રીસના ડેલ્ફી ખાતે આવેલો.

અહીં એણે કશીક બાબતે ડેલ્ફીવાસીઓનું અપમાન કર્યું. કહે છે કે એ ઉઘરાણીદાર તરીકે ગયેલો અને ઉઘરાણી પતી નહિ તેથી કડવાં વેણ બોલ્યો. આથી એ નગરરાજ્યની નાગરિક સત્તાએ તેને મોતની સજા ફરમાવી. એટલું જ નહિ એની બુદ્ધિમત્તાની અદેખાઈ કરાનારા કેટલાનું ડેલ્ફીવાસીઓએ નગરના મંદિરમાંથી એણે ચોરી કરી છે, એવું ખોટું આળ એને માથે ચડાવ્યું ? આથી નગરના સત્તાધારીઓએ તેને મૃત્યુદંડ ફટકાર્યો. એમને ત્યાં મૃત્યુદંડ આપવાની આગવી રીત હતી. અપરાધીને ઊંચી ટેકરી પરથી ઊંડી ખીણમાં ફેંકી દેવામાં આવતા! પોતાના યુગની એક સમર્થ પ્રજ્ઞાનું આવું કમોત થયું.

**સંસ્કૃત નાટકોના અગ્રણી સર્જક કાલિદાસ વિશે કહેવાયું છે કે એ મૂંગો અને અડબંગ હતો. જે ડાળી પર બેઠો હોય એ જ કાપવા કોશિશ કરતો હતો! પરંતુ પછી સરસ્વતી પ્રસન્ન થયાં અને એ માત્ર બોલતો થયો એટલું જ નહિ ઉત્તમ નાટક-કાવ્ય સર્જતો થયો**

જોકે પછીના સૈકાઓ દરમિયાન તો માનવજાતને ઈસપ માટે ખૂબ માન થયું. એથી, પછીથી, એની મૃત્યુકથામાં ઉમેરવામાં આવ્યું કે પ્રજ્ઞાના પ્રાણ અકારણ હરવાને કારણે ડેલ્ફીમાં દુકાળ અને રોગચાળાના સિલસિલા શરૂ થયા. એટલું જ નહિ, એથેન્સમાં તો સાત ઋષિઓનાં પૂતળાં સમક્ષ એનું પૂતળું ખડું કરવામાં આવ્યું.

આવી સર્જક વિભૂતિઓ વિશે કેટલીક વાર ચમત્કાર પણ જોડવામાં આવે છે. આપણા દેશના સંસ્કૃત નાટકોના અગ્રણી સર્જક કાલિદાસ વિશે કહેવાયું છે કે એ મૂંગો અને અડબંગ હતો. જે ડાળી પર બેઠો હોય એ જ કાપવા કોશિશ કરતો હતો! પરંતુ પછી સરસ્વતી પ્રસન્ન થયાં અને એ માત્ર બોલતો થયો એટલું જ નહિ ઉત્તમ નાટક-કાવ્ય સર્જતો થયો. એવી જ વાત મધ્યયુગના એક નાટક 'ધી ઈસપ રોમાન્સ'(ઈસપની રોમાંચક કથા)માં છે. પહેલાં નાટક લખનારનું નામ નથી. એમાં નિરૂપણ છે કે ઈસપ પહેલા મૂંગો હતો. પરંતુ એક વાર એ દેવી આઈસીસના દેવળમાં હતો ત્યારે દેવીની પૂજારણ ઉપર દુષ્ટોએ હુમલો કર્યો. એ વેળા ભોળિયા મૂંગા ઈસપે જોરદાર સામનો કરીને પૂજારણને બચાવી. આથી સ્વયં દેવી આઈસીસ પ્રસન્ન થયાં અને એને વાણીનું અને વાર્તાસર્જનનું વરદાન આપ્યું.

ઈસુ પૂર્વેની છેક છઠ્ઠી પાંચમી સદીમાં, સોક્રેટિસ વગેરેનીય અગાઉ જીવી ગયેલો ઈસપ મૂળે ક્યાંનો વતની હતો, એ નક્કી થઈ શક્યું નથી. એની વાત ફ્રીજિયાથી, તુર્કીથી શરૂ થાય છે, એટલે સંભવ છે કે એ મૂળે મધ્ય કે મધ્ય-પૂર્વ એશિયામાં જન્મેલાં હશે. Aesop એ એના નામનું અંગ્રેજી રૂપ છે. પરંતુ મધ્યયુગમાં અને એ અગાઉ પણ એના નામની અલગ અલગ જોડણી થયેલી જણાય છે. Ysopet, Asop, Esopo, Isopes, ysoppe, Esope, Esopus, Eropov, Isopo વગેરે. આ તમામને આધારે અનુમાન કરી શકાય કે એ મૂળે મધ્ય કે મધ્યપૂર્વ એશિયાનો વતની હશે અને એનું નામ યૂસુફ હોવું જોઈએ. આ નામ મધ્ય-પૂર્વ એશિયાનું ખૂબ જ પ્રચલિત નામ છે. યૂસુફનાં જ જોસેફથી માંડીને યોસિપ સુધીનાં રૂપાંતર થયાં છે. જમાનો ગ્રીક વર્ચસ્વનો હોવાથી ગ્રીક ભાષામાં એની સામે લખાઈ.

**ઈસપની નીતિકથાઓની રચનાઃ**

અઢીએક હજાર વર્ષોથી દુનિયાભરમાં કહેવાતી અને લખાતી ઈસપની નીતિકથાઓમાં મૂળે પેલા ગુલામે સર્જેલી કથાઓ કેટલી? વિદ્વાનો કહે છે કે છેક ઈસુ પૂર્વેના સમયમાં પ્રાચીન ગ્રીસમાં ઈસપની કથાઓ તરીકે કહેવાતી થઈ એમાં કેટલીય મૂળ સુમેર અને અક્કાડ સંસ્કૃતિની દેન છે. ઘણી તો જાતકકથાઓ અને પંચતંત્રની કથાઓનાં રૂપાંતર-નામાંતર સમી છે! અલબત્ત,બેન ઈ. પેરી નામના સંપાદકે બેબ્રીઅસ એન્ડ ફેબ્રીઅસ' નામના પુસ્તકમાં આથી અવળો મત દર્શાવ્યો છે. એ કહે છે કે મને ખાતરી છે કે ઈસપની એક પણ કથાનું મૂળ ભારતમાં નથી. અરે, એથી ઊલટું, છેક શરૂઆતમાં ગ્રીક અને તુર્કી વગેરે ભાષાઓમાં પ્રથમ જોવા મળતી કથાઓ પછીથી બોધ જાતકકથાઓ તેમજ પંચતંત્ર જેવી ભારતની કથાશ્રેણીઓમાં જોવા મળે છે.

અલબત્ત, આ બધું પ્રાચીન સાહિત્ય સદીઓની સદીઓ સુધી મૂળ પરંપરાથી કહેવાતું અને વેપારી વણઝારો દ્વારા વહેતું રહ્યું છે. પ્રાચીન માનવીનાં આદાનપ્રદાન ભલે ધીમાં હતાં પરંતુ વ્યાપક હતાં. એથીસ્તો પ્રાચીન ગ્રીક અને પ્રાચીન ભારતીય કથાઓમાં અગણિત સમાનબિંદુઓ છે.

અને, અલબત્ત બધાં પ્રાચીન સાહિત્યોની જેમ ઈસપને

નામે કહેવાતી કથાઓની સંખ્યા સતત વધતી રહી છે. કહેવાય છે કે છેક ઈસુ પૂર્વે ચોથી સદીમાં ડીમીટ્રીઅસ નામના વિદ્વાને ઈસપકથાઓનો સંગ્રહ કર્યો હતો. એણે લખેલ દસ હસ્તલિખિત પોથીઓમાં ૧૬૦ કથાઓ હતી. જો કે હવે એ પોથીઓ હયાત નથી, એટલે એમાં કઈ કથાઓ હતી અને કેટલી ખરેખર ઈસપની હતી એ જાણી નહિ શકાય.

પણ અગિયારમી-બારમી સદીથી વળી પાછા ઈસપની કથાઓના સંગ્રહો થવા લાગ્યા. એવા પ્રથમ સંગ્રહમાં ૫૫ કથાઓ હતી, તે લેટિન ભાષામાં લોરેન્ઝો બેવિલાકાએ પંદરમી સદીને અંતે ૧૯૭ કથાઓનો સંગ્રહ પ્રગટ કર્યો. ત્યાં સુધીમાં મુદ્રણકળાની શોધ થઈ ગઈ હતી. આથી સમગ્ર યુરોપમાં અને પછી અમેરિકામાં ઈસપ કથાઓ જુદી જુદી રીતે લખાવા અને છપાવા લાગી. કોઈકે એમને ધર્મનીતિકથા તરીકે પેશ કરી તો કોઈકે રાજકીય રંગ પણ આપ્યો ! (દેડકાઓ રાજાની માગણી કરે છે અને ઇશ્વર એમને પ્રથમ લાકડાના મોટા ઘડિયાળની અને પછી એમનો પૂરો સંહાર કરે તેવા બગલાની ભેટ 'રાજા' તરીકે આપે છે. એ કથામાં રાજકીય રંગ છે) ગ્રીસ, ઈટલી, જર્મની, ફ્રાન્સ અને બ્રિટન પછી સમગ્ર યુરોપની ભાષાઓમાં અનુસર્જન પામનાર આ કથાઓ ૧૫૯૩માં જાપાન અને ૧૬૨૫માં ચીન પહોંચી.

**જેમાં પશુપંખીઓ અને માનવી પણ પાત્રો તરીકે હોય અને જેનો ઉદ્દેશ માનવીને કશીક સમજણ કે શિખામણ કે માર્ગદર્શન આપવાનો હોય. એવી પ્રાચીન જગતની કથાઓમાં ભારતનાં પંચતંત્ર, હિતોપદેશ તથા જાતકકથાઓનો અને ગ્રીસની આજુબાજુની ઈસપકથાઓનો સમાવેશ થાય**

ભારતમાં અંગ્રેજો ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધ પછી સ્થિર થયા એટલે ભારતીય ભાષાઓમાં એનાં છાપાં-પુસ્તકો છપાવવા લાગ્યા. અંગ્રેજી ઈસપ કથાઓના ઘણા ભારતીય અનુવાદો પણ શરૂ થયા. ૧૮૦૩માં એક સાથે બંગાળી, હિન્દી અને ઉર્દૂ અનુવાદ થયા પરંતુ તે અંગ્રેજી (રોમન) લિપિમાં છપાયા ! સ્થાનિક લિપિઓમાં છપાવાનું ૧૮૦૬ (મરાઠી) અને ૧૮૧૬ (બંગાળી)માં શરૂ થયું. આ પછી લગભગ બસો બસો કથાઓ ધરાવતા અનુવાદો સ્થાનિક લિપિમાં આવ્યા. હિન્દી (૧૮૫૭), કન્નડ (૧૮૪૦), ઉર્દૂ (૧૮૫૦), તમિલ (૧૮૫૩), સિંધી (૧૮૫૪) વગેરે.

ગુજરાતીમાં ૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યાના અનુવાદ 'ઈસપનીતિ કથાઓ' પ્રગટ થયો એ પછી તરત જ ૧૮૩૯માં શંકર ન. જોષીએ ઇસપનીતિ ભાગ-૧ અને ભાગ-૨ તરીકે ઇસપકથાઓ આપી. જરાક વધુ ચોખ્ખી ગુજરાતીમાં 'ઈસપકૃત કલ્પિત વાતો' રણછોડદાસ ના. જીવરાજાણીએ ૧૮૬૦માં રજૂઆત કરી. આ પછી પણ દાયકે-બે-દાયકે ગુજરાતી લેખકો થોડી કે ઘણી ઈસપકથાઓ પાઠ્ય પુસ્તકો માટે કે બાળસાહિત્યનાં પુસ્તકો માટે લખતા રહ્યા છે.

ગત ફકરામાં 'થોડી કે ઘણી' શબ્દો આવ્યા. પ્રશ્ન થાય છે કે ઈસપકથાઓ કેટલી ? આવો પ્રશ્ન અમને જાતકકથાઓના બાળસુલભ પુનર્લેખન વેળા થયેલો. ત્યારે હિન્દી, અંગ્રેજી, ગુજરાતીમાં પ્રગટેલાં જાતકકથા વિષયક પુસ્તકો જોયાં. આ કે તે સંગ્રહની મળીને ૩૦૦ જેટલી કથાઓ થાય ! ઈસપકથાઓ પણ અન્યોન્ય રજૂઆતોમાં ગણીએ તો સેંકડો થાય. વિકીપીડીયાએ મૂળ ઈસપની કથાઓ ગણી છે, ચીને ૨૦ ક્ષેપક ગણાવી છે. એમ છતાં આખરે વિકીપિડિયા આ યાદીને કેટલીક નીતિકથાઓ (Some Fables) કહે છે. અમારે ઘેર ૧૮૭૪માં લંડનના પ્રકાશક જહોન મરેએ છાપેલી થૉમસ જેમ્સ અનુવાદિત નીતિ કથાઓનો સંગ્રહ છે. એમાં ૨૦૩ વાર્તાઓ છે. ૨૦૩ !


**ઈસપકથાઓની લોકપ્રિયતા**

જેમાં પશુપંખીઓ અને માનવી પણ પાત્રો તરીકે હોય અને જેનો ઉદ્દેશ માનવીને કશીક સમજણ કે શિખામણ કે માર્ગદર્શન આપવાનો હોય. એવી પ્રાચીન જગતની કથાઓમાં ભારતનાં પંચતંત્ર, હિતોપદેશ તથા જાતકકથાઓનો અને ગ્રીસની આજુબાજુની ઈસપકથાઓનો સમાવેશ થાય. ચારેયમાં ઘણાં સર્વસામાન્ય તત્ત્વો અને અંશો છે. એટલે યુગો પર્યન્ત થયેલા આવાગમનની એમનાં પર અસર પડી જ હોય. અલબત્ત આ બધી કથાઓમાં પંચતંત્ર ઘણું અલગ પડે છે. ઈસપમાં રાજકીય ઈશારા ધરાવતી જૂજ કથાઓ છે, પરંતુ પંચતંત્ર તો મૂળભૂત રીતે એક રાજાના છોકરાઓને રીતસર શાસનરીતિ (Statecraft) શીખવવાનો ઉદ્દેશ ધરાવે છે.

પરંતુ પંચતંત્ર વગેરે એમના વતનમાં જ સદીઓ સુધી વીસરાયેલાં રહ્યાં ત્યારે ઇસપકથાઓ સમગ્ર યૂરોપમાં અઢી હજાર વર્ષ સુધી કહેવાતી રહી, લખાતી રહી અને વિસ્તરતી રહી. ત્યાં ભાષા શીખનારાઓ માટે એણે પાઠ્યપુસ્તકની ગરજ સારી. ધાર્મિક ભણતર મેળવનારને એણે દૃષ્ટાંત કથાઓ પૂરી પાડી. પ્રવચનકારોને પોતાનાં પ્રવચન વધુ રસિક બનાવવા માટે મસાલો પૂરો પાડ્યો. દાદીમાઓને બાળકો રિઝવવાની સામગ્રી પૂરી પાડી.

ટૂંકમાં ગત અઢી હજાર વર્ષોથી રાજનીતિ કથાઓ માનવજાતની મોંઘેરી સંસ્કાર-મૂડી બની રહી છે. થેન્ક યૂ ઈસપ.

*૪૭-એ, નારાયણનગર, પાલડી,*
*અમદાવાદ-૩૮૦૦૦૭*
*મો-૯૪૨૮૦૪૬૦૪૩*





" ગોપી સંગ ક્હાન "
- હસમુખભાઈ રાવલ
મો.-૯૪૨૭૭૧૦૭૧૧



" રંગોલ્લાસ "
- અંજલી મહેતા
મો.-૭૮૭૪૩૮૫૨૧૧



" ગાંધી બાપુ"
- મનહર કાપડિયા
મો.- ૯૪૨૬૫૨૯૦૨૯



" યૌવન માંડે આંખ "
- અમૂલ પરમાર
મો.-૯૮૨૪૩૯૦૫૯૫

# ઓખામંડળના માણેકવંશનો ઇતિહાસ

- નરોત્તમ પલાણ

'ઓખામંડળ' ગુજરાતમાં પ્રસિદ્ધ છે. ભગવાન દ્વારકાધીશના કારણે વિશ્વવિખ્યાત છે. આજનો આ નાનકડો તાલુકો ગુજરાતના ઇતિહાસ ઉપરાંત ભારતવર્ષના ઇતિહાસમાં પણ ચર્ચાતો આવ્યો છે. આપણી પૌરાણિક માન્યતા મુજબ આજથી આશરે પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ મથુરા છોડીને દ્વારકા આવ્યા તે ઘટના આપણા દેશના ઇતિહાસની એક શકવર્તી ઘટના ગણાય છે.

પૌરાણિક ઇતિહાસ મુજબ અહીં સૂર્યવંશ પ્રથમ છે. મનુ વિવત્સવાન દ્વારા આ પ્રદેશ સૂર્યપુત્ર શર્યાતિને મળેલો છે. શર્યાતિ, આનર્ત, રેવત વગેરેનો સૂર્યવંશ અહીં પ્રથમ છે. આ કારણે જ આ પ્રદેશનું નામ 'સૌર-રાષ્ટ્ર' - 'સૌરાષ્ટ્ર' છે. સૂર્યવંશીની પુત્રી રેવતી શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામને પરણી અને પછી અહીં યાદવવંશ શરૂ થયો છે. હાલ આપણી પાસે પાંચેક હજાર વર્ષ જૂની આ કથા છે અને એટલા જ કે તેથી વધારે વર્ષો જૂના દરિયામાંથી પ્રાપ્ત પુરાવશેષો છે. જો કે અદ્યાપિ આ બન્ને વચ્ચે કોઈ સંબંધ સ્થાપિત થઈ શકતો નથી.

સમ્રાટ અશોકથી શરૂ થતા આપણા ઐતિહાસિક કાળમાં અહીં મૌર્ય, ક્ષત્રપ, કાબા-કાળા, ચારુલક, ગુપ્ત અને મૈત્રક છે. આમાંથી અમુક વંશોના શિલાલેખો તથા અન્ય ઐતિહાસિક પ્રમાણો મળે છે. ઈ.સ.ની આઠમી સદીના અંતમાં થયેલા વલભી-સાંગ પછી અહીં જુદા જુદા રાજપૂતવંશો છે, જેમાં ચાવડા, હેરોળ, વાઘેર અને વાઢેર મુખ્ય છે. ઈ.સ. ૧૫૦૦થી ૧૮૦૦ વચ્ચે અહીં ઘૂમલી-રાણપરના જેઠવા અને જામનગરના જાડેજા છે. અહીં જાડેજા સત્તા હોવાનો છેલ્લો પુરાવો ઇ.સ. ૧૭૮૨નો છે. અહીં 'જામ વિજય રાજ્ય' એવા સ્પષ્ટ શબ્દો વાંચી શકાય છે. આ સમય પછી પણ અહીં જાડેજા સત્તા હતી પણ આવો સ્પષ્ટ શિલાલેખ બીજો નથી. બીજો સ્પષ્ટ શિલાલેખ ૧૮૨૦નો છે અને તે વાઘેરો સાથેના જંગમાં માર્યા ગયેલા વિલિયમ હેન્રી મેરિયરની કબર ઉપરનો છે. ૧૭૮૨ અને ૧૯૨૦ દરમિયાન અહીં સત્તા માટે સામસામાં ધીંગાણાં થયાં છે અને આખરે અંગ્રેજોની સહાયથી ગાયકવાડનું રાજ રહ્યું છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગાયકવાડે ૧૯૪૯માં ઓખામંડળ સીધું જ મુંબઈ રાજ્યને સોંપી દીધું છે.

●●●

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઓખા મંડળનો 'માણેકવંશ' બરાબર દેખા દે છે. આ 'માણેકવંશ' ઓખા મંડળના વાઘેરવંશની એક શાખા છે. ઓખામંડળના ઇતિહાસમાં અહીંનો મૂળ વાઘેરવંશ અને છેક ચૌદમી સદીથી શરૂ થયેલો અહીંનો વાઢેરવંશ આપણા ઇતિહાસ લેખકોના માથાનો દુ:ખાવો છે. બન્ને જુદા છે કે એક ? જુદા હોય તો ક્યારથી ને ભેળા હોય તો ક્યારથી ? શું વાઘેર કે વાઢેર પાસે વ્યવસ્થિત રાજતંત્ર છે ? તેઓનું રાજ હતું તેનો કોઈ ઐતિહાસિક પુરાવો છે ? પ્રબળ લોકસ્મૃતિ સિવાય ક્યાં છે આનાં પ્રમાણો ? સાંભળવા મળતી કથાઓમાં પણ બંન્ને વંશ સેળભેળ પામતા રહ્યા છે. દેખીતી રીતે તો 'વાઘેર' અને 'વાઢેર'માં માત્ર 'ઘ-ઢ'નો જ ફેર છે. અમે અમારા ઓખામંડળના પગપાળા પ્રવાસમાં આટલું તારવી શક્યા છીએ કે મૂળમાં બન્નેમાં ફેર છે અને બન્નેના સ્રોત પણ અલગ અલગ છે. વાઘેર વડીલોનું એમ કહેવું છે કે 'અમે શ્રીકૃષ્ણ સાથે સંબંધ ધરાવતા કાબા છીએ.' આજે અમે 'કાબા'માંથી 'વાઘેર' તરીકે ઓળખાયે છીએ.

'કાઠિયાવાડ સર્વ સંગ્રહ' (૧૮૮૬)એવું નોંધે છે કે શ્રીકૃષ્ણે 'કુશાસુર'ને ભોંયમાં ભંડારી દીધો તેમાંથી જે પુરુષ નીકળ્યો તે પ્રથમ વાઘેર છે ! બીજી કથા દ્વારકાના સુપ્રસિદ્ધ ઇતિહાસ લેખક કલ્યાણરાયભાઈ જોષી આપે છે તે મુજબ મથુરાથી શ્રીકૃષ્ણ વગેરે આ બાજુ ભાગ્યા ત્યારે તેનો પીછો કરતા કાલયવન સેના પણ છેક સૌરાષ્ટ્ર સુધી આવી પહોંચી હતી. શ્રીકૃષ્ણની યુક્તિથી કાલયવનનો નાશ થયો અને તેની સેનાના જે બાકી રહેલા માણસો હતા તે સમય જતાં કાબા, કાલા અને મોડ તરીકે ઓળખાવા લાગ્યા. ધીરે ધીરે આ ત્રણ વર્ગો પણ એક થયા અને ઓખામંડળના કાબા હિન્દુસંસ્કાર પામીને 'વાઘેર' થયા. કલ્યાણરાયભાઈ પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથ 'ઓખામંડળના વાઘેરો (૧૯૬૯)માં નોંધે છે કે' વાઘેરોના અમુક તહેવારો ઉપરથી જણાઈ આવે છે કે તે શુદ્ધ ભારતીય સંસ્કારો ધરાવતા નથી. ત્રીજો મત એવો છે કે વાઘેર અને વાઢેર બન્ને સાગરખેડુ પ્રજા અને દરિયાપારથી તે આવી હશે. અહીંની કથામાં મળતો સક્કરબેલીમ દરિયાપારનો છે. જોકે આવી કથાઓને અદ્યાપિ ઇતિહાસનો ટેકો મળ્યો નથી.

આટલું સ્પષ્ટ છે કે ઓખામંડળની પ્રાચીન પ્રજા વાઘેરો અને ગુગળી બ્રાહ્મણો છે, જ્યારે વાઢેર ગણાતો લોકસમૂહ મૂળમાં કનોજનો રાઠોડ રાજવંશ છે. ઇ.સ.ની બારમી સદીમાં આવેલા શાહબુદ્દિન ઘોરીના આક્રમણ સામે દિલ્હીના ચૌહાણ અને કનોજના રાઠોડ ટકી શક્યા નથી. આ રાજપૂતો ક્રમશઃ રાજસ્થાન અને ગુજરાત તરફ આવ્યા છે. ચૌહાણવંશ રાજસ્થાનમાં અને રાઠોડવંશ ઈડર, ઓખા મંડળ તથા પ્રભાસ સોમનાથમાં ગોઠવાયો છે. ૧૨૫૦ થી ૧૩૫૦ વચ્ચે ગુજરાતના આ ત્રણે સ્થળોએ તેમનું શાસન હોવાનાં અનુમાનો થયાં છે. કલ્યાણરાયભાઈ ઓખામંડળના આરંભડાને વાઢેરની રાજધાની માને છે. આરંભડામાં આજે દરબારગઢના અવશેષો છે. ઈ.સ. ૧૫૭૨થી ૧૭૬૧ સુધીના લેખયુક્ત કુલ છ પાળિયા આરંભડાના પાદરમાં આજે ઊભા છે. આ પાળિયા લેખો ઉપરથી અહીં સતત ધીંગાણાં થતાં રહ્યાં હોવાનું તારવી

શકાય છે, પરંતુ એક પણ લેખમાં વાઘેર, વાઢેર કે માણેક શબ્દ મળતો નથી ! સામાન્ય માન્યતા એવી છે કે બેટમાં વાઘેર, આરંભડામાં વાઢેર અને છેક ૧૮૦૦ થી ૧૯૦૦ વચ્ચે દ્વારકામાં માણેક છે. કલ્યાણરાયભાઈ વેરાવળજીથી ભોજરાજજી સુધીના વાઢેરવંશની નામાવલિ આપે છે, જ્યારે ઓખામંડળના વાઢેર વંશ વિશે લખાયેલો સ્વતંત્ર ઇતિહાસ વાઢેર રાજપૂત દર્પણ (લે. શાંતુભા નંદાણા, ૧૯૯૮) કુલ બત્રીસ રાજાઓ ગણાવે છે ! આજે આપણને એમ લાગે કે આ અને આવી બીજી સૂચિઓ એકબીજા સાથે મેળવતા, ઇતિહાસ કરતાં કથા-વાર્તા વિશેષ છે !

કનોજના રાઠોડો ઓખામંડળમાં આવીને તુરત જ રાજગાદીના માલિક બની બેઠા તેમાં અહીંના સ્થાનિક રાજવંશો ચાવડા અને હેરોળ વચ્ચે જે દુશ્મનાવટ છે તેનો લાભ રાઠોડોએ લીધો છે ! દંતકથા તો એવી છે કે રાઠોડોએ આ વંશોને આડેધડ દગાફટકાથી વાઢી નાખ્યા એટલે તેઓ 'વાઢેર' કહેવાયા છે, જ્યારે ઇતિહાસ એ છે કે ઓખામંડળમાં આવેલ પ્રથમ રાઠોડ અજમલ રાઠોડ છે અને આ અજમલને વેજલજી અને વાઢેલજી નામના બે પુત્રો હતા. તેમાંથી વેજલજીનો વંશ 'વાજા' કહેવાયો અને તેણે પ્રભાસ સોમનાથમાં પોતાના રાજ્યના શ્રીગણેશ કર્યા. વાઢેલજીના વંશજ વાઢેર કહેવાયા અને ઓખામંડળમાં રાજગાદી સ્થાપી !

ઓખામંડળનો ત્રીજો રાજવંશ માણેકવંશ છે. આ માણેક વંશનું ઉદભવ સ્થાન આરંભડા છે, પણ વાઘેર કે વાઢેર નથી. મૂળના કચ્છમાંથી આવેલા જાડેજા કુમાર સાથે અહીંના હેરોળ રાજવંશની એક કન્યાના લગ્ન થાય છે અને તેમનાથી 'માણેકવંશ' શરૂ થયો છે. આ બાબતમાં કોઈ મતભેદ નથી પણ ક્યારથી માણેકવંશ તેના સમય વિશે એકથી વિશેષ મતમતાંતરો છે. કચ્છના જાડેજાઓના ઉદભવ અને કાળનિર્ણયમાં પણ મતભેદો છે. લાખો ધુરારો, લાખો ફુલાણી અને લાખા જાડેજા વિશે પણ સ્પષ્ટ ઇતિહાસ નથી. માત્ર અગિયારમી સદીના અંતમાં જામ જાડો સિંધમાં છે અને તેણે જામ લાખાને દત્તક લીધો તેથી જામ લાખાના વંશજો બારમી સદીથી 'જાડેજા' તરીકે ઓળખાવા લાગ્યા છે. રતો રાયધણ ઇ.સ. ૧૨૦૦માં હયાત છે એવું ઇતિહાસની નજીકનું અનુમાન પણ આપણને મળે છે. કહી શકીએ કે છેલ્લાં હજાર વર્ષથી જાડેજા છે અને ૧૩૦૦માં જે હયાત છે, તે ખીલજી વંશના અલાઉદ્દીનથી કચ્છ અને અબડાસામાં જાડેજાના બે વંશજોએ પોતપોતાનું રાજ્ય શરૂ કરેલ છે. કચ્છની શાખા જે મુખ્ય જાડેજા શાખા છે તે ઇ.સ. ૧૫૪૮થી 'ભૂજ' નામનું નગર વસાવીને ત્યાં સ્થિર થઈ છે જેના છેલ્લા રાજવી મદનસિંહજીએ ૧૯૪૮માં પ્રજાસત્તાક રાજ્યને પોતાનું રાજ્ય સોંપી દીધું છે.

જાડેજાની અબડાસા શાખા ૧૩૦૦ પછી શરૂ થઈ તેમાં એક રાજવી જેહાજીના પુત્ર હમીરજી ઓખામંડળમાં આવે છે અને હેરોલ કન્યાને પરણે છે. ઇ.સ. ૧૪૦૦થી આ વંશ 'માણેક' તરીકે ઓળખાયો છે. આરંભમાં અમરાપુર અને દ્વારકાપંથકનો ગરાસ ગડિયા માણેકને મળ્યાની અનુશ્રુતિ છે. ૧૮૨૦થી શરૂ થયેલા વાઘેરોના બંડથી કંટાળીને અંગ્રેજ સરકારે ૧૮૫૯માં તોપમારો કરેલો અને માણેકના મૂળ ગામ અમરાપુરનો સંપૂર્ણપણે નાશ કરેલો છે. હાલ દ્વારકાની પાસે મૂળ ગોમતાના ઉપરનો એક કૂવો અને નાનકડી દેરી તેની નિશાની છે.

આમ જુઓ તો ૧૮૦૦ સુધી માણેકવંશ વિશેની કોઈ સ્પષ્ટ માહિતી આપણી પાસે નથી. બ્રિટિશ શાસન (૧૮૧૮-૧૯૪૭) દરમિયાન જે કોઈ ગરાસ, ઇજારા કે જમીનદારી હોય તે અસ્ત પામી ચૂકી હતી. આવી સ્પષ્ટ નોંધ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (ગ્રંથ-૮, પૃ. ૧૦૮-૧૯૮૪)માં મળે છે. સંભવતઃ ૧૮૦૪માં ઓખા મંડળના આ ત્રણે વંશો જોધા માણેકની આગેવાની હેઠળ એકઠા થયા છે અને જે કોઈ ગરાસ કે જમીનો રદ થઈ છે તે પાછી મેળવવા માટે કાયદાકીય લડાઈ હાથ ધરી છે. વકીલો રાખ્યા હતા અને છેલ્લે હથિયાર પણ હાથમાં લીધા હતા. સમયે પણ એવો પલટો લીધો કે સમગ્ર દેશમાં અંગ્રેજ સરકાર સામે ૧૮૫૭નો સશસ્ત્ર જંગ ખેલાયો. અહીં પણ માણેક વંશના જોધા માણેક અને તેના બે ભત્રીજા મૂળુ માણેક અને દેવા માણેકે આગળ પડતો ભાગ લીધો છે અને અંગ્રેજોને બરાબરના હંફાવ્યા છે. પણ અંગ્રેજ સરકાર સાથે વડોદરાના ગાયકવાડ તથા જામનગરના જાડેજા અને પોરબંદરના જેઠવાનાં સૈન્યો પણ છે અને માણેકોને ઓખામંડળ છોડવું પડે છે. પકડાય છે અને બે વરસની જેલની સજા પણ થઈ છે. જેલ તોડીને ભાગે છે. વડોદરાની ઊભી બજારમાં માણેક બંધુઓ યુદ્ધ ખેલે છે પણ ઓખામંડળ પહોંચે તેની પહેલાં ૧૮૮૭ના ડિસેમ્બરમાં દેવો માણેક અને ૧૮૮૮ના મે માસમાં મૂળુ માણેક વીરગતિને પામે છે.

૧૮૫૯માં અંગ્રેજોનો સૌથી મોટો અને ભયંકર હુમલો ઓખામંડળ ઉપર થયો છે જેમાં દ્વારકા અને બેટના કિલ્લા સાથે પ્રાચીન મંદિરો પણ ધરાશાયી થયાં છે. અંગ્રેજોનાં આ પગલાં સામે સૌરાષ્ટ્રમાં વિરોધ ઊઠ્યો છે અને ૧૮૬૦માં અંગ્રેજ સરકારને જ દ્વારકા અને બેટનાં મંદિરો પુનર્નિર્માણ કરાવી દેવાં પડ્યાં છે. આ પુનર્નિર્માણમાં શ્રીકૃષ્ણની પટરાણીઓનાં નામ ભુલાયાં છે અને આઠ પટરાણીઓમાં ભૂલથી 'રાધા'ની ગણતરી પણ થઈ ગઈ છે અને આજે પણ દ્વારકાના જગતમંદિરમાં તથા બેટના મંદિરોમાં પટરાણી તરીકે રાધામંદિર છે. ૧૮૬૦ પછી પણ માણેકવંશ ઊંચાનીચો થયો છે અને નાછૂટકે ૧૮૬૮માં ટોબરાનો હત્યાકાંડ થયો છે. બીજી બાજુ બહારવટે ચડેલા જોધા માણેક ગીરના જંગલમાં દેવો માણેક જામનગર જિલ્લાના કાલાવડ પાસેની માછરડાની ધાર ઉપર અને મૂળુ માણેક પોરબંદર જિલ્લાના વાછોડા ગામમાં મૃત્યુ પામે છે.

આજે ઓખામંડળમાં માણેકવંશ છે, પરંતુ બાપદાદાની કીર્તિ, ધર્મનિષ્ઠા, નીતિમત્તા અને પ્રામાણિકતા પ્રાપ્ત કરવાની હજુ બાકી છે.

---

*૩, વાડી પ્લોટ, 'દર્શન'*
*પોરબંદર-૩૬૦૫૭૫, મો-૯૫૩૭૮૭૭૦૭૦*

# કચ્છની કલાધરિત્રી : ધનબાઈ કારા...

*- જોરાવરસિંહ જાદવ*

ડુંગર દરિયો અને રણનું પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતી કચ્છની ધરતી હજારો વર્ષથી ગીત સંગીત અને નૃત્યની ધરોહરથી ધબકતી રહી છે. કચ્છના કલાજગતે કેટકેટલાં કલારત્નો આપ્યાં છે ! ફ્રાન્સના એફિલ ટાવર પરથી નોબત શરણાઈની જુગલબંધી રજૂ કરી ગુજરાતને ગૌરવ અપાવનાર સુલેમાન જુમા, સુરંદો અને જોડિયા પાવાના સૂરોના સથવારે પરદેશમાં જઈ વિદેશીઓને મુગ્ધ કરનાર સિદ્દિકભાઈ જત અને મુસાભાઈ જત. લોકગીત, ભજન, કચ્છી કાફી, દુહા, છંદ અને રબારી રેડી દ્વારા દર્શકોને ડોલાવનાર સમરથસિંહ સોઢા, વેલજીભાઈ ગજ્જર, મોરારદાન પાયક, તુર્ક ગુલામહુસેન, માલો રબારી, અબુમીર, ઈસ્માઈલ મીર, દાના ભારમલ, કુલસુમબેન મીર, જોડિયા પાવાના કલાકાર ઈસ્માઈલ જત, નુરમહંમદ સોઢા, રવાજી વાઢા, મોરચંગવાદક સામત પઠાણ, શરણાઈ વાદક ફકીરમામદ જુમા, સિદ્દીકભાઈ જુમાણી, સુમારભાઈ જુમા, મહુવર મોરલીવાદક વેલજી માવજી, સુરમનાથ વાદી ઉપરાંત ચંગ, ભોરીંદો મટકુ, એકતારો, મંજિરા ઇત્યાદિ વાદ્યોના કચ્છી વાદકોએ લોકસંગીતનું પડ ગાજતું રાખ્યું છે. ઘણીવાર આપણે વિદેશી કલાકારોને વાહવાહ કરવામાં ઘરઆંગણાના કલાકારોનું મૂલ્ય ઓછું આંકીએ છીએ. દૂરના ડુંગરા રળિયામણા લાગે પણ પાદરના પ્રચ્છન્ન સૌંદર્યનું મૂલ્ય આપણે મન 'ગામનો ગોર અને પાદરના તીરથ' જેટલું જ હોય છે વિદેશી કલાપ્રેમીઓ આપણા કલાકારોની વાહવાહ કરે છે ત્યારે ચીંથરે વિંટળાયેલા રત્ન જેવા આપણા કલાકારોને ઓળખતા થઈએ છીએ.

**લોકજીવનમાંથી સાવ વિસરાઈ ગયેલી એક કચ્છી કલાધરિત્રીની. પોતાના કામણગારા કંઠે રાસુડાની રમઝટ બોલાવી કચ્છી કલા, સંસ્કાર અને ગીત, નર્તન વડે દિલ્હીના દરબાર સુધી ડંકો વગાડનાર કચ્છની ગાતી ઝૂમતી કોયલ ધનબાઈ કારાની**

આજે મારે વાત માંડવી છે લોકજીવનમાંથી સાવ વિસરાઈ ગયેલી એક કચ્છી કલાધરિત્રીની. પોતાના કામણગારા કંઠે રાસુડાની રમઝટ બોલાવી કચ્છી કલા, સંસ્કાર અને ગીત,નર્તન વડે દિલ્હીના દરબાર સુધી ડંકો વગાડનાર કચ્છની ગાતી ઝૂમતી કોયલ ધનબાઈ કારાની. વાત છે આજથી ૯૦ વર્ષ પૂર્વેની કચ્છના માંડવી તાલુકાના રામપર-વેકરિયા ગામના દલીતવાસમાં વેલા આજા વણકરના ખોરડે ૧૯ સપ્ટેમ્બર ૧૯૩૦ના રોજ દીકરીનો જન્મ થયો. આંગણે માંડવો આવતા આખું કુટુંબ નારાજ થયેલું, પણ નસીબ લઈને આવેલી નાનકડી દીકરીના હાથમાં વિધાત્રી આવીને કલાની આડીઅવળી રેખાયું પાડી ગઈ ત્યારે એના બાપુને ક્યાંથી ખબર હોય કે આ દીકરી ઘરદીવડી બનીને માવતરના કુટુંબને અજવાળશે ! તારશે અને કલાક્ષેત્રે કચ્છનું નામ ઉજાગર કરશે !



ધનબાઈ કારા મારવાડાના નામે જાણીતાં ધનબાઈ દસ બાર વર્ષની વયે જીવનમાં વિધવિધ પ્રસંગોએ ગવાતાં ગીતો સાંભળી સરખી ઉંમરની સહિયરો સાથે રમતરમતમાં મટકલ, બાવળ, સિંધી રાસુડા, દાંડિયા અને લોકરમતો કરતાં કરતાં તેઓ ગાતાં અને નાચતાં શીખ્યાં. યુવાનીના ઉંબરે આવીને ઊભાં ત્યાં સુધીમાં તો કચ્છી રાસડા, લોકગીતો, લગનગીતો, ફટાણાં, ત્રાબડી, મટકી, વાવલ, ડોકા, ચાબખી, દાંડિયા, કાફી અને અગણિત લોકગીતો એમના હૈયે અને હોઠે રમતાં થયાં. એક જાહેર કાર્યક્રમમાં ધનબાઈને ગાતાં સાંભળીને સુવિખ્યાત નોબત વાદક સુલેમાન જુમા એમને આકાશવાણીના ભૂજ કેન્દ્ર પર લઈ ગયા. એ વખતે ગરીબાઈ ઘરમાં આંટો મારી ગયેલી. રોજીરોટી માટે તેઓ જંગલમાંથી લાકડાં કાપી લાવીને વેચતાં. ખેતરમાં મજૂરીકામ કરતાં. જેમ તેમ તેમનું ગાડું ગબડતું. હવે રામપરથી ભૂજ જવા માટેનું ગાડીભાડું ન મળે. ઘરની એક થાળી વેચીને તેઓ વાહનમાં ભૂજ ગયેલાં. આકાશવાણીની સ્વર પરીક્ષામાં સફળ થયા પછી એમનાં ગીતો કચ્છમાં રેલાવા માંડ્યાં. લોકપ્રિયતા વધતાં લોકો એમને લગ્નપ્રસંગે ગીતો ગાવા અને રાસડે રમવા બોલાવતાં થયાં. આકાશવાણી દ્વારા તેઓ દૂરદર્શન સુધી પહોંચ્યાં. આમ ૧૯૬૨ પછી એમનું નસીબ ચમક્યું.

વર્ષો અગાઉ અમે નવરાત્રી પ્રસંગે એક કાર્યક્રમમાં ધનબાઈ કારાને અમદાવાદ

નોતરેલી. સામાન્ય શરીરના શ્યામ ચહેરા પર અનુભવની શાખ પૂરતી કરચલીઓ. માથા પર શ્યામ-શ્વેત કેશનો ગાંઠ વાળેલો અંબોડો, જાડા કાચનાં ચશ્માં, અંગ માથે દેશી આભૂષણો, માદળિયાળો લાંબો હાર, ડોકમાં બે કિલો વજનનો ચાંદીનો વારલો, બંને હાથમાં ઘૂઘરિયો ટાંકેલી, મધુર અવાજ કરતી ગુજરીઓ, નાકમાં નથણી, આંગળિયુંમાં ત્રણ ચાર ચાંદીની વીંટીઓ, પગમાં વજનદાર કાંબી-કડલાં, રંગબેરંગી ફૂલફગરનો ઘાઘરો, લાંબી સાળનું કચ્છી ભરતનું કાપડું અને માથે કચ્છી ઓઢણું. મોં પર નિર્દોષ હાસ્ય. લોકસંગીતની કામણગારી કલાકારને માણવા લોકો ઉમટી પડેલા. પછી તો ગાતાં ગાતાં રાસડાની રમઝટ બોલાવી. એમના પતિ કારા આસાએ ઢોલ પર દાંડી રમાડવા માંડી. અને શરૂ થઈ ઢોલ અને રાસડાની રંગત. ગીત સાથે એમનું રાસડે રમવાનું શરૂ થયું ત્યારે જાણે કે એમના પગમાં અનેક રમનારીઓનું જોમ ન વસ્યું હોય ! રાસડો જામતો મેદાન પણ ઘડીભર ટૂંકું પડવા માંડ્યું. ધનબાઈના અંગમાં નટાવાએ વાસ ન કર્યો હોય એમ લાગવા માંડ્યું.

સને ૧૯૬૨થી ૯૦ સુધી આકાશવાણી દૂરદર્શન પર અને લોકસાહિત્યના ડાયરાઓમાં એમના કંઠના કામણ રેલાતાં રહ્યાં. ડાયરાઓમાં પ્રફૂલ્લ દવે, દિવાળીબહેન ભીલ, ભીખુદાન ગઢવી, હરસુર ગઢવી, દમયંતીબહેન બરડાઈ, વેલજીભાઈ ગજ્જર, ભારતીબહેન કુંચાલા, અરવિંદ બારોટ વગેરે સાથે ડાયરાઓમાં કચ્છી અને ગુજરાતી લોકગીત નૃત્યની રમઝટ સાથે રજૂ કરતાં રહ્યાં.

**ભૂજના એક કાર્યક્રમમાં હાજર રહેલા નૃત્યવિશારદ મૃણાલિની સારાભાઈ ધનબાઈની કલાપ્રસ્તુતિ જોઈને આનંદિત થયાં અને એમને દિલ્હીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીની ઉપસ્થિતિમાં બિન્દ્રા હાઉસમાં કાર્યક્રમ માટે લઈ ગયાં.**

ભૂજના એક કાર્યક્રમમાં હાજર રહેલા નૃત્યવિશારદ મૃણાલિની સારાભાઈ ધનબાઈની કલાપ્રસ્તુતિ જોઈને આનંદિત થયાં અને એમને દિલ્હીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીની ઉપસ્થિતિમાં બિન્દ્રા હાઉસમાં કાર્યક્રમ માટે લઈ ગયાં. દિલ્હીનો દરબાર જોઈને ધનબાઈએ ગાંડાતૂર થઈને ગીત-નૃત્યની મહેફિલ જમાવી. ને શું નાચ્યાં છે, શું નાચ્યાં છે ! ત્યારે ઇન્દિરાજી એમની પાસે ગયાં ને એમનો હાથ પકડીને કહ્યું, 'તમે થાકી ગયાં હશો! બેસો થોડીવાર આરામ કરો.' એ પછી રાજીવ ગાંધીની હાજરીમાં એમણે 'કચ્છી રાગજી રોશનાઈ' નામે ચારેક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા.



ત્યારબાદ ધનબાઈના આ કાર્યક્રમો ગાંધીનગર, અમદાવાદ, મુંબઈમાં ઘાટકોપર, પાર્લા અને દિલ્હીમાં રવીન્દ્રભવન ખાતે ચાલતા રહ્યા. એમનાં લોકગીતોની કેસેટો માર્કેટમાં ફરતી થઈ. આમ કચ્છીઓ અને ગુજરાતીઓના માનીતા કલાકાર તરીકે માનપાન પામ્યાં. ૩૦ નવેમ્બર ૧૯૯૮ના વર્ષમાં અમદાવાદમાં ટાગોર હોલ ખાતે માન. મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના હસ્તે એમને રાજ્ય સરકારનો ગૌરવ પુરસ્કાર એનાયત કરાયો. કચ્છી સંસ્કૃતિ પ્રેમી પૂર્વ નાયબ મંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ અને ભારતીય સંસ્કૃતિ દર્શન સંગ્રહસ્થાનના પ્રણેતા શ્રી રામસિંહજી રાઠોડ ધનબાઈને મુંબઈ અને દિલ્હી દૂરદર્શન પર નૃત્યનો કાર્યક્રમ રજૂ કરવા લઈ ગયા. એ કાર્યક્રમને તેઓ વર્ષો સુધી વાગોળતા રહ્યાં.

અમદાવાદનો કાર્યક્રમ પૂરો થતાં મેં ધનબાઈને પૂછ્યું: 'આ ઢોલીએ તો ત્રંબાળુ ઢોલ પર જુદા જુદા તાલ વગાડીને રાસડાની રંગત જમાવી દીધી. કાર્યક્રમને માથે છોગું મુકાઈ ગયું.' ત્યાં મરકીને વેણ કાઢતાં તેઓ કહે 'આ ઢોલ વગાડ્યો ઈ ડોહો મારા ઘરવાળો છે.' મારા લગન નાનપણમાં થઈ ગયેલાં પછી હું સાસરે ગઈ ત્યારે સાસરિયા મને બઉ દુઃખ દેતા. આખો દિવસ કામ કરાવે. સાસુ મને મારે. ખાવા નો દ્યે. હું હારી થાકીને પિયર આવી ગઈ. એ પછી હું ગાતાં શીખી અને કાર્યક્રમો ચાલવા માંડ્યા ત્યારે આ ડોસો ઢોલ વગાડવા આવતો. તે દિ' કારાઆસા મારવાડા સાઈઠેક વરસના પણ શું ઢોલ વગાડે, શું ઢોલ વગાડે ! કચ્છ આખામાં એના જેવો બીજો ઢોલી ન મળે! એના ઢોલના તાલ માથે હું વારી ગઈ. એનો ઢોલ મારા દલડે કોરાઈ ગયો ને મેં એનું ઘર માંડ્યું. આજની ઘડી ને કાલ્યનો દિ', તે દિ'થી અમે ગાવા વગાડવાનું ને રમવાનું સાથે જ કરીએ છીએ. બહારગામના કાર્યક્રમો આવે ને તોય હું મારા કારા આસાને મૂકીને એકલી ક્યાંય ન જાઉં. હું નાચું ગાઉં અને કાર્યક્રમો કરું એ અમારા સમાજ વાળાને જરાયે ન ગમે. મને ત્રણ છોકરાં છે. પરણવાલાયક થયા ત્યારે કોઈ છોડી નો આપે. મા-બાપને એમ કે આ ડોસી આપણી દીકરીઓને જાહેરમાં નચાવશે. પણ હું કાર્યક્રમ માટે દિલ્હી ગઈ અને ઈન્દિરાજી આગળ ગાયું એટલે નાતમાં બધા કહેવા માંડ્યા. 'આ રો મોટા માણસ

રાજ સુધી પોગે.' એટલે બધાય દીકરી દેવા મારું આંગણું ઘસવા માંડ્યાં. મેં કહ્યું હવે મારે મોટા ઘરની નહીં પણ અમારા જેવી ભારો ઉપાડવાવાળી દીકરી જ જોઈએ છે. અને હું એવી જ વહુઓ લાવી. વહુઓ બહુ ડાઈ અને કહ્યાગરી છે ! આમ મેં રેડિયાની ફી અને કાર્યક્રમોના પૈસા ભેગા કરી છોકરાંને પરણાવ્યાં.

ધનબાઈની ઓળખ લોકગીત ગાયિકાની તો ખરી જ પણ ધનબાઈ કારા સારી લોકકવયિત્રી હતાં એની બહુ ઓછાને જાણ હશે. આકાશવાણી પર તેઓ લોકગીતોની સાથે સાથે સ્વરચિત લોકઢાળનાં ગીતો ગાઈને રજૂ કરતાં. કોઈ ઘટના જૂએ તો તરત જ એમના હૃદયમાં સ્પંદનો જાગતાં, અને કચ્છી ગુજરાતી ગીતો રૂપે અવતરતાં. તા. ૨૭-૭-૧૯૮૬ના જન્મભૂમિ પ્રવાસીમાં જ્યોતિ વ્યાસે એક સરસ પ્રસંગ નોંધ્યો છે.

એક દિવસની વાત છે. નવરાશની વેળાએ ધનબાઈ અને એમના ઘરવાળાં બેઠાં હતાં. ત્યારે કાગડાની ચાંચથી ઘવાઈને એક પોપટ અચાનક એમનાં ખોળામાં આવીને પડ્યો. ધનબાઈના ધણી કહેઃ 'લ્યો, મે'માન આવ્યા.'

ધનબાઈએ એને સુપેરે ખોળામાં લીધો. પંપાળ્યો ને પછી કહેઃ 'મેમાન આપણાં આંગણે આવ્યા છે તો એનો રાસડો રેડિયો પર ગાવો જોઈં, તો બધાને ખબર પડે. અને રચાયું આ પક્ષીપ્રેમનું ગીત.'

*ઊડતો પોપટ મારા આંગણે આવ્યો,*
*આંગણામાંથી ઉપાડીને ખોળામાં રાખ્યો.*
પછી પોપટને કીધું
*તું ને નઈં મારુ નઈં મારુ મારા લીલુડા પોપટ*
*તુંને નઈં મારુ.*
*ખોળામાંથી ઊડીને પોપટ મેડીએ જઈ બેઠો*
*મેડીએ બેઠો તો ભલે બેઠો.*
*મારા લીલુડા પોપટ તું ને નઈં મારુ.*
*પછી ઊડીને મારા હાથે બેઠો,*
*હાથે બેઠો તો ભલે બેઠો*
*મારા લીલુડા પોપટ તુંને નઈં મારુ.*
*હાથમાંથી ઊડીને મારા હૈડે જઈ બેઠો*
*હૈડે બેઠો તો ભલે બેઠો*
*માર માણિગર પોપટા તને નઈં મારુ.*

સાવ અભણ એવા ધનબાઈ કોક ઘટના જૂએ, ઊડતું પંખી હોય, ટહુકતો મોરલો હોય, પીરની જગા પરથી પસાર થતાં હોય, કોઈ ફકીરને જૂએ એટલે આત્મસૂઝથી ગીત બાંધે. આ ગીતો જનસમાજનાં હૈયે ને હોઠે ફરતાં તરતાં થાય. ગાતી રમતી વેળાએ લોકગીતો સાથે સ્વરચિત ગીતો પણ ગાતાં જાય. ધાણી ફૂટે એમ એમના મુખમાંથી શબ્દો સરતાં જાય. ગુજરાતી કે કચ્છી જ નહીં, સિંધી ભાષાનું એમનું રચેલું ગીત હસમુખ અબોટીએ કચ્છમિત્રમાં નોંધ્યું છે.

*'મું જો ડાડ ડિને મું કે સિંધીએમેં*
*આઉં સે ભો નતી જાણીયા*
*નતી જાણીયા ઑટી*
*મુકે મલીરમેં (બન્ની) ડિનોં*
*મોતી, નતી ગુંથી જાણાં*
*એ ઉંમર હાણે થઈયાં સિંધીયાણી.'*

આમ ગાતાં જાય. નૃત્ય કરતાં જાય અને ઢોલીના ઓવારણાં લેતાં જાય. પછી ઢોલરાંધ શરૂ થાય

*ઢોલ રાંધ રમવા મુન્ને એરીંગ ખોવાણોજો.*
*એરીંગ ખોવાણો મુજો એરીંગ સોનેજો*
*ઢોલરાંધ રમધા મુજો એરીંગ ખોવાણો જો.*

ઢોલરાંધ એટલે કચ્છના ગામડાંમાં લગ્ન પ્રસંગ હોય ત્યારે લોકોના હરખ હિલોળે ચઢે. કુટુંબની અને ગામની બે'નું દીકરિયું રાહડા લેતી હોય. કારા ઢોલી વચ્ચે ઊભો રહી ઢોલ માથે હીંચ, ચલતી, ટીટોડાનો તાલ વગાડતો હોય. ત્યારે શેરી માથે આવેલા ઘરની માંડ્યના વાસણો ઠણઠણ ઠણ બોલવા માંડે હો. આમ કચ્છી ધોલરાંધ - ઢોલ સાથે રાસડો સાંભળવો એ જીવનનો એક લ્હાવો છે. 'ગજીયો તી' ગાઈયાં ગજીયો મુંજો જોર જલાણું' આજેય સાંભળનારના સ્મૃતિપટ પર ધનબાઈનું ચિત્ર ખડું કરે છે.

**સાવ અભણ એવા ધનબાઈ કોક ઘટના જૂએ, ઊડતું પંખી હોય, ટહુકતો મોરલો હોય, પીરની જગા પરથી પસાર થતાં હોય, કોઈ ફકીરને જૂએ એટલે આત્મસૂઝથી ગીત બાંધે. આ ગીતો જનસમાજનાં હૈયે ને હોઠે ફરતાં તરતાં થાય**


ધનબાઈ કારા લાક્ષણિક મુદ્રામાં



કચ્છમાં લગ્નપ્રસંગે ધનબાઈને લગ્નગીતો, ફટાણાં ગાવાના નિમંત્રણો મળતાં. લગ્નવાળા ઘેર સોનીરાત અર્થાત્ મહેંદી રાત ધામધૂમથી ઉજવાય છે. આ મહેંદીરાતના ધનબાઈ દીકરિયું, વહુવારુઓ અને ગામના જુવાનિયાઓને ઢોલના તાલે તાલે રાતબધી રાસડો રમાડે. આવા રાસડે રમનારા વૃદ્ધો આજેય ધનબાઈને યાદ કરે છે.

પૂર્વ જન્મના સંસ્કારો લઈને જન્મેલા અક્ષરજ્ઞાન ન ધરાવતાં ધનબાઈના હૃદયમાં કુંવારી કલ્પનાઓના વીરડા વછૂટતાં, અને એમાંથી રચાતાં ગીતો આજે લોકગીતોરૂપે ગવાય છેઃ

*'કચ્છજા મોર ભાવર ભલે આયા,*
*ભલે આયા આંકે જિજા ડીયુમાન,*
*અડ્ગણ ઢારાઈયાં ઢુલિયો,*
*ખૂણે ઢરાઈયા ખય.'*

**'ભગવાન મને ફરી અવતાર આપે તો મારા કચ્છડામાં અને મારા વરણમાં જ અવતાર માગું. ખૂબ નાચું, ખૂબ ગાઉં. હવે મારી ઈશ્વરને પ્રાર્થના છે કે હું મરું ત્યારેય મારા હોઠ પર ગીતડાં રમતાં હોય !'**

આમ અસંખ્ય ગીતોની સાથે સાથે પીરની સ્તુતિ પણ એણે કરી છે. જે હસમુખ અબોટી નોંધે છે.

*પીરમેં પીર લાલ મુજો મહેબુબ સુભાની*
*આજે ધરતે (હબ્ર) વાંજિયા અર્ચે*
*વાંજિયેકે ડિયો વિયા મુજા મહેબુબ સુભાની*
*જેડો ચમકે ચાંદની જો ચાંદ*
*કચ્છમેં હાજીપીર બાવા*
*આઉવલી આતે ચાદરચડાઈનાં*
*ચડાઈ કુલભાન વિના.*

જીવનનાં પાછલાં વરસોમાં પણ ધનબાઈનો અવાજ એવો ને એવો રૂપાની ઘંટડીરોખો મધુર રહેલો. સને ૧૯૯૧ના વર્ષમાં એમના ઉંમરલાયક ઘરવાળા કારાઆસાનું અવસાન થયું ત્યારે આ પ્રણય બેલડી ખંડિત થઈ. એ પછી એમના રાસડામાં કરુણરસ ઉમેરાયો. કારાણીની રચનાઓ

*કુંજલ મ માર વીરા કુંજલ મ માર,*
*ઈ કુંજલ વેંધી ધરિયા પાર.*

ગાઈને આંખમાંથી દડદડતાં આંસુ સાથે પોતાના કારાને યાદ કરી લેતાં.

*કારાયલ કે મ મારી જ જેમ રત્તા નેણ,*
*તડ મથે ઊભી ટહૂકા કરે*
*મુજા નિત સંભારિયેં સેણ.*

'ગુલાડો મીઠો અસીં માંડુ કચ્છજા' ગીત દ્વારા કચ્છમાં ઘરોઘર જાણીતાં બનેલાં ધનબાઈને કોઈએ પૂછ્યુંઃ 'તમારી આ ગીત નૃત્યની કળા તમારાં દીકરા દીકરિયું સિવાય બીજા કોઈને શીખવો છો ખરા ?'

'મારા છોકરાંવને આમાં કશોય રસ નથી. મારા ભાઈનાં છોકરાંવ, ભાભીયું ઈ બધાને ગમે. મારી માને આમાં બઉજ શૉખ હતો. મેં મુદ્રાની એક નિહાળમાં છોડિયું ને ગાતાં-રમતાં શીખવેલું ઈ જિલ્લાની હરીફાઈમાં પરથમ આવેલી, બાકી તો કોઈ બોલાવે તો જાઉં અને શીખવું.'

'ભગવાન તમને ફરી અવતાર આપે તો તમે કયા વરણમાં અવતાર માગો ?'

'ભગવાન મને ફરી અવતાર આપે તો મારા કચ્છડામાં અને મારા વરણમાં જ અવતાર માગું. ખૂબ નાચું, ખૂબ ગાઉં. હવે મારી ઈશ્વરને પ્રાર્થના છે કે હું મરું ત્યારેય મારા હોઠ પર ગીતડાં રમતાં હોય !'

આજે નથી ધનબાઈ કારા. નથી કારા આસા, પણ કલાપ્રેમી ઉમેશ જડિયાએ કરેલું વીડિયો રેકોર્ડિંગ કલાધરિત્રીની સ્મૃતિને જીવંત બનાવે છે.

*'સજ્જન સ્મૃતિ'*
*૨, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા,*
*અમદાવાદ-૯. મો-૯૮૨૪૦૨૮૩૨૬*



# જાતિ ધર્મભેદને દૂર કરતી 'શ્રી જગન્નાથજી'ની પુરાકથા

*- હસુ યાજ્ઞિક*

પુરાકથા-Myth - આદિમ કાળના મનુષ્યની ભાષા હતી. જીવસૃષ્ટિ અને પ્રકૃતિનાં રહસ્યોને જેમ જેમ માણસ પોતાની રીતે ઉકેલતો ગયો, તેમ તેમ તે એને કથાના રૂપમાં બાંધતો ગયો. આવી કથા અને એમાં આયોજિત 'કલ્પન' કાળક્રમે એક જાતિગત Racial ધાર્મિકરૂપે 'પુરાકથા' Myth બની. આવી પુરાકથા માત્ર સાચી બનેલી ઘટનાના રૂપે જ સ્વીકારાતી નથી, શ્રદ્ધાથી જ સ્વીકારાતી પણ હોય છે. દરેક યુગમાં આ રીતે અવનવી પુરાકથાઓ રચાતી જાય. શિથિલ બનતા સમાજ અને સંસ્કૃતિને નવું રૂપ આપતી જાય અને શ્રદ્ધાપૂર્ણ એક વાસ્તવિક અને સર્વકાલીન, ચિરંતનરૂપ બની જાય.

ઑડિશાની 'ધ મિથ ઑવ દેઉલ-તોલા' એટલે કે ભગવાન જગન્નાથજીના પુરી ખાતેના મુખ્ય મંદિરની વ્યુત્પત્તિ અને નિર્માણની કથા છે. આજ વિશિષ્ટ એવું દેવકલ્પન ભારતભરમાં સ્વીકારાયું અને આષાઢી રથયાત્રા-ઉત્સવ રૂપે ઉજવાતું રહ્યું.

કંઠપ્રવાહની આ મંદિર-વ્યુત્પત્તિ નિર્માણની જે પુરાકથા હતી એને ઑડિશી ભક્ત કવિ કૃષ્ણદાસાએ પદ્યમાં બાંધી. એની કથા આ પ્રમાણે છે :

પૌરાણિક કાળના રાજા ઈન્દ્રદમનને જગન્નાથજીએ પુરીમાં ભવ્ય મંદિર બાંધવાનું સ્વપ્નમાં આવી જણાવ્યું. આથી ઈન્દ્રદમને એના દાસોને જગન્નાથજીની મૂર્તિ શોધવા ચારે દિશાઓમાં મોકલ્યા. આ દૂતોએ સતત એકોતેર વર્ષ સુધી ચારે દિશાઓમાં શોધ કરી, પરંતુ ક્યાંય વન વચ્ચે મૂળ નાનું મંદિર અને મૂર્તિ ન મળ્યાં. ઉત્તર, દક્ષિણ, પશ્ચિમ દિશામાં શોધ કરવા ગયેલા દૂતોને આવું કોઈ ઉપવન સ્થિત પ્રાચીન મંદિર ન મળ્યું. પૂર્વમાં ગયેલો બ્રાહ્મણ હજુ પાછો ફર્યો ન હતો. રાજા ઈન્દ્રદમનને થયું, નક્કી વિદ્યાપતિને કોઈક ભાળ મળી હશે અને પૂરી તપાસ કરવા તે રોકાયો હશે ને શુભ સમાચાર લાવશે જ.

આ વાત સાચી હતી. પૂર્વમાં ગયેલો વિદ્યાપતિ ઉચ્ચ બ્રાહ્મણ હતો, છતાં પૂરી જાણ મેળવવા એક 'સાવર'નામની અનાર્ય મનાતી જાતિના ઘરે રહ્યો અને સાવરોના સરદારની પુત્રી બાસુના પ્રેમમાં પડ્યો. સાવર-સરદારને આની જાણ થઈ. બાસુનાં લગ્ન ઉચ્ચ બ્રાહ્મણ સાથે થશે એમ માની સરદાર ખુશ થયો અને વિદ્યાપતિને બાસુ સાથે લગ્ન કરવા કહ્યું.

ઉચ્ચ જાતિના વિદ્યાપતિએ બાસુ સાથે લગ્ન કરવાની ના પાડી અને કહ્યું: એ નિમ્ન અનાર્ય જાતિની બાસુ સાથે લગ્ન ન કરી શકે. આ સાંભળી સાવર અત્યંત ગુસ્સે થયો ને પોતે કંઈ નિમ્ન જાતિનો નથી, પરંતુ પ્રતાપી પૂર્વજોના વંશનો છે, એમ કહીને પોતાના પૂર્વજની આ કથા કહી:

સાવરના વંશનો પૂર્વજ જાડૂ નામનો શિકારી હતો. એણે વનમાં ઉગેલાં કદમા નામના વેલાને રસનું નશા માટે પાન કર્યું. આ રસ ઝેરી હતો. એ તડપવા લાગ્યો. આની જાણ ભગવાન શ્રીકૃષ્ણને થતાં એ વનમાં દોડી આવ્યા અને જાડૂને ઝેરમુક્ત કરીને બચાવ્યો.

**સાવરના વંશનો પૂર્વજ જાડૂ નામનો શિકારી હતો. એણે વનમાં ઉગેલાં કદમા નામના વેલાને રસનું નશા માટે પાન કર્યું. આ રસ ઝેરી હતો. એ તડપવા લાગ્યો. આની જાણ ભગવાન શ્રીકૃષ્ણને થતાં એ વનમાં દોડી આવ્યા અને જાડૂને ઝેરમુક્ત કરીને બચાવ્યો**

સાજો થયેલો જાડૂ થોડા વખત પછી સ્વસ્થ થયો અને હરણનો શિકાર કરવા ગયો. બન્યું એવું કે શ્રીકૃષ્ણ આ ગાઢા વનના એક વૃક્ષની ડાળી પર હીંચકતા હતા. એમના ઝૂલતા પગ જ દેખાતા હતા. જાડૂને ગાઢી જાડીમાં માત્ર ઝૂલતા પગ દેખાયા. હરણ છે એવું ધારી પારધીએ બાણ માર્યું. આથી શ્રીકૃષ્ણ ઢળી પડ્યા અને દેહોત્સર્ગ કર્યો. આ જાણી યાદવો અને પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર અને અર્જુન દોડી આવ્યા. બધાએ અગ્નિદાહ દેવા તૈયારી કરી, ત્યારે શ્રીકૃષ્ણના શબને વાચા ફૂટી અને એમણે જણાવ્યું : 'મારા દેહને અગ્નિદાહ ન આપતા. એને સમુદ્રમાં વહાવી દેજો.' આથી શ્રીકૃષ્ણના દેહને સમુદ્રમાં વહાવ્યો. દેહ કાષ્ટરૂપ બની પશ્ચિમના દરિયામાંથી તરતો તરતો પૂર્વના દરિયામાં આવ્યો. પશ્ચાતાપથી બળતો જાડૂ પણ એ કાષ્ઠની પાછળ પાછળ આવ્યો અને શ્રીકૃષ્ણની આજ્ઞાથી જાડૂએ એ કાષ્ઠની ગાઢા વનમાં નાનું મંદિર બનાવી સ્થાપના કરી અને તેમના જગન્નાથ-સ્વરૂપની પૂજા-અર્ચના કરી. આથી જાડૂના વંશજો પણ આ ગુપ્ત મંદિરના જગન્નાથજીનાં પૂજન-અર્ચન કરવા લાગ્યા.

- આ વાત કહી સાવર સરદારે કહ્યું: 'તું માને છે એવા કંઇ અમે નીચા અસ્પૃશ્ય અનાર્ય નથી.' આ સાંભળી વિદ્યાપતિ બાસૂ સાથે લગ્ન કરવાં તૈયાર થયો. એણે લગ્ન કર્યાં અને સાવર સરદારને કહ્યું: 'હું તમારો જમાઈ છું. તમારા કુટુંબનો છું. મને તમારી સાથે ગુપ્ત મંદિરે લઈ જાવ !' પરંતુ સરદાર તૈયાર ન થયો. વિદ્યાપતિ ખૂબ કરગર્યો પરંતુ સાવર સરદાર એકનો બે ન જ થયો.

બાસુએ એના પતિ વિદ્યાપતિને કહ્યું: 'મારા પિતા ક્યારેય નહીં માને. તમારે ગુપ્ત મંદિર ક્યાં છે એ જાણવું હોય તો એક

ઉપાય અજમાવો.' પરોઢે મારા પિતા ગુપ્ત મંદિરે જાય ત્યારે તમે પણ લપાતાં-છુપાતાં મુઠ્ઠીમાં રાઈ લઈ પાછળ-પાછળ જાવ ને રાઈના દાણાં વેરતા જાવ ! એ ઊગી નીકળે તેના આધારે તમે ઈચ્છો ત્યારે એ ગુપ્ત મંદિરે જઈ શકશો.' વિદ્યાપતિને એ કારગત ઉપાય લાગ્યો અને એણે તે અજમાવ્યો અને થોડો સમય જતાં એનો સ્વાર્થ સધાઈ ગયો હતો એથી ભાગીને પૂરીમાં આવ્યો. રાજા ઈન્દ્રદમનને વાત કરી. રાજા વિશાળ સૈન્ય લઈ સાવરોના વસવાટે આવ્યો ને રાઈના છોડના આધારે જ ગુપ્ત-મંદિરે જઈ જગન્નાથજીની મૂર્તિ લાવવા પ્રયત્નો કર્યા. પરંતુ સાવરો ન માન્યા. ઈન્દ્રદમને સેંકડોનો ઘાત કર્યો. જગન્નાથજી કોપાયમાન થયા અને કાષ્ઠ પ્રતિમા ગાયબ થઈ ગઈ. રાજા અન્નપાણીનો ત્યાગ કરી બલિદાન આપવા તૈયાર થયો ત્યારે જગન્નાથજીએ સ્વપ્નમાં કહ્યું 'હું કાષ્ઠના રૂપમાં સમુદ્રમાં તરતો-તરતો પુરી આવીશ.' રાજાએ ભવ્ય મંદિર બંધાવ્યું અને એમાં જગન્નાથજીને પ્રતિષ્ઠિત કરવા બ્રહ્માજીને વિનંતિ કરી. લાંબુ તપ કર્યું ત્યારે છેક કલિયુગમાં બ્રહ્માજી પ્રગટ થયા, મંજૂરી આપી. પરંતુ આખો યુગવીતી ગયેલો અને હવે તો પુરીમાં ગાલા માધાબા રાજા બનેલો અને મંદિરનો એ માલિક હતો. એણે પણ ગુપ્ત મંદિરની વાત જાણેલી ને શોધવા નીકળેલો, ત્યારે દટાયેલા ગુપ્ત મંદિરની એને ઠેસ વાગેલી અને ખોદાણ કરતા મંદિર મળેલું. આથી બ્રહ્માજીની મંજૂરી લઈને આવેલા ઈન્દ્રદમન અને નવા રાજા ગાલા માધાબા વચ્ચે મંદિરની માલિકી વિશે વિવાદ થયેલો. મંદિરનો માલિક કોણ ?

આ વિવાદની કથા પણ લાંબી છે. છેવટે કાકભુશુંડી, ઘરડો યુગો જૂનો કાચબો જણાવે છે કે મંદિરનો માલિક કોઈ રાજા નહીં, પરંતુ પ્રજા, રાજા તો માત્ર મંદિરનો સેવક!

પછીની કથા લાંબી છે, તેને જવા દઈએ. અંતે જગન્નાથજી કાષ્ઠરૂપે તણાતા પુરીના દરિયાકાંઠે આવ્યા. હજારો હાથીઓ, અશ્વો, સૈનિકો, પુરોહિતો વગેરે આ કાષ્ઠને સમુદ્રમાંથી ખેંચી કાંઠે લાવવા મથ્યા, પરંતુ કાષ્ઠ તો તસુભાર ખસેડી ન શક્યા. અંતે જગન્નાથજીએ સ્વપ્નમાં આજ્ઞા આપી કે માત્ર રાજા, ક્ષત્રિયો, બ્રાહ્મણોથી એ બહાર નહીં આવે! જો એમાં સાથે નિમ્ન , અનાર્ય, અસંસ્કારી ગણો છો તે સાવરો-ખલાસીઓ પણ સાથે જોડાશે તો જ આ કાષ્ઠ ખેંચી શકાશે.

અંતે જાતિ, હોદ્દા, વર્ણનો ભેદ દૂર કરી બધાં જોડાયા ત્યારે જ કાષ્ઠ બહાર આવ્યું. અનેક સુતારો મથ્યા છતાં કાષ્ઠનું ઘોડિયું પણ પાડી ન શક્યા. અંતે જગન્નાથજીની પ્રેરણાએ ખુદ વિશ્વકર્મા એક વૃદ્ધ સુથાર કાષ્ઠશિલ્પીના રૂપમાં આવ્યા ને શરત કરીઃ 'હું મંદિરનાં બારણાં બંધ કરીને મૂર્તિ બનાવીશ. પરંતુ એકવીસ દિવસ લાગશે. કોઈએ બંધ મંદિરમાં ન પ્રવેશવું. પરંતુ ચૌદ દિવસ પછી રાણીની ધીરજ તૂટી. એણે શરતનો ભંગ કર્યો ને બારણું ખોલી મૂર્તિ કંડારવાનું કામ કેટલે પહોંચ્યું છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. પરિણામે શરતભંગ થયો અને દિવ્ય કાષ્ઠશિલ્પી અદૃશ્ય થયા અને જગન્નાથજીની મૂર્તિમાં મુખ અને છાતીનો ભાગ અને કાંડાં-આંગળના વગરનાં હાથ રહી ગયા એની સ્થાપના કરી. બન્ને રાજાઓની મૂર્તિ મંદિર પ્રાંગણમાં નાના મંદિરમાં રખાઈ, જેનાં અર્ચન-પૂજન-દર્શનનો મહિમા નથી.


- આ કારણે ખલાસીઓ અને પુરોહિતો જ ભારતભરમાં રથયાત્રામાં જગન્નાથજીનો રથ ખેંચે છે. રાજ્યાધિકારી સોનાની સાવરણીએ ઝાડૂ વાળે છે.

કેટલી અદભુત સંસ્કૃતિ બાંધતી-ટકાવતી-ભેદભાવ દૂર કરતી આ પુરાકથા અને પ્રાચીન પરંપરા! આનો અર્થ સ્વયં સ્પષ્ટ છે. એક ધર્મ અને ભક્તિમાં કોઈ ઉચ્ચ નિમ્નનો ભેદ નથી. જાતિભેદ-વર્ગભેદ-વર્ણભેદ નથી! મંદિર, ધર્મ, એનાં અર્ચન-પૂજન કોઈ રાજાના નથી, સમગ્ર જાતિવર્ગવર્ણ ભેદ વગરનાં લોકો છે. રાજા-સત્તા એના સેવક છે, માલિક નહીં.

ભક્તિ આંદોલન આવ્યું અને એના દ્વારા જ વર્ણ-વર્ગ-જાતિભેદ દૂર કરવાનું સાંસ્કૃતિક તત્ત્વ બંધાયું એ પણ પહેલાંની આ પુરાકથા અને પરંપરા છે.

આ કથામાં જાતિ-જાતિ, વર્ણ-વર્ણ, વર્ગ-વર્ગ વચ્ચેના જે ભેદને દૂર કરવાનો હેતુ છે તેને આપણા ભારતીય બાંગ્લાદેશી ફોકર્લારિસ્ટ ડૉ. મઝરૂલ ઈસ્લામે મોર્ફોલોજીકલ અને સ્ટ્રકચરલ ફોકર્લાર એનાલિસિસથી પૃથક્કરણ સાથે દર્શાવ્યો છે એ મારા આગામી પુસ્તકમાં વિગતે છે અહીં સર્વ વાચકો માટે એટલું જ જણાવું કે આ બધી જ આધુનિક અભ્યાસ પદ્ધતિની દૃષ્ટિએ સમાજ, એનાં વિવિધ અંગો, એકમો, એનાથી રચાતું માળખું-સ્ટ્રકચર- તેમ જ સંસ્કૃતિ પણ એક વાક્ય જેવાં છે વાક્યમાં જેમ કર્તા, કર્મ, ક્રિયાપદ, વિશેષણો, અવયવો જોડાય ને એક શબ્દસમૂહથી નિશ્ચિત અર્થ પ્રગટે અને વાક્ય-વાક્ય જોડાતાં જેમ મૂળ તાત્પર્ય સિદ્ધ થાય, તેવું કથામાં, સમાજમાં, સંસ્કૃતિમાં બને છે. આ પુરાકથારૂપી જે વિવિધ વાક્યો જોડાતાં જે સિદ્ધ થતો વિશિષ્ટ પૂર્ણ અર્થ છે તેમાં જ જાતિ-જ્ઞાતિ-વર્ણ-વર્ગ વચ્ચેના ભેદનો જે મુખ્ય સંઘર્ષ હોય તે આલેખાય અને તેના આધારે જ સમાજ અને સંસ્કૃતિનાં માળખાં તૂટી પડતાં અટકે અને તેની જાળવણી થાય. અહીં આવો ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક એવો સંઘર્ષ અને એનો ઉકેલ છે. ખરી હકીકત એ છે આના કારણે જ છેલ્લાં આઠસો વર્ષમાં ભારત પર વિવિધ જાતિઓ અને એમનાં ધર્મો, સંસ્કૃતિઓનાં આક્રમણ થયાં, અન્યાયો, અત્યાચારો, ક્રૂર વ્યવહારો થયા, તેમ છતાં પણ ભારતનો સમાજ એની સંસ્કૃતિ સામનો કરીને પોતાનું બચાવી શક્યાં છે. આ બળ જ આપણા ભારતીય સમાજ સંસ્કૃતિને ટકાવે છે, વિવિધતાઓ ઓગાળી એકતા સિદ્ધ કરે છે.

*૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ સામે,*
*થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯*
*મો. ૯૯૨૪૬૧૬૬૨૦*



" શેરીનો વૈભવ "
- નટુભાઈ મિસ્ત્રી
મો.- ૯૮૨૫૨૯૪૮૬૬



" દિવાળી આવી "
- નિરૂપમા ટાંક
મો.-૯૯૭૪૫૨૬૮૨૦


" શિલ્પ વૈભવ "
- હેમરાજભાઈ દેસાઈ
મો.-૯૭૨૭૧૦૧૧૧૮



" પ્રતીક્ષા "
- ગાયત્રી ત્રિવેદી
મો.-૯૪૨૬૨૮૨૧૩૮

# ભારત, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ ધરાતલની ગહેરાઈથી સ્પષ્ટતા બક્ષે છે - વિનોબાજી

*- ભદ્રાયુ વછરાજાની*

પહેલી અને છેલ્લી સ્પષ્ટતા : ભારતીય સંસ્કૃતિ પરની વિગતો માટેનો મૂલાધાર ગાંધીજીના પ્રથમ સત્યાગ્રહી શ્રી વિનોબાજી છે. જેમની સવાસોમી જન્મશતાબ્દીનું વર્ષ ઉજવાઈ રહ્યું છે એ આત્મનિષ્ઠ-રખડુ ફકીર અને ક્રાંતિકારી મહામાનવ વિનોબાના લગભગ બધા જ ધર્મોના સાર વાંચી લીધા પછી મને એ ગળે ઊતર્યું છે કે : સમન્વય એટલે જ ભારતીય સંસ્કૃતિ, સંઘર્ષ કદી પણ નહીં ! એટલે મારી દલીલોમાં વિનોબાજી સતત સતત સાથે ને સાથે જ હશે, એ નક્કી.

૧૯૫૧માં આપટે ગુરુજીએ વિનોબાજીને એક પત્રમાં લખ્યું : ' વસતી ગણતરી વખતે તમારો ધર્મ કયો છે, તે જણાવવું પડે છે, તે બહુ કઠે છે.' વિનોબાજીએ સ્પષ્ટ જવાબ આપ્યો : 'આ વસ્તુ શા માટે કઠવી જોઈએ, તે મને સમજાતું નથી. હું તો વિના સંકોચે એમ કહીશ કે મારો ધર્મ હિંદુ છે અને ખરેખર મારો ધર્મ હિંદુ ધર્મ જ છે. તેમાં જ મારા વિચારોનું પાલનપોષણ અને વર્ધન થયું છે. જેનો જે પરંપરાગત ધર્મ છે, તે બતાવવામાં સંકોચ કેવો?' આટલું કહ્યા પછીની વાત ખાસ નોંધવા જેવી છે. આપણે જરૂર એમ કહીએ, અમે બધા ધર્મોના છીએ. આપણે હિંદુ છીએ એટલું કહીને અટકી ન જતાં બધા જ ધર્મોને પણ પોતાના માનીશું. દરેક હિંદુ સારો હિંદુ બને. દરેક મુસલમાન સારો મુસલમાન બને. દરેક ખ્રિસ્તી સારો ખ્રિસ્તી બને તો જ પૃથ્વી પર બધા જ ધર્મોનું એક સુસંવાદી સંગીત પ્રસરે ને ?

**ઈશુના ગયા બાદ પચાસ વર્ષની અંદર જ સેંટ થોમસનું મિશન આપણા કેરળમાં મલબારના કિનારે આવ્યું, ત્યારથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ભારતની ભૂમિ પર છે. ખ્રિસ્તી ધર્મ યુરોપમાં ગયો તેના ઘણા વખત પહેલાં તે ભારતમાં પહોંચી ગયો હતો**

વિશ્વના બધા ધર્મોનો સાર કાઢીએ તો ?

ઈશુ કહે છે : જે કોઈ ભૂખ્યાને ખવડાવે છે તે ઈશ્વરને ખવડાવે છે.

જે કોઈ તરસ્યાને પાણી પાય છે તે ઈશ્વરને પાય છે.

જે કોઈ ઠંડીમાં ઠુંઠવાતાને કપડાં પહેરાવે છે, તે પ્રભુને જ કપડાં પહેરાવે છે.

ઈસ્લામમાં ભૂતદયાનો આવિષ્કાર કરતાં કુરાન કહે છે : 'બધા પર રહેમ રાખો.'

હિંદુ ધર્મના પણ બે મૂળ વિચાર-ભૂતદયા અને સમતા.

વેદાંત કહે છે : આપણે બધા આત્મસ્વરૂપ છીએ, સમાન છીએ, કોઈ ઊંચુ નહીં અને કોઈ નીચું નહીં.

હવે જો બધા ધર્મો ભૂતદયામાં માને છે તો પછી ડૂબનારો માણસ અંત્યજ જ છે કે બ્રાહ્મણ, હિંદુ છે કે મુસલમાન એ જોવાનું ન હોય પણ તેને ડૂબતો બચાવવાનો જ હોય. આમાં ભેદભાવ કરીએ તો મહાપાતક આચર્યું ગણાય. ભૂતદયા અને પૂર્ણ સમતા એ હિંદુ ધર્મના અને ભારતીય સંસ્કૃતિના બે મૂળભૂત વિચાર છે. જીવ માત્ર પર દયાની વાત બધા જ ધર્મોમાં છે ને એ બધા જ ધર્મો ભારતમાં ફૂલ્યા-ફાલ્યા છે અને ભારતે તેને પોતીકા માની સ્વીકાર્યા એટલે તો ભારતીય સંસ્કૃતિ સભર-સંપન્ન બની! અને એ જ તો છે સમન્વય. હિંદુ ધર્મી બે પાયાની વિશેષતાઃ અનાગ્રહ અને ઉદારતા. હિંદુ ધર્મમાં કોઈપણ ચીજનો આગ્રહ નથી. મૂર્તિ પૂજામાં માનનારો હિંદુ હોઈ શકે અને ન માનનારો પણ હિંદુ હોઈ શકે! અરે, ઈશ્વરને માનનારો હિંદુય મળે ને ઈશ્વરમાં ન માનનારો હિંદુય મળે. આ થઈ હિંદુ ધર્મની પૂર્ણ ઉદારતા... અરે ભક્ત એટલે જ 'અનિકેત'...જેનું કોઈ ઘર ન હોય તે અનિકેતન.

**સહુનું સ્વાગત કરે તે ભરતખંડ :**

ભગવદ્‌ગીતામાં ભગવદ્ ભક્તને 'અનિકેત' કહ્યો છે. 'આ વિશ્વ આખું મારું ઘર છે, એવી મતિ જેની સ્થિર થઈ છે તે અનિકેત છે.' હિંદુ ધર્મ પણ આ જ અર્થમાં અનિકેત છે અને તેથી એ સાર્વભૌમ છે. લોકમાન્ય તિલકે હિંદુ ધર્મની વ્યાખ્યા આપી કે : 'સાધનાનાં અનેકતા, ઉપાસ્યનાં અનિયમઃ' હિંદુ ધર્મમાં અનેક સાધના-માર્ગ છે અને અનેક ઉપાસનાઓ છે. હિંદુ ધર્મનો કોઈ ઝંડો નથી કે હિંદુ ધર્મે કોઈ સ્વતંત્ર પથ કે સંપ્રદાય બનાવ્યો નથી. કોઈ પણ પ્રકારની સંકુચિતતાનો હિંદુ ધર્મમાં જરા પણ અવકાશ નથી. ભારતે તો સમન્વયનો વિચાર દુનિયાને આપ્યો છે. ભારતે હંમેશાં સહુનું સ્વાગત જ કર્યું છે, તેથી તેને ભરતખંડ કહે છે.

ઈશુના ગયા બાદ પચાસ વર્ષની અંદર જ સેંટ થોમસનું મિશન આપણા કેરળમાં મલબારના કિનારે આવ્યું, ત્યારથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ભારતની ભૂમિ પર છે. ખ્રિસ્તી ધર્મ યુરોપમાં ગયો તેના ઘણા વખત પહેલાં તે ભારતમાં પહોંચી ગયો હતો. ઈશુના બાર શિષ્યો જે પ્રથમ હરોળના ગણાતા હતા તેમાંના એક સેંટ થોમસ અહીં આવ્યા અને ભારતે એમનું પ્રેમથી સ્વાગત કર્યું. થોમસ સાથે માતા મેરી પણ આવ્યાં હતાં અને લોકોએ મેરીને ગિરિજા(પાર્વતી)

નું રૂપ માનેલાં. એમ કહેવાય છે કે કન્યકા મેરી પરથી કન્યાકુમારી નામ પડ્યું છે. ભગવાન આદિ શંકરાચાર્યના જન્મસ્થળ કાલડીની નજીક જ સેંટ થોમસનું સ્મારક છે, કારણ તેમનો અંતિમ સમય અહીં વીત્યો હતો !

મુસલમાનો આવ્યા ને નવી સંસ્કૃતિ લાવ્યા. ખરું જોતાં, મુસલમાન રાજાઓ આવ્યા તે પહેલાં મુસલમાન ફકીરો ભારત આવ્યા અને એમની સાથે સામાજિક સમાનતાની વાત પણ અહીં આવી છે. એ સમયે હિંદુ ધર્મ ઊંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતામાં સબડતો હતો, તે વખતે અન્ય ધર્મના લોકોએ સમાનતાભર્યો વ્યવહાર કરીને દલિતો અને કચડાયેલાઓનો પ્રેમ સંપાદન કર્યો. સત્તાના જોરે મુસ્લિમો અને ખ્રિસ્તીઓએ પોતાના ધર્મનો પ્રચાર કર્યો એમ કહેવું ભૂલભરેલું છે. સત્તા તો હજુ સાડા ત્રણ સો વર્ષ પહેલાં આવી !પરંતુ ખ્રિસ્તી મિશનરીઓ તો બે હજાર વર્ષ પહેલાં અહીં આવી ચૂક્યા હતા જ. ઈસ્લામનો પ્રચાર કંઈ મુસ્લિમ રાજાઓએ નથી કર્યો પણ મુસલમાન ફકીરોએ કર્યો છે! શિવાજી મહારાજનું એક વિધાન છે : 'હિંદુ ધર્મના રક્ષણ માટે મેં ફકીરી અપનાવી છે..' તે દિવસોમાં ફકીરોનો આટલો આદર હતો! ફકીરોએ અહીં આવી સમાનતાનો પ્રચાર કર્યો અને તેથી તે સમયે હિંદુ ધર્મમાં ફેલાયેલ વિષમતાના વિરોધ રૂપે નીચલી મનાયેલી જાતિના લોકોએ આ નવા ધર્મને આવકાર્યો ને સ્વીકાર્યો એમ કહેવાનું ટાળી શકાય તેમ નથી.

**ભારતે ક્યારેય કોઈ બીજા દેશ ઉપર આક્રમણ નથી કર્યું. ભારતમાં શક્તિશાળી રાજાઓ ને સમ્રાટો હતા અને વિદ્યા તથા કળાથી સંપન્ન બનેલું ભારત ઐશ્વર્યની ટોચ પર પહોંચેલું ત્યારે પણ તેના દ્વારા બીજા દેશો પર આક્રમણ થયાનો દાખલો નથી**

અહીં એક ટેકારૂપ વાત ટાંકું. શ્રી રામકૃષ્ણ પરમહંસના ચરિત્રમાં પણ 'ફકીર' શબ્દ નજરે ચડે છે. રામકૃષ્ણદેવે મહાસમાધિ લીધી તેના ત્રણ-ચાર, દિવસ પહેલાં એમણે નરેન્દ્રને બોલાવી તેની તરફ સ્થિર દૃષ્ટિ કરીને પોતે ઊંડી



સમાધિમાં ઊતરી ગયા. નરેન્દ્રને લાગ્યું કે વીજળીના જેવો કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહ્યો છે. સમાધિમાંથી બહાર આવતાં શ્રી રામકૃષ્ણદેવ બોલ્યા : 'અરે નરેન! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું કેવળ 'અકિંચન ફકીર' બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે, તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ.' આ રીતે 'ફકીર' અને 'ફકીરી' શબ્દો રોજબરોજની બોલીમાં દાખલ થઈ જાય, તે એમ દર્શાવે છે કે બહારથી આવેલા ધર્મને અને સંસ્કૃતિને પ્રજાએ કેટલાં બધાં પોતીકાં ગણી લીધાં હશે ! ભારતની આ ભૂમિ એક મહા સમન્વયનો તખ્તો બની ગઈ હતી...

તેરસો વર્ષ પહેલાં ઈરાનથી પારસી આવ્યા, એમને ભારતે વ્હાલથી આવકાર્યા. અહીં યહૂદી પણ આવ્યા. આ 'હુદા' અને 'બની ઈઝરાયલ'ની ય પહેલાં ગ્રીક આવ્યા. એ યવન આવ્યા, મુગલ આવ્યા, ચીના આવ્યા. 'જીવો અને જીવવા દો' ભરતખંડનો પાયો બન્યો એટલે છેલ્લે તિબેટ ને બાંગ્લાદેશથી લોકો ડરના માર્યા અહીં ભાગીને આવ્યા! ભારત એટલે સહુનું ભરણ કરનારો દેશ! સર્વનો સ્વીકાર એટલે ભારત!

**ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો : ઉદારતા અને અનાક્રમકતા :**

ભારત એટલે સૌનું ભરણ કરનારો દેશ.

ભારતનો એક અર્થ છે : વિશ્વ-ભરણ-સમર્થ.

સૌનું સ્વાગત કરવાની ઉદારતા અને સૌને મિત્ર રાષ્ટ્ર ગણી કદી પરેશાન ન કરવાની અનાક્રમકતા, ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો.

ભારતે ક્યારેય કોઈ બીજા દેશ ઉપર આક્રમણ નથી કર્યું. ભારતમાં શક્તિશાળી રાજાઓ ને સમ્રાટો હતા અને વિદ્યા તથા કળાથી સંપન્ન બનેલું ભારત ઐશ્વર્યની ટોચ પર પહોંચેલું ત્યારે પણ તેના દ્વારા બીજા દેશો પર આક્રમણ થયાનો દાખલો નથી. કારણ કદાચિત્ એ હશે કે આપણા અતિ પ્રાચીન કાળમાં વેદોએ ભારતને મંત્ર આપેલો : 'મિત્રસ્ય મા ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષન્તામ્' અર્થાત્ 'હું આખી દુનિયા તરફ મિત્રતાની નજરે જોઉં, જેથી દુનિયા પણ એવી જ નજરે મારી તરફ જુએ.' ભારતીયો ચીન, જાપાન, લંકા, તિબેટ, બ્રહ્મદેશ અને મધ્ય એશિયામાં ગયા પણ શસ્ત્રો સાથે લઈને નહીં, વિદ્યા અને ધર્મનો સંદેશ લઈને! વેપારીઓનો ઉદ્દેશ વેપાર કરવાનો. અન્ય દેશ પર આપણી સત્તા જમાવવાનો વિચાર સુદ્ધાં નહીં! આક્રમણ કદી નહીં પણ સંપર્ક આખી દુનિયા સાથે. આવે તેનું પ્રેમથી

સ્વાગત અને જ્યાં જઈએ ત્યાં સ્વજન થઈને રહીએ. તેથી તો એક ઉપખંડ જેવડો ભારત દેશ વિવિધતામાં એકતા જાળવી વિશ્વમાં વિસ્તરતો ગયો.

ભારતે પોતાની લાક્ષણિકતાથી કેટલાંક અર્થઘટનો વિકસાવ્યાં. ભૂખ લાગે ને ખાઈએ તે પ્રકૃતિ, ભૂખ ન લાગવા છતાં ખાઈએ તે વિકૃતિ અને ભૂખ લાગવા છતાં ભગવત-સ્મરણ માટે ઉપવાસ રાખી ન ખાઈએ કે ભૂખ્યાનો ભાગ કાઢીને ખાઈએ તે સંસ્કૃતિ. ત્યજીને ભોગવવું, મારું નથી તે ત્યજવું, શ્રમ વગરનું ન ભોગવવું, સતત શોધન કરીને જીવવું. અહીં હજારો વરસથી માણસ જાત જાતના પ્રયોગો કરતો આવ્યો છે અને તેમાંથી આપણી ભારતીય સંસ્કૃતિ નીપજી છે. અહીં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ-ગાઢ ને ગૂઢ ચિંતન-શાસ્ત્રાર્થો ને પ્રયોગો થયા, નિષ્કર્ષો નીકળ્યા અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ નીપજ્યાં. બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા, ગૃહસ્થાશ્રમના નિયમો, વાનપ્રસ્થ ધર્મની કલ્પના, સંન્યાસનો આદર્શ, માંસાહારનો નિષેધ, ખેતી માટે આદર, રાજસત્તાથી મુક્ત શિક્ષણ જેવા નક્કર પ્રયોગો થતાં રહ્યા. મૂળ ઉદ્દેશ તો એક જ કે માનવ તરીકે પ્રત્યેક ભારતીય આધ્યાત્મિકતા તરફ આગળ વધે! આપણા પૂર્વજોના આ પ્રયોગો આપણો બહુ મોટો વારસો છે.

**ભારત પુરાતન દેશ છે. ભારત વૈદિક પરંપરાઓનો દેશ છે. સૂર્યની અહીં પૂજા કરવાનો પ્રાચીન વિચાર છે. અસ્તિત્વનો -પ્રકૃતિનો-કુદરતનો આદર કરવામાં પવિત્રતા અનુભવતો આ દેશ છે. સ્થળ-કાળના ભેદો છે છતાં અહીં એકતાનું દર્શન થાય છે**

ભારતનો વિચાર-વૈભવ અદ્વિતીય છે. અહીં નાટક-સાહિત્ય-સ્થાપત્ય-કલાકૌશલ તો બેનમૂન છે જ પણ અહીં 'આધ્યાત્મિક-વિચાર-સંપદા' ભારતીય સંસ્કૃતિનું જીવનપાથેય પૂરું પાડે છે. ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની અખંડ પરંપરા ચાલી આવી છે. ભારત એક માત્ર દેશ છે કે જેની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય! ભારતે પુરાણા શબ્દોને સાચવી રાખી નવા બનાવ્યા! જૂના શબ્દોમાં નવા અર્થ નાખી શબ્દવિકાસ કર્યો!


ભારત પુરાતન દેશ છે. ભારત વૈદિક પરંપરાઓનો દેશ છે. સૂર્યની અહીં પૂજા કરવાનો પ્રાચીન વિચાર છે. અસ્તિત્વનો -પ્રકૃતિનો-કુદરતનો આદર કરવામાં પવિત્રતા અનુભવતો આ દેશ છે. સ્થળ-કાળના ભેદો છે છતાં અહીં એકતાનું દર્શન થાય છે. 'યુનાનો, મિસ્ર, રૂમા સબ મિટ ગયે જહાં સે, કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!' - યુનાન, રોમ, મિસ્ર બધા ભૂંસાઈ ગયા, પણ કાંઈક એવું છે કે આ દેશની હસ્તી હજીયે કાયમ છે. અહીં 'કાંઈક' તો છે. આ 'કાંઈક' એટલે ભારતીય સંસ્કૃતિ.

**ભારતીયતા તો આપણી રગરગમાં છે :**

ભારતીય સંસ્કૃતિ એ કોઈ એક ધર્મ કે એક ધારાની બનેલી નથી, એ તો દુનિયાની બધી જ વિવિધતાઓની ઉપસ્થિતિવાળી સંસ્કૃતિ છે. જેમની સવાસોમી જન્મશતાબ્દી ઉજવાય રહી છે એ આધ્યાત્મિક રાષ્ટ્ર ફકીર વિનોબાજી કહે છે કે : ભારતની સંસ્કૃતિ વૈશ્વાનર સંસ્કૃતિ છે. ભારત જાણે વિશ્વની નાની આવૃત્તિ છે. ભારતની સંસ્કૃતિ સૌને-સહુને પોતાનામાં સમાવી લેનારી સંસ્કૃતિ છે. આવી સર્વસમાવેશક સંસ્કૃતિવાળા દેશને ધર્મ કે જાતિના વાડામાં વિભાજિત કરીશું તો તે અપરાધ બની રહેશે. કોઈપણ પ્રકારના સંકીર્ણ રાષ્ટ્રવાદમાં જકડી રાખવા મથનાર રાષ્ટ્રનું અહિત કરશે અને વિરલ ભારતીય સંસ્કૃતિનું પતન નોતરશે, એ નક્કી.

વિશિષ્ટતા જુઓ આ ભારતીય સંસ્કૃતિની. ભારતની ગિરિજા એટલે કે પર્વતકન્યા-હિમાલયની પુત્રીને છેક દક્ષિણમાં કેરલ-કન્યાકુમારીમાં બેસાડવી અને કેરલના શંકરાચાર્યને શ્રીનગરમાં 'શંકરાચાર્ય પહાડ' પર બેસાડવા, એ અત્યંત વ્યાપક એની ભારતીય દૃષ્ટિ છે. બારસો વરસ પહેલાં શંકરાચાર્ય યાત્રા કરતાં કરતાં શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાર ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી ભરજુવાનીમાં પગપાળા કેરળથી કાશમીર પહોંચનાર આ વિભૂતિએ અદ્વૈતનો વિચાર ફેલાવ્યો. માણસ-માણસમાં કોઈ ફરક નથી, ઊલટું માણસ તો પરમાત્માના નૂરથી પણ જુદો નથી, પરમાત્માનાં નૂરનો જ અંશ છે. પેલો પૂર્ણ છે, આ અંશી છે, એટલું જ!

વિનોબાજી લખે છે : હું કાશ્મીર ગયો ત્યારે શ્રીનગરમાં એક પહાડ ઉપર ભગવાન શંકરનું મંદિર જોઈને મને ખુશી



થઈ કે મલબારનો એક છોકરો, ભારતના છેક દક્ષિણ છેડાનો એક છોકરો એ જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો આવ્યો, માત્ર એટલું સમજાવવા માટે કે માણસ-માણસમાં તથા માણસ અને ભગવાનમાં પણ કોઈ ફરક નથી! ભગવાન અને માણસ વચ્ચે પણ કોઈ ફરક હોય તો તે કેવળ માત્રાનો ફરક છે. શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં કેદારનાથમાં લીધી અને એમણે એમ જ અનુભવ્યું કે હું મારી માતૃભૂમિમાં જ છું! આપણે બધું જ છોડીએ, કશી જ ચર્ચા-સંવાદ-વિવેચનને એક બાજુ મૂકીએ તો એટલું સ્પષ્ટ થાય છે કે શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ જાય છે.

આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે કે અનેકાનેક ભેદ ભૂલીને એક આશ્ચર્યકારક પરંપરા આપણે ત્યાં જળવાય રહી છે! એક અત્યંત વૈભવશાળી આપણી ભારતીય સંસ્કૃતિ છે. સમસ્ત પૃથ્વીમાં જે વૈભવ છે, તે ભારતમાં છે. પૃથ્વી પર અનેક ધર્મ છે, તો આપણા દેશમાંયે અનેક ધર્મો છે. પૃથ્વીમાં અનેક માનવવંશો છે તો આપણા દેશમાંયે છે. પૃથ્વીમાં અનેક ભાષાઓ છે, તો અહીં પણ અનેક ભાષાઓ છે અને આવી અનેક સમર્થ ભાષાઓને એક સાથે નિભાવનારો ભારત જેવો બીજો દેશ પૃથ્વી પર નથી. .. આ એકતા એમને એમ નથી ઊભી થઈ. અનેક સંતો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. શંકરાચાર્ય પંદર વરસ, રામાનુજ બારથી ચૌદ વરસ, વલ્લભાચાર્ય અઢાર વરસ, શંકરદેવ બાર વરસ, નામદેવ તેરથી ચૌદ વરસ નાનકદેવ અઢારથી વીસ વરસ અને કબીર પચ્ચીસથી ત્રીસ વરસ સુધી પગપાળા ફર્યા! આવો ઉજ્જવળ ઈતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે. ભારતની આ પરંપરા છે એટલે આ મોટો ભૂખંડ એક બન્યો છે. આથી તો ભારતીયો આપણી રગરગમાં છે.

**આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે કે અનેકાનેક ભેદ ભૂલીને એક આશ્ચર્યકારક પરંપરા આપણે ત્યાં જળવાય રહી છે! એક અત્યંત વૈભવશાળી આપણી ભારતીય સંસ્કૃતિ છે**

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું : 'ભારતેર મહામાનવેર સાગરતીરે!' ભારત એક મહામાનવ સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો અહીં આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે.

**સમન્વય + વિવિધતામાં એકતા = ભારતીય સંસ્કૃતિ :**

ભારત પુરાતન દેશ છે. ભારત પુરાણ-પુરુષ છે. ભારતનો હજારો વરસોનો અનુભવ છે. અનુભવ વધે તેમ વિશેષતા વધે. ભારતીય સંસ્કૃતિનું મિશન એટલે સમન્વય અને વિવિધતામાં એકતા! ભાષાઓની વિવિધતા તો ભારત જેટલી ક્યાંય જોવા ન મળે! બારથી ચૌદ તો ઉત્તમ વિકસિત અને અર્થ-પ્રકાશન માટે સમર્થ છતાં સમાન યોગ્યતાવાળી ભાષાઓ એક જ દેશમાં! ચીનની વસ્તી ભારત કરતાં વધારે પણ ભાષા એક જ. ભેદ માત્ર બોલીનો જ. રશિયા મોટો દેશ ને ભાષાઓ અનેક પણ રશિયન ભાષા જ મુખ્ય, બાકી બધી ગૌણ. યુરોપમાં પણ ભારતની જેમ ભાષા વૈવિધ્ય ખરું પણ યુરોપ એક દેશ નથી. ફ્રાન્સ અને જર્મની વચ્ચે નથી મોટો પહાડ કે નથી પ્રચંડ નદી. પરંતુ બન્નેની નાની-નાની મોટાઈ એટલે બે નોખા દેશ તરીકે જીવે છે અને ભારત તો દસ-પંદર, ફ્રાન્સ-જર્મની-ઈટલી જેવા દેશો સમાઈ જાય એવડો મોટો દેશ. ભાષા અનેક, ધર્મો અનેક, રીતિ-રિવાજો-પરંપરાઓ અનેક છતાં બધા મળીને અહીં રહે છે એ જ તો ભારતીય સંસ્કૃતિ.

આપણી ભારતીય સંસ્કૃતિના ઉદ્ભવમાં કેવળ સમન્વયની જ પ્રક્રિયા. બહુ પ્રાચીનકાળમાં અહીં આર્યો રહેતા હતા. એમની 'પહાડી સંસ્કૃતિ'. દક્ષિણમાં જે દ્રવિડ લોકો રહેતા હતા એની 'સમુદ્રી સંસ્કૃતિ'. આર્યો અનેક દ્રવિડોના સમન્વયથી ઊભી થઈ તે ભારતીય સંસ્કૃતિ. બન્નેની વચ્ચે મોટું દંડકારણ્ય હતું એટલે વર્ષો સુધી આ બન્ને વચ્ચે કોઈ સંબંધ ન હતો. પણ સમય જતાં સંબંધ સ્થપાયો, થોડા કડવા-મીઠા અનુભવો થયા અને તેનું પરિણામ આજનું ભારતવર્ષ છે. ઉત્તરના લોકો જ્ઞાનપ્રધાન હતા તો દક્ષિણના ભક્તિપ્રધાન. ભારતમાં આ રીતે જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયો..દ્રવિડ એટલે ભક્તિથી જેનું ચિત્ત દ્રવિત થાય છે તે. દ્રવિડ પ્રદેશની ભક્તિ-સંસ્કૃતિને રામાનુજાચાર્યે આખા ભારતમાં સંસ્કૃત ભાષામાં પહોંચાડી. ઉત્તર ભારતના શ્રેષ્ઠ ગુરુ સ્વામી રામાનંદજી એ રામાનુજ સંપ્રદાયના હતા અને રામાનંદજીના બે સર્વોત્તમ શિષ્યો એટલે કબીર અને તુલસીદાસ. એવું ઘર તમને ઉત્તરમાં નહીં મળે કે જ્યાં તુલસીદાસનું રામાયણ વંચાતું ન હોય અને કહેવાય છે કે કબીરજીના દોહરા તો ઉત્તર ભારતના બહેરાએ પણ સાંભળ્યા જ હોય! આમ ઉત્તરના બે મહાપુરુષો દક્ષિણના રામાનુજ સંપ્રદાયમાં થઈ ગયા.

હજુ ઉત્તર અને દક્ષિણ એક થયાં ન હતાં ત્યારે ઉત્તરમાં બુદ્ધ અને મહાવીર થયા અને એમનો સંદેશો દક્ષિણ ભારત સુધી પહોંચ્યો. વૈદિકોએ પોતાની ઢબે ફેલાવેલા સંદેશને વ્યાપક રૂપ આપ્યું બુદ્ધ અને મહાવીરે ત્યાર પછી શંકરાચાર્ય, રામાનુજ, મધ્વ આદિએ પોતાની વિશેષતા તેમાં ઉમેરીને વૃદ્ધિ કરી જેનાં પરિણામસ્વરૂપે ઉત્તર અને દક્ષિણ ભારત

વૈચારિક દષ્ટિએ એક રાષ્ટ્ર બન્યો. કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિચારની એક આણ પ્રવર્તી ગઈ! અરે, કાશીના લોકો ગંગાજળ લઈ દક્ષિણમાં ભગવાન રામેશ્વરના મસ્તક પર અભિષેક કરતાં તો દક્ષિણના લોકો સમુદ્રનું પાણી લઈ ઉત્તરમાં ભગવાન કાશીવિશ્વનાથ પર અભિષેક કરતાં! દક્ષિણ ભારતમાં અત્યંત જ્ઞાનવાન ને ભક્તિવાન આચાર્યો ને સંતો થયા જેમણે આખા ભારતવર્ષમાં ભક્તિમાર્ગ ફેલાવ્યો. આમ, બહુ જ વિશાળ પ્રયત્નો અને વિચાર-પ્રચાર બાદ ભારત એક થયું છે.

પ્રાચીન ભારતમાં ઘણા લાંબા વખત સુધી ત્રણ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ ચાલી :૧) વૈદિકોની બ્રાહ્મણ સંસ્કૃતિ ૨) જૈનોની શ્રમણ સંસ્કૃતિ ૩) બૌદ્ધોની ભિક્ષુ સંસ્કૃતિ..થયા, એમની વચ્ચે સંઘર્ષો પણ થયા. પણ સાથોસાથ એક નિર્મળ સમભાવ પણ ચાલ્યો ને વિકસ્યો ને વિસ્તર્યો. છેવટે ભારતીય સંસ્કૃતિમાં આ ત્રણેય ધારાઓ એકરૂપ થઈ ગઈ. આ સાંસ્કૃતિક એકતા સેંકડો વરસોના એકધારા પ્રયાસોથી સધાઈ છે. ભારત ભૂખંડને પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ જોડવાનું કપરું કામ આપણાં પૂર્વ પંડિતોએ કર્યું છે, તેને જાળવી રાખવાની જવાબદારી આપણા શિરે છે.

**ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ બધાનો સમન્વય = ભારતીય સંસ્કૃતિ :**

ભારત નામના ભૂખંડ દ્વારા પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણને જોડવાનું કામ અહીં સતત થયું છે. ભારતે ઘણી હિલચાલો કરી છે અને ઘણા પુરુષાર્થો પણ કર્યા છે. ભારતવાસીઓ દુનિયાભરમાં પહોંચ્યા છે. ચીન ને જાપાન સુધી ગયા અને ત્યાં એમણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. મધ્ય એશિયામાં પણ પહોંચ્યા હશે તેથી જ તો ઈશુના જન્મ વખતે ભારતના જ્ઞાની લોકો ત્યાં હાજર હોવાનો ઉલ્લેખ બાઈબલમાં છે. બાઈબલમાં 'પૂર્વના બુદ્ધિમાન પુરુષ' એવા શબ્દપ્રયોગો છે. વેપાર કરવા તો બહુ ઓછા લોકો ગયા, વધારે તો ધર્મપ્રચાર માટે, જ્ઞાનપ્રચાર માટે જ બહાર ગયા! અહીં ઉત્સાહ હતો, સક્રિયતા હતી, અધ્યયન-અધ્યાપન પણ બહુ હતું. જ્ઞાનની વિવિધ શાખાઓમાં સંશોધન થયું, ગણિતશાસ્ત્રની શોધ થઈ, વૈદકશાસ્ત્ર-જ્યોતિષશાસ્ત્ર-વનસ્પતિશાસ્ત્ર અહીં પાંગર્યાં એટલું જ નહીં પણ અધ્યાત્મવિદ્યાની સાધના થઈ, સાહિત્ય રચાયું, મોટાં મહાકાવ્યો લખાયાં તો સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના વિચારો પણ સર્જાયા!

દક્ષિણ ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયના એક મહાન આચાર્ય નમ્માલવાર કે જેમના શિષ્યના શિષ્ય તે રામાનુજ! નમ્માલવારના વિચારો રામાનુજ દ્વારા તો આખા ભારતમાં ફેલાયા. કબીર અને તુલસીદાસજી આ રામાનુજ સંપ્રદાયના જ. (સંદર્ભ ભારતીય સંસ્કૃતિ : વિનોબા :પૃષ્ઠ ૨૧) મહારાષ્ટ્રના જ્ઞાનદેવ અને તુકારામ શંકરાચાર્યના શિષ્ય. આધુનિક ભારતના ધર્મધૂંરધર શ્રી રામકૃષ્ણદેવ અને શ્રી વિવેકાનંદ પણ શંકર સંપ્રદાયના...આ રીતે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ બધાનો જ સમન્વય ભારતીય સંસ્કૃતિમાં થયો છે.. હા, વચ્ચે થોડો થાકનો ગાળો આવ્યો, જાણે કે ભારતે વિરામ કરી લીધો પરંતુ ફરી બેઠું થયું. રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી અરવિંદ(ઘોષ), શ્રી વિવેકાનંદજી, લોકમાન્ય તિલક, ગાંધીજી જેવા મહાપુરુષો દ્વારા ! જરા વિચારીએ કે આટલા ટૂંકાગાળામાં આટલા બધા મહાપુરુષો બીજા કોઈ દેશમાં નથી થયા! ભારતમાં તો આત્મશક્તિનો ભંડાર ભર્યો હતો, અંદરની શક્તિ હતી અને ચેતનાભર્યો પ્રાણ હતો. કારણ એક જ કે આપણે સંકુચિત નથી, આપણે પરમ વ્યાપક છીએ.

**ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કારનદીઓ મળી છે. તેથી જ અહીં 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્‌ભવ્યો. આ 'વિશ્વમાનુષઃ' શબ્દ એ જ ભારતીય દર્શન છે અને રહેશે**

ભારતના વેદો પહેલેથી જ 'વિશ્વમાનુષઃ'ની વાત કરે છે. આ પૃથ્વી ઉપરના સહુ માણસોનો એક પરિવાર છે એમ કહેતાં જણાવ્યું : 'વસુધૈવ કુટુમ્બકમ્'. આ આખી વસુધા એક કુટુંબરૂપ છે અને તે પણ પાછું 'કુટુંબ' ન કહ્યું, પણ 'કુટુમ્બકમ્' કહ્યું. એટલે કે નાનકડું કુટુંબ. આ પૃથ્વી ઉપરાંત જે બ્રહ્માંડ છે તે બધું મળીને પૂરું કુટુંબ થશે. પૃથ્વી તો એક નાનકડું કુટુંબ છે, એવી વ્યાપક દૃષ્ટિ આપણા પૂર્વજોએ ને આપણાં શાસ્ત્રોએ આપણને આપી છે.

ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કારનદીઓ મળી છે. તેથી જ અહીં 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્‌ભવ્યો. આ 'વિશ્વમાનુષઃ' શબ્દ એ જ ભારતીય દર્શન છે અને રહેશે. ઋષિ મનુ દ્વારા એક ઉત્તમ ધ્યાનાકર્ષક શ્લોક લખાયો :

*'એતદ્દેશે-પ્રસૂતસ્ય સકાશાદ્ અગ્રજન્મનઃ*
*સ્વંસ્વં ચરિત્રં શિક્ષેરન પૃથિવ્યાં સર્વ-માનવાઃ।।'*

આ શ્લોકનો અર્થ થાય છે કે : 'આ દેશમાં પેદા થયેલ ઉત્તમ પુરુષો પાસેથી દુનિયાના બધા લોકો પોતપોતાનું ચરિત્ર કેવું હોવું જોઈએ, તેનું શિક્ષણ મેળવશે.'

અહીં 'શિક્ષેરેન્' લખીને ભવિષ્યકાળ બતાવ્યો છે. 'આજે શીખે છે' એમ નહીં પણ 'આગળ ઉપર શીખશે' એમ કહેવાયું છે. વળી આપણો વિચાર દુનિયા પર લાદીશું

એમ નહીં, પણ 'પોતપોતાનું ચરિત્ર કેવું હોવું જોઈએ, તેનું શિક્ષણ ભારત પાસેથી મળશે.' ભારતીય સંસ્કૃતિએ મનુની આ અપેક્ષા પૂરી કરવાનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે!

**પ્રત્યેક જીવમાં 'અસ્તિત્વ'ને જોતાં શીખવાનું છે :**

ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ છે અને બહુ આયામી છે, તે સંકુચિત નથી પણ વ્યાપક છે. ભારતીય સંસ્કૃતિ સરવાળામાં માને છે, બાદબાકીમાં નહીં અને તેથી ભારતીય સંસ્કારો વિશ્વભરમાં સારપનો ગુણાકાર કરે છે, ભાગલાથી ભાગાકાર નહીં...અનેક નદીઓ આવીને ભળી ગઈ છે આ ભારતીયતાના મહાસાગરમાં અને સદાકાળ સમુદ્રમંથન કરીને અમૃત મેળવવા મથ્યા કરે છે. ભારતીય સંસ્કૃતિ. હા, એમાં કાળક્રમે વિષ પણ નીકળે છે પણ જ્યારે જ્યારે વિષ નીકળે છે ત્યારે ત્યારે કોઈ ઉત્તમ આત્મા એને પોતાનાં કંઠે ધરી લઈ માનવજાતને ઉગારી લે છે!..ભારતીય સંસ્કૃતિએ સનાતન ધર્મથી પોષિત છે એટલે વેદાધાર તેનો પથ છે.

આપણે જન્મથી એક શાસ્ત્રવિધાન અનેક વરિષ્ઠો પાસેથી સાંભળતા આવ્યા છીએ : 'એકમ સત્ વિપ્રા બહુધા વદન્તિ (સત્ય તો એક જ છે, માત્ર તેને જોવાની પદ્ધતિઓ અલગ અલગ છે.) માનવ-માનવની વચ્ચે કોઈપણ વિવાદ ન થાય કે કશી અસમાનતા ન ઊભી થાય એટલે આપણાં શાસ્ત્રોએ આવાં અનેક સત્યવચનો પેશ કર્યાં છે. હિન્દુ શાસ્ત્રો જ સમજાવે છે કે 'જીવ-જગત અને ઈશ્વર એક જ છે.' સનાતન ધર્મનો પહેલો ગ્રંથ તે વેદ. હિન્દુ ધર્મ નીતિના આધાર તરીકે ચાર વેદોને સ્વીકારવામાં આવ્યા છે. ચારેય વેદો આપણને જીવનમાર્ગ પર કેમ-ક્યાં-ક્યારે-કેટલું ચાલવું તેનું પથદર્શન કરે છે. ચારેય વેદોમાંથી એક એક મહાવાક્યને તે વેદનું આધાર વાક્ય માનીને પસંદ કરવામાં આવ્યું છે અને એ ચારેયને 'વૈદિક ઘોષ' અને 'મુક્તિનું સીધું સાધન' સ્વીકારવામાં આવ્યું છે. આ ચાર મહાવાક્યો વિષે જાણીએ :

(૧) સામવેદ કહે છે : તત્ત ત્વમ અસિ(તત્ત્વમતિ)

(૨) યજુર્વેદ કહે છે : અહં બ્રહ્માસ્મિ

(૩) ઋગ્વેદ કહે છે : પ્રજ્ઞાનં બ્રહ્મ

(૪) અથર્વવેદ કહે છે : અયં આત્મા બ્રહ્મ...

આ પ્રત્યેક મહાવાક્યનો ભાવાર્થ એક જ છે, અને તે છે : જે સર્વોચ્ચ (બ્રહ્મ)ની આપણે શોધ કરી રહ્યા છીએ તે સર્વોચ્ચ(બ્રહ્મ) આપણે જ છીએ.

જીવ જ બ્રહ્મ છે. સાધક જ સાધ્ય છે. શોધક અને શોધ બન્ને એક છે !

**પહેલાં, કૃતિ, સત્કૃતિ. તેની કીર્તિ. તેને લીધે કૃતિની પરંપરા, અને તેમાંથી પાંગરતી રહે છે સંસ્કૃતિ. કલ્પના કરીએ કે કોઈએ બળદ અને ગાયનો સમુચિત ઉપયોગ કરવાની કલ્પના કરી. બળદોનો ખેતીમાં ઉપયોગ કરો અને ગાયનું દોહન કરો**

ઉપનિષદમાં પ્રશ્ન પૂછાયો : 'એવું શું છે કે જે જાણી લેવાથી 'સઘળું' જાણી શકાય છે?'

ઉત્તર આમ અપાયો : 'એ સઘળું એટલે 'સત્' એટલે કે 'અસ્તિત્વ' છે !'

મતલબ કે 'જે હું છું, એ જ તમે છો,' અથવા તો 'જે તમે છો, તે જ હું છું.' આ સત્યનો જલ્દીથી સ્વીકાર થતો જોવા મળતો નથી, કારણ કે માણસમાં 'હું-મારું-મને'નો ભાવ ઠાંસઠાંસ છે. આપણે સાચા અર્થમાં શાસ્ત્રોનું રસપાન કર્યું નથી, હૃદયથી હરિનામનું સ્મરણ કર્યું નથી કે શાસ્ત્રોક્ત ઈશલીલાનું હરદમ ગાન કર્યું નથી! જેમણે આ કર્યું છે તેમને તો (૧) હું અને તું અલગ લાગતાં જ નથી. (૨) કોઈ ઊંચુ કે કોઈ નીચું દેખાતું જ નથી.(૩) માનવ-પશુ-પંખી-વૃક્ષ અને પ્રત્યેક જીવ એક જ લાગે છે, તેમાં કોઈ ભેદ ક્યારેય દેખાતો જ નથી. યત્ર-તત્ર-સર્વત્ર જે છે, જેટલું છે, જેમ છે અને જ્યારે છે ત્યારે તે 'અસ્તિત્વ' જ છે અને એ જ તો એક માત્ર 'સત્' છે !!

ભારતીય સંસ્કૃતિ પ્રત્યેક જીવમાં 'અસ્તિત્વ'ને જ જોવાનું શીખવે છે. 'જ્ઞાન'ની એક વ્યાખ્યા તેથી જ તો આવી છે કે : 'દરેક ચીજમાં અને પ્રત્યેક જીવમાં ઈશ્વર-પરમ કે અસ્તિત્વની સતત શોધ કરવી!' આ વ્યાખ્યાનો સ્વીકાર કરીએ તો જ્ઞાન મળે અને એ જ્ઞાન જ અહેસાસ કરાવે કે : ચોતરફ કશું બીજું નથી, કેવળ અસ્તિત્વ જ છે.

**કેટકેટલી ચૈતન્ય લહેરો ઊઠી છે અહીં :**

વિનોબાજી કહે છે : સંસ્કૃતિ પાંગરે છે કૃતિમાંથી.

પહેલાં, કૃતિ, સત્કૃતિ. તેની કીર્તિ. તેને લીધે કૃતિની પરંપરા, અને તેમાંથી પાંગરતી રહે છે સંસ્કૃતિ.

કલ્પના કરીએ કે કોઈએ બળદ અને ગાયનો સમુચિત ઉપયોગ કરવાની કલ્પના કરી. બળદોનો ખેતીમાં ઉપયોગ કરો અને ગાયનું દોહન કરો. સાચી કે ખોટી પણ આ માણસની જ કલ્પના છે. સૃષ્ટિમાં ક્યાંય જાણ્યું છે કે એક પ્રાણી બીજા પ્રાણીનું દૂધ પીવાની યોજના કરે?! વાઘ સસલાનું દૂધ પીવે કે સસલાંને ખાઈ જાય! માણસે ગાય, ભેંસ, વગેરેનું દૂધ પીવાની યોજના કરીને ઠરાવ્યું કે આપણે જેમનું દૂધ પીએ તે તો આપણા માટે માતા-પિતા સમાન ગણાય, તેનું રક્ષણ આપણી જવાબદારી બને છે! આમ આપણી ભારતીય સંસ્કૃતિનાં અંગ નીખરતાં ગયાં... આ ભૂમિ ઉપર સર્વ પ્રથમ માણસ માનવધર્મ શીખ્યો અને અહિંસાની પદ્ધતિથી જીવવાની વાત આગળ આવી. માણસ પહેલાં બીજાં પ્રાણીઓની જેમ જ શિકાર કરી જીવન ગુજારતો

હતો. જંગલમાં જીવવું હોય તો હિંસા અનિવાર્ય હતી. પરંતુ એમાંથી છુટકારો મેળવવાની તરકીબ ભારતમાં જ સૂઝી અને તે હતું 'ખેતી કરવી'. વિનોબાજી તો ગર્વથી કહે છે કે : "ભારતની ખેતીનો ઈતિહાસ એ અહિંસાનો ઈતિહાસ છે." ખેતીમાં ભારોભાર આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. બે-ચાર દાણા વાવીને તેમાંથી સો દાણા ઉગાડવા અને પછી પોતાની ઈચ્છા અનુસાર જીવનનિર્વાહ કરવો એ અદ્ભુત ખ્યાલ ભારતમાં પાંગર્યો. આમ, અહિંસક જીવન તરફ ડગ મંડાયાં ને તેમાંથી માંસાહાર-ત્યાગનું આંદોલન ચાલ્યું. જૈનો તેમાં પૂર્ણતા સુધી ગયા. ભગવાન બુદ્ધે આની સાથે અહિંસા અને કરુણા જોડી અને વૈદિક ખેતીની ઉપાસના ઊંડાણથી કરતા ગયા.. આમ એક પછી એક ડગલું ભરતાં ભરતાં ભારતનો સર્વ સાધારણ સમાજ અહિંસાની ખોજમાં આગળ વધતો ગયો.

ખેતીથી અહિંસાનો ઈતિહાસ શરૂ થયો ત્યારબાદ ગોદૂધનો મહિમા! ભગવાન કૃષ્ણની ગોસેવા, ગૃત્સમદની કપાસની ખોજ, જ્ઞાનાર્જન માટે સમર્પણ, શૌર્ય-ધૈર્ય-પ્રજા રક્ષણનો ક્ષાત્રધર્મ, રાજ્યસત્તાનાં નિયંત્રણ વગરનું શિક્ષણ, આશ્રમવ્યવસ્થા, યતિઓના હાથમાં દંડ, બ્રહ્મવિરોધી તત્ત્વોનેય પચાવી જનારો ભક્તિમાર્ગ, અહિંસા માટે યજ્ઞ તો આગળ જતી અહિંસા ખાતર યજ્ઞ-નિષેધ પણ, બુદ્ધ અને મહાવીરના સમાજસુધારા, ગ્રામની પંચાયત, બહારની દુનિયાને મુક્ત પ્રવેશ, બહારની દુનિયા પર અનાક્રમણ, નિર્વૈરવૃત્તિ, નીતિનિષ્ઠા...સમાજવિજ્ઞાનની કેટકેટલી ખોજો થતી રહી અહીં! ચૈતન્યની કેટકેટલી લહેરો ઊઠી છે અહીં! આવી જ રીતે માનવજીવન અને સમાજજીવનના સુનિયોજિત ને સમ્યક સંચાલન માટે આ ભૂમિ પર અગણિત પ્રયોગો થયા છે અને તેના પરિપાકરૂપે આપણી ભારતીય સંસ્કૃતિનો વિકાસ થતો રહ્યો છે. આ પૂણ્યભૂમિમાં ભારતીય સંસ્કૃતિએ બહુ ઊંચી છલાંગો મારી છે અને તેથી આપણને જેટલો મહાન વારસો મળ્યો છે, એટલો કોઈ દેશને મળ્યો નથી.

**સર્વધર્મ-સમન્વયનો શાબ્દિક નહીં, પણ અનુભવાત્મક વિચાર સ્વામી રામકૃષ્ણ પરમહંસે જગતને આપ્યો. જુદા જુદા ધર્મોની જે ઉપાસનાઓ છે, તે બધીનો અત્યંત તટસ્થ બુદ્ધિથી પૂર્ણ પ્રેમભાવથી સ્વાનુભવ કરીને એનાં મૂળ સુધી પહોંચીને રામકૃષ્ણ પરમહંસે જાહેર કર્યું કે, 'મૂળમાં એકત્વ છે**

સંસ્કૃતિની બાબતમાં કાયમ ઊંડાણથી છણાવટ થતી રહેવી જોઈએ. જે જે પરંપરાઓ સારી લાગે તે જાળવી રાખવી જોઈએ. સદ્ અંશોનો સંગ્રહ કરવો અને તેની વૃદ્ધિ કરતા રહેવી. ખોટા અંશો જણાય તે પ્રામાણિકતાથી કાઢી પણ નાખવા. આપણું હૃદય ખુલ્લું રાખીએ ને મન-બુદ્ધિ સમ્યક રાખીએ તો 'વસુધૈવ કુટુમ્બકમ્'નો ભારતીય શાસ્ત્ર-આદર્શ જાળવી શકીશું ને સંવર્ધિત કરી શકીશું.

ભારતીય સંસ્કૃતિએ દુનિયાને શું આપ્યું ?

જ્યારે કોઈ દેશ પરાધીન બને ત્યારે બે વાત બને :

(૧) મોટા ભાગે તે દેશના લોકો બિલકુલ દબાઈ જાય ને ચૂંકે ચાં ન કરે.

(૨) વિદ્રોહનો ઝંડો ઊંચકી લે ને ક્યાંક કોઈ રીતે બળવો કરી બેસે.

ભારતમાં અંગ્રેજોએ સામ્રાજ્ય સ્થાપ્યું ત્યારે આ બન્નેમાંથી કંઈ ન થયું. પણ એક ત્રીજી જ પ્રક્રિયા ઊભી થઈ. આ ગુલામીકાળમાં જે મહાપુરુષો પેદા થયા એમણે આત્મસંશોધન શરૂ કર્યું અને આત્મને ઢંઢોળીને પ્રશ્ન કર્યો કે આટલી મોટી સંસ્કૃતિવાળો વિશાળ દેશ પરાધીન થયો તો તેનાં કારણો કયાં? આપણી અંદરના દોષ ને ન્યૂનતાનું નિરીક્ષણ-પરીક્ષણ-સમીક્ષણ-સંશોધન અને અંતે નિરાકરણ થવું જોઈએ એમ વિચારી આત્મશુદ્ધિ શરૂ થઈ. આ ભારતનું આધ્યાત્મિક અને આંતરિક મનોમંથન હતું.

પહેલા પ્રવક્તા રાજા રામમોહન રાયે પ્રશ્ન કર્યો ? કેમ નિદ્રામાં પડ્યા છો? ધર્મમાં કેટલી જડતા પેસી ગઈ છે? ઉપનિષદનો ધર્મ ક્યાં? ધર્મમાં ને સમાજમાં સુધારા કરવા પડશે? એમણે સતી પ્રથાને પડકારીને ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને ઉચ્ચ સ્થાન આપી 'મહિલા' શબ્દ પ્રયોજ્યો. મહિલા એટલે સ્ત્રી તો ખરી જ પણ મહિલા એટલે મહાન. મહારાષ્ટ્રમાં ન્યાયમૂર્તિ રાનડે થયા ને તેમણે કહ્યું કે ભારત પરાધીન થયો એ દૈવી વિધાન છે. સોનું તપશે તો શુદ્ધ થઈને બહાર આવશે. બધી સંસ્કૃતિનો સંગમ થશે અને ભારતને તેનું સુફળ મળશે! મહર્ષિ અરવિંદ તો આખી પશ્ચિમી સંસ્કૃતિને પી ગયા. કેટકેટલા વિષયોમાં પ્રવીણ થઈને ઉપનિષદોનું અધ્યયન કર્યું, વેદ અને ગીતા પર ભાષ્ય લખ્યું અને યોગનું નૂતન શાસ્ત્ર દુનિયાને આપ્યું. અહીં બે સંસ્કૃતિઓનાં સંગમથી પરિપક્વ ફળ નિર્માણ થયું. આ જ કાળમાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક, રવીન્દ્રનાથ ઠાકુર, મહાત્મા ગાંધી જેવા ઉચ્ચ કોટિના સ્વતંત્ર વિચારકોએ ભારતને સમૃદ્ધ કર્યું.

સર્વધર્મ-સમન્વયનો શાબ્દિક નહીં, પણ અનુભવાત્મક વિચાર સ્વામી રામકૃષ્ણ પરમહંસે જગતને આપ્યો. જુદા જુદા ધર્મોની જે ઉપાસનાઓ છે, તે બધીનો અત્યંત તટસ્થ બુદ્ધિથી પૂર્ણ પ્રેમભાવથી સ્વાનુભવ કરીને એનાં મૂળ સુધી પહોંચીને રામકૃષ્ણ પરમહંસે જાહેર કર્યું કે, 'મૂળમાં એકત્વ છે, એકતા છે, અદ્વૈત છે.' એમણે જગતને સંદેશ આપ્યો

કે 'દુનિયામાં જેટલાયે ધર્મો છે, તે બધા એક જ પરમેશ્વર તરફ લઈ જનારા જુદા જુદા માર્ગ છે, એટલે એમની વચ્ચે કોઈ વિરોધ નથી. રસ્તા અનેક છે પણ ગંતવ્ય તો એક જ છે.' મહર્ષિ અરવિંદે કહ્યું કે : 'સમસ્ત માનવ-સમાજ મનથી ઉપર ઊઠવાની કોશિષ કરે અને એવી કોશિષ થશે તો જ માનવજાતનો ઉદ્ધાર થશે!' આ સમયમાં જ ગાંધીજીએ 'સત્યાગ્રહ'ના ઉપાયની એક નવી શક્તિનો પ્રાદુર્ભાવ કરાવ્યો. ભારતની વિશ્વને ચોથી દેણ તે કરુણામૂલક સામ્યની વાત. ભારતે વિશ્વનું ધ્યાન દોર્યું કે સામ્ય કરુણામૂલક હશે, તો જ સામ્યયોગ થશે!

અહિંસાની શક્તિથી અનોખી રીતે ભારતે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી. સ્વરાજ્ય પછી આર્થિક આઝાદી, ગરીબી નિવારણ, સમતાની સ્થાપના અને તે પણ અહિંસાના માર્ગે! ભૂદાનયજ્ઞ દ્વારા ભારતીય સંસ્કૃતિનું વિશેષ દર્શન વિશ્વને મળ્યું. ભક્તિ અને વેદાંત સાથે ભક્તિ હતી પણ સેવા જોડાયેલ ન હતી. રામકૃષ્ણ મિશને અદ્વૈત વિચાર સાથે માનવસેવાને જોડી આપી. સેવામાં કરુણા અને અદ્વૈતમાં અહિંસા, બુદ્ધ અને મહાવીર અહીં સાથે ભળ્યા! ભારતીય સંસ્કૃતિની દુનિયાને કેટકેટલી દેણ! એમ કહીએ કે વિશ્વને સુગ્રથિત, સુચારુ, સુસ્પષ્ટ સંસ્કૃતિ માર્ગ ભારતખંડે ચીંધ્યો!

**મહર્ષિ અરવિંદે કહ્યું કે : 'સમસ્ત માનવ-સમાજ મનથી ઉપર ઊઠવાની કોશિષ કરે અને એવી કોશિષ થશે તો જ માનવજાતનો ઉદ્ધાર થશે!' આ સમયમાં જ ગાંધીજીએ 'સત્યાગ્રહ'ના ઉપાયની એક નવી શક્તિનો પ્રાદુર્ભાવ કરાવ્યો**


**માનવોનો મહાસાગર આપણો વૈભવ :**

સૃષ્ટિમાં જે વિવિધતા છે તે ભેદ નથી, તે તો સૌંદર્ય છે, વૈભવ છે. આ વિવિધતાને કારણે એકત્વ દૃઢ અને રુચિકર બને છે સમુદ્રને જોતાં ક્યારેય માણસ ઊબકી ઊઠે છે? ના રે, કારણ તેનામાં વિવિધતા છે, નિત્યનૂતનતા છે. આ વૈદિક ભારતભૂમિમાં વેદકાળથી જ અનેક પ્રવૃત્તિઓ, પ્રકૃતિઓ, ધર્મો, ભાષાઓ વગેરેનો સમન્વય થયો છે. આ ભૂમિના વિચારવાન અને જ્ઞાની લોકોએ ક્યારેય પોતાના-પરાયાનો ભેદ નથી રાખ્યો. આપણી ભારતભૂમિ સમસ્ત પૃથ્વીનું એક દર્શન છે. 'ભારત' એટલે સહુ કોઈનું ભરણ કરનારો. ભારતની દરેક વાતની પાછળ વૈદિક પૃષ્ઠભૂમિ છે, કેમ કે તેમાંથી જ આખી ભારતીય સંસ્કૃતિ નિર્માણ થઈ છે.

આ ભારતભૂમિ પ્રેમની અને સમન્વયની ભૂમિ છે. બધી જમાતોને આપણે સ્થાન જ નથી આપ્યું બલ્કે પ્રેમથી નોતરી છે, આવકારી છે. વિનોબાજી કહે છે કે : દુનિયાભરની માધુરીનું સંમેલન અહીં થયું છે અને તેને લીધે જ દુનિયા આખી ભારત પાસે આશા રાખે છે. સહુને સમાવી લેવામાં, આત્મસાત કરવામાં, સહુનું સામંજસ્ય કરવામાં બહુરસતાનો આનંદ મળે છે અને એકરસતાની શક્તિ પણ. અહીં ભિન્ન ભિન્ન પ્રદેશના લોકો આવ્યા, ભિન્ન ભિન્ન સંસ્કાર લઈને આવ્યા. એમની સાથે લડવા-ઝઘડવાને બદલે ભારતે કોઈને કોઈ રીતે એમની વ્યવસ્થા કરી. ખીચડી બની પણ એકરસ ખીચડી બની અને તેને વધુ એકરસ કરવાની ને આત્મસાત્ કરવાની પ્રક્રિયા સતત ચાલતી રહી. આજે હવે આપણે આજના જમાનાને અનુરૂપ જાતિભેદને સમૂળગો નિર્મૂળ કરવાનો છે. પૂર્વજોના કામને વીંખી નથી નાખવાનું પણ આગળ વધારવાનું છે. આપણે એ ભૂલવાનું નથી કે અનેકાનેક સંસ્કૃતિઓને પચાવતાં-પચાવતાં આપણી આ ભારતીય સંસ્કૃતિ પાંગરી છે. તાત્ત્વિક વિચારભેદ અને પાર વિનાના આચારભેદ સહન કરી લેવાની મહાન શક્તિ આપણી સંસ્કૃતિએ દાખવી છે. સમન્વયના તત્ત્વને લઈને તો કન્યાકુમારીથી કાશ્મીર સુધી આખા દેશમાં એક સભ્યતાને એક ભાવના વ્યાપી છે.

અનેક ધર્મો, પંથો, જાતિઓ આપણો વૈભવ છે. રવીન્દ્રનાથ ઠાકુરે આને 'માનવોનો એક મહાસાગર' કહ્યો! સંગીતના સાત સૂરોની જે કળા છે તે સમન્વયની પ્રક્રિયામાં છે. આ સમન્વયની પ્રક્રિયા હવે વિશાળ ફલક ઉપર સાધવાની છે. માણસ માટે સાચો ધર્મ તો એ જ છે કે બધા હળી-મળીને સાથે રહે, બધાનાં હૃદય એક બને, માણસની માણસાઈનો વિકાસ થતો રહે. પરંતુ દુર્ભાગ્યે આજે આથી વિપરિત થઈ રહ્યું છે. ધર્મ આજે માણસને જોડવાને બદલે તોડી રહ્યો છે, પરસ્પર પ્રેમ વધારવાને બદલે દ્વેષ વધારી રહ્યો છે ને માણસોને ટુકડાઓમાં વહેંચી રહ્યો છે. ધર્મના નામે આપણે ખૂલતા નથી, પણ સંકુચિત થતા જઈએ છીએ. ધર્મથી તો માણસનું દિલ વિશાળ થવું જોઈએ, સંકીર્ણ નહીં. ભારતીય સંસ્કૃતિ તો બધા જ ધર્મોનો સાચા સ્વરૂપમાં સ્વીકાર કરીને સમન્વય કરતાં શીખવે છે.

*'પ્રેમ મંદિર', નર્મદા પાર્ક-૪,*
*અમીન માર્ગ, કાલાવડ રોડ પાસે,*
*રાજકોટ-૩૬૦૦૦૧.*



# આદિવાસી સમાજનું વર્ષા લોકશાસ્ત્ર

- ડૉ. ભગવાનદાસ પટેલ

### જંગલ આધારિત લોકજીવન

ઉત્તર ગુજરાતના દાંતા તાલુકા અને ખેડબ્રહ્મા તાલુકાના અરવલ્લી પહાડી પ્રદેશમાં વસતા આદિવાસીઓ એક સદી પહેલાં પદ્ધતિસરની ખેતી કરતા નહોતા ત્યારે એમના માટે જંગલ એ જીવન હતું. 'વાલરું' (વૃક્ષો કાપીને જમીનને સમથળ કરીને કરવામાં આવતી ખેતી) અને 'પરવર' (પર્વત પર પગથિયાં કરીને કરવામાં આવતી ખેતી) પ્રકારની વર્ષા આધારિત પરંપરિત સાદી ખેતી કરીને બંટી, કોદરા, માલ જેવાં હલકાં ધાન્ય પકવતા. ઉપરાંત જંગલમાંથી જીવન જરૂરિયાતોની ખાદ્યચીજો-જેવી કે જંગલી ધાન્યો, ફળો, કંદમૂળ, ભાજી-પાલો વગેરે મેળવીને જીવન ચલાવતા હતા. આ સમયે પ્રકૃતિ સાથે એમનું જીવન ઓતપ્રોત હતું.

**આ ઉપરાંત 'વાઝકાંદો', 'ખીલુરો', મૂસળી, પોયણાંના મૂળની ગાંઠો (આ ગાંઠોને લોટ કહે છે) વગેરે કંદમૂળ બાફીને ખાય છે. વાઝકાંદો એ આ વિસ્તારનું એક વિશિષ્ટ પ્રકારનું કંદમૂળ છે**

વેરૂકૂરી, જેંથરાળી, બંટ્ટી, અથરોટી, ખાહરફેડું વગેરે જંગલી ધાન્યો ચોમાસામાં પાકે ત્યારે લાકડીની મદદથી વાંસની હાથથી ગૂંથેલી ટોપલીમાં ઝાપટીને એકઠાં કરવામાં આવતાં હતાં. આ જંગલી ધાન્યોને પથ્થરના ઘડ્યા વિનાના ખલમાં કૂટીને રાબ કે રોટલા બનાવીને ખાવામાં આવતું હતું. હવે રાજસ્થાનનાં ગાઢ જંગલો સિવાય આ વિસ્તારમાં જંગલો રહ્યાં ન હોવાના લીધે અન્ન એકઠું કરીને ખાવાની જીવનરીતિ અસ્તિત્વમાં રહી નથી.

અત્યારે આ વિસ્તારમાં વરસાદ પડવાથી ઊગી નીકળતાં 'કુંવારિયા', મૂસળી, 'હાટ્ટી'(સાટોડી), 'લાંબરું,', 'કૂબો', 'બોકંદું' 'ઢેંબરો', 'તાંદળજો' વગેરે છોડની ભાજી છાશમાં બાફીને ખાવામાં આવે છે. ચોમાસામાં વાડો અને ઝાડો પર ચડતાં કારેલાં, કંકોડા, 'ડાંગરાં' (વન્ય ચીભડાં) વગેરે જંગલી વેલાનાં ફળોનું શાક પણ ખાવામાં આવે છે.

આ ઉપરાંત 'વાઝકાંદો', 'ખીલુરો', મૂસળી, પોયણાંના મૂળની ગાંઠો (આ ગાંઠોને લોટ કહે છે) વગેરે કંદમૂળ બાફીને ખાય છે. વાઝકાંદો એ આ વિસ્તારનું એક વિશિષ્ટ પ્રકારનું કંદમૂળ છે. આ કંદમૂળ કડવું હોવાથી તેને બાફીને નાની નાની ચીરીઓ કરીને ધોધમાં ધોઈ કડવાશ દૂર કરીને ખાય છે. આ લોકવિદ્યા એમને પરંપરામાંથી પ્રાપ્ત થઈ છે.

આમ આરંભે જંગલ આધારિત જીવન હોવાથી અને જીવનયાપન વર્ષા પર જ ચાલતું હોવાથી આદિવાસી સમાજમાં વર્ષા વિષેની આગવી પરંપરિત લોકવિદ્યા વિકસી છે. વરસાદ આ વર્ષે આવશે કે નહીં, આવશે તો ક્યારે-કેટલો આવશે વગેરે જાણવાનું વર્ષા લોકશાસ્ત્ર કે વર્ષા લોકવિજ્ઞાન વિકસ્યું છે. અહીં આપણે આ પરંપરિત વર્ષાશાસ્ત્રની ચર્ચા કરીએ છીએ.

### આદિવાસી સમાજનું વર્ષા લોકશાસ્ત્ર

આદિવાસી સમાજમાં વર્ષા વિષે અનેક લોકમાન્યતાઓ પ્રચલિત છે. આ માન્યતાઓ અનેક વર્ષોનાં નિરીક્ષણો અને અનુભવો પછી રૂઢ થઈને મૌખિક વર્ષા લોકશાસ્ત્ર બન્યું છે. ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાના આદિવાસીઓ વરસાદને 'મેહ' અથવા 'એંદર' (ઈન્દ્ર) તરીકે ઓળખે છે. ચોમાસાની ઋતુમાં ઈશાનકોણમાં ફૂલ જેવાં વાદળો નીકળે તેને 'આપકાંટો' )આભ-વાદળ કાઢ્યાં) એમ કહે છે. આ વાદળોની સાથે ઈશાનમાં વીજળી થાય તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ (એંદર) વરસે એમ માનવામાં આવે છે. જો તેતરવર્ણી વાદળી કે જેને તેઓ 'કાબર' કહે છે, પૂર્વથી પશ્ચિમમાં કે ઉત્તરથી દક્ષિણમાં જાય તો પણ ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ વરસે એવી લોકમાન્યતા છે.

સામાન્ય રીતે આસો અને કારતક માસમાં આછી સફેદ વાદળી નીકળે તેને 'ગરપ'(ગર્ભ કહે છે. આ વાદળીનો રંગ આછો સફેદ હોય છે. આ ગરપ મૌખિક રીતે ગર્ભ જાણનાર ગર્ભી નોંધે છે- આ નોંધના આધારે વર્ષમાં વર્ષા ક્યારે વરસશે તે નક્કી કરે છે. ગરપ(ગર્ભ) પાકે તો વરસાદ આવે અને બળી જાય તો વરસાદ ન આવે એવી લોકમાન્યતા છે. ગર્ભ જોવા માટે નદી કે વહેળામાં પાણીના સ્થિર વહેણનું નિશાન કરી એક ખીંટી મારી પાણીનું નિરીક્ષણ કરવામાં આવે છે. જો ગર્ભ નીકળવાથી પાણી ચડે અને ખીંટીના નિશાનથી આગળ વધે તો ગર્ભ પાક્યા અને નિશ્ચિત સમયે વરસાદ વરસશે એમ માનવામાં આવે છે. જો ગર્ભ નીકળવાની સાથે પાણી ખીંટીના નિશાનથી નીચે ઊતરી જાય તો ગર્ભ બળી ગયા અને વર્ષા નહીં વરસે એમ માને છે. ગર્ભ નીકળીને માવઠું (કમોસમી વરસાદ) થાય તો ગર્ભ વરસી ગયા અને નિશ્ચિત સમયે વરસાદ નહીં આવે એવી લોકમાન્યતા છે. આ સમય દરમિયાન ગ્રહણ થાય તો ગર્ભ બળી જાય એમ માને છે. 'ગરપ' જોનાર વ્યક્તિને 'ગરપી' કહે છે

આસો અને કારતક માસમાં 'ધરોળ' પડે (ધરતીકંપ થવાના લીધે ધરતી ધ્રૂજે) તો વરસ સારું જાય. ધનતેરશના

દિવસે તળાવમાં નવડાવેલી ગાયોમાંથી સૌથી પહેલાં સફેદ ગાય નીકળે તો આવતું વર્ષ સારું જાય. કાળી ગાય નીકળે તો કાળ પડે. ઉત્તરાયણના દિવસે પકડીને ઉડાડેલી 'ડુસકી'(દેવચકલી) લીલા ઝાડ પર બેસે તો વરસાદ વરસે જ, એમ માને છે.

ખેડબ્રહ્મા-દાંતા તાલુકાના આદિવાસીઓ ભાદરવા માસના કોઈપણ રવિવારની રાતે ધૂળાના પાટ (મહામાર્ગી પાટ)નું ધાર્મિક અનુષ્ઠાન કરે છે. આ અનુષ્ઠાનના એક અઠવાડિયા પહેલાં એક માટીના પાત્રમાં અનાજના જવારા વાવે છે. એને લીલી વાડી કહે છે. (આશરે પાંત્રીસ વર્ષ પહેલાં ખેડબ્રહ્મા તાલુકાના બોરડી ગામના વતની નાનજીભાઈ ખાંટ ધૂળાના પાટના પવિત્ર ધાર્મિક અનુષ્ઠાનના એક સપ્તાહ પહેલાં ધાર્મિક વિધિ-વિધાન કરી પોતાની છાતી પર અનાજના જવારા વાવતા હતા. રવિવાર સવારે સૂર્યનાં ઊગતાં કિરણોમાં અનુષ્ઠાન પૂર્ણ થયા પછી વર્ષનો વરતારો જુએ છે. જો જવારા સુકાઈ ગયેલા હોય તો દુષ્કાળ પડશે, અડધા સુકાયેલા હોય તો વર્ષ મધ્યમ રહેશે અને હર્યાભર્યા લીલા હોય તો વર્ષ સારું જશે, એમ માનવામાં આવે છે.

**'બાબા-બાબી'નો વેશ કાઢી વરસાદ માંગવો**

જો વરસાદ સમયસર ન આવે અથવા આવ્યા પછી ખેંચાય તો 'બાબા-બાબી'નો વેશ કાઢે છે. તરુણ તરુણીઓ 'બાબા-બાબી'નો વેશ કાઢે છે. રાતના સમયે હાથમાં પાણીથી ભરેલા તુંબડાં લઈને 'એંદરરાઝા')ઈન્દ્રરાજા)ને નમસ્કાર કરી મેઘ માંગવા નીકળે છે. ઘેર ઘેર ફરી નળિયાં પર તુંબડાનું પાણી રેડી નેવાં વરસાવે છે. નેવાં વરસે છે ત્યારે 'એંદર આવો, મેહ આવો' એમ જોરજોરથી બોલી આનંદની કિકિયારિયો (રિવરિયો) કરે છે અને ઘેરઘેરથી મકાઈ માગે છે. આદિવાસી રામાયણ 'રોમ-સિતમાની વારતા'ની પ્રથમ પાંખડી એંદરનં ગોતમ રખી (ઈન્દ્ર અને ગૌતમઋષિ)માં ઈન્દ્ર ('એંદર')શબ્દ 'મેઘ'ના અર્થમાં પ્રયોજાયો છે. વેદોમાં પણ ઈન્દ્રનો એક અર્થ 'ગર્જના સહિત વરસાદ રૂપે પૃથ્વી પર આવનાર' થાય છે. (ભગવદ્ગોમંડળ).

પૂરા ગામમાં ફર્યા પછી વહેલી સવારે નદી, વહેળા કે કોઈ જળાશયના કિનારે જઈને મકાઈની ઘૂઘરી વહેંચતાં વહેંચતાં તો વરસાદ વરસશે, એમ માને છે.

**વરસાદ બાંધવો**

'બાબા-બાબી'નો વેશ કાઢીને મેઘ માગ્યા છતાં વરસાદ ન વરસે અને વધુ ખેંચાય તો કોઈએ વરસાદ બાંધ્યો છે એમ આ વિસ્તારના આદિવાસીઓ દઢપણે માને છે. આ વરસાદ કોઈ ખાધે-પીધે સુખી માણસ જ બાંધી શકે છે તેમ પણ માને છે. તેમની લોકમાન્યતા પ્રમાણે વરસાદ બાંધવા માટે આ સુખી માણસ ખાસ પ્રકારની વિધિ કરે છે. આ માટે તે પ્રજાપતિના ઘેરથી બાર કોરા ઘડા લાવે છે. ત્યાર પછી બારની સંખ્યામાં આકડાનાં પાન, ડાભ(દર્ભ)ની ગૂંછળીઓ, દેડકાં, માછલીઓ વગેરે વસ્તુઓ એકઠી કરે છે. વરસાદ બાંધવાની વિધિ તેણે અગાઉથી વિચારી રાખી હોવાથી જ્યારે વરસાદ આવે છે ત્યારે ઘરનાં નેવાંનું પાણી બાર ઘડામાં ભરી લે છે. આ દરેક ઘડામાં ભેગી કરેલી પ્રત્યેક વસ્તુ નાખે છે. આ પછી દરેકના મુખ પર એક એક કપડું બાંધીને દરેક ઘડાની ઉપર એકએક આકડાનું પાન મૂકી ઘર વચ્ચે મોટો ખાડો ખોદી આ ઘડા દાટી દે છે. આ ઘડાની ઉપર મધ્યમાં એક ઘંટી મૂકે છે. જેવું આકાશમાં વરસવા વાદળ નીકળે છે કે તરત જ આ પથ્થરની ઘંટી ફેરવે છે. આથી વાદળ દળાઈને વિખરાઈ જાય છે અને વરસાદ વરસતો નથી. માટે વરસાદ વરસાવવો હોય તો જેને વરસાદ બાંધ્યો હોય તેના ઘરમાં સામૂહિક રીતે પ્રવેશીને જમીન ખોદી કાઢીને આ ઘડાનો નાશ કરવો જોઈએ. જેથી વરસાદ છૂટો થાય અને વરસે એવી એમની લોકમાન્યતા છે.

એમની આ લોકમાન્યતામાંથી જેનો આ પહેલાં પણ ઉલ્લેખ કર્યો છે એ મારા દ્વારા સંપાદિત આદિવાસી લોકમહાકાવ્ય રોમ-સીતમાની વારતાની પ્રથમ પાંખડી(પ્રસંગ-ઘટના) એંદર નં ગોતમ રખી(ઈન્દ્ર અને ગૌતમઋષિ) આવિર્ભાવ પામી છે. ગૌતમ અને ઈન્દ્ર વચ્ચે દ્વન્દ્વયુદ્ધ થાય છે. ગૌતમ ઈન્દ્રને મારી-મચરડીને એક હરણનાં શિંગડામાં પૂરી દે છે અને ચાર પગ અવળાં ફેરવી દે છે. હરણના જવાની વિરુદ્ધ દિશામાં પગલાં પડતાં હોવાથી કોઈ તેને શોધી શકતું નથી. આથી ૧૨ વર્ષ સુધી પૃથ્વી પર દુષ્કાળ પડે છે. મનુષ્યો અન્ન-પાણી અને દેવો હોમ વિના મરવા પડે છે. અંતે ભગવાન પૃથ્વી પર આવે છે. ગૌતમને મનાવીને ઈન્દ્રને હરણનાં શિંગડામાંથી મુક્ત કરે છે અને પૃથ્વી પર વરસાદ(એંદર) વરસે છે. (વધુ વિગત માટે જુઓ રોમ-સીતમાની વારતા, સંપાદક : ડૉ. ભગવાનદાસ પટેલ પ્રથમ-દ્વિતીય અને તૃતીય સંવર્ધિત આવૃત્તિ : ૧૯૯૫-૨૦૧૧-૨૦૨૦)

આ આદિવાસી વર્ષા લોકશાસ્ત્ર અનેક વર્ષોના અનુભવોના આધારે પરંપરા બનીને વિકસ્યું છે.

*૩૦૪, મિથિલા, વિજયાબેંકની ઉપર,*
*જજિઝ બંગલા ચાર રસ્તા,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૪૨૮૧૦૯૫૭૯*

# સૌરાષ્ટ્રના રાજવીઓ : જસદણ

*- યાસીન દલાલ*

જસદણ ભૌગોલિક રીતે ગુજરાત રાજ્યમાં આવેલું છે. ગુજરાતના ''ગુર્જર રાષ્ટ્ર'' ઉપરથી પડ્યું હોય તેમ મનાય છે. તેનો અર્થ ગુર્જર લોકોનો દેશ એવું થાય છે. દસમી સદીમાં આ પ્રદેશ લાટ તરીકે ઓળખાતો. ગુર્જરોનો વસવાટ તેઓના મૂળ રાજ્યની દક્ષિણ તરફ વધતો ગયો અને લાટ સહિતના પ્રાંતો તેઓને તાબે થયા. ત્યારથી તે પ્રદેશને ગુર્જર દેશ તરીકે ઓળખવામાં આવ્યો. ગુજરાતનો એક મહત્ત્વનો ભાગ સૌરાષ્ટ્ર, જસદણ સૌરાષ્ટ્રમાં જ આવેલું છે. સૌરાષ્ટ્ર શબ્દનો ઉલ્લેખ છઠ્ઠી સદીમાં લખાયેલા પાણિનિના વ્યાકરણમાં પણ થયેલો છે. કૌટિલ્યના ''અર્થશાસ્ત્રમાં સૌરાષ્ટ્રને એક ગણતંત્ર ગણવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર ઉપર માલિકી મેળવવા અનેક વંશોએ પ્રયત્ન કર્યો છે. ઈ.સ. પૂર્વે ૩૧૯માં ચંદ્રગુપ્તે સૌરાષ્ટ્રને પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યું. તે પછી શક, છત્રયો અને ગુપ્ત વંશના કંદ ગુપ્તે જુનાગઢમાં શિલાલેખ કોતરાવ્યા હતા. સૌરાષ્ટ્રનું નામ ધીમે ધીમે સોરઠ થઈ ગયું. એક હજારથી પણ વિશેષ વર્ષના ગાળામાં સૌરાષ્ટ્રનો પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી જ નહીં પણ ગ્રીસ, ઈરાન અને મધ્ય એશિયામાંથી પણ આ સમયમાં ધર્મો વિકસ્યા અને એકબીજા સાથે સાંસ્કૃતિક આદાનપ્રદાન કર્યું. પાંચમી સદીમાં વલ્લભીપુરનું સામ્રાજ્ય સ્થપાયું અને ત્યાં પરદેશીઓ આવતા થયા. નવમી સદીમાં સિંધમાંથી ચૂડાસમા, રાજપૂતો અને ઝાલા, પરમાર, જાડેજા અને કાઠીઓ આવ્યા અને વસી ગયા. ૧૮મી સદીમાં પેશવા અને ગાયકવાડનું લશ્કર સૌરાષ્ટ્રમાં ફરી વળ્યું અને તેમાંથી પણ ઘણા સૈનિકો અને રાજપુરુષો અહીં જ વસી ગયા. ઉથલપાથલ અને અસ્થિરતાના સમયમાં સૌરાષ્ટ્રમાં માળવામાંથી શ્રીમાળી, ઓસવાલ તથા શ્રીગોડ બ્રાહ્મણો આવ્યા. ઉત્તરમાંથી મોઢ બ્રાહ્મણો તેમજ ગુજરાતમાંથી ઔદિચ્ય બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા. ઈ.સ. ૪૮૦ આસપાસ નાગરો આવ્યા. ઉપરાંત લોહાણા, ભાટીયા તથા સોની અને કંસારા જેવા કારીગરો પણ અહીં વસી ગયા. પ્રાચીનકાળથી જ સૌરાષ્ટ્ર એક સમૃદ્ધ અને સભ્ય પ્રદેશ તરીકે જાણીતો છે. અહીં શોર્ય અને બહાદુરી દેખાય છે. સૌરાષ્ટ્ર નામ પડ્યું તેની પાછળ જુદી જુદી વાતો છે. કોઈ કહે છે કે સૂર રાષ્ટ્ર એટલે કે દેવોનો દેશ છે તો કોઈ એને સૂ રાષ્ટ્ર કહે છે. મુસ્લિમ શાસન દરમ્યાન તે સોરઠ તરીકે ઓળખાયું.

**પાંચાળમાં દ્રુપદ નગરી હતી. આઠમી સદીમાં ભારતના પાંચાળ પ્રદેશમાંથી ઊતરી આવેલા પ્રતિહારો (પઠિયારો) એ આ પ્રદેશનું નામ પાંચાળ પાડ્યું એમ કહેવાય છે. ૫મી સદીમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે ત્યારે ત્યાં મૌખરી વંશ રાજ કરતો હતો એમ કહેવાય છે**

૧૩ અને ૧૪ની સદીમાં કચ્છ રસ્તેથી કાઠી સરદારો અહીં આવ્યા અને સૌરાષ્ટ્રમાં મોટો વિસ્તાર જીતી લીધો. મરાઠાઓ અહીં આક્રમણ કરવા માંડ્યા ત્યારે એમને આ કાઠી સરદારો સામે લડવું પડયું. મરાઠાઓએ આ આખા પ્રદેશને 'કાઠે વાડ' નામ આપ્યું જે પછીથી ''કાઠિયાવાડ'' થઈ ગયું. સૌરાષ્ટ્રમાં ૨૨૨ નાનાં મોટાં દેશી રાજ્યો હતાં. તેમાનું જસદણ એક છે. આ રાજ્ય બીજા વર્ગનું દેશી રાજ્ય ગણાતું. હડપ્પન સંસ્કૃતિ જેટલું જ એ પ્રાચીન છે. અહીં ભાદર નદીના પટમાં તેમજ ઘણાં ગામોમાંથી હડપ્પન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આટકોટમાં લાખા ફુલાણીનો પાળિયો છે. જસદણની કાળુપીરની દરગાહમાં વિક્રમ સંવત ૧૨૯૬નો શિલાલેખ મળ્યો છે.

રાજકોટથી ભાવનગર તરફ જતાં ૪૮ કિલોમિટર દૂર આટકોટ ગામ આવેલું છે. આટકોટથી એક ફાંટો જસદણ તરફ જાય છે જે આશરે ૭ કિ.મિ. દૂર છે. સૌરાષ્ટ્રમાં આવેલા રજવાડાઓમાં જસદણનો પણ સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં પાંચાળ આવેલું છે. પાંચાળમાં દ્રુપદ નગરી હતી. આઠમી સદીમાં ભારતના પાંચાળ પ્રદેશમાંથી ઊતરી આવેલા પ્રતિહારો (પઠિયારો)એ આ પ્રદેશનું નામ પાંચાળ પાડ્યું એમ કહેવાય છે. ૫મી સદીમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે ત્યારે ત્યાં મૌખરી વંશ રાજ કરતો હતો એમ કહેવાય છે. ત્યારે પાંચાળનું કેન્દ્ર થાન હતું. જેનો એક છેડો વાંકાનેરના



જડેશ્વરને અને બીજો છેડો જસદણના ઘેલા સોમનાથ સુધી ફેલાયેલો હતો. ૫મી સદીમાં થાનમાં કાઠીઓ આવેલા એ પાછા સ્થળાંતર કરી ગયેલા.

જસદણનો ઇતિહાસ ભારતના ઇતિહાસ જેટલો જ પ્રાચીન છે. દરેક ઐતિહાસિક યુગના અવશેષો જસદણમાંથી પ્રાપ્ત થયા છે. આથી જસદણનો ઇતિહાસ આશરે પાંચ હજાર વરસથી પણ વધુ પ્રાચીન ગણી શકાય. દેશમાં શરૂઆતના માણસોએ નદીકિનારે વસવાટ કરી સંસ્કૃતિ વિકસાવી. તે જ રીતે જસદણની સંસ્કૃતિ વિકસી છે. આમ માનવ સંસ્કૃતિના વિકાસમાં જસદણ એક મહત્ત્વના ભૌગોલિક સ્થાન તરીકે ઉપસેલું. પાષાણ યુગ, હડ્ડપન સંસ્કૃતિનો યુગ, મહાભારત યુગ, ક્ષત્રપ યુગ, ગુપ્ત યુગ, રાજપૂત યુગ તેમજ સલ્તનત યુગ દરમ્યાન જસદણ એક મહત્ત્વના રાજકીય કેન્દ્ર તરીકે વિકસ્યું. એ જ રીતે વૈદિક કાળ, બૌદ્ધ કાળ, મૌર્ય યુગ તેમજ મૈત્રક યુગ દરમિયાન તે સૌરાષ્ટ્રના એક અગત્યના પ્રદેશ તરીકે વિકસ્યું હતું. મોગલ યુગ દરમિયાન તે ખાચર દેશ ક્ષત્રિયોના તાબા નીચે આવ્યું અને આઝાદી સુધી એ જ રીતે રહ્યું.

**જસદણનો ઇતિહાસ ભારતના ઇતિહાસ જેટલો જ પ્રાચીન છે. દરેક ઐતિહાસિક યુગના અવશેષો જસદણમાંથી પ્રાપ્ત થયા છે. આથી જસદણનો ઇતિહાસ આશરે પાંચ હજાર વરસથી પણ વધુ પ્રાચીન ગણી શકાય**

અહીં આઠ નદીઓ આવેલી છે જેમાં ભાદર, બુંઢણપરી, કરમાળી, કરણુંકી, મચ્છુ, બેટી, ઘેલો અને કેરી નદીનો સમાવેશ થાય છે. અહીંની ખનીજ સંપત્તિમાં ચૂનાના પથ્થર અને સાદી રેતી મળી આવે છે. દેશભરમાં પ્રસિદ્ધ હિંગોળગઢનું જંગલ પણ અહીં જ છે.

જસદણ રાજ્યની સ્થાપના ૧૬૬૦માં લાખાણી વંશના કાઠી વિકા ખાચરે કરી હતી. ત્યારથી ૧૯૪૭માં છેલ્લા રાજવી આલા ખાચર સુધી આ રાજ્ય ખાચર કાઠીઓના



હાથમાં હતું. વચ્ચે થોડો સમય જસા ખુમાણ તથા જૂનાગઢના સૂબા અમીનખાન ઘોરી હસ્તક રહ્યું. આ રાજ્યનું કુળ ક્ષેત્રફળ ૩૫ હજાર ચો.કિ.મિ. છે. ઈ.સ. ૧૮૮૧માં તેની વસતી ૨૫ લાખ, ૧૯૪૧માં ૩૫ લાખ અને ૨૦૦૧માં એક કરોડની હતી. રાજકોટ જિલ્લો ત્રણ પ્રાંતના મહેસૂલી વિભાગમાં વહેંચાયેલો છે. જેમાં જસદણનો સમાવેશ રાજકોટ વિભાગમાં થયો છે. જસદણમાંથી સ્ટેટ હાઈવે નંબર એક વીંછિયા બાજુ જાય છે. ત્યારે ચોટિલા તરફ ધોરી માર્ગ નંબર ૧૧૯ પસાર થાય છે. જસદણથી શિવરાજપુરથી ગઢડા ધોરીમાર્ગ નંબર ૧૧૧૯ જાય છે. જસદણ તાલુકામાં નેશનલ હાઈવે નથી. જસદણથી બોટાદ નેરોગેજ રેલવે રાજાશાહીના વખતમાં હતી. જેની લંબાઈ ૩૬ માઈલ હતી. આઝાદી પછી આ રેલમાર્ગ બંધ થઈ ગયો છે.

જસદણની રચના સૌરાષ્ટ્રની રચના જેવી ઊંધી રકાબી આકારની છે. રકાબીની ટોચ ઉપર જસદણ આવેલું છે. અહીંની ઉત્તરે આણંદપુર ભાડલાની માંડવધારની ટેકરીઓ આવેલી છે. પશ્ચિમમાં ચિતલીયાના ડુંગર આવેલા છે. કનેસરા પાસે ડુંગરોની હારમાળા છે. જેમાં ઓઢા અને જામ હોથલ પદમણીની દંતકથા સાથે સંકળાયેલ હોથલિયો ડુંગર છે. અહીંની ઉત્તર સીમાએ અમદાવાદ જિલ્લાનો ધંધુકા તાલુકો તથા કાઠિયાવાડ એજન્સીના પાળીયાદ થાણાનાં ગામો આવેલાં હતાં. પૂર્વ સરહદે ભાવનગર અને પશ્ચિમ સરહદે નવાનગર સ્ટેટ તથા રાજકોટ સ્ટેટ અને ચોટિલા થાણાનાં ગામો આવેલાં છે. આ રાજ્યની હકુમત હેઠળ ૫૭ ગામ હતાં. જેમાં એહમદ પરનો ટીંબો સામેલ છે. બિનહકુમતી ગામની સંખ્યા ત્રણ હતી. જે બ્રિટિશ સરકાર હસ્તક અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલા નાના માત્રા, ગોરીયા અને સમઢીયાળા હતા. જસદણ રાજ્ય કાઠિયાવાડની નદીઓનું ઉદગમ સ્થાનનું મુખ્ય કેન્દ્ર છે. સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી ભાદર અહીંથી જ નીકળે છે. જસદણ એ ભાદર અને મચ્છુનું ત્રિવેણી મુળે હતું.

જસદણથી ૧૮ કિ.મિ. દૂર હિંગોળગઢ આવેલું છે. આ વન્ય પ્રાણીઓનું અભયારણ્ય છે. જાણીતા પક્ષીવિદ્ સલીમ અલી અહીં ઘણી વખત પંખી પકડવાની શિબિરો યોજતા. આ અભયારણ્યમાં સૂકાં પાનખર પ્રકારની કાંટાળી વનસ્પતિનાં વૃક્ષો આવેલાં છે. જેમાં ગોરડ, વિક્રો દેશી બાવળ અને ગૂંગળ વગેરેનો સમાવેશ થાય છે. આઝાદી પહેલાં આ અભયારણ્ય જસદણ સ્ટેટની માલિકીનું હતું.

શાહી કુટુંબ માટે શિકાર કરવાનું પણ એ સ્થળ હતું. અહીં દીપડા પણ જોવા મળતા. ૧૯૭૩માં ગુજરાત સરકારે આ વિસ્તારને સંપાદિત કરીને વનવિભાગને કબજો સોંપી આપ્યો હતો. ઈ.સ. ૧૯૮૦માં હિંગોળગઢ અભયારણ્ય તરીકે જાહેર થયું. એ પછી ત્યાં નિયમિત પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજાય છે. અહીં ચિંકારા, નીલગાય, શાહુડી, સસલાં વગેરે જોવા મળે છે. ઉપરાંત મોર, તેતર અને ટિટોડી પણ દેખાય છે. શિયાળામાં કુંજ ઉપરાંત બુલબુલ પણ ધ્યાન ખેંચે છે. સુગરીના લટકતા માળા પણ દેખાય છે. અહીં લોકડી અને શિયાળ તથા જંગલી બિલાડી પણ જોવા મળે છે. જુદી જુદી ૩૧૪ જાતની વનસ્પતિઓ અહીં દેખાય છે. ગુજરાતના ચાર ઝેરી સાપો પૈકી ત્રણ અહીં જોવા મળે છે. સૌથી વધુ ઝેરી સાપ કાળોતરો પણ અહીં દેખાય છે. ૨૨૯ જાતના પક્ષીઓ અહીં જોવા મળે છે.

અહીં જૂનાગઢના ગિરનારની અસરને લીધે વરસાદ ઓછો પડે છે. વાર્ષિક સરેરાશ ૪૦ થી ૭૦ સે.મી. નોંધાય છે. જસદણ નગર ફરતી ગઢની દીવાલ છે. મૂળ એ ઊંચા ટેકરા પર વસેલું છે. અહીં જૂના વિસ્તારોમાં પાંચ પરા, એક બજાર, કણબીવાડ, ભૂવા શેરી, રૂપારેલિયા શેરી, પાળિયાવાળી શેરી, સાંકડી શેરી, છત્રી બજાર વગેરે જૂના વિસ્તારો હતા. આજે રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકો આવ્યો છે અને એ તાલુકા મથક છે. આ તાલુકામાં જસદણ એ વીંછિયા એમ બે શહેરો ઉપરાંત એકસો જેટલાં ગામો છે. તાલુકાની દક્ષિણે અમરેલી જિલ્લો, પશ્ચિમે રાજકોટનું ગોંડલ, કોટડા સાંગાણી અને રાજકોટ તાલુકો, ઉત્તરે સુરેન્દ્રનગર જિલ્લો અને પૂર્વમાં ભાવનગર જિલ્લો આવેલો છે. ૧૯૯૧માં આ તાલુકાની વસતી એક લાખ અડસઠ હજાર એકવીસ હતી. ચોથા ભાગની વસતી હિંદુ છે. જૈન અને મુસ્લિમોની વસતી થોડીક છે. હિંદુઓમાં કાઠી કોમની વસતી વધારે છે. આઝાદી પૂર્વે જસદણ રાજ્યમાં ૧૯૧૫ થી એક મીડલ સ્કૂલ ધો. ૯ સુધીની હતી. જ્યારે વીંછિયાનાં અને બીજે ધો. ૭ સુધીની વર્નાક્યુલર સ્કૂલ હતી. પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૧ હતી. ૧૯૧૧ થી રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત કરવામાં આવ્યું. ૧૯૨૮ પછી માધ્યમિક શિક્ષણ પણ મફત થયું. જસદણ અને વીંછિયામાં અનેક ગ્રંથાલયો અને વાંચનાલયો હતાં. ૧૯૮૧માં શહેરી વસતીના ૧૫ ટકા લોકો ભણેલા હતા ત્યારે શહેરી વસતીના ૬૭ ટકા લોકો ભણેલા હતા.

**ઈ.સ. ૧૯૮૦માં હિંગોળગઢ અભયારણ્ય તરીકે જાહેર થયું. એ પછી ત્યાં નિયમિત પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજાય છે. અહીં ચિંકારા, નીલગાય, શાહુડી, સસલાં વગેરે જોવા મળે છે. ઉપરાંત મોર, તેતર અને ટિટોડી પણ દેખાય છે**

૧૮૦૧માં નવાનગરના જામસાહેબે જસદણ ઉપર ચડાઈ કરી. વાજસુરવાળા મોટા લશ્કરનો સામનો કરી શકે તેમ ન હોવાથી જસદણ છોડીને એણે ભાવનગરમાં આશ્રય લીધો. જામે જસદણમાં લૂંટફાટ કરીને થાણું બેસાડ્યું. જામ જસોજીના પુત્રના લગ્નપ્રસંગે આટકોટનો કિલ્લો આપી નજરાણું ધર્યું અને જસદણ એમને પાછું મળ્યું. ભાવનગર સામે ચિત્તડને મદદ કરવાથી ભાવનગરે જસદણનો કબજો લીધો. ૧૮૦૭માં કર્નલ વોકરે સૌરાષ્ટ્રના બધા રાજાઓની નિયમિત ખંડણી નક્કી કરી. લૂંટફાટ બંધ કરાવી. બ્રિટિશરોએ જસદણને થોડાં ગામ આપ્યાં અને ૪૦૦ ઘોડેસવારોના ખર્ચ પેટે રૂપિયા નવ હજાર આપ્યા. ઈ.સ. ૧૮૧૦માં તેમનું મૃત્યુ થતાં ચેલા ખાચર ગાદીએ આવ્યા. ૧૮૨૦માં રાજકોટમાં એજન્સી સ્થપાતા તે રાજકોટ એજન્સી નીચે મુકાયું. ૧૯૩૧ અને ૪૧માં જસદણ વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી નીચે હતું. ૧૯૪૩માં નાનાં રાજ્યો અને તાલુકાઓને નજીકનાં રાજ્યો સાથે જોડી દેવાયા. જસદણને ભાવનગર રાજ્ય સાથે જોડવામાં આવ્યું. ૪૮માં સૌરાષ્ટ્રનું એકીકરણ થતાં જસદણ મધ્ય સૌરાષ્ટ્ર જિલ્લાનો અને ૫૬ પછી રાજકોટ જિલ્લાનો તાલુકો બન્યો.

ઈ.સ. ૮૭૫થી ૧૪૭૨ સુધીનો સમય સૌરાષ્ટ્રના ઇતિહાસમાં 'રાજપૂત યુગ' તરીકે ઓળખાય છે. અમદાવાદના સ્થાપક અહમદ શાહ પહેલાએ અને મહંમદ બેગડાએ આક્રમણ કરીને જૂનાગઢ જીતી લીધું ત્યારે તેમના લશ્કરે જસદણ પ્રદેશમાં કૂચ કરી હોય એવી શક્યતા છે. ૧૭૫૩માં ગુજરાતમાં મરાઠા શાસન સ્થપાયું. મોગલ સમ્રાટે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ વિભાગને ખાલસા જાગીર બનાવી હતી ને જાગીર સોરઠ સરકાર તરીકે




Arrival of the barat Shri Shivrajsinhji of Jasdan in two chartered planes at Rajkot to Puna 1952.

ઓળખાણી. સૌરાષ્ટ્રમાં આવેલા મોગલ ફોજદારના વહીવટ હેઠળના સોરઠ સરકારને મહેસૂલ આપનાર કુલ ૬૦ એકમો હતા, જેમાંથી એક એકમ જસદણનું હતું. ૬૦ વરસ સુધી મરાઠાઓ ગુજરાતમાં સર્વોપરી શાસક બની રહ્યા. મોગલોની જેમ તેઓ પણ ખંડણી ઉઘરાવતા હતા. મોગલ સત્તાના પતન પહેલાના સમયગાળામાં કાઠી વંશના રાજ્યોની સ્થાપના થઈ. સરધારના મેરામણજી બીજાએ જૂનાગઢના નાયબ ફોજદારના તાબા હેઠળનો કેટલોક પ્રદેશ જીતી લીધો. જેની જાણ મોગલ સમ્રાટને થતાં, તેણે જૂનાગઢના નાયબ ફોજદાર માસૂમખાનને પોતાનો પ્રદેશ જીતી દેવા આદેશ આપ્યો. માસૂમખાનને એક મોટા લશ્કર સાથે આક્રમણ કરી આણંદપર, ભાડલા તથા જસદણ પ્રદેશો જીતી લીધા.

જસદણથી સાત કિ.મિ. દૂર ગઢા ગામ પાસેથી પ્રાપ્ત થયેલ રુદ્રસિંહ પહેલાના પૂરોગામીઓના બિરૂદ સાથેની વંશાવલી આપી છે. આમાં આવતા ચષ્ટન રાજાના નામ પરથી જસદણ નામ પડ્યું હોય એમ જણાય છે. જસદણને બીજી ત્રીજી સદી જેટલું પ્રાચીન માનવું જોઈએ. ચષ્ટન એક પરાક્રમી રાજા હતો. સત્રપોથી ઊઘડી ગયેલી સત્તાને પુનઃસ્થાપના કરવા માટે તે લડ્યો અને પ્રદેશો પરત મેળવ્યા. તેણે માળવા જીતી ઉજ્જૈનમાં રાજધાની સ્થાપી હતી. તેણે ગુજરાત ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્ર પણ જીતી લીધા.

**કાઠી જાતિની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે. અંગ્રેજો અને વિદેશી જાતિ તરીકે ઓળખાવે છે. પણ પ્રા. પ્રદ્યુમન ખાચર લખે છે કે કાઠીઓનું મૂળ વિદેશી નથી અને તેઓ શક અથવા હૂણના વંશજો નથી. પણ ભારતના જ છે**

બીજો મત એવો છે કે ઈતિહાસ વિદ્ આચાર્ય વલ્લભજી હરિદત્તના માટે યશોધન નામના સજ્જને જસદણ વસાવ્યું હતું, અને તેના નામ પરથી જસદણ નામ પડ્યું હતું. ત્રીજા મત પ્રમાણે હાલના જસદણને કુંભાર આગેવાને વસાવ્યું હતું અને એ પોતાના માણસો સાથે અહીં વસ્યા અને એમના



Wedding ceremony of Yuvraj Shri Shivrajsinhji of Jasdan. Seen in the picture is H.H. Shri Pratapsinhji Gayakwad of Baroda, at Pune 1952.

નામ જસા પરથી જસદણ નામ પડ્યું. જસા કુંભારની ખાંભી જસદણના દરબારગઢમાં પ્રવેશતા હજી જોવા મળે છે. આજે પણ કુંભાર કુટુંબો જસાબાપાના દર્શને આવે છે. એક અન્ય મત મુજબ જસદણનો આદ્યસ્થાપક જસા ખુમાણ છે. એના જસા નામ ઉપરથી જસધન અને જસદણ થયું હતું. જશો નામ કાઠીઓમાં સામાન્ય છે. જશો ખુમાણ કાઠી શાખાનો સરદાર હતો. થાન ચોટિલાથી સૌરાષ્ટ્રના અંદરના ભાગમાં કાઠી હોય, સત્તા મેળવવના પ્રયત્નો કર્યા. પંદરમી સદીના પ્રારંભે ખુમાણોએ આ પ્રદેશ જીતી લીધો. વર્તમાન જસદણ આ રીતે જોઈએ તો પંદરમી સદી દરમિયાન વસ્યું હોય તો લગભગ પાંચસો વરસ જેટલું જૂનું છે.

૧૬મી સદીના અંત ભાગમાં જૂનાગઢના નવાબના શાસન દરમિયાન અમીનખાને ચડાઈ કરી જસદણ જીતી લીધું અને તેણે જસદણને ગોરીગઢ કે ઘોરીગઢ એવું નામ આપ્યું. જોકે અમીનખાન ૧૫૯૦માં ગુજરી ગયા ત્યારબાદના શાસકોનો અંકુશ ઘટી ગયો. ૧૬૩૧માં ખેરડીના ખુમાણોએ જસદણ જીતી લઈને ફરીથી એને જસદણ નામ આપ્યું. ખેરડીના ખુમાણ સરધારના હિસ્સેદાર હતા તે લોમા ખુમાણ અને ભોકા ખુમાણના ભત્રીજા જસા ખુમાણ હતા. આ નગરના વસવાટ માટે પાંચ ટીંબા નક્કી કરાયા હતા. જસા ખુમાણનો ટીંબો, ડુંગરપુરનો ટીંબો, સાત ડેરીનો ટીંબો અને મૃત્યુંજય મહાદેવનો ટીંબો એમ પાંચ ટીંબા હતા. આ ટીંબામાં જસા કુંભારના ટીંબા પર આ ગામ વસ્યું હશે એમ મનાય છે.

કાઠી જાતિની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે. અંગ્રેજો અને વિદેશી જાતિ તરીકે ઓળખાવે છે. પણ પ્રા. પ્રદ્યુમન ખાચર લખે છે કે કાઠીઓનું મૂળ વિદેશી નથી અને તેઓ શક અથવા હૂણના વંશજો નથી. પણ ભારતના જ છે. પંજાબમાં આવેલી ચિનાબ અને જેલમ નદીઓથી બનેલા દોઆબ પ્રદેશમાં કાઠી જાતિ વસેલી હતી. તેનો આધારભૂત પુરાવો ગ્રીકના ભૂગોળશાસ્ત્રી સ્ટ્રેબોએ આપ્યો છે. ઇ.સ. પૂર્વે ૩૩૩ આસપાસ વાયવ્ય ભારતમાં અનેક નાનાં રાજ્યો હતાં. તેણે કાઠીઓના સમૂહને કઠગણ તરીકે ઓળખાવ્યો છે. તેનું મુખ્ય નગર સાંગાલા હતું. તે અત્યારના ગુરુદાસપુર જિલ્લામાં હોય તેમ માની શકાય. એક બીજો મત એવો છે કે કાઠીઓ મધ્ય એશિયામાંથી ખોરાસાન અને ત્યાંથી સિંધુ કાંઠે થોડો સમય વસી લાહોર થઈ સિંધમાંથી કચ્છ અને ત્યાંથી કાઠિયાવાડ આવ્યા. કાળુ બસીયા લખે છે કે કાઠીઓ મૂળ

કઠ પાંચાળના વતની હોવાથી અને નદીના કાંઠાળ પ્રદેશમાં વસવાટ કરતા હોવાથી અને સૂર્યની કઠોર ઉપાસના કરતા હોવાથી વેદની કઠ શાખના હોવાથી અને કઠોપનિષદને માનતા હોવાથી કાઠી કહેવાયા. શ્રી શંભુપ્રસાદ દેસાઈ કાઠીઓને સિંથીયાના સિંથીયનો ગણે છે.

કર્નલ ટોડે ૩૬ રાજવંશની જે નામાવલિ આપી છે તેમાં ૧૬માં રાજવંશનું નામ કટ્ટી છે.

મૂળ કાઠી ક્ષત્રિયોની આઠ પેટા શાખાઓ હતી. તેરમી સદી પછી કાઠીઓમાં બે વિભાગ પડી ગયા. શાખાયત અને અવરતિયા. શાકાયતમાં ખાચર, ખુમાણ, વાળા, લાલુ અને અન્યોને ગણવામાં આવે છે. જ્યારે અવરતિયામાં અનેક શાખાઓ છે તેની સાથે જ શાખાયતોના લગ્નસંબંધ બંધાય છે. જેમાં ધાધલ, ગીડા, બસીયા, જેબલીયા, વીંછિયા, ખવડ, વાંક, વરુ વગેરે રાજપૂતોમાંથી કાઠીમાં ભળી હવે કાઠી થઈ ગયા છે. આ બધાના સમૂહનો એક આખો કાઠી સમાજ તૈયાર થયો છે અને તેઓ આજસુધી કાઠિયાવાડમાં વસેલા છે. વાળામાં ૩૫ જેટલી પેટા શાખાઓ છે. અને ખાચરમાં ૨૮ જેટલી પેટા શાખાઓ છે. તેમજ ખુમાણમાં ૨૩ જેટલી પેટા શાખાઓ છે.

**કાઠી સંસ્થાનોમાં સૌથી મોટું રાજ્ય સ્થાપનાર તરીકે વીકા ખાચરનું નામ મહત્ત્વનું છે. તેમનો સમયગાળો ૧૬૬૫ થી ૧૬૮૫નો હતો તેમને ખેતો, સેલાર અને આલો એમ ત્રણ દીકરા હતા. વીકા ખાચર બોટાદ નજીક અલઉ ગામમાં રહેતા હતા**

**જસદણ રાજ્ય**

જસદણ રાજ્ય પશ્ચિમ ભારતની સ્ટેટ એજન્સીના કાઠિયાવાડ પ્રાંતના મધ્યમાં આવેલું છે. કાઠી રાજ્યોમાં સૌથી મોટું અને અગ્રેસર ગણાય છે. તેના રાજકર્તા કાઠી ક્ષત્રિયોના ખાચર દરબાર તરીકે ઓળખાય છે. ખાચર કેટલોક સમય વાળા અને ખુમાણ સાથે થાનમાં રહ્યા પછી ખાચર દરબારોએ ઈ.સ. ૧૪૦૦માં થાનમાં વસાહત સ્થાપી અને પછી ચોટિલા આવ્યા અને ત્યાંથી આખા પાંચાળમાં ફેલાઈ ગયા.

કાઠી સંસ્થાનોમાં સૌથી મોટું રાજ્ય સ્થાપનાર તરીકે વીકા ખાચરનું નામ મહત્ત્વનું છે. તેમનો સમયગાળો ૧૬૬૫ થી ૧૬૮૫નો હતો તેમને ખેતો, સેલાર અને આલો એમ ત્રણ દીકરા હતા. વીકા ખાચર બોટાદ નજીક અલઉ ગામમાં રહેતા હતા. તેઓએ સિંધમાં આવેલા પવિત્ર યાત્રાધામ હિંગળાજની જાત્રા કરવા ઘોડેસવારી કરી અને કચ્છના રણમાંથી પસાર થયા. હિંગળાજ પહોંચીને હિંગળાજની પૂજા કરી. હિંગળાજ માતાએ વીકા ખાચરને સૈન્ય એકઠું કરી કાઠિયાવાડ જીતી લેવા કહ્યું એવી લોકવાયકા છે, તે સમયે જસદણ ઉપર ખુમાણ કાઠીઓનું રાજ હતું, જે તેઓએ ધીરીને હરાવીને મેળવ્યું હતું. વીકા ખાચરે ખુમાણોને હરાવીને ૧૬૬૫માં જસદણ ઉપર પોતાની સત્તા સ્થાપી અને ડુંટર ઉપર એક કિલ્લો બનાવ્યો. હિંગળાજ માતાજીના નામ ઉપરથી તેનું નામ હિંગોળગઢ રાખ્યું. વીકા ખાચરે જસદણ ઉપર ૨૦ વરસ રાજ કર્યું. વીકા ખાચર પરાક્રમી અને સ્વાભિમાની હતા. શાખાયત ખુમાણો સાથે લડાઈ કરીને તેણે જસદણ જીતી લીધું અને લાખાણી ખાચર શાસનની સ્થાપના કરી. તેઓ કલાપ્રેમી અને પશુપ્રેમી હતા. ૧૬૮૫ થી ૧૭૫૦ સુધીનો સમયગાળો આંતરિક સંઘર્ષનો હતો. આ સમયગાળા દરમિયાન કોઈ મહત્ત્વનો બનાવ બન્યો નથી.

વીકા ખાચરના નાના દીકરા આલા ખાચરના ભાઈ. ઓઢા ખાચરના દીકરા વાજસુર ખાચર હિંગોળગઢ પાસે ભોંયરામાં રાજ કરતા હતા તે બહાદુર અને પ્રતાપી હતા. તેને જસદણની રાજગાદી સોંપવામાં આવી. ૧૬૮૫માં વીકા ખાચરનું અવસાન થતાં એનો બીજો દીકરો માણસિયો ખાચર ગાદીએ બેઠો. ખુમાણ સાથેની લડાઈમાં મરણ થતાં એ નિસંતાન હોવાથી એનો નાનો ભાઈ ચેલો ખાચર ગાદીએ આવ્યો એના પછી પુત્ર ઓઢા ખાચર અને એના પછી ૧૭૫૦ની આસપાસ વાજસુર ખાચર ગાદીએ આવ્યા. ત્યારે વાજસુર ખાચર ઉંમરમાં નાના હતા તેથી તેના કાકા જેઠસુર ખાચર તેના વતી રાજ કરતા હતા.

૧૮મી સદીના ઉત્તરાર્ધમાં કાઠિયાવાડમાં અંધાધૂંધી હતી. મરાઠાઓના લશ્કરો અવારનવાર ખંડણી માટે ચડાઈ કરતા. સૌરાષ્ટ્રના રાજાઓ આ ખંડણી ભરવા પોતાની પ્રજા પાસેથી કમરતોડ કરવેરા ઉઘરાવતા. આંતરિક અશાંતિ અને અવ્યવસ્થાને કારણે સૌરાષ્ટ્રની પ્રગતિ રુંધાઈ ગઈ. ૧૮મી સદીમાં કાઠીઓને સૌરાષ્ટ્રનાં અન્ય રાજ્યો સાથે સંઘર્ષ થયા અને સહન કરવું પડ્યું. ૧૮૦૭માં વોકર કરાર થયા પછી એનો અંત આવ્યો.

વાજસુર ખાચરે સત્તા ઉપર આવતાં જ રાજ્યનો વિસ્તાર વધાર્યો. જેઠસુર ખાચર લીંબડી તથા આસપાસના રાજપૂત જમીનદારો પાસેથી તેઓનું રક્ષણ કરવાના બદલામાં પાળ ઉઘરાવતો. લીંબડી ઠાકોર હરભમજીએ પાળ આપવાની ના પાડતા એની સાથે અવારનવાર યુદ્ધ થતું. આવા એક ધીંગાણામાં જેઠસુર ખાચરનું મોત થતાં એનો ભત્રીજો વાજસુર ગાદીએ બેઠો.

વાજસુર ખાચરના સમયમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. કાઠીઓના રાજ્યો અને સત્તા જોખમમાં મૂકાતા તેમણે જીવનમરણનો ખેલ ખેલ્યો. કુંડલાના ખુમાણ અને

ભાવનગર વચ્ચે ગરાસ બાબતે ચાલતા ઝઘડાના અનુસંધાને ૧૭૯૨-૯૩માં કુંડલાના ખુમાણોએ જેતપુર, જસદણ, ચિત્તલ વગેરે શાસકોને ચિત્તલમાં એકઠા કર્યા. જસદણના વાજસુર ખાચર, ચિત્તલના કુંપાવાળા અને જેતપુરના વીરા વાળા જેવા શક્તિશાળી સરદારોનો સંઘ રચાયો અને ભાવનગરનો સંયુક્ત મુકાબલો કરવાની તૈયારી થઈ. બીજી બાજુ બોટાદ અને ગઢડાના ગોદડકા અને ગુંદાળાના મોકાણી, પાળીયાદના ઠેબાણી અને ચોટિલાના રામાણી શાખના ખાચરોને એકઠા કરીને બારસો સવારોની ટોળી તૈયાર થઈ. વાળા, ખાચર, ખુમાણ અને બસીયાનું થઈને ત્રીસ હજારનું લશ્કર ભાવનગર ઉપર ત્રાટકવા તૈયાર થયું. ભાવનગરને સમાચાર મળી ગયા અને તેણે પણ તૈયારી કરવા માંડી. તેણે લાઠીના ગોહિલ લાખાજી ઉપરાંત પોતાના ભાયા મેઘરાજજી તથા દેવાણી, વાછાણી, ગોવિંદાણી, વનાણી, વિરાણી, ગોધારી તથા આલરબારી વગેરેને બોલાવ્યા. પાંત્રીસ હજાર સૈનિકોની જમાવટથી વખતસિંહજીએ ચિત્તલ ઉપર કૂચ કરી. કૂંપાવાળાએ ભાવનગરની ફોજ આવી કે તુરત જ તોપમારો ચાલુ કર્યો. ત્રણ દિવસ લડાઈ ચાલ્યા બાદ વખતસિંહજીના ધ્યાનમાં આવ્યું કે ચિત્તલમાં જુદા જુદા પંથના કાઠીઓ ભળેલા છે. આપણે લડાઈ બંધ રાખશું તો થોડા દિવસમાં અકળાઈને ચાલ્યા જશે. આથી તેણે લડાઈ બંધ રાખવાનો હુકમ કર્યો. કાઠીઓએ પણ તોપ ચલાવવાનું બંધ કર્યું. દોઢ મહિનો વગર લડાઈએ ફોજ બેઠી રહી. વખતસિંહજીના કેટલાક સૈનિકોએ ચિત્તલના કિલ્લામાં જાનના જોખમે પ્રવેશી તોપના નાકામાં ખીલ્લા ધરબીને તોપોને નકામી કરી નાંખી. નજીકમાંથી એક ચારણ માલ લાદેલો બળદ લઈ જાતો તેણે લાકડી મારીને કહ્યું કે વખતસિંહજીની જેમ લળ થઈને બેઠો છે શું? વખતસિંહજીએ આ કાનોકાન સાંભળ્યું અને અમલ કરવાનો હુકમ કર્યો કે ચિત્તલમાં હુમલો કરીને દાખલ થઈ જાવ. લૂંટનો માલ જે મળશે તેમાંથી દરબાર કાંઈપણ નહીં લે. હુકમની સાથે જ સૈનિકોએ તોપનો મારો ચલાવ્યો. સામેથી કોઈ તોપ ફૂટી જ નહીં. આથી ફોજ તલવારો સાથે યુદ્ધે ચડ્યા. ત્રણ કલાકની લડાઈ પછી વખતસિંહજીએ ચિત્તલ કબ્જે કરી લીધું. વસતી નાસી ગઈ હતી તેથી લશ્કરે લૂંટી શકાય તે તમામ ચીજવસ્તુઓ લૂંટી લીધી. આમ કાઠીઓ વ્યક્તિગત લડાઈમાં ખૂબ શૂરવીર હતા. પરંતુ તેમની પાસે તાલીમ પામેલું તોપદળ કે પૂરતી બંદૂકો નહોતી. તેમજ તેઓ ખુલ્લા મેદાનની હાથોહાથની લડાઈમાં હોંશિયાર હતા, પણ એમને એવી તક ન મળી. વખતસિંહજીએ કરેલા અણધાર્યા આક્રમણને લીધે કાઠીઓ પૂરું આયોજન કરી શક્યા નહીં. આમ ચિત્તલની લડાઈ સૌરાષ્ટ્રની ૧૮મી સદીના અંતમાં લડાયેલી સૌથી મોટી લડાઈ બની ગઈ. એના ચિત્રો સિહોરના રાજગઢમાં જોવા મળે છે. એમાંથી કહેવત પડી. ''ચિત્તલમાંથી પીતળ નીકળ્યું, અમરેલી તો રેલી'' અહીંયા સૌ પ્રથમ કાઠી અને ગોહિલોએ સંપીને એકબીજાનો મુકાબલો કર્યો પણ એમાં ગોહિલો ફાવી ગયા. વખતસિંહજીએ એ પછી જસદણ પર ચડાઈ કરી અને ત્યાંનો કિલ્લો તોડી નાંખ્યો. વાજસુર ખાચરે હિંગોળગઢના કિલ્લામાંથી વળતો પ્રહાર કર્યો પણ ભાવનગરના તોપદળ સામે એ પણ ટકી શક્યો નહીં. જસદણના માલને જકાત વિના ભાવનગરમાં લઈ જવા દેતા હતા. એ હક્ક બંધ થયો. અંતે કાઠીઓ સાથે કાયમી દુશ્મની રાખવામાં ફાયદો નથી એમ વિચારીને ૯૭-૯૮માં વખતસિંહજીએ વાજસુર સાથે સમાધાન કર્યું અને જસદણ ફરીથી સોંપી દીધું.

**''ચિત્તલમાંથી પીતળ નીકળ્યું, અમરેલી તો રેલી'' અહીંયા સૌ પ્રથમ કાઠી અને ગોહિલોએ સંપીને એકબીજાનો મુકાબલો કર્યો પણ એમાં ગોહિલો ફાવી ગયા. વખતસિંહજીએ એ પછી જસદણ પર ચડાઈ કરી અને ત્યાંનો કિલ્લો તોડી નાંખ્યો**

૧૮મી સદીના અંતમાં સૌરાષ્ટ્રની પરિસ્થિતિ એકદમ અંધાધૂંધી ભરી હતી. રાજાઓ ખેડૂતો પાસેથી મનફાવે તેમ કર વસૂલતા. રાજાઓ વચ્ચે એકતાને સ્થાને અવિશ્વાસ હતો. મોગલો પછી મરાઠાઓએ પણ સૌરાષ્ટ્રમાંથી ખંડણીઓ ઉઘરાવવા કાયમી લશ્કર રાખવાને બદલે દર વરસે લશ્કર સાથે આવવાની 'મુલકગીરી' નીતિ અપનાવી. કર્નલ વોકરના કહેવા મુજબ ''કાઠિયાવાડ એક કાળે કોઈને પણ અદેખાઈ થાય એવી સુધરેલી અને આબાદ હાલતમાં હતું. હાલ તે અજ્ઞાત, જંગલી અને વિરાન હાલતમાં આવી પડ્યું છે.''

૧૮૦૨માં વસઈના કરાર થતાં બ્રિટિશરો ગુજરાતમાં સર્વોપરી બની ગયા. કંપનીનો પગપેસારો ગાયકવાડના સાથી તરીકે થયો. વડોદરાનો ખજાનો ખાલી થઈ ગયો હોવાથી સૌરાષ્ટ્ર સિવાય ક્યાંયથી નાણાં મળે એમ નહોતાં. ૧૮૦૩માં ફતેહસિંહ ગાયકવાડ અને તેના સેનાપતિએ ધાક બેસાડી ત્રણ ગણી ખંડણી વસૂલ કરી. સૌરાષ્ટ્રના રાજ્યોએ ૧૮૦૩માં કર્નલ વોકરને રક્ષણ આપવાની વિનંતી કરી. ૧૮૦૭માં ગાયકવાડ તરફથી વિઠ્ઠલરાવ સૌરાષ્ટ્રમાં આવ્યા તેમની સાથે કર્નલ વોકર પણ હતા. તેમણે રાજાઓને પત્રો લખી મોરબી પાસે હુટુ ગામે મળવા બોલાવ્યા. અંતે ૧૫-૫-૧૮૦૮ના રોજ સૌરાષ્ટ્રના ૧૫૩ રાજાઓ સાથે ખંડણી

અંગેના કરાર થયા તે વોકર કરાર તરીકે ઓળખાયા.

વાજસુર ખાચરના અવસાન બાદ તેમના એકમાત્ર પુત્ર ચેલા ખાચર ગાદીએ આવ્યા. તેઓ પણ પિતાની જેમ જ શૂરવીર હતા. ૧૮૦૭થી ૧૯૪૭ સુધીનો સમય સૌરાષ્ટ્રના ઈતિહાસમાં આધુનિક યુગની શરૂઆત કહી શકાય. એનો પ્રારંભ ચેલા ખાચરથી થયો. બીજીબાજુ આ સમયગાળામાં સૌરાષ્ટ્રમાં બહારવટિયાઓનો ઉપદ્રવ વધી ગયો. આ બહારવટિયાઓ ગામના ગામ લૂંટતા અને બાળતા. કોઈવાર તો ગાય, ભેંસ કે સ્ત્રી જેવી નજીવી વાતમાં બહારવટે નીકળી પડતાં. પોર્ટુગીઝોનું વર્ચસ્વ ઘટતું ગયું અને બ્રિટિશરોનું વધતું ગયું.

ઈ.સ. ૧૮૧૦થી ૧૮૫૧ સુધી ૪૧ વરસ ચેલા ખાચરનું શાસન રહ્યું. ૨૭ ઓકટોબર ૧૮૫૧ના રોજ એમનું અવસાન થયું.

**આલા ખાચર**

ભારતમાં સૌથી શ્રેષ્ઠ શાસક તરીકે મૂકી શકાય તેવા આલા ખાચરનો જન્મ ૩૦-૪-૧૮૩૧ના રોજ થયો. રાજ્યનું શાસન ૨૫-૧૧-૧૮૫૧ના રોજ ૨૦ વરસની ઉંમરે સંભાળ્યું. તેમને ચાર રાણીઓ હતી અને ચાર પુત્રો હતા અને છ પુત્રીઓ હતી. બાવન વરસ સુધી એકધારું શાસન કરીને જસદણને સમૃદ્ધ બનાવ્યું. ૧૮૨૦માં દેશી રાજ્યોનો જે વહીવટ હતો તેમાં એજન્સી આવતા ઘણો સુધારો થયો. રાજાઓ પણ રાજકુમાર કોલેજમાં ભણી યુરોપિયન સભ્યતા અને સંસ્કૃતિથી પરિચિત થયા. તેઓએ ભારતનો અને પરદેશનો પ્રવાસ કર્યો. આલાખાચર સંજોગો અનુસાર વર્તનાર એક બાહોશ અને મુત્સદ્દી રાજા હતા. તેમના શાસનમાં બહારથી ઘણા લોકો આવીને વસ્યા હતા. પોતે અશિક્ષિત હોવા છતાં બીજા પાસે રોજ ડાયરી લખાવતા. એમણે પોતાના શાસનમાં લોકહિતનાં અનેક કાર્યો કર્યાં. અનેક સુશોભિત મકાનો બંધાવ્યાં. હિંગોળગઢ ઉપર પણ મકાન અને જેલ બંધાવ્યાં. ૧૮૭૦માં બે ચીમનીવાળાં રસોડાં કર્યાં. વીંછિયા ફરતો કિલ્લો બંધાવ્યો. નદીકાંઠે એક મોટી ધર્મશાળા અને ટાવર બંધાવ્યું. આટકોટ તથા બાબરામાં રાજ ઉતારા બંધાવ્યા. જસદણમાં સૌપ્રથમ દવાખાનું અને પોસ્ટઓફિસ બંધાવી. તથા પ્રથમ વખત નિયમિત અદાલતની સ્થાપના કરી. એમના મજબૂત બંદોબસ્તથી જસદણની સરહદ ઉપર લૂંટફાટ થતી નહીં. ૧૮૬૫માં એક નિશાળ સ્થાપી. રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ મેકનાટનના કહેવાથી કુમાર માણસુર ખાચરને ભણવા ઈંગ્લેન્ડ મોકલ્યા. એ સમયે દરબારોએ ટીકા કરી છતાં વિરોધ વચ્ચે મોકલ્યા. ગાંધીજી ત્યારે ઈંગ્લેન્ડ હતા અને અવારનવાર માણસુર ખાચરને મળતા.

**૧૯૦૦માં અનાવૃષ્ટિને લીધે સમગ્ર ભારતમાં દુકાળ પડ્યો ત્યારે બાખલવડ ખાતે નદી પર બંધ બંધાવ્યો. બે વરસમાં કામ પૂરું કરાવ્યું. ૧૯૦૧માં એનું ઉદ્‌ઘાટન કર્નલ જે.એમ.હંટરના હાથે થયું**

૧૯૦૦માં અનાવૃષ્ટિને લીધે સમગ્ર ભારતમાં દુકાળ પડ્યો ત્યારે બાખલવડ ખાતે નદી પર બંધ બંધાવ્યો. બે વરસમાં કામ પૂરું કરાવ્યું. ૧૯૦૧માં એનું ઉદ્‌ઘાટન કર્નલ જે.એમ.હંટરના હાથે થયું.

આલા ખાચરે બીજા અનેક સુધારા પણ કરાવ્યા. આલા ખાચરે કણબીઓને બીજા રજવાડામાંથી લઈ આવીને પોતાના રાજમાં વસાવ્યા. એમની જમીન વાવતા કણબીઓની અટક પણ ખાચરિયા પડી ગઈ. આ અટકવાળા પટેલો આજે પણ જેતપુર અને ચોકીમાં જોવા મળે છે. તેઓ પશુપ્રેમી પણ હતા. તેમની પાસે મૌલા બક્ષ નામનો એક હાથી તેમ માકડા નામનો સિંહ અને એક બળદ પણ હતા. જસદણથી હિંગોળગઢ જતાં ઘોડાગાડીમાં એક બાજુ મુંજડો અને બીજી બાજુ ઘોડો બાંધતાં.

આલા ખાચરના રાજમાં શરૂઆતમાં જ એકલિયો નામે એક બહારવટિયો હતો તે એકલો રહીને જ બહારવટિયું ખેલતો તેથી એકલિયો કહેવાયો. જાતે ચારણ હતો અને ભાડલાનો હતો, તેની પાસે એક ઘોડી હતી એક દિવસ એને નવડાવતો હતો ત્યાં દરબારીઓ આવ્યા અને એની સાથે બોલાચાલી થઈ. આલા ખાચરે એને પકડીને ત્રણ મહિનાની કેદ કરી. કમળાપુરમાં એક પટેલની ઘોડી હતી એકલિયો એ લેવા ગયો. ચડી જોઉં એમ કહીને સામાન બાંધીને તૈયારી કરી પછી મૂકી જતાં કહેતો ગયો કે આલા ખાચરને કહેજો પૈસા ચૂકવી દે. એક વખત ધીંગાણામાં એ માર્યો ગયો.

આમ આલા ખાચર શાંત અને મિલનસાર હતા. ૭૨ વરસની ઉંમરે ૧૯૦૪માં એમનું અવસાન થયું. તેમના પછી ઓઢા ખાચર ગાદીએ બેઠો.

જસદણ રાજ્યના છેલ્લા રાજવી એટલે કે આઝાદી પહેલાના રાજવી. આલા ખાચર બીજા હતા. તેઓ આધુનિક જસદણના નિર્માતા હતા. તેમનો જન્મ ૧૪-૧૧-૧૯૦૫ના રોજ થયો હતો. તેઓએ પ્રજાની સાથે જ ગુજરાતી શાળામાં શિક્ષણ લીધું હતું. તેમના પિતા વાજસુર ખાચર બીજાનું ૧૯૧૯માં અવસાન થયું ત્યારે તેઓ સગીર વયના હોવાથી એજન્સીએ તેમના માતુશ્રી કમરીબાને સુકાન સોંપ્યું હતું. આલા ખાચર બીજાએ ઉચ્ચશિક્ષણ રાજકુમાર કોલેજમાં લઈ યુરોપનો પ્રવાસ કર્યો હતો. જીનીવા ખાતે લીગ ઓફ નેશન્સની

બેઠકમાં ભાગ લીધો હતો. પેરિસમાં ગાયકવાડની મુલાકાત દરમ્યાન અમરેલીના મૂળ ગરાસિયાઓના ગરાસ બાબતે મુશ્કેલીઓથી તેમને માહિતગાર કર્યા હતા. એમનાં લગ્ન ભાવનગર રાજ્યના બાઢડા ગામના જેબલભાઈ નાગભાઈની પુત્રી કમળાબા સાથે થયા હતા. તેમના રાજ્યાભિષેકના બીજા જ દિવસે એટલે કે ૧-૧૨-૧૯૨૪ના રોજ થયા, જેમાં ભાવનગરના દિવાન પ્રભાશંકર પટ્ટણી તેમજ ભાવનગરના રાજવી કૃષ્ણકુમાર તથા પાલીતાણાના રાજવીએ હાજરી આપી હતી. તેમના બીજાં લગ્ન જુબલના કુંવરી માધવી દેવી સાથે થયાં. તેમના યુવરાજ શિવરાજકુમારે વડોદરાના મહારાજા પ્રતાપસિંહજીનાં કુંવરી પ્રેમીલાબા સાથે લગ્ન કર્યાં. તેમના યુવરાજ એટલે કે હાલના દરબાર સત્યજીતસિંહે વડોદરાના ગાયકવાડ રણજીતસિંહજીનાં કુંવરી અલૌકિકા રાજે સાથે લગ્ન કર્યાં.

આલા ખાચર મળતાવડા અને મિલનસાર હતા. સૌરાષ્ટ્ર અને ગુજરાતના મોટાભાગના રાજવીઓ સાથે તેમના મૈત્રી ભર્યા સંબંધ હતા. મોરબી, પાલીતાણા, થાણા દેવડી, ભાવનગર, બિલખા, ગોંડલ, ધરમપુર, કપૂરથલ્લા, પતિયાલા, રામપૂર જેવા દૂરનાં રાજ્યો ઉપરાંત પોરબંદર, જામનગર, વાંકાનેર, મૂળી, સાળંગ, વઢવાણ, સંતરામપુર, જેતપુર, લીંબડી વગેરે રાજ્યો સાથે તેમને મૈત્રી હતી. રાજ્યાભિષેક સમયે તેમણે અનેક સખાવતો જાહેર કરેલી. જસદણ શહેરમાં પુસ્તકાલય ખોલ્યું. દારૂબંધીના કાયદા વધુ કડક બનાવ્યા. રાજ્યની હદમાં સારી ઔલાદના પશુઓનું પ્રદર્શન દર વરસે ભરવાનું શરૂ કર્યું. જસદણને એક નમૂનેદાર રાજ્ય બનાવવામાં તેમણે ધ્યાન આપ્યું. દરેક ગામમાં પાણી માટે કૂવો બનાવ્યો. ઈલેક્ટ્રિકની સગવડ પૂરી પાડવા પાવરહાઉસની સ્થાપના કરી.

**આલા ખાચરના શાસનમાં જસદણનો વિકાસ થયો. અગાઉ બજારો એટલી બધી સાંકડી હતી કે સામસામા વાહનો ચાલી જ ન શકે. એમણે રસ્તા ૨૦ ફૂટ પહોળા કરાવ્યા અને વચ્ચેની દુકાનની દીવાલો વાંકીચૂકી ન હોય એનું ધ્યાન રાખ્યું**

૧૯૨૯માં એપ્રિલ મહિનામાં સૌરાષ્ટ્રના કાઠી જ્ઞાતિના તમામ આગેવાનોને બોલાવી એક વિશાળ સંમેલન ભર્યું. વડિયા દરબાર બાવાવાળાને પ્રમુખ પદે ચૂંટાયા, તેમ અડાણા દરબાર વાજસુરવાળાએ સંચાલન કર્યું. આ કોન્ફરન્સમાં સામાજિક સુધારા અંગેના ઠરાવ કરવામાં આવ્યા.

આલા ખાચરના શાસનમાં જસદણનો વિકાસ થયો. અગાઉ બજારો એટલી બધી સાંકડી હતી કે સામસામા વાહનો ચાલી જ ન શકે. એમણે રસ્તા ૨૦ ફૂટ પહોળા કરાવ્યા અને વચ્ચેની દુકાનની દીવાલો વાંકીચૂકી ન હોય એનું ધ્યાન રાખ્યું. એમના શાસનને બ્રિટિશ સરકાર તરફથી ત્રીજા વર્ગમાંથી બીજા વર્ગનો દરજ્જો મળ્યો. એ પ્રસંગે ભવ્ય દરબાર ભરાયો. જસદણ અને વીંછિયાના મહાજનો તરફથી એમને માનપત્ર અપાયું.

આલા ખાચરના જમાનામાં જસદણ રાજ્યનાં કેટલાંક ગામોનાં જૂનાં નામ બદલીને નવાં નામ આપવામાં આવ્યાં. દા.ત. ગળિયાણાનું નામ આલા ખાચરના કુંવરીલીલાબાના નામ પરથી લીલાપુર થયું. મોટી અણીયાળીનું નામ રાણી કમળાબા પરથી કમળાપુર થયું. નાની અણીયાળીનું નામ કુંવર શિવરાજકુમાર પરથી શિવરાજપૂર થયું. રાણી માધવીબાના નામ પરથી માધવીપુર નામનું નવું ગામ વસ્યું. ભાઈ પ્રતાપભાઈના નામે પરથી નવાગામનું પ્રતાપપુરા થઈ ગયું. સાલવવાનું નામ નાનાભાઈ અમરા ખાચરના નામ પરથી અમરાપુર થઈ ગયું.

આલા ખાચરનું અવસાન ૧૦-૪-૧૯૭૩ના રોજ ૬૮ વરસની ઉંમરે થયું. તેને દોઢ લાખનું સાલિયાણું મળતું હતું.જસદણમાં કુલ ૫૬ ગામ હતા. આઝાદી વખતે જસદણ પણ ભારતનો એક ભાગ હતો.

આલા ખાચરના પાટવી કુંવર શિવરાજકુમારનો જન્મ ૧૯૩૦માં થયો હતો. તેઓ રાજકુમાર કોલેજમાં ભણ્યાં. પક્ષીઓ અને વન્યજીવનના તેમના શોખને કારણે તેમનું નામ વિખ્યાત પક્ષીવિદ્ સલીમ અલી પછી લેવાય છે. ૧૯૬૭ અને ૭૫માં તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. હાલના રાજવી સત્યજીત ખાચરનો જન્મ ૪-૧૧-૧૯૬૧માં થયો. તેમને સંતાનમાં રવિરાજકુમાર અને શિવરાજકુમાર એમ બે દીકરા છે. તેઓ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા છે. જસદણ તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખપદે સેવા આપે છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*'આશિયાના' રાજકોટ-૩૬૦૦૦૭*
*મો. ૯૯૧૩૫૫૨૬૦૯*

# દુહો અમાણા દેશનો

- *શિવદાન ગઢવી*

દુહો એટલે અમારા મતે ભર અષાઢમાં આભે ગર્જના કરતાં વાદળ દળના ઘોર ગંભીર અવાજને સાંભળીને વૃક્ષ ઘટાઓમાંથી ગહેકતાં મયૂર જેવા મીઠા શબ્દો, વાદળદળમાંથી તલવારની ધારની જેમ ઝબૂકતી વીજળી જેવો પ્રકાશ પાથરતી વાણી, પહાડોમાં પડછંદા પાડતો કેકા ધ્વનિ જેવો રણકાર, જેના શબ્દો શ્રોતાઓના ચિત્તને ચરરરર. વીંધે તો દુહો સમજવો. સાગર જ્યારે ગડહડે તેમાંથી ઉત્પન્ન થતાં મોજાં વખતે જે ધ્વનિ સંભળાય એવો ઘુઘવાટો કરતો, ટૂંકો માત્રામેળ છંદ એટલે દુહો. માનવીમાં રહેલ ખમીર, નેક, ટેક, શૌર્યને ખમકારા કરી રણ સંગ્રામમાં શસ્ત્રો ધારણ કરવા પ્રેરે તેવી વીરવાણી એટલે દુહો.

સંસ્કૃત શ્લોકની ટૂંકી પંક્તિઓની જેમ જે કાવ્યમાં અવર્ણનીય બળ ભરેલું છે તેવું બળ સાહિત્યના સોનેટ સિવાય અન્ય પ્રકારોમાં ઓછું જોવા મળશે. દુહાએ તો માનવહૃદયના તારને ઝણઝણાવ્યા છે, વિયોગી અને પ્રણયભીના માનવીઓની વેદના અને વ્હાલપને વાચા આપી છે, અઝાઝુડ જંગલમાંથી સૂસવાતા વાયરાના ગૂઢા સૂર જેવા શબ્દો સંભળાય ત્યારે માની લેવું કે, એ દુહો છે. જેના શબ્દો સાંભળતાં મેદની સામા હોકારા દેતી, ભૂપતિઓ ડોલી ઊઠતા, માનવીના અંતરમનના સુવર્ણનો એ પૈહાર છે.

સમાજ જીવનના વણખેડાયેલા પ્રદેશમાં એ વિહર્યો છે. નીતિમત્તાના એણે નૈવેધ ચડાવ્યાં છે. દિલની વાતો ટૂંકા વેણથી કહી છે. ઝાવાં મારતા મનને ટાઢક આપી છે. જગનિયંતા કે ભૂપતિઓને માનવ સમુદાયની વેદનાઓ સંભળાવી છે, એટલું જ નહિ ઠપકાય દીધા ! અનીતિનો ઉંબરો ઓળંગનાર અને અહંકારમાં રાચનારને છબોડવામાંય દુહો ઊણો ઊતર્યો નથી. એમનાં ચિત્ત ખળભળાવ્યાં છે. એમાં સત્યનો રણકાર છે. યુદ્ધ મેદાનનો એ દુદુંભિ છે.

જૂની રાજસ્થાની, ઉત્તરકાલીન અપભ્રંશની સીધી વારસદાર એટલે લોકબોલીની ડિંગળ ભાષા. આ ભાષાને વિકસાવી રાજદરબારે આદર અપાવ્યાનો શ્રેય ચારણોને જાય છે. (જુઓ રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય પાન-૨૪ લેખક : મોતીલાલ મેનારિયા) તે પછી ચારણી સાહિત્યના પર્યાય સમી બની છે. કાવ્યના અન્ય પ્રકારોમાં દુહો મુખ્ય વાહક હતો.



રજવાડામાં દરેક રાજ્યમાં મહદ્ અંશે એક રાજકવિ હતા. અન્ય ચારણોનો વ્યવસાય તો પશુપાલન, ખેતી અને તેને સંબંધિત પ્રાણીઓનો વેપાર. દુહો એવા ચારણોના નેસમાં, ગામડાના ચોરામાં ફંગોળાયો. રાજદ્વારી ચારણોએ સંસ્કૃત ભાષાની બોલબાલા સામે લોકબોલીની ડિંગળ વિકસાવતાં સંસ્કૃત ભાષાના પાયા હચમચ્યા ! ગ્રામ કે નેસ નિવાસી ચારણે આત્માના આનંદ માટે દુહાનાં દ્વાર ખોલ્યાં. માનવજીવનનાં અનેક પ્રદેશોનાં એણે પાણી પીધાં અને જીવંત રહ્યો, જાગતો રહ્યો, ઐતિહાસિક અજવાળાં પાથર્યાં, બુલંદ કંઠથી એ ગવાય છે ત્યારે એના શબ્દો સીમાડા ઓળંગીને સંભળાય છે. ગામના ચોરામાંથી, રાજદરબારેથી તે શહેરોમાં ગાજ્યો. આ ટાણે આપણએ યાદ કરીએ જસદણ તાલુકા મથકેથી ૧૨ કિ.મિ. જેટલા અંતરે બેઠેલા લાલકા ગામના તદ્દન અભણ માલધારી ચારણ પાલરવભાને. (જન્મ સંભવતઃ ઈ.સ. ૧૮૬૦, અવસાન ઈ.સ. ૧૯૪૦)

આ પાલરવભાનો એક જ દુહો જ્યારે વિશ્વના દેશોમાં વસતા કાઠિયાવાડના માનવીઓના કાને સંભળાય છે, ત્યારે એમની છાતી ગજ ગજ ફૂલે છે. લાંબા સમય સુધી તાળીઓના ગડગડાટ એની ગવાહી આપે છે. વિશ્વવંદ્ય સંત પૂ. મોરારિબાપુએ ચારણી સાહિત્યને પાંખો આપી, એના ગાયકો, ચારણી સાહિત્યકારો વગેરેને વિદેશમાં રામકથા ટાણે સાથે લઈ જઈ જંગી મોકળાશ આપી તેથી તો દુહો વિશ્વમાં વિહરી રહ્યો છે. એનો અને સપાખરા છંદનો ડંકો વાગ્યો.

ચારણી સાહિત્ય, લોકસાહિત્યને ભારે આદર આપી એમાં રહેલી ઝગારા મારતી મોતી જેવી ઘટનાઓ, શબ્દોને ગુજરાતી સાહિત્યકારો સમક્ષ રજૂ કરવાનો પ્રારંભિક શ્રેય તો મેઘાણીજીને જ આપવો ઘટે છે. એમણે એમની નોંધપોથીમાં ટાંક્યું છે 'એક એક દુહાનો અર્થ પારખવા પાછળ મેં કળશીઓ આંસુ પાડ્યાં છે' આ આંસુ તો હીરાની પરખ કરનારનાં હતાં.

હજુ હમણાં જ આપણી વચ્ચે સરગાપરની વાટ્યે હાલી નીકળેલા કવિ 'દાનઅલગારી'ના (મૂળ નામ તો તખતદાન અને શાખા રોહડિયા, મૂળ ગામ મોરબી તાલુકાનું વાવડી, પિતા કાળુભાઈ, માતા કરણીબા, જન્મ તા. ૧૮-૧૨-૧૯૩૬, અવસાન તા. ૭-૧-૨૦૧૭) એક ગ્રંથમાં 'દુહો દશમો વેદ'ની પ્રસ્તાવનામાં લખેલા આ શબ્દોમાં દુહાનું મૂલ્ય સમજી શકાશે.

'દુહો તો છે પરણેતરના ઘુઘરિયાળા પાનેતર જેવો, શુરવીરના હાથમાં શોભતી તેજીલી તરવાર જેવો, કોઈ જોગંધરની ધૂણીમાં સળગતી આગ્ય જેવો, કોઈ ભજનિકના હાથમાં

વાગતા તંબૂરાના તાર જેવો. વાલા સાજણની વાટ કસુંબે ઘુંટેલ આંખડિયું જેવો, દુહો પાંખળો જ નહિ, ચાંચાળો પણ છે. ચાંચ વગર એ સાંભળનારને વીંધે નહિ.'

લોકસાહિત્યકાર રામજી વાણીઆએ નોંધ્યું છે કે, ''રાજસ્થાન, કચ્છ, કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ને તો દુહો હાડનું હાડકું છે.''

ડૉ. બળવંતભાઈ જાની દુહાની ઓળખ આપણી જબાન સાથે આપી છે. ''લોક સંસ્કૃતિની અભિવ્યક્તિનું તે સબળ સાધન છે.''

દુહાની ઓળખ આપતા દુહા તો સાંભળો, કેવું છે એના ધીંગા શબ્દોનું બળ ?

***કામણ કરે કમાલ, ખોડી ખાંભી ખળભળે,***
***પાણા કરે પ્રિતાળ, દુહો અમારા દેશનો.***

(ગામને પાદર ખોડેલી ખાંભીઓ ખળભળીને જાણે બોલે છે, પાણાય પ્રીત્યુ બાંધે એવો આ અમારા દેશનો દુહો છે.)

દુહો તો કેટલાયે કામણ સંઘરીને લલકાર કરે છે. દુહાને દશમો વેદ સા માટે કહ્યો છે? જાણીતા સાહિત્યકાર મકરંદભાઈ દવે એનું અર્થઘટન કરતાં જણાવે છે કે 'વેદ તો ચાર જ છે. વર્ણ સગાઈ અલંકારના પ્રાસાનુપ્રાસ માટે તેવા શબ્દો વાપર્યા નથી.' 'વેદ એટલે ગોરખનાદનો સૂક્ષ્મવેદ, પ્રાણનો સુષુમણામાં પ્રવેશ થાય ત્યારે એનો નાદ સંભળાય', સુષુમણાને દસમું દ્વાર કહેવામાં આવે છે. મતલબ કે દસમું દ્વાર ખોલી આપે તેનું નામ દુહો (ઉર્મિનવરચના)'

***કાળતરો કરડેલ, અવળી રૂંવાટી અંગશુ;***
***દુહાનો ડંખેલ, ઘેને ઘેઘૂર આંખડી.***
***દુહો દશમો વેદ, સમજે તેને સાલે;***
***વિંયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે ?***
***સોરઠિયો દુહો ભલો, ભલી મરવણરી બાત;***
***જોબનછાઈ ધણભલી, તારા છાઈ રાત.***

ચારણી સાહિત્યના વિદ્વાન સંશોધક અને રાજસ્થાન - ગુજરાતનાં ચારણી સાહિત્યનાં બે મુખપત્રોના તંત્રી તરીકે રહેલ ખેતસિંહજી મીસણે (વતન-મોઢેરા) દુહાને તેમના શબ્દોથી આ રીતે પિછાણ કરાવી છે.

''જેના શબ્દો ઉચ્ચારણમાં ઉરવલોણાના ઘુઘવાટનો રવ જન્મે છે, જેના શબ્દોની થપાટે પ્રેમીઓના આત્મપંખની પાંખો ફફડી ઊઠે છે. જેણે લૂખા ઉપદેશને પણ સોનેરી બનાવ્યા છે. જેના કથનબાણે ભલભલાનાં માન મૂકાવ્યાં છે. જેના શબ્દોનાદથી હિંમત હારી બેઠેલા યોદ્ધાઓની કમ્મરે ફરી હથિયાર બંધાવ્યાં છે. જે છેલ્લાં એક હજાર વર્ષથી પશ્ચિમ હિંદુસ્તાનના લોક સમાજમાં બોલાતો આવ્યો છે.''

ચારણી સાહિત્યમાં રહેલ કૌવતને ભારે આદરથી ધૂરંધર સાહિત્યકારો સામે રજૂ કરનારા ઝવેરચંદ મેઘાણી એમના સંશોધનમાં જણાવે છે કે, ''દુહાની દુનિયા તો બુદ્ધિને, કલ્પનાને અને ઉર્મિ એ ત્રણેને એક સાથે પકડી લઈ ખુદ શ્વાસ જ આપણને કવિતાની સુગંધ લેવરાવે છે. પશ્ચિમી હિંદની શિષ્ટ પ્રાકૃત સામે નાના મોટા જનોને કાવ્યનું સ્ફૂર્તિદાયી પરિશીલન કરાવનાર કોઈપણ પ્રકાર હોય તો દુહો જ છે. આવું સંક્ષિપ્ત, સુઘટ, સારગર્ભિત, સચોટ, સુગેય, કંઠ રમતું બીજું કોઈ સાહિત્ય સ્વરૂપ આપણને સાંપડ્યું નથી.''

નાનુભાઈ દુધરેજિયાએ પદ્મશ્રી કવિ ''કાગની કાગવાણી''ની પ્રસ્તાવનામાં દુહાને 'અણુકાવ્ય' કહીને એનામાં રહેલી તાકાતને ઉજાગર કરી છે.

પૂ. મોરારિબાપુએ 'કાગધામ' ખાતે કરેલી કથા સમયે જે ઉદગારો કાઢેલા તેથી ચારણી સાહિત્યના પીરસણહારોની છાતી ગૌરવ સભર ગજ ગજ ફૂલેલી. તેમણે કહેલું કે, 'છંદ અને દુહા માટે તો ચારણનો કંઠ જોઈએ.'

ચારણી છંદોનો પ્રારંભ મોટાભાગે બે કડીના દુહાથી થાય છે. હજારોની મેદની જેની બે પંક્તિઓ સાંભળી હાકલા પડકારા કરતી હોય છે. ડાયરામાં સ્તબ્ધ બેઠેલો માનવ મહેરામણમાં દુહો સાંભળતાં તો રક્તસંચાર ધબકી ઊઠી અંગેઅંગમાં નવચેતના પ્રસરાવે છે. વીરરસ ઉછાળા મારે છે, કરુણ રસ સાંભળતાં શ્રોતાઓની આંખોમાંથી તો શ્રાવણ વરસે છે. જ્યારે વિરહ પછી મિલન સંભળાય છે તો પ્રેમી હૈયામાં હરખ પ્રસરે છે. નવી વિચારધારાએ દિલ મોજના હિલોળા લે છે.

**દુહાની ભાષા અને ઉદગમઃ**

દુહાની ભાષા સમજવા માટે આપણે ભાષા શાસ્ત્રીઓનાં મંતવ્યોની તરફ દૃષ્ટિ કરવી પડે. આવી સમીક્ષાનું કામ ડૉ. મોતીલાલ મેનારિયાએ તર્કબદ્ધ રીતે કર્યું છે તે ટૂંકમાં આ મુજબ છે.

(૧) પ્રારંભમાં સંસ્કૃત ભાષાને વૈદિક ભાષા તરીકેની ઓળખ આપી અન્ય ભાષાઓની તે જનની કહેવાય છે. (૨) વૈદિક સંસ્કૃતમાંથી બે ભાગ પડ્યા, પાલી અને સંસ્કૃત. પાલીમાંથી ત્રણ ભાગ થયા શૌરસેની પ્રાકૃત, માગધી પ્રાકૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃત. શૌરસની પ્રાકૃતમાંથી અપભ્રંશ ભાષા પરિવર્તિત થઈ તેના પણ બે ફાંટા પડ્યા (૧) ગુર્જરી અપભ્રંશ, શૌરસેની અપભ્રંશ. ગુર્જરી અપભ્રંશમાંથી રાજસ્થાની ઉદ્ભવી.

**આવું કેમ બન્યું ?**

સંસ્કૃતના પંડિતોએ અન્ય ભાષાઓમાં પ્રવેશ દ્વાર બંધ કરવા વ્યાકરણના જટિલ નિયમો બનાવતાં તે લોકબોલીથી ભિન્ન થતાં પ્રાકૃત બની. કાળાંતરે પ્રાકૃતનું પણ સાહિત્યિક ચોકઠું થતાં જન સમાજની રાજસ્થાની ભાષા - મતલબ જૂની રાજસ્થાની અગર ઉત્તરકાલીન અપભ્રંશની સીધી વારસદાર ડિંગળ બની. ડૉ. કનૈયાલાલ મુનશીના મંતવ્ય પ્રમાણે તે ગુર્જરી અપભ્રંશ બની જેને આગળ જતાં 'ડિંગળ' નામ અપાયું. અગાઉ ગુજરાત-

રાજસ્થાનનો કેટલોક ભાગ સાથે હતો. ડિંગળ ભાષામાં સાહિત્ય સર્જનનો શ્રેય ચારણોને જાય છે, મૂળ તો એ અપભ્રંશમાંથી જ આવી છે. ડિંગળનું વ્યાકરણ પિંગળના વ્યાકરણ કરતાં અઘરું છે. પિંગળમાં જેટલા છંદ છે તે તો ડિંગળમાં છે. ઉપરાંત ૬૪ જેટલા વધુ છે. ચારણોએ એને સાહિત્ય સ્વરૂપે વિકસાવી-પ્રાકૃતની અપભ્રંશ હોવાથી એના શબ્દો સ્વાભાવિકપણે તેમાં આવતા. ચારણી સાહિત્ય આ ભાષામાં જ વિકસ્યું અને નામાભિધાન પામ્યું છે.

અર્વાચીન ગુજરાતી ભાષા તો છેલ્લાં ચારસો-પાંચસો વરસોનો વારસો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતના ચારણો અને રાજકવિઓ જે તે પ્રદેશની લોકબોલીમાં બસો જેટલાં વરસોથી દુહાઓની રચના કરતા આવ્યા છે. એમાં ડિંગળ નહિવત્ છે. રાજકવિઓ તેમજ લોકકવિઓએ દુહામાં તેનો ઉપયોગ કર્યો છે. છંદમાં ડિંગળ ભાષા ચારણી સાહિત્યના પર્યાય તરીકે વહી આવી છે. પદ્મશ્રી કવિ દુલાભાઈ કાગ, રાજકવિ પીંગળશીભાઈ નરેલા, શંકરદાન દેથા વગેરેના દુહા ચોટદાર તેમજ લોકોનાં ચિત્ત વીંધે તેવા છે.

ગુજરાતની ભાષાના પ્રકાંડ પંડિત કે. કા. શાસ્ત્રીને આ ટાણે યાદ કરવા જ પડે, તેમણે નોંધ્યું છે કે, 'ચારણી સાહિત્યમાં પ્રાણરૂપ હોય તો દુહા સાહિત્ય છે. એ લોકમુખે સંઘરાતું આજદિન સુધી જીવંત રહેલ છે. ચારણો પાસે એમના ચોપડામાં મોજૂદ છે. આગલી લિપિને કારણે એ અન્યોના હાથે પ્રકાશમાં આવ્યું નથી. (જૂઓ : દુહો દશમો વેદ - દાન અલગારી - પાનાં ૩૩ થી ૩૬)'

દશમી સદીમાં તો 'પરમાત્મા પ્રકાશ' અપભ્રંશ ભાષાનો દોહરાનો જ ગ્રંથ બન્યો છે. ઈ.સ. ૧૩૦૫માં રચાયેલો પ્રબોધ ચિંતામણી ગ્રંથ જે મેરુતુંગે લખેલ છે. સંસ્કૃતમાં લખાયેલા હોવા છતાં તત્કાલીન ભાષાના દોહરા તેમાં છે.

''શારદા'' માસિકના તંત્રી અને વિદ્વાન સાહિત્યકાર ગોકુળદાસ રાયચૂરાએ ચારણી સાહિત્યને તેમના સામયિકમાં સ્થાન આપી વિદ્વદ ભોગ્ય બનાવ્યું છે.

''દુહાની રમઝટ'' નામના સંપાદિત ગ્રંથમાં ગોકુળદાસ રાયચૂરા લખે છે કે, ''કાઠિયાવાડ, કચ્છ, મારવાડ અને રાજપૂતાના દુહાની ખાણ છે. ચારણો એ રત્નખાણોના રક્ષક છે. આઠમી સદીથી માંડીને આજદિન સુધી એના રક્ષકની જવાબદારી ચારણોએ નિભાવી છે. દુહાનું સાહિત્ય ચારણોએ રક્ષ્યું છે. એટલું જ નહિં એમાં ઉમેરો કરવાનું માન એ શારદાપુત્રોને જ છે.''

ઝવેરચંદ મેઘાણી લખે છે કે, ''સંસ્કૃત ભાષા સાહિત્યના ધોમ મધ્યાહ્ને અપભ્રંશ દુહાઓએ કવિતાને સર કરી. અપભ્રંશ દુહાને ડિંગળ વાણી વધુ ભાવી (''ચારણો અને ચારણી સાહિત્ય'' ગ્રંથમાંથી દુહાની દુનિયા પ્રકરણ)''

મેઘાણીજીએ સંખ્યાબંધ આધારો આપી આપીને દુહાની પ્રાચીનતા બહાર લાવી છે.

''આવશ્યક સૂત્ર વૃત્તિ''માં હરિભદ્રસુરીજીએ (ઈ.સ. ૭૦૧-૭૭૧) અને ધવન્ય લોકમાં આનંદવર્ધને (ઈ.સ. ૮૫૫-૮૮૩) દુહાનો ઉપયોગ કર્યાનું ખૂલે છે.

આ પ્રાચીન માત્રામેળ છંદને ચારણી સાહિત્યે જીવંત રાખેલ છે. ચારણો, બારોટ, બ્રાહ્મણ, મીર વર્ગના કંઠે એનાં રખવાળાં થયાં.

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ આપેલ તારણ ત્વરિત ગળે ઊતરી જાય તેવું છે. ''દુહો એ પ્રાચીન ગુજરાતી રાજસ્થાનીનો મારુ-ગુર્જર સાહિત્યનો સુભાષિત છંદ છે. એક તરફ તે અપભ્રંશને સ્પર્શે છે અને બીજી તરફ અર્વાચીન ગુજરાતી-રાજસ્થાની સુધી સાતત્ય પામે છે. હજાર વર્ષ થયેલા શિષ્ટ સાહિત્યનો તે અંશ છે. મુક્તકની અભિવ્યક્તિનું મુખ્ય માધ્યમ છે.''

હરિવલ્લભ ભાયાણી જણાવે છે કે, આશરે છઠ્ઠી સદીથી શરૂ થઈ આજ સુધી દુહામાં રચનાઓ થઈ આવી છે.

જેમ સંસ્કૃતનો લાક્ષણિક છંદ અનુષ્ટુપ, પ્રાકૃતનો લાક્ષણિક છંદ ગાથા તે પ્રમાણે અપભ્રંશનો લાક્ષણિક છંદ દુહો છે.

વૈદિક કાળ પછીની સંસ્કૃત ભાષામાં પહેલા વહેલી અનુષ્ટુપ શ્લોક વાલ્મીકિએ લખ્યો. મહામોપાધ્યાય સ્વ. હરપ્રસાદ શાસ્ત્રીના ''બૌદ્ધગાન ઓ દુહામાં'' અપભ્રંશ વાળા દુહા મળે છે. જે નવમી-દસમી સદીથીયે જૂના હોવાનું માનવામાં આવે છે. રાહુલ સાંકત્યાયયનના મતે દુહો શક લોકોનો પ્રકાર હોઈ શકે, જૂના શિલાલેખ ઉપરના લખાણોમાં સહસ્ર મૂલ્યોની મિલકતો ચારણો વગેરેને આપ્યાનો ઉલ્લેખ છે, શક રાજાઓ અને ચારણોને સારા સંબંધો હતા. ખેતસિંહજી મીસણે એમના લેખમાં અનુમોદન આપ્યું છે.

**દુહાનું બંધારણ અને પ્રકાર**

ચારણી સાહિત્ય મોટે ભાગે માત્રામેળ છંદોમાં છે. ડિંગળનેય પોતાનું પિંગળ છે. માત્રાની ગણતરી ટૂંકમાં આપણે આ રીતે કરીએ છીએ. ''યમાતારાજભાનસલગા'' લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણાય છે. કવિવર જયકૃષ્ણદાસજીએ ''રૂપદીપ પિંગલ'' નામે છંદોનું બંધારણ આપેલ છે. તે જ રીતે કવિ દલપતરામે પણ ''દલપત પિંગળ'' રચ્યું છે. (લઘુ સંગ્રહ-સંપાદક લીંબડી રાજકવિ શંકરદાન દેથા.) દોહરા માટે કવિ દલપતરામે ૯ દોહામાં વ્યાકરણના નિયમો દર્શાવ્યા છે. (પાન-૭૩)

(૧) દુહામાં ચાર ચરણ હોય છે. બે પંક્તિ પૈકી પ્રથમ પંક્તિમાં ૨૪ માત્રા અને બીજી પંક્તિમાં પણ ૨૪ માત્રા મળી કુલ ૪૮ માત્રા થાય, પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩, ૧૩ માત્રા અને બીજા તેમજ ચોથા ચરણનાં અંતે પ્રાસ આવે છે.

(૨) જો દુહાને ઉલટાવવામાં આવે તો પ્રથમ અને ત્રીજા

ચરણમાં ૧૧ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૩, ૧૩ માત્રા થાય તેને ''સોરઠિયો દુહો'' કહેવાય.

(૩) તુંવેરી દુહોઃ મરસિયા સ્વરૂપનો આ દુહાને મધ્યમેળનો દુહો પણ કહે છે.

(૪) દોઢિયો દુહો : જેમાં ચાર ચરણને બદલે છ ચરણ હોય, પાંચમું અને છઠ્ઠું ચરણ ધ્રુવ કડી બની છે.

(૫) છકડિયો દુહો : છ પંક્તિનો આ દુહો પ્રથમ, બીજી અને છઠ્ઠી પંક્તિ દુહાનું માપ જાળવે છે. ત્રીજી, ચોથી અને પાંચમી પંક્તિ માપમાં અનિશ્ચિત છે.

દુમેળિયો દુહો : પ્રથમ ચરણમાં માત્રા મેળ, બાકીના ચરણોમાં મેળ બેસે નહિ. પ્રાસ પણ ન બેસે. આવા દુહા પણ બોલાય છે. ડિંગળમાં ઉપરોક્ત પાંચેય પ્રકારોમાં કોઈકના જુદાં જુદાં નામો છે.

**કેટલાક દુહાઓ ઉપર દૃષ્ટિ કરોઃ**

*સ્વર્ગથી સોહામણું, માનવીને મૃત્યુલોક;*
*બે ત્રણ વાતો દોહ્યલી જરા, મરણ ને વિયોગ. (૧)*

● ● ●

*એક તાણે બીજું ત્રાકવે, ઝડ લાગી નેણાં*
*જેડી પ્રીત સરાણિયા, તેડી નહિ રાણાં. (૨)*

(સરાણિયા લોખંડના હથિયારને ધાર કાઢે છે ત્યારે એક શારડી તાણે છે બીજું તે ગોળગોળ ફરતાં પથ્થરના ચકરડાને અડાડીને ચપ્પુ, કટાર જેવાં સાધનોની ધાર કાઢે છે ત્યારે જે તણખા ઝરે છે તે તણખાથી એ કામ કરતાં પુરુષ, સ્ત્રીનાં નયનોમાં જાણે પ્રણયના તણખા ઝબકે છે)

*આભ ફટે, ધર ઊલટે, કટે બગતરાં કોર;*
*તૂટે શિર, ધડ તડફડે, જદ છૂટે ઝાલોર. (૩)*

ઝાલોર (રાજસ્થાન) ઉપર દુશ્મન દળના આક્રમણ સમયે કોઈએ વાત વહેતી કરી કે, ''ઝાલોરનો કિલ્લો કબજે થયો'' ત્યારે ત્યાં હાજર ચારણ કવિએ યોદ્ધાઓમાં ખમીર રેડતો આ દુહો સંભળાવેલ. આભ ફાટે, ધરા ઉલટસૂલટ થાય, શૂરવીરોનાં બખતરોની કોર તૂટે, શીર કપાત, ધડ તડફડે, તો જ ઝાલોર જીતાય.

*આભાં ગડે, વીજાં ઝબે, મોરાં કરે મલ્લાર;*
*જગ બંધુ જીવાડવા, આવ્યો મેઘ ઉદાર. (૪)*

● ● ●

*કાઠિયાવાડમાં કોક દી, ભૂલો પડ્ય ભગવાન,*
*થાને મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા (૫)*

(પાલરવભા પાલીયા, લાલકા, તા. જસદણ)

● ● ●

ધાબળવર્ણી ધરણી, પાણીવાળો પટ;
મૂછાળાં ધાન નીપડે, વઢિયાર ધરાનો વટ. (૬)
(કવિ મોડદાન ઝુલા : વતન-તારોરા, તા. સમી)

(કવિએ સ્થાનિક નૈસર્ગિક કલ્પનાસભર દુહો રચ્યો છે. વઢિયારની ધરતીને તે પ્રદેશમાં ઓઢતા ધાબળાના રંગ જેવી તેમજ બળુકી ગણાવી છે. તે પ્રદેશમાં પાકતા બિન પિયત ઘઉંને મૂછાળું ધાન કહ્યું છે.)

*આણંદ કહે કરમાણંદા, મોટામાં જવું થોડું;*
*કામ કરાવે, ડૂંસ કઢાવે, પછી કહે ઓડું. (૭)*

● ● ●

*સગડી હોય સજાગ, સહુ કોઈ તાપે આવે;*
*ઓલાય જ્યાં આગ, ઈયાં ફેરો ન દે ફૂનડા. (૮)*

(કવિ કાનાભાઈ ગાંગડા : વરાણા, તા. : સમી)

● ● ●

*વય નાની અકલ ઘણી, ઉજળા જેના આચાર;*
*દે જે અમને દાતાર, એવું માનવી ઈશરા. (૯)*

● ● ●

*મૂળુ મૂછે હાથ, બીજો તલવારે શોભે;*
*હત જો ત્રીજો હાથ, નમત અંગ્રેજને. (૧૦)*

અર્વાચીનોમાં જોગીદાન ચડિયા, કવિ ઘનશ્યામ, પ્રવીણભા મધૂડા, ભગવતદાને કેટલાયે સ્વરચિત દુહાઓ વહેતા કર્યા છે. જોગીદાન ચડિયા તો સૂરજ ઉપર રોજ એક દુહો લોક સાગરના તીરે વોટ્સેપ ઉપર ફરતો કરે છે.

દુહાના કંઠોપકંઠ પ્રવાહ ઉપરથી અનેક આંધીઓ ઊડી ગઈ તેમ છતાં ચારણોની પેઢી દર પેઢીની જબાન થંભી નથી. આ સમયે તે હવે પુસ્તક સ્વરૂપે સચવાઈ રહ્યો છે. કેટલીયે હસ્તપ્રતોમાંથી તે બહાર આવ્યો નથી. રાજ્ય સરકાર દ્વારા પ્રારંભાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મેઘાણી કેન્દ્ર, રાજકોટ એ હસ્તપ્રતોને જીવંત કરી રહ્યું છે. આપણો મોંઘામૂલો વારસો જીવંત રહેશે.

દુહો બોલાતો આવ્યો છે અને યુગો તક બોલાતો રહેશે.

**સંદર્ભસૂચિ :**

૧. ચારણો અને ચારણી સાહિત્ય : ઝવેરચંદ મેઘાણી
૨. રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય : ડૉ. મોતીલાલ મેનારિયા
૩. દુહો દશમો વેદ : દાન અલગારી
૪. શારદા માસિકના અંકો : ગોકુળદાસ રાયચૂરા
૫. ચારણ કવિ ચરિત્ર : ખેતસિંહજી મીસણ
૬. લઘુસંગ્રહ : લીંબડી રાજકવિ શંદરદાન દેથા
૭. સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ : લક્ષ્મણભાઈ ગઢવી
૮. ઉર્મિ નવરચના સામાયિક : વિવિધ લેખો
૯. સ્વર્ગ ભુલાવું સામળા : ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. આંબાદાન રોહડિયા

*૩૭, શાકુંતલ બંગ્લોઝ,*
*સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.*
*મો. ૯૮૨૫૦૭૮૯૧૭*

# લાટની લાડકી સર્જક ત્રિપુટી : શતાબ્દી સ્મરણ


- પ્રસાદ બ્રહ્મભટ્ટ

૨૦૨૦નું વર્ષ અનેક દૃષ્ટિએ ઉલ્લેખનીય છે. ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો અનેક સાહિત્યકારોની જન્મ શતાબ્દીનું એ વર્ષ છે. ઉશનસ્, ઉપેન્દ્રરાય સાંડેસરા, ચંદ્રકાન્ત પંડ્યા, જયંત પાઠક, કવિ ડાહ્યાભાઈ બેરિસ્ટર, મોહનભાઈ શં. પટેલ વગેરે પૈકી મધ્ય ગુજરાતમાં જન્મીને દક્ષિણ ગુજરાત, લાટ પ્રદેશમાં સ્થાયી થયેલી બ્રાહ્મણ સર્જક ત્રિપુટીનું શતાબ્દી સંદર્ભે સ્મરણ કરવાનો ઉપક્રમ છે.

સૌ પ્રથમ સ્મરીએ ઉશનસ્‌ને 'ઉશનસ્' અને 'આરણ્યક' તખલ્લુસથી સાહિત્યસર્જન કરનાર નટવરલાલ કુબેરદાસ પંડ્યાનો જન્મ સાવલી (જિ. વડોદરા)માં ૨૮-૯-૧૯૨૦ના રોજ થયો હતો. વડોદરા કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવી સંસ્કૃત વિષય સાથે ૧૯૪૨માં બી.એ. અને ૧૯૪૫માં ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ પાસ થયા. ૧૯૪૭થી '૫૭ દરમિયાન નવસારીની ગાર્ડા કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી. ૧૯૫૭માં વલસાડની આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. એ જ કૉલેજમાં એમણે ૧૯૬૮થી '૮૦ સુધી આચાર્યની જવાબદારી નિભાવી. ૧૯૭૯માં તેઓ 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ બન્યા. ૧૯૯૧માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાયા હતા. સાહિત્ય સેવા માટે એમને ૧૯૫૯માં કુમારચંદ્રક, ૧૯૭૧માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૭૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૭૭માં (વ્યાકુલ વૈષ્ણવ માટે) સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર, ૧૯૮૧માં 'સ્પંદ અને છંદ' માટે ભારત સરકારનો વિશિષ્ટ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. એમના સમગ્ર સાહિત્યદર્શન માટે ૨૦૦૦માં ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર અને ૨૦૦૧માં નરસિંહ મહેતા પુરસ્કાર પ્રદાન થયા. ૬-૧૧-૨૦૧૧ના દિવસે વલસાડમાં તેમનો દેહાંત થયો.

**ઉશનસ્ અનુગાંધી યુગના અગ્રણી કવિ છે. એમનું કાવ્યસર્જન ૧૯૩૮-'૩૯થી શરૂ થાય છે. પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન'(૧૯૫૫)માં એમની કવિ પ્રતિભાનો રમ્ય ઉઘાડ જોવા મળે છે. એમાં પરંપરાનું અનુસંધાન હોવા છતાં કવિનો પોતીકો અવાજ સાંભળી શકાય છે**

ઉશનસ્ અનુગાંધી યુગના અગ્રણી કવિ છે. એમનું કાવ્યસર્જન ૧૯૩૮-'૩૯થી શરૂ થાય છે.પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન'(૧૯૫૫)માં એમની કવિ પ્રતિભાનો રમ્ય ઉઘાડ જોવા મળે છે. એમાં પરંપરાનું અનુસંધાન હોવા છતાં કવિનો પોતીકો અવાજ સાંભળી શકાય છે. બીજા સંગ્રહ 'નેપથ્યે' (૧૯૫૬)માં સંવાદલક્ષી કાવ્યો ગ્રંથસ્થ થયાં છે. 'અણુરહસ્ય' સિવાયની રચનાઓ પ્રાચીન કથાવસ્તુ પર અવલંબિત છે. 'મનોમુદ્રા' (૧૯૬૦) અને 'આર્દ્રા' (૧૯૬૧)માં ઉશનસ્‌ની કવિતાનો વળાંક જોવા મળે છે. આ સંગ્રહોમાં કવિનું પ્રયોગશીલ વલણ ડોકાતું જોઈ શકાય છે. 'તૃણનો ગ્રહ' (૧૯૬૪)તથા 'સ્પંદ અને છંદ' (૧૯૬૮)માં કવિની કાવ્યસમૃદ્ધિનો મોટો ફાલ મળે છે. તેમનો પ્રકૃતિપ્રેમ 'અશ્વત્થ' (૧૯૭૫)માં વૃદ્ધિ પામે છે. અન્ય સંગ્રહોની જેમ આ સંગ્રહમાં પણ સૉનેટોનું પ્રાચુર્ય જોવા મળે છે. 'કિંકિણી' (૧૯૭૧) ગીતસંગ્રહ છે, અને 'ભારતદર્શન' (૧૯૭૪) પ્રવાસ વિષયક સૉનેટોનો સંચય છે. 'રૂપના લય' (૧૯૭૬)માં બદલાયેલા કવિ મિજાજનો આહ્લાદક પરિચય પ્રાપ્ત થાય છે. 'વ્યાકુલ વૈષ્ણવ' (૧૯૭૭)નાં ૭૧ ગીતો કવિમાં રહેલા ભક્તનાં દર્શન કરાવે છે. 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે' (૧૯૭૯)માં કવિની વિદેશયાત્રાની અનુભૂતિઓ અભિવ્યક્ત થઈ છે. 'શિશુલોક' (૧૯૮૪) બાળકાવ્યોનો સંગ્રહ છે. 'આરોહ-અવરોહ' (૧૯૮૯)માં 'ઈન્દ્રેર્વશીય સંવાદ', 'અવતરણ' અને 'પાણ્ડુની પ્રેતોક્તિ' સૉનેટગુચ્છો સાંપડે છે. આ સંગ્રહ પછી ૧૯૯૬માં તેઓ ૨૭ સૉનેટની માળા 'પૃથ્વીગતિનો છંદોલય' પ્રગટ કરે છે. ૧૯૯૬માં તેમની 'સમસ્ત કવિતા' પ્રસિદ્ધ થાય છે જેમાં




'મારી પૃથ્વી', 'મારું આકાશ' અને 'મને ઈચ્છાઓ છે' નામક ત્રણ નવા સંગ્રહો પ્રથમવાર પ્રાગટ્ય પામે છે. ૧૯૯૬માં જ કવિની સામાજિક સંપ્રજ્ઞતાની કવિતાનો વિશિષ્ટ સંગ્રહ 'એક માનવીને લેખે' પ્રગટ થાય છે. 'રૂપ-અરૂપ વચ્ચે'નું પ્રકાશન વર્ષ ૧૯૯૫ છપાયું છે. પણ વાચકોના હાથમાં તો તે ૧૯૯૭માં આવે છે ! ૧૯૯૭માં કવિનો એક સંગ્રહ 'મારાં નક્ષત્રો' પ્રગટ થાય છે. ઈ.૨૦૦૦માં તેઓ 'શ્રી રામકૃષ્ણ દોહન દર્શન' પ્રગટ કરે છે. એ જ વર્ષે 'ઍક્સ્ટસી અને અછાંદસી' પણ પ્રગટ થાય છે.

ઉપર્યુક્ત સંગ્રહોમાં પ્રગટ થયેલી ઉશનસ્‌ની કવિતા ઈયતા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ સમૃદ્ધ છે. કવિએ એમના દીર્ઘ સર્જનકાળમાં પ્રકૃતિનાં વિવિધ અંગો પર વિપુલ રચનાઓ આપી છે. તેમનું ઘણું ઉત્તમ સર્જન આ વિષયની રચનાઓમાંથી મળે છે. 'સ્પંદ અને છંદ'માં મળતું 'અનહદની સરહદે'નું સૉનેટ ગુચ્છ નોંધપાત્ર છે. 'તૃણ અને તારકો વચ્ચે' રચનામાં અસ્તિત્વની અંદર અને બહાર સર્વત્ર 'તૃણ'નું વિભુ સ્વરૂપ પ્રગટ થાય છે. તૃણના ગુરુ પરથી તૃણ તથા તારકોની વચ્ચે પ્રવેશતા કવિ અનુભવે છે.

*હું તારકો ને તૃણની બીચોબીચ,*
*છું તારકો ને તૃણથી ખીચોખીચ.*

પ્રકૃતિ વિષયક રચનાઓમાં ઉશનસ્‌ની પ્રતિભાનો અનન્ય આવિર્ભાવ દૃષ્ટિગોચર થાય છે. નિત્ય નૂતનરૂપે પ્રગટતી વિશ્વ ચેતનાના સૌંદર્યને પામવાની ઉત્કટ કવિઝંખના આ કાવ્યોમાં અનુભવાય છે.

ઉશનસ્‌ની કાવ્યસૃષ્ટિમાં પ્રકૃતિ વિષયક રચનાઓના



વિભાગ જેવો માતબર વિભાગ છે માનનજીવનનો સંવેદનાઓ વિષયક રચનાઓનો. એને પ્રેમ વિષયક રચનાઓ કહી શકાય, કારણ કે તેમાં મુખ્યત્વે નારીપ્રેમ, કુટુંબપ્રેમ, વતનપ્રેમ અને પ્રભુપ્રેમની રચનાઓ પ્રાપ્ત થાય છે. આ રચનાઓમાં કવિહૃદયની ઊર્મિનો પ્રબળ ઉદ્રેક મુખ્યત્વે સીધા કથનવર્ણન દ્વારા તો ક્વચિત પ્રતીકો-કલ્પનો દ્વારા વ્યક્ત થયો છે. 'મને ઈચ્છાઓ છે' સંગ્રહની નામદાત્રી સૉનેટ રચનાનું સમાપન કવિ આ શબ્દોથી કરે છે :

હું પૃથ્વી, ના મારે ભવલયથી છૂટી સરી જવું,
હું માણું જન્મોમાં ઋતુપુલક, ફૂટી ખરી જવું.

ગુજરાત સાહિત્ય અકાદમીએ ઉશનસ્‌ને વર્ષ ૨૦૦૦નો ગૌરવ પુરસ્કાર ઍનાયત કર્યો એ નિમિત્તે હર્ષદ ત્રિવેદી ઉશનસ્‌નાં ગીતોનો સંગ્રહ 'વેદના એ તો વેદ'નામે સંપાદિત કરે છે જે ૨૦૦૧માં પ્રગટ થાય છે. એકાણું ગીતોના સંચયના સંપાદકીયમાં તેઓ દર્શાવે છે: 'આ ગીતોમાંથી પસાર થતાં ગીતકાર ઉશનસ્ સામેની બધી જ ફરિયાદો યથાતથ ઊભી રહે તો ય એમની પ્રખર સર્જકતા અને ભાવાવેગમાંની સચ્ચાઈ આપણને ભીંજવ્યા વિના, આર્દ્ર કર્યા વિના રહેતી નથી. ત્યાં જ એમની સર્ગશક્તિ અને કવિચેતનાનું સાર્થક્ય છે.' (પૃ.૨૦) એક ગીતમાં ઉશનસ્ 'કવિની કેફિયત' આપતાં કહે છે:

**ઉશનસ્‌ની પૂર્વકાલીન કવિતા સંદર્ભે અનેક અભ્યાસીઓએ એમની અનુચિત શબ્દ પસંદગીનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, 'તૃણનો ગ્રહ' પછી ઉત્તરોત્તર એમનો શબ્દ પરિમાર્જિત થતો રહ્યો છે**

વિસ્મયથી નવરો પડવા તો દેશો કે નહીં, યાર ?
હા, ભૈ હા, અમે ગમાર, ગામઠી, કબૂલ સત્તર વાર.

ઉશનસ્‌ની પૂર્વકાલીન કવિતા સંદર્ભે અનેક અભ્યાસીઓએ એમની અનુચિત શબ્દ પસંદગીનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, 'તૃણનો ગ્રહ' પછી ઉત્તરોત્તર એમનો શબ્દ પરિમાર્જિત થતો રહ્યો છે. તત્સમ, તદ્ભવ તથા તળપદા શબ્દોના વિપુલ શબ્દરાશિને કારણે ગમે તેવા સૂક્ષ્મ-સંકુલ, જટિલ સંવેદનને આકાર આપવામાં એમને ખાસ તકલીફ પડી નથી.

વિશિષ્ટ પ્રકારની પદાવલિ એમના છંદોલયને આગવી વક્રતા આપે છે. ઉત્તરકાલીન કવિતામાં તેઓ સમાસનિબદ્ધ શબ્દરૂપો લગભગ છોડી દે છે. હળવાશથી ફરફરતી સંવેદનાને તેઓ શબ્દના નાદગુણથી આંકી આપવાનો પ્રયાસ કરે છે. એને લીધે એમની પદાવલિ વર્ણધ્વનિગામી અને લયાન્વિત બને છે. અલંકાર, કલ્પન, પ્રતીક, પુરાકલ્પન જેવાં ઉપકરણોના ઉપયોગમાં ઉશનસ્ ઉલ્લેખનીય શક્તિ પ્રદર્શિત કરે છે. એમનું સંવેદનવિશ્વ સમૃદ્ધ છે અને એના આવિષ્કરણમાં એક અદમ્ય આવેગ છે. એટલે એની સાથે

સંવાદી બની આવતી રચના પ્રયુક્તિઓ કવિકર્મનો રમ્ય ઉલ્લેખ પ્રગટ કરે છે. એમનું પ્રકૃતિ, પ્રેમ કે સ્થાન વિષયક સંવેદન સૉનેટમાળખાઓમાં વિચાર્યું છે. વર્ણનમાં પણ તેઓ ઊર્મિને સામેલ કરે છે તેથી તેમની વર્ણનશક્તિ મૂલ્યવાન બને છે. એમની સંવેદનશિક્ત વર્ણાત્મકતા ગુજરાતી કવિતામાં વિરલ છે. પરંપરાગત કાવ્યરૂપો અને છંદોલયનો ઉપયોગ કરીને પણ એમણે અભિવ્યક્તિની સૂક્ષ્મતા સાધવાનો જે પ્રયત્ન કર્યો છે તે પ્રશસ્ય છે.

'સદ્‌માતાનો ખાંચો' (૧૯૮૮)ને ઉશનસ્‌ વતનની સ્મૃતિકથા તરીકે ઓળખાવી છે. લેખકે 'નિવેદન'માં દર્શાવ્યું છે તેમ ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૬૮ સુધીનાં આડત્રીસ વર્ષોની આ સ્મૃતિકથા તેમના વતન સાવલીના સદ્‌માતાના ખાંચામાં સ્થિત ઘરને કેન્દ્રમાં રાખી લખાઈ છે. જીવનના ઉઘાડથી આરંભાયેલી આ કથા અંતે મૃત્યુની હયાતી કબૂલી વિરમે છે.


ઉશનસ્‌ પાસેથી ૧૯૯૭માં 'વગડો' નામક લઘુનવલ સાંપડે છે. બાર પ્રકરણોમાં વિભક્ત આ લઘુનવલના કેન્દ્રમાં વન, વગડો છે અંતિમ પ્રકરણનું શીર્ષક અને કૃતિને અંતે આવતું કાવ્ય કથે છે તેમ માત્ર વન જ વગડો નથી, મન પણ વગડો છે. ઉશનસ્‌ મોટા ગજાના કવિ હોવાથી આ લઘુનવલમાં પણ પ્રતીક કલ્પન વગેરે પ્રયુક્તિઓનો સફળતાપૂર્વક વિનિયોગ કરે છે. એ ઉપરાંત સ્વપ્ન અને પત્રનો પણ વિશિષ્ટ વિનિયોગ કરે છે. આ કૃતિ દ્વારા ગુજરાતી કથાસાહિત્યને એક રમ્ય મનોહર વિરલ વગડાઉ કથા સાંપડી છે.

**'સદ્‌માતાનો ખાંચો' (૧૯૮૮) ને ઉશનસે્‌ વતનની સ્મૃતિકથા તરીકે ઓળખાવી છે. લેખકે 'નિવેદન'માં દર્શાવ્યું છે તેમ ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૬૮ સુધીનાં આડત્રીસ વર્ષોની આ સ્મૃતિકથા તેમના વતન સાવલીના સદ્‌માતાના ખાંચામાં સ્થિત ઘરને કેન્દ્રમાં રાખી લખાઈ છે**

ગદ્ય ક્ષેત્રે સ્મૃતિકથા અને નવલકથા આપ્યા પછી ઉશનસ્‌ ઈ. ૨૦૦૧માં 'ડોશીની વહુ અને બીજાં એકાંકીઓ' આપે છે. સંગ્રહની પાંચ પૈકી 'ડોશીની વહુ' અને 'પંતુજી' જેવાં એકાંકીઓ સાહિત્ય કૃતિ તરીકે ઉલ્લેખનીય બન્યાં છે. અન્ય એકાંકીઓમાં નાટ્યાત્મકતાનો અભાવ અનુભવાય છે. ઈ.સ. ૧૯૯૮માં ઉશનસ્‌ બાવીસ હાસ્યનિબંધોનો સંગ્રહ 'હળવાશની ક્ષણોમાં' પ્રગટ કરે છે. સંગ્રહ તેમની સર્જકશક્તિનું એક નવીન, અનોખું પાસું પ્રકાશિત કરે છે. આ નિબંધિકાઓ એક બુદ્ધિપૂત સર્જકની રચનાઓ છે એ તરત ધ્યાનમાં આવે છે. તેમનું હાસ્ય સ્થૂળ કરતાં સૂક્ષ્મ વધુ છે.

ઉશનસે્‌ વિવેચન ક્ષેત્રે પણ ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે. 'બે અધ્યયનો' (૧૯૫૨)માં એમણે ઉમાશંકર જોષી કૃત 'પ્રાચીના' અને રા.વિ. પાઠક રચિત 'શેષનાં કાવ્યો'ની સમીક્ષા કરી છે. 'રૂપ અને રસ' (૧૯૬૫)માં સિદ્ધાંત વિવેચક, પ્રવાહદર્શન, અવલોકનો ને આસ્વાદ લેખો સંગ્રહિત થયાં છે. 'ઉપસર્ગ' (૧૯૭૩)માં મળતું ગદ્યસાહિત્યનું વિવેચન અને ઉમાશંકર જોશી વિષયક ત્રણ લેખોમાં પ્રાપ્ત થતું મૂલ્યાંકન ઉલ્લેખપાત્ર છે. 'મૂલ્યાંકનો' (૧૯૭૯)માં એમની સહૃદય સાહિત્યદષ્ટિના પરિચાયક એવા મુખ્યત્વે કવિતા ને નવલકથા વિષયક અભ્યાસલેખો સાંપડે છે. છ દાયકાથી વધુ સાહિત્ય સાધના પછી ઉશનસ્‌ પાસેથી બાવીસેક કાવ્યસંગ્રહો, એક લઘુનવલ, એક સ્મૃતિકથા, એક એકાંકી સંગ્રહ, એક હાસ્યલેખોનો સંચય અને પાંચ વિવેચન સંગ્રહો પ્રાપ્ત થયાં છે. તેમણે પોતાની સર્જકતાનો પૂરો હિસાબ આપી દીધો છે. વિવિધ રૂપોમાં પ્રગટેલી તેમની સર્જકતાનું રૂપ મૂળભૂતપણે કવિનું છે, એ જોઈ શકાય છે. ગુજરાતી સાહિત્યના સર્વકાલીન શ્રેષ્ઠ કવિઓની પંક્તિમાં બેસવાના તેઓ અધિકારી છે.

ઉશનસ્‌ના મસિયાઈ ભાઈ જયંત હિંમતલાલ પાઠકનો જન્મ પંચમહાલ જિલ્લાના મોઢ (રાજગઢ)માં ૨૦-૧૦-૧૯૨૦ના રોજ થયો હતો. તેઓ સૂરતની એમ.ટી.બી. કૉલેજમાંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે ૧૯૪૩માં બી.એ. અને એ જ વિષયો સાથે ૧૯૪૫માં વડોદરા કૉલેજમાંથી એમ.એ. પાસ થયા. ૧૯૬૦માં '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકાઃ તેનાં પરિબળોને સિદ્ધિ' વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૫૩થી નિવૃત્તિ પર્યંત તેઓ સૂરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહ્યા હતા. ૧૯૫૭માં તેમને કુમારચંદ્રક, ૧૯૭૬માં નર્મદ સુવર્ણચંદ્રક તથા ૧૯૭૬માં



રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. ૧૯૮૨-૮૩નું ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક અને ૧૯૭૪ નો સોવિયેત દેશ નહેરુ ઍવૉર્ડ એમને અર્પણ થયાં. ૧૯૭૯માં એમના કાવ્યસંગ્રહ 'અનુનય' માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર મળેલો. ૧૯૯૦-૯૧નાં વર્ષો દરમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તા. ૧-૯-૨૦૦૩ના રોજ તેમનું અવસાન થયું.

જયંત પાઠક રાજેન્દ્ર-નિરંજન યુગના પણ પોતાની નિરાળી ચાલ ચાલનાર સમર્થ કવિ છે. 'મર્મર' (૧૯૫૪), 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૯૭૫), 'અનુનય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮) અને 'બે અક્ષર આનંદના'(૧૯૯૨) એમના કાવ્યસંગ્રહો છે. ઈયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ એમની કવિતા ઉશનસની કવિતાની હરીફાઈ કરી શકે એમ છે. બંનેના કાવ્યવિષયો તથા તે પ્રત્યેનો અભિગમ લગભગ સમાન છે. જયન્તમાં ઉશનસ્ કરતાં આવેગને બળકટપણું ઓછું છે પણ બીજી બાજુએ સમાર્જન વિશેષ છે. 'સંકેત', 'અંતરીક્ષ' અને 'અનુનય'માં કવિનું પ્રયોગકૌશલ જોવા મળે છે. છંદોબદ્ધ કાવ્યોમાં ધારી સફળતા મેળવીને કવિએ પ્રયોગોની દિશામાં ઝંપલાવ્યું છે અને છેલ્લા ત્રણ ચાર સંગ્રહોમાં કવિ તરીકેનો પોતાનો વિકાસ સિદ્ધ કરી બતાવ્યો છે. વિષયની દૃષ્ટિએ પ્રેમ અને પ્રકૃતિ એમના મુખ્ય કવન વિષયો છે. આ ઉપરાંત આધ્યાત્મિક અભિગમની, વ્યક્તિવિશેષને ઉદ્દેશી રચાયેલ, કવિતાવિષયક, ચિંતનપ્રવણ રચનાઓ પણ ઠીક ઠીક સંખ્યામાં સાંપડે છે.

**જયન્તની પ્રેમકવિતામાં સ્ત્રીપુરુષ પ્રેમ, વતનપ્રેમ, ભૂમિપ્રેમ એમ અનેક પ્રકારના પ્રેમનો સમાવેશ થાય છે. પ્રેમને કવિએ સીમિત અર્થમાં નથી લીધો. એમની પ્રેમાનુભૂતિ ગહન અને વ્યાપક છે**

જયન્તની પ્રેમકવિતામાં સ્ત્રીપુરુષ પ્રેમ, વતનપ્રેમ, ભૂમિપ્રેમ એમ અનેક પ્રકારના પ્રેમનો સમાવેશ થાય છે. પ્રેમને કવિએ સીમિત અર્થમાં નથી લીધો. એમની પ્રેમાનુભૂતિ ગહન અને વ્યાપક છે. પ્રેમનાં ઘણાં રહસ્યો કવિએ સહજતાથી ઉદ્‌ઘાટિત કર્યાં છે. 'પ્રિયજનની પગલીઓ'ની મધુર ઉત્પ્રેક્ષા આસ્વાદ્ય છે : 'પ્રિયજનની પગલીઓ જાણે વનફૂલની ઢગલીઓ!' 'સપ્તક' સાત મુક્તકોની માળા છે. મુક્તક-રચનામાં જે ચોટ ચમત્કૃતિની અપેક્ષા રહે છે તે જયન્ત મહદંશે સાધી શકતા નથી. અલબત્ત અનવદ્ય કહી શકાય એવું એક પાણીદાર મુક્તક પણ તેમની પાસેથી મળ્યું છે જેમાં ઉક્તિલાઘવની શક્તિ સુપેરે વ્યક્ત થઈ છે:

**મને જિંદગી ને મરણની ખબર છે:**

કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે. કવિની જીવન વિશેની સમજ કેવી તો વ્યાપક છે. તે આ લઘુ મુક્તક સુપેરે દર્શાવે છે. આવી વ્યાપક સમજ ધરાવનાર કવિ જ વ્યક્તિપ્રીતિમાંથી સરળતાથી માનવપ્રીતિમાં સરકી શકે. ગીતોમાં કવિ સાહજિકતા સિદ્ધ કરી શક્યા છે:

*પ્રીત કરે તે જાણે*
*ધરતીમાં હળ ફેરવનારો ગંધ માટીની માણે.*

સ્વાભાવિક રીતે જ આવી ગયેલું આ દૃષ્ટાંત કેટલું બધું અર્થસભર અને વ્યંજનાની ત્રિજ્યાઓને વિસ્તારનારું છે એ તરત ખ્યાલમાં આવશે. પ્રણયના પ્રથમ અંકુરથી માંડીને સ્વજનના મૃત્યુ સુધીની પ્રેમલીલા અનુભવ્યા પછી પણ 'પ્રીતિનું સ્વરૂપ' સમજાય ખરું? આપણને જે અનુભવ થયો તે જ સાચો એમ કહી શકાય? કવિ પૂછે છે:

*પ્રીતિનું આ જ રૂપ-જેવું અનુભવાય?*
*દે કોણ ઉત્તર, બધાય નહીં તણાય!*

આવો સંકુલ પદાર્થ છે પ્રેમ. તેને પૂરેપૂરો પામવો સરળ નથી.

જયન્તની કવિતાનો બીજો નોંધપાત્ર ઉન્મેષ પ્રગટ્યો છે. પ્રકૃતિકવિતામાં પ્રેમની અનુભૂતિ કરતાં પણ એમની પ્રકૃતિની અનુભૂતિ વધારે ગાઢ હોવાની છાપ પાડે છે. કવિ વનાંચલનું સંતાન છે. વનાંચલનો સમગ્ર અસબાબ એમની પ્રકૃતિ કવિતામાં સાંગોપાંગ પ્રગટી શક્યો છે. સંખ્યા દૃષ્ટિએ તો કદાચ પ્રેમકાવ્યો કરતાં પણ પ્રકૃતિકાવ્યો વધુ હશે. એટલું જ નહિ, એમનો કવિ તરીકેનો વિશેષ પણ જેટલો પ્રકૃતિ કવિતામાં પ્રગટ્યો છે તેટલો બીજા કોઈ વિષયની કવિતામાં પ્રગટી શક્યો નથી. 'સાગરતટે' શેક્સપિયરરાઈ સૉનેટ છે. પ્રથમ ચતુષ્કમાં કવિ સમુદ્રની શાંત સપાટીનું તથા આસપાસની શાંતિનું આલેખન કરી પછીના ચતુષ્કમાં ગતિનું વર્ણન કરે છે. સૉનેટની અંતિમ બે પંક્તિઓ સમગ્ર ચિત્રને ભવ્યતાનો સ્પર્શ કરાવે છે:

*પ્રસન્ન નભ ને ધરા, ઉભય મધ્ય હું સ્મિત શો!*
*પ્રસન્ન પરમેશના ઉભય ઓષ્ઠના સ્મિત શો!*

પૃથ્વી અને આકાશ એ પરમેશના વિરાટ ઓષ્ઠ ને તેની વચ્ચે અંકાયેલા સ્મિત જેવો કવિકલ્પનાની તાજગી અને ભવ્યતા જયન્તના કવિત્વનો આહ્‌લાદક ઉન્મેષ પ્રગટ કરે છે. કવિના વ્યક્તિત્વની ઓળખ માટે 'આનંદ' છે. કૃતિ મહત્ત્વની છે. કવિ વનાંચલનું સંતાન છે તેથી તેમને વનપ્રિય છે અને શહેરમાં વસે છે તેથી તે પણ તેમને ગમે છે. આ બંનેના - સંસ્કાર અને વન્યતાના-આનંદનો સ્વીકાર કરતાં કવિ કહે છે:

*આનંદ છે : સંસ્કારથી હું ધન્ય,*
*આનંદ છે : થોડો રહ્યો છું વન્ય!*

પ્રેમ અને પ્રકૃતિ ઉપરાંત કવિએ કેટલાક અન્ય વિષયો પર પણ કલમ ચલાવી છે. આધ્યાત્મિક અભિગમવાળી રચનાઓ 'મર્મર'માં સવિશેષ છે. કવિએ કેટલીક ચિંતનપ્રવણ રચનાઓ પણ કરી છે. આવી રચનાઓમાં જન્મદિવસ નિમિત્તે કરાયેલ કેટલાંક કાવ્યો નોંધપાત્ર છે. કવિએ છેલ્લા ચારપાંચ સંગ્રહોમાં સારી એવી સંખ્યામાં અછાંદસ રચનાઓ આપી છે. આ સ્વરૂપમાં પણ કવિએ સિદ્ધિ મેળવી છે.

જયન્તની કવિતામાં ઉધાર પાસું નાનું છે, જમા પાસું મોટું છે. જેમના સમગ્ર કાવ્યરાશિને અવલોકતાં તેમની કવિતા વિશે કેટલાક નિષ્કર્ષો તારવી શકાય એમ છે. 'મર્મર'થી 'શૂળી ઉપર સેજ' સુધી આવતાં પહેલી છાપ એ પડે કે જયન્ત મોટા ગજાના કવિ છે, સતત પરિવર્તનશીલ કવિ પણ છે. કાવ્યસ્વરૂપો, કાવ્યવિષયો, અભિવ્યક્તિની રીતિએ- એ બધી બાબતોમાં આવેલું પરિવર્તન પર ધ્યાન આકર્ષે છે. ઉશનસ્ કરતાં જયન્તમાં નવાં નવાં સાહસો કરવાનું વલણ વિશેષ છે. ગીત અને ગઝલ જેવાં પરંપરિત સ્વરૂપોમાં પણ અભિવ્યક્તિ પરત્વે કવિએ પ્રયોગશીલ અભિગમ અપનાવ્યો છે એ જોઈ શકાય છે. પ્રયોગો તરફ કવિની દૃષ્ટિ હોવા છતાં પરંપરાનો વિચ્છેદ તેઓ નથી કરતા. જે સિદ્ધ થઈ ચૂક્યું છે તેનો લાભ તેઓ લે છે જ, પણ તેનાથી સંતુષ્ટ થઈ બેસી રહેતા નથી, નવી નવી સિદ્ધિઓ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

**પ્રેમ અને પ્રકૃતિ ઉપરાંત કવિએ કેટલાક અન્ય વિષયો પર પણ કલમ ચલાવી છે. આધ્યાત્મિક અભિગમવાળી રચનાઓ 'મર્મર'માં સવિશેષ છે. કવિએ કેટલીક ચિંતનપ્રવણ રચનાઓ પણ કરી છે. આવી રચનાઓમાં જન્મદિવસ નિમિત્તે કરાયેલ કેટલાંક કાવ્યો નોંધપાત્ર છે**

જયન્ત પાઠકે વતનનાં સંસ્મરણોને આલેખતી ગદ્યકૃતિઓ 'વનાંચલ'(૧૯૬૭) તથા 'તરુણ'(૧૯૬૮), આપી છે. શૈશવનાં સ્મરણો સાથે વતનપ્રેમની માધુરીનો સુભગ સમન્વય સાધતી સંવેદનકથા 'વનાંચલમાં પંચમહાલની અલ્લડ પ્રકૃતિમાં વસેલા અને નગરની અક્કડ અડાબીડમાં વસેલા નાયક અને લેખક વચ્ચેનો સંવેદનસંઘર્ષ રસપ્રદ રીતે રજૂ થયો છે. કવિત્વમય આસ્વાદ્ય બળકટ ગદ્ય 'વનાંચલ'ને ઊર્મિ કાવ્યક્ષમ શૈશવકથા બનાવે છે. 'તરુરાગ' વાસ્તવમાં 'વનાંચલ'માં દૃષ્ટિગોચર થતા પ્રકૃતિરાગનો જ સ્વૈરવિસ્તાર છે. એનું સ્વરૂપ નિબંધનું છે. એમાં નિબંધની ચુસ્તી જોવા મળે છે. પણ 'વનાંચલ' જેવી તાજગીનો અનુભવ એમાં થતો નથી.

સર્જનની સાથે સાથે શ્રી પાઠકે સ્વસ્થ, સમતોલ અને વિવેકપૂર્ણ વિવેચન પણ કર્યું છે. તેમણે પીએચ.ડી.ના અભ્યાસ નિમિત્તે લખેલ મહાનિબંધ 'આધુનિક કવિતા પ્રવાહ'(૧૯૬૫) નામે પ્રગટ થયો છે. સુંદરમે 'અર્વાચીન કવિતા'માં સો વર્ષની ગુજરાતી કવિતાનો અભ્યાસ રજૂ કર્યો છે. જયન્તે સુંદરમ્‌ના કામની પૂર્તિ કરી છે. એમણે મુખ્યત્વે ગાંધીયુગની ગુજરાતી કવિતાની સર્વાંગી સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો છે. 'આલોક'(૧૯૬૬) અને 'ભાવયિત્રી'(૧૯૭૪) એમના વિવેચન સંગ્રહો છે. આ લેખોમાં એમણે કેટલાક સર્જકો અને એમની રચનાઓની સમીક્ષા કરી છે તથા થોડીક સૈદ્ધાંતિક વિચારણા પ્રસ્તુત કરી છે. એમણે આપેલાં વસનજી ઠક્કુર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો 'વંસતધર્મી'નું વિદ્યામધુ (૧૯૮૫) પુસ્તકમાં પ્રગટ થયાં છે. 'કિમપિદ્રવ્યમ'(૧૯૮૭) વિવેચનસંગ્રહ છે. 'ટૂંકીવાર્તા : સ્વરૂપ અને સાહિત્ય'(૧૯૬૭) એમણે અન્ય સાથે લખેલું પુસ્તક છે. એમાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ, વિકાસ અને ધૂમકેતુ, દ્વિરેફ તથા સુંદરમ્‌ના વાર્તાસંગ્રહોની વિસ્તૃત સમીક્ષા સાંપડે છે. 'ઝવેરચંદ મેઘાણી : જીવન અને સાહિત્ય' (અન્ય સાથે, ૧૯૬૮) તથા 'રામનારાયણ વિ. પાઠક : સર્જક અને વિવેચક' (૧૯૭૦) સર્જકલક્ષી સ્વાધ્યાયગ્રંથો છે. કેટલાંક ગુજરાતી અને કેટલાંક અન્ય ભાષાનાં કાવ્યોના આસ્વાદનું પુસ્તક 'કાવ્યલોક'(૧૯૭૩) તેમણે આપ્યું છે. 'ભાવચિત્ર' (૧૯૭૪), 'ગુજરાતી ઊર્મિકાવ્યો'(૧૯૮૩) વગેરે એમનાં સંપાદનો છે. રમણ પાઠક સાથે એમણે 'ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ'(૧૯૫૭)નો અનુવાદ આપ્યો છે. આ ઉપરાંત તેમણે સ્વતંત્ર રીતે 'ધીરે વહે છે દોન'(૧૯૬૧), 'ક્રાંતિની કથા'(૧૯૭૮) વગેરે અનુવાદો પણ આપ્યા છે.

આમ, ગાંધીયુગમાં જન્મેલા જયંત પાઠકે અનુગાંધીયુગ, આધુનિક અને આધુનિકોત્તરયુગમાં સાહિત્યસર્જન કરી, પૂરતી પ્રયોગશીલતા દાખવી, ગદ્ય અને પદ્ય ઉભયક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરી મોટા ગજાના સાહિત્યકાર તરીકે પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

લાટની સર્જક ત્રિપુટીમાં સ્થાન પ્રાપ્ત કરનાર ત્રીજા સર્જક ચંદ્રકાન્ત જેઠાલાલ પંડ્યાનો જન્મ ૩૧-૮-૧૯૨૦ના રોજ ખેડા જિલ્લાના ઘોડાસર મુકામે થયો હતો. ૧૯૪૦માં મેટ્રિક થઈ તેમણે ૧૯૪૪માં મુંબઈ યુનિવર્સિટીની ટી.ડી. ની ડિગ્રી મેળવી હતી. વળી ધરમપુર(જિ. વલસાડ)ના રાજઘરાણાના સંગીતજ્ઞ પ્રભાતદેવજી પાસેથી તેમણે સંગીતની તાલીમ પણ પ્રાપ્ત કરી હતી. ૧૯૪૪માં હાલોલની એમ. એસ. હાઈસ્કૂલમાં તેઓ શિક્ષક તરીકે જોડાયા. એ પછી ૧૯૪૯થી ૧૯૭૮ સુધી તેમણે નવસારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરેલું. નવસારી માધ્યમિક શિક્ષક સંઘના મંત્રી

તરીકે પણ તેમણે સેવા આપેલી. ૧૩-૧૦-૨૦૦૧ના રોજ તેમનું નિધન થયું હતું.

ચંદ્રકાન્ત પંડ્યાની સ્મૃતિકથા ૧૯૬૫માં 'જવાળા અને જ્યોત' શીર્ષકથી પ્રગટ થયેલી. એ રાજ્ય સરકારનો શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ એનાયત થયેલો. આ કિશોરકથા પછીથી 'બાનો ભીખુ' નામથી પ્રકાશિત થઈ. અનેક યુનિવર્સિટીઓમાં તે પાઠ્યપુસ્તક બનવાથી તેની અનેક આવૃત્તિઓ થઈ. ૧૯૯૭માં તેનો હિન્દી અનુવાદ પ્રગટ થયો અને તેનો બીજો ભાગ પણ 'ઈન્દિમૌલિ' માસિકમાં હપ્તાવાર પ્રગટ થયો. 'બાનો ભીખુ' માંથી ચોપડાની ઈન્દ્રજાળની ઉત્તમ ગદ્ય તરીકે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થયેલી.

**ચંદ્રકાન્ત પંડ્યાની સ્મૃતિકથા ૧૯૬૫માં 'જ્વાળા અને જ્યોત' શીર્ષકથી પ્રગટ થયેલી. એ રાજ્ય સરકારનો શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ એનાયત થયેલો. આ કિશોરકથા પછીથી 'બાનો ભીખુ' નામથી પ્રકાશિત થઈ.**

'બાનો ભીખુ'માં કુટુંબપ્રેમ, વતનપ્રેમ, જૂનાને નવા જમાનાનો સંધિકાળ, ગાંધીયુગીન સહાનુભૂતિ અને પ્રબોધ, એક નાના અને જૂના રજવાડાનું મુગ્ધતા ને ટીકાવૃત્તિ બેઉ તાણાવાણાથી એક ભાતીગળ વસ્ત્ર વણાયું છે. લેખકનાં અવલોકનો ઝીણાં ને વાસ્તવિક છે, વર્ણનોને વ્યક્તિચિત્રો હૃદયંગમ છે. વત્સલ પણ રોષમૂર્તિ પિતાજી ને નિતાંત વત્સલતાની મૂર્તિ બા પાર્વતી, સહૃદય ને શુભેચ્છક શિક્ષકો, મરાઠા, મુસ્લિમ અને રાજપૂત એવા વિવિધ કોમના મિત્રો, ભલાભોળા પણ દેવાદાર ગણોતિયા આદિવાસી ખેડૂતોનાં વ્યક્તિચિત્રો સમર્થ કલમે આલેખાયાં છે. એમાંય વાત્સલ્યમૂર્તિ બાનું મંગલ ચિત્ર 'જગન્માતા' પ્રકરણમાં કાવ્યની કોટીએ પહોંચી શક્યું છે. પિતાની માંદગી ને મરણનું વર્ણન 'નાલાયક' ને 'કપૂત' પુસ્તકોમાં સત્યનિષ્ઠાથી થયું છે. પ્રસંગવર્ણનોમાં તથા પ્રકૃતિવર્ણનોમાં લેખક ખીલે છે. વ્યક્તિચિત્રો અને વર્ણનોમાં વાગ્વૈભવ દર્શાવનાર લેખકની પોતાની મુદ્રા પણ સુપેરે ઊપસી આવી છે. લેખકની શૈલી નિરાંડબરી સરળ છતાંય આકર્ષક છે. લેખક સભાન શૈલીકાર નથી. શૈલીનું એમને સંવર્ધન કરવું પડતું નથી. શૈલી એમને સહજ રીતે વરી છે. કૃતિમાં જ્યાં અનુભવની ચોટનું દર્દ આપોઆપ પ્રગટ થઈ ગયું છે ત્યાં શૈલી, સંવેદન અને સૌહાર્દનો ત્રિવેણીસંગમ થઈ ગયો છે. એક સામાન્ય મનુષ્યના કિશોરાવસ્થાના પ્રસંગો મહદંશે સામાન્ય જ હોય. એમાંથી રસનિષ્પત્તિ કરવી કપરી છે. શ્રી પંડ્યાએ આ કઠિન કાર્ય સહજ રીતે સિદ્ધ કર્યું છે. આ સ્મરણયાત્રા આપણી અલ્પ આત્મચરિત્રાત્મક સાહિત્યસમૃદ્ધિમાં મૂલ્યવાન ઉમેરારૂપ બની શકી છે.

નવસારીને પોતાની કર્મભૂમિ બનાવનાર શ્રી પંડ્યાએ ત્યાં નવચેતન સાહિત્ય મંડળની સ્થાપના કરી સાહિત્યિક પ્રવૃત્તિઓ કરેલી અને ૧૯૯૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૭મા જ્ઞાનસત્રનું આયોજન પણ કરેલું. વિદેશયાત્રા કર્યા પછી તેમણે ૧૯૭૫માં યુરોપનું પ્રવાસવર્ણન 'સુદામે દીઠી દ્વારામતી' નામે, આફ્રિકાનું પ્રવાસવર્ણન ૧૯૮૫માં 'ઘડીક સંગશ્યામ રંગનો' તથા ૧૯૮૭માં અમેરિકા પ્રવાસવર્ણન 'વસાહતીઓનું વતન' શીર્ષકથી પ્રગટ કરી ગુજરાતી પ્રવાસસાહિત્યમાં પણ પ્રદાન કર્યું છે. તેઓ સરકારમાન્ય પત્રકાર પણ હતા અને વલસાડ ડિસ્ટ્રિક્ટ જર્નાલિસ્ટ એસોસિએશનના પ્રમુખ પણ બન્યા હતા. ૧૯૭૨થી ૮૨ સુધી ગુજરાત સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી કારોબારીના સભ્ય પણ રહેલા. નવસારીના સામાજિક કાર્યકર તરીકે તેમણે સેવા પ્રવૃત્તિ પણ પ્રસંગોપાત કરી હતી.

સર્જકે ત્રિપુટી પૈકી ઉશનસ્ અને જયન્તભાઈ કોલેજમાં પ્રાધ્યાપક હતા જ્યારે ચંદ્રકાન્ત સ્કૂલમાં શિક્ષક હતા. સાહિત્ય અને શિક્ષણથી પરસ્પર સંકળાયેલા આ ત્રણે મિત્રો હતા. ૧૯૪૦ની આસપાસ ત્રણેના મૈત્રીસંબંધો શરૂ થયેલા. તેમના અર્ધી સદીના મૈત્રીસંબંધોની ઉજવણી પણ કરવામાં આવેલી. લાટની આ લાડકી સર્જકત્રિપુટીને શતાબ્દી પર્વે સાદર સ્મરીએ એ જ આપણી અલ્પ શ્રદ્ધાંજલિ.

*૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,*
*ટાગોર માર્ગ, વેજલપુર,*
*અમદાવાદ-૩૮૦૦૫૧*
*મો. ૯૯૨૫૧૫૯૭૫૧*

# લોકસાહિત્યમાં ઝિલાયેલો પ્રકૃતિનો પ્રભાવ

*- દોલત ભટ્ટ*

જનજીવન પર પ્રકૃતિનો પ્રભાવ પડ્યો તે લોકસાહિત્યમાં કેવી રીતે ઝિલાયો તેનો પ્રારંભ કયા સમયથી થતો દર્શાવ્યો છે.

બ્રહ્મમુહૂર્ત પછીનો સમય પ્રભાત સૂર્યનું પ્રથમ કિરણ ફૂટું ફૂટુ થઈ રહ્યું હોય જેને લોક બોલીમાં 'મોંસુઝણું' થવા આવ્યું હોય તે સમયથી ગણી શકાય જેમ કે,

***સુરજ ઊગ્યો કેવડીઆની ફણશે***
***કે વાણલા ભલા વાયા***
***જાગો જશોદાના નંદ***
***કે વાણલા ભલા વાયા.***

કેવડાના વૃક્ષ તરફનો અનુરાગ દર્શાવતો આપણે સાંભળી શકીએ છીએ.

જનસમાજે એક સમયમાં વૃક્ષોને ભરપૂર પ્રેમ કર્યો હતો. એનો કેટલો પ્રબળ પ્રભાવ હતો તેનો ભાવ આપણને આ રચનામાંથી મળે છે.

***પરગજુ પારસ પીપળો,***
***અને અન્ય રચનામાં ગવાયું છે કે,***
***પીપળાના પાંદડે પ્રભુ પોઢ્યા***
***એટલે હું પીપળપાન નહીં તોડું***

ભક્તિ પૂર્વ ભાવુકતા આપણને મળે છે.


એ જ રીતે પુષ્પપ્રેમની પરાકાષ્ઠા સાંભળવા મળે છે.તેમા વેણી, ગજરા, પુષ્પમાળા પુષ્પ બાજુબંધ પુષ્પહાર, ફૂલછાબ, ચંદન અગર પ્રત્યેક પ્રસંગે પ્રકૃતિની અણમૂલ દેન સમા પુષ્પો સદાને માટે જનસમૂહના સહયોગી રહ્યા છે.

વસંતને પણ વહાલથી વધાવી છે. ઋતુરાજ વસંત એટલે પુષ્પોનો પથારો તેમાંથી પ્રગટ થઈ પ્રસરતો ચિત્તને પ્રસન્ન કરતો પમરાટ કવિની કલમને સ્પર્શી જઈને લખાવે કે -

***આવો વસંત ખેલ ખેલીને, રૂડી વસંતને વધાવીએ***
***ડોલે કમલિની જળ વિષે, ભ્રમર કરે ગુંજાર***
***મીઠડા કોયલના ટહુકાર***

ફૂલ ગૂંથણી જેવી ભાવ ગૂંથણમાં અજબ લાલિત્ય ભરી આ રચનામાં કવિએ સુમન સુગંધને પ્રસરાવતા ગાયું

***પંચરંગી પુષ્પો વીણી લીધાં, લટકુંતી લટમાં ગૂંથી લીધાં***
***અગર ચંદનનો ઓટો, વા'લે મારે નાખ્યો ફૂલનો ગોટો***



કદળીદળના મંડપો નવયુગલોના વિહાર ધામ જલક્રીડા માનવ પ્રકૃતિનું પીયૂષપાન કરતાં કરતાં પરમ આનંદનો પ્રાપ્ત કરતો રહ્યો છે.

તુલસીક્યારો આંગણાની શોભા આજે પણ જળવાઈ રહી છે.તે સાથે સુકોમળતા સુગંધ અને સુંદરતાના સંગમ સમા પુષ્પ છોડ પણ આંગણાને અદકેરું રૂપ આપી રહ્યાં છે.

પુષ્પોથી પ્રભુ પુજાય છે પુષ્પોથી અતિથિનો સત્કાર થાય છે. પુષ્પોથી પ્રિયાને પ્રસન્ન કરાય છે. પુષ્પ પથારીએ પોઢાય છે. પુષ્પોથી વધાવાય છે. પુષ્પોથી અંતિમ વિદાય અપાય છે.

પ્રકૃતિનું બીજું તત્ત્વ છે. પક્ષીઓ કોકિલના ટહુકા મત્ત બનેલા મયુરના ગહેંકાટ જેમ કે,

***કોટે મોર કણુકીઆ, વાદળ ચમકી વીજ***
***આવી અષાઢી બીજ, પિયુ પિયુ શબ્દ પુકારત***
***કોકિલકંઠ ગિરા***

ચાતકનું પણ એટલું જ આદરભર્યું આલેખન થયું છે. પોપટ પાદરનું પક્ષી અનેક રચનાઓમાં એના ઉલ્લેખ મળે છે. પ્રસન્ન દાંપત્ય જીવનના સંવાદમાં પણ એને નોંધવામાં આવેલ છે.

***રામને સીતા વાદ વદે, લાવજો રે એક રાતું ફૂલ***
***રદાકમળમાં રામ રમે, રાતી રે પોપટની ચાંચ***
***રાતો રે રંગ ચૂડલો***

પોપટ સાથોસાથ 'મેના'નું સ્મરણ જોડાતું રહ્યું.

***મારી મેના રે બોલે, ગઢને કાંગરે***
***ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં***
***અને કોયલ કેમ ભુલાય! 'કોયલ બેઠી આંબાડાળ'***

આંગણાના પક્ષી પારેવાનો એક યુગમાં સંદેશાવાહક તરીકે ઉપયોગ થતો હતો. તેનાં અનેક ઉદાહરણો આપણને લોકરચનાઓમાં વાંચવા મળે છે.

કોઈ દુઃખિયારી બહેન ભાઈના હેતને
સંભારતી કહે છે.

***પારેવડા જાજે વીરાને દેશ, મારો આટલો કહેજે સંદેશ***
***તો કોઈ પિયુ વિયોગે વલવલતી વિરહિણી***

પણ કુંજલડી મારફતે સંદેશ પહોંચાડવા બોલે છે.

***કુંજલડી રે સંદેશો, કહેજે મારા શ્યામ ને***

આમ પ્રકૃતિ પ્રત્યેની સ્નેહસભર સરવાણી નિતરે છે-નિપજે છે.

પક્ષીઓ પ્રભુએ નીમેલા વન અધિકારીઓ છે. વ્યોમમાં વિહાર કરતાં ફળ ખાઈને એનાં બી વાવતા જાય છે.

ચારણી શૈલીની રચનામાં વસંત અને ગ્રીત્તમ ઋતુનું આવું રૂપક રચાયું છે.

*મધુ કુંજ ફરે રે અંબ મહેરે, મહક દેહરે મંજરા*
*કોકિલ કહેરે શબદ શહેરે, કુંજ લહેરે મધુકરાં*

મધુભરી વન ઘટાઓ દ્વોરે છે, આંબા મોહર્યા છે મંજરીઓ મહેંક મહેંક થઈ રહી છે સરવા સાદે કોયલો કિલ્લોલ કરે છે. કુંજોમાં મધુકરો ગુંજારવ કરી રહ્યા છે. માથાઓ પર પુષ્પો વેરાઈ રહ્યાં છે.

આમ સમગ્ર પ્રકૃતિનું દર્શન કરાવવાનું લોકકવિ ભૂલતા નથી.

જનજીવનમાં પ્રકૃતિના પાત્રો હર પળે જોડાયેલાં અને જડાયેલાં રહ્યાં છે.

મોર પોપટને હાથી ચાકળા ચંદરવા સાડીના પાલવમાં ટોડલીઆ અને તોરણોમાં ઓળખાતા અને આલેખાતા રહ્યા છે.

પક્ષી સાથે પશુ પ્રેમ પણ નિરંતર નિતરતો રહ્યો.

*કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ સુલક્ષણીનાર*
*સરજનહારે સરજીઆ, તીનું રતન સંસાર*

અશ્વો પ્રત્યેનો આદર અભૂતપૂર્વ રીતે થયો છે, મહારાણા પ્રતાપના 'ચેતક' નામના અશ્વને ઈતિહાસ અંકિત કરીને અમરતા આપી છે.

*ચડવાને ઘોડો હંસલો રાજાના કુંવર*

વન્ય પ્રાણીઓ પણ અલિપ્ત રહી શક્યા નથી. સ્ત્રીઓના રૂપ વર્ણ સાથે જોડાયેલાં નામો.

મૃગલોચની, મૃગનયની, ગજગામીની વૃક્ષો સાથે પણ તેનું સંધાન કરવામાં આવેલું છે.

સાગના સોટા જેવી સવળોટી કાયાવાળી, બોરડીની બંકી ડાળ જેવી, પશુઓના માણસે કુટુંબના સ્વજન જેમ જતન ક્યાં છે. ઘોડાને મુઠીફાટે એવા બાજરાના જોગાણ ઘી ગોળની રાતબ, બળદોને ગોળના દડબાં, ડોકે ટોકરા, અંગ માથે .. શિંગડાં પર ખોભળા શણગાર સજાવીને વરને ગાડે જોતરાતા બળદો મેં જોયા છે.

વિજાણંદ વિયોગે વગડો વીંધતી શેણી કયે છે.

*હરણા તારી ડોકમાં, પહેરાવું ઘુઘરમાળ*
*વાવડ દે વિજાણંદના*

અઢાર ભાર વનસ્પતિનાં પણ વારણાં લીધાં છે. આસોપાલવનાં તોરણ, કેસુડાને કેસર સિંદુરને હિંગળો, કંકુ ને કપુર એટલે મેઘાણીએ ગાયું.

*કંકુ ઘોળજોજી કે કેસર રોળજોજી*

શિવાજીના હાલરડામાં સિંદુરનું સ્મરણ કરતાં કહ્યું કે

*તેદિ' તારે સિંદુરિયા થાપા*

છાતી માથે ઝીલવા બાપા ગાંધીનગર વનચેતના કેન્દ્રમાં સિંદુરનાં વૃક્ષો છે.

સરોવર, સરિતા, તળાવ, વાવ, વીરડા, કુવા, સાગર અને વનરાઈમાં વિસ્તરની પ્રકૃતિના વારણાં લેવાતાં રહ્યાં છે.

*દાંપત્યજીવનમાં પણ*
*સોનલા વાટકડીએ કેસર ઘોળ્યા વાલમિયા*

જેવી રચનાઓ પણ પ્રકૃતિ પ્રેમનું પ્રતીક બની રહે છે.

ગુજરાતના ભિન્ન ભિન્ન પંથકો પણ પોતાને પ્રભુએ બક્ષેલી આગવી પ્રકૃતિથી જ પરખાય છે.

*આવળ, બાવળ બોરડી સરવો સાલે માળ*
*નટ પટાધર નિપજે પડજૂઓ પાંચાળ*

પશુઓના ચરિયાણ માટેના ઊગેલા ખડને વીડી તરીકે ઓળખાવાય છે તેનું પણ પ્રતિબિંબ ઝિલાયું છે.

*સવા બશેરનું મારું દાતરડું રે લોલ*
*હીરનો બંધીઓ હાથ મુંજા વાલમજી લોલ*
*હવે નહીં જાઉં વીડી વાઢવા રે લોલ.*

આવી જ રીતે આધુનિક કવિઓની રચનામાં પણ પ્રકૃતિનાં વર્ણનો રચાયાં છે.

*'મેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત.'*

અને

*સાયબો મારો ગુલાબનો છોડ, વેલી હું તો લવંગની*

આમ સૃષ્ટિના શણગારને લોક કવિઓએ
જિગરથી ઝીલ્યા છે જતનથી જાળવ્યા છે.

*'રાજાજીના બાગમાં લીંબુડા ઝૂલે.'*
*પ્રકૃતિનું પાન બાળવાર્તાથી થતું*
*ચકો લાવ્યો ચોખાનો દાણો,*
*ચકી લાવી મગનો દાણો.*

તેમજ

*'ભાભો ઢોર ચારતા, ચણી બોર લાવતા.'*

બાળકોને આમ પ્રકૃતિનું પીયૂષપાન કરાવાતું
એ આપણું આગવું શિક્ષણ હતું.

તો પુલકિત થઈને પ્રફુલ્લિત પ્રકૃતિનું પાન આપણે આ રચનામાં પામી શકીએ.

*છલત શ્રાવણ મલત સામા, વલત નીલી વેલડી*
*બપૈયા પ્રઘળા મોર બોલે, ધ્યાન રાખત ઢેલડી*
*પ્રસનાર નાવત કરત પૂજા, ધ્યાન શંકર સે ધરે*

શ્રાવણ છલકાય છે, લીલી વેલડીઓ વૃક્ષોને વીંટળાય છે, મોર ટહુકા કરે છે. ઢેલડી એનું ધ્યાન રાખે છે સ્ત્રી-પુરુષો પૂજા કરીને શિવનું ધ્યાન ધરે છે.

આપણે પણ પ્રકૃતિને પ્રેમ કરીએ, પાળીએ, પોષણ કરીને અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરીએ. પ્રકૃતિને પ્રેમ એટલે પ્રભુની પૂજા આ સૂત્રને જન જન સુધી પહોંચાડી ખરા અર્થમાં પ્રભુ પ્રભુ કરીએ.

*૨૫/૪ "ઘ" ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર*
*મો. ૯૮૨૫૫૨૬૨૫૫*

# સતની શોધમાં !

*- પરમાનંદ માણેકલાલ ગાંધી*

સૃષ્ટિના પ્રારંભમાં શું હતું તે એક વિચારણીય પ્રશ્ન છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં જણાવ્યા મુજબ नासतो विद्यते भावो ना भावो विद्यते सतः । એટલે કે સતનું અસ્તિત્વ હતું અને અસતનો અભાવ હતો. (અ.રી. ૧૬)

આ જ વાતની ઋગ્વેદના નાસદીયસૂક્તમાં વિસ્તૃત વિચારણા કરી છે.

नासदासीनो सदासीन्तदानी...हनं गभीरम् (ऋ. ૧૦/૧૨૦/૧)

તેનો ભાવાર્થ કાંઈક આ પ્રમાણે છે. 'અસત ન હતું, ત્યારે સત પણ ન હતું, રજસ પણ ન હતું. તેનાથી પરે જે વ્યોમ છે, તે પણ ન હતું તો આરંભમાં શું હતું ?'

વેદોના જ્ઞાતા યાસ્કાચાર્યે તેમના નિરુક્ત ગ્રંથના દૈવત કાંડના સાતમા અધ્યાયમાં વિવેચન કરતાં સ્પષ્ટ લખ્યું છે. 'આ જગતના મૂળમાં અતિ ઐશ્વર્યશાળી મહાશક્તિશાળી શક્તિ છે. તે ઈશ્વર કહેવાય છે.'

**મહામુનિ કપિલે પણ તેમના સાંખ્યદર્શનમાં જણાવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિમાં કેવળ જડ અને ચેતન એમ બે જ તત્ત્વો હતાં. ચેતન તત્ત્વ એ પુરુષ એટલે કે પરબ્રહ્મ અને જડ તત્ત્વ તે પ્રકૃતિ. એ બંનેના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે**

મહામુનિ કપિલે પણ તેમના સાંખ્યદર્શનમાં જણાવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિમાં કેવળ જડ અને ચેતન એમ બે જ તત્ત્વો હતાં. ચેતન તત્ત્વ એ પુરુષ એટલે કે પરબ્રહ્મ અને જડ તત્ત્વ તે પ્રકૃતિ. એ બંનેના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौंतेय जगद्विविपरिवर्तते ॥ (અ.૯/૧૦)

અર્થાત્, હે અર્જુન! હું નિયંતા એવા મારા વડે(મારી) પ્રકૃતિ ચૈતન્ય અને જડ એવા જગતને પેદા કરે છે. એના લીધે જ જગત પરિણમ્યું છે. એટલું જ નહીં, પણ મારી સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક પ્રકૃતિ છે અને તે બધામાં વ્યાપ્ત છે. પરંતુ સંસારાસક્તિ તથા અવિવેકપૂર્ણ વ્યવહારના કારણે માનવીનું જીવન દુઃખમય બને છે. પરંતુ તેનું જ્ઞાન થતાં માનવી પોતે સુખસ્વરૂપ અને સત છે તેની અનુભૂતિનો આનંદ માણે છે.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે પોતે સતસ્વરૂપ છે છતાં માનવીને તેની અનુભૂતિ કેમ થતી નથી?

પાતંજલ યોગદર્શનમાં તેમ થવાનું કારણ સમજાવ્યું છે. આત્મતત્ત્વ જે સત છે તેના ઉપર અન્નમયકોશ, પ્રાણમય કોશ, અનોમનકોશ, વિજ્ઞાનમય કોશ તથા આનંદમય કોશનાં આવરણ છે.

અન્નમયકોશ એ પાંચ મહાભૂત સ્થૂળ શરીર તથા સ્થૂળ ઇન્દ્રિયોનું બનેલું છે અને તેનાથી શરીરની ધારણા થાય છે. તેનાથી શરીર પુષ્ટ બને છે અને શરીરનો બાંધો રૂપ, રંગ, ઊંચાઈ, જાડાઈ, વજન ઈત્યાદિ ધ્યાનમાં આવે છે. આપણે રોજિંદા ભોજનમાં જે જમીએ છીએ- દાળ, ભાત, શાક, કઠોળ, ફળફળાદિ, તે શરીર શક્તિશાળી બને, તેના લીધે માનવી પોતાનું જીવન સ્ફૂર્તિદાયક અને ઉત્સાહી કરી શકે. તેનાથી શરીરનો વિકાસ અને વૃદ્ધિ થાય છે. અન્નના લીધે તેના રસમાંથી લોહી અને શુક્રાણુ બને છે અને પ્રજાની ઉત્પત્તિ થાય છે.

પરંતુ આપણે જે અન્ન જમીએ છીએ તેનાથી શરીરની વૃદ્ધિ અને વિકાસની સાથે મનની વૃત્તિ તૈયાર થાય છે તે દૈવી કે આસુરી છે તે મહત્ત્વનું છે. પેલી કહેવત - 'અન્ન તેવો ઓડકાર' ક્ષુદ્ર અન્ન ખવાય તો વૃત્તિ ક્ષુદ્ર બને છે.

**પ્રાણમય કોશ :** અન્નમય કોશથી પ્રાણમય કોશ સૂક્ષ્મ છે. આ પ્રાણમય કોશમાં મુખ્ય પ્રાણવાયુ તથા અપાનવાયુ, સમાનવાયુ, ઉદાતવાયુ અને વ્યાનવાયુ શરીરના જુદા જુદા ભાગોમાં રહી શરીરને ચેતનવંતુ રાખી તેને કાર્યરત કરે છે.

**પ્રાણવાયુ :** બાળકના જન્મથી જ તેની શ્વાસઉચ્છવાસની પ્રક્રિયા થાય છે તે પ્રાણવાયુના લીધે થાય છે. આ પ્રાણવાયુ કર્મેન્દ્રિયોને કાર્યાન્વિત કરે છે. મનને વિચાર માટે અને બુદ્ધિને તર્ક અને નિર્ણય લેવા માટે શક્તિ પ્રદાન કરે છે. ચિત્તને ચિંતન માટે પ્રવૃત્ત કરે છે. તે હૃદયાકાશમાં રહી શરીરના ઉપરના કંઠસ્થ ભાગ સુધી કાર્યરત રહે છે.

**અપાનવાયુ :** તેનું કાર્ય ગુદામાંથી મળ-મૂત્ર તથા અંડકોશમાંથી વીર્ય કાઢવાનું તથા ગર્ભને ધારણ કરવાનું છે. તેનું સ્થાન નાભિની નીચેના ભાગો- જેવાં કે જાંઘ, ઘૂંટણ, પાદસ્તલ સુધીમાં રહેવાનું છે. ત્યાં ફરતા રહીને તે બધી ઈન્દ્રિયોને કાર્યરત કરવાનું છે.

**સમાનવાયુ :** જે કોઈ ખોરાક સ્થૂળ યા પ્રવાહીરૂપે લેવાય છે તેને જઠરમાં રહી, ઉદરમાં રહી પચાવવાની ક્રિયા દ્વારા

અન્ન રસને જુદા જુદા સ્રાવ દ્વારા ભિન્ન ભિન્ન અવયવો તથા ઈન્દ્રિયોમાં તથા નાડીઓમાં તેનું યોગ્ય વિભાજન કરી પુષ્ટ કરવાનું છે.

**ઉદાનવાયુ :** કંઠમાં રહીને માથા સુધીના અવયવોમાં ગતિ કરીને શરીરને પકડી સ્થિર રાખવાનું તે કાર્ય કરે છે. તેના દ્વારા શરીરમાં રહેલા પ્રાણનો વ્યાપ્ત (સૃષ્ટિ) સાથે સંબંધ રહ્યો છે. મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીર- જે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ સત્તર તત્ત્વોનું બનેલું છે. તે લિંગદેહ તરીકે પણ ઓળખાય છે. તે બહાર નીકળી સૂક્ષ્મ શરીરના ક્રમ, ગુણ, સંસ્કાર ઈત્યાદિ જોઈ ગતિ કરી તેની વાસના મુજબ તે પ્રદેશમાં જઈ તે પ્રદેશના સ્ત્રી અને પુરુષના સમાગમથી તેમના ગર્ભમાં પ્રવેશ કરી તે પ્રદેશમાં જન્મ લે છે.

આપણી રૂઢ સમજણ છે કે મૃત્યુ એટલે મનુષ્યનું આયુષ્ય પૂરું થવું-દેહનું અવસાન થવું- પણ તે અધૂરી સમજણ છે. લિંગદેહની જેટલી જેવી કમાણી છે, તેના મુજબ તેના સંસ્કારો અને વાસના પ્રમાણે તે જન્મ લે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ કથનને અનુમોદન છે. તેમાં લખ્યું છે-

**'આત્મતત્ત્વ સત હોવાથી જીવનની પ્રત્યેક અવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં તે બદલાતું નથી અને સૌથી સૂક્ષ્મ કોશ આનંદમય કોશ છે. આનંદનો અનુભવ મહદ્ અંશે સુષુપ્તિ અવસ્થા દરમિયાન થતો હોય છે**

तत्र तं बुद्धि संयोगम् लभतेपूर्वदेहिनम् (અ. ૬/૪૩)

અર્થાત્ દેહ નવું રૂપ નવા રંગ સાથે જન્મ લે છે. બાકીનું તેનું સૂક્ષ્મરૂપ ભગવાન આપે છે.

મનોમન કોશ : પાંચ જ્ઞાનેન્દ્રિયો એકત્ર આવવાથી તે ઉત્પન્ન થાય છે. અંતઃકરણની વૃત્તિ દ્વારા જે સંકલ્પો તથા વિકલ્પો થાય છે, શંકા-સંદેહો થાય છે. તેના લીધે તનાવ, ડિપ્રેશન ઈત્યાદિ રોગોનું તે કારણ બને છે.

માનવી જીવનની બધી જ પ્રવૃત્તિઓ શરીર દ્વારા થાય છે. પરંતુ તેના લીધે નિર્માણ થતાં સુખદુઃખ મનનાં લીધે જ જીવ ભોગવે છે. તદુપરાંત માતાપિતા, પતિપત્ની તથા સંતાન ઈત્યાદિ માટે થતી ભાવના પણ મન દ્વારા વ્યક્ત થાય છે.

વિજ્ઞાનમયકોશ એ મનોમય કોશથી સૂક્ષ્મ છે અને બુદ્ધિ તથા અહંકારથી બનેલો છે.

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ભગવાન સુધી પહોંચાડવાનું કાર્ય વિવેકથી તૈયાર થયેલી નિશ્ચયાત્મક બુદ્ધિ કરે છે. એના સંદર્ભમાં ગીતામાં સ્પષ્ટ લખાણ છે.

इन्द्रियाणि पराज्याहुरिंदियेभ्यः परं मनः ।

मनसस्तु परा बुद्धिःयो बुध्धे परतस्तुसः ॥ (અ૩/૪૨)

અર્થાત્ પંચમહાભૂતાત્મક શરીરના કરતાં જ્ઞાનેન્દ્રિયો શ્રેષ્ઠ છે. તે ઈન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિથી જે શ્રેષ્ઠ છે તે પરબ્રહ્મ પરમાત્મા છે.

કઠોપનિષદમાં પણ આ જ પ્રકારની લક્ષણા વ્યક્ત કરી છે.

आत्मानं रधिनं विधिशरीरं रथमेवतु...

आत्मेन्द्रिय मनोयुक्तं मोक्तेत्याहुर्यनीविणः ॥४॥

તેનો ભાવાર્થ કાંઈક આ પ્રકારનો છે. (અ.૧,૩-૪) જેમ રથને ઘોડા હોય છે, તેમ જીવનરથમાં ઈન્દ્રિયોરૂપી ઘોડા જીવનરથને ખેંચે છે. પરંતુ આ ઈન્દ્રિયોનું સહજ આકર્ષણ વિષયો તરફ હોય છે. તેથી તેને તાબામાં રાખવા મનરૂપી લગામ છે અને લગામની રાશ રથના સારથિ બુદ્ધિના હાથમાં સોંપી છે. આ જીવન રથનો માલિક જીવાત્મા રથની અંદર બેઠો છે અને સારથિને સૂચના આપે છે કે નિર્દેશ કર્યા મુજબ રથને લક્ષ્ય સુધી પહોંચાડે.

તે માટે બુદ્ધિ જે સારથિ છે તે વિવેકાધિષ્ઠિત અને સમર્થ હોવી જોઈએ કે જેથી વિષયો તરફ દોડતા ઘોડાઓને લગામ મારફતે ખેંચીને યોગ્ય દિશામાં વાળે. પરંતુ બુદ્ધિ વિવિકાધિષ્ઠિત ન હોય, અવિવેકી અને ઉન્મત્ત હોય તો જીવન રથને ખાડામાં નાંખે.

પરંતુ આ બુદ્ધિ જડ હોવાથી જીવનની સ્વપ્ન કે સુષુપ્તિ કે જાગ્રત અવસ્થાઓમાં કાર્યરત હોતી નથી. તે વિચાર પણ કરી શકતી હોતી નથી. પરંતુ તે સમય દરમ્યાન અંદર રહેલો આત્મા જ કાર્યરત હોય છે. કારણ કે તે સત છે. શાશ્વત છે. પરંતુ આ વિજ્ઞાનમય કોશ સત નથી.

પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીએ તેમના ગીતાના પ્રવચનમાં આ જ વિચારનો ઉલ્લેખ કરતાં સમજાવ્યું છે કે, સતનો નાશ નથી અને અસતનું કોઈપણ અસ્તિત્વ નથી. કારણ કે તે અસત છે પરંતુ આત્મા સત હોવાથી તે સર્વગત છે. અણુપરમાણુમાં તે વ્યાપ્ત છે. પ્રત્યેકના અંતઃકરણમાં તે રહેલો છે. વિશ્વના અનંત દેહોમાં વ્યાપ્ત છે.

'આત્મતત્ત્વ સત હોવાથી જીવનની પ્રત્યેક અવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં તે બદલાતું નથી અને સૌથી સૂક્ષ્મ કોશ આનંદમય કોશ છે. આનંદનો અનુભવ મહદ્ અંશે સુષુપ્તિ અવસ્થા દરમિયાન થતો હોય છે. તે વખતે સ્થૂળ શરીર કે સૂક્ષ્મ શરીર કાર્યરત હોતું નથી.'

અંતઃકરણ અજ્ઞાનથી ઢંકાયેલું હોય છે, ત્યારે આનંદનું સુખ સત્ત્વપ્રધાન હોતું નથી, પણ તે ઢંકાયેલું હોવાથી જ તેનું નામ આનંદમય કોશ રાખવામાં આવ્યું છે અને જ્યાં સુધી આ આવરણ છે, ત્યાં સુધી માનવીને આત્માનંદની અનુભૂતિ શક્ય નથી. તેને સત તત્ત્વની જાણ થતી નથી.

હકીકતમાં તો આત્માનંદની અનુભૂતિ એ શબ્દ પ્રયોગ પણ યોગ્ય નથી. કારણ કે આત્માનંદ તો સ્વપ્રકાશ છે.

તે શબ્દાંકિત કેમ કરી શકાય? તે ક્ષણ એવી છે કે જ્યારે વર્તમાન, ભૂતકાળ તથા ભવિષ્યકાળ ત્રણેનું વિસ્મરણ થયું હોય, સમગ્ર સૃષ્ટિમાંથી મન અલિપ્ત થતું હોય છે અને અંદર રહેલા જીવનું ઈશતત્ત્વ સાથે તાદાત્મ્ય થયું હોય છે. તે ક્ષણનો પરખ આનંદ તો જન્મોની સાધના પછી એકાદ જ્ઞાની, જીવનની શ્રેષ્ઠ ગતિને પામે છે.

એજ વાતનું સમર્થન આપતો શ્રીમદ્ ભગવદ્ગીતામાં નીચે મુજબ શ્લોક છે-

अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥

(અ. ૬/૪૫)

અનેક જન્મો પછી માનવી જીવનના પરમ લક્ષ્યને પામે છે.

આવા જ પ્રકારનો બીજો એક શ્લોક પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં છે તે આ પ્રમાણે છે -

बहुनां व्हान्मनामन्ते ज्ञानवान्मां प्रवद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः

(અ-૭-૧૯)

'અર્થાત્, એવો તત્ત્વજ્ઞાની દુર્લભ છે કે આ સ્થાવર જંગમ જગતમાં વાસુદેવરૂપ હું છું જાણી તે મને પામે છે.'

તે પરમ તત્ત્વ સત તત્ત્વ છે તેના સંદર્ભમાં એક પ્રસંગ કથા વાંચી.

એક વિદ્વાન પ્રાધ્યાપક સત શું છે તે જાણવાની મથામણમાં પડ્યો હતો. તેણે ઘણાં પુસ્તકો વાંચ્યાં પણ તેના મનનું સમાધાન ન થયું. તે ફરતો ફરતો એક જ્ઞાની સંતના આશ્રમમાં આવી પહોંચ્યો. સંતે તેને તેને આવકારી તેના આવવાનું કારણ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રાધ્યાપકે કહ્યું 'હું સતની શોધમાં છું' તે જાણવા મેં ખૂબ પ્રયત્નો કર્યાં. પણ મારા મનનું સમાધાન થયું નથી. કૃપા કરી મને જણાવશો કે તે શું છે ? ક્યાં મળી શકે ? 'તમે બેસો. સ્વસ્થ થાઓ તમારા માટે હું ચ્હા લઈ આવું.' કહી તે અંદર ગયા.

થોડીવારમાં બે કપ તથા ચ્હાની કીટલી લઈ તે આવ્યા. એક કપમાં ચ્હા રેડી અને બીજા કપમાં ચ્હા રેડતાં રેડતાં કપ છલકાઈ ગયો. પ્રાધ્યાપકે તેમનું ધ્યાન દોરતાં તેમણે કહ્યું 'મારું ધ્યાન છે પણ એ જ તમારા પ્રશ્નનો ઉત્તર છે.' 'પરંતુ ચ્હાના છલકાવા સાથે મારા પ્રશ્નનો શું સંબંધ છે ?' તો તેનો જવાબ આપતાં સંતે કહ્યું. 'તમારા ભેજામાં ચાલતા તર્કવિતર્કના બોજા નીચે અંદર રહેલું સત તત્ત્વ ઢંકાઈ ગયું છે. તમારા મસ્તકના બધા જ તર્કવિતર્ક ખંખેરીને બે ક્ષણ શાંતિથી બેસો તમારા અંતરાત્મામાં તે સ્વયં પ્રકાશિત થશે તેને શોધવાની જરૂર નથી. તે સત તમારામાં છે. મારામાં છે, બધામાં છે.'

**કામ, ક્રોધ આદિ વિકારો તથા સંસારાદિ મોહના તારી આંખે પાટા બાંધેલા છે. તે ખોલી નાંખ. તું દેહ છે, જીવ છે, સુખી છે. દુઃખી છે તે ક્ષુદ્રતા ખંખેરી નાંખી અને શાંતિ ચિત્તે એકાગ્રતાથી તારા અંતરાત્માનો અવાજ સાંભળ**

આવા જ પ્રકારની એક ઘટનાનો વધારે સ્પષ્ટતાથી છાંદોગ્યપનિષદમાં ઉલ્લેખ છે.

ઉદ્દાલકે તેના પુત્ર શ્વેતકેતુને સત તત્ત્વ, આત્મતત્ત્વ શું છે તે જુદાં જુદાં વ્યવહારુ દૃષ્ટાંતો આપી સમજાવ્યું. છતાં પણ શ્વેતકેતુને તેની સ્પષ્ટતા ન થતાં ઉદ્દાલકે તેને ગાંધાર દેશના એક નિવાસીનું દૃષ્ટાંત આપી સમજાવ્યું. 'ગાંધાર દેશનો આંખે પાટો બાંધેલો એક નિવાસી વનેવનમાં ભટકતો પોતાના દેશનો રાહ શોધતો ફાંફાં મારતો હતો. એટલામાં ચોરોએ આવી તેની બધી સંપત્તિ લૂંટી લીધી. તે આક્રંદ કરી મોટેથી બોલવા લાગ્યો.' 'મને કોઈ બચાવો. હું ફલાણાનો પુત્ર છું. મારું બધું ધન લુંટાઈ ગયું છે. હવે મારા પરિવારનું શું થશે ? તેમનું ભરણપોષણ હું કઈ રીતે કરી શકીશ ? ત્યારે કોઈ કૃપાળુ બ્રહ્મજ્ઞ બંધનમુક્ત મહાપ્રજ્ઞ તેને પ્રાપ્ત થયો તથા તેના દ્વારા તેને સાંસારિક દોષોનું દર્શન થયું. ત્યારે તેનો અંતરાત્મા તેને કહે છે.' 'તું સાંસારિક નથી. પુત્રાદિ ધર્મવાળો નથી.' ત્યારે તે નિવાસી પૂછે છે હું કોણ છું ? ત્યારે તેને સમજાવાય છે કે તે સત તત્ત્વ તું જ છે.

તે જ પ્રમાણે હે શ્વેતકેતુ ! તને કામ, ક્રોધ આદિ વિકારો તથા સંસારાદિ મોહના તારી આંખે પાટા બાંધેલા છે. તે ખોલી નાંખ. તું દેહ છે, જીવ છે, સુખી છે. દુઃખી છે તે ક્ષુદ્રતા ખંખેરી નાંખી અને શાંતિ ચિત્તે એકાગ્રતાથી તારા અંતરાત્માનો અવાજ સાંભળ. તું દેહાત્મભાવથી, અજ્ઞાનથી, સાંસારિક, સંબંધોથી તું બંધાયો છે. એ બધી ઉપાધિઓથી તું થોડો અળગો થા. તો તને સમજાશે કે તે સતરૂપ તું જ છે. તું જ તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. અનાદિઅનંત બ્રહ્મ તું જ છે, 'तत्वमसि श्वेतकेतु' એમ વેદ કહે છે.

(છાંદોગ્યઉપનિષદ અધ્યાય-૬, ખંડ-૧૪, મંત્ર-૧૨૩)

અંતમાં એટલું તો સ્પષ્ટ જ છે કે સતને ક્યાંય શોધવાની જરૂર નથી તે આપણા બધાંમાં જ છે. તેની અનુભૂતિ લેવાની આવશ્યકતા છે.

*૧૦૦૬-બી કલાસાગર, રત્નમણિ કોમ્પલેક્સ પાછળ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો.-૯૩૨૮૩૦૪૪૦૯*



## છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

## નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના
- અધિકૃત માહિતી
- સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
- લોકકલ્યાણની વાત
- રાજ્ય સરકારના નિર્ણયો
- લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
- સફળ લોકોની વાતો આ ઉપરાંત
- અતિથિની કલમે
- વિદ્વાનોના વિચારો
- વાંચકોની વાત
- વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય
- પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

ગુજરાત પાક્ષિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૫૦/-**

## ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર **રૂ. 30/-**

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.


# અમદાવાદના પ્રથમ નગરશેઠ : શાંતિદાસ ઝવેરી

- ડૉ. માણેક પટેલ 'સેતુ'

અમદાવાદના સંસ્કાર અને સમૃદ્ધિની એક વિરાસત સમા શાંતિદાસ ઝવેરીને કોઈ મુનિએ 'ચિંતામણિ મંત્ર' આપ્યો અને તે મંત્ર સિદ્ધ કરવાથી તેઓ ખૂબ ધનવાન થયા એવું માનવામાં આવે છે. દિલ્હીના મુઘલ દરબાર સુધી એમનો કારોબાર વધ્યો. બાદશાહ અકબરશાહના દરબારમાં એમની અવરજવરથી બેગમ જોધાબાઈ સાથે 'ભાઈ' જેવા સંબંધો થયા. આગળ જતાં મુઘલ દરબારમાં તેઓની ઓળખ 'ઝવેરીમામા' તરીકેની બની. મુઘલ દરબારે આઝમખાં સૂબા દ્વારા શાહી પોશાક અને પાઘડીની ભેટની સાથે શાંતિદાસ ઝવેરીને વારસાગત 'નગરશેઠ' તરીકેની નિમણૂક કરતું શાહી ફરમાન આપ્યું.

શાંતિદાસ ધાર્મિક સ્વભાવ ધરાવતા હતા. એમણે ગુરુ મુક્તિસાગરજીની સલાહ મુજબ ચિંતામણિનું દેરાસર બાંધવા આજ્ઞા લીધી. વર્ષ ૧૬૨૧માં દિલ્હી દરબાર તરફથી દેરાસર માટે બીબીપુરા વિસ્તારમાં જમીન ફાળવણીનું ફરમાન મેળવ્યું. કાલુપુરથી રેલવે તરફથી નરોડા જતાં રોડની શરૂઆતમાં અમદુપુરા વિસ્તાર આવેલો છે. એમાં આવેલી જમીનમાં વર્ષ ૧૬૨૨માં દેરાસરનું કામકાજ શરૂ કર્યું. શાંતિદાસે દેરાસર બાંધવામાં મન મૂકીને છૂટા હાથે દ્રવ્યની સાથે સમય અને શક્તિ વાપરી. ૧૬૨૬માં દેરાસરનું બાંધકામ પૂર્ણ થયું. નયરમ્ય બાવન જિનાલયમાં ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. એમણે આ દેરાસર પાછળ એ જમાનામાં રૂપિયા નવ લાખનો ખર્ચ કર્યો હતો. ૧૬૩૮માં જર્મન પ્રવાસી કોન્ડલસ્લોએ આ ચિંતામણિ દેરાસરની મુલાકાત લીધી હતી, એવું વિવરણ એમની પ્રવાસનોંધમાં જોવા મળે છે.

**૧૬૨૬માં દેરાસરનું બાંધકામ પૂર્ણ થયું. નયરમ્ય બાવન જિનાલયમાં ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. એમણે આ દેરાસર પાછળ એ જમાનામાં રૂપિયા નવ લાખનો ખર્ચ કર્યો હતો**



સમય બદલાતાં બાદશાહ શાહજહાંના સમય દરમિયાન અમદાવાદના સૂબા આઝમખાં જુલ્મી હોવાની ફરિયાદ દિલ્હી પહોંચતાં, તેને પાછો દિલ્હી બોલાવી લેવાયો હતો. પછી શાહજાદા ઔરંગઝેબ અહીં સૂબા તરીકે આવ્યો. મઝહબી ઝનૂનમાં એણે ચિંતામણી દેરાસરમાં ગાયનો વધ કરાવી, અપવિત્ર કર્યું અને તેમાં ઘણી બધી તોડફોડ કરી. શાંતિદાસ ઝવેરીને ઔરંગઝેબની બગડેલી દાનતની ખબર પડી જતાં, અગમચેતીરૂપે દેરાસરની મૂર્તિઓને ખંડિત થતી બચાવવા ભોંયરામાં સંતાડી દીધી હતી. બાદશાહ સુધી આની ગંધ ન પહોંચે એની ખૂબ કાળજી રાખી હતી. મુઘલ દરબારમાં વગ હોવા છતાં, પોતે પ્રતિષ્ઠા કરાવેલ ભવ્ય જિનાલયની દુર્દશા જોઈ શાંતિદાસ ઝવેરી ખૂબ હતાશ થયા. એમણે બાદશાહ શાહજહાંના દરબારમાં ફરિયાદ કરી. શાહજહાંએ ઔરંગઝેબને દિલ્હી પાછો બોલાવી લીધો અને દેરાસરનો કલબો શાંતિદાસને પાછો આપવાનું શાહી ફરમાન કર્યું. આણંદજી કલ્યાણજી પેઢીના તત્કાલીન પ્રમુખ શેઠ શ્રેણિકભાઈ લાલભાઈએ મને રૂબરૂ મુલાકાતમાં એ પછીની દેરાસરની પરિસ્થિતિ વિશે જણાવ્યું હતું કે આચાર્યોના અભિપ્રાય મુજબ અપવિત્ર થયેલી જગ્યામાં ફરી દેરાસર શરૂ કરવાનો કોઈ અર્થ નથી. સમય જતાં, તેની ઉપેક્ષા થતાં સ્થાનિક લોકો તેના પથ્થરો અને માલસામાન ઉપાડી ગયા. સ્થાનક ખંડેર બન્યું હતું. આશરે ૨૭૭ વર્ષ પહેલાં, ૧૭૪૩માં શાંતિદાસના વારસોએ ઝવેરીવાડમાં આદિશ્વર ભગવાનની એક મૂર્તિની પ્રતિષ્ઠા કરી. બીજી મૂર્તિ નિશા પોળના જગવલ્લભના ભોંયરામાં બેસાડવામાં આવી અને ત્રીજી મૂર્તિ સૂરજમહેલના દહેરામાં પ્રતિષ્ઠા કરવામાં આવી. આવી રીતે કુલ ૨૧ જેટલી મૂર્તિઓ પ્રતિષ્ઠા પામી છે.

શાંતિદાસ ઝવેરીના પૂર્વજો મારવાડના સિસોદિયા

રાજપૂત વંશના હતા. વિધર્મીઓનાં આક્રમણ થવાથી ભારે મોટી ઉથલપાથલ સર્જાતાં શાંતિદાસના પિતા સહસ્રકિરણ પહેરે કપડે ૧૫ વર્ષની ઉંમરે અમદાવાદ આવ્યા હતા અને એક ઝવેરીને ત્યાં નોકરીએ લાગ્યા. તેના મારવાડી ઝવેરી શેઠે તેની પુત્રીના લગ્ન સહસ્રકિરણ સાથે કરાવી તેને દુકાન અને ધંધો પણ સોંપી દીધો. સમય જતાં સહસ્રકિરણે બીજાં લગ્ન કર્યાં. જેનાથી ચાર સંતાનો થયાં. તે પૈકી એક શાંતિદાસ હતા. તેઓ ખૂબ તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતાં હોઈ ઝવેરાતના ધંધામાં ખૂબ આગળ નીકળી ગયા.

શાંતિદાસ ઝવેરીને રૂપા, કપૂર, ફુલા અને વાછી એમ ચાર પત્નીઓ હતી. પન્નાજી, રત્નાજી, કપૂરચંદ, લક્ષ્મીચંદ અને માણેકચંદ પુત્રો હતા. એમને ત્રણ મોટી ડેલીઓ (હવેલીઓ) હતી. સુરક્ષા રાખતી ચોકીઓ હતી. શાંતિદાસ શેઠને નગરશેઠનો દરજ્જો હોવાથી હવેલી ઉપર મશાલ અને છડી રાખવાનો શાહી પરવાનો હતો. પાંચસો જેટલા ઘોડાનો કાફલો હતો.

શાંતિદાસની ઝવેરાતની પરખશક્તિ ખૂબ ઊંચી હતી. એકવાર મુઘલ બાદશાહે બતાવેલા હીરાનું સાચું મૂલ્યાંકન કરી તેમણે કહ્યું - 'હીરો મૂલ્યવાન હોવા છતાં એની અંદર જીવાતનો દાગ છે.' બાદશાહે કહ્યું કે જો ખોટા પડશો તો પ્રાણદંડની સજા થશે. હીરાને તોડતાં એમાંથી જીવાતનો અવશેષ અને તેના લીધે પડેલો ખાડો જોવા મળ્યો. બાદશાહે આફરીન થઈ એમનું શાહી સન્માન કર્યું. શાહજહાંએ મયૂરાસન બનાવવા છ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. તેમાંનું ઘણું ઝવેરાત શાંતિદાસે પૂરું પાડ્યું હતું. ૧૬૫૭માં અમદાવાદમાં શાહજહાં બાદશાહનો સૂબો શાહજાદો મુરાદબક્ષ હતો. દિલ્હીમાં શાહજહાં બાદશાહ બીમાર થવાના સમાચાર મળતાં મુરાદબક્ષે પોતાને અમદાવાદમાં રહીને દિલ્હીનો બાદશાહ જાહેર કરીને પાંચમી ડિસેમ્બર, ૧૬૫૭ના રોજ રાજ્યાભિષેક કરાવ્યો. એ પછી દિલ્હી સામે બળવો કરવા મુરાદબક્ષે શાંતિદાસના પુત્ર પાસેથી રૂપિયા ચાર લાખ અને બાવીસ હજાર અને તેમના ભાગીદાર રવિદાસ પાસેથી રૂપિયા ચાલીસ હજાર અને બીજા અઠ્યાસી હજાર રૂપિયા શામળ શેઠ પાસેથી કુલ મળીને સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા. એ પેટે એણે શાંતિદાસ ઝવેરીને કેટલાંક પરગણાંની આવક લખી આપી હતી.

ચાલબાજ ઔરંગઝેબે દિલ્હી આવેલા મુરાદબક્ષ અને વૃદ્ધ અશક્ત શાહજહાં એમ બંનેને કેદ કરી લીધા અને ઔરંગઝેબ પોતે બાદશાહ બની બેઠો. એને ખ્યાલ આવી ગયો હતો કે એના ભાઈએ શાંતિદાસના પૈસાથી બળવો કર્યો હતો. સમય પારખી ઔરંગઝેબે ૧૮મી ઓગસ્ટ, ૧૬૫૮ના રોજ મુરાદબક્ષે લીધેલા રૂપિયા પરત કરવાનું નવું ફરમાન કાઢી આપ્યું. અને વધારામાં બાદશાહે શાહી પોષાક ભેટ આપ્યો. જે ઔરંગઝેબે જેનું દેરાસર તોડી પાડ્યું હતું, એમનું બહુમાન કર્યું અને અમદાવાદ જતાં શાંતિદાસને પ્રજાજોગ શાંતિનો સંદેશો પણ મોકલી આપ્યો. આણંદજી કલ્યાણજીની પેઢીમાં શાંતિદાસ ઝવેરીના અને એમણે મેળવેલાં શાહી ફરમાનોની માહિતી આજેય જોવા મળે છે.

**વધારામાં બાદશાહે શાહી પોષાક ભેટ આપ્યો. જે ઔરંગઝેબે જેનું દેરાસર તોડી પાડ્યું હતું, એમનું બહુમાન કર્યું અને અમદાવાદ જતાં શાંતિદાસને પ્રજાજોગ શાંતિનો સંદેશો પણ મોકલી આપ્યો**

શાંતિદાસ ઝવેરીની હવેલી અંગે માહિતી આપતાં શેઠ શ્રેણિકભાઈએ મને જણાવ્યું હતું કે એમની હવેલી ઝવેરીવાડમાં હતી. એ જમાનામાં આગ લાગતાં આખી હવેલી ખાખ થઈ ગઈ હતી. બીજા એક અભિપ્રાય મુજબ નગરશેઠ જ્યાં રહેતા હતા - તે જગ્યા નગરશેઠનો વંડો કહેવાતો હતો. હાલમાં નગરશેઠના વંડામાં દવાની દુકાનોનું હોલસેલ બજાર છે. શાંતિદાસના પાંચ પુત્રો પૈકી ચાર અમદાવાદમાં સ્થાયી થયા. જેમાંથી લક્ષ્મીચંદ નગરશેઠ બન્યા હતા અને એમનો પાંચમો પુત્ર માણેકચંદ સુરતમાં સ્થાયી થયો હતો. શાંતિદાસના ૧૧ વારસદારોએ નગરશેઠનો વારસાગત રીતે હોદ્દો ભોગવ્યો હતો.

*૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨,*
*અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩*
*મો - ૯૮૨૫૦૪૨૨૩૧*



# વસતી નિયંત્રણ, સમાન નાગરિક અને ડૉ. બાબાસાહેબ આંબેડકર

*- કિશોર મકવાણા*

યુગ પ્રવર્તક મહાપુરુષના જીવનને સમજવું અને સર્વાંગી રીતે તેનું આકલન કરવું બહું મુશ્કેલ હોય છે. કારણ કે યુગપ્રવર્તક મહાપુરુષ પોતાના અલ્પજીવનકાળમાં સમાજ અને રાષ્ટ્રજીવનનાં અનેક પાસાને સ્પર્શે છે. ઘણીવાર આ મહાપુરુષના કોઇ એક જ પાસા પર વધુ ભાર મૂકી એજ એમનું જીવન કાર્ય હતું એવી વાતો વહેતી કરવામાં આવે છે. દરેક જણ પોતાની ફૂટપટ્ટીથી મહાપુરુષને માપવાનો પ્રયત્ન કરે છે. વેંતિયા માણસો પોતાની ફૂટપટ્ટીથી માપશે અને ઊંચાઇવાળો પોતાની ફૂટપટ્ટીથી માપશે. સ્વાર્થી લોકો પોતાની ફૂટપટ્ટીથી એમને માપશે. સમાજના બની બેઠેલા ઠેકેદારો પોતાની ફૂટપટ્ટીથી માપશે. વાસ્તવમાં એ મહાપુરુષનું અધૂરું વિશ્લેષણ હોય છે. સમયથી આગળ વિચારનાર મહાપુરુષ પોતાના જીવનકાળમાં ક્યારેય બહુ લોકપ્રિય બની શકતા નથી. એનું કારણ એ છે કે મહાપુરુષ જે વિઝન રજૂ કરે છે એ સમય કરતા ઘણું આગળ હોય છે.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર પણ એ પરિપાટીના મહામાનવ હતા. માત્ર બંધારણ નિર્માતા, અસ્પૃશ્યતા સામે લડનાર એક સામાજિક યોદ્ધા, અર્થશાસ્ત્રી કે મહિલા સશક્તિકરણ માટે ઝઝૂમનાર નેતા કે દલિત નેતા જ નહોતા. તેઓ એક મહાન રાષ્ટ્રનિર્માતા છે. ડૉ. બાબાસાહેબનું વ્યક્તિત્વ ઘણું વિરાટ અને ઉત્તુંગ હતું. 'નેશન ફર્સ્ટ' એ એમના દરેક કાર્ય અને વિચારના કેન્દ્રમાં રહ્યું હતું. એમણે હંમેશાં રાષ્ટ્રની ચિંતા કરી. એમણે એક નવું જ ચિંતન રજૂ કર્યુ કે 'રાષ્ટ્રને શક્તિશાળી બનાવવો હશે તો પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વના વ્યવહારનો અનુભવ થવો જોઈએ.'

બાબાસાહેબે ધાર્મિક, સામાજિક, રાજકીય, આર્થિક જેવા વિષયો પર વિપુલ પ્રમાણમાં લખ્યું છે અને ભાષણો કર્યા છે. આ બધામાં એમનો રાષ્ટ્રીય દૃષ્ટિકોણ પ્રતિબિંબિત થતો



જોઇ શકાય છે. એનો આપણે સૂક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો એમાં મહાન રાષ્ટ્રપુરુષનાં દર્શન થાય છે. રાષ્ટ્રનિર્માણમાં ડૉ. બાબાસાહેબનું યોગદાન ઐતિહાસિક છે. રાષ્ટ્રનિર્માણ સામાન્ય કામ નથી. એમની તુલના અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યૂથર કિંગ, રૂસના ફ્રેડરિક ધ ગ્રેટ, ઇંગ્લેન્ડના ક્રામલેન જેવા મહાપુરુષો સાથે કરી શકાય .

રાષ્ટ્રનિર્માણ સામાન્ય કામ નથી. એની તુલનામાં કોઇ રાજકીય પાર્ટી ઊભી કરવી, સત્તા પ્રાપ્ત કરવી, એ સત્તા જાળવી રાખવા જાત જાતની તરકીબો અજમાવવી કે તોડફોડિયાં આંદોલનો કરી લોકોને ગુમરાહ કરવા સહેલું છે.

રાષ્ટ્રનિર્માતાને પોતાના રાષ્ટ્રનો ઈતિહાસ, ધર્મ પરંપરા, સમાજ વ્યવસ્થા, રાજકીય ઈતિહાસ, લોક પરંપરા, સંસ્કૃતિ અને લોક માનસ વગેરે વિષયોનું સૂક્ષ્મ જ્ઞાન હોય એ જરૂરી છે. યશસ્વી મહાન રાજનેતા પોતાની પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. ભવિષ્યની પેઢી કાળાંતરે એનું સ્મરણ કરે છે. રાષ્ટ્રનેતાનું સ્મરણ ભવિષ્યની પેઢીએ કરવું પડે છે કારણ કે એમનું કાર્ય અને વિચાર આવનારી દરેક પેઢીને સ્પર્શ કરનારા હોય છે. કહે છેઃ રાષ્ટ્રપુરુષનો પડછાયો ભવિષ્ય પર બહુ લાંબો પડે છે.

ડૉ. બાબાસાહેબ માટે રાષ્ટ્ર પ્રથમ હતું. એ રાષ્ટ્રને વૈભવશાળી જોવા માંગતા હતા. એટલે એમણે એ માટે વિઝન પણ રજૂ કર્યુ. સાથે સાથે ડૉ. આંબેડકરે રાષ્ટ્રને સંકટમાં મૂકનારી દરેક બાબત પર પોતાના વિચાર નિર્ભયતાથી વ્યક્ત કર્યા, એટલું જ નહીં, એને ઉકેલવા માટેનો માર્ગ પણ સૂચવ્યો હતો. એમણે ઈસ્લામી કટ્ટરવાદ, ચીનની વિસ્તારવાદી માનસિકતા, દેશમાં કેટલાક લોકોની દેશ સાથે ગદ્દારી, કલમ ૩૭૦, સમાન સિવિલ કોડ, સંવિધાન અને દેશ વિરોધી માર્ક્સવાદીઓ દરેક બાબતે એમણે સ્પષ્ટતાથી પોતાની વાત રજૂ કરી.

એવી જ રીતે રાષ્ટ્ર સામે અગર કોઇ એક સમસ્યા રાક્ષસ બનીને આ દેશને ગળી જાય એવી હોય તો એ છે વસ્તી વિસ્ફોટ. આ વિકરાળ સમસ્યા ભારતના ભવિષ્યને તો અંધકારમાં ધકેલી દેશે જ સાથે સાથે કેન્દ્ર કે રાજ્ય સરકારની બધી જ કલ્યાણકારી યોજનાઓ પણ નિષ્ફળ કરી નાખે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે વસ્તીવધારાની સમસ્યા સામે ચિંતા વ્યક્ત કરી એનો ઉકેલ પણ સૂચવ્યો. ડૉ. આંબેડકર માનતા હતા કે વસ્તીવધારો સરકારની બધી જ સારી યોજનાને નિષ્ફળ કરી નાખે છે, સાથે સાથે ગરીબી પણ વધારે છે. વસ્તી વધારા પર નિયંત્રણ લાદવા માટે તેમણે મુંબઇ એસેમ્બલી (૧૯૩૮) માં આપેલું

મહત્ત્વપૂર્ણ પ્રવચન આજે પણ પ્રાસંગિક છે, એટલું જ નહીં રાષ્ટ્રના હિતમાં એ બાબતે વિચાર કરવા પણ યોગ્ય છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર નવેમ્બર ૧૯૩૮માં મુંબઇ પ્રાંત વિધાન પરિષદમાં વસ્તી નિયંત્રણ પર પ્રવચન આપવાના હતા પરંતુ કોઇ કારણવશ તે પહોંચી શક્યા નહોતા. ડૉ. આંબેડકરની વિનંતીથી એ લેખિત પ્રવચનનું (મુંબઇ લેજિસ્લેટિવ અસેમ્બલી ડિબેટ્સ ખંડ-૨) પી. જે. રોહમે વાંચન કર્યું હતું. એ પ્રવચનના મુખ્ય ૧૭ મુદ્દા જોઇએ.

૧. 'આ ધારાસભા સરકારને વિનંતી કરે છે કે, પરિવારને સીમિત રાખવાની અત્યંત આવશ્યકતા છે અને તેથી સરકારે આ પ્રદેશના લોકો વચ્ચે વ્યાપક પ્રચાર કરવો જોઇએ તથા જન્મદર નિયંત્રણમાં રહે એ માટે યોગ્ય સુવિધાઓ કરવી જોઇએ. શિક્ષિત વર્ગે તો અત્યાર સુધીમાં વસ્તી નિયંત્રણની જરૂરિયાત સમજી લધી છે. સાથે નસીબજોગે આપણા દેશના નેતાઓ પણ આ અંગે એકમત છે. પંડિત જવાહરલાલ નહેરુ, શ્રીમતી સરોજિની નાયડુ તથા રવીન્દ્રનાથ ઠાકુર વસ્તી નિયંત્રણ અભિયાનની આવશ્યકતા તેમજ મહત્ત્વને સારી રીતે સમજે છે, એટલું જ નહીં પરંતુ ગર્ભનિરોધક સાધનોની તરફેણ પણ કરે છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ સુભાષચંદ્ર બોઝે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં કહ્યું કે, ''વસતી વધારાનો દર હાલ છે એ જ પ્રમાણે જો વધતો રહેશે તો આપણી યોજનાઓ નિષ્ફળ જવાનું જોખમ છે.'

૨. 'મહાત્મા ગાંધીએ ઘણા સમય પહેલાં લખ્યું હતું, દેશમાં વસ્તી વધારાના સમાચાર સાંભળું ત્યારે મને જે દુઃખ થાય છે તે મારે વાચકોથી સંતાડવું નથી. ઘણા ઓછા લોકોને એવાં કારણોસર થતાં અપાર દુખ વિશે જાણકારી હશે જે શારીરિક, માનસિક અથવા નાણાકીય રીતે નબળા લોકોને ત્યાં જન્મ લેનાર બાળકોને કારણે થતું હોય છે. માતા-પિતાની સાથે સાથે સમાજને પણ તેની પીડા સહન કરવી પડે છે. આવાં બાળકોનો જન્મ અટકાવવાથી એવી માતાઓના મૃત્યુદરમાં પણ ઘટાડો કરી શકાશે જે બાળકના જન્મ સમયે તેમજ તેની સાથે આવનાર બીમારીમાં સપડાય છે. બાળ મૃત્યુદર ઘટશે, પ્રજાના સ્વાસ્થ્યમાં સુધારો થશે, અતિશય ગરીબીથી પ્રભાવિત જે લોકો ગુનેગાર બને છે તેમાં પણ ઘટાડો થશે તથા સમાજનો સાર્વત્રિક વિકાસ થશે.'

૩. 'વર્તમાન સમયમાં સંઘર્ષમય જીવનને કારણે અનેક લોકો સમયસર લગ્ન કરી શકતા નથી અને તેથી તેઓ વિવિધ બીમારી અથવા ખોટી ટેવોમાં સપડાય છે. ઘણી મહિલાઓ આજીવન નકામી બની જાય છે અને બીમારીની સ્થિતિમાં બાળકને જન્મ આપે એ કારણે અનેક મહિલાઓ આજીવન પથારીવશ થઈ જાય છે. અનિચ્છિત બાળકો મોટેભાગે માતાની ઉપેક્ષાનો ભોગ બને છે અને એ લોકો આગળ જતાં સમાજ માટે ભારરૂપ બને છે. આ સમસ્યાઓના ઉકેલનો શ્રેષ્ઠ ઉપાય જન્મદર નિયંત્રણ છે. કોઇપણ પ્રકારના અનિચ્છનીય જન્મથી સમાજને લાભ થતો નથી. જે બાળકોને માતા-પિતાનો હૃદયપૂર્વક આવકાર મળે એ બાળકો જ સમાજ માટે લાભદાયક રહે. આથી ગર્ભધારણ અટકાવવા માટે પ્રત્યેક મહિલાને સક્ષમ બનાવવી પડશે.'

૪. 'ગરીબી અનૈતિકતાનું મૂળ છે. પ્રોફેસર જો. ટૉંડલરે ૧૯૩૫માં વિયેના કોંગ્રેસ દરમિયાન જે નિબંધ વાંચ્યો હતો. તેમાં રહેઠાણની અસુવિધાને કારણે જે ગંભીર સ્થિતિનું નિર્માણ થાય છે એ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું, જર્મનીમાં દરેક પરિવાર પાસે સરેરાશ એક રૂમ હોય છે જ્યારે ફ્રાન્સમાં અઢી રૂમ હોય છે. ૧૯૨૫માં બર્લિનની વિગતો અનુસાર ત્યાં ૭૫ ટકા લોકો પાસે પોતાનો રૂમ નથી. પરિણામે બાળકોએ પુખ્તવયના લોકો સાથે એક રૂમમાં જ અને એક પથારીમાં સૂવું પડે છે. અનેક બાળકો ગીચતા અને ગંદકીની સ્થિતિમાં જીવ ગુમાવી દે છે. છોકરા ચોરીના રવાડે ચઢી જાય છે અને છોકરીઓ શરીર વેચવાના ધંધામાં સપડાય છે. એવી જ સ્થિતિ વિયેનામાં છે. ૧૪થી ૧૮ વર્ષની વયજૂથનાં બાળકોમાંથી ૨૦ ટકા પાસે સૂવા માટે પોતાની અલગ પથારી નથી હોતી. શહેરી ઝૂંપડપટ્ટી તથા ગ્રામીણ વિસ્તારોમાં તો એના કરતાં પણ વધારે ખરાબ સ્થિતિ હોય છે. આપણા દેશમાં મુંબઈ જેવા શહેરોમાં પણ એવી જ સ્થિતિ છે. કેટલાક અપવાદને બાદ કરતાં મહદંશે એવું જોવા મળે છે કે ગરીબીને કારણે બધી સારી બાબતો ઉપેક્ષિત બની જાય છે. આગળ એ વાત કરીશું કે જન્મદર નિયંત્રણ વિના ગરીબીમાંથી મુક્તિ મેળવવાનું કેવી રીતે અશક્ય છે.'

૫. 'આપણને હવે ખ્યાલ આવી ગયો છે કે તમામ પ્રકારની પ્રગતિ માટે જન્મદર નિયંત્રિત કરવાનું અત્યંત આવશ્યક છે, ત્યારે એ લક્ષ્યાંક હાંસલ કરવા આપણે તેના ઉપાયો પર વિચાર કરવો પડશે. તેનો એક ઉપાય એ છે કે માત્ર બાળજન્મ માટે જ શારીરિક સંબંધ જરૂરી માનવો જોઇએ અને બાળકોની જરૂર ન હોય ત્યારે શારીરિક સંબંધ અંગે વિચારવાનું ન હોવું જોઇએ. આધુનિક ગર્ભનિરોધકનો પ્રયોગ પણ એક ઉપાય છે. ઉપરોક્ત બંનેમાંથી પહેલા ઉપાયની વાત છે ત્યાં સુધી લગ્ન ન થયા હોય ત્યારે બ્રહ્મચર્યનું પાલન શક્ય છે, પરંતુ પરિણીત યુગલ જે સ્વસ્થ હોય તેમના માટે વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળવાનું માનવ સ્વભાવથી વિરુદ્ધનું છે, એટલું જ નહીં પરંતુ તે માનસિક ત્રાસ જેવી બાબત પણ છે. શા માટે આ વાત કેટલાક લોકોને સમજાતી નહીં હોય.'

૬. અનેક દાયકાથી ઘણા બધા દેશમાં સ્વનિયંત્રણ દ્વારા જન્મદર કાબૂમાં રાખવાના ઉપાય નિષ્ફળ ગયા છે. બ્રહ્મચર્યના સમર્થકો પણ એવો દાવો કરતા નથી કે કોઈ

સામાન્ય વ્યક્તિ આજીવન શારીરિક સંબંધ વિના રહી શકે.

૭. 'હિન્દુ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવેલા કેટલાક આકરા નિયમોના પાલન દ્વારા પણ આદર્શ પરિવારની મર્યાદા નક્કી કરવાનું શક્ય નથી. દા.ત. વિષ્ણુ સ્મૃતિના ૫૪મા અધ્યાયની આઠમી પંક્તિ અનુસાર માત્ર અમુક ચોક્કસ દિવસોએ જ શારીરિક સંબંધ બાંધવાનું જરૂરી હોવાનું કહેવામાં આવ્યું છે.'

કોઈ ડૉક્ટરે સરસ કહ્યું છે કે, મહિલાએ પ્રસૂતિની જે પીડા સહન કરવી પડે છે એવી પીડા પુરુષે એકાદ વખત પણ સહન કરવી પડે તો પછી કોઈ પુરુષ જીવનમાં કદી એક કરતાં વધુ બાળક ઈચ્છશે નહીં.

૮. 'સમાજ હજુ વિશાળ પરિવારને આદર્શ માને છે તેથી કોઈ પોતાના પરિવારને મર્યાદિત રાખવા તૈયાર નથી- એવું માનવું સદંતર ખોટું છે. સાવ જૂજ લોકો જ પરિવારની સંખ્યા મોટી રાખવા માગતા હોય છે, મોટાભાગના સામાન્ય લોકો તો પરિવાર મર્યાદિત જ રાખવા માગે છે. એ જ કારણે ગર્ભપાત, બાળહત્યા જેવી ઘટનાઓ પણ જોવા મળે છે. ૧૯૩૪માં પિપલ્સ ટ્રિબ્યુનમાં પ્રકાશિત એક અહેવાલ અનુસાર, ૧૯૩૩માં માત્ર શાંઘાઈના માર્ગો ઉપર ૨૪,૦૦૦ બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. આવી જ સ્થિતિ ચીનના મોટાભાગના ક્ષેત્રમાં જોવા મળે છે. તેથી એટલું નિશ્ચિત છે કે, આધુનિક ગર્ભનિરોધક વ્યવસ્થા વિના આવી ગંભીર સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવાનું શક્ય નથી.'

૯. 'કેટલાક એવું પણ વિચારતા હોય છે કે તેમની જ્ઞાતિ, ધર્મ અથવા વિસ્તારમાં જનસંખ્યા ઓછી થશે તો તેમને નુકસાન થશે. તેમને ડર હોય છે કે વસ્તી નિયંત્રણ કરવાથી તેમના દુશ્મનોનું જોર વધી જશે. સૌથી પહેલાં તો એ સમજવું જોઈએ કે પરિવારને નિયંત્રિત રાખવાના ઉપાય કરવા સાથે તરત જ વસ્તી વધારાનો દર ઓછો થઈ જતો નથી. આ દરનો આધાર માત્ર જન્મ ઉપર નહીં પરંતુ બાળકો જીવિત રહેવાની સંખ્યા ઉપર પણ આધારિત છે. અનેક જગ્યાએ કરવામાં આવેલા વૈજ્ઞાનિક અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે, જન્મદરનું પ્રમાણ જેટલું વધારે હોય એટલું જ વધુ પ્રમાણ મૃત્યુદરનું પણ જોવા મળે છે. પરિણામે તેનાથી જન્મ પછી જીવિત રહેવાના પ્રમાણ ઉપર અવળી અસર પડે છે એટલું જ નહીં પરંતુ એ દરમાં વધારો પણ થાય છે. ભારત જેવા દેશોમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ વધારે હોવાથી વસ્તી વૃદ્ધિનો દર ઈંગ્લેન્ડ જેવા દેશોને સમકક્ષ હોતો નથી. ભારતમાં જન્મદરની સરખામણીમાં ઈંગ્લેન્ડમાં જન્મદર અડધા કરતાં ઓછો છે. છતાં સ્થિતિ એવી છે કે, ૧૯૦૧થી ૧૯૩૧ના સમયગાળામાં ઈંગ્લેન્ડમાં વસ્તી વધારાના દરમાં ૨૩ ટકાનો વધારો થયો, જ્યારે એ જ ગાળામાં ભારતમાં વસ્તીવૃદ્ધિ દર ૧૭ ટકા હતો.'

૧૦. 'એ પણ યાદ રાખવું જોઈએ કે આધુનિક યુદ્ધ માટે સાવ ઓછા માણસોની જરૂર હોય છે. આધુનિક શસ્ત્ર-સરંજામ ધરાવતું નાનું લશ્કર આધુનિકતાથી સજ્જ ન હોય તેવા પોતાના કરતાં અનેકગણા વધારે મોટા લશ્કરને હરાવી શકે છે. પહેલા વિશ્વયુદ્ધમાં ઓછો જન્મદર ધરાવતા દેશોએ વધુ જન્મદર ધરાવતા દેશોને હરાવ્યા હતા. વિશ્વમાં એવા ઘણા સમાજ જોવા મળે છે જે સંખ્યાની રીતે નાના હોય, પરંતુ સંપત્તિ અને સંસ્કૃતિની રીતે વિશેષ સ્થાન ધરાવતા હોય. આપણા દેશમાં જ પારસી સમુદાય તેનું ઉદાહરણ છે. સંખ્યાની લાલચ લાભદાયક વિકલ્પ નથી.'

૧૧. 'પશ્ચિમી દેશોનાં અનેક ઉદાહરણ દ્વારા આપણે એ જાણીએ છીએ કે, આધુનિક ગર્ભનિરોધકોનો ઉપયોગ તમામ જાતિ-ધર્મ-સમુદાયના લોકો કરે છે. એવું કહેવામાં આવે છે કે રોમન કેથોલિક વસ્તીવૃદ્ધિ વિરોધી છે. પણ એ વાત સાચી લાગતી નથી, કેમ કે ફ્રાન્સ રોમન કેથોલિક દેશ છે છતાં ત્યાં જન્મદર ઘણો નીચો છે.

૧૯૩૨માં વિવિધ દેશોમાં જન્મદરનું પ્રમાણઃ

| **દેશ** | **જન્મદર** |
|---|---|
| જર્મની | ૧૫.૧ |
| સ્વિડન | ૧૪.૫ |
| ઓસ્ટ્રિયા | ૧૫.૨ |
| ઈંગ્લેન્ડ અને વેલ્સ | ૧૫.૩ |
| નોર્વે | ૧૬.૩ |
| ઓસ્ટ્રેલિયા | ૧૬.૭ |
| ન્યૂઝીલેન્ડ | ૧૭.૧ |
| યુએસએ | ૧૭.૩ |
| ફ્રાન્સ | ૧૭.૩ |

ઓછામાં ઓછો જન્મદર ધરાવતા ત્રણ દેશોમાં એક ઓસ્ટ્રિયા છે, જે સંપૂર્ણ કેથોલિક દેશ છે. જર્મનમાં એક તૃતીયાંશ કેથોલિક છે.

૧૯૨૭-૧૯૨૮માં કેટલાક મુખ્ય શહેરોમાં જન્મદરના આંકડા આ વાત સાબિત કરે છેઃ

| શહેર | જન્મદર |
|---|---|
| લંડન | ૧૬.૧ |
| કોલોન | ૧૬.૦ |
| જિનીવા | ૧૪.૬ |
| તુરીન(ઇટલી) | ૧૪.૫ |
| પ્રેગ(ઓસ્ટ્રિયા) | ૧૩.૨ |
| મ્યુનિક | ૧૨.૫ |
| વિયેના | ૧૦.૬ |

લંડનના અપવાદને બાદ કરતાં ઉપરના બાકીના તમામ શહેર સંપૂર્ણ કેથોલિક છે, પરંતુ એ બધામાં સૌથી ઓછો જન્મદર લંડનમાં છે. ત્રણ શહેર મુસોલિનીના ઈટલીના છે. આથી, જન્મદર ઘટી જવાથી કોઈ સમુદાય સબળો કે નબળો થઈ જશે એ તર્ક નિરાધાર છે.'

૧૨. આપણા દેશમાં નિરક્ષરતા છે, છતાં પોતાનું હિત શેમાં રહેલું છે એ લોકો સમજી શકે છે અને તેથી તેઓ ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરશે તેમાં શંકા નથી. આ પ્રજાના સંદર્ભમાં નસબંધી વધારે યોગ્ય રહેશે અને તેથી સરકાર તથા નગરપાલિકાઓએ પોતાને ત્યાં આ સુવિધા આપવી જોઇએ. આ વ્યવસ્થાના વિરોધીઓ ફ્રાન્સ, જર્મની તથા ઇટલીમાં તેની નિષ્ફળતાનો પ્રચાર કરે છે, પરંતુ એ લોકો ભૂલી જાય છે કે, વસ્તીવધારો લાભદાયક છે એવું સાબિત ન થાય ત્યાં સુધી આવા દેશોનું ઉદાહરણ લેવાનું યોગ્ય નથી. સૌથી પહેલાં તો એ સમજવું પડશે કે આ દેશોમાં જન્મદરનું પ્રમાણ આપણા દેશ કરતાં ઘણું ઓછું છે. આપણે ત્યાં જન્મદર ૩૫ છે, જ્યારે ૧૯૩૬માં ઇટલી, ફ્રાન્સ તથા જર્મનીમાં જન્મદર અનુક્રમે ૨૨, ૧૫ તથા ૧૯ હતો. વર્ષ ૧૯૦૦માં જર્મનીમાં જન્મદર ૩૫.૬ હતો, પરંતુ ૧૯૩૩માં ઘટીને ૧૪.૭ થઈ ગયો. ઇટલી તેમજ ફ્રાન્સમાં પણ એ સમયે જન્મદર ઘણો નીચો હતો. ઈંગ્લેન્ડમાં છેલ્લા પચાસ વર્ષથી જન્મદર સ્થિર છે. આથી જન્મદર વધારવા અંગે આપણે અન્ય દેશોનું ઉદાહરણ લેવું ન જોઇએ.'

૧૩. 'કેટલાક લોકો માને છે કે, બાળલગ્ન પ્રથા બંધ કરી દેવાથી વસ્તીવૃદ્ધિ અટકાવી શકાશે. પરંતુ આ સિદ્ધાંત પણ નિરાધાર છે. સૌથી પહેલાં તો એ સમજવું જોઇએ કે છોકરીઓમાં પ્રજનનની સૌથી સક્રિય ઉંમર ૧૮થી ૨૨ વર્ષ હોય છે. પશ્ચિમના દેશોમાં મહિલાઓ આ ઉંમર પછી લગ્ન કરે છે. અર્થાત્ પ્રજનન માટે સૌથી વધુ અસરકારક સમયગાળા પછી લગ્ન કરે છે. આપણે શારદા અધિનિયમ (કાયદો)ની વાત કરીએ છીએ જેમાં લગ્નની ઉંમર ૧૪ વર્ષ નિશ્ચિત કરતા હોઇએ ત્યારે મહિલાઓ ૨૨ વર્ષની ઉંમર સુધી લગ્ન મોકૂફ રાખવાનું વિચારી પણ ન શકે. શ્રી પી.કે. વત્તલે ૧૯૩૧માં વસ્તી ગણતરી દરમિયાન પ્રજનન સંદર્ભે અભ્યાસ કરતાં બે તારણ કાઢ્યાં હતાંઃ ૨૦ વર્ષથી ઓછી ઉંમરે લગ્ન કરનાર છોકરી વીસ કરતાં વધુ ઉંમરે લગ્ન કરનાર છોકરી કરતાં ઓછાં બાળકોને જન્મ આપે છે. ૨૦ વર્ષથી ઓછી ઉંમરે લગ્ન કરનાર છોકરીઓને જે બાળક થાય તેમના જીવિત રહેવાની શક્યતા ૨૦ વર્ષથી વધુ ઉંમરે લગ્ન કરનાર છોકરીઓના સંતાનો કરતાં ઓછી હોય છે.

આ તારણોથી ખ્યાલ આવે છે કે વધુ ઉંમરે લગ્ન કરવાની પ્રથા અમલમાં આવશે પછી પણ વસ્તી નિયંત્રણ સંદર્ભે કોઈ ખાસ લાભ નહીં થાય'.

૧૪. 'એવો પણ એક તર્ક આપવામાં આવે છે કે, મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર થવાથી વસ્તીવૃદ્ધિમાં ઘટાડો થશે. પરંતુ આ વાત પણ સાચી નથી. આર્થિક સ્વતંત્રતા આવવાથી કામેચ્છા ઓછી થાય એવું નથી. આજે પણ સમાજના નીચલા વર્ગની મહિલાઓ કમાણી કરીને પરિવારને આર્થિક મદદ કરે છે, પરંતુ તેને કારણે પરિવારના સભ્યોની સંખ્યા ઓછી હોય એવું જોયું નથી. કેટલાક લોકો માને છે કે, ઔષધોની મદદ લઇને જન્મદર નિયંત્રિત કરી શકાય, છતાં આર્થિક મુશ્કેલી દૂર કરવામાં આ ઉપાય સફળ નથી. તેઓ માને છે કે આપણા દેશમાં આર્થિક વિકાસની ઘણી સંભાવના છે અને એ દિશામાં પ્રયાસ કરવાથી આપણી પ્રજાના સ્તરમાં નોંધપાત્ર સુધારો થશે. જોકે, ધ્યાનથી નિરીક્ષણ કરવામાં આવે તો આ દૃષ્ટિકોણ પણ એટલો પ્રભાવક જણાતો નથી. પૂરતી મૂડી તથા ધનિક ગ્રાહકોના અભાવમાં આપણા ઉદ્યોગોનો વિકાસ પણ અવરોધાશે. એ જ રીતે ફળદ્રુપ જમીન, વરસાદ તથા ખાતરની અછત પણ આપણું ખેત ઉત્પાદન વધારવા સામે અવરોધક છે.'

૧૫. 'વસ્તી વિસ્ફોટને કારણે આપણા દેશમાં જંગલ તથા ગૌચર જમીનની પણ અછત ઊભી થઈ રહી છે. કેનેડામાં ખેતીલાયક જમીન પૈકી ૩૪.૩ ટકા જમીન ગૌચર માટે સુરક્ષિત છે. ફ્રાન્સમાં ૨૧.૫ ટકા, ઇટલીમાં ૧૮.૩ ટકા, જર્મનીમાં ૧૪.૩ ટકા ગૌચર અનામત છે. તેની સામે આપણા દેશમાં માત્ર ૧.૬ ટકા જમીન જ ગૌચર માટે ઉપલબ્ધ છે. આ આંકડો બતાવે છે કે આપણું પશુધન કેટલી ઓછી જગ્યામાં રહે છે. કેટલાક લોકો જાપાન તથા ચીનમાં પ્રતિ એકર જમીન ઉપર ચોખાના વ્યાપક ઉત્પાદન તરફ ઇશારો કરતાં કહે છે કે આપણે ત્યાં પણ ખાદ્યાન્ન ઉત્પાદન વધારવાની સંભાવના છે. પરંતુ તેઓ એ ભૂલી જાય છે કે જાપાનમાં આખું વર્ષ પૂરતો વરસાદ પડે છે તેમજ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે છે. અને તેનું કારણ જંગલ-ગૌચર માટે ઉપલબ્ધ જગ્યા છે. ઉપરાંત એ દેશોનું હવામાન ચોખાના ઉત્પાદન માટે સાનુકૂળ છે.'

૧૬. 'એ સ્વીકારવું જોઇએ કે સ્વરાજ્ય દ્વારા આપણી પ્રજાનું કલ્યાણ થઈ શકે તેમ છે. પરંતુ જ્યાં સુધી વસ્તીવૃદ્ધિ ઉપર સમજદારીથી નિયંત્રણ લાવવામાં નહીં આવે ત્યાં સુધી દેશવાસીઓની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો નહીં થાય. ઘણા સ્વતંત્ર દેશોનાં ઉદાહરણ પરથી સાબિત થાય છે કે માત્ર સ્વરાજ્યથી જ આપણા દેશના નાગરિકોનો સર્વગ્રાહી વિકાસ નહીં કરી શકાય. ગરીબીને કારણે આપણા દેશના લોકોને પૌષ્ટિક ભોજન મળતું નથી. એ સિવાય પણ અનેક લોકોને સ્વાસ્થ્ય સારું રાખવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મુંબઈ પ્રેસિડેન્સીમાં પ્રતિ વ્યક્તિ પ્રતિદિન દૂધની ઉપલબ્ધિ માત્ર સવા તોલો છે. પોષણ સંબંધી નિયમો અનુસાર પ્રત્યેક વ્યક્તિને દરરોજ સરેરાશ ૧૦૦ ગ્રામ દૂધની જરૂર પડે.'

૧૭. 'જન્મદર આંદોલનનો મુખ્ય ઉદ્દેશ એવી સ્થિતિનું નિર્માણ કરવાનો છે જેથી દરેક દેશમાં જન્મદર નોંધપાત્ર રીતે ઘટી જાય. પરિણામે ત્યાં ઉપલબ્ધ સંસાધનો દ્વારા પ્રજાનું ભરણ-પોષણ થઈ શકે. કેટલાક લોકોનું કહેવું છે કે, આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોને કારણે માનવજાતની

ખોરાકની સમસ્યાના ઉકેલ મળી ગયા છે, અને માત્ર વિતરણની યોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી મુશ્કેલીઓ પડે છે. સંપત્તિનું યોગ્ય વિતરણ થાય તો દરેકને પૂરતું મળી રહે. એ સાચું કે સંપત્તિનું વિતરણ સમાન નથી અને દરેક તટસ્થ લોકનેતાએ આ દિશામાં ન્યાય મેળવવા પૂરો પ્રયાસ કરવો જોઇએ. પરંતુ સાથે એ યાદ રાખવું જરૂરી છે કે સમાન વિતરણ વ્યવસ્થા કરી દેવાથી પ્રજા માટે સ્થાયી તથા ભૌતિક સુધારા શક્ય નહીં બને. એ માટે પરિવારમાં સભ્ય સંખ્યા નિયંત્રિત હોય એ આવશ્યક છે. જન્મદરમાં નિયંત્રણ દ્વારા જનસંખ્યા ઓછી રાખવામાં નહીં આવે તો સમાન વિતરણના પ્રયાસો પણ નિષ્ફળ જશે.'

તમે વાંચ્યા ડૉ. બાબાસાહેબ આંબેડકરના સારગર્ભિત પ્રવચનનાં અત્યંત મહત્ત્વપૂર્ણ ૧૭ બિન્દુ. એમના આ વિચારો આજે પણ પ્રાસંગિક છે. ડૉ. આંબેડકરના પ્રવચનમાંથી આપણને એક જ બાબત સ્પષ્ટપણે સમજાય છે કે વધુ વસ્તી વિસ્ફોટ સરકારની તમામ યોજનાઓ ધરાશાયી કરી નાખે છે. પરિવાર પણ સુખી રહી શકતા નથી અને ગરીબી પણ વધે છે.

**સમાજ અને પરિવારના હિતમાં જરૂરી વસ્તી નિયંત્રણ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર એ પણ માનતા હતા કે વસ્તી નિયંત્રણ માત્ર રાષ્ટ્રહિતમાં જ નહીં સમાજ અને કુટુંબના હિતમાં પણ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે સાવર્જનિક ભાષણોમાં તો પોતાનું જ ઉદાહરણ આપીને યુવાનોને સમજાવ્યું કે વસ્તી પર નિયંત્રણ કેમ જરૂરી છે. ડૉ. બાબાસાહેબ વિદ્યાર્થીઓને રાષ્ટ્રના નિર્માતા માનતા હતા. કદાચ એટલે જ એમણે રાષ્ટ્રના ભવિષ્યની ચિંતા કરી વિદ્યાથીઓ સમક્ષ પરિવાર નાનું રાખવા અનુરોધ કર્યો. મુંબઇમાં અસ્પૃશ્ય વિદ્યાથી સંમેલન (જનતા સામયિક, ૧૭ ડિસેમ્બર ૧૯૩૮) માં કહ્યું 'તમારામાંથી મોટાભાગના અપરિણીત હશે. કેટલાકના લગ્ન થયા હશે. પરંતુ લગ્ન થયા પછી પણ તમે શું કરશો? આ અંગે તમારા ઉપર ઘણી જવાબદારી છે. હું તમારા પિતાનું ઉદાહરણ ન આપતાં મારા પિતાજીનું ઉદાહરણ આપું છું. તેમનાં કુલ ૧૪ સંતાન થયાં તેમાંથી હું ૧૪મું રત્ન છું. હું એલ્ફિસ્ટન કૉલેજમાં ભણતો હતો ત્યારે મારી સ્થિતિ અત્યંત દયાજનક હતી. પગમાં પહેરવા ચંપલ નહોતા. શરીર ઉપર સુતરાઉ શર્ટ અને પિતાજીનો ફાટેલો કોટ પહેરતો. તમે જો ક્યારેય એલ્ફિસ્ટન કૉલેજ ગયા હોવ તો ત્યાં મુલ્લર સાહેબનો ફોટો જોવા મળશે. તેમણે મને છેલ્લાં બે વર્ષ દરમિયાન શર્ટ આપ્યા હતા. મને વિચાર આવે છે કે મારા પિતાને ૧૪ને બદલા ચાર બાળક હોત તો મારા દિવસો સારી રીતે પસાર થયા હોત.

ભવિષ્યમાં તમે શું કરશો. મને લાગે છે કે મોટાભાગના ક્લાર્ક બનશો. તમને વધુમાં વધુ ૫૦-૬૦ રૂપિયા વેતન મળશે અને જો તમે ૧૪ બાળકો પેદા કરશો તો એ બાળકોનું શું થશે? શું તેમની જવાબદારી સમાજ ઉપર ઢોળશો? એ અંગે તમે વિચાર કરો. તમે સંન્યાસ નથી લેવાનો, છતાં જો કોઈ સંન્યાસ લેશે તો સારું જ છે. (વિદ્યાર્થીઓ હસે છે)

હસશો નહીં. આ વાત અગત્યની છે. મારે પાંચ બાળકો થયા જેમાંથી ચાર મૃત્યુ પામ્યા. જો એ બધા જીવિત રહેત તો તેમનું શિક્ષણ, ભોજન, રહેઠાણ એ બધાનો ભાર મારા ઉપર આવત અને મારા માટે મુશ્કેલી થાત. મારે એક જ છોકરો છે, જેની જવાબદારી છે. તેના પ્રમાણમાં દસ ટકા જેટલી જવાબદારી પણ જો તમે તમારા બાળકો માટે નિભાવશો તો ઘણું સારું થશે. સમાજહિત માટે એ સારું રહેશે. તમારે પણ જો ૫-૬ બાળકો થશે તેમને ભણાવશો કેવી રીતે? તેમનો ઉછેર કેવી રીતે કરશો? મને તો લાગે છે કે એમાં કોઈ પ્રગતિ નહીં, અધોગતિ થશે. આથી જ સ્ત્રી-પુરુષો પશુની જેમ જીવે એ માનવજાત માટે કલંક છે.'

ડૉ. બાબાસાહેબનાં બંને પ્રવચનોમાં તેમણે વ્યક્ત કરેલા વિચારો વાંચ્યા પછી આપણા ધ્યાનમાં એક બાબત સ્પષ્ટ ઉપસે છે કે રાષ્ટ્રહિત, સમાજહિત અને પરિવાર હિત-ત્રણેય દૃષ્ટિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર વસ્તી નિયંત્રણ ઇચ્છતા હતા.

વર્તમાન ભારતનો વિચાર કરીએ તો આજે પણ આ ત્રણેય દૃષ્ટિએ વસ્તી વધારાને નાથવો કેટલો જરૂરી છે. સરકારની કોઇપણ યોજના ગમે તેટલી મહત્ત્વપૂર્ણ કેમ ન હોય એ લોકકલ્યાણ કે જનઆકાંક્ષાઓને પૂરી કરવામાં અસમર્થ સાબિત થઇ રહી છે. ગરીબી નાથવામાં પણ વસ્તીવધારો જ મુખ્ય અડચણ છે. એટલું જ નહીં રાષ્ટ્રીય સલામતીની દૃષ્ટિએ પણ વસ્તીવધારો ખતરારૂપ પુરવાર થઇ શકે છે. રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ વસ્તી નિયંત્રણ ખૂબ જરૂરી છે. ભારતના ભવિષ્યને સલામત રાખવા, ગરીબ મુક્ત ભારત કરવા અને સમાજ તેમજ કુટુંબની ખુશહાલી માટે ડૉ. આંબેડકરના વિચારોને અમલમાં મૂકવા ખૂબ જરૂરી જ નહીં, અનિવાર્ય લાગે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના સપનાનું ભારત જોવું હોય તો વસ્તી વધારાના ભયાનક વિસ્ફોટને નાથવો જોઇએ.

**સમાન સિવિલ કોડની તરફેણ**

વસ્તી નિયંત્રણ બાબતે ડૉ. બાબાસાહેબના વિચારો જોયા પછી હવે એ સમાન નાગરિક કાયદા વિશે શું વિચારતા હતા એ જોઈએ. વસ્તી નિયંત્રણને રાષ્ટ્ર હિતમાં માનતા હતા એ જ રીતે સમાન સિવિલ કોડ - સમાન નાગરિક કાયદાને પણ રાષ્ટ્ર હિતમાં માનતા હતા. સમાન નાગરિક કાયદાના હિમાયતી હતા .

બંધારણ સભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થાય તે માટે ભરપૂર પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમને મુસ્લિમ પ્રતિનિધિઓનો સૌથી વધારે વિરોધ સહન કરવો પડ્યો. ધર્મના આધારે વહેંચાયેલા દેશમાં

મુસ્લિમ પ્રતિનિધિઓની જીદ હતી કે, તેઓ શરિયત અનુસાર પોતાના મામલાનું નિરાકરણ લાવશે. આંબેડકરે કહ્યું કે, ''મને અંગત રીતે આ વાત સમજાતી નથી કે, ધર્મને આટલો વ્યાપક અને મોંઘો ક્ષેત્રાધિકાર કેવી રીતે આપી શકાય કે, કોઈનું આખું જીવન માત્ર તેનાથી સંચાલિત હોય અને વિધાનસભાને તેમાં કંઈ કહેવાનો અધિકાર જ ન હોય! તો પછી સ્વતંત્રતાથી આપણે શું મેળવ્યું? સ્વતંત્રતાનો ઉપયોગ આપણે સામાજિક માળખું સુધારવામાં કરવો જોઈએ. જે બધા પ્રકારની અસમાનતા, ભેદભાવથી જ ભરેલો છે. આ બધું આપણા મૂળભૂત અધિકારોનું હનન છે.'' પરંતુ તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ સમાન નાગરિક કાનૂન લાગુ કરવાની તરફેણમાં નહોતા. તેમણે બીજા મુદ્દાની જેમ આ મુદ્દે પણ ડૉ. આંબેડકરનો સાથ ન આપ્યો.

ડૉ. આંબેડકરે સમાન સિવિલ કોડની તરફેણમાં જબ્બર દલીલો કરી છે. બંધારણ ઘડતી વખતે એમને પૂરો છૂટો દોર આપ્યો હોત તો સમાન સિવિલ કોડ એ સમયે જ દેશમાં આવી ગયો હોત.

બંધારણ સભામાં ચર્ચા વખતે સમાન સિવિલ કોડનો સૌથી વધારે વિરોધ મુસ્લિમ સભ્યોએ કર્યો હતો. હુસૈન ઈમામ, બી.પોકર, મહેબૂબ અલી બેગ, મહોમ્મદ ઈસ્માઈલ, નઝીરુદ્દીન અહમદે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે વિવાહ અને ઉત્તરાધિકારના મામલે કુરાન અને શરિયત અનુસાર જ નિર્ણય લેવાય. હવે અહીં પ્રશ્ન છે કે, બધા મુસ્લિમ આગેવાનો વિવાહ અને ઉત્તરાધિકાર જેવા મામલે પોતાના માટે અલગ નિયમો કેમ ઇચ્છે છે? આ બંને મુદ્દાઓમાં, પર્સનલ લૉના નામે મહિલાઓ સાથે ભારે ભેદભાવ અને અત્યાચાર થાય છે. આ અત્યાચાર મુદ્દે કોઈ અવાજ ઉઠાવે તો મુસ્લિમ પક્ષ તરફથી, વારંવાર ધાર્મિક મુદ્દાઓમાં દખલ થતી હોવાનું કહેવામાં આવે છે. પર્સનલ લૉ અંગે પણ તેઓ આ જ દલીલ કરે છે. આવી જ દલીલ બંધારણસભામાં થઈ ત્યારે ડૉ. આંબેડકરે જડબાતોડ જવાબ આપેલો. ડૉ. આંબેડકરે બંધારણ સભામાં ૨૩ નવેમ્બર, ૧૯૪૮ના દિવસે સમાન સિવિલ કોડની તરફેણમાં બહુ લાંબુ ભાષણ આપેલું. એ આજે પણ રેકર્ડ પર મોજૂદ છે. ભાષણ વાંચવા જેવું છે. સમાન સિવિલ કોડ પર ભાષણ કરતાં કહે છેઃ 'ભારતમાં આમ તો સમાન નાગરિક સંહિતા અંતર્ગત આવનાર મોટાભાગના વિષય તો આવી જ ગયા છે. કેટલાક સભ્યો કહે છે કે આ દેશમાં મુસ્લિમ પર્સનલ લો અપરિવર્તનિય છે અને આખા દેશમાં એક સમાન છે તો આવા સભ્યોને હું પડકાર ફેંકું છું. આવું કહેનાર એક વાત ભૂલી જાય છે કે ૧૯૩૫ સુધી ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત શરિયત કાયદા હેઠળ નહોતા આવતા. ઉત્તરાધિકાર અને અન્ય મામલાઓમાં તેઓ હિન્દુ કાનૂનને અનુસરતા હતા. આ કથા અહીં જ અટકતી નથી. ઉત્તર મલાબારમાં મરૂમક્કથાયમ કાયદો માત્ર હિન્દુઓને જ નહીં મુસલમાનોને પણ લાગુ પડે છે. યાદ રાખવું જોઇએ કે મરૂમક્કથાયમ કાયદો એક પિતૃસત્તાત્મક નહીં પરંતુ માતૃસત્તાત્મક છે. આથી ઉત્તર મલાબારના મુસલમાનો મરૂમક્કથાયમ કાયદાનું પાલન કરતા હતા, એટલે એમ કહેવું નક્કામું છે કે ઇસ્લામી કાનૂન અપરિવર્તનીય છે, જેનું તેઓ સદીઓથી પાલન કરતા આવ્યા છે. સમાન નાગરિક કાનૂન માટે આપણે પૂરતી ચર્ચા કરી ચૂક્યા છીએ. હવે વધુ એના પર ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી.' જો કે વસ્તી નિયંત્રણની જેમ જ ડૉ. આંબેડકરની સમાન નાગરિક કાનૂનની ઇચ્છા પણ અધૂરી જ રહી ગઇ. ૩૭૦ કલમ પણ એમની અનિચ્છાએ બંધારણમાં સામેલ કરવી પડી હતી. એ મોદી સરકારે રદ કરી. હવે વસ્તી નિયંત્રણ અને સમાન સિવિલ કોડ લાગુ કરી એમની અધૂરી ઇચ્છા પૂરી થાય એ રાષ્ટ્રીય હિતમાં છે.

આ દેશ ધર્મના આધારે બનેલા પર્સનલ કાયદાઓથી પીડિત છે. સુપ્રીમ કોર્ટે પણ સરકારને અનેક પ્રસંગોએ સમાન સિવિલ કોડ લાગુ કરવા જણાવ્યું છે. આ વિચાર બંધારણમાં તો છે, પરંતુ તુષ્ટિકરણ અને મુસ્લીમ પ્રતિષ્ઠાની રાજનૈતિક વિચારધારાના કારણે તે અમલમાં લાવી શકાયો નહોતો. કોંગ્રેસે દંભી ધર્મનિરપેક્ષતાના નામે દેશને હિંદુ-મુસલમાનમાં વહેંચી દીધો. સીએબીને લઇને વિરોધ થઇ રહ્યો છે એની પાછળ પણ વિશુદ્ધ રાજકારણ છે.

વાસ્તવમાં તો બંધારણ નિર્માતાઓએ તો અનુચ્છેદ ૪૪માં સ્પષ્ટ કહ્યું છે કે, ભારતે બધા નાગરિકો માટે સમાન નાગરિક કાનૂન લાગુ કરવાની દિશામાં કામ કરવું જોઈએ. ૧૯૫૪માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, અનુચ્છેદ ૨૫ અને ૨૬ અનુસાર આપવામાં આવેલી ધાર્મિક આઝાદીનો અર્થ એ નથી કે, તે કાયદાથી ઉપર છે. શાહબાનો કેસ અને સાયરાબાનો કેસમાં સુપ્રીમ કોર્ટે સમાન નાગરિક કાનૂન જરૂરિયાતને વારંવાર દર્શાવી છે.સમાન નાગરિક કાનૂન બધા માટે સમાન કાયદાની વાત કરે છે. તેને ધાર્મિક આઝાદી સાથે કોઈ લેવાદેવા નથી. હિંદુ હોય કે મુસ્લિમ સમાન નાગરિક કાનૂન લાગુ થયા પછી પણ પોતાના ધર્મનું અને ધર્મની ક્રિયાઓનું પાલન કોઈ પણ પ્રકારની અડચણ વિના કરી શકે છે.

**ડો. આંબેડકરના શબ્દોમાં કહીએ તો...**

વધારે વસ્તી દેશની બધી જ યોજનાઓને નિષ્ફળ બનાવે છે અને સમાન નાગરિક કાયદો સૌને સમાન ન્યાય આપે છે. આથી વસ્તી નિયંત્રણ કાયદો અને સમાન નાગરિક કાયદો - બંને રાષ્ટ્રના હિતમાં છે. દેશ હવે સમાન સિવિલ કોડ અને વસ્તી પર નિયંત્રણ મૂકતો કાયદો જલદી આવે તેની રાહ જોઇ રહ્યો છે.

*આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,*
*જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો.-૯૮૨૫૦૪૪૭૩૪*

# ડૉ. આંબેડકરનો આફ્રિકા સંદર્ભ !

*- નટુભાઈ પરમાર*

પ્રજ્ઞાસૂર્ય ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવનનાં પાંચ-પાંચ વર્ષ તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન યુ.એસ. (અમેરિકા) અને યુ. કે. (ઈંગ્લેન્ડ)માં વીત્યા હોવા છતાં અને તેમના એ સમયખંડમાં અમેરિકામાં વસતા બ્લેક / નિગ્રો આફ્રિકનો દ્વારા રંગભેદ સામેની લડત ઉગ્ર રીતે ચલાવાઈ રહી હોવા છતાં, ડૉ. બાબાસાહેબ રચિત હજ્જારો પાનાનાં સાહિત્ય, ગ્રંથો, તેમના પત્રકારત્વ કે તેમના પ્રવચનોમાં, બ્લેક આફ્રિકન અમેરિકન્સની લડતનો કે તેમના સંઘર્ષનો નોંધપાત્ર કે વિશેષ કહી શકાય એવો ઉલ્લેખ જોવા મળતો નથી, તેનું આધુનિક આંબેડકરવાદી અભ્યાસુઓને ઘણું આશ્ચર્ય છે !

આ અભ્યાસુઓનું એમ પણ માનવું છે કે, આફ્રિકન અમેરિકન્સની રંગભેદ સામેની લડતનો ભલે ડૉ. આંબેડકરના અધધધ લખાણોમાં વ્યાપક પડઘો પડેલો ન જોઈ શકાતો હોય, તો પણ અમેરિકા - બ્રિટનમાં રહેવાના સમય દરમિયાન ડૉ. આંબેડકર આફ્રિકન અમેરિકન્સની રંગભેદ સામેની લડતથી પ્રભાવિત થયા જ હોય, એમ માનવાને પૂરતાં કારણો છે. સંભવ છે એ બ્લેક મુવમેન્ટે, અસ્પૃશ્યતા સામે લડવાના એમના (ડૉ. આંબેડકરના) ઈરાદાઓને વધુ સંગીન બનાવ્યા હોય.

**હર્લેમ વિસ્તારમાં, ગતિવિધિ ખૂબ તેજ અને જલદ રીતે ચાલી રહી હતી. અમેરિકાના ખૂણે - ખૂણેથી આફ્રિકન અમેરિકનો હર્લેમ આવીને તેમને ગુલામ બનાવી રાખતી રંગભેદ સામેની લડતમાં જોડાઈ રહ્યા હતા**

૧૯૧૩થી ૧૯૧૬ દરમિયાન ન્યૂયોર્ક શહેરની કોલમ્બિયા યુનિવર્સિટીમાં જ્યારે ડૉ. બાબાસાહેબ વિદ્યાભ્યાસ કરી રહ્યા હતા ત્યારે, આ યુનિવર્સિટી કેમ્પસની પાડોશમાં જ આવેલા - આફ્રિકન અમેરિકનોની રંગભેદ સામેની ચળવળનું કેન્દ્ર ગણાતા - હર્લેમ વિસ્તારમાં, ગતિવિધિ ખૂબ તેજ અને જલદ રીતે ચાલી રહી હતી. અમેરિકાના ખૂણે-ખૂણેથી આફ્રિકન અમેરિકનો હર્લેમ આવીને તેમને ગુલામ બનાવી રાખતી રંગભેદ સામેની લડતમાં જોડાઈ રહ્યા હતા. આ સ્થિતિમાં આફ્રિકન અમેરિકનોના પ્રશ્નોથી - તેમના આંદોલનથી ડૉ. બાબાસાહેબ અજાણ રહ્યા હોય એ સંભવ નથી, એમ પણ આ અભ્યાસુઓનું માનવું છે.



ડૉ. આંબેડકરના આફ્રિકા સંદર્ભને તપાસવાની જહેમત જે કેટલાક આધુનિક આંબેડકરવાદી અભ્યાસુઓ ઉઠાવી રહ્યા છે, તે ન માત્ર રસપ્રદ કિન્તુ નવીન પણ છે !

આફ્રિકન બ્લેક્સ યાને નિગ્રોની રંગભેદ સામેની લડત અને દલિતોની અસ્પૃશ્યતા સામેની લડત બેઉ આખરે તો મુક્તિનો માર્ગ જ શોધે છે અને તે દૃષ્ટિએ ત્યાંના બ્લેક્સ (કાળાઓ) અને અહીંના અસ્પૃશ્યો (દલિતો)ની લડતમાં ઘણું બધું સામ્ય જો છે, તો અમુક અંશે ભેદ પણ છે.

એમના શોધકાર્ય દરમિયાન અહીં ભારતમાં આવીને ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનકર્મનો વિસ્તૃત અભ્યાસ કરનાર, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત વિદેશી લેખિકા એલિનોર ઝેલિયટ (Eleanor Zelliot), દલિતો અને કાળા આફ્રિકનો બંનેનાં, આર્થિક અને સામાજિક સ્તરે થઈ રહેલા શોષણમાં ઘણી સમાનતા હોવા છતાં, એ બે વચ્ચે રહેલા ભેદને પણ અલગ તારવી આપે છે.

એલિનોર ઝેલિયટ કહે છે કે અમેરિકામાં વસતી બ્લેક આફ્રિકન પ્રજા પોતાના શોષણખોરને નજર સામે જોઈ શકતી હોય છે, જ્યારે ભારતમાં સામાજિક નીતિરીતિમાં જ પરંપરાથી વણાઈ ગયેલી વર્ણાશ્રમપ્રથાને કારણે દલિતો-અસ્પૃશ્યો ઉચ્ચવર્ગો દ્વારા આચરાતી અસ્પૃશ્યતાનો ભોગ બને છે ત્યારે પણ મોટે ભાગે તેવા શોષણખોરોને સ્પષ્ટપણે જોઈ શકતા હોતા નથી !

એલિનોરના મતે ભારતમાં અસ્પૃશ્યતા એ વેદો - પુરાણો યાને ધર્મશાસ્ત્રોમાં લખાયેલી છે તેવો આધાર આપીને, અસ્પૃશ્યોની તો 'આ જ નિયતિ છે' એમ માની-મનાવીને, તેમને હજારો વર્ષોથી આ શોષણ વેઠવાને મજબૂર કરાતા રહ્યા છે.

આ જ કારણે આ કુટિલ પરંપરા સામે લડવાનો પોતાનો આગવો માર્ગ ડૉ. બાબાસાહેબ આંબેડકરે પસંદ કરવો પડ્યો હતો.

રંગભેદ સામેની લડતમાં નજરે દેખાઈ

રહેલા શત્રુઓથી અલગ, સમાજમાં ઊંડે સુધી ફેલાઈ ગયેલા છતાં નરી નજરે જોઈ ન શકાતા અસ્પૃશ્યોના શોષણખોરોને શોધી શોધીને, તેમને ખુલ્લા પાડીને, અસ્પૃશ્ય સમાજની નવતર આવતીકાલ માટેનો સંકલ્પ ડૉ. બાબાસાહેબે કર્યો હતો.ડૉ. બાબાસાહેબનો માર્ગ આ અર્થમાં વધુ કઠિન હતો - વધુ સંઘર્ષભર્યો હતો.

ડૉ. બાબાસાહેબ આ જાણતા હતા, તેથી 'રંગભેદ' સામેની લડતથી ભલીપેરે અવગત હોવાં છતાં, તેનાથી પ્રેરિત થયા હોવાની સંભાવના પણ રહી હોવા છતાં, ડૉ. આંબેડકરના લખાણોમાં પ્રસંગોપાત એવા નાના ઉલ્લેખો સિવાય મોટા પાયે આફ્રિકનોની રંગભેદ સામેની લડતનું વિવરણ આપણે જોઈ શકતા નથી.

'Slaves and Untouchables' (ગુલામો અને અસ્પૃશ્યો) શીર્ષક હેઠળના તેમના એક લેખમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર લખે છે : 'ગુલામીની પ્રથા અનિવાર્ય કે ફરજિયાત નહોતી, પણ અસ્પૃશ્યતાની પ્રથા તો ફરજિયાત હતી. ગુલામીનો કાયદો ગુલામીથી મુક્ત થવાની મંજૂરી આપતો હતો. એક ગુલામ કાયમ ગુલામ જ રહે એ જરૂરી નહોતું. જ્યારે અસ્પૃશ્યતાની પ્રથામાં તો બીજો કોઈ વિકલ્પ કે અવસર જ નથી. એકવારનો અસ્પૃશ્ય કાયમ અસ્પૃશ્ય જ રહે છે. એક વ્યક્તિને તેની સ્વતંત્રતાથી વંચિત રાખવાનો પ્રયાસ, તેને ગુલામી તરફ ધકેલવા જેવો જ છે. ગુલામને તેની ગુલામગીરીનો અહેસાસ થાય છે, તે જ ક્ષણથી તેની સ્વતંત્રતાનો પ્રારંભ થાય છે. કિન્તુ ધર્માધારિત પરંપરાઓથી જેમને શૂદ્ર બનાવીને દબાવી દેવામાં આવ્યા છે, તેમને તો તેમની આ ગુલામીનો અહેસાસ પણ થવા દેવાતો નથી ! વાસ્તવમાં અસ્પૃશ્યતા એ ગુલામીનું જ પરોક્ષ રૂપ છે.'

**રંગભેદ દાખવીને આફ્રિકનોને ગુલામ બનાવી રાખવાની પ્રથા કરતાં, અસ્પૃશ્યતાની પ્રથા કેટલી અધમ કક્ષાની છે એ દર્શાવવાને જ ડો. બાબાસાહેબે આ સરખામણી રજૂ કરી હતી**

રંગભેદ દાખવીને આફ્રિકનોને ગુલામ બનાવી રાખવાની પ્રથા કરતાં, અસ્પૃશ્યતાની પ્રથા કેટલી અધમ કક્ષાની છે એ દર્શાવવાને જ ડૉ. બાબાસાહેબે આ સરખામણી રજૂ કરી હતી.

રંગભેદના ભોગ બનેલા આફ્રિકનો અને જાતિપ્રથા - અસ્પૃશ્યતાનો ભોગ બનેલા અસ્પૃશ્યો વચ્ચે જોઈ શકાય એવો ભેદ એ પણ છે કે, કાળા આફ્રિકનો એમના દેખાવ માત્રથી જુદા તરી આવશે જ્યારે અસ્પૃશ્યો - દલિતો માટે એ સંભવ નથી. ભારતમાં દલિતો - બિનદલિતો વચ્ચે રંગભેદની સમસ્યા તો છે જ નહિ. બિનદલિતો વચ્ચે દલિતોને સ્પષ્ટપણે ઓળખી કાઢવા એ સહેલું કામ નથી ! આથી રંગે-રૂપે એક સમાન ભારતીય હોવા છતાં, ધાર્મિક પરંપરાઓનાં બહાનાં હેઠળ જેમને બહિષ્કૃત કરી દેવાયા છે, તેમની સ્વતંત્રતા માટેનો માર્ગ - તે માટેની લડત, રંગભેદ સામે ચાલી રહેલા આંદોલનથી અલગ અને વધુ પડકારભર્યો જ હોય. આ હકીકત ડૉ. બાબાસાહેબ સમયસર પારખી ગયા હતા અને તેથી જ અહીં ભારતમાં દલિતમુક્તિ માટેનો નોખો માર્ગ તેમણે પસંદ કર્યો હોવો જોઈએ, તેમ આ અભ્યાસુઓનું માનવું છે.

ડૉ. બાબાસાહેબ અમેરિકામાં વસતા આફ્રિકનોની લડતથી પ્રભાવિત થયા હતા તે પ્રતિપાદિત કરવા આ અભ્યાસુઓ, રંગભેદની ચળવળના આગેવાન ડુ બોઈસ (W.E.B. Du. Bois) સાથે, જુલાઈ ૧૯૪૬માં - બહુ મોડે મોડે - ડૉ. આંબેડકરે કરેલા પત્રવ્યવહારનો ઉલ્લેખ કરે છે.

અમેરિકામાં વસતા અને રંગભેદનો સામનો કરી રહેલા આફ્રિકનો માટેની Civil Rights Movementના પ્રણેતા ડુ બોઈસે, એમના સંગઠન National Negro Congressના નેજા હેઠળ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (United Nations)ને કરેલી રજૂઆત (Petition)ની નકલ માંગતો વિનંતી પત્ર, ડૉ. આંબેડકરે જુલાઈ ૧૯૪૩માં લખ્યો હતો. તેમાં તેમણે ડુ બોઈસને લખ્યું : 'હું પોતે આફ્રિકન અમેરિકન નિગ્રોની સમસ્યાનો અભ્યાસુ અને વિદ્યાર્થી રહ્યો છું અને એ જોઈ શક્યો છું કે અમેરિકામાં વસતા નિગ્રો અને ભારતમાં વસતા અસ્પૃશ્યોની સમસ્યાઓમાં ઘણી બધી સામ્યતા છે. તેથી અહીં ભારતમાં દલિતોના પ્રશ્ને લડત આપવામાં આપની એ પિટિશનનો મારે અભ્યાસ કરવો ખૂબ આવશ્યક છે. આપની એ પિટિશન મારે મન ખૂબ મહત્ત્વની છે.'



ડુ બોઈઝે ૩૧ જુલાઈ ૧૯૪૬ના રોજ ડૉ. આંબેડકરને ત્વરિત પિટિશનની નકલ મોકલી આપવાના સાનુકૂળ પ્રતિભાવ સાથે પત્રમાં લખ્યું : 'મેં આપનું નામ ખૂબ સાંભળ્યું છે. આપ અસ્પૃશ્યોને તમામ પ્રકારે મદદ કરી રહ્યા છો, તે પણ મારા જાણવામાં આવ્યું છે. હું પણ આપના નામથી પરિચિત છું.'

હાર્વર્ડ યુનિ. જ્યાં તેઓ ભણ્યા અને હવે ભણાવી રહ્યા છે તેવા આંબેડકરી યુવા લેખક સૂરજ યેંગડે પણ ડૉ. આંબેડકરના આફ્રિકા સંદર્ભને તપાસતાં, અમેરિકન દૈનિક 'New York Times'માં ૩૦ નવેમ્બર ૧૯૩૦ના રોજ પ્રસિદ્ધ થયેલા ડૉ. આંબેડકરના સાક્ષાત્કાર (મુલાકાત)નો ઉલ્લેખ કરે છે. આ મુલાકાતમાં ડૉ. આંબેડકર અનુસૂચિત જાતિઓ - અસ્પૃશ્યોની સમસ્યાને વૈશ્વિક સમસ્યા તરીકે જોઈ, આખી દુનિયાની આર્થિક-સામાજિક સુખાકારીને અસર કરતી અસ્પૃશ્યતાની સમસ્યાને, રંગભેદનો સામનો કરી રહેલા નિગ્રોસની સમસ્યાની જેમ જ, સંયુક્ત રાષ્ટ્ર સંઘે (United Nations) હાથ ધરવી જોઈએ, તેની હિમાયત કરે છે. ડૉ. આંબેડકરે આ મુલાકાતમાં એમ પણ જણાવેલું કે, અસ્પૃશ્યોની સમસ્યાને જો આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળશે, તો તેના ઝડપથી નાબૂદ થવાની સંભાવનાઓ પણ વધશે. આ મુલાકાતમાં ભારતના આઠ કરોડ (તે વખતે) અસ્પૃશ્યોની સમસ્યા યુનાઈટેડ નેશન્સના જ અધિકારક્ષેત્ર (Jurisdiction) માં આવતી હોવાનું ડૉ. આંબેડકરે જણાવેલું. આ પછી આગળનાં વર્ષોમાં ડૉ. આંબેડકર સ્થાપિત All India Scheduled Caste Federation - AISCFની કાર્યવાહક સમિતિએ (તેના સદસ્ય એન. શિવરાજના અધ્યક્ષપણા હેઠળની સમિતિએ) તા.૧૯ જાન્યુઆરી ૧૯૪૭ના રોજ ઠરાવ પસાર કરીને, ભારતની અનુસૂચિત જાતિઓની દારુણ હાલત અંગેનું એક મેમોરેન્ડમ ડૉ. બાબાસાહેબ ખુદ તૈયાર કરશે અને AISCFના સભ્યોનું પ્રતિનિધિમંડળ પોતે સંયુક્ત રાષ્ટ્ર સંઘને તે રૂબરૂ પહોંચાડવા જશે, તેમ નક્કી કરેલું. કિન્તુ ડૉ. આંબેડકરે સૌ પ્રથમ આપણા દેશની પાર્લામેન્ટમાં આ સમસ્યાની રજૂઆત કરવાની આવશ્યકતા જોઈ એ ઠરાવને રોકી દીધો હતો.

**અસ્પૃશ્યોની સમસ્યાને વૈશ્વિક સમસ્યા તરીકે જોઈ, આખી દુનિયાની આર્થિક-સામાજિક સુખાકારીને અસર કરતી અસ્પૃશ્યતાની સમસ્યાને, રંગભેદનો સામનો કરી રહેલા નિગ્રોસની સમસ્યાની જેમ જ, સંયુક્ત રાષ્ટ્ર સંઘે હાથ ધરવી જોઈએ**

આમ અમેરિકામાં વસતા આફ્રિકનોની લડત સાથે સંધાન સાધતા હોય એવા બે-ત્રણ ઉલ્લેખો સિવાય, આજીવન આંદોલનકાર રહેલા ડૉ.બાબાસાહેબના પ્રચુર માત્રાનાં લખાણો - પ્રવચનોમાં નોંધપાત્ર કહી શકાય એવો આફ્રિકા-સંદર્ભ આપણે શોધી શકતા નથી.

આ હકીકતની વચ્ચે ભારતમાં ડૉ. બાબાસાહેબ અસ્પૃશ્યોના ઉત્થાન માટે કેવું ભગીરથ કાર્ય કરી રહ્યા હતા અને તેમનું એ યુગકાર્ય રંગભેદ સામેની લડતને પણ કેવુંક માર્ગદર્શક - પ્રેરણાદાયી નીવડી શકે છે, તેની નોંધ લેતા દસ્તાવેજી પુરાવા પણ આપણને અમેરિકાના તે સમયના પત્રો-સામયિકોમાંથી સાંપડે છે અને જાણે કે અમેરિકામાં રંગભેદ સામેની લડત અને ભારતમાં અસ્પૃશ્યતા સામેની લડત, બેઉ આંતરરાષ્ટ્રીય સ્તરે એક મંચ પર આવતા હોય એવું એક દૃશ્ય ઊભું થતું દેખાય છે.

આફ્રિકન લીડર ડુ બોઈસ સાથે ડૉ. આંબેડકરે ૧૯૪૬માં પત્રવ્યવહાર કર્યો તે પહેલાં ડિસેમ્બર ૧૯૪૨માં રંગભેદ સામેની લડતના અગ્રિમ સંગઠન National Association for Advancement of Coloured People-NAACPના મુખપત્ર સમા સામયિક 'The Crisis' એ 'The Negroes of India' શીર્ષક હેઠળ બે હપ્તામાં એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. Harry Paxton Howard નામક લેખક-પત્રકાર દ્વારા લિખિત એ અહેવાલમાં સાધારણ પરિવારમાં જન્મીને, દલિતોના અધિકારો માટેની લડતના પ્રમુખ યોદ્ધા બની ચૂકેલા ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં ભારે ઓવારણાં લેવાયાં હતાં. 'The Crisis' સામયિકે ભારતમાં અસ્પૃશ્યોએ વેઠવા પડતા દુઃખ-દર્દની વાત બહુ વિસ્તારથી લખીને જણાવેલું કે, વિશ્વમાં જ્યાં પણ ભારત જેવા દલિતો-શોષિતો-પીડિતો છે, તે સૌએ ડૉ. આંબેડકરે ચલાવેલી લડતમાંથી પ્રેરણા લેવી જોઈએ, અને અમેરિકામાં આંદોલન કરી રહેલા આફ્રિકનોએ તો સવિશેષ.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના આફ્રિકા સંદર્ભની આ ચર્ચા, બાબાસાહેબે પોતે જેમને પોતાના ગુરુ માન્યા હતા, એવા અસ્પૃશ્યતા નાબૂદીની લડતના સૂત્રધાર મહાત્મા જ્યોતિરાવ ફૂલેના ઉલ્લેખ વિના અધૂરી જ ગણાય. એ મહાત્મા ફૂલે જ હતા, જેમણે સૌ પ્રથમવાર ભારતના અસ્પૃશ્યો અને અમેરિકાના આફ્રિકનો /નિગ્રોસની સમસ્યા સાથેના અનુસંધાનનો પ્રયાસ કર્યો હતો. ડૉ. બાબાસાહેબથીય પહેલાં છેક ૧૮૭૩માં જેમણે 'ગુલામગીરી' ગ્રંથ લખીને, ભારતના અસ્પૃશ્યોની હૃદયદ્રાવક પીડાને જગતચોકમાં મૂકી હતી એવા મહાત્મા ફૂલેએ આ પુસ્તક 'ગુલામગીરી' રંગભેદ સામેની લડતના લડવૈયાઓને અર્પણ કરતાં લખ્યું : 'યુનાઈટેડ સ્ટેટ્સના એ સારા લોકો જેઓ નિગ્રોસની સ્વતંત્રતા માટે અને ગુલામીપ્રથાની નાબૂદી માટે સમર્પિત છે. તેમનામાંથી મારા દેશબાંધવો પણ પ્રેરિત થશે અને અહીંના અસ્પૃશ્યોને તેમની દારુણ યાતનાઓથી છુટકારો અપાવશે તેવી આશા સાથે અર્પણ.'

• • •

આ વિશદ ચર્ચા એટલું તો જણાવે છે કે, ડૉ. બાબાસાહેબ નિગ્રોસ (કાળા આફ્રિકનો)ની સમસ્યાથી

પરિચિત હતા તો પણ ઘર આંગણેના અસ્પૃશ્યોના પેચીદા સવાલોના નિરાકરણ માટે એમનો પોતાનો આગવો દૃષ્ટિકોણ અને વ્યૂહ હતા. આજે જોઈ શકાય છે કે, આફ્રિકનો સામે ભેદભાવની પરંપરા, ભારતના દલિતો પરના અત્યાચારોની જેમ જ સમાંતરે ચાલી રહી છે. તો પણ વૈશ્વિક સ્તરે નિગ્રોસની સમસ્યાને ધ્યાન આકર્ષિત કરવામાં જેટલી સફળતા મળે છે તેવી દલિત સમસ્યાને મળતી નથી.

આમ કેમ ?

Gary Michael Tartakov કે જેઓએ ૨૦૦૧માં દક્ષિણ આફ્રિકાના ઐતિહાસિક ડરબન શહેરમાં મળેલી 'United Nations' Conference on Racism'માં 'દલિતો અને આફ્રિકન અમેરિકન્સની સરખામણી શા માટે ?' વિષયને આવરી લેતું એમનું પ્રવચન રજૂ કર્યું હતું, તેમનો આશય આ બંને જાતિઓના સર્વસામાન્ય એવા પ્રશ્નોને સાથે મળીને વિશ્વસ્તરે ઉઠાવવાનો રહ્યો હતો. અહીં Atrocity - ત્યાં Lynching, ત્યાં Racial Tradition અને અહીં મનુવાદી પરંપરા, બંને સ્થળે બંને જાતિ વસતિથી દૂર, બંને જાતિઓને ઉચ્ચ શિક્ષણ અને ધંધા વ્યવસાયની એક સરખી સમસ્યા, બેયને સામાજિક સ્તરે નીચા ગણવાનું વલણ એક સમાન. એકને આનુવંશિક (Genetic) રંગને આધારે તો બીજાને ધર્મની આજ્ઞાઓથી પ્રતાડિત કરવાનું એક સમાન. બંનેના સંસ્કાર અલગ પણ શોષણની માત્રા એક સમાન.

**ગાંધીજીએ જેમને દ. આફ્રિકાના હિન્દીઓ તરીકે ઓળખાવ્યા છે તેમના પર, ત્યાંના ગોરા (બ્રિટિશ) શાસને અનેક પાબંદીઓ લાદેલી. 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ'થી ખ્યાત બેરિસ્ટર ગાંધીની અહીંની લડાઈએ એમને અનેકવાર જેલવાસ પણ સંપડાવ્યો**

પીડા, વ્યથા ને તિરસ્કારની આટઆટલી સામ્યતા ધરાવતા આફ્રિકન અમેરિકનો અને ભારતીય દલિતોની સમસ્યાને Race અને Casteના સંદર્ભે, યુ.એન. કોન્ફરન્સમાં રજૂ કરવાનો ગેરી મિખાઈલનો ઈરાદો રહ્યો હતો.

અમેરિકામાં વસતા આફ્રિકનો અને ભારતમાં વસતા દલિતોના સંઘર્ષના તુલનાત્મક અભ્યાસ અર્થે, અભ્યાસુ આફ્રિકન વિદ્યાર્થીઓના જૂથ સાથે અમેરિકાથી ભારત આવેલા અને દેશમાં વિભિન્ન સ્થળોએ ડઝન જેટલા આ હેતુસરના સેમિનારોમાં હિસ્સો લેનારા અભ્યાસુ Kevin D. Brownને દરેક સ્થળે એક જ સવાલ પુછાયોઃ 'આવા અભ્યાસથી શું ફાયદો ?' ત્યારે બ્રાઉન જણાવતા કે, મારી સાથે આવેલા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળી છે માટે નહિ, કિન્તુ દલિતો અને નિગ્રોસની સમસ્યા પ્રતિ આમ સમાજની સમજણ વધારવાના આશયથી તેઓ ભારતની મુલાકાતે આવ્યા છે.

બ્રાઉને મહત્ત્વની વાત એ કહી કે, અમેરિકામાં White Supermacyએ જ્યારે ભારતમાં Elite Supermacyએ માનવસમાજના એક મોટા સમૂહ પર જન્મથી જ પાબંદીઓ લગાવી રાખી છે, આમ છતાં અમેરિકાના આફ્રિકનો સાથે જ્યારે જ્યારે Racism - રંગભેદ આચરવામાં આવે છે ત્યારે ત્યાંનો White અમેરિકન સમાજ ભોગ બનનારા આફ્રિકનોની તરફેણમાં સંપૂર્ણ સંવેદના દાખવીને બોલતો ને ઊભો રહેલો જોવા મળે છે. આવું ભારતમાં જોવા મળતું નથી !

• • •

આફ્રિકા અને આંબેડકરની વાત કરતા હોઈએ ત્યારે મહાત્મા ગાંધી પણ સહજ યાદ આવે. ૧૮૯૩થી ૧૯૧૪ સુધી પૂરા ૨૧ વર્ષ ગાંધી દ. આફ્રિકામાં હતા. એ ઐતિહાસિક હકીકત છે કે, ભારતથી અમુક વર્ષના કરારે મજૂરી કરવા ગયેલા મોટી સંખ્યાના ભારતીયો સાથે કેટલોક વેપારી વર્ગ પણ દ. આફ્રિકા ગયેલો. ગાંધીજીએ જેમને દ. આફ્રિકાના હિન્દીઓ તરીકે ઓળખાવ્યા છે તેમના પર, ત્યાંના ગોરા (બ્રિટિશ) શાસને અનેક પાબંદીઓ લાદેલી. જેમાં દ. આફ્રિકામાં વસતા દરેક હિન્દી પર જો તે મજૂરી કામ છોડીને વેપાર કરવા લાગે તો ભારે માથાવેરો, હિન્દીઓને મતદાન કરવાની કે ત્યાંની ધારાસભામાં ચૂંટણી લડવાની મનાઈ, રેલવેમાં ગોરાઓ સાથે બેસવાની મનાઈ, હિન્દીઓની વસાહતો બ્રિટિશ પ્રજાથી દૂર રાખવાનું ફરમાન, હિન્દીઓ ત્યાં જમીન ન લઈ શકે, તેમનાં બાળકો ગોરાઓનાં બાળકો સાથે શાળામાં ન બેસી શકે, હિન્દીઓ હોટલમાં ન જઈ શકે ને આ બધાનો સામનો કરે તો જેલવાસ જેવાં બંધનો હતાં.

'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ'થી ખ્યાત બેરિસ્ટર ગાંધીની અહીંની લડાઈએ એમને અનેકવાર જેલવાસ પણ સંપડાવ્યો. વાસ્તવમાં દ. આફ્રિકાના બ્રિટિશ શાસકો અહીંના નિગ્રો-હબસીઓની જેમ હિન્દીઓને પણ ગુલામ જ ગણતા હતા.

દ. આફ્રિકામાં બે દાયકા ઉપરાંતના ગાંધીજીના કાર્યકાળની વરવી વાસ્તવિકતા એ છે કે, અહીં સત્યાગ્રહ કરતી વેળાએ ગાંધીજીએ મૂળ દ. આફ્રિકન હબસીઓથી ભારતીય - હિન્દીઓને અલગ કરીને તેમની લડત ચલાવી હતી. જેલવાસ દરમિયાન નિગ્રો કેદીઓ સાથે રહેવાનું આવ્યું ત્યારે બાપુને ફાવ્યું નથી. દ. આફ્રિકામાં હિન્દીઓની વસાહત ગોરાઓથી દૂર પણ કાળાઓ (હબસીઓ)ની નજીક ઊભી થાય તે પણ તેમને પસંદ પડતું નહોતું. હિન્દી જાતિની પવિત્રતાની વાત ત્યાં પણ સતત તેમના મનમાં રહેતી. બ્રિટિશ રાજ ત્યાંના ગુલામ એવા હબસીઓ સાથે હિન્દીઓની સરખામણી કરે તેની

સામે બાપુને વાંધો હતો. જો કે, પાછળથી રંગભેદ સામેની ચળવળના મહાન આગેવાન Booker T. Washigton સાથે સંપર્કમાં આવતાં ગાંધી બાપુના વિચારોમાં ઘણું પરિવર્તન આવ્યું હતું. જેના પરિણામે ૧૯૧૫માં દ. આફ્રિકા છોડીને કાયમ માટે ભારત આવ્યા પછી, દ. આફ્રિકનોની આઝાદી માટેનો સંઘર્ષ લડતા અનેક આગેવાનો (૧૯૩૦ થી ૧૯૪૦ના ગાળામાં સૌથી વધુ) ગાંધીજીના આગ્રહથી ભારતની મુલાકાતે આવ્યા હતા. આ આગેવાનોમાં National Association for Advancement of Coloured People- NAACP અધ્યક્ષ ChanningTobias, હાવર્ડ યુનિ.ના ડીન Benjamin Mays, પ્રોફેસર Haward Thurman અને છેક ૧૯૫૯માં બ્લેક મૂવમૅન્ટના પ્રણેતા માર્ટિન લ્યુથર કિંગનો પણ સમાવેશ થતો હતો.

ગાંધીજીને અહીં ભારતમાં મળનારા આ દ. આફ્રિકન આગેવાનોએ, ગાંધીજીના મુખેથી અહિંસક સત્યાગ્રહની સાથે સાથે વર્ણવ્યવસ્થાની તેમની માન્યતાની, અસ્પૃશ્યતા નાબૂદી માટે ઉચ્ચવર્ગીય હિન્દુઓની માનસિકતાને સુધારવાની અને ભારતના અસ્પૃશ્યોને તેમણે 'હરિજન' નામ આપ્યું હોવાની વાત પણ જાણી !

આ વાતો આ પૈકીના એક મુલાકાતી Benjamin Mays એ દ. આફ્રિકા જઈને એમના સંસ્મરણમાં લખી પણ !

**આવનાર દિવસોમાં સંભવ છે દુનિયામાંથી રંગભેદ સંપૂર્ણપણે નાબૂદ થઈને રહે પણ ભારતીય સમાજની રગ-રગમાં વ્યાપક અસ્પૃશ્યતાને નાબૂદ થતાં હજુ ઘણાં વર્ષો લાગે**

અસ્પૃશ્યોની સમસ્યા માટે આજીવન લડનારા આગેવાન તરીકે ડૉ. આંબેડકરની સાથે મહાત્મા ગાંધીનું નામ પણ લેવાય છે, તે છતાં અસ્પૃશ્યતા નાબૂદીમાં જે વર્ણાશ્રમપ્રથા મોટી અડચણ હતી, તેને જ અનુમોદન આપનારા ગાંધીથી ડૉ. આંબેડકર કાયમ નારાજ રહ્યા હતા.

મનુસ્મૃતિ દહન, પૂના કરાર સમયે બાપુની જીદ અને આમરણ ઉપવાસ, ગાંધી-આંબેડકર વચ્ચે રહેલા મતભેદના બોલતા પુરાવા બની રહ્યા. 'What Congress and Gandhi have done to the Untouchables' જેવા ડૉ. બાબાસાહેબના અનેક મહત્ત્વપૂર્ણ - ક્રાંતિકારી ગ્રંથો પૈકીના એકમાં 'A plea to the foreigner' પ્રકરણમાં ડૉ. આંબેડકરે, આફ્રિકનોની રંગભેદ સામેની લડત અને ભારતની અસ્પૃશ્યતા સામેની લડત વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી દેતાં લખ્યું : 'દેશની આઝાદી અને દેશના લોકો (અસ્પૃશ્યો)ની આઝાદી અલગ છે. ભારતની આઝાદીની લડાઈ સત્તાધારી વર્ગની આઝાદી માટેની લડાઈ છે. આ દેશમાં Caste is a notion and state of mind - જાતિવાદ એ એક ધારણા છે અને લોકોની માનસિકતામાં વ્યાપ્ત છે.'

વર્ણાશ્રમપ્રથામાં માનતા ગાંધી બાપુને ઉલ્લેખીને જ ડૉ. બાબાસાહેબે અહીં લખ્યું : "Caste structure in Gandhism is not an accident. It is its official doctorine- ગાંધીવાદમાં જાતિમાળખાને અનુમોદન એ કોઈ અકસ્માત નથી, તે તો તેમનો સ્વીકૃત સિદ્ધાંત છે."

• • •

એ પણ એક સમય હતો કે દ.આફ્રિકામાં બ્રિટિશ શાસન હતું ત્યારે ત્યાંના શૌચાલયોથી માંડી પોસ્ટ ઓફિસો સુધી Whites - Nonwhitesના પાટિયાં લટકતાં રહેતાં હતાં. દ. આફ્રિકનોને ગુલામ બનાવી એકથી બીજા સ્થળે (બીજા દેશમાં) લઈ જઈ વેચવાનો વેપાર ધમધમતો હતો. રંગભેદ સામેની ચળવળ ચલાવનારા અનેક નામી-અનામી લડવૈયાઓની લડત અને શહાદતને કારણે, આજના સમયે અત્યાચારની એ તીવ્રતા કે જઘન્યતા હવે રહી નથી.

આ તરફ ભારતમાં પણ મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બાબાસાહેબ આંબેડકર સહિતના લડવૈયાઓની દૂરંદેશીભરી લડતને કારણે, અસ્પૃશ્યતાની તીવ્રતા - માત્રા જરૂર ઓછી થઈ છે, છતાં ડૉ. આંબેડકરે કહ્યું તેમ સવર્ણ સમાજની નસ-નસમાં વ્યાપ્ત ઉંચ-નીચની માન્યતાને દૂર કરવાનું કામ હજુ આજે પણ કપરું બની રહેલ છે.

આવનાર દિવસોમાં સંભવ છે દુનિયામાંથી રંગભેદ સંપૂર્ણપણે નાબૂદ થઈને રહે પણ ભારતીય સમાજની રગ-રગમાં વ્યાપક અસ્પૃશ્યતાને નાબૂદ થતાં હજુ ઘણાં વર્ષો લાગે.

બ્લેક આફ્રિકનો સામે રંગભેદની સમસ્યાની જેમ જ અસ્પૃશ્યતાની સમસ્યાને પણ વૈશ્વિક સ્તરે ઉઠાવવાની આવશ્યકતા આધુનિક સમયના આંબેડકરી અભ્યાસુઓ જોઈ રહ્યા છે. તેમના મતે દ. આફ્રિકન બ્લેક્સ અને ભારતના દલિતો બંને પરસ્પર સાથી છે - સહયાત્રી છે, તેથી તેઓ એક બીજામાંથી સતત પ્રેરિત થતા રહેતા હોય, એવાં અનેક ઉદાહરણો પણ મળતાં રહે છે.

ડૉ. બાબાસાહેબે, સંયુક્ત રાષ્ટ્ર સંઘને દ. આફ્રિકન બ્લેક્સે કરેલી પિટિશનની નકલ માંગીને મેળવી તેનો જરૂર તેઓએ દલિતોના અધિકારો માટેની માંગણીઓ રજૂ કરતાં ઉપયોગ કર્યો જ હોય. એ પણ સર્વવિદિત છે કે, કાયદા પ્રધાન તરીકે અને બંધારણને આખરી ઓપ આપતી વેળાએ, અમેરિકાએ તેના બંધારણથી તેની દ. આફ્રિકન અમેરિકન (બ્લેક) પ્રજાને જે અધિકારો આપ્યા તેની તપસીલ પણ ડૉ.

આંબેડકરે કરી જ હોય. ભારતમાં ૨૯ જુલાઈ ૧૯૭૨ના રોજ 'દલિત પેન્થર' સંગઠનની મહારાષ્ટ્રમાં થયેલી શરૂઆત, નિર્ભેળપણે આફ્રિકન અમેરિકનોની 'બ્લેક મૂવમેન્ટ'ની જ સીધી પ્રેરણા હતી. બ્લેક મૂવમેન્ટ પૈકીની એક 'Black Capitalism'ને મૂર્તિમંત કરતાં, દલિત આગેવાન ચંદ્રભાણના માર્ગદર્શનમાં આજે ભારતમાં DICCI - Dalit Indian Chamber of Commerce and Industryની સ્થાપના થઈ ચૂકી છે.

આ તરફ ૧૯૫૦માં બ્લેક મૂવમેન્ટ ચલાવતાં અને નિગ્રો/બ્લેક્સ એવા દ. આફ્રિકનો માટેની નીતિઓના ઘડતરમાં, તેમની રજૂઆતનો આરંભ જ ડૉ. બાબાસાહેબનાં વિધાનોથી થયો હોય તથા રંગભેદના સવાલે ડૉ. બાબાસાહેબનાં વિધાનોને સમયે સમયે દ. આફ્રિકનોએ ખપમાં લીધા હોય એવાં ઉદાહરણો પણ એકથી વધારે છે.

**આખી દુનિયાની શોષિત - પીડિત - દમિત - વંચિત વસતિના આ પ્રાણપ્રશ્નનો જવાબ પણ આખરે તો આપણને આ વર્ગોના મસીહા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પાસેથી જ મળે છે**

દ. આફ્રિકન નિગ્રો/બ્લેક્સ કે ભારતીય દલિતો / અનુસૂચિત જાતિઓ અને જગતભરમાં જ્યાં પણ આવો દબાયેલો - શોષાયેલો માનવ સમાજ વસે છે, તે સૌ પ્રતિ સહજ માનવીય સંવેદના દાખવી, માનવ માત્ર સાથે એક સમાન વર્તાવ કરવાનું કાર્ય, ખરેખર તો કેટલું સરળ અને સહેલું કાર્ય છે ? છતાં દરિયાપારના દ. આફ્રિકન બ્લેક્સ અને ભારતના દલિતોને રંગભેદ કે જાતિવાદને આધારે હાંસિયામાં ધકેલતા રહેવાનું, તેમને આર્થિક - સામાજિક રીતે બહિષ્કૃત કરતા રહેવાનું દુષ્કૃત્ય સદીઓની સદીઓ ને વર્ષોના વર્ષ વીતવા છતાં, હજી અટકવાનું નામ નથી લેતું.

આમ કેમ ?

આખી દુનિયાની શોષિત - પીડિત - દમિત - વંચિત વસતિના આ પ્રાણપ્રશ્નનો જવાબ પણ આખરે તો આપણને આ વર્ગોના મસીહા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પાસેથી જ મળે છે.

ડૉ. આંબેડકર કહી ગયા છે કે, વંચિતો - શોષિતોને તિરસ્કૃત ને બહિષ્કૃત કરી, એક ખૂણે હડસેલી ધકેલી દેવાનું ખરું કારણ સામાજિક ને ધાર્મિક કરતાંય વધુ તો આર્થિક છે.

દુનિયાના કોઈ પણ ખૂણે પ્રજાના એક મોટા સમૂહને યેનકેન પ્રકારે અલગ કરી દઈને, વાસ્તવમાં કહેવાતા ઉચ્ચ વર્ગો (અહીંના Elites કે ત્યાંના Whites) તેમની આર્થિક આવકના ભાગીદારો વધે નહિ તેની જ કાળજી લઈ રહ્યા છે. Racism (રંગભેદ) કે Casteism (જાતિવાદ) તો તેમનાં હથિયારો માત્ર છે.

**સંદર્ભ :**


(1) AMBEDKAR AND MARTIN LUTHER KING - THE SUBJUGATION OF CASTE OR RACE VIS-A-VIS COLOURISM. - Ronald E. Hall and Neha Mishra.

(2) CAN AMBEDKAR SPEAK TO AFRICA ? - COLOUR, CASTE AND CLASS STRUGGLES IN CONTEMPORARY SOUTH AFRICA - Goolam Vahed and Ashwin Desai.

(3) CRIMINALIZED CASTE - DALITS, AFRICAN AMERICANS AND THE JEWS OF CHRISTIAN EUROPE - Garry Michael Tartakov.


(4) AFRICAN - AMERICAN PERSPECTIVE ON COMMON STRUGGLES - BENIFITS OF ARRICAN AMERICANS COMPARING THEIR STRUGGLE WITH DALIT LIBERATION EFFORTS - Kevin D. Brown.

(5) HATE CRIMES, CRIMES OF ATROCITY AND AFFIRMATIVE ACTION IN INDIA AND THE US - Samuel L.Myres, Jr., and Vanishree Radhakrishna.

(6) AMBEDKAR'S FOREIGN POLICY AND THE ELLIPSIS OF THE 'DALIT' FROM INTERNATIONAL ACTIVISM - Suraj Yengde.

(7) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ - ગાંધીજી.


*'છાંયડો' પ્લોટ નં. ૧૬૮/૨,*
*સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫,*
*ગાંધીનગર-૩૮૨૦૨૪ મો.૯૮૨૫૬૩૨૮૩૮*





" સંભવામિ યુગેયુગે "
- એન. પી. વૈશ્યક
મો.-૯૪૨૭૬૦૭૮૨૪



" શાંત જળ "
- નટુભાઈ પરીખ
મો.-૯૮૨૪૪૦૮૩૯૨



" સ્વૈર વિહાર"
- હર્ષ પગી
મો.-૯૭૨૪૧૨૪૬૨૬



" સાગરતટે સાઈકલ "
- હેમંત પંડ્યા
મો.-૯૮૭૯૨૦૮૫૧૬

# સૌરાષ્ટ્રનું ધર્મદર્શન

*- લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

મહાભારતના કર્ણપર્વમાં ધર્મની વ્યાખ્યા આપવામાં આવી છે. ''ધારણાધ્ધર્મ ઈત્યાદિ ધર્મો ધારયતિ પ્રજાઃ।।'' અર્થાત્ જે ધારણ કરે અથવા આધાર આપે, જે બધાનું અધિષ્ઠાન હોય તેને ધર્મ કહેવાય છે- બીજી પરિભાષા એ પણ છે ''યત અભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ ।'' જેના આચરણથી આ લોકમાં અભ્યુદય થાય, સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે અને પરલોકમાં સુગતિ મળે તે ધર્મ. ત્રીજી પરિભાષા એ છે કે : ''શ્રેયતાં ધર્મ સર્વસ્વં, શ્રુત્વા ચૈવા વધાર્યતામ આત્મનઃ પ્રતિકુલાનિ, પરેષાં ન સમાયરેતઃ।।'' અર્થાત્ કોઈપણને પ્રતિકૂળ ન હોય તેવું વર્તન કરવાનો કોઈપણ અધિકાર નથી. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સ્કંધ ૧, અધ્યાય-૨માં 'સ વૈ પુંસો પરો ધર્મો સતો ભક્તિધોક્ષજો અહૈતુક્યપ્રતિહતા યયાડડત્મા સમ્પ્રસીદતિ' આ શ્લોકમાં ધર્મ શું છે અને તેને ભક્તિ સાથે કેવો સંબંધ છે તે જાણવા મળે છે. ધર્મ એ સાધના છે જેનાથી ભક્તિનો ઉદ્‌ભવ થાય છે.

**સેમાઈટ અને આર્ય એ બન્ને વિશ્વની મૂળભૂત ધાર્મિક પરંપરા ગણી શકાય. સેમાઈટમાં ઈજિપ્શિયન, બેબોલિયન, આસીરિયન, યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મોનો સમાવેશ થાય છે. બીજીમાં ખત્તી એટલે હિટાઈટ, ગ્રીક, ઈરાની, રોમન, સ્લાવનિક, ટ્યુટોનિક, સેલ્ટિક, ઈત્યાદિ છે**

વિશ્વની ધાર્મિક પરંપરા પર વિહંગાવલોકન કરીશું તો સેમાઈટ અને આર્ય એ બન્ને વિશ્વની મૂળભૂત ધાર્મિક પરંપરા ગણી શકાય. સેમાઈટમાં ઈજિપ્શિયન, બેબોલિયન, આસીરિયન, યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મોનો સમાવેશ થાય છે. બીજીમાં ખત્તી એટલે હિટાઈટ, ગ્રીક, ઈરાની, રોમન, સ્લાવનિક, ટ્યુટોનિક, સેલ્ટિક, ઈત્યાદિ છે. આ બન્નેનાં સમન્વયથી વિકાસ પામેલી ત્રીજી ધાર્મિક પરંપરા છે. ભારત અને પૂર્વ એશિયાની જેમાં બ્રાહ્મણ(પૌરાણિક અને વૈદિક), શ્રમણ, (જૈન અને બૌદ્ધ), સંત(ખાલસા એટલે શિખ, શૈવ, શાકત, વૈષ્ણવ અને મધ્યકાલીન જ્ઞાન તથા ભક્તિપ્રવાહ) નો સમાવેશ થાય છે. આ ત્રણેય ધાર્મિક પ્રવાહો દ્વારા માનવ વિકાસ દેશકાળ પ્રમાણે વિકસતો રહ્યો છે.



મનુષ્યને જયારે અતિ અને અલૌકિક અદ્‌ભુત અને અગમ્ય તત્ત્વની પ્રતીતિ થઈ, રહસ્યમય બાબતોનો ભેદ ઉકેલી ન શક્યો, પોતાનાથી મહત્તર વિરાટ ઐશ્વર્ય તત્ત્વનું દર્શન થયું ત્યારે ડર, ભય, વિસ્મય, કુતૂહલ, કૃતજ્ઞતા અને અહોભાવથી પ્રેરાઈને એ તત્ત્વના દૈવત્વની તેણે પ્રતિષ્ઠા કરી, પ્રકૃતિના તત્ત્વોને માનવ કલ્પી તેનું યથામતિ પૂજન, અર્ચન કર્યું છે. આ કારણથી જ ''નાનાવર્ણોભિધકારા નાનૈવિધિને જયતે'' અર્થાત્ ઈશ્વરનાં અનેક રંગો, નામ, આકાર, વિધિઓ અને પૂજા અસ્તિત્વમાં આવ્યાં છે.

માનવજાતના વન્યજીવનમાં ખડક, ડુંગર, પ્રાણી, વૃક્ષાદિ, અનેકાનેક દેવો હતાં. સાગરકાંઠે અને ટાપુઓના નિવાસ દરમ્યાન સાગર અને જળચરો સાથે સંબંધિત દેવો હતા. કૃષિજીવનમાં ખેતી ઉપયોગી તત્ત્વો જેવા કે પૃથ્વી, આકાશ, સૂર્ય, વાયુ, મેઘ, વર્ષા, જળ ઈત્યાદિ દેવો હતા. ગ્રામ્યને નગરમાં વસવાટ બનતાં ગ્રામ્યને નગરનાં દેવોનો નિસર્ગાદિ દેવોમાં ઉમેરો થયો. કાળક્રમે અરણ્ય, ગ્રામ્ય, ને નગરજીવન નીતિ ભારતના સનાતન ધર્મમાં પરિણમી- આ રીતે જેમ જેમ માનવ સત્ય, સંસ્કૃત બનતો ગયો તેમ તેમ તેની ધાર્મિક પરંપરા વિકસતી ગઈ. પરિણામે પરમતત્ત્વને પામવાના અનેક માર્ગો અસ્તિત્વમાં આવ્યાં. કચ્છના સંત મેકરણ કાપડીએ આ હકીકતનું સમર્થન આપતાં કહ્યું છે કે :

*મું ભાયો તડ હિકડો,*
*પણ તડ લખ્ખ હજાર,*
*જી જીતે લંઘીયા,*
*ત થીદઃ પાર.*

**અર્થાત્ :** મેં માન્યું હતું કે માનવને આત્મકલ્યાણ, ઈશ્વરને પામવા માટે એક જ આરો-માર્ગ-રસ્તો છે પણ એવું નથી એ માટે તો હજારો રસ્તાઓ છે. અનુભવને અંતે એવું લાગ્યું છે કે જેણે જયાંથી પાર કરવાનો પ્રયત્ન કર્યો

છે તેઓ ત્યાંથી તરીને પાર પહોંચ્યા છે.

ભારતવર્ષનાં મૂળ સંસ્કાર, દેશ-વિદેશની અનેક જાતિઓનું આગમન અને રક્તમિશ્રિત સંબંધોને કારણે અનેક સંપ્રદાયો, પંથો, માન્યતાઓ, ધર્મ વૈવિધ્ય, ધર્મની સહિષ્ણુતા, સર્વધર્મસમભાવ, શ્રેષ્ઠતમ અને હિતકર તત્ત્વોનો સ્વીકાર એ સૌરાષ્ટ્રની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો છે. સૌરાષ્ટ્રમાં પ્રાચીન ધર્મનું ઝરણું સ્પષ્ટપણે લોથલની ધાર્મિક પરંપરાથી વહેતું જણાય છે. સૌરાષ્ટ્રનો લોકધર્મ જગવિખ્યાત છે.

**લોકધર્મ :**

દરેક પ્રજાને પોતાના પ્રદેશનો લોકધર્મ હોય છે. આ અંગે ક્ષિતિમોહન સેનનું મંતવ્ય ઉલ્લેખનીય છે. ''ભારતની પ્રાચીન આર્ય સંસ્કૃતિનો ઉષઃકાળ ઋગ્વેદથી થયો છે, તેમ ઇતિહાસકારો ભાખે છે. પણ એથીયે પ્રાચીન લોકસાહિત્ય લોકધર્મના અવશેષો આપણને અથર્વવેદના ઘણાંય સૂક્તોમાં મળી આવે છે અને બાકી રહેલાં આખ્યાનો, કહેવતો, મહાભારતમાં અને પુરાણોમાં સંકળાયેલાં જણાય છે. દરેક પ્રજાની સંસ્કૃતિનું હાર્દ તેના લોકસાહિત્યમાં જોવા મળે છે, પણ આ ઉન્મેષ વિદ્વાન સાહિત્યકારોમાં મોડો થાય છે.'' સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય સમૃદ્ધશીલ છે. સૌરાષ્ટ્રનો લોકધર્મ યોગીઓનાં યોગ તત્ત્વોનો, સોમનાથનાં શૈવતત્ત્વોનો વેદના વૈદિક તત્ત્વોનો, વૈષ્ણવ ધર્મના સર્વવ્યાપક તત્ત્વોનો, બૌદ્ધના દયા, કરુણા તત્ત્વોનો, સૌરના પ્રકાશક તત્ત્વોનો, શક્તિના સામર્થ્યનો સર્વોપરિ તત્ત્વોનો, જૈનોના અહિંસકને ક્ષમા તત્ત્વોનો, ઈસ્લામની એકોપાસનાનાં તત્ત્વોનો, સુફીઓનાં નિર્દોષ તત્ત્વોનો, મહાપંથનાં અભેદ અને નિજાર તત્ત્વોનો, જરથુસ્તોના પવિત્રતાનાં તત્ત્વોનો, ખ્રિસ્તીઓનાં સેવા તત્ત્વોનો પ્રભાવ ઝીલ્યો છે. આ તત્ત્વોના સમન્વયથી ધર્મના ભેદભાવ વિનાનો આત્મ્યૈક્ય, માનવતાવાદી લોકધર્મ સૌરાષ્ટ્રમાં સ્થપાયો છે. આ લોકધર્મની સ્થાપનામાં સૌરાષ્ટ્રના સાગર કિનારે અને ભૌગોલિક સ્થિતિએ મુખ્ય ભાગ ભજવ્યો છે.

**દરેક પ્રજાની સંસ્કૃતિનું હાર્દ તેના લોકસાહિત્યમાં જોવા મળે છે, પણ આ ઉન્મેષ વિદ્વાન સાહિત્યકારોમાં મોડો થાય છે.'' સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય સમૃદ્ધશીલ છે**

વેદકાલીન :

પ્રભાસ સંસ્કૃતિનો સમય ઈ.પૂ. ૧૫૦૦નો ગણાય છે. પ્રભાસના અવશેષો પ્રાગૈતિહાસિકકાળના જણાય છે. પ્રભાસક્ષેત્રની પવિત્રભૂમિએ તપશ્ચર્યા અને વિદ્યાના ક્ષેત્રે ઉચ્ચાંક સ્થાપ્યો હતો.

ઈરાન, ઈરાકના આર્યનિવેશમાં ઋશ્વાશ્વન ઋષિના દોહિત્ર ક્રાંતિકારી અથર્વવેદી ઋષિ જરથુસ્ટ્રીએ યજ્ઞવિધાન પરંપરામાં મહાયજ્ઞવેળાએ સોમની પ્રથમ આહુતિ ઈન્દ્રને આપવાને બદલે તેણે વરૂણને આપવાનું નક્કી કર્યું, તેથી યજ્ઞમાં ઉપસ્થિત ઋષિઓના ઈન્દ્રપક્ષી અને વરુણપક્ષી એમ બે વિભાગ પડી ગયા, પરિણામે ઈન્દ્રપક્ષી ઋષિઓનો વિશાળ સમુદાય સમુદ્રમાર્ગે પ્રભાસક્ષેત્રે આવી વસ્યા. એક અંદાજ પ્રમાણે આ ક્ષેત્રમાં સાઈઠ હજાર ઋષિઓએ વસવાટ કર્યો હતો. આ પ્રદેશમાં ભારતવર્ષના ઋષિઓ-મુનિઓ, સાધુ, સંતો, સંન્યાસીઓનું આવન-જાવન સતત વહેતું રહેતું. વૈદિક સાહિત્યની પરંપરામાં ઋગ્વેદ સંહિતાના રચયિતા શાકલ્યઋષિ પ્રભાસમાં હતા. પ્રભાસમાં ચારણ મહર્ષિ યાજ્ઞવલ્કયે સૂર્ય ઉપાસના કરી યજુર્વેદની સૌરશાખાની સ્થાપના કરી હતી. અથર્વવેદના મંત્ર-દૃષ્ટા ભૃગુવંશી ભિન્ન ભિન્ન ભાર્ગવી પ્રભાસના હતા. શુક્લ અને કૃષ્ણ યજુર્વેદ સંહિતાના બન્ને પ્રવચનકારી સૌરાષ્ટ્રના હતા. ચ્યવનઋષિએ ચ્યવનપ્રાસ ઔષધ સૌ પ્રથમ પ્રભાસને તીરે નિર્માણ કર્યું હતું. પરશુરામ, દત્તાત્રેય અને ધ્રુવજીએ ઉગ્ર કઠિન તપશ્ચર્યા પ્રભાસમાં કરી હતી. શુકરાચાર્યે સંજીવનીવિદ્યા અને લવકુશે ધનુર્વિદ્યા પ્રભાસમાંથી હસ્તગત કરી હતી. અગસ્ત્ય, વસિષ્ઠ, વિશ્વામિત્ર વ્યાસ, વાલ્મિકી, અગ્નિવૈશ્ય, મૃકંડ, ગર્ગાચાર્ય, માર્કેણ્ડેય, મુચંક, અત્રિ, ઔર્વ, ઋચિક, દધિચિ, ઉદ્દલાક, રામ, લક્ષ્મણ, જાનકી અને પાંડવો વગેરે સરસ્વતીને તીરે પ્રભાસક્ષેત્રની તેજોમયતામાં સતત વિચરતાં રહેતાં હતાં. સૌરાષ્ટ્રમાં પાટણમાં કપિલમુનિનો આશ્રમ, વેરાવળ દાણીબારે સ્તંભઋષિનો આશ્રમ, ભેંસાણ પાસે પરબવાવડીમાં સરભંગઋષિનો આશ્રમ, ગિરનારમાં દામોદરકુંડની



ઉત્તરે અશ્વત્થામાનો અને સત્યધામઋષિનો નિવાસ, માળવેલામાં પરશુરામનો આશ્રમ, બગસરાને બગદાણામાં બગડાલમ ઋષિના આશ્રમો, શિહોરમાં ગૌતમઋષિનો આશ્રમ, સૂત્રાપાડા, ગુજરડા ને ચાણકામાં ચ્યવનઋષિના આશ્રમો, ગીરગઢડા દ્રોણમાં દ્રોણ ઋષિનો આશ્રમ, ભૃગકુંડ-ઘૂમલીમાં ભૃગુઋષિનો આશ્રમ, પોરબંદરમાં ભક્ત સુદામાનું નિવાસસ્થાન, પિંડારામાં મહામુનિ દુર્વાસાનો આશ્રમ, જામવાળા, રાણ ગામોમાં જમદગ્નીય ઋષિ અને પરશુરામના આશ્રમો, દ્વારકામાં તિતિરઋષિનો નિવાસ, પાંચાળના દર્મારણ્યમાં કણ્વ, ગાલવ, માંડવ્ય, અંગિરસ, બૃહસ્પતિ, અત્રિઋષિ,ચાતુર્માસ માટે આશ્રમો બાંધી વિહાર કરતા, સૌરભઋષિનો આશ્રમ મચ્છુકાંઠે હતો. માર્ધ્યદિન, કણ્વ, જાબાલ, પારાશર અને કાત્યાયન, યાજ્ઞવલ્કલયનો શિષ્યો હતા. આ સર્વ ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓથી સૌરાષ્ટ્રમાં વેદકાલીન સંસ્કૃતિ ગુંજતી હતી, તેની પ્રતીતિ વેદોની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોની મૂલ્યવાન અપ્રાપ્ય હસ્તલિખિત પોથીઓ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર અને જામનગરના ગ્રામ્યપ્રદેશોમાંથી મળી આવે છે.

વલ્લભીકાળમાં ઉત્તરાપંથી એક હજાર ચારેય વેદપાઠી બહુશ્રુત બ્રાહ્મણો પરંપરાગત વેદશાખાનો સ્વાધ્યાય કરતા, તેમાં ઋગ્વેદની બહ્વયશાખા, કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણીય અને તેતરિય શાખા, શુકલ યજુર્વેદની વાજસનેયી શાખા અને અથર્વવેદની અથર્વશાખા વિશેષ પ્રચલિત હતી. બ્રાહ્મણોએ શિહોરમાં 'શિહોર સંપ્રદાય' શરૂ કર્યો હતો. દસમા સૈકામાં ઉદિચ્ય બ્રાહ્મણો શિહોરમાં આવીને વસ્યા હોવાનો એકમત છે. શ્રીકૃષ્ણના પુત્ર સામ્બે ગ્રીસમાંથી સૂર્યપૂજા અને તેના પૂજારી શાકદ્વીપીય મગ બ્રાહ્મણોને લાવી, દ્વારકાક્ષેત્રમાં અને સાગર કિનારે વસાવ્યા હતા. આદ્ય શંકરાચાર્યે દ્વારકામાં શારદામઠ દ્વારા સામવેદ અને કૈવલ દ્વૈત અને મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સૌરાષ્ટ્રમાં સ્થાપના કરી હતી. ઊના-દેલવાડા આર્યવર્તના ૬૮ પ્રાચીન તીર્થધામોમાં ૨૧મું તીર્થધામ ગણાય છે.

ધાર્મિક પ્રવાહો :

સૌરાષ્ટ્ર એટલે અનેક ધર્મોની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે ધર્મોનું સંગ્રહાલય, સૌરાષ્ટ્ર એટલે સર્વ સંપ્રદાયોને મતોની સમન્વય ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે તત્ત્વજ્ઞાનના યોગેશ્વરની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે સંતો, ભક્તો, ત્યાગી, તપસ્વી, ધર્મવીરો, મહાપંથી, ધર્મપંડિતો, મહાત્માઓ, ધર્મ-સંપ્રદાય પ્રવર્તકોની ભૂમિ - આ બધાને કારણે જ ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રની ધર્મસાધનાને બહુરંગી ચૂંદડી તરીકે ઓળખાવે છે.

ભારતીય ધાર્મિકતા સેમાઈટ સંસ્કૃતિનાં તત્ત્વોથી સભર છે. પૌરાણિક પરંપરાના મૂળભૂત તત્ત્વો ઈજિપ્શ્યનો પાસેથી અને વૈદિક પરંપરા તત્ત્વો બેબોલિયના આસિરિયનો પાસેથી અહીં આવેલાં છે. વૈદિક મંત્ર ય-ર બેબોલિયન પ્રકારના છે. શિવ અને શક્તિનાં તત્ત્વો પૂર્ણ એશિયાનાં છે.

ઈ.સ. પૂર્વે લગભગ ૧૬૦૦થી ઈ.સ. ૮૦૦ સુધીના સ્મૃતિકાળમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવ ઉપાસના અસ્તિત્વમાં આવી. ત્યારબાદ કાળક્રમે વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણપતિ અને અંબિકા, એ પાંચ દેવોની ઉપાસનામાંથી વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર અને ગણપતિ એ પાંચ સંપ્રદાયોનો પ્રાદુર્ભાવ થયો. એ પાંચેય દેવોની અલગ પૂજા-ઉપાસના સૂચવતાં અનેક મંદિરો સ્થાનકો અને મતો સૌરાષ્ટ્રમાં સર્વત્ર પથરાયેલાં છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કર્મકાંડપરક વૈદિક અને ઉપનિષદ તત્ત્વજ્ઞાન પરક ધર્મ પ્રવર્તતો હતો. ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકાના આગમન પછી તેમજ શ્રીકૃષ્ણ તત્ત્વજ્ઞાનીઓના યોગેશ્વર હોવાથી સૌરાષ્ટ્રમાં વૈદિક ધર્મ પ્રતિષ્ઠિત થયો હતો. વૈદિક દેવોના નવા અવતારસમા દેવોનો પ્રાદુર્ભાવ થયો. તેમજ નવા નવા સંપ્રદાયો ને મતોનો ઉગમ થયો. શંકરાચાર્યે વેદાભિમુખ પરંપરા જળવાઈ રહે એ માટે મઢી અને અખાડા તેમજ દશનામી સન્યાસીઓની પરિપાટી પ્રસ્થાપિત કરી જે આજે પણ વ્યવસ્થિત રીતે ચાલે છે.

**સૌરાષ્ટ્રમાં અનાર્યો પાસેથી આર્યોએ વિષ્ણુપૂજા અપનાવી હતી. વિષ્ણુના અવતાર ગણાતા શ્રીકૃષ્ણના દ્વારકાના વસવાટથી દ્વારકા માધવપુર અને પ્રભાસ અખિલ ભારતીય સ્તરે મહત્ત્વના ભાગવત વૈષ્ણવપીઠ ભક્તિતીર્થ બન્યાં હતાં**

**વૈષ્ણવ સંપ્રદાય :**

વિષ્ણુનાં સહસ્રનામ અને તેના અવતારો લોકજીભે પ્રચલિત છે. વિષ્ણુના અવતારોની ઉપાસના, ભાગવતધર્મ, પાંચરાત્ર, એકાન્તિકધર્મ, ભક્તિધર્મ અને વૈષ્ણવ સંપ્રદાયથી ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. જે નામ સ્મરણને સવિશેષ મહત્ત્વ આપે છે. આ સંપ્રદાયના પેટા પ્રકારો ઇ.સ. પૂર્વે ૭૦૦ ભક્તિમાર્ગ અને ઈ.સ. ૪૫૬માં ભાગવતધર્મ નામે પ્રચલિત હતા.

સૌરાષ્ટ્રમાં અનાર્યો પાસેથી આર્યોએ વિષ્ણુપૂજા અપનાવી હતી. વિષ્ણુના અવતાર ગણાતા શ્રીકૃષ્ણના દ્વારકાના વસવાટથી દ્વારકા માધવપુર અને પ્રભાસ અખિલ ભારતીય સ્તરે મહત્ત્વના ભાગવત વૈષ્ણવપીઠ ભક્તિતીર્થ

બન્યાં હતાં. મધ્યયુગમાં જ્ઞાન અને ભક્તિ, શિવ અને વિષ્ણુ જુદા પડ્યા પરિણામે શિવપૂજા વિવિધ માર્ગે વહી રહેલી જણાય છે.

**શૈવ સંપ્રદાય :**

શિવ એ પ્રાગવૈદિક અને આરણ્યક દેવ મનાયો છે. ધર્માનંદ કોસંબી શિવ-મહાદેવને સરહદી પહાડી પ્રજાનો દેવ માને છે. એ દૃષ્ટિએ શિવ એ લોક દેવ છે. અનેક રૂપો અને અનેક નામધારી શિવસ્વરૂપ પરમાત્માની ઉપાસના શૈવ સંપ્રદાય માહેશ્વરધર્મને નામે ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. આર્યોએ અસૂરો પાસેથી શિવપૂજા અપનાવી હતી. સૌરાષ્ટ્ર શિવનું પરિભ્રમણ અને તપશ્ચર્યાનું કેન્દ્ર રહ્યું છે. સમગ્ર પૃથ્વી ઉપર બાલસ્વરૂપનાં શિવજીનો સાક્ષાત્કાર જામનગર પાસેના બરડા ડુંગરના ઘુમલી ક્ષેત્રમાં જ થાય છે. નાઘેર પ્રદેશ શિવજી સ્વેચ્છાએ દિગમ્બર સ્વરૂપ વિચરેલાં છે. ગિરનારમાં શિવ ઉગ્ર તપ કરી કૈલાસ ગયા હતા. પ્રાચીનકાળથી પ્રભાસ-સોમનાથ શિવપૂજાનું મહાકેન્દ્ર અને જ્યોતિર્લિંગ રહ્યું છે. મહાભારતમાં પ્રભાસને અગ્નિતીર્થ તથા સોમતીર્થ તરીકે ઓળખાવ્યું છે. સોમનાથ શિવનું કાલાગ્નિરૂપ ગણાય છે.

પ્રભાસ પશુપાત સંપ્રદાયનું કેન્દ્ર માનવામાં આવે છે. ઋગ્વેદ સંહિતાના આધ્ય પ્રણેતા શાકલ્યઋષિએ પ્રભાસક્ષેત્રમાં શિવની આરાધના કરી, સંહિતા રચી હતી. સૌરાષ્ટ્રનું કોઈ એવું ગામ કે આરણ્ય નથી કે જ્યાં શિવમંદિર ન હોય. સૌરાષ્ટ્રની સાગર સંસ્કૃતિમાં પણ શિવનું પ્રભુત્વ રહ્યું છે. સૌરાષ્ટ્રના સાગરકાંઠા ઉપર જ્યાં જ્યાં સાગરનો ફાંટો જમીનમાં લંબાઈને આગળ ગયો છે ત્યાં ત્યાં કુદરતી બંદર ઉપરના પ્રવેશ દ્વારે મોટા ખડક, ટેકરા કે શિલા ઉપર શિવલિંગની સ્થાપના અચૂક જોવા મળે છે.

સિદ્ધમાર્ગ, અવધૂતમાર્ગ, યોગમાર્ગ એવાં જુદાં જુદાં નામે ઓળખાતા નાથ સંપ્રદાયના આદિનાથ એટલે સ્વયં શિવને કારણે. શૈવ સંપ્રદાયને કારણે નિકટતમ સંબંધ પણ નાથ સંપ્રદાયનો મનાયો છે. સૌરાષ્ટ્રમાં માધવપુરમાં ગોરખનાથે જ્યાં તપશ્ચર્યા કરેલી તે ગુફા ગોરખનાથની ગુફા તરીકે ઓળખાય છે. ગિરનારમાં નવનાથનું બેસણું, ગુરુ ગોરખનાથનો ધૂણો અને પાદુકા, ઓઘડનાથ ટૂંક, ગિરનાર ઉપર સૌથી ઊંચી ટૂંક ઉપર ગુરુ ગોરખનાથનું સ્થાન સૌરાષ્ટ્રમાં જ આવેલાં છે.

**મહાપંથ- નિજારપંથ :**

મહાપંથ, આદિપંથ, મહામાર્ગ, પાટપંથ, માર્ગીપંથ, દૂનોધર્મ, બીજ માર્ગ, રામાપીર પંથ, એવાં જુદાં જુદાં નામાભિધાનથી ઓળખાતો વાસનાના અભાવવાળો પંથ નિજાર, માર્ગી મહાપંથ રામાપીરપંથ નામે સવિશેષ પ્રસિદ્ધ છે. આ પંથનો માતંગઋષિ દ્વારા ૧૧મી સદીમાં સૌરાષ્ટ્રમાં વિશેષ પ્રચાર થયો હતો. મહામાર્ગના મૂળ ઘણાં ઊંડાં છે. તેમાં સદ્‌ગુરુનું સવિશેષ મહત્ત્વ હોય છે.

**શાક્ત સંપ્રદાય :**

વિશ્વમાં શક્તિને જ સર્વોપરિ સર્વવ્યાપી, અદભુત સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા બ્રહ્મસ્વરૂપ મનાય છે. આ શક્તિ તત્ત્વમાં વિશ્વમાં સેંકડો નામે અને સ્વરૂપે સર્વત્ર પુજાય છે. વિશ્વના સમસ્ત માનવકૂળે શક્તિને જ આરાધી છે. આ શક્તિ ઉપાસનાને 'શાક્ત સંપ્રદાય' નામે ઓળખવામાં આવે છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. શક્તિ સંપ્રદાયને વ્યવસ્થિત કરનાર માર્કણ્ડેય ઋષિ અને તંત્ર નિરૂપણના સાધકોમાં ભૃગુ અને અંગીરસ ઋષિઓ સર્વોચ્ચ મનાય છે. આ ત્રણેય ઋષિઓના આશ્રમો સૌરાષ્ટ્રમાં દર્શાવાય છે. પ્રાચીનકાળથી જ સૌરાષ્ટ્રમાં શાક્ત સંપ્રદાય અધિક પ્રમાણમાં ફેલાયો હતો. કૃષ્ણકાળમાં સૌરાષ્ટ્રમાં દેવી ઉપાસના પ્રચલિત હતી.

**વિશ્વમાં શક્તિને જ સર્વોપરિ સર્વવ્યાપી, અદભુત સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા બ્રહ્મસ્વરૂપ મનાય છે. આ શક્તિ તત્ત્વમાં વિશ્વમાં સેંકડો નામે અને સ્વરૂપે સર્વત્ર પુજાય છે. વિશ્વના સમસ્ત માનવકૂળે શક્તિને જ આરાધી છે**

સૌરાષ્ટ્રમાં ડુંગરની ટોચ ઉપર, શિખર ઉપર, કુદરતી વાતાવરણમાં, વનવગડે, જંગલમાં, વેરાન રણમાં, નદી, તળાવ, કૂવાકાંઠે, કોઈ વૃક્ષ નીચે શિલા નીચે, પાષાણના ફળાને સિંદૂર ચોપડીને શક્તિની પ્રતિષ્ઠા થતી. સમગ્ર સૌરાષ્ટ્ર શક્તિમાતાના કુળદેવી, કર દેવી, ચારણ માતાજી, સતીમાતાનાં સ્થાનકોથી રંગાયેલું છે. શક લોકો શક્તિપૂજક હતા અને તેઓ સૌ પ્રથમ સૌરાષ્ટ્રમાં શક્તિ પૂજા લાવ્યા હોવાની માન્યતા પ્રવર્તે છે. સૌરાષ્ટ્રમાં ગુપ્તકાળ અને મૈત્રકકાળમાં શક્તિ પૂજા સોળે કળાએ ખીલી હતી. માતાજીના ભૂવાની પ્રણાલીમાં દ્રાવિડિયન પ્રભાવ જણાય છે.

**ગણપતિ સંપ્રદાય :**

પ્રાચીનકાળથી સૌરાષ્ટ્રમાં સમૃદ્ધિદાયક બુદ્ધિદાયક અને વિઘ્નહર્તા દેવ તરીકે, ધાર્મિકવિધિ કે શુભકાર્યોના પ્રારંભમાં ગણપતિનું પૂજન-અર્ચન અનિવાર્ય ગણાયું છે.

શિવ-પાર્વતીના બીજા પુત્ર સ્કંદનો સંપ્રદાય, સૌરાષ્ટ્રમાં ઘુમલી, ઢાંક અને સોમનાથ વિસ્તારમાં એક કાળે

ફેલાયેલો હતો. ભાણવડ, ગોપ અને પાસ્તરના સ્કંદમૂર્તિઓ સ્કંદપૂજાની પ્રતીતિ કરાવે છે.

**દત્ત સંપ્રદાય :**

ગિરનાર, ઊના અને મૂળી દત્તાત્રેયની તપોભૂમિ રહી છે. ગિરનાર ઉપર અનસૂયાની મૂર્તિ તેમજ દત્તાત્રેયનો ધૂણો, પાદુકા દર્શનીય છે. દ્વારકા, અમરેલી ને જામનગરમાં ગુરુ દત્તાત્રેયનાં પ્રસિદ્ધ મંદિરો છે.

**સૌર સંપ્રદાય :**

સૂર્ય વૈદિક દેવ છે. અથર્વવેદ, ઋગ્વેદ અને યજુર્વેદમાં તેની સ્તુતિ જોવા મળે છે. સૃષ્ટિના વિકાસક્રમ, નિયમન સંચાલન સૂર્યશક્તિને જ આભારી છે. આથી સૌરાષ્ટ્રની પ્રજાએ તેને પ્રત્યક્ષ દેવ માનીને તેનું પૂજન-અર્ચન કર્યું છે. સૌરાષ્ટ્રનું નામ સૌરા ઉપર પડ્યું હોવાનો એક મત છે. આ પ્રદેશને સૂર્યના દેશ તરીકે પણ એક કાળે લોકો ઓળખતા. પ્રભાસ એટલે અતિ પ્રકાશમાન અને ભાસ્કર એટલે પણ સૂર્ય એટલે જ સોમનાથ પ્રભાસ અને ભાસ્કરક્ષેત્રથી પ્રચલિત છે. પુરાણ કથાનુસાર શ્રીકૃષ્ણના પુત્ર સામ્બ ગ્રીસ દેશમાંથી સૂર્યોપાસના અને તેના પૂજારી મગ નામના બ્રાહ્મણોને સામ્બે સૌરાષ્ટ્રમાં વસાવી દ્વારકા ક્ષેત્રમાં સૂર્યમંદિરો અને સૂર્યતીર્થની સ્થાપના કરી હતી. દ્વારકાક્ષેત્રમાં કુલ ૧૪ અને સૌરાષ્ટ્રમાં કુલ ૫૬ સૂર્યમંદિરો એક કાળે હતાં. સૌરાષ્ટ્રમાં કેટલાંક ક્ષત્રિયકૂળો સૂર્યવંશી છે. કેટલીક જ્ઞાતિઓ સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજક છે. વિશ્વની સોયપંથ-સોલરકટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૂર્યપત્ની સંજ્ઞા-રાંદલનું પૂજન-અર્ચન વિશાળ-વર્ગ કરે છે.

**વૃક્ષો માતૃત્વના દાતા તરીકે, દેવોના રહેઠાણ તરીકે, આરોગ્ય રક્ષક તરીકે, ઔષધરૂપે પ્રકૃતિ સૌંદર્યના શોભારૂપે પૂજનીય છે. પુરાણોમાં વૃક્ષોનો અનેકવિધ મહિમા ગણાયો છે**

**ચંદ્રપૂજા :**

ચંદ્ર-સોમ અસૂરના દેવ છે. પ્રભાસક્ષેત્રે ચંદ્રે શિવને પ્રસન્ન કર્યા હતા. કેટલાક ક્ષત્રપ રાજવીઓ ચંદ્ર પૂજક હતા. કેટલીક જ્ઞાતિઓ ચંદ્રવંશી ગણાય છે. વિશ્વની ચંદ્રપંથ લ્યૂનર કલ્ટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે.

**દરિયાલાલ પૂજા :**

સૌરાષ્ટ્ર પ્રદેશ વિશાળ સમુદ્રકિનારો ધરાવે છે. દરિયાલાલ, દરિયાદેવ, દરિયાપીર નામે સમુદ્ર સૌરાષ્ટ્રમાં પૂજાય છે. સિંધવાઈ દેવી સાગરપૂજા સાથે સંબંધિત છે.

**હનુમાન પૂજા :**

વાયુપુત્ર, વૈરાગી, હનુમાનજી, બળ, બુદ્ધિ, વિદ્યા, સંગીત, નમ્રતા, બ્રહ્મચર્ય અને નિષ્કામ ભક્તિના મહાન પ્રતીક તરીકે અને રૂદાંશ તરીકે ઉપાસ્ય દેવમાં ઊંચું સ્થાન પામ્યા છે. દાસ્ય ભક્તિનો સોળમી સદીના અંતભાગે જે જુવાળ આવ્યો તેના પરિણામસ્વરૂપ અસંખ્ય હનુમાન મંદિરો નિર્માણ પામ્યાં છે. શ્રી રામે લંકાના વિજય પછી હનુમાનજીના પુત્ર મકરધ્વજને સૌરાષ્ટ્રનું રાજ્ય આપ્યાની લૌકોકિત પ્રચલિત છે. મકરધ્વજના બધા જ વંશજો હનુમાનજીને ઈષ્ટદેવ તરીકે સ્વીકારી તેની અનન્ય પૂજા ભક્તિનો પ્રારંભ કર્યો હતો. સૌથી વધુ હનુમાનજીની પૂજા સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં એવું કોઈ ગામ કે સ્થાન નથી કે જ્યાં હનુમાનજીનું સ્થાન ન હોય.

**કબીરપંથ :**

રામાનંદજીના નિર્ગુણવાદી શિષ્ય કબીરજીના નામે પ્રચલિત થયેલ પંથ 'કબીરપંથ' તરીકે ઓળખાય છે. પંદરમી સદીના ઉતરાર્ધ અને સોળમી સદીના પ્રારંભમાં સમગ્ર દેશમાં કબીરજીના નાના-મોટા સંતો, માર્ગો અને પંથો દેશમાં ખૂણે ખૂણે ઊભા થયા હતા. વિ.સં. ૧૫૦૫માં કબીરજીએ સૌરાષ્ટ્રની યાત્રા કરી હતી. રામકબીર મતનો ફેલાવો સૌરાષ્ટ્રમાં સવિશેષ રહ્યો છે. કબીર પરંપરાના ષટપ્રજ્ઞદાસ અર્થાત્ છઠ્ઠાસ્વામીએ સૌ પ્રથમ દુધરેજમાં જગ્યા ચેતાવી કબીરમતનો પ્રચાર કરાવ્યો હતો. એ પછી ભાણસાહેબની ફોજે ભજન, સત્સંગ દ્વારા કબીરપંથનો ભવ્યતાથી પ્રચાર ને પ્રસાર કર્યો હતો.

**નાગપૂજા :**

નાગને ફળદ્રુપતા આપનાર, સમૃદ્ધિ, સંપત્તિ, પૃથ્વી, સીમ, ખેતર, કૂવાના રક્ષક દેવ તરીકે સૌરાષ્ટ્રે સ્વીકારી પૂજન, અર્ચન કર્યાં છે. પ્રાચીન કાળે સૌરાષ્ટ્રમાં અનાર્યનું એક પેટાકુળ નાગ હતું. તેનો અધિપતિ વાસુકિ વહાણવટામાં નિષ્ણાત, પારંગત એને નિપૂણ ગણાયો છે. સૌરાષ્ટ્રમાં નાગપૂજા વ્યાપકપણે ફેલાયેલ હતી. વાસ્તુપૂજામાં પણ નાગને સ્થાન આપવામાં આવ્યું છે. તક્ષકનાગ આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માર્ગદર્શક ગણાય છે.

**વૃક્ષપૂજા :**

વૃક્ષો માતૃત્વના દાતા તરીકે, દેવોના રહેઠાણ તરીકે, આરોગ્ય રક્ષક તરીકે, ઔષધરૂપે પ્રકૃતિ સૌંદર્યના શોભારૂપે પૂજનીય છે. પુરાણોમાં વૃક્ષોનો અનેકવિધ મહિમા ગણાયો છે.

**જૈન ધર્મ :**

ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં સૌરાષ્ટ્રમાં જૈનધર્મનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. દ્વારકાક્ષેત્રના યાદવકુમાર

જૈન ધર્મના ૨૨મા તીર્થંકર નેમિનાથના સમયમાં જૈનધર્મ સૌરાષ્ટ્રમાં વેગવંતો બન્યો હતો. વિ.સં. ૩૫૭, ૩૭૦માં વલભીપુરની વાચના નાગાર્જુનના અધ્યક્ષપણા નીચે યોજાઈ હતી. શ્વેતાંબર અને દિગમ્બર સંપ્રદાયના ભેદ સૌરાષ્ટ્રમાં ઉદ્દભવ્યાનો એક લોકમત છે, લોકમાન્યતા છે. ક્ષત્રપકાલમાં જૈનધર્મના મહાન ગ્રંથોનું સર્જન થયું હતું. જૈનધર્મનાં કલાકૃતિવાળાં ધર્મસ્થાનો અને અનુયાયીઓની સંખ્યા ઘણી મોટી છે. પાલીતાણા અને ગિરનાર જૈનધર્મનાં અગ્રગણ્ય કેન્દ્રો છે.

**બૌદ્ધધર્મ :**

શ્રમણ પરંપરાના બૌદ્ધધર્મનો પ્રચાર સૌરાષ્ટ્રમાં ઈ.સ. ત્રીજી સદીથી મૌર્યકાળથી થયો હતો. અશોકે ગિરિનગર-જૂનાગઢમાં શિલાલેખ કોતરાવી બૌદ્ધધર્મનો અભ્યુદય કર્યો હતો. મૌર્યકાળથી ગુપ્તકાળ દરમિયાન અનેક સ્થળોએ બૌદ્ધ વિહારો અને શૈલગૃહો કોતરવામાં આવ્યાં હતાં. સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મની મહાયાન અને હીનયાન બન્ને શાખાઓનો વિશેષ પ્રચાર રહ્યો છે. બૌદ્ધધર્મની સમ્મતીય શાખા સૌરાષ્ટ્રમાં ઉદ્‌ભવી છે. વલ્લભી વિદ્યાપીઠ એ હીનયાન શાખાની એશિયાઈ વિદ્યાપીઠ હતી. બુદ્ધના ભાઈ મહેન્દ્ર અને તેમની પુત્રી સંઘમિત્રા સૌરાષ્ટ્ર પ્રચારાર્થે આવ્યાં હતાં. ઊના પાસે સાણા ડુંગરની ત્રણ ટેકરીઓની વિષ્ણુના અવતારોમાં સમાવિષ્ટ છે. સૌરાષ્ટ્રના પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોમાં બૌદ્ધસ્થાનો મૂલ્યવાન ગણાયાં છે.

**સૌરાષ્ટ્રની પ્રજા પ્રથમથી જ માને છે કે ઈશ્વરને પહોંચવાના માર્ગો અનેક છે. સૌરાષ્ટ્રમાં સાધુ, સંતો, ભક્તોની સંખ્યા ઘણી મોટી અને જગવિખ્યાત છે. કોઈ ગામ સાધુ, સંતો, સંન્યાસી વગર ખાલી નથી**

**ઇસ્લામ ધર્મ :**

ઇ.સ. ૭મી સદીથી આરબ વેપારીઓ સૌરાષ્ટ્રનાં બંદરો ઉપર અવરજવર કરતા હતા. ઈ.સ. ૭૮૮માં વલ્લભીનો વિનાશ થતાં સૌરાષ્ટ્રની મુસ્લિમ વસ્તીમાં વધારો થયો. ઈ.સ. આઠમી સદીમાં મુસ્લિમ સંતો, ફકીરો, સુફીઓનું આગમન થયું. એમના પ્રયત્નોથી સૌરાષ્ટ્રમાં ઈસ્લામધર્મનો પ્રચાર થયો. સૌરાષ્ટ્રમાં સલ્તનત અને મોગલ સામ્રાજ્યની સ્થાપના થતાં, ઈસ્લામ ધર્મ વિશેષ પ્રચલિત બન્યો. સુલ્તાનો અને સંતો ધર્માન્તર પ્રવૃત્તિઓ ચલાવતાં સૌરાષ્ટ્રમાં ઇસ્લામ ધર્મ કેટલીક કોમોએ સ્વીકારતાં સૌરાષ્ટ્રમાં મુસ્લિમ વસ્તી વધતી ગઈ.

**જરથોસ્તી ધર્મ :**


આઠમી સદીમાં ગુજરાતને પોતાને વતન બનાવવા આવી પહોંચેલા પારસીઓ પોતાની સાથે જરથોસ્તી ધર્મ લઈને આવ્યા. સૌરાષ્ટ્રનાં શહેરોમાં અગિયારીઓ સ્થાપી પારસીઓએ જરથોસ્તી ધર્મની જ્યોત જલતી રાખી છે.

**ખ્રિસ્તી ધર્મ :**

ખ્રિસ્તી ધર્મ સૌરાષ્ટ્રમાં ૧૬મી સદીમાં દીવ અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા ફિરંગીઓની સાથે તેમજ ૧૭મી સદીમાં સૌરાષ્ટ્રમાં વસવા આવેલા અંગ્રેજો સાથે પ્રવેશ કર્યો. સૌરાષ્ટ્રમાં કલાસરનું ફિરંગીઓનું દેવળ ભારતમાં પ્રાચીન દેવળો પૈકીનું એક મનાય છે. ૧૮૧૮ પછી બ્રિટિશયુગનાં પ્રારંભમાં રોમન કેથલિક સંપ્રદાયની પ્રવૃત્તિ સૌરાષ્ટ્રમાં શરૂ થઈ. સેવા અને શિક્ષણ દ્વારા આ ધર્મનો પ્રચાર વિશેષ થયો છે. ધર્મ પરિવર્તનને કારણે આ ધર્મનો ફેલાવો વિશેષ માત્રામાં થયો છે.

સૌરાષ્ટ્રમાં નાના મોટા અનેક સંપ્રદાયોનું અસ્તિત્વ રહ્યું છે, તેની યાદી ઘણી મોટી છે. તેમ છતાં અત્રે કેટલાકનો નામોલ્લેખ આ પ્રમાણે છે. આર્ય સમાજ, સ્વામિનારાયણ, થીઓસોફી સોસાયટી, લોકાયતમત, રામકૃષ્ણ મિશન, ગાયત્રી પીઠો, આચાર્ય રજનીશના કેન્દ્રો, લોકદેવો-દેવીઓ, સ્વાધ્યાય પરિવારના ધાર્મિક અનુયાયની સંખ્યા સૌરાષ્ટ્રમાં મોટી છે. સૌરાષ્ટ્રની પ્રજા પ્રથમથી જ માને છે કે ઈશ્વરને પહોંચવાના માર્ગો અનેક છે. સૌરાષ્ટ્રમાં સાધુ, સંતો, ભક્તોની સંખ્યા ઘણી મોટી અને જગવિખ્યાત છે. કોઈ ગામ સાધુ, સંતો, સંન્યાસી વગર ખાલી નથી. લેખનાં પાનાની મર્યાદાને કારણે આ લેખની વિશેષ માહિતી સંક્ષેપમાં આપવામાં આવી છે. બાકી સૌરાષ્ટ્રની ધર્મસાધના માટે કહેવાનું તો મારી પાસે ઘણું છે.

*સરસ્વતી બંગ્લોઝ,*
*૯-એ, પટેલ કોલોની, રોડ નં.૪*
*જામનગર-૮*
*મો. ૯૪૨૩૪૧૧૦૧૯*



# લૂટી લીધું...

- ડૉ.અશોક નારાયણ

માલિકે કહ્યું, તમે મને લૂટી લો અને હું તમને લૂટી લઉં... અભ્યાસીએ વિચાર્યું કે આ તો ફાયદાનો સોદો છે.. મારી પાસે તો છેય શું? માલિકને લૂટી લેવા દો. માલિક પાસે તો અણમોલ આધ્યાત્મિક સંપત્તિ છે... ખરેખર હું મોટા ફાયદામાં રહીશ... અભ્યાસીએ મનોમન વિચારી પછી કહ્યું:

ઠીક છે માલિક મને મંજૂર છે.

માલિકે કહ્યું કે હું મોટો છું પહેલાં હું લૂટીશ...

ઠીક છે માલિક તમે પહેલાં મને લૂટી લો...

પછી તો શું? અભ્યાસીને લૂટી લેવાયો..એનું બધું જ જતું રહ્યું...અને હવે અભ્યાસી માલિકને લૂટવા ગયો તો માલિકે તો કોડીનો જવાબ દઈ દીધો.

મારી પાસે તો કશું છે જ નહીં .મારી પાસે જે કંઈ હતું એ તો મારા ગુરુમહારાજે લૂટી લીધું હતું.

પણ આપે પણ આપના ગુરુ મહારાજને લૂટી લીધા હશે ને.?..અભ્યાસીએ કુતૂહલવશ પૂછ્યું.

જયારે હું તેમને લૂટવા ગયો ત્યારે તેમણે પણ મને એવું જ સ્પષ્ટ કહી દીધું કે જે હમણાં તમને કહી રહ્યો છું...માલિકે કહ્યું.

પછી અભ્યાસીને મળ્યું શું? માલિક કહે છે કે,બસ કાંઈ જ નહીં..

માલિકે તો સ્પષ્ટ કહી દીધું કે અહીં કઈ મળતું કે મળાતું કંઈ નથી ..ઉલ્ટાનું જે છે તે પણ છીનવી લેવામાં આવે છે. લૂટી લેવામાં આવે છે. આવા જ લૂટમારનો રિવાજ પેઢી દર પેઢી ચાલ્યો આવે છે.માલિક કહે છે કે હું મારું બધું જ ગુમાવી ચૂક્યો છું. હવે પછી ફરી તેને પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી કેમકે મે એનાથી જ મેં આધ્યાત્મિક સફરની કિમત અદા કરી દીધી છે.. હવે મારી પાસે કશું જ નથી કે કોઈને કશું આપી શકું..એટલે જ કોઈ કદાચ મારી પાસે ફરકતું નથી.

પણ માલિક બીજી તરફ એ પણ કહે છે કે મેં કયારેક ક્ષણિક પણ એમ સમજી લીધું નહીં કે મારા ગુરુમહારાજની આધ્યાત્મિક સંપત્તિ મારી નથી... જેમકે એક બાળક પોતાના મા-બાપના ઘરમાં રહે છે અને ઘરની દરેક વસ્તુને પોતની સમજે છે... બરાબર એવી જ રીતે હું પણ માલિકની દરેક વસ્તુને મારી સમજી રહ્યો છું...

વાત એકદમ સ્પષ્ટ છે કે જ્યાં સુધી બાળક માતા-પિતાના ઘરમાં રહે છે ત્યાં સુધી માતા-પિતાનું જે કાંઈ છે તે પોતાનું સમજે છે પણ હા એ વાત જરૂર છે કે દરેક વસ્તુનો ઉપયોગ માતા-પિતાની આજ્ઞાને આધીન છે હવે તે પોતાનું અલાયદું ઘર વસાવવાનું વિચારે તે અલગ વાત છે..

અમારી હાલત તો એવી છે કે જો અમે અલગ ઘર વસાવી લઈએ તો અમારી પાસે તો કશું જ રહે નહીં... જયારે દિલ જ નથી તો પછી અમારું બીજું શું અને અમારી આધ્યાત્મિકતાની સ્થિતિ પણ શું હોઈ શકે? અગર અલગ ઘર વસાવવાનો વિચાર ન આવે તો માલિક આપણા જ છે અને એમનું સઘળું આપણું જ...અમને અમારી જરૂરિયાત અનુસાર કંઈક સોંપવામાં આવે છે બસ એવી રીતે જેવી રીતે પિતા પોતાના પુત્રને ભૂખ લાગવાથી ખાવાનું આપે, પહેરવા માટે કપડાં આપે અથવા તો બજારમાંથી સામાન લાવવા માટે પૈસા આપે... માલિક. જયારે માલિક કશું આપે છે તો તે સુખ-દુઃખ વગેરે માટે હોય છે અથવા તો કામ કરવા માટે સોંપવામાં આવે છે. જે ઉપભોગ માટે આપ્યું છે તે ઉપભોગ પછી પૂરો થઈ જાય છે. કામ કરવા માટે સોંપવામાં આવેલ (ગુણ,પાત્રતા, શકિત, આધ્યાત્મિક સ્થિતિ વગેરે)કામ થઈ જાય પછી માલિકને પરત થઈ જાય છે. અમારી કોઈ વસ્તુ રહી જાય એવી કોઈ વસ્તુ બાકી જ નથી રહેતી. એટલે માલિકે કહ્યું છે કે અહીં કશું મળતું કે મેળવાતું કશું નથી... માલિક તો અમને ખિસ્સા ખર્ચ પણ આપતા નથી શા માટે આપે? જયારે જેટલી વસ્તુની જરૂરત છે એટલી તો તે આપે જ છે... પછી જે બાકી બચત રહે છે તે તો તેમની પાસે જ પરત રહે છે. હવે આનું તો શું મહત્ત્વ કે માલિકે કયારે કોને કેટલું સોંપ્યું.જેને જેટલી જરૂરત હતી તેટલું તેને સોંપવામાં આવ્યું.

**એક બાળક પોતાના મા-બાપના ઘરમાં રહે છે અને ઘરની દરેક વસ્તુને પોતની સમજે છે... બરાબર એવી જ રીતે હું પણ માલિકની દરેક વસ્તુને મારી સમજી રહ્યો છું...**

જયારે અમે નાના હતા ત્યારે તો ના કોઈ વાતની જવાબદારીનું ભાન હતું ન કોઈ વાતની ચિંતા રહેતી હતી. મને યાદ છે જે દિવસે ખૂબ વરસાદ વરસી જાય ત્યારે મારી માતા નાનકડા ઘરને કારણે ચિંતિત બની જતી કે કપડાં કેવી રીતે સુકાશે? મને વળી કયાં ચિંતા હતી.. કપડાં સુકાય કે ભીનાં રહે? મા કંઈક તો કરશે જ... મા કંઈ ભીનાં કપડાં થોડી પહેરાવે? મને તો ઊલટાની મજા આવતી હતી. ધોધમાર વરસાદને કારણે ધમાલ મસ્તી કરવાની કેટલી સુંદર તક મળતી હતી...

એવી જ રીતે રેલયાત્રા કરવાની હોય ત્યારે પિતાજી બધી જ વ્યવસ્થા કરતા... ટ્રેન માટે કંઈ મોડા તો નથી થઈ રહ્યા ને? આરક્ષણ છે કે નહીં? સામાન સુરક્ષિત છે કે નહીં? મને કોઈ ચિંતા નહોતી.જે કંઈ થશે તે માતા પિતા સંભાળી લેશે... બસ એટલું જરૂર ધ્યાનમાં રાખીને માતા પિતાએ જે કંઈ કરવાનું કહ્યું હોય તે યથાશકિત એ કરી લીધું હોય... પછી કોઈ મતલબ નહીં. જે થાય તે ખરું. ખાવું પીવું, કપડાં અને બીજી જરૂરી ચીજ વસ્તુઓ મળી જ જતી હતી ..કપડાં તો હું માની ચીજો જ સમજતો હતો. મારે શું વળી? મા એ તો મને કોઈ ને કોઈ કપડાં પહેરાવવાં જ છે.., તો પહેરાવશે. ફાટી જશે તો સિવડાવી દેશે અથવા તો રફુ કરાવશે , જે કરવું હોય તે મારે શું?

હવે માબાપની જગ્યા માલિક લઈ લે તો કેટલું સારું થાય?

માલિકને સતત વિનંતી એ કે તે અમને હંમેશ બાળક જ રાખે જેથી અમે દરેક રીતે એમના ઉપર જ અવલંબિત રહીએ. અમારું અલાયદું કોઈ ખાતું જ ન હોય. જે કંઈ માલિક વપરાશ માટે આપે તે અમે ખુશીથી ભોગવીએ, અમારી પાસે કશું જ ન બચે. માલિક જે કોઈ કામ અમને સોંપે તે અમે એમનું જ સમજીને એમની કાબેલિયત પ્રમાણે કરીએ. જે કંઈ વધે તે તેમની પાસે જ રહે.યુવા હોવાનો જરા પણ ખ્યાલ કયારેય અમારામાં ન આવે.યુવાન થઈને તો અમે કંઈ કામના જ નહીં રહીએ.

**લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ ફળ મીઠું છેઃ માલિકની પ્રાપ્તિ.અને જો તપસ્યા પછી અમને સાંસારિક ઉપલબ્ધિઓ માટે લલચાવવામાં આવે તો અમારા માટે તપસ્યા બેકાર જ થઈ...**

વાસ્તવમાં માલિકને લૂટી લેવાની અસલી રીત તો એ છે કે માલિક અમારા થઈ જાય અને એ સિવાય અમારું કશું જ બાકી ન રહે. માલિકે કહ્યું જ છે ને, હું તો પહેલેથી જ તમારો છું, મારો પ્રયત્ન તો એ છે કે તમે પણ મારા થઈ જાવ... હકીકતમાં લૂટવું એટલું મુશ્કેલ નથી જેટલું પોતાને લુટાવી દેવું. અમને લૂટવા માટે તો માલિક તૈયાર જ છે પણ અમે સંમતિ આપીએ તો ને? સહકાર આપીએ તો ને? ગુલામી માલિક જ શીખવાડશે પણ પણ અમારે શીખવું હોય તો ને?

કોઈ આપણને એમ કહે કે તમને સંસારની બધી ઉપલબ્ધિઓ મળી શકે તેમ છે અને એમ પણ બની શકે કે જીવનમાં કોઈ દુઃખ,નિરાશા,અપમાન વિ.નું નામોનિશાન જ ન રહે..સમગ્ર જીવન સુખ, આનંદ અને સંતોષથી છલકાતું હોય અને પછી એક કરોડ જન્મો સુધી દિવસ રાત બમણાં, ચારગણાં વધતાં જ જાય..પરંતુ માલિકને પ્રાપ્ત કરવામાં તમને એક ક્ષણનો જ વિલંબ થાય તો પછી અમારે એ બધી ચીજોને ઠુકરાવી દેવી જોઈએ. અગર કોઈ આ બધું જ આપી દે તો પછી હા કરવું એથી પણ વધુ ઘાતક. એનો મતલબ તો એ છે કે અમે આવી ચીજો પાછળ પડી જઈશું અને માલિક અમને કદી મળશે જ નહી. આપણે તો માલિક પાસે ક્ષણમાં પહોંચવા માટે કરોડો જન્મોની યાતનાઓને પણ ગળા સુધી સ્વીકારી લેવી જોઈએ. અસલ મતલબ તો માલિકને તુરત ને તુરત જ પ્રાપ્ત કરવાનો છે, બાકીની વસ્તુઓ માટે આપણે શી લેવાદેવા? અગર કોઈ એમ કહે કે માલિકની પ્રાપ્તિ તો તમને એટલી જ વારમાં થશે. હવે શું લેશો? એક કરોડો જન્મોનો પરમ આનંદ કે પછી એટલા જન્મોની તીવ્ર યાતનાઓ? તો પછી કરવું શું જોઈએ? ભાઈ પ્રેમની રીત તો એ છે કે આ વાત પણ આપણે માલિક પર છોડી દઈએ.એ જેવું ચાહે તેવું થાય. અગર માલિક જ જો હુકમ આપે કે બોલો તમારે શું જોઈએ? પછી તો કશી જ પરવા કર્યા વગર લઈ લો. જે થાય તે ખરું.

લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ ફળ મીઠું છે : માલિકની પ્રાપ્તિ. અને જો તપસ્યા પછી અમને સાંસારિક ઉપલબ્ધિઓ માટે લલચાવવામાં આવે તો અમારા માટે તપસ્યા બેકાર જ થઈ...

આપ કહેશો કે આ બધું કહેવું સરળ છે અને કરવું અતિ દુષ્કર. આ બિલકુલ ખરી વાત છે. તારી સહાયતા વિના તારી પ્રાપ્તિ અસંભવ જ. પણ માલિકે તો વચન આપ્યું જ છે સહાય આપવાનું. અને જયારે માલિકની સહાયનો સમાવેશ થઈ જાય તો કઈ એવી મુશ્કેલી છે જે સરળ ન બની જાય? પ્રવાસ બહુ લાંબો છે, કહો કે અનંત છે. પરંતુ માલિકની યાદમાં પણ અનંત શકિત છે .માલિકના થઈ જવાનો પાકકો ઈરાદો હોવો જોઈએ અને યાદોનો પાલવ કયારેય છોડવો જોઈએ નહીં, પછી બધી મુશ્કેલીઓ સરળ છે.

અભ્યાસી ફરી માલિકને લૂંટવા નીકળ્યો. માલિક લાખ વાર કહેતા રહે છે કે, મારી પાસે કશું જ નથી, ન આધ્યાત્મિક સંપત્તિ, ન જ્ઞાન, ન કોઈ શકિત, ન કોઈ સિદ્ધિ... હું તો એક ઠરી ગયેલ દીપક છું. મારી પાસે પતંગિયાં શા માટે આવે? નાનક બૂઢે બૈલ કો કૌન બાંધ ભુસ દેય... હું મટી ચૂકયો છું પણ અભ્યાસીએ એકેય વાત સાંભળી નહીંઃ માલિક આપની પાસે ભલે કશું હોય કે ન હોય હું તો આપને જ લૂંટી લઈશ. અને અભ્યાસીએ માલિકને લૂટી લીધા... માલિક સસ્મિત બોલ્યાઃ હું તો પ્રથમથી જ તારો હતો. બસ તારી સમજમાં ફેર હતો. એવું જ થયું ને જે માલિકે ચાહ્યું હતું?

*પ્લોટ નં. ૮૫૨, સેકટર–૮,*
*ગાંધીનગર.*

# પુરા મળે ત્યારે પ્રેમ જગાડેજી... ભક્ત કવયિત્રી સતી લોયણ

- *કાકડિયા મનસુખ વી.*

આપણી પવિત્ર ભારતભૂમિની ચરિત્રગાથા અતિ પ્રાચીન ને ગૌરવશાળી છે. વિશ્વના ફલક પર બેનમૂન અને અનુપમ છે. એમાં આધ્યાત્મિકતાની સુવાસ સર્વત્ર પ્રસરેલી છે. પ્રાચીન પરંપરાના મહામાનવો જોગી, જતિ, સતી, યોગી, મુની, તપસ્વી, ઋષિઓ, સંતો, જીવનમુક્ત પુરુષો અને શૂરવીરની યશોગાથાના ગુણ ઘરેઘરે ગવાય છે. તો પ્રાચીન યોગવિદ્યા, ક્રિયાયોગ, ભક્તિયોગ અને યોગવિદ્યાએ જગતભરમાં ખૂબ ખ્યાતિ ફેલાવી છે. આપણા મહાન ભક્તો અને ભક્ત કવયિત્રીઓએ પોતાની વાણીમાં સર્જન-વિસર્જન અને અનંત બ્રહ્માંડનું યથાર્થરૂપમાં અનુભવજ્ઞાનથી વર્ણન કર્યું છે. સ્ત્રી કવયિત્રીઓએ પણ સમગ્ર બ્રહ્માંડના રહસ્યોને પરાવાણીથી કથ્યા છે, ગાયા છે. વિવિધ પ્રાંતોની લાજવાબ ગાથાઓ છે. જગતભરમાં અજાયબી સરખા કલાત્મક શિલ્પોથી સજ્જ દેવમંદિરોની કલા અદભુત છે. એટલે તો માનવજીવનને શ્રેષ્ઠ કહ્યું છે. દેવોને પણ દુર્લભ છે. આ માનવદેહ અદભુત રહસ્યો પામવાને માટે તત્પર તૈયાર હોય છે. એટલે જ સંસારની રીતભાત સૌને વિચિત્ર લાગી સમજાતી નથી. ચડાવ-ઉતાર, સુખદુઃખ વગેરે ભિન્ન ભિન્ન પાસાઓથી ભરેલી લાગે છે. માનવ શરીરની અદ્‌ભુત રચનાઓનો તાગ પણ એણે મેળવ્યો છે.

આમ તો સંસારને અસાર તેમજ નશ્વર કહ્યો છે. એમાં માનવ અનેક પ્રકારે સુખી થવા અનેક પ્રકારે પ્રયત્નો કરે છે. જ્યાં સંસાર જ નશ્વર છે ત્યાં દેહને અમર કરવાની વાત એ નરી મૂઢતા છે. મૃત્યુ કોઈને પણ છોડતું નથી. ફક્ત સંતોએ મૃત્યુ પર વિજય મેળવ્યો છે. અને એ પણ ઇચ્છિત મૃત્યુ, જ્યારે જવું હોય ત્યારે, પોતાની મરજીથી આ શરીરને છોડવાનું. એકવાર છોડવાનું તો છે જ પણ સ્વતંત્રપણે દેહ છોડવાનો. પણ મૃત્યુ કોઈને છોડતું નથી. પછી એ રાજા હોય કે રંક ભલે હોય. કાળની સત્તા આગળ કોઈનું પણ કંઈ ચાલતું નથી. જે અજ્ઞાની, અબુધજનો છે એ વિષયોને જ સત્ય અને સુખમય માને છે. નસીબની બલિહારી સમજે છે. મન આમાં મુખ્ય ભાગ ભજવે છે. વિકાર અતિ ભીતર ઉપજાવે છે. મનુષ્ય સ્વયંનું ખરું સ્વરૂપ ભૂલ્યો હોવાથી જીવનમાં સંસારી રીતભાતની ગડમથલ વધી છે. અનેક દેવોને રાજી કરીને ભૌતિક સુખ મેળવવા યજ્ઞ, હોમ અને અનુષ્ઠાનો કરે છે. દેહાભિમાનને લીધે ઇંદ્રિયો વિષયસુખ ભોગવે છે. ખરું જોતાં માનવ જન્મમરણ, સ્વર્ગ-નરક, પુણ્ય અને પાપને સત્યની માની અમર થવાના ઉપાયો શોધે છે. ક્યારેક તાંત્રિકોને શરણે જાય છે. પણ એને ખબર નથી કે પોતાને કાળ આવશે. ખરેખર તો સંસારબંધન છે અને મિથ્યા છે. જીવને ખરું સમજાતું નથી. મનુષ્ય સુખ માટે અવનવાં સાધનો ને માધ્યમો શોધ્યા જ કરે છે. પણ સુખ હાથ આવતું નથી.

આ ક્ષણભંગુર દેહનું આત્મકલ્યાણ કરવાનું સૂઝતું નથી. વધારે તો સ્ત્રી પ્રત્યે પુરુષને લગાવને મોહ હોય છે. વધારે પડતો અનુરાગ હાનિકર્તા છે. નારીની સુંદરતા વધારે મોહમાં નાખે છે. એના હાવભાવ જ સંસારી બંધનોમાં નાખે છે. સંસારી માયા પ્રપંચથી ભરેલી છે. એટલે મારું-તારું, સુખ-દુઃખ, સાચું-ખોટું, જાતિ-પાતિ વગેરેના ભેદભ્રમમાં અને સંશયમાં નાખે છે. સૌથી વધારે કામનાઓ જ મનુષ્યને અતિત્રાસ આપે છે.

પંચભૂત, પંચકોષ, ત્રણગુણ અને ચાર અંતઃકરણ વગેરે દેહના ધર્મ યથાર્થરૂપમાં સમજાતા નથી. એટલે અધ્યાત્મિકતાને મન સ્વીકારતું નથી. વૈરાગ્ય, ત્યાગ, વિનય, વિવેકના મહાન વ્યક્તિના ગુણોથી જીવ છેટો રહે છે. સ્ત્રીની આસક્તિએ તો અનેક ઇતિહાસ સર્જ્યા છે. એના માટે તો આ ભૂમંડળ પર અનેક મહાયુદ્ધો ખેલાયાં છે. અનેક કથાઓ જાણવા મળે છે. સ્ત્રીના સૌંદર્ય વિશેનું સાહિત્ય અનેક પ્રકારનું લખાયું છે. જે જેની મતિ એ અનુરાગે સ્ત્રીના દેહની નજાકત, લાલિત્ય ને મોહકતાનું વર્ણન કર્યું છે. એના બંધનમાંથી છૂટવું ખૂબ જ અઘરું છે. અનેક કલાકારોએ મનભરીને જુદા જુદા વિષયોના માધ્યમથી વર્ણન અને સર્જન કર્યું છે. સાહિત્યકારે-કવિત્વમાં, શિલ્પકારે-શિલ્પોમાં, કાષ્ટ કલાકારે કાષ્ઠમાં, ચિત્રકારે - ચિત્રકલામાં, નૃત્યકારે નૃત્યમાં, સંગીતકારોએ સાતસૂરોને નાદબ્રહ્મના આધારે નારીની કોમળતાભર્યા સૌંદર્યને સંગીતના સૂરોમાં ઢાળી છે. સ્ત્રીની ભિન્ન ભિન્ન અંગમુદ્રાઓ (હાવભાવ) મોહી લે છે. નારીનાં નૈનબાણોથી બ્રહ્મા, મહેશ અને દેવો પણ બાકાત રહ્યા નથી. મહામુનિઓ ને ઋષિઓ પણ નારીચરિત્રથી ભ્રષ્ટ થયા છે. તો પછી મનુષ્યની તો વાત શી કરવી ! જે પુરુષ સ્ત્રીમાં આસક્ત છે. એવાને કથાશ્રવણ, ધ્યાન, ભજન, ત્યાગ, વૈરાગ્ય, વિદ્યા, તપ, એકાંત, મૌન, યોગ, યજ્ઞ-હવન વગેરે વ્યર્થ લાગે છે.

કામનાઓથી આસક્ત થયેલા તપસ્વી, મહામુનિઓ અને લાબું આયુષ્ય ભોગવી સાધના કરતાં ઋષિઓના પણ નારીના નૈણબાણોથી તપભંગ થયા છે. પરાશરમુનિ મત્સ્યગંધાથી જેના પુત્ર વ્યાસજી કહેવાય છે. (વર્ણપરણીના વ્યાસ) સૌભરી ઋષિ મત્સ્ય નરમાદાના મિલનથી (સંભોગથી) કામાતૂર થયા. લોકના ઇંદ્રિ ગૌતમઋષિનું શરીર ધરીને અહલ્યાને ભ્રષ્ટ કરી. વિશ્વામિત્ર સ્વર્ગની અપ્સરા મેનકાથી ભ્રષ્ટ થયા. એકશૃંગી ઋષિ જન્મજાત

બ્રહ્મ સ્થિતિમાં રહેતા હતા અને નગરની સુંદર રાજકુમારીએ પોતાનાં મોહક હાવભાવ અને અંગ પ્રદર્શનથી નગરમાં લાવીને ભ્રષ્ટ કર્યા. પૌરાણિક આવા પ્રસંગો ઘણા છે.

'નારી એ જ નારાયણી' બીજી બાજુ એની ઉમદા ગણાય છે. સર્જનહારને પણ પ્રકૃતિનો આશરો લેવો પડે છે. એ રીઝી જાય તો બેડોપાર થાય અને ખીજી જાય તો ધનોતપનોત કરી, હતા ન હતા કરી નાખે. ભારતની ધરા પર અનેક મહાન ભક્તો થઈ ગયા છે. પુરુષોની ખ્યાતિ દરેક ક્ષેત્રમાં મુખ્ય ગણાય છે. પણ સ્ત્રીમાં ભણતર ઓછું માની, સમોવડી ન માની, દરેક માધ્યમમાં એની સિદ્ધિનો ઓછો આંક માની થોડા ઘણા અંશે અન્યાય ઈતિહાસકારોએ કર્યો છે. દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે. આગળ જણાવ્યા મુજબ જે યુદ્ધો ખેલાયાં છે એ સ્ત્રીઓ માટે જ ખેલાયાં છે. સ્ત્રીની શૂરવીરતા, બહાદૂરી, હિંમત અને યુદ્ધમાં વીરાંગના બની સેનાનું સફળ સંચાલન કરવામાં પાછીપાની કરી નથી. એમ ભક્તિમાર્ગમાં, આધ્યાત્મિક સાધનામાં અગ્રેસર રહી છે. આવી નારીને સતી કે ભક્ત કવયિત્રી કહે છે. સ્ત્રીશક્તિ એનામાં એટલી પ્રચંડ પ્રગટે છે કે આધ્યાત્મિક ક્ષેત્રમાં વિના અવરોધે પાર પહોંચી જાય છે. પુરુષને જો આવી સ્ત્રી મળી જાય તો બન્ને સાથે મળી એક આગવો ઈતિહાસ સર્જી શકે છે.

પાટધર્મમાં આવાં અઢાર સજોડાં હતાં. જે 'બ્રહ્માંડે સો પિંડ-પિંડે સો બ્રહ્માંડે'ની અપાર શક્તિ ધરાવતાં હતાં. આવા ધર્મોને જુદા જુદા નામે ઓળખે છે. મૂળપુરુષ પર જ એનું સ્થાપન થયેલું હોય છે. પણ જે ધર્મના અગ્રેસર ગુરુ હોય એની આગવી રીત મુજબ ગોઠવણી થાય  છે કે જુદા નામે ઓળખાય છે. વસ્તુ તો એકની એક જ હોય છે. પણ માર્ગ જુદો હોય છે. સૌ ઈશ્વરને જ ભજે છે અને એને મેળવવાના, મળવાના પ્રયત્નો કરે છે. આ સાધના ગુપ્ત હોય છે. એના મર્મી ઓછા હોય છે. ફક્ત એનો સત્સંગ અને કવિત્વ જ બહાર આવે છે. એને નિજીયા ધર્મ, માર્ગીપંથ, પરમધર્મ, મૂળધર્મ, આદિપંથ, નિજારપંથ, મહાપંથ, મહામાર્ગ, ધૂનો ધર્મ, બીજધર્મી માર્ગ, ગુપતધર્મ, મર્મી મારગ, પાટધર્મ અને પિરાણાપંથ કહે છે.

આવા જ મહાપંથમાં સતી લોયણનું આગવું નામ છે. લાખાલોયણ સંતોના ઈતિહાસમાં અમર થઈ ગયા. સ્ત્રી સંતોનાં અનેક નામોની યાદી કરતાં પાનાં ને પાનાં ભરાઈ જાય. થોડી સ્ત્રી સંતોની યાદી અને ભજનોની સાથે સતી લોયણને અને એની ચારિત્રગાથાની મોજ માણીશું.

ગંગાસતી - પાનબાઈ - સમઢિયાળા - મેરુ તો ડગે પણ જેના મનડાં નવ ડગે, મર ને ભાંગી પડે રે બ્રહ્માંડજી; વિપત્તિ પડે તોયે વણસે નહિ ને, સૌઈ હરિજનનાં પરમાણજી.. બાવનપદની અદ્‌ભુત રચના કરી છે. ગુજરાત-સૌરાષ્ટ્ર ભૂમિની મીરાં તરીકે ખ્યાતિ પામ્યાં છે. એકથી એક ચઢિયાતી પદ રચના છે.

**તોરલ-જેસલ તોરલ - અંજાર, કચ્છ** : જેસલ ! કરી લે વિચાર, માથે જમ કેરો માર; સ્વપ્ના જેવો છે સંસાર, તોળીરાણી કરે છે પોકાર, આવોને જેસલરાય, આપણ પ્રેમ થકી મળીએ, પૂરા સંત હોય ત્યાં જઈ ભળિયે... ખૂબ જ ભરપૂર રચનાઓ ભજનિકોમાં ભાવથી ગવાય છે. આ સજોડાની પણ અદભુત કથા છે.

**ભોળીબાઈ** : આજ સહેલી મેં તો હરિરસ પીધો, અપરમ લાવો મેં તો લીધો... સાહેલી.

**માલીબાઈ** : ગુરુના ચરણોને તમે સેવજો અને મનના સંશયોને મેલજો હે જી ! ગુરુ મારો દીનો દયાળ, તારી સમાવે જંજાળ, ચેતી લેને વીતી જાય છે કાળ જી, ફરી આવો રે અવસર તને નહિ મળે હે જી... ગુરુના.

**રતનબાઈ** : પૂરા નર સોહી પ્રમાણિયે, સહેજે વર્તે સંસારમાં, પરમારથ ઉપદેશ રે બોલે અહર્નિશ પર ઉપકારમાં - ગુરુ હરિકૃષ્ણ હતા.

**ગૌરી :** બ્રહ્મનો ભેદ જાણે જન અનુભવી, ભેદ જાણ્યા વિના ભ્રમણા ન જાવે; ભ્રમણા ગયા વિના કરમ, કહો કેમ ગળે ! કર્મ ગયા વિના મરમ ન પાવે.

**તારાબાઈ :** સખિરી, પ્રભુમિલનકી ખુમારી રંગમેં જાઉં ભિજાઈ...દિવ્ય મૂર્તિ દેખકે મૈં તો ચરણકમળ લિપટાઈ, મંદ હાસ્યમેં મધુર બચનસે પ્રભુજી બોલે મુસ્કાઈ...

**રતનબાઈ :** મારી કાયાના ઘડનારા, કાચી રે કેમ ઘડી મોરી કાયા? કાયા માયાના બંદા, કૂડા ભરોસા, કૂડાકૂડા ઠાઠ રચાયા... કાચી રે. કચ્છની કવયિત્રી કાફીઓ અને ભજનો માટે પ્રખ્યાત છે. ઘરેઘરે ગવાય છે. મૂળ કચ્છના અબડાસાની ભડલીગામના-ખોજા જ્ઞાતિમાં થઈ ગયા. ગુરુ ભાકરશાહ - સૈયદ પીર હતા.

**પંખીબાઈ :** ગુરુગોવિંદ ગુણ ગાવું રે, મારે જોગણ બની બની જાવું રે.

મારે સામે કિનારે જાવું, મારે જોગણ બની બની જાવું રે...ગુરુ ભાવદાસ

(અમુક સ્ત્રીભક્તો, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાળ અને જુદા જુદા પ્રાંતમાંથી આવીને સૌરાષ્ટ્ર-ગિરનારને પોતાની તપોભૂમિ બનાવીને ગુજરાતી ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવી સદાને માટે ગુજરાતમાં વસી ગયા.) સૌરાષ્ટ્રની ધરા એટલે તો શૂરા, સંતો, જતિ-સતી અને ભક્તિભાવની પવિત્ર યશોગાથાની કહેવાય છે.

**મીરાંબાઈ :** ગોવિંદ લીન્હો મોલ, બાઈ મૈંને ગોવિંદ લીન્હો મોલ...ટેક. કોઈ કહે હલકા કોઈ કહે ભારી, લિયો તરાજુ મેં તોલ...બાઈ. ગુરુ રોહિદાસ- રૈયદાસ હતા. મેવાડના-(મેડતા) રાણી હતાં. તેઓ પછીથી ગુજરાતમાં વસી ગયાં. એમની ભક્તિભાવની રચના અગણિત છે. લોકવાયકા મુજબ તેઓ અંતિમ વખતે દ્વારકાના કૃષ્ણ સ્વરૂપમાં સમાઈ ગયા હતાં.

**દેવળદેબાઈ :** દેવાયત પંડિતના ધર્મપત્ની- જી રે હંસારાજા અબમત છોડો અમને એકલા રે, અમને હારે લેતો જા રે... એમની ઘણી રચનાઓ સંતમંડળમાં ગવાય છે.

**જબુબાઈ :** પીપળી-સુરેન્દ્રનગર (બજાણા પાટડી પાસે) દાસ સવા ભક્તનાં શિષ્યા હતાં. પીંપળિયે પીરુનાં બેસણાં રે, જેના નવ ખંડે વરસે નૂર, હાલો જઈએ દરશને રે...

**રૂપાંદે :** વઢવાણના કેસરીસિંહની પુત્રી-મારવાડના રાવળ રાજા માલદેવનાં રાણી હતાં. ગુરુ ધારુ-મેઘવાળ - એ જી તારો આવ્યો અવસરિયો ભેળાણો રે, હે રાહોળ માલા, જાગો તમે જૂના જૂના જોગી રે...વિદુર ઘરે પ્રભુ(ભાજી) મોરધ્વજ અતિથિ પધાર્યા, (ભગવાન) અંગુઠું વેરાણું, શીબીરાજા માટી છાબે કાયા કપાણી, શેઠ સગાળશા ને ચંગાવતી રાણી, કુંવર ચેલૈયો વધેર્યો...પાટધર્મ નિજારીપંથનાં જે સજોડાં હતાં એમનાં આ રૂપાંદે-માલદેવ હતાં.

**લિરલબાઈ :** રાણા કંડોણા, મોંઘીબા- શિહોર-ભાવનગર, લિરબાઈ-મજેવડી, રાણીમા-રૂડીમા-રાજકોટ, અમરમા-પરબવાવડી, રામબાઈમા-આહીરજ્ઞાતિ-વવાણિયા, મઢડામાં-સોનલઆઈ-ચારણ જ્ઞાતિમાં થઈ ગયાં. જાનબાઈ-જાનબાઈની દેરડી-ઢસા રોડ, વિરબામા-વિરપુર-જલારામબાપાના ધર્મપત્ની, મૂળીબાઈ-ચલાલા, આઈ નાગબાઈ-મોણિયા, ડાલદે-મોરબી(ખીમડો કોટવાળ) આમ અનેક સ્ત્રીભક્તો આ સૌરાષ્ટ્રની ભૂમિમાં થઈ ગયાં. જેની યશોગાથા ચિરંજીવી છે.

મહાપંથ-મહામારગ-નિજારપંથી સતી લોયણનો જન્મ લુહાર(પંચાલ) જ્ઞાતિમાં થયો હતો. લોયણ અતિ સૌંદર્યવાન અને રૂપરૂપની અંબાર હતી. પહેલી જ નજરે કોઈપણ મોહિત થઈ જાય ભરાવદાર કાયા ને મોહક ચાલ હતી. અમરેલીમાં થઈ ગયેલા સંત મૂળદાસ. મહાત્મા દેવતણખી અને લીળલબાઈ આજ લુહાર જ્ઞાતિમાં સંત થઈ ગયા. ગામ જામખંભાળિયાંનું નામ સંત સમાજમાં આદરથી લેવાતું. પોતાનું જન્મસ્થળ હતું. લુહારજ્ઞાતિમાં મહેનતનું કામ વધારે રહેતું. પોતાના માતપિતાને બધી જ રીતે મદદ કરવામાં પાછી પાની કરતા નહિ. જેમજેમ ઉંમર મોટી થતી ગઈ તેમ તેમ ઘરના કામકાજમાં વધારે મદદ કરવા લાગી. ગામને પાદર પાણી ભરવાનું પોતે સંભાળી લેતી. વહેલી પરોઢે અને બપોર પછી કૂવે પાણી ભરવા જાય ત્યારે નાનામોટા સૌકોઈ લોયણની રૂપવંતી કાયાનું ત્રાંસી નજરે દર્શન કરી લેતાં. એવા એક સમયે પાદર પાણી ભરવા જાય છે ત્યારે ત્યાં હેલોની ક્તાર લાગી હોય છે. પોતે બેડાને બરાબર માંજી પછી પાણી ભરવાનું રાખતી આજ જરા મોડું થયેલું એટલે પૂર્વ દિશામાં સૂરજદાદાએ રથ પર સવારી કરી કોમળ કિરણો ફેલાવાનું શરૂ કરી દીધું હતું. આ પ્રકાશમય કિરણોના તેજમાં લોયણ અધિક સુંદર લાગતી હતી.

અચાનક જ્યાં લોયણ પાણી ભરી રહી હતી ત્યાં એક ઘોડેસવાર આવીને ઊભો રહ્યો. ભરાવદાર છાતી, અડીખમ જુવાની, તલવારના વળાંક જેવી તેજદાર મૂછ, લાંબી બન્ને ભુજાઓ, મોટી આંખો લીંબુની ફાડ જેવી લાગતી હતી. જેવો જુવાન એવો જ એનો તેજસ્વી તોખાર હતો. ઘોડા પર થએલ અસવારનો મિજાજ કંઈક ઓર પ્રકારનો હતો. કમરપટ્ટા પર તલવાર ઝૂલી રહી હતી. ભેટમાં તાતી કટાર ખોસેલી હતી. અસવાર કંઈપણ બોલે એ પહેલા જ લોયણે કહ્યું કે પાણી પીવું હોય તો નીચે ઊતરો તમે અને તમારો ઘોડો ધરાઈને પાણી પીજો.

કોઈ બીક નહિ, હર નહિ. કોયલ જેવો મીઠો ટહુકો સાંભળી ઘોડેસ્વાર નીચે ઊતરે છે. લોયણને જોઈને એ પુરુષ તો ઘાયલ થઈ જાય છે. એણે આવું રૂપ ક્યારેય ભાળ્યું હતું નહીં. પાણી પીતાં પીતાં આંખોથી ધરાઈને લોયણનું રૂપ પીધું. પછીથી તો રોજનો ક્રમ બની ગયો. બન્નેની આંખો મળી અને બન્ને જુદા જ વિચારોમાં ખોવાઈ જતાં. લોયણે જોયું કે જ્યારે આ ઘોડેસ્વાર આવે છે ત્યારે બીજી પનિહારિયો ભાગી જાય છે. કોઈ તો બેડું મૂકીને ભાગે છે. એક પનિહારીયે તો કહ્યું પણ ખરું કે લાખો આવે છે. ભાગો ભાગો, ત્યારે લોયણને ખબર પડી કે આ તો આપણા ગામના કાઠીનો દીકરો છે. હમણાં હમણાં કૂદકે ચડ્યો છે. મારકૂટ-લૂટ એ એનો ધંધો છે. લોયણને જાણ થઈ પણ મોડી થઈ. પછી તો આખા જામખંભાળિયામાં ચર્ચા થવા લાગી. લોયણ લોકેષણાથી ખૂબ વગોવાય ગઈ. જાકુબનો ધંધો કરતો હોવાથી ખૂબ અણગમો થયો. પણ માહ્યું રૂદીયું એની જવાની તરફ ખેંચાતું હતું. હવે તો લાખો ઘરે આવતો. લોયણના માબાપે ખૂબ બન્નેને સમજાવ્યા પણ લાખો લૂખ્ખી દાટી આપીને ચાલ્યો ગયો. જતાં જતાં કહેતો ગયો કે જોજો લોયણને કંઈ થાય નહિ. મારી થાપણ તમને સોંપતો જાઉં છું, અને ઓછું ન પડે. મહામૂલા ઘરેણાં અને અવનવાં વસ્ત્રો એ આપી જતો.

લાખાના ગયા પછી લોયણને એનાં મા-બાપે બહુ સમજાવી પણ પથ્થર પર પાણી. લાખા વિષે બધી જ હકીકત કહી સંભળાવી. તું અમારું જીવતર બગાડે છે. આ ઘર છોડીને અમે ચાલ્યા જાઈ છીએ. જે ઘરે લાખાનાં પગલાં પડ્યાં હોય ત્યાં દિવાળી ના આવે ત્યાં તો હોળી જ રમાય. અપશુકનિયાળ પગલાં પડ્યાં છે ત્યાં હવે અમારાથી નહિ રહેવાય. લોયણ, લાખો આખા પંથકનો ઉતાર ને લૂટારું છે. એની ધાક, ધમકીને હાહાકાર સારા મલકમાં ફેલાયેલાં છે. માટે તું અહીં રહે અમે તો આ ચાલ્યાં. લોયણને એના માબાપ છોડીને જાય છે. લોયણ રોઈ રોઈને ખૂબ સમજાવે છે. પણ બધું જ વ્યર્થ જાય છે. આમ લાખાને મોકળું મેદાન મળી ગયું. લૂટફાટ કરીને એ આવી જતો ને લોયણ સંગ રંગરંગેલિયા મનાવતો. સમય સમયનું કામ કરે છે. લાખો ચોરી લૂટફાટ કરીને ક્યારેક બે દિવસે ક્યારેક પંદર દિવસે આવતો. એનું કે લોયણનું કોઈ વાકું બોલી શકતું નહિ.

વૈશાખ શરૂ થતો ત્યાં કૂવાનાં પાણી ઊંડા જતાં. એ વખતે

ગામની પનિહારિયું નદીએ પાણી ભરવા જતી. આવા એક સમયે લોયણ બેડું લઈને નદીએ પાણી ભરવા જાય છે ત્યારે નદીમાંથી પાણી ભરતાં ભરતાં એકબીજી બહેનો વાતે વળગી. અરે! ઉતાવળ કરજો આજે તો ગામમાં મહાન સંત પધારવાના છે. આપણા ગામમાં એમનાં પાવન પગલાં પડવાનાં છે. દર્શને જવું પડશે. માટે ઉતાવળ રાખજો. સેલણસી નામના કોઈ મોટા સંત આવવાના છે. એમની ખ્યાતિ ને સુવાસ આખા પંથકમાં છે અને સંતમંડળમાં એમનું નામ આદરથી લેવાય છે. એક બટકબોલી પનિહારી મહરથી બોલી, લોયણ બા તમારે દર્શન કરવા નથી આવવું? ત્યારે બીજી કહે એને તો પગમાં બેડી છે. લાખાભાઈની રજા સિવાય થોડું અવાય? લોયણને આ વેણ આજે કડવાં લાગ્યાં. પોતાની જાત પર અણગમો થયો ને બોલાઈ ગયું કે મને કોણ રોકનાર છે? ભાગ્યનો ઉદય થવાનો હશે એટલે આ ઘટના આખી ઘટી. એક પીઢારું બાઈએ કહ્યું પણ ખરું, આપણી સ્ત્રીનું સાચું ધન આબરૂ છે. ઈજ્જત છે. મથરાવટી મેલી થઈ હોય તો સૌ કહે એમાં આમ ખોટું લગાડવાનું હોય નહીં. આજે ખરું ટાણું આવ્યું છે. આ તારા રૂપને વધારે વેડફ્યા વગર પ્રભુ ચરણે ધરી દે તો તારો બેડો પાર થઈ જશે. યુવાનીના જોમને પરમાર્થમાં ખર્ચી દે.

લોયણ ખૂબ ઝંખવાણી થઈ ગઈ. અંદરથી પોકાર થયો. શું વિચારે છે. સંતો તો દયાળુ હોય છે. બધા ગુના માફ કરી દેશે. ઈ તો જાતિપાતિ કે જ્ઞાનીઅજ્ઞાની જોતા નથી. કેવળ જીવનો ઉદ્ધાર કરવાનું એમનું કામ હોય છે. આ ભૂમંડળ પર એટલા માટે જ આવતાં હોય છે. એકપણ મુખેથી વેણ બોલ્યા વગર માથે પાણીનું બેડું ચડાવી જે તરફ ઝાંઝ, મંજીરા, કડતાલ અને ઢોલક વાગતાં હતાં એ તરફ ચાલવા લાગી. બરાબર સંતનું સામૈયું થતું હતું ત્યાં સંતસેલણસીના રથ સામે આવીને ઊભી રહી ગઈ. લોયણે પૂછ્યું કે આમા સંત સેલણસી કોણ છે? જુઓ પેલા રથમાં બિરાજમાન છે એ જ છે. પણ અહીં જ ઊભા રહો, તેઓ રથમાંથી નીચે ઊતરીને આ તરફ આવી રહ્યા છે.

સંત સેલણસી પણ લોયણને જોઈને થાપ ખાઈ ગયા. આવું રૂપ તો મેં ક્યારેય ભાળ્યું નથી. અને કેટલી નિર્ભયતાથી મારી સામે આવે છે. આજુબાજુની પડી નથી. સંત સાથેના એમના સેવકે લોયણની આખી ઘટના એક જ શ્વાસે કહી દીધી. ત્યાં તો બરાબર સન્મુખ આવીને ઊભી રહી. મારે આપનાં ધરાઈને દર્શન કરવાં છે. આ જળથી આપના ચરણ પખાળવા છે. આ વગોવાયેલી દીકરીને અપનાવશો? તારું નામ તો કહે? મારું નામ લોયણ છે લુહારની દીકરી છું. મને પાવન કરો બાપુ, હું આપને શરણે આવી છું અરે! દેવાયત પંડિત અને દેવ તણખીના કુળની છો. એમા કાંય થોડું કહેવાનું હોય. તું તો સૌને પ્રકાશ આપનાર છો. અજ્ઞાનતામાંથી સમાજના ઘરમાં લઈ જનાર પરમાર્થી દીકરી છો. બાપુને પગે લાગીને ત્યાં બેડાનાં જળથી એમના ચરણ પખાળ્યા. એમના ચરણોનું ચરણામૃત લોયણે ગ્રહણ કર્યું. સાંજે અમારો જ્યાં ઉતારો છે, ભજનભાવ છે ત્યાં જરૂરથી આવજે દીકરી.

જામખંભાળિયામાં લોયણની વાત ફેલાઈ ગઈ. લોયણના માનસમાં ગડમથલ ચાલતી હતી. એક પછી એક પોતાનાને લાખા વચ્ચેના સંબંધોમાં ચિત્રો ખડા થતાં હતાં. ઘરની ફળીના ખાટલામાં ચત્તીપાટ થઈને આકાશને નીરખી રહી છે. સંધ્યાના રંગો ધીમે ધીમે સમેટાઈ જતાં હતા. ઝાલર ટાણે રામજી મંદિરે નગારા પર ઘા પડવા લાગ્યા. લોયણની ભીતર પસ્તાવાનો દરિયો ઘુઘવતો હતો. આજ કાંઈ અજૂગતું બની ગયું છે. પોતે સંત જ્યાં બિરાજમાન હતા એ તરફ ખેંચાણી. પ્રથમ પ્રહર રાત્રીનો શરૂ થયો હતો. સૌ માણસો આમ તો આખું ગામ સંતને સાંભળવા અને લોયણને નીરખવા ઉમટી પડ્યું હતું. સંત સમાજ અને ભાવિકજનોની પાછળ જ્યાં સ્ત્રીઓ બેઠી હતી ત્યાં ચૂપચાપ બેસી ગઈ. એક ચિત્તે ભજનવાણી સાંભળતી હતી. મધરાત્રિ થવા આવી હતી. ખરેખરા શ્રોતાજન હતાં તેઓ બેસી રહ્યા હતા. બાકીના જતાં રહ્યા હતા. બસ આજ સમયે સંત સેલણસીએ લોયણને પોતાની પાસે આવવાનો સંકેત કર્યો.

સંતની નજીક આવતાં લોયણ એમના ચરણમાં ઢગલો થઈ ગઈ. બાપુ : મને પાપિણીને ઉગારો, મને કંઠી બાંધો. સંતે અલખની પ્રજ્વલિત થયેલી જ્યોત સામું જોઈને લોયણના મસ્તક પર હાથ મૂકાયો, અને એના અધિકારીપણાના દરવાજા ખોલી નાખ્યા. લોયણના અંગમાં એક વીજળીનો ઝબકારો થયો. નખશિખ નૂર પ્રગટ્યું. આંખમાંથી અશ્રુની ધારા વહે છે. ત્યાં ગુરુબોધ, ગુરુવાણી અને સનાતનમાર્ગની શીખ આપી સાચો મારગ બતાવ્યો બન્નેની આંખ મળતાં જ જાણે એમ લાગ્યું કે ભવોભવની જૂની ઓળખાય છે. સંતના બોધથી અંતરમાં સદગુણો, સદ્ભાવ, સદ્વિચારો અને પરમશાંતિ આવીને વસ્યા. શત્રુમિત્ર, સુખદુઃખ, જાતિપાતિ વગેરેના ભેદ ટાળ્યા. પતનનો માર્ગ છોડી દો લોયણ પરમાર્થમાર્ગે વળી, જીવ, માયા, ઈશ્વર, પંચભૂત, પંચકોષ અને યોગક્રિયાનાં લક્ષણો સાથે ભક્તિનું દાન આપ્યું. જેમ લોહને પારસ અડતાં તે કંચન(સોનું) બને છે એમ સંતના મિલનથી લોયણના મનના મેલ ધોવાઈ ગયા. થોડા દિવસનું રોકાણ એને અમૂલ્ય ખજાનો સંત સેલણસીબાપુથી પ્રાપ્ત થયો. સાધુસંત તો ચલતા ભલા, આમ સંત થોડા દિવસ પછી બીજે જવા રવાના થયા.

લોયણ ઘરે આવી ત્યારે હળવીફૂલ જેવી બની ગઈ હતી. નિર્ભયતાનો અંચળો હવે ઓઢ્યો હતો. હરિનામની કંઠી બાંધી હતી. મનમાં પરમ શાંતિ પ્રસરેલી હતી. બસ હવે તો ગુરુએ ચીંધેલા મારગે ચાલી આ કાયાને ઉજળી કરવી છે. હવે અભડાવા દેવી નથી. આ જન્મમરણના ફેરાને સફળ બનાવવો છે. આવા વિચારો અને ગુરુજીના ધ્યાન, ભજન, કીર્તનમાં સમય ક્યાં

વીતી જતો એ ખબર રહેતી નહી. લાખો આંગણે આવ્યો એનો ઘોડો હણહણાટ કરવા લાગ્યો. લાખો બૂમો પાડીને લોયણ, લોયણ કહેતો હતો. પણ પહેલાની લોયણ ક્યા હતી કે સામે આવીને ભેટે ? લાખો થાક્યો પાક્યો ને ઉપરથી ભૂખ્યો ડાંસ જેવો મોટેથી રાડો પાડતો હતો. ફળીમાંથી ઓસરીમાં ને એક જ કૂદકે ઓરડામાં આવી પૂગ્યો. લોયણના દીદાર ભાળીને જરાક થોભી ગયા. અરે ! હું ક્યાંક બીજે તો નથી આવી ગયો. આ લોયણ નથી. સફેદ વસ્ત્રો, ગળામાં તુલસી માળા, અને હાથમાં રામસાગર પર એક ચિત્તે ભજન. લોયણ મધુર કંઠે ગાઈ રહી છે. એક એક વાણીના અક્ષરો લાખાની છાતીમાં તીરની જેમ ભોંકાય છે. આ દૃશ્ય જોઈને ઘડીભર એની બુદ્ધિ બેર મારી ગઈ. ફરી મોટેથી કહેવા લાગ્યો. લોયણ... લોયણ... લોયણ... આ તને શું સૂઝ્યું. રૂડીરૂપાળી કાયાને ભગતડાવેલા ક્યાંથી સૂઝ્યા...

*જીરે લાખા ! પ્રથમ સદ્‌ગુરુના પાય પૂજીને જી,*
*તમે મનવાંછિત ફળ માંગો હાં ;*
*જીરે લાખા ! હણને લાભ તમે નાખી દીયો ને જી,*
*તમે મોહનિદ્રાથી જાગો હાં.... ટેક.*

રામસાગરના તાર થંભી ગયા. ભજનમાં ખલેલ પડતી હતી. સુરતા અંતરમાંથી બહાર થઈ જતાં ભક્તિનું વાતાવરણ ડહોળાઈ ગયું. અરે ! લાખાજી ક્યારે પધાર્યા. બસ તમારી જ રાહ જોતી હતી. હવે તો મને સંગાથ આ સતના માર્ગે આપશો ને ? લાખો લાલઘૂમ થઈ ગયો અને બરાડી ઊઠ્યો. જો આ નવાં ઘરેણાં ને વસ્ત્રો લાવ્યો છું. આ ભગતડાનો વેશ ઉતારી જલદીથી રંગબેરંગી વસ્ત્રો પેરી લે, મારે તને અને તારા રૂપને આ વસ્ત્રો અને અલંકારમાં ધરાઈને નીરખવી છે. તારા રૂપને માણવું છે. જલદી કર આમ નાટકવેડા છોડી દે, નહિ તો પછી ભારે થશે.

એ લાખા ! પહેલાની લોયણ તો ક્યારયની મરી પરવારી છે. હવે તો અલખને મારગે પ્રયાણ કરી ચૂકેલી લોયણ છે. એકદમ ઊભા થઈને રામસાગર એક હાથમાં પકડી લાખાને ચેતવણી સાથે બોધ-શિખામણ આપે છે. ચોરી-લૂટફાટ, મારામારી, કાપાકાપી, મૂંગા પશુઓનો શિકાર અને કેટલીય નારીના સિંદુર તે ભૂસ્યા હશે. કેટલી વિધવા થઈ હશે એનું પાપ અને હાય તને સુખેથી જીવવા નઈ દે માટે સુધરી જા. અને સતનો માર્ગ પકડ એક દિવસ તને કાળ ભરખી જશે. માટે આપણે બન્ને અધર્મના માર્ગે હતાં. આપણા ભાગ્યનો ઉદય થયો ને મને ગુરુ સેલણસી બાપુ મળ્યા. લોયણ એક પછી એક સતમાર્ગના પંથે ચાલવાના વેણ કહે છે. પણ લાખામાં કંઈ ફેર પડતો નથી. અચાનક લાખો દોડીને લોયણને બથમાં લે છે. અને કહે છે કે મારી લોયણ આ ઉંમર ભક્તિ કરવાની નથી. મોજમજા કરવાની છે.

અરે ! લાખા ભાન ભૂલ્યો. તું ધગધગતી વૈરાગ્યભરી કાયાને અડ્યો. તારી ભૂજામાં ઝકડીને પાપમાં પડ્યો છો વધારે. લાખા તું તો ભૂલ્યો... ભૂલ્યો... તેહના દંડ ભોગવવા પડશે. મારા ગુરુજીની મરજી. આમ કહેતાં તો લાખાના આખા શરીરમાં અગ્નિ ઊપડ્યો અને ગળતો કોઢ આખા શરીરે નીકળ્યો. એકદમ લોયણને છોડીને ઘોડા પર મહામુસીબતે ચડી પોતાને ઘેર ગયો. એની પત્ની ઘણા સમયે લાખાને આવેલો જોઈને રાજી થઈ, પણ આજે લાખો કણસતો હતો, બબડતો હતો અને શરીરમાં લાય બળતી હોવાથી બૂમો પાડતો હતો. પોતાના ઘરના ઓરડામાં ઢાળેલા ઢોળિયામાં એકદમ ફસડાઈ પડ્યો. પથારીવશ થયો. સમય પસાર થવા લાગ્યો. શરીર ગળીને સાવ ખોખલું ને જીર્ણ થઈ ગયું. ઊભા થવાની પણ શક્તિ રહી નહીં.

લોયણે જે આત્મજ્ઞાનની વાત કરી હતી એ યાદ આવતી હતી. જે દેહ વડે હું સૌને ડરાવતો હતો, ધમકાવતો હતો, અરે! લૂટીને મારી પણ નાંખતો આજ આ દેહની હાલત કેટલી કફોડી ને દયાજનક છે. મારાં કરેલાં પાપ મને આંબી ગયાં. હું કેટલો કાયર ને ક્રૂર કે પતિવ્રતા નારીને છોડી પરસ્ત્રી પર મોહ્યો. હાડ, માંસ, વિષ્ટા અને રુધિરથી ભરેલા રૂડારૂપાળા ધોખાથી (દેહથી) મોહી પડ્યો, પલમાં જ બધું ખતમ થઈ ગયું. લોયણ જે આત્મજ્ઞાનનાં પદ ગાતી હતી તે એ વખતે તીર ભોંકાયેલા સમાન માનતો હતો. આજે પથારીમાં પડ્યાં પડ્યાં યાદ આવે છે. લોયણ મને તું માફ કરી દે હે ! સતી, હવે મને ઉગારો. નથી સહેવાતું. મારા ગુના માફ કરો.

*જીરે લાખા ! સદ્‌ગુરુના પદનો કોઈ પાર ન પામેજી,*
*જેને શિવ ને ઉમિયાજી વખાણે હાં;*
*જીરે લાખા ! મોટા મોટા મુની જેની આશા કરે છે જી,*
*તે પદ અનુભવી ઉરમાં આણે હાં...ટેક.*

આગળના પદમાં જે પણ કહે છે એ લાખાના હૈયામાં કંડારાઈ ગયા હતા.

*જીરે લાખા ! ત્રિગુણી માયાથી જગત બંધાણું જી,*
*તમે એરે માયાને શીદ વળગ્યા હાં.....*
*જીરે લાખા ! સદ્‌ગુરુના આપણે વેચ્યાં વેચાયે જી,*
*આપણે મનનું ડહાપણ પરહરીયે હાં;*
*જીરે લાખા ! ગુરુને પૂછીને પૃથ્વી પર પગ ધરીયે જી,*
*તે સદ્‌ગુરુ કહે તેમ કરીયે હાં....*

લોયણ તો પ્રભુ ભક્તિમાં લીન હતી. સંત સમાજમાં ખૂબ ખૂબ સુવાસ ફેલાયેલી હતી. જામખંભાળિયામાં જે લોકો બૂરી નજરથી જોતાં હતાં. લોયણ પ્રત્યે અણગમો અને ઘૃણા(તિરસ્કાર) કરતાં, છડેચોક વગોવતા હતા તે આજે પગે લાગતા હતા. નમતા હતાં. પારસથી જેમ લોહ કંચન બને છે, પણ લોયણ તો પારસથી પારસ બની ગઈ. જોતજોતામાં બાર વરસનાં વાણાં વાઈ ગયાં. સમય કોઈથી થોડો રોકાય છે ?

લોયણ લાંબા સમયનો વિયોગ સહન કરી શકી નહિ. ને ગુરુ સેલણસીને ભાવપ્રેમથી યાદ કરીને આરાધ્યા. આપ આ

વિયોગને પ્રેમમાં પરિવર્તન કરો અને વહેલાસર દર્શન આપો.

*જીરે લાખા ! શૂન્ય સમાધિમાં ગુરુ કુંચી બતાવેજી.*
*તો જન્મ મરણ મટી જાવે હાં;*
*જીરે લાખા ! જોત જાગે વ્યાપે નહિ માયા જી,*
*તેને જન્મ ફરી ન આવે હાં...*

જામખંભાળિયાના લોકો આજે ફરી સંતનાં સામૈયા કરવામાં ભેગા થયા છે. સંત સેલણસી પધારવાના છે. એમનાં પાવન પગલાં પડવાનાં છે. લોયણ રાજી રાજી થઈ ગઈ. બન્નેનું પ્રેમભર્યું મિલન થયું. લોયણે પ્રેમભર્યા અશ્રુથી આજ સદગુરુના ચરણો પખાળ્યા. લોયણની જીભે સરસ્વતીનાં બેસણાં થયાં હતાં. એક પછી એક આત્મજ્ઞાની વાણી, પરાવાણી મધુર કંઠથી વહેતી હતી. સૌ મંત્રમુગ્ધ થઈ જતા હતા. એક આધ્યાત્મિક વાતાવરણ છવાઈ જતું હતું. સમયને ઓળખી બરાબર જોગસંજોગ મળતાં સંત સેલણસીના ચરણે પગે લાગી લાખાની વાત મૂકી. ગુરુજી બાર વરસ થયાં. હવે લાખાને ઉગારો, બાર વરસે આમેતેય યોગ પૂરો થાય. સંતે એક નજર લોયણપર કરી કહ્યું કે લાખાને અહીં આજ વખતે લઈ આવજે. લાખો આવશે ને ? હા ગુરુજી, લાખો જરૂરથી આવશે. આપ તો સમર્થ છો. સંતો તો લેખ માથે મેખ મારે છે. બિચારો મારી પાછળ ગાંડો થયો હતો. ખરેખર તો હું જ દોષમાં છું. એમાં લાખાનો દોષ નથી. આપ જરૂરથી ઉગારો...

દીકરી લોયણ ઠાકરધણી કર્તાહર્તા છે. સૌ સારાવાનાં કરશે. તું ઇચ્છે છે તો જરૂર લાખો સાજો થશે. રાત્રે લાખાને અહીં લાવવાનું નક્કી કરી સીધી જ પોતાના ઘરે જવાને બદલે લાખાની ડેલીયે પૂગી. બાર વર્ષ પછી લાખાની આંખો લોયણને નીરખી રહી હતી. એના ઢોલિયાની ઈશ પર બેસીને માથે હાથ ફેરવે છે. દુર્ગંધ મારતા દેહ પાસે કોઈ જતું નહિ ને આજ લોયણ એને ધારણ ધીર બાંધવા આવી છે. લાખાની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહે છે. લાખા તને સુખના વાવડ દેવા આવી છું. સંત સેલણસી આપણા ગામમાં પધાર્યા છે. માટે જરૂરથી ત્યાં આવવાનું છે. લાખો તો સાંભળીને રાજીનો રેડ થયો. આજ મારા દુઃખનો અંત આવશે. દેહ સાથે બધું અભિમાન ચૂર ચૂર થઈ ગયું છે. લાખાની પ્રાર્થના આજ ફળી. ઘરના બધાને લાખાને લાવવાની ભલામણ કરી ત્યાંથી લોયણ ચાલી ગઈ. લાખા પ્રત્યે ફરી પ્રેમ જાગ્રત થયો પણ આ પ્રેમ દેહનો નહિં પરમાર્થને આધ્યાત્મિક આત્માનો હતો. પસ્તાવાના પૂરમાં લાખો અંતરથી શુદ્ધ થયો હતો.

લોયણને વચન આપ્યા મુજબ સંત સેલણસીના ઉતારે લાખો પરિવારસહ ત્યાં આવ્યો. ભજનવાણી શરૂ થઈ ચૂકી હતી લોયણ એક પછી એક વૈરાગ્ય, આત્મજ્ઞાન અને ગુરુમર્મની દિવ્યવાણી બોલી રહી હતી. આજ લાખાની વાત જાણી આખું ગામ ઉમટી પડ્યું હતું. ભજનિકોની ભજનની રમઝટ જામી હતી. ચારે તરફ ભક્તિનું વાતાવરણ જામ્યું હતું. એ વાણીમાં લાખો ખોવાઈ ગયો હતો. આંખમાંથી આંસુ વહેતાં હતાં. સંત સેલણસીએ લાખાને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવી આશીર્વાદ આપી કહ્યું હવે સંતને શરણે છો માટે નિર્ભય થઈ જા. ગત્યાગંગા, લોયણ, પધારેલા સંતો અને ભજનિકો તને પાવન કરે છે. આ રોગમાંથી તને મુક્ત કરે છે. સંત સેલણસીએ લાખાને આત્મબોધ આપીને પ્રમોદયો. કાનમાં મંત્ર ઉચ્ચારતા જ લાખાની અંદર વીજળીનો ચમકારો થયો. અંગમાં નવું જોમ આવ્યું. દિવ્ય ચેતનાથી દેહ પવિત્ર થયો. લાખાનો કોઢ ગાયબ થઈ ગયો. પહેલા હતી એવી કંચનવર્ણી કાયા થઈ ગઈ. સંત સેલણસીની જય બોલીને લાખો બાપુના-ગુરુજીના ચરણોમાં ઢળી પડ્યો. નવજીવન મળતાં ઊભો થઈને ગત્યગંગાને અને સંતોના ચરણમાં વંદન કર્યાં. લોયણની મનોકામના પૂર્ણ થઈ. મુખમાંથી પરાવાણી પ્રગટી છે. સૌ એમાં ભીંજાવા લાગ્યા.

*જીરે સતી મૂળ વાસના જેની બ્રહ્મમાં મળી ગઈ છે,*
*એનું નામ જીવનમુક્ત જાણો હાં;*
*જીરે સતી સંકલ્પ વિકલ્પ જેના સમાઈ ગયાં છે જી,*
*એ તો બ્રહ્મરસ ભોગી હાં... ટેક.*
*જીરે સતી ! તેત્રીસકોટિ દેવ તેના ચરણમાં લોટે જી,*
*અષ્ટસિદ્ધિ છે દાસી હાં;*
*જીરે સતી ! અખંડ અનાદી અજનમા પોતે જી,*
*જેણે તોડી માયાની ફાંસી હાં....*

લાખા-લોયણની જોડી અઢાર સજોડામાં, નિજારપંથમાં શ્રેષ્ઠ ગણાય. લાખાના સ્વાનુભવના અને એને બોધ આપ્યાનાં પદો આખા સૌરાષ્ટ્રમાં ઘરે ઘરે ગુંજે છે. સંતવાણી જયાં પણ હોય ત્યાં લોયણનાં પદો ખૂબ જ ભાવથી ગવાય છે. એના ભજન વિનાની સંતવાણી અધૂરી ગણાય છે. એકથી એક ચડિયાતી વાણી સાંભળવા મળે છે. લગભગ પિસ્તાલીસ કે એથી વધુ વાણી લોક કંઠે ગવાય છે. ભક્ત સમાજમાં લાખા-લોયણનું નામ અમર થઈ ગયું. ફરી એક પદની કડી યાદ કરી ભક્તવાણીમાં તરબોળ થઈએ. જીરે સતી ! સદગુરુનો માર્ગ બહુ રે અગમજી, તેને મહાવૃત્તિવાળા જાણે હાં;....

**સંદર્ભ :**


૧. સંત લાખો અને સતી લોયણ - શ્રી કાલીદાસ મહારાજ.
૨. પરિચય પદ સંગ્રહ - અખંડાનંદ - સસ્તુ સાહિત્ય.
૩. સંતવાણી - લોક કંઠથી ગવાતી.
૪. એકનાથી ભાગવત - અખંડાનંદ - સસ્તુ સાહિત્ય.
૫. દાસી દર્પણ - કાકડિયા મનસુખ વી.



*એ-૧૪, હરિઓમનગર સોસાયટી,*
*રામદેવનગર પાસે, ઈન્ડિયા કોલોની,*
*ઠક્કરબાપાનગર, અમદાવાદ. ૩૮૨૩૫૦*
*મો.-૯૯૭૮૮૦૩૦૧૪*

# ભારતનું પ્રાચીન વિદ્યાધામ : વલભી વિશ્વવિદ્યાલય

- ભૂપેન્દ્ર મો. દવે

**પ્રાચીન ભારતમાં શિક્ષણ :**

પ્રાચીન ભારત ઘણા લાંબા સમયથી શિક્ષણ, સંગીત અને સાહિત્ય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મુખ્યમથક રહ્યું છે. પ્રાચીન ભારતમાં સર્વત્ર ધાર્મિક ભાવ રહ્યો છે આથી કોઈપણ કાર્ય સાંસારિક હોય કે પારમાર્થિક ધાર્મિકતાથી અલગ નથી રહી શકતું. શિક્ષણનો પ્રારંભ પણ ધાર્મિક ભાવના સાથે થાય છે, એટલે આપણાં પ્રાચીન ભારતના વિશ્વવિદ્યાલયો બૌદ્ધ, હિંદુ અને જૈન તીર્થસ્થાનોમાં જ મુખ્યત્વે કેંદ્રિત થયેલા જોવા મળે છે. આથી આપણા આ ત્રણેય મહાન વિદ્યાપીઠો - તક્ષશિલા, નાલંદા અને વલભી સહિત ૯ વિદ્યાપીઠો મળીને કુલ ૧૨ વિશ્વવિદ્યાલયોનો મુખ્ય આધાર મૂલ્યનિષ્ઠ શિક્ષણ હતું.

લેખનકળા અસ્તિત્વમાં આવી તે પહેલાં ભારતમાં વૈદિક શિક્ષણનું રૂપ મૌખિક હતું. શિક્ષા કંઠસ્થ રૂપમાં પરંપરાથી ચાલી આવી છે. લેખન શૈલીના અભ્યુદયની સાથે સાથે શિક્ષણ સંસ્થાઓ, વિહારો તથા મઠોમાં લેખનશૈલી નિર્માણ પામતી ગઈ અને એક શતાબ્દી પછી તો ભારતીય જ્ઞાનનો સૂરજ સમગ્ર વિશ્વને પ્રકાશિત કરતો રહ્યો. મિલિન્દ પાજો, ફાહિયાન તથા હ્યુ-એન-ત્સંગના મતે તે સમય ભારતવર્ષ સંસારના સમસ્ત દેશોથી અધિક શિક્ષિત હતું. ચીન, જપાન, તિબ્બટ તથા સુ-દૂરના દેશોમાંથી વિદ્યાભ્યાસ માટે વિદ્યાર્થીઓ ભારતમાં આવ્યા કરતા. બૌદ્ધ ભિક્ષુ તથા હિંદુ અને જૈન આચાર્યગણ શિક્ષણમાં વિશેષ ભાગ લેતા હતા. દરેક મઠ અને સંઘ વિદ્યાલયનાં કાર્યો કરતા હતા.

હ્યુ-એન-ત્સંગ તથા ફાહિયાને સેંકડો બૌદ્ધ સંઘોનું વર્ણન કર્યું છે, જેમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અપાતું હતું. પાટલીપુત્રને તેઓ વિદ્યાનું મુખ્ય ધામ માનતા હતા. ફાહિયાન લખે છે : ''બધામાં સાતસો - આઠસો ભિક્ષુઓ રહે છે, આચાર - વિચાર, વિદ્યાભ્યાસની વિધિ જોવાલાયક છે. ચારેય દિશાઓમાંથી મહાત્મા, શ્રમણ વિદ્યાર્થી, જ્ઞાનના જિજ્ઞાસુ આ વિદ્યાસ્થાનોમાં આશ્રય લે છે.''

ઉચ્ચ શિક્ષા માટે પ્રાચીન ભારતમાં જે મહાવિદ્યાલય તથા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી તે આધુનિક વિશ્વ વિદ્યાલય જેવા જ હતાં તે આશ્ચર્યની વાત છે.

આ વિશ્વવિદ્યાલયમાં સહુ એક કુલપતિની દેખરેખમાં કામ કરતા હતા. વર્તમાન કુલપતિઓની જેમ આની પણ ચૂંટણી સંઘ દ્વારા કરાતી હતી. જે ભિક્ષુ સરળ, આદર્શવાદી, વિદ્વાન તથા કાર્યકુશળ હોય તે જ કુલપતિ તરીકે નિમણૂક પામતો. દૂરનો ભિક્ષુક પણ યોગ્ય હોય તો તેને વિશ્વ વિદ્યાલયમાં અગત્યના સ્થાન પર રાખતા અને તેની આચાર્ય તરીકે નિમણૂક થતી. તેની સહાયતા માટે બે સમિતિ હોય - એક વિશ્વ વિદ્યાલયનો વહીવટ ચલાવતી અને બીજી શિક્ષા સંબંધિત વિષયોની દેખરેખ રાખતી. આ સમિતિ વિદ્યાથીઓના પ્રવેશ, પાઠ્યક્રમ તથા બધા અધ્યાપકોનાં કાર્યોના નિર્ણય કરતી અને સાથે સાથે પરીક્ષા લેવી અને પુસ્તકાલયનો પ્રબંધ પણ કરતી હતી.

વ્યાવહારિક કાર્યો, આવક - જાવક, વિવિધ ભવનોના નિર્માણ, ભોજન, ઔષધાલય, છાત્રાવાસ વગેરે માટે એક અલગ સમિતિ હતી. (એમિ. ઈન્ડિયા, પાન-૩૧૦). રાજા તથા ધનવાન વ્યક્તિ વિશ્વવિદ્યાલયનો આર્થિક ભાર સંભાળતા રહેતા હતા. જાવાના રાજા બાલપુત્ર દેવે નાલંદા વિશ્વવિદ્યાલયમાં એક છાત્રાવાસનું નિર્માણ કર્યું હતું. આનાથી સ્પષ્ટ થાય છે કે વિદેશી રાજા પણ ભારતીય શિક્ષણ સંસ્થાઓથી ખૂબ જ પ્રભાવિત હતા અને વિશ્વવિદ્યાલયોને અનુદાન આપવું તે પોતાનું કર્તવ્ય સમજતા હતા.

પ્રાચીન ભારતમાં કુલ ૧૨ વિશ્વવિદ્યાલય હતા જેમાં ૭ રેસિડેન્શિયલ, ૨ એફિલિએટિંગ અને ૩ ટીચિંગ તથા એફિલિએટિંગ હતા. આમાંથી એક બનારસ સંગીત વિશ્વવિદ્યાલય પણ હતું.

જાતક કથાઓ આપણને કેવળ બૌદ્ધ ધર્મ અને દર્શનનો મહિમા જ નથી સંભળાવતી, પણ તે પ્રાચીન કાળની રાજનીતિની, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક બાબતોની સ્થિતિની માહિતી પણ આપે છે. આથી જાતક કથાઓમાં તત્કાલીન વિશ્વવિદ્યાલયોની વિગતો પણ જોવા મળે છે.

જાતક કથા (નં. ૧૨૭૨) થી આપણને ખબર પડે છે કે નાલંદા - તક્ષશિલા વિશ્વવિદ્યાલયની વાર્ષિક ફી ૧૦૦૦ સોનાનાં નિષ્ક હતી. જે કેવળ રાજપુત્ર કે ધનિક પુત્ર જ આપી શકતા હતા. જાતક કથા (નં.૬,૨)ના અનુસાર ગરીબ પણ કુશાગ્ર વિદ્યાર્થી દિવસના અધ્યયન બાદ જંગલમાંથી લાકડાં કાપીને લાવતા, શિક્ષકના ઘરનું કાર્ય કરતા તથા વિશ્વવિદ્યાલયનાં અન્ય કાર્યો કરતા; જેના બદલે તેમને ફી ન ભરવી પડે. આમ છતાં પણ ગરીબ વિદ્યાથી ફી દેવામાં અસમર્થ હોય અને અન્ય કાર્યો ન કરીને અધ્યયનમાં જ પૂરતો સમય આપવા માંગતો હોય તેણે પ્રતિજ્ઞાપત્ર (બૉંડ) ભરીને કુલપતિ અથવા આચાર્યને આપવું પડતું કે જ્યારે તે સ્નાતક થઈ કમાવાને યોગ્ય થશે ત્યારે તે વિશ્વવિદ્યાલયની બધા વર્ષોની ફી ચૂકવી દેશે.

એક જાતકકથા (નં. ૧, ૨૩૯) થી સમજાય છે કે રાજા અથવા ધનિક - શ્રેષ્ઠી પણ ગરીબ વિદ્યાર્થીઓની ફી,

ભોજન અને નિવાસનો ખર્ચ આપતા હતા. કથા અનુસાર કાશીનો એક ધનિક ૫૦૦ છાત્રોની ફી, ભોજન અને છાત્રાવાસનો - નિવાસનો પ્રબંધ કરતો હતો. રાજગૃહ, કાશી તથા ઉત્તરાપથના અનેક રાજ્ય તક્ષશિલાના વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ કે યોગ્યતા અને જરૂરિયાત પ્રમાણેની ફી દેતા હતા. જેથી પોતાનાં રાજ્યોના પણ અનેક યોગ્ય છાત્રોની વાર્ષિક ફી ભરીને તક્ષશિલાના સ્નાતક બનવા મોકલતા હતા.

વિશ્વવિદ્યાલયમાં છાત્રાલયમાં રહેવું જરૂરી હતું, તેમ છતાં કુલપતિ વિશેષ કારણો હોય તો છાત્રાવાસની બહાર રહેવાની પણ અનુમતિ આપતા હતા. આવા છાત્રો મોટેભાગે વિવાહિત હતા. છાત્રાલયના વિદ્યાર્થીઓ કઠોર અનુશાસનમાં રહેતા હતા. તેમણે વહેલી સવારે કૂકડાના અવાજ સાથે જ ઊઠવું પડતું. પ્રત્યેક છાત્રાવાસમાં થોડા કૂકડા રાખવામાં આવતા, જે સમય જેવું કામ કરતા હતા.

છાત્રાલયમાં ભોજન બહુ જ સાદું આપવામાં આવતું હતું. જેમાં દૂધ, ફળ, ભાત, રોટી વગેરે અપાતું (નં.૧, ૪૪૮). છાત્રાલયના નિયમોનો ભંગ કરવાથી છાત્રને નિવાસથી અથવા વિશ્વ વિદ્યાલયથી પણ કાઢી મૂકવામાં આવતા (નં. ૧, ૨૫૨).

વિશ્વવિદ્યાલયમાં એક નિશ્ચિત સંખ્યામાં હાજરી આપવી જરૂરી હતી, નહીંતર વિદ્યાથી પરીક્ષામાં ન બેસી શકતો. એક જાતક કથા (નં. ૧૩૦૦) ના પ્રમાણે એક બ્રાહ્મણ વિદ્યાથીની હાજરી ઓછી હોવાથી પરીક્ષામાં સાત કે આઠ વખત ન બેસી શક્યો કારણકે તેની નવવિવાહિત પત્ની નિતનવા બહાના કાઢીને તેને વિશ્વ વિદ્યાલય જવા માટે રોકતી હતી ! વિશ્વ વિદ્યાલયમાં દરેક વિદ્યાર્થી પછી ભલેને તે રાજાનો પુત્ર હોય કે ગરીબનો એક જ ઓરડો ને સરખું જ ભોજન મળતું હતું.

વિદ્યાર્થીઓની સંખ્યા બહુ વધારે હોવાને લીધે વિશ્વ વિદ્યાલયમાં રાત્રે પણ શિક્ષણ અપાતું. નીચલા ધોરણમાં ક્યારેક ઉચ્ચ કક્ષાના વિદ્યાથી પણ ઉપઆચાર્યની હેસિયતથી ભણાવતા હતા. પણ આ ઉપાચાર્યોને કંઈ વેતન મળતું કે નહીં એ સ્પષ્ટ થયું નથી.

વિશ્વ વિદ્યાલયોમાં આ વિષયો હતા : ત્રણેય વેદ, ૧૮ શિલ્પ કળાઓ જેવી કે, હત્તી સુત્ત (નં. ૨, ૪, ૫), જાદુ ટોના (નં. ૨, ૧૦૦), પ્રેત વિદ્યા (નં.૧,૫૦), આખેટ (નં. ૨, ૨૦૦), પશુ વિજ્ઞાન (નં. ૩, ૪૧૫), યુદ્ધ વિદ્યા (નં. ૩, ૧૨૮), પ્રાણીશાસ્ત્ર (નં. ૪, ૪૫૬), ચિકિત્સાશાસ્ત્ર (નં. ૪, ૧૭૧), તથા કાનૂન (નં. ૪, ૩૯૨), વગેરેના ઉલ્લેખ મળે છે. વિદ્યાથી સ્નાતક થઈ જાય પછી આ વિષયોમાંથી કોઈ એક વિષય લઈને માસ્ટર બની શક્તો. વ્યાવહારિક શિક્ષણ કે પ્રેક્ટિકલ ટ્રેનિંગ માટે વિદ્યાર્થીઓને દેશના કોઈપણ પ્રદેશમાં મોકલવામાં આવતા. ઉદાહરણ તરીકે એક વિદ્યાથીને આખેટના વિષયમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવી હતી તેથી તેને આંધ્ર પ્રદેશના જંગલોમાં મોકલવામાં આવ્યો હતો (નં. ૧, ૩૫૬). બીજો એક વિદ્યાથી યુદ્ધ વિદ્યામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવા માગતો હતો તેને ઉત્તરાપથના કિસ્સાઓના અધ્યયન માટે મોકલવામાં આવ્યો હતો (નં. ૩, ૨૩૮).

આ પ્રકારના વ્યાવહારિક શિક્ષણ માટે સેંકડો ઉદાહરણ જાતક કથાઓમાંથી મળી આવે છે. દરેક વર્ષે કેટલાય વિદ્યાર્થીઓના દળ વિદેશની યાત્રા માટે મોકલવામાં આવતા અને વિદેશ યાત્રા વગર શિક્ષા પૂર્ણ ન માની શકાય. આ યાત્રામાં ભારતની તે સમયની વિભિન્ન શિક્ષણ સંસ્થાઓનો પણ સમાવેશ થતો હતો.

**વલભી વિશ્વવિદ્યાલય :**

'દિન પલટ્યો, પલટી ઘડી'. ઈતિહાસે કરવટ બદલી છે. આજે જેમ ભારતમાંથી હજારો વિદ્યાર્થીઓ પરદેશમાં ભણવા જાય છે તેમ ભારતનો એક સુવર્ણ સમય એવો હતો કે દુનિયાભરના વિદ્યાર્થીઓ મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે સૌરાષ્ટ્રમાં આવેલ પ્રાચીન વલભી વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવતા હતા. એ મૈત્રક વંશના વલભીની આ કથા છે.

વલ્લભીપુર પ્રાચીન મૈત્રક વંશ (૪૭૦-૭૮૮ ઈ.સ.)ની રાજધાની હતી. ભગવદ્‌ગોમંડલમાં ''વલભી'' શબ્દ નો અર્થ ''છજું, ઢળતું છાપરું અને ભારવટિયું; વળી કે વાંસ નીચે નાખેલું લાકડું'' એવો મળે છે. આ નગર નદીની બે શાખાઓ વચ્ચે આવેલ ઉચ્ચ પ્રદેશ પર છે. એના મકાન ઊંચા મકાનોનાં છાપરાં જેવાં કે મકાનોનાં છાપરાં પરના શિરોગૃહ જેવા દેખાતા હોય છે. એ ઉપરથી તે નગરનું નામ 'વલભી' પડ્યું એવો મત ડૉ. આર. એન. મહેતા વ્યક્ત કરે છે. તો રસિકલાલ પરીખ આ દશ્ય શબ્દ હોય તેના બે અર્થ સૂચવે છે. (૧) વલહિ - કપાસ (૨) વલહિ - વલયા - વેલા - સમુદ્ર કાંઠા પર આવેલું સ્થળ. આમ, જ્યાં કપાસનો પાક બહુ થતો હશે તે સ્થળ. મૈત્રક ભટ્ટાકે અહીં મૈત્રક વંશની સ્થાપના કરી પોતાની રાજધાની સ્થાપી (સને ૪૭૦). આ પૂર્વે મૌર્યથી ગુપ્તકાળ સુધી સૌરાષ્ટ્રનું પ્રમુખ મથક ગિરીનગર (હાલનું જૂનાગઢ) હતું. મૈત્રક વંશની સ્થાપના થયા પછી તેની સત્તા - સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વિસ્તાર - વિકાસ થતાં વલ્લભી નગરી સમૃદ્ધિથી છલકાવા લાગી હતી. એક વિદ્યાધામ તરીકે પણ તે દૂર - સુદૂર પ્રખ્યાત હતી. વલભીના શાસકોના મોટા ભગવાન પરમ માહેશ્વર (શૈવ) હતા. એટલે અહીં કેટલાક ભાગમાં શિવાલયો પણ બંધાયાં હતાં. જેના અવશેષ રૂપ વિશાળ ભવ્ય લિંગો અને ભવ્ય નંદીઓની મૂર્તિઓ આજ સુધી મોજૂદ છે.

એમ કહેવાય છે કે વલભી શહેર મૈત્રક કાળ પહેલા પણ અસ્તિત્વ ધરાવતું હતું. આ શહેર કેળવણી તેમજ વેપાર-ઉદ્યોગ માટેનું પ્રસિદ્ધ ધામ હતું. અને જૈનો તેમજ બૌદ્ધ ધમીઓનું મુખ્ય મથક ગણાતું. વલભી અંગેનો સૌથી પ્રાચીન ઉલ્લેખ સ્કંદ

પુરાણમાં છે. વૈવસ્વત મનુએ પોતાનું રાજ્ય પુત્રો વચ્ચે વહેંચ્યું, ત્યારે વલભીનો પ્રદેશ શર્યાતિને અપાયાનો એમાં ઉલ્લેખ છે. આ નગરીનો બીજો ઉલ્લેખ પાણિનિના ગણપાઠમાં આવે છે. ગુપ્ત રાજા સ્કંદગુપ્તના મૃત્યુ બાદ (ઈ.સ. ૪૬૭-૬૮) જ્યારે ગુપ્તસત્તા નબળી પડી ત્યારે સેનાપતિ ભટ્ટાર્કે પોતાની સત્તા સૌરાષ્ટ્રમાં સ્થાપી અને મૈત્રક વંશ શરૂ કર્યો.

ચીની મહા શ્રમણ હ્યુ-એન-ત્સંગે ઈ.સ.૬૪૦ ના અરસામાં વલભીની મુલાકાત લીધી હતી. પોતાના પ્રવાસ ગ્રંથ 'સિયુકી' માં એ વલભી વિશે નોંધે છે કે ''રાજધાનીનો ઘેરાવો ૩૦ લી (૮ કિ.મિ.) છે. વસ્તી ઘણી ગીચ છે. વસાહતો સમૃદ્ધ, તેમાં સો એક ઘર એવા છે જે કરોડપતિ છે. અહીં સેંકડો દેવ મંદિરો છે જેમાં જુદા જુદા સંપ્રદાયના ઘણા ભક્તો આરાધના કરે છે... હાલનો રાજા ક્ષત્રિય વર્ણનો છે, એનું નામ ધ્રુવ પટ (ધ્રુવ ભટ) છે. એ મોજીલો અને ઉતાવળિયો છે, એનાં જ્ઞાન અને નીતિ છીછરા છે. દર વર્ષે એ મોટી પરિષદ બોલાવે છે ને સાત દિવસ સુધી વિવિધ દાન કરે છે. એ સદાચારને સન્માને છે ને સજ્જનોને આદર આપે છે.''

હ્યુ-એન-ત્સંગ, ઈત્સિંગ અને 'કથા સરિત સાગર' ના વિવરણોના આધાર પર પ્રાચીન ભારતના આ નિવાસી વિશ્વ વિદ્યાલયના દર્શન આપણે કરીએ છીએ. વલભી મૈત્રક રાજાઓની રાજધાની હતી અને આ વિશ્વ વિદ્યાલય પૂર્ણ રૂપથી રાજકીય હતું. હ્યુ-એન-ત્સંગના વિવરણના આધાર પરથી સ્પષ્ટ થાય છે કે સ્નાતકોને ડિગ્રી વિશ્વવિદ્યાલયના કુલપતિ કે આચાર્ય નહીં પણ દરબાર ભરીને રાજા આપતો હતો. વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની શિક્ષણ ફી, છાત્રાલયની ફી કે વાંચનાલયની ફી લેવામાં આવતી નહોતી. વિશ્વ વિદ્યાલય પૂર્ણ રૂપે મૈત્રક રાજાઓના હાથમાં હોવાથી તેને ચલાવવાની સંપૂર્ણ જવાબદારી રાજા પોતે ઉપાડતા હતા.

ભારતીય શિક્ષણના ઈતિહાસમાં એક નોંધવાલાયક હકીકત એ છે કે હ્યુ-એન-ત્સંગે લખ્યું છે તે પ્રમાણે વલભીના કુલપતિ તરીકે રાજકુમારી હુડ્ડા હતી. પ્રાચીન ભારતના વિશ્વવિદ્યાલયના પ્રથમ કુલપતિ તરીકે એક વિદ્વાન મહિલા હતી. એ આજે પણ ગૌરવ અપાવતી બીના છે. હ્યુ-એન-ત્સંગના કથન પ્રમાણે કુલપતિની ચૂંટણી કોઈ સમિતિ ન કરતી, પણ રાજા કુલપતિને નિયુક્ત કરતો.

ઈત્સિંગે નોંધ્યું છે કે વલભી વિદ્યાપીઠ નાલંદા જેવી હતી અને તેમાં શબ્દ વિદ્યા, ન્યાય વિદ્યા, અભિધર્મ વિદ્યા, ચિકિત્સા અને શિલ્પશાસ્ત્ર પણ શીખવવામાં આવતું હતું. વલભીમાં હીનયાન સંપ્રદાયનું વર્ચસ્વ હતું. હ્યુ-એન-ત્સંગના સમયમાં બૌદ્ધ ધર્મના ૧૦૦ જેટલા વિહારો અહીં હતા. તેવું નોંધાયું છે. નાલંદાના પ્રખ્યાત પંડિત વસુબંધુના શિષ્યો ગુણપતિ અને સ્થિરપતિએ અહીં પોતાની કૃતિઓ રચ્યાનું અને વિહાર બંધાવ્યાંનું પણ જાણવા મળ્યું છે. આ ઉપરાંત અહીં અર્હત આચલ, આચાર્ય બુદ્ધદાસ તથા વિમલ ગુપ્ત રહેતા હોવાના ઉલ્લેખો મળે છે. વલભીના વિહાર મંડપમાં પુસ્તકાલયોના ખંડના ખંડ હતા. મૈત્રક કાળ પહેલા પણ વલભીપુર જૈન આગમ વિદ્યાનું મોટું કેન્દ્ર હતું. કથા સરિત સાગરમાં પણ વલભીનો વિદ્યાધામ તરીકેનો ઉલ્લેખ છે. કથા સરિત સાગર અનુસાર દોઆબના અમુક બ્રાહ્મણો પોતાના પુત્રોને વલભી વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ માટે મોકલતા હતા, કારણ કે તેઓ વલભીના શિક્ષણને નાલંદાથી શ્રેષ્ઠ માનતા હતા.

મૈત્રક કાલીન તામ્રપત્રો અને હ્યુ-એન-ત્સંગના પ્રવાસ વર્ણનમાં કરાયેલા ઉલ્લેખો પરથી જણાય છે કે આ પ્રદેશમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના શિક્ષણ અપાતું. બૌદ્ધ, જૈન અને હિંદુ ધર્મની સંસ્થાઓ, વિહારો તથા મંદિરોને અને જૈન, બૌદ્ધ તથા હિન્દુ વિદ્વાનોને રાજ્ય તરફથી ઉદારતાથી આશ્રય અપાતો હતો.

**બૌદ્ધ શિક્ષણ પદ્ધતિ :**

વલભી બૌદ્ધ ધર્મના હીનયાન પંથના અભ્યાસ માટેનું પ્રખ્યાત અને અદ્વિતીય કેન્દ્ર હતું. બિહારમાં આવેલા પ્રખ્યાત વિશ્વવિદ્યાલય નાલંદાની તે સ્પર્ધા કરતું હતું. હ્યુ-એન-ત્સંગના જણાવ્યા પ્રમાણે વલભીમાં સોએક સંઘાડો હતા જેમાં ૬,૦૦૦ બૌદ્ધ ભિક્ષુકો રહેતા હતા. તેઓ પૈકી મોટાભાગના 'સમ્મતીય નિકાય' પ્રમાણે હીનયાન પંથને અનુસરતા હતા. બૌદ્ધ ધર્મમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટેના ધામ તરીકે પંકાયેલા વલભીના આ પ્રખ્યાત વિશ્વ વિદ્યાલયમાં દૂર દૂરથી વિદ્યાર્થીઓ બે કે ત્રણ વર્ષનો અભ્યાસ અને બૌદ્ધ ન્યાય અને દર્શનનું ઉચ્ચ શિક્ષણ પામતા હતા. જેમણે પ્રાચીન તેમજ નવીન પુસ્તકોનો સારો અભ્યાસ કર્યો હોય તેમને ત્યાંની વાદસભામાં પ્રવેશ મળતો હતો. ત્યાં ભિન્ન ભિન્ન મતોનો વિવાદ કરીને જે પોતાના મતની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરી શકતા, તે ચારે દિશામાં ખ્યાતિ પામતા. તેમને ભૂમિનાં દાન પ્રાપ્ત થતાં, જે વિવાદ સભામાં ઉચ્ચ શ્રેણી પામતા, એમનાં ખૂબ જાણીતા નામ એ વિદ્યાપીઠના ઉચ્ચ પ્રવેશ દ્વાર પર લખાતાં હતાં. ચીની પ્રવાસી ઈત્સિંગ વલભી વિશ્વવિદ્યાલયને નાલંદાની હરોળમાં મૂકે છે.

આ વિદ્યાપીઠમાં શિક્ષણ આપવા માટેની બે પદ્ધતિઓ પ્રચલિત હતી. પ્રવચન પદ્ધતિ ઉચ્ચ શિક્ષણ આપવા માટે અનુસરાતી હતી, જ્યારે અભ્યાસ વર્તુળ પદ્ધતિ (ટ્યુટોરિયલ) પ્રાથમિક અને માધ્યમિક કક્ષા માટે યોગ્ય હતી. અહીં વિવિધ વિષયોનું શિક્ષણ અપાતું હતું.

માધ્યમિક કક્ષાએ કલા, તર્કશાસ્ત્ર, આયુર્વેદ તથા આધ્યાત્મિક વિષયો ઉપરાંત તત્ત્વજ્ઞાન વગેરે શીખવાતા હતા. આ વિષયોનો ઉચ્ચ કક્ષાએ અભ્યાસ કરાતો હતો. તે ઉપરાંત બૌદ્ધ ધર્મ શાસ્ત્રો, ચાર વેદો, ખગોળશાસ્ત્ર, ભૂગોળ,

આયુર્વેદ, ગણિત, ધનુર્વિદ્યા વગેરેનો અભ્યાસ પણ કરાવવામાં આવતો હતો. શિક્ષણ મફત હતું. બૌદ્ધ વિહારોમાં ધનિક અને ગરીબ વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો ન હતો. વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે શાંતિથી જીવન જીવીને અભ્યાસ કરતા હતા. વલભીપુરમાં બૌદ્ધ વિહારોના બે મંડલ હતા. એક ભિક્ષુઓ માટેનું દુધા વિહાર મંડલ અને બીજું ભિક્ષુણીઓ માટેનું યક્ષશૂર વિહાર મંડલ.

**હિન્દુ શિક્ષણ પદ્ધતિ :**

વલભી હિન્દુ શિક્ષણ પદ્ધતિના શિક્ષણનું અગત્યનું કેન્દ્ર હતું એ અંગેના ઉલ્લેખો મળે છે, વલભીના રાજાઓ બ્રાહ્મણોનું બહુમાન કરતા હતા, અને તેમને ગામો તથા ખેતરનું દાન પણ કરાયું હતું. વલભીના દાન મેળવનારા બ્રાહ્મણો પૈકી કેટલાક ચાતુર્વિદ્યા જાણનારા, કેટલાક ત્રયીવિદ્યા જાણનારા તથા કેટલાક સામાન્ય હતા. આ ઉપરથી વલભીમાં અનુષ્ઠયી તથા ત્રયી વિદ્યા જાણનારાઓની સારા એવા પ્રમાણમાં સંખ્યા હોવાનું જણાય છે. પ્રાચીન 'બૃહત્કથા'ના આધારે રચાયેલા 'કથા સરિત્સાગર' માં ચતુર્વેદીના બ્રાહ્મણ વસુદત્તનો સોળ વર્ષનો પુત્ર વિષ્ણુદત્ત વિદ્યા પ્રાપ્તિ માટે વલભી નગરમાં આવ્યો હોવાનો ઉલ્લેખ છે. બનારસ અને તક્ષશિલા નજીક હોવા છતાં તે વલભીમાં અભ્યાસ માટે આવ્યો તે ઘણું સૂચક છે.

કદંબ વંશના મયૂર શર્માએ ઠેઠ વલભીથી વિદ્વાન બ્રાહ્મણોને તેના કોંકણ રાજયમાં યજ્ઞમાં મદદ કરવા માટે બોલાવ્યા હતા. ઋગ્વેદ અને ભાષ્યની ટીકાના કર્તા ભર્તુધ્રુપના પુત્ર સ્કંદ સ્વામી (ચન્દ્રગુપ્ત) વિક્રમાદિત્યના (ઈ.સ. ૩૭૬ - ૪૨૪) ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ વલભીના વતની હતા.

આમ મૈત્રકોના શાસન પૂર્વે ગુપ્તકાળથી વેદ - વેદાંતનું શિક્ષણ વલભીમાં પ્રચલિત હતું. તે સૂચિત થાય છે. પ્રાથમિક શાળામાં લેખન, વાંચન અને ગણિત ઉપરાંત પંચતંત્રની કથાઓ નીતિશાસ્ત્ર તરીકે શીખવાતી હતી. ઉચ્ચ શિક્ષણ લેતા પહેલાં ઉપનયન સંસ્કારની વિધિ હતી. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો ૮, ૧૧ અને ૧૨ વરસે આ વિધિ કરતા હતા.

**જૈન શિક્ષણ પદ્ધતિ :**

વલભીમાં જૈન આગમોની સંકલના થઈ હતી અને એ આગમો લિપિસ્થ થયા હતા. આ સિવાય ઈ.સ.-૬૦૯ આસપાસ જિનભદ્રગણિએ '' વિશેષાવશ્યક ભાષ્ય'' નામનો મહાન ગ્રંથ અહીં રચ્યો હતો. શીલાદિત્યના ગુરુ ધનેશ્વરસૂરિએ '' શત્રુંજય માહાત્મ્ય'' નામનો ગ્રંથ રચ્યો હતો. વલભીપુરની ઐતહાસિક કીર્તિગાથાના લેખક વિજયશીલચન્દ્રસૂરિના જણાવ્યા અનુસાર વલ્લભીપુરના વતની આચાર્ય મલ્લસૂરિએ ''દ્વાદશાર નયનચક્ર'' ગ્રંથની રચના કરી અને તેમણે ''સ્યાદ્‌વાદ''નો આશ્રય લઈને બૌદ્ધોને હાર આપી હતી. ધનેશ્વરસૂરિના પુસ્તકના ઉલ્લેખો પરથી આ ગ્રંથ મોડો રચાયો હોય તેમ જણાય છે. જિનયશસ અને યક્ષ નામના મલ્હાન ભાઈઓ અહીંના વતની હતા. મલ્લવાદીએ ન્યાયચક્ર ઉપર પુસ્તક લખ્યું હતું. જિનયસશે વ્યાકરણનું પુસ્તક લખ્યું હતું. જયારે યક્ષે '' નિમિત્ત અષ્ટાંગ બોધિની'' નામનું પુસ્તક લખ્યું હતું. જૈન વિદ્વાનોના ઉલ્લેખો જૈન શિક્ષણ સંસ્થાઓના અસ્તિત્વનું સૂચન કરે છે. કલાશાળા તથા મઠ દ્વારા શિક્ષણ અપાતું હતું. કલાશાળાઓ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપતી હતી. અહીં વાંચન, લેખન, ગણિત, ધનુર્વિદ્યા, લલિતકળાઓ વગેરે વિષયો શીખવાતા હતા. આ અભ્યાસક્રમ સાત વર્ષ પર્યંત ચાલતો હતો. વધુ ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ મઠમાં દાખલ થતા હતા. અહીં બૌદ્ધ વિહારોમાં હિન્દુ ગુરુકુળોની માફક જૈન ધર્મશાસ્ત્રો, દર્શન ગ્રંથો, વેદ, વેદાંગ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ઉચ્ચગણિત, ખગોળશાસ્ત્ર, જયોતિષવિદ્યા, આયુર્વેદ, ધાતુવિદ્યા, શબ્દકોશ, વ્યાકરણ, રાજનીતિ, બૌદ્ધશાસ્ત્રો વગેરે વિષયો શીખવતા હતા. જૈનોએ માતૃભાષાનો (પ્રાકૃત) સંસ્કૃત ભાષાના સ્થાને માધ્યમ તરીકે સ્વીકાર કર્યો હતો. વલભી શિક્ષણ પદ્ધતિ અંગે ડૉ. કૃષ્ણકુમારી વીરજી તથા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ તેમનાં પુસ્તકો ''હિસ્ટ્રી ઓફ સૌરાષ્ટ્ર'' અને ''મૈત્રક કાલીન ગુજરાત''માં વિગતે લખ્યું છે. આ કાળ દરમિયાન વલભી ઉપરાંત સિંહપુર (હાલનું શિહોર) અગત્યનું વિદ્યાકેન્દ્ર હતું. જે સિંહપુરના બ્રાહ્મણોને અપાયેલા દાનપત્રોથી જણાય છે. હાથબ કે હસ્તકવપ્રના રહેવાસી બ્રાહ્મણોને પણ દાન અપાયાં છે. એટલે આ પણ વિદ્યાકેન્દ્ર હશે. તળાજા બૌદ્ધ તથા જૈન ધર્મનું કેન્દ્ર હતું. તે પણ વિદ્યાકેન્દ્ર હશે એમ સહેજે કહી શકાય પાલીતાણા જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ હતું. એટલે એ પણ જૈન વિદ્યાનું અગત્યનું કેન્દ્ર હતું.

એક ઐતિહાસિક ઘટનાનું સૌભાગ્ય પણ વલભી-પ્રદેશના જૈન સમાજને મળ્યું છે. વલભીપુરનો રાજા ધ્રુવસેન તેનો પ્રિય રાજકુમાર વલભીની સમીપે જ આવેલા આનંદપુરનો ભોકતા, જેનું ત્યાં અકાળ અવસાન થયું. રાજા ધ્રુવસેન શોકાકુળ એવો બન્યો કે કોઈ વાતે તેને સમાધિ-સમાધાન ન થાય. તે વખતે આનંદપુરમાં બિરાજમાન, બહુશ્રુત આચાર્ય ભગવંતે રાજાની સમાધિને ખાતર, પારંપરિક નિયમોને ચાતર્યા અને ''શ્રીકલ્પસૂત્ર'' નામનું પરમપવિત્ર ધર્મસૂત્ર તે રાજાને તથા સંઘને સંભળાવ્યું, પરિણામે રાજાના ચિત્તને ખૂબ શાતા વળી અને તે ધર્માભિમુખ બન્યો. આ પછી દરેક વર્ષે પર્યુષણ પર્વમાં આ કલ્પસૂત્ર સકળ સંઘને સંભળાવવાની પ્રણાલિકા ચાલુ થઈ, જેનો લ્હાવો આજે પણ આખોયે સંઘ લૂટે છે. તેનું મૂળ શ્રેય તો આ વલભી-પ્રદેશને જ ફાળે જાય છે.

**વલભીનું પુરાતત્ત્વીય ઉત્ખનન :**

સને ૧૯૭૯-૮૦માં વલ્લભીપુરમાં પુરાતત્ત્વીય ઉત્ખનન

કરવામાં આવ્યું હતું. જેમાંથી એવા નિર્દેશો મળે છે કે ખંભાતના અખાતમાં ઊંડે સુધી બંદરો હતાં. વલભી પણ બંદર હતું. ગઈ સદી સુધી મીઠાનો ઉદ્યોગ હતો, સને ૧૮૮૨માં નમક મંડળી સરકારે બાંધી હતી તે આજે બસ સ્ટેન્ડ સામે જર્જરિત હાલતમાં છે. એની માલિકી ખાનગી વ્યક્તિ પાસે છે. વલભીની જાહોજલાલીને પુરાતત્ત્વીય આધારો મેળવવા ઉત્ખનન જરૂરી જણાતા સને ૧૯૭૯-૮૦માં મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉત્ખનન હાથ ધરવામાં આવેલ. મૈત્રકોની રાજધાની વલભીમાં સર્વ પ્રથમ ફાધર હેરાસે જૂની પદ્ધતિએ ઉત્ખનન હાથ ધર્યું હતું. આ ઉત્ખનન દરમ્યાન તેઓને કેટલાક ઈંટેરી બાંધકામોના ભાગો તથા પુરાવશેષો મળ્યા હતા. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયે વલભી અને તેની આસપાસના સ્થળોની ઘનિષ્ટ સ્થળ તપાસ અભ્યાસ કરી ઉત્ખનન હાથ ધર્યું હતું. આ ઉત્ખનન દરમ્યાન બે ભિન્ન સાંસ્કૃતિક સ્તરો જોવા મળ્યા હતા. (૧) વલભીપુરની નજીકના નેસડી સ્થળે ગોળાકાર કૂબાઓ જણાયા હતા. જે તામ્રપાષાણકાલીન હોવાનું જણાયેલ. આ કૂબાઓ પશુપાલકોએ બનાવ્યા હોય એ શકય છે. (૨) આ વલભીમાં ખોદવામાં આવેલી ખાઈઓમાં શહેરી વસાહતનાં ચિહ્નો જણાયાં હતાં. ઉપરાંત વિસ્તૃત પાયા પર રોમ સાથેનો વેપાર-વણજ હતો. એવાં ચિહ્નો પણ નોંધાયા છે. ખાસ કરીને ઈંટેરી બાંધકામો જુદા-જુદા સમયના ફ્લોર લેવલ લોહારી કામ તથા શંખ ઉદ્યોગની ભઠ્ઠીઓ અને પૂજા વિધિ તેમજ માનતાનાં વિવિધ ઉપકરણો પણ મળ્યાં હતાં. (૩) આ ઉત્ખનન દરમ્યાન મળેલી સામગ્રી સૂચવે છે કે આઠમી સદી બાદ વલભી અને આસપાસના વિસ્તારો વેરાન બન્યા હતા. ઉત્ખનનના મળેલ પુરાવશેષો તથા અન્ય બાંધકામના પાયાઓ જોતાં આ સ્થળ ઈ.સ. ના પ્રથમ સૈકા આસપાસનું જણાય છે. (૪) સર્વેક્ષણ દરમ્યાન મણકા ઉદ્યોગ હતો એ પણ નોંધાયું છે. સર્વેક્ષણ દરમ્યાન તળભૂમિ પર આસપાસ મંદગતિએ વિકાસ પામતું વલભી એ આજના અર્વાચીન વલભીમાં પરિણમ્યું. જો કે અર્વાચીન વલભીનો જે વિસ્તાર હાલમાં છે તે પ્રાચીન વલભી કરતાં ઓછો જણાય છે. (૫) વલભીની જાહોજલાલી દર્શાવતા અન્ય પુરાવામાં દાદાઐભલા (શીલાદિત્ય-૧) ની ખાંભી, સિદ્ધનાથ-બૌદ્ધનાથનાં મંદિરોના પ્રાચીન શિવલિંગ અને નંદી છે. નજીક ચમારડી ગામના ડુંગરમાં ચિત્રાંકનો મળ્યા છે. જે ઐતિહાસિક કાળનાં છે. જેમાં સ્તુપ, સ્વસ્તિક વગેરે બૌદ્ધ સંપ્રદાયના પ્રતીકોનું તથા વરાણનું આલેખન કરવામાં આવેલ છે.

**જૈન પ્રબંધોની અનુશ્રુતિ :**


જૈન પ્રબંધોની આપેલી અનુશ્રુતિ અનુસાર શીલાદિત્ય રાજાએ પોતાની કુંવરી માટે નગરના શ્રેષ્ઠી, રંક કાકૂને ત્યાંથી એની દીકરીની રત્નજડિત સુવર્ણ કાંસકી બળાત્કારે ઝૂંટવી લીધી એ અપમાનનો બદલો લેવા રંક મ્લેચ્છ-માંડલ ગયો તે મ્લેચ્છપતિને મોં માગ્યા દામ આપી વલભીના દરિયા કિનારાનો રસ્તો બતાવી હુમલા માટે તૈયાર કર્યો વલભીમાં એ વખતે જૈન સંઘના ચિંતાયક વર્ધમાનસૂરિ હતા. એમને વલભીપુરને ભંગ થવાની આગાહી થતાં શ્રાવકો ત્યાંથી મોઢેરા ચાલ્યા ગયા. વલભીપુરની જૈન પ્રતિમાઓ પણ અન્ય સ્થળોએ પહોંચી ગઈ. આશ્વિની પૂર્ણિમા પછી મ્લેચ્છો વલભી આવી પહોંચ્યા અને વલભીનો ભંગ (નાશ) કર્યો. આ ઘટના વિ.સં.-૮૪૫ (ઈ.સ.-૭૮૮) માં બની. આ અનુશ્રુતિમાં જણાવેલો મ્લેચ્છપતિ તે અલ્મનસુરા (સિંધ) નો આરબ સૂબો હતો.

આમ વલભીના મૈત્રક વંશે ત્રણસોથી વધુ વર્ષ રાજસત્તા ભોગવી. મૈત્રક રાજયકાલ દરમ્યાન વલભીની જાહોજલાલી વધતી ગઈ. અગાઉ જણાવ્યું તેમ વલભીના રાજાઓ પરમ માહેશ્વર (શૈવ) હતા. તેઓની રાજમુદ્રા નંદિનું ચિહ્ન ધરાવતી, તેઓએ સર્વ ભટ્ટારકના ત્રિશૂલ - અંકિત સિકકા ચાલુ રાખ્યા. પોરબંદરના જાણીતા ઈતિહાસના વિદ્વાન શ્રી નરોત્તમ પલાણે લખ્યું છે કે, ''આજે વલભી વિદ્યાપીઠ સમગ્ર સમાજની અનિવાર્યતા છે. મનુષ્ય નહિ અહીં ઘોડાને પણ ગાળેલું પાણી પાવામાં આવતું હતું. તન અને મનની તંદુરસ્તી ''વલભી વિદ્યાપીઠ''નું સાધ્ય હતું. આપણે ઈચ્છીએ કે મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે ''વલભી'' પુનઃ કાર્યરત થાય.''

**સંદર્ભ :**

(૧) ''ભગવદ્ગોમંડલ'', (૨) ''વલભીપુરની ઐતિહાસિક કીર્તિગાથા'' (પુસ્તિકા) : વિજયશીલચંદ્રસૂરી, (૩) ''મૈત્રકકાલિન ગુજરાત'' છ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, (૪) ''ગુજરાતની રાજધાનીઓ'' અમદાવાદ ઈ.સ.પૂર્વ ૧૬-૧૭. (૫) ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ : ભાવનગર જિલ્લો : ગુજરાત રાજ્ય, (૬) Ancient History of Saurastra : Dr. Krisha Kumari Virji, (૭) History and Culture of Indian People, Classical age, P. 150 (Ed) Dr. A. D. Pnsalkar and Dr. R. C. Majumdar, (૮) જૈન સાહિત્ય, દર્શન અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી જૈન પંડિત શ્રી મહાસુકભાઈ રતીલાલ શેઠ પાસેથી મળેલી માહિતી (૯) શત્રુંજય-તીર્થ દર્શન : પ્રયોજક : ફૂલચંદ હરિચંદ દોશી, 'મહુવાકર'

*'પૂર્વાલય',*
*૮, પરિમલ સોસાયટી, સુરેન્દ્રનગર*
*મો. ૯૪૨૭૬ ૮૬૦૦૬*



# પારસી રંગભૂમિનું અણમોલ રત્ન - પદ્મશ્રી યઝદી કરંજિયા

*- અજય મો. નાયક*

વર્ષો પહેલાં આકાશવાણી પર દર રવિવારે બપોરે હસીખુશીનું એક નાટક આવતું. ૧૫ મિનિટનું રેડિયો નાટક મોજ કરાવી જતું. એ સમયે અત્યારની જેમ ટીવી, ચેનલ, યુ ટ્યૂબ, નેટ ફ્લિક્સ, એમેઝોન જેવાં મનોરંજનનાં સાધનો નહોતાં. યઝદી કરંજિયા નામના રંગકર્મી આ શ્રેણી ચલાવતા હતા. એ સમયે એમની વિરાટ પ્રતિભાનો ખ્યાલ નહોતો. પત્રકારત્વમાં આવ્યા પછી એમના વિશે વધુ જાણવા મળ્યું અને જન્મભૂમિ સુરતમાં એક અખબારમાં તંત્રી તરીકે જવાનું થયું ત્યારે યઝદીભાઈનો પરિચય વધ્યો. કેટલીય વાર એમના શાહપોરના ઘરે બેસીને એમનાં સંસ્મરણો માણવાની તક મળી. ઘરે જઈએ ત્યારે યઝદીભાઈ એકદમ તૈયાર જોવા મળે. બિલકુલ લઘરવઘર નહીં. એકદમ આદર, સન્માન સાથે મળે અને એટલું જ માન સામેની વ્યક્તિને પણ આપે. થોડી વારમાં તો આપણી સામેનું ટેબલ અવનવા નાસ્તાથી ભરાઈ જાય. પોતે ના ખાય પણ આગ્રહ કરીને ખવડાવે. એકદમ પારસી બોલીવાળું ગુજરાતી સ્પષ્ટ ઉચ્ચારો સાથે બોલે ત્યારે એક ગુજરાતી તરીકે આપણને પણ શરમ આવે.

**નાટકને સમર્પિત કોઈ વ્યક્તિ આટલી હદે કેવી રીતે હોઈ શકે તેવો સવાલ જરૂર થાય. વળી , એવો વ્યવસાય કે જે તેમની આજીવિકાનું સાધન ના હોય અને જે કમાણી થાય એ લોકોના કલ્યાણ માટે વાપરવાની**

નાટકને સમર્પિત કોઈ વ્યક્તિ આટલી હદે કેવી રીતે હોઈ શકે તેવો સવાલ જરૂર થાય. વળી , એવો વ્યવસાય કે જે તેમની આજીવિકાનું સાધન ના હોય અને જે કમાણી થાય એ લોકોના કલ્યાણ માટે વાપરવાની. આમ છતાં, ૮૨ વર્ષે પણ એટલો જ થનગનાટ કે જે યુવા વયે હતો.



યઝદીભાઈનો જન્મ આમ તો વલસાડમાં થયો હતો પણ બાળપણ વીત્યું હતું ખંભાતમાં. તેમનાં દાદા- દાદી ત્યાં રહેતાં હતાં. એમના પિતાજી થોડા સમય માટે સુરત હતા પણ પછી ખંભાત આવી ગયેલા. ત્યાં એક શાળામાં શિક્ષક. શોર્ટહેન્ડ અને ટાઈપ શીખેલા એટલે એના ક્લાસ શરૂ કર્યા હતા. શાળામાં ભણાવે પણ ખરા. થોડા સમય પછી તેઓ સુરત આવી ગયા અને ખંભાતના નામ પરથી જ કેમ્બે ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ શરૂ કર્યું જે આજે પણ ચાલે છે. યઝદીભાઈ આજે પણ ત્યાં લેક્ચર લેતાં જોઈ શકાય છે.

નાટકનો ચસકો તેમને અહીંથી જ લાગ્યો. યઝદીભાઈ કહે છે કે તેમના પિતાજી તે સમયે શાળાનાં બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમો કરતા. નાટક પણ કરે. બાળક યઝદી ત્યાં જાય, જુએ. એમને નાટકમાં ભાગ લેવાનું બહુ મન થાય પણ એમના પિતાજી તક આપે નહીં. વાર્ષિક કાર્યક્રમમાં યઝદીભાઈના દાદાને એમના પિતાજી ખાસ બોલાવે. બાળક યઝદી દાદાને ફરિયાદ કરે કે પિતાજી તેમને કોઈ રોલ આપતા નથી. એટલે દાદા પત્ર લખે કે યઝદી ભાગ લેવાનો હશે તો જ તેઓ આવશે એટલે યઝદીભાઈના પિતાજી એમને નાનો મોટો રોલ આપે. આમ એમની અભિનય યાત્રા શરૂ થઈ. એ સમયે પુરુષો જ સ્ત્રી પાત્ર પણ ભજવતા. એકવાર આ પાત્ર ભજવનાર કોઈ કારણસર આવી શક્યો નહીં એટલે યઝદીભાઈના પિતાજીએ તેમને આ રોલ કરવા કહ્યું. યઝદીભાઈને તો ભાવતું હતું ને વૈદે કહ્યું એવો ઘાટ થયો. નાટકમાં તે સમયે પુરુષો જ મહિલાનું પાત્ર ભજવતા. યઝદીભાઈએ લગભગ ૧૨-૧૩ વર્ષની વયે મહિલાનું પાત્ર ભજવ્યું. એમનો અભિનય બહુ વખણાયો. થોડાં વર્ષ પછી એમના પિતાજીની શાળાને ૧૦૦ વર્ષ પૂરાં થવાના હોવાથી એક ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું. બધા જૂના વિદ્યાર્થીઓ ભેગા થવાના હતા. મોટો સમારંભ હતો. યઝદીભાઈ તેનો એક કિસ્સો યાદ કરતાં કહે છે કે

તેઓ એક સ્ત્રી પાત્ર ભજવતા હતા. એક પારસી જૂના વિદ્યાર્થી બહુ ઉત્સાહમાં હતા. એમણે ઘણી તૈયારી કરી હતી પણ કમનસીબે આ સમારંભના થોડા દિવસ પહેલાં જ અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું. ૨૦-૨૫ દિવસ પછી આ સમારંભ હતો. એમનાં પત્ની એટલાં દુઃખી થઈ ગયેલાં કે એમણે પણ આ કાર્યક્રમમાં નહીં જવાનું નક્કી કર્યું હતું. પણ પછી એમને લાગ્યું કે એમના પતિએ આ કાર્યક્રમ માટે બહુ તૈયારી કરી છે અને એમને બહુ હોંશ હતી તો મારે જવું જોઈએ. તેઓ આવ્યાં અને આખો કાર્યક્રમ માણ્યો. તેમાં પણ નાટકમાં યઝદીભાઈનો અભિનય તેમને બહુ ગમી ગયો. નાટક પછી યઝદીભાઈને કહ્યું કે તેઓ આજે ખૂબ હસ્યા. આ જ રીતે જિંદગીમાં હસાવતો રહેજે. બસ ત્યારથી યઝદીભાઈએ નક્કી કર્યું કે લોકોનાં મોં પર હાસ્ય લાવવાનું કામ તેઓ કરશે. પછી તો શાળા-કોલેજમાં પણ ભાગ લેતા ગયા અને આગળ વધતા ગયા.


એક દિવસ યઝદીભાઈએ તેમના પિતાજી નોશીરવાનજીને કહ્યું કે તેમને નાટક કરવા છે. પિતાજીએ હા પાડી પણ શરત મૂકી કે નાટકમાંથી કમાણી નહીં કરવાની. આપણી રોજી-રોટી આપણા ક્લાસ છે. યઝદીભાઈએ પિતાજીને વચન આપ્યું કે નાટકને કમાણીનું સાધન નહીં બનાવે. આજપર્યંત આ વચન પાળી બતાવ્યું છે. યઝદીભાઈ કહે છે કે આજ સુધીમાં લગભગ ૩ કરોડથી વધુની રકમ તેમણે મેળવી છે તે સમાજોપયોગી કામ માટે વાપરી છે.

યઝદીભાઈ રાજ કપૂરથી અત્યંત પ્રભાવિત. તેઓ જાહેરમાં કહે છે કે રાજકપૂર તેમના પ્રિય અભિનેતા છે. એમને રાજ કપૂર સમક્ષ તેમનું નાટક રજૂ કરવાનું સદભાગ્ય પણ પ્રાપ્ત થયું હતું. વાત એવી હતી કે ૧૯૭૭માં સુરતના પનોતાપુત્ર અને ફિલ્મ અભિનેતા સંજીવકુમાર ઉર્ફે હરિલાલ જરીવાલાનું સન્માન કરવાનો કાર્યક્રમ સુરત મહાનગર પાલિકા દ્વારા ગોઠવાયો હતો. રાજ કપૂરના હસ્તે સન્માન થવાનું હતું. આથી આ તમામ સુરતના મહેમાન હતા. યઝદીભાઈની રાજ કપૂર પ્રત્યેની પ્રીતિનો બધાને ખ્યાલ હતો. આથી તેમને કહેવામાં આવ્યું કે તેઓ રાજ કપૂર સમક્ષ નાટક ભજવે. આ નાટક જોઈને રાજ કપૂર અત્યંત પ્રભાવિત થયા હતા. તેમની જિંદગીની આ ધન્ય ક્ષણ હોવાનું યઝદીભાઈ જણાવે છે.

આવો જ એક કિસ્સો તેમના કોલેજકાળના નાટક અંગેનો છે. આમ તો યઝદીભાઈએ 'અદી મર્ઝબાનની બહેરામ' સિરીઝનાં ઘણાં નાટકો કર્યાં છે. તેમનાં બે નાટકો 'કૂતરાની પૂંછડી વાંકી' અને 'બહેરામની સાસુ' અત્યંત નીવડેલાં નાટકો છે. તેમના કોલેજકાળનો એક પ્રસંગ વર્ણવતા યઝદીભાઈ કહે છે કે તેઓ સુરતની કે.પી.કોમર્સ કોલેજમાં ભણતા હતા ત્યારે રાષ્ટ્રીય કક્ષાના યુથ ફેસ્ટિવલમાં તેમને કોલેજ તરફથી ચં.ચી. મહેતાનું એક નાટક ભજવવાનું કહેવામાં આવ્યું. આ નાટકમાં ૪૦ પાત્રો હતાં. આટલાં પાત્રો લાવવાં ક્યાંથી? આથી યઝદીભાઈએ પ્રોફેસરને પૂછ્યા વિના જ બીજું નાટક તૈયાર કરી નાંખ્યું. આથી પ્રોફેસર ગુસ્સે થયા. પણ યઝદીભાઈનું કામ જોઈ ખુશ થયા. એટલું જ નહીં, એ નાટક વિજેતા પણ બન્યું. ત્યારપછી તો આ નાટક અમદાવાદની યુનિવર્સિટીના ઓપન થિયેટરમાં પણ ભજવાયું. તેમાં જજ તરીકે જયશંકર સુંદરી હતા. છેવટે આ નાટક દિલ્હી રાષ્ટ્રીય સ્તરે ભજવવામાં આવ્યું. તેમાં તેમને ત્રીજું ઈનામ મળ્યું. ત્યાર પછી તેમણે પાછું વળીને જોયું નથી.

**યઝદીભાઈએ ચં.ચી.મહેતા સાથે ૩૦૦થી વધુ રેડિયો નાટક કર્યાં છે. 'તાપી તટે તાપીદાસ' નામની આ રેડિયો નાટક શ્રેણી બહુ વિખ્યાત બની હતી. આ માટે તેમણે સતત ૩ વર્ષ સુરતથી વડોદરા અપડાઉન કર્યું હતું**

યઝદીભાઈએ ચં.ચી.મહેતા સાથે ૩૦૦થી વધુ રેડિયો નાટક કર્યાં છે. 'તાપી તટે તાપીદાસ' નામની આ રેડિયો નાટક શ્રેણી બહુ વિખ્યાત બની હતી. આ માટે તેમણે સતત ૩ વર્ષ સુરતથી વડોદરા અપડાઉન કર્યું હતું. સુરતથી તેઓ વડોદરા પારસી ધર્મશાળામાં રોકાતા અને ચં.ચી.ને લઈ રેડિયો સ્ટેશન જતા. પરિણામે તેમની સાથે તેમને ઘર જેવો પરિચય થઈ




પડતી નથી. આપણે રોજિંદા જીવનમાં દિવસ દરમિયાન આવાં અનેક સિચ્યુએશનમાંથી પસાર થતાં હોઈએ છીએ. રોજ હિંચકે બેઠાં થતી સંસાર વ્યવહારની વાતોમાં, બગીચામાં, બસ-ટ્રેન કે વિમાનની મુસાફરીમાં, ઉત્સવોમાં, સભા-સરઘસોમાં, ધંધાની પ્રવૃત્તિઓમાં,કોઇની સાથે વાતચીત કરતાં કે સ્મૃતિઓ વાગોળતાં પણ કોઇને કોઈ સિચ્યુએશન જડી જાય એ શક્ય છે.અલબત, બધો આધાર સામાન્ય ઘટનામાં પણ આવાં સિચ્યુએશન પરખવાની અને પસંદ કરવાની સર્જકની સૂઝ -સમજ પર રહેલો છે. આમાંના કેટલાંક એવાં સિચ્યુએશન જાગૃત સર્જકને મળી જાય છે, જે આપણા સંવિતને ઝંકૃત કરીને આપણને વિશિષ્ટ ભાવપરિસ્થિતિમાં મૂકી દેવા સક્ષમ હોય છે. માનવીમાં; આવી સ્પર્શક્ષમ સંવેદના જગાવતાં સિચ્યુએશન ભલે ક્ષુદ્ર કે સામાન્ય હોય, પણ રસાનુભૂતિમાં તે કોઈ રીતે ઊતરતાં હોતાં નથી.

લઘુકથાના નિર્માણમાં કોઈ ખાસ ઘટનાની અપેક્ષા ન હોય ત્યારે તેમાંથી લઘુકથા કઈ રીતે નિપજાવવી તેનો આધાર સર્જકની આ સ્વરૂપ વિશેની સ્પષ્ટ સમજ અને તેની માવજતની ક્ષમતા પર નિર્ભર રહે છે.જો સર્જકમાં લઘુકથાના બાહ્ય અને આંતરસ્વરૂપ અને તેનાં અંતઃતત્ત્વની પરખનો અભાવ હોય તો આ એક એવું નાજુક સ્વરૂપ છે, જે હાથવગું લાગતું હોવા છતાં, જળમાં સરકતી માછલી જેવું, પકડવાનો પ્રયત્ન કરીએ ત્યારે સ્પર્શ અનુભવાય, પણ હાથમાં આવતાં પહેલાં સરકતું જાય, છટકી જાય. બન્યું છે પણ એવું જ. છેલ્લી અડધી સદીના સમય વ્યાપમાં અનેક સર્જકો દ્વારા લઘુકથાઓ વિપુલ પ્રમાણમાં સર્જાતી અને પ્રગટ થતી રહી હોવા છતાં તેમાં સાચી સંઘેડાઉતાર લઘુકથાઓ અલ્પ સંખ્યામાં જ પ્રાપ્ત થઈ છે એ શું સૂચવે છે? એ જ કે ગુજરાતી લઘુકથાનો વિસ્તરતો વ્યાપ તેના વિકાસની શક્યતાઓ માટે સારી આશા જન્માવે તેવો જણાતો હોવા છતાં એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે તેનાં મૂળિયાં જોઈએ તેટલાં ઊંડા ગયાં નથી. આનું કારણ એ જણાય છે કે વિવિધ સર્જકો દ્વારા જેમ જેમ લઘુકથાઓ વધુ ને વધુ લખાતી રહી તેમ તેમ તેના સ્વરૂપમાં ઠીક ઠીક ભેળસેળ થતી રહી અને પછી તો તેમાંથી પાણીદાર મોતી સમાન લઘુકથાકૃતિઓ શોધવાનું પણ મુશ્કેલ બન્યું. પરિણામે ગુજરાતી લઘુકથાનો સરસ મજાનો ઉછરેલો છોડ સર્જકોની તેના સ્વરૂપ વિષેની સ્પષ્ટ સમજ અને યોગ્ય માવજતના અભાવે અપેક્ષા મુજબ વિકસી શક્યો નથી. બલકે સ્થગિત રહ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં જેમ સોનેટના ઉદ્ભવ પછી સૉનેટ સર્જનનું મોજું પ્રગટ્યું અને અનેક નામી- અનામી કવિઓ જાણે-અજાણે એમાં તણાયા અને તેમના દ્વારા ગુજરાતી સોનેટને ઊંચી પ્રતિષ્ઠા મળી. ગુજરાતી લઘુકથા સ્વરૂપની ઊંચી વિસાત છતાં તેમાં આવું મોજું પ્રગટી શક્યું નથી. ગુજરાત સર્જકોની લઘુકથા સ્વરૂપ વિષેની અસ્પષ્ટ સમજ તેમજ માવજતના અભાવેને કારણભૂત માનીએ તો પણ પ્રશ્ન થાય કે ગુજરાતી લઘુકથાની જેમ ઉત્તમ અને ચિરંજીવ કૃતિઓ આપણને મળી છે તેના વિશે તો આપણા વિવેચકોએ પ્રશંસોનાં પુષ્પો દ્વારા સૌંદર્યદર્શન કરાવ્યાં હોત તો ગુજરાતના લઘુકથા સર્જનને વિશેષ બળ અને મહત્તા પ્રાપ્ત થયાં હોત. પણ શોચનીય હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે ગુજરાતીના કોઈ મોટા ગજાના સાહિત્યકારોએ લઘુકથાનાં સર્જનમાં તેમજ વિવેચકોએ તેના સ્વરૂપ-વિવેચનમાં ખાસ દિલચશ્પી બતાવી નથી. પ્રતિષ્ઠિત ગુજરાતી સાહિત્યસર્જકો અને વિવેચકોનાં પ્રોત્સાહન અને દિશાસૂચનનો લાભ ગુજરાતી લઘુકથા સર્જકોનો મળતો રહ્યો હોત તો ગુજરાતી લઘુકથાનો છોડ વધારે ઝડપથી મહોરી રહ્યો હોત. આમ છતાં ગુજરાતી લઘુકથા એ એક સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે એ આપણને ગૌરવાન્વિત કરે એવી ઘટના છે.

**ગુજરાતી સાહિત્યમાં જેમ સોનેટના ઉદ્ભવ પછી સોનેટ સર્જનનું મોજું પ્રગટ્યું અને અનેક નામી- અનામી કવિઓ જાણે-અજાણે એમાં તણાયા અને તેમના દ્વારા ગુજરાતી સોનેટને ઊંચી પ્રતિષ્ઠા મળી**

*૧, રચના સોસાયટી,*
*શિવરંજની ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો-૯૭૨૬૪૮૫૧૧૬.*



# જ્ઞાન-કર્મ તથા ભક્તિનો ત્રિવેણી સંગમ : વિનોબાજી

*- વી. એસ. ગઢવી*

સંત વિનોબાની સવાસોમી જન્મ શતાબ્દીએ (૧૮૯૫-૨૦૨૦) તેમની સ્મૃતિ અનેક લોકોને થતી હશે. ગાંધીજી એક યુગ કાર્ય કરીને ગયા. તેમના અનેક વિચારો - પદ્ધતિઓનું તેમણે સંપૂર્ણ કે અંશતઃ અમલીકરણ થતું જોયું. તેમ છતાં, બાપુના અગાધ કર્મયોગ - કર્મસંદેશના થોડા ભાગનું જ અમલીકરણ થઇ શક્યું. હિમશિલાની બહાર દેખાતી ટોચ જેટલું આ હતું. ખાસ કરીને ગાંધીજીના જીવનના મોટાભાગનો સમય દેશની મુક્તિ માટેની ચળવળને દિશા તેમજ ગતિ આપવાના કામમાં ગયો. આથી અનેક રચનાત્મક કામોનું વાસ્તવિક અમલીકરણ વિશાળ ફલક ઉપર ગાંધીજીની હયાતીમાં થઇ ન શક્યું. આ બાબતની સમજ અને નિસબત વિનોબાજી તથા રવિશંકર મહારાજ જેવા 'ગાંધીના ગોવાળો' ના મનમાં હતી. આથી બાપુના આધ્યાત્મિક વારસદાર એવા વિનોબાજીએ ગાંધી વિચારને ભૂમિગત કરવા માટે તમામ પ્રયાસો કર્યા. ૧૯૫૧થી સતત તેર વર્ષ સુધી સમગ્ર દેશની સિત્તેર હજાર કિલોમિટરની પદયાત્રા વિનોબાજીએ કરી. ભૂમિદાન - ગ્રામદાન અને ગ્રામસ્વરાજની મૂળભૂત તથા મૂલ્યવાન બાબતો અંગે જનજાગૃતિ ઊભી કરી. માત્ર ચૂંટાયેલી સરકારો પર આ પાયાની કામગીરી છોડી દેવામાં આવે તો તેના સુચારુ અમલીકરણની વાત વાસ્તવિક થવી મુશ્કેલ ગણાય. આથી દરેક મનુષ્યમાં ધરબાઇને પડેલા શુભતત્ત્વને જાગૃત કરવાનું આ ભગીરથ કાર્ય ચુનંદા સાથીઓની મદદથી કર્યું. ઇતિહાસમાં આવા ગજાના વિશાળ ફલક પર થયેલા પ્રયાસોની ભાગ્યેજ જોડ મળી શકે. બાપુએ એક પત્રમાં વિનોબાજીને સંબોધન કર્યું : 'કૃતયુગી વિનોબા' બાબાનો જન્મ કહેવાતા કળિયુગમાં થયો પરંતુ ગાંધીજીના 'કૃતયુગી' સંબોધનને તેમણે ખરું કરી બતાવ્યું. મોટાભાગના ધર્મો તેમજ જુદી જુદી ભાષાઓના સંત સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. 'કુરાનસાર', 'ખ્રિસ્ત-ધર્મસાર' તેમજ 'ધમ્મપદ' જેવા ગ્રંથોની અમૂલ્ય ભેટ આપી. ૧૯૩૨ના ધુળિયા જેલનાં ગીતા પ્રવચનોનું પુસ્તક આપણાં દેશની લગભગ તમામ ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, જર્મન તેમજ જાપાનીઝ ભાષાઓમાં અનુવાદિત થયું. આ પુસ્તકની ૨૬ લાખ નકલો વેચાઇ હોવાનું નોંધાયું છે. (પ્રકાશકીય : મહર્ષિ વિનોબા : યજ્ઞ પ્રકાશન) વિનોબાજી ધૂળિયા જેલમાં હતા ત્યારે જ 'ગીતાઇ'નું પ્રકાશન થયું. પુસ્તકની કિમ્મત એક આનો હતી. આ જેલના જ કેટલાક કેદીઓ જેલર પાસે ગયા. કેદીઓ જેલરને કહે છે : ''અમારી મજૂરીના પૈસામાંથી બે આના અમને દરેકને જોઇએ છે.'' જેલર પૈસા માગવાનું કારણ પૂછે છે. કેદીઓ કહે અમારે ગીતાઇ ખરીદવી છે. જેલર કહે : ''ગીતાઇની કિમ્મત તો એક આનો છે અને તમે કેમ બે આના માગો છો ?'' કેદીઓ કહે છે : ''આ બાબત અમે જાણીએ છીએ. પરંતુ એક આનો ગીતાઇ માટે ચૂકવી બીજો એક આનો અમારે વિનોબાને દક્ષિણામાં આપવો છે.'' પરસેવો પાડીને જેલમાં મેળવેલા નાણાં આ કહેવાતા ''ગુનેગારો'' વિનોબાજીને દક્ષિણામાં આપવા તૈયાર થયા. માનવીનું અંદરનું શુભતત્ત્વ જાણે બાબાની હાજરીમાં ખીલી ઊઠ્યું હતું.

**બાબાની સ્પષ્ટ સમજ હતી કે પંચમહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ - જમીન સાથે નાળ - સંબંધ જેવો સાહજિક છે. આથી જ જમીનની અળગા જવાનું માનવ કે કદાચ સજીવ માત્ર પસંદ કરતા નથી**

ભૂમિહીનોને જમીન અપાવવાનું કામ બાબાની અગ્રતામાં ટોચ ઉપર હતું. બાબાની સ્પષ્ટ સમજ હતી કે પંચમહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ - જમીન સાથે નાળ - સંબંધ જેવો સાહજિક છે. આથી જ જમીનથી અળગા થવાનું માનવ કે કદાચ સજીવ માત્ર પસંદ કરતા નથી. અથર્વવેદના ઋષિએ આથી જ ભૂમિ તથા માનવીના જોડાણને માતા - સંતાનના જોડાણ તરીકે ઓળખાવ્યું છે. ભૂમિ માતા છે જે સંતાનોનું પોષણ કરે છે. આ તેનું એક મહત્ત્વનું આર્થિક પરિમાણ છે. આથી જમીનની સાહજિક ઝંખના સાથે ૧૮ એપ્રિલ-૧૯૫૧ ના દિવસે કેટલાક ભૂમિહીન લોકોએ નિરંતર યાત્રી વિનોબાજી સમક્ષ ભૂમિની માગણી કરી. તેલંગાણાના પોચમપલ્લી ગામમાં આ ઘટના બની. પોચમપલ્લી ગામના આ ભૂમિહીન લોકો માટે જમીનની ટહેલ બાબાએ ગામની સભામાં કરી.



સભામાં સ્વાભાવિક રીતે જ ગામના કેટલાક જમીનદારો પણ હાજર હતા. પછી જે ઘટના ઘટી તે ચમત્કારિક હતી. સભામાં હાજર રહેલા જમીનમાલિકોએ એકસો એકર જેટલી જમીન બાબાની ટહેલના પ્રતિસાદ રૂપે તરત જ દાનમાં આપી. જેથી આ જમીન ભૂમિહીનોને ફાળવી શકાય. આ ઘટના બની તેના સંદર્ભમાં બાબા લખે છે : આ ઘટના બની તે રાતે ૩-૪ કલાક જ ઊંઘ આવી. એ શું ઘટના બની ? હું વિચારમાં પડી ગયો. મારી ભગવાનમાં શ્રદ્ધા છે અને ભગવાન બાદ ગણિતશાસ્ત્ર પર વિશ્વાસ છે. મારું ગણિત ફટાફટ ચાલ્યું. જો આખાયે ભારતના ભૂમિહીનો માટે જમીન માંગવી હોય તો પાંચ કરોડ એકર જમીન જોઈએ. એટલી જમીન માંગવાથી મળે ? ઈશ્વર સાથે સંવાદ થયો. ઈશ્વરે કહ્યું : ''જો એમ ડરીશ અને શંકા કરીશ તો તારો અહિંસાનો દાવો છોડવો પડશે. શ્રદ્ધા રાખ અને (જમીન) માંગતો જા. જેણે બાળકના પેટમાં ભૂખ મૂકી છે તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે.'' મારી શંકાનું સમાધાન થઈ ગયું. બીજા દિવસથી ભૂમિહીનો માટે જમીન માંગવાનું શરૂ થયું. મનુષ્યના દિલમાં રહેલી ભલાઈ જગાડી શકાય છે.'' ભૂદાનના આવા જગતભરમાં અજોડ આંદોલનના પ્રણેતા વિનોબાજી કુદરતી સંસાધનોની સમુચિત વહેંચણીની અનિવાર્ય આવશ્યકતા પારખી શક્યા અને ભૂદાન યજ્ઞ પ્રજ્વલિત થયો. લોક ભાગીદારીથી જ લોકોના મોટા સમૂહ માટે ઉત્થાનની પ્રવૃત્તિ કરી શકાય છે તે વાત ફરી સાબિત થઈ. સંપતિની વહેંચણી વંચિતોને કરવાની વિનોબા દૃષ્ટિ સર્વકાળે સરખી જ પ્રસ્તુત છે. આજ તથા આવતીકાલના કાળમાં પણ આ વાત ચૂકી જવાય તો સ્વસ્થ સમાજનું નિર્માણ માત્ર એક દૂરનું સ્વપ્ન બનીને રહે. સર્વજન હિતાય તથા સર્વજન સુખાયની કલ્પના એ માત્ર ઉપદેશોથી નહિ પરંતુ વિનોબાજીએ લોકસમૂહની માણસાઈ જગાડીને કર્યું. જ્ઞાની ગણાતાં વિદ્વાનો જે વાત સમજી ન શક્યા તે વાત વિનોબાજીએ બારીક દૃષ્ટિથી પકડી અને ભૂદાનના કાર્યમાં વેગ લાવ્યા. વિનાયક - વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર-૧૮૯૫ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ગાંધી વિચારની પાવનકારી ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો યજ્ઞ વિનોબાજીએ આજીવન પ્રજ્વલિત રાખ્યો. સપ્ટેમ્બર માસમાં આ ''દાઢીવાળા બાવા''ની વિશેષ સ્મૃતિ અનેક લોકોને થાય છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં વિનોબાજીની ૧૨૫મી જન્મજયંતી આવે છે. આથી બાબાની વિશેષ સ્મૃતિ ૨૦૨૦-૨૧ના વર્ષમાં સૌને થયા કરશે તે સ્વાભાવિક છે.

ગાંધીજીએ ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એક એક ચુનંદા સત્યાગ્રહીને તૈયાર કરવાની તેમજ આ સત્યાગ્રહના માધ્યમથી વિદેશી સરકાર સામે મુક્તિની મશાલ ધરવાની બાપુની આ નવી રણનીતિ હતી. દેશના અનેક લોકોના મનમાં એ જાણવાની ઉત્કંઠા હતી કે બાપુ પહેલા સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરશે? કોણ એવો સદભાગી હશે જેના નામ પર ગાંધીજી મંજૂરીની મહોર મારશે ? ગાંધીયુગના એ કાળના દિગ્ગજ નેતાઓના સમૂહમાંથી કોઈ એકની પસંદગી પ્રથમ સત્યાગ્રહી તરીકે કરવાની હતી. તેથી તે બાબત તરફ લોકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. અંતે બાપુની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢળ્યો. વિનોબાજી સેવાગ્રામમાં બાપુ સમક્ષ હાજર થયા. બાપુએ પ્રથમ સત્યાગ્રહીની જવાબદારી સ્વીકારવા વિનોબાને જણાવ્યું. વિનોબાની આ કામ માટે અનુકૂળતા તથા સંમતિ જાણવા બાપુએ પ્રયાસ કર્યો. વિનોબાજી કહેઃ ''આપનો હુકમ તથા યમરાજનો હુકમ પાછા કયાં ઠેલી શકાય છે?'' અને વિનોબાજી દેશના પ્રથમ સત્યાગ્રહી તરીકે અસાધારણ આત્મબળથી ઝળહળી ઊઠયા. વિનોબાજીના બાપુ સાથેના મિલનની પૂર્વભૂમિકા પણ જાણવામાં રસ પડે તેવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (૧૯૧૬) સમયનું ગાંધીજીનું તે કાળનું બહુચર્ચિત વક્તવ્ય વાંચીને વિનાયક નરહરી ભાવે નામનો એકવીસ વર્ષનો તરુણ કાશીથી હિમાલય તરફ જવાનો નિર્ણય બદલીને સાબરમતીના કિનારે આફ્રિકાથી પરત આવેલા ગાંધીભાઈને મળવા અમદાવાદ પહોંચી ગયો. બનારસના એ ગાંધીજીના પ્રવચનમાં મોટા મોટા અંગ્રેજ અમલદારો તથા રતનમણિમંડિત રાજાઓની નબળાઈઓ તેમને મોઢામોઢ સંપૂર્ણ નિર્ભયતાથી અને છતાં કડવાશના ભાવ સિવાય કહેનાર આ વીરમાં વિનોબાજીને જૂદી માટીના માનવીનાં દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુયાયીનું તેજ પારખી તેમને ''જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક'' તરીકે ઓળખાવ્યા. વિનોબાજીના પિતાને પત્ર લખીને ગાંધીજીએ જણાવ્યું. ''તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ વિનોબાએ જે તેજસ્વિતા અને વૈરાગ્ય કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યાં હતાં.'' દીનબંધુ એન્ડ્રુઝને બાપુએ કહ્યુઃ ''આશ્રમના દુર્લભ રત્નોમાંના તે એક છે... તેઓ (વિનોબા) પામવા નહિ પરંતુ આપવા આવ્યા છે.'' ગાંધી વિચારની ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો સંકલ્પયોગ હૈયે કોતરીને જીવનભર કર્મશીલ રહેનાર વિનોબાજીની સ્મૃતિ ચિરકાળ સુધી જીવંત રહેશે.

**વિનોબાજીને જૂદી માટીના માનવીનાં દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુયાયીનું તેજ પારખી તેમને ''જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક'' તરીકે ઓળખાવ્યા**

મહાદેવભાઇ તથા નારાયણભાઇ દેસાઇ તેમજ કાન્તિભાઇ શાહ (પિંડવળ)ની નિષ્ઠાપૂર્વકની લેખન તેમજ સંપાદનની મહેનતને કારણે વિનોબાજીના જીવનની-વિચારની અનેક વાતો આપણા સુધી પહોંચી છે.

વિનોબાજીના અનેક અવિસ્મરણીય કાર્યોમાં તેમના ભગવદ્‌ગીતા પરનાં પ્રવચનો અગ્રસ્થાને છે. અંગ્રેજ સત્તાધીશો સામેની આરપરની લડાઇમાં સત્યાગ્રહીઓ માટે જેલ નિવાસ તેમજ ક્રાંતિકારીઓ માટે ફાંસીના માંચડા કે આજીવન કેદની સજા એ નવાઇની વાત રહી ન હતી. વિનોબાજી આ પ્રક્રિયાના જ એક ભાગ તરીકે ધુળિયા જેલમાં ૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઇને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યાં. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યાં. ભગવદ્ ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહ્યું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યુંઃ ''તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે.'' માતાની ચિર વિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઇની રચના કરી. ગીતાઇ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા=ગીતા + આઇ. માને મરાઠીમાં આઇ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઇ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો- સાંભળવો ગમે તેવો છે.

**ગાંધીજીએ તેમની હયાતી દરમિયાન જે કેટલાક વિચારો કર્યા તેનો વાસ્તવિક અમલ થતો ગાંધીજી જોઇ શક્યા નહિ. વિનોબાજીએ ગાંધીનું આ કામ પૂરું કરવા નિર્ણયાત્મક અહાલેક જગાવી અને ગાંધી વિચારને અનુરૂપ અનેક કાર્યો વ્યવહારમાં કરી બતાવ્યાં**

*ગીતાઈ મારી મા*
*તેનો હું બાળ અબોધ*
*પડું છું, રડું છું ઊંચકીને તે*
*ખોળામાં લઈ લે છે.*

ભગવદ્ ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનુ અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબાજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનુ ઉજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું. ચાર-સાડા ચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઇ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઇડ્રોજન તથા ઓક્સિજન હોય છે તેમજ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બન્નેનું સરખુંજ મહત્ત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્ત્વની તથા દિશાસૂચક લાગે છે ! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે.

ગાંધીજીએ તેમની હયાતી દરમિયાન જે કેટલાક વિચારો કર્યા તેનો વાસ્તવિક અમલ થતો ગાંધીજી જોઇ શક્યા નહિ. વિનોબાજીએ ગાંધીનું આ કામ પૂરું કરવા નિર્ણયાત્મક અહાલેક જગાવી અને ગાંધી વિચારને અનુરૂપ અનેક કાર્યો વ્યવહારમાં કરી બતાવ્યાં. વિનોબાજી તેમની ભૂદાનયાત્રાના ભાગ તરીકે ગુજરાતમાં આવે છે તેવી વાત રવિશંકર મહારાજ પાસેથી જાણીને કવિ દુલા ભાયા કાગે લોકવાણીમાં આ સંતની મુલાકાતના સંદર્ભમાં લખ્યું :

*અલેકીઓ માંગવા આવ્યો રે..*
*આ તો દેશ દખ્ખણનો બાવો.*
*થંભી જાઓ હો તલવારિયા !*
*કાં તલવાર સજાવો ?*
*તેગ તોપને ખાંડો ખાંડણિયે*
*દાતરડા નીપજાવો...*
*અલેકીઓ માંગવા આવ્યો રે..*
*દેશ દખ્ખણનો બાવો*
*કોઈ ભાળ્યો નથી અમે આવો..*

સર્વોદયનો વિચાર વિનોબાજીના પ્રયત્નોથી ઝળાહળા થતો રહ્યો. જયપ્રકાશ નારાયણ તેમજ મહાદેવ દેસાઇ જેવા નિષ્ઠાવાન લોકોએ તેને બળ પૂરું પાડ્યું. વિનોબાજી ગાંધી વિચારની એક હરતી ફરતી મહાવિદ્યાલય જેવું જીવન વ્યતીત કરી ગયા. વિનોબાજી તેમના પ્રયાસોમાં કેટલા સફળ થયા તેનો નિર્ણય તો કાળદેવતા પર છોડીએ પરંતુ એમ જરૂર કહી શકાય કે બાબાના સમાજ ઘડતરના પ્રયાસો નિરર્થક ગયા નથી.

*૧૧૫/૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર.*
*મો.-૯૯૭૮૪૦૬૧૩૦*

# ગુજરાતી લોકગીતોની નાયિકાઓની 'સ્વદેશ'નીતિ

*- નીલેશ પંડ્યા*

**કોરોનાથી સલામત થવા અનેક લોકો પરદેશ, પરરાજ્ય, પરગામ છોડીને વતનવાપસી કરી ગયા પણ ગુજરાતી લોકગીતોની નાયિકાઓને તો પતિ પરદેશ, વતનથી દૂર જાય એ ગમ્યું જ નથી! એ તો લોકગીતના માધ્યમથી પરોક્ષ છતાં બોલકો વિરોધ કરતી જ રહી છે.**

કોરોના...હમણાં હમણાં જ સાંભળવામાં આવેલા આ નામે જોતજોતામાં દુનિયાને હચમચાવી દીધી.અમુક નેનોમીટર સાઈઝનો વાઈરસ લાખો કિલોમિટર વિસ્તારની પૃથ્વી પર વસતા અબજો લોકોને પ્રભાવિત કરે એ કેવું? સાવચેતીનું માર્યું વિશ્વ આખું લોકડાઉન, સોશિયલ ડિસ્ટન્સિંગ,સેનિટાઈઝેશન અને માસ્ક સાથે જીવવા લાગ્યું છે.

હવે ધીમે ધીમે માનવજાત કોરોનાનો ભય ખંખેરીને મેઈન સ્ટ્રીમમાં આવી રહી છે.સલામતી જાળવી કોરોના સાથે જીવવાની આદત પડી રહી છે ત્યારે વાઈરસની નાબૂદી કે બિનઅસરકારકતા વિશે તબીબીવિજ્ઞાન પ્રયત્નશીલ છે ને એનું ઝટ અને સચોટ પરિણામ મળી જશે એવી આશા રાખીએ પણ આપણા માટે સંશોધનનો વિષય એ છે કે ગુજરાતી લોકગીતો આવા સમયે કેટલાં ઉપયુક્ત છે? અનેક પ્રકારના સંદેશા આપવા માટે વિખ્યાત આપણા લોકગીતો આજની સ્થિતિ વિશે કંઇ કહેવા માગે છે? લોકગીતોને ખોલીએ-ફોલીએ તો આજના સંદર્ભે કોઈ મેસેજ મળે છે?

દૂધમાં જ ઘી સમાયેલું છે પણ દૂધને મેળવવું,દહીંને ઝેરવું,માખણને તાવવું પડે ત્યારે એમ લોકગીત પર આવી જ પ્રક્રિયા કરીને એમાં છુપાયેલા સંદેશા તારવવા પડે. ભાગ્યે જ કોઈ વિષય એવો હશે જેની વાત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લોકગીત ન કહેતું હોય. એટલે આજની સ્થિતિ વિશે આપણા લોકગીતો થોડું-ઘણું જરૂર કહેશે.

કોરોના વિદેશથી આવેલો રોગ છે એ વાત સર્વવિદિત છે.શરૂઆતના કેટલાક મહિના એ ચીન,અમેરિકા,ફ્રાંસ,ઇટાલી,જર્મનીમાં હાહાકાર મચાવતો રહ્યો ને બાદમાં ભારત સહિતના દેશોમાં ફેલાયો.કેટલાય વિદેશસ્થિત ભારતીયો શરૂઆતમાં ડર અને પછી સલામતી માટે સ્વદેશ પરત ફર્યા.કેટલાયે 'વંદે ભારત' મિશન અંતર્ગત વતનવાપસી કરી.અરે, જે લોકો દેશનાં પરસ્પર રાજ્યોમાં કે પરગામ હતા એમને પોતાના ઘેર મોકલવા સરકારે બસો,ટ્રેનો દોડાવવી પડી ને એમ લાખો લોકોએ ઘરવાપસી કરી 'હાશ'નો અનુભવ કર્યો. ટૂંકમાં,આ સમયે પરદેશ,પરરાજ્ય કે પરગામમાં ગમે એટલું સારું હોય તોય વતન પહોંચી જવું અનિવાર્ય લાગ્યું...

આપણાં લોકગીતોની નાયિકાઓ તો પહેલીથી જ વિદેશગમનની કટ્ટર વિરોધી રહી છે...! પતિ પરદેશ જતો હોય એ પરણેતરને ક્યારેય ગમ્યું જ નથી. ઘરની વહુવારુ હોવાને કારણે ભલે પરિવારજનોની મરજી વિરુદ્ધ એ સીધી પ્રતિક્રિયા નહોતી આપી શકતી, 'કે મારો પતિ અહીં જ રહેશે, હું એને પરદેશ નહીં જવા દઉં' પણ એની પાસે લોકગીત જેવું બળુકું માધ્યમ હતું જેની પાંખે બેસાડીને પોતાનો અણગમો પરોક્ષ રીતે જરૂર વહેતો કરતી એટલે કે એની શ્રદ્ધા 'સ્વદેશ'નીતિમાં હતી.

બહુ જ પ્રચલિત લોકગીત 'મેંદી તે વાવી માળવે,એનો રંગ ગિયો ગુજરાત...' ની કથા શું છે? પરદેશી પતિને ઘેર બોલાવવાની વાત તો છે.દિયર જયારે મેંદીનો છોડ લઈ આવ્યો,મેંદી ઘૂંટી,ભાભીને હાથ રંગવા કહ્યું તો ભાભીનો જવાબ શું હતો?

*હાથ રંગીને દેરી શું રે કરું*
*એનો જોનારો પરદેશ -મેંદી રંગ લાગ્યો...*

મારે કોના માટે સજવું-ધજવું? પતિ તો પરદેશ છે- બસ,આ જ વાતનો ખટકો નાયિકાના મનમાં છે ને એનાથી આગળના અંતરામાં પરદેશી પતિને સંદેશો આપવા જનારને લાખ રૂપિયા આપવાની વાત કરી અને પતિને પરત બોલાવવા ચિત્ર-વિચિત્ર બહાનાં બતાવ્યાં,જેમકે-

*લાખ ટકા આલું રોકડા*
*કોઈ જાવ જો દરિયાપાર-મેંદી રંગ લાગ્યો.*
*શોક્યના સાયબાને જઈ એટલું કે'જો*
*તારી બેની પરણે ઘર આવ્ય-મેંદી રંગ લાગ્યો.*
*શોક્યના સાયબાને જઈ એટલું કે'જો*
*તારી માડી મરે ઘર આવ્ય-મેંદી રંગ લાગ્યો.*
*શોક્યના સાયબાને જઈ એટલું કે'જો*
*તારી માનેતીની ઊઠી આંખ-મેંદી રંગ લાગ્યો.*

પતિને એણે 'શોક્યનો સાયબો' કહી દીધો...! વિદેશથી વતનવાપસી કરાવવા નાયિકા પોતાની નણંદનાં લગ્ન થઇ રહ્યાં છે,સાસુનું અવસાન થયું છે-જેવી તરકટી ખબરો મોકલે છે એ સ્પષ્ટપણે બતાવે છે કે એને કોઈપણ સંજોગોમાં પરણ્યાને પરદેશ રહેવા દેવો નથી.

'વા વાયા ને વાદળ ઉમટ્યાં,મધદરિયે ડૂલેરાં વા'ણ,મોરલી વાગે છે...' જેવા એક લોકગીતના અંતરા જુઓ-

*એક હાલાર શે'રના હાથીડા*
*કંઈ આવ્યા અમારે દેશ,મોરલી વાગે છે.*
*છેલ છોગાળો હોય તો મૂલવે*
*ડોલરિયો દરિયાપાર,મોરલી વાગે છે...*
*એક ઘોઘા શે'રના ઘોડલા*
*કંઈ આવ્યા અમારે દેશ,મોરલી વાગે છે.*

*છેલ છોગાળો હોય તો મૂલવે*
*ડોલરિયો દરિયાપાર મોરલી વાગે છે...*

નાયિકા કહે છે કે હાલારના હાથી,ઘોઘાનાં ઘોડાં,વાળાકની વેલડી,દમણના ડોળિયા,ચિત્તલની ચૂંદડી-બધું જ ગામમાં વેચાવા આવ્યું છે,મારે ખરીદવું છે પણ કોણ મૂલવે ? કોણ લઈ દે? મારો પતિ તો દરિયાપાર છે ! અહીં વસ્તુ ખરીદવાની વાત તો બહાનું છે,અસલમાં રંજ એ વાતનો છે કે પતિ પોતાનાથી જોજનો માઈલ દૂર છે...

એક પુરુષ પરદેશ જઈ રહ્યો છે,એ પત્નીને ખુશ કરવા કહે છે કે-

*સોનલ મારા ઘરડાની નાર રે,*
*જે રે જોઈએ તે મંગાવજો;*
*લાવજો લાવજો શેરડિયુંના પોંક રે*
*લાવજો રે જાર માયલાં ઝીંડવાં.*
*લાવજો લાવજો શિંગવાળા ઘોડા રે*
*વગર શિંગાળા લાવજો ડોળિયા*
*લાવજો લાવજો શોક્યો માયલા સાલ રે,*
*લાવજો અગમજાયો બેટડો*

સોનલ ! હું વિદેશથી પાછો આવું ત્યારે તારે માટે શું શું લાવું? એના જવાબમાં પત્ની કહે છે કે શેરડીનો પોંક ને જારનાં ઝીંડવાં લાવજો.વાસ્તવમાં પોંક તો લીલા ઘઉંનો બને ને ઝીંડવા કપાસને આવે ! એણે શિંગડાંવાળા ઘોડા ને શિંગ વગરના બળદ મંગાવ્યા ! છેલ્લે નારાજગીની પરાકાષ્ઠા વ્યક્ત કરતાં કહ્યું કે પાછા આવો ત્યારે સૌતન આપે એવો ત્રાસ અને સૌતનથી જન્મેલો દીકરો લેતા આવજો !

લોકગીતોની નાયિકાઓનો વિરોધ માત્ર પરદેશ સામે જ હતો એવું નથી,પતિ પરરાજ્ય કે પોતાના રાજ્યના દૂરના વિસ્તારમાં કમાવા જાય અને ત્યાં જ સ્થાયી થાય તો પણ એને નથી ગમ્યું. 'અડધો ખાશું પણ સૌ સાથે રહેશું' જેવી પરંપરાગત માન્યતામાં એની અડગ શ્રદ્ધા હતી જેના દાખલારૂપ કેટલાંય લોકગીતો મળે છે.

*આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ*
*કેમ કરી મારા દખના દા'ડા જાય રે*
*પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ...*
*તમને વા'લી દરબારી ચાકરી રે*
*કે અમને વા'લો તમારો જીવ*
*ગુલાબી ! નહીં જાવા દઉં ચાકરી રે !*
*આભમાં ઝીણી ઝબૂકે ....*

• • •

*નણદલના વીર વિના એકલાં જી રે*
*સૂના મંદિર ખાવા ધાય હો જી રે*
*કે'દુની જોતી'તી વાટ,વે'લા વાલમ ઘેર આવજો.*
*આવ્યાં આવ્યાં કાંઈ વલાતુંનાં વા'ણ જો,*
*પણ ના આવ્યા નહોલિયા તારાં નાવડાં*

• • •

*ઊંચે ઊડે કાંઈ ખૂવા કેરા થંભ જો,*
*એવાં રે ફફડે રે મારાં કાળજાં.*
*ખોળો પાથરીને વિનવું દરિયા દેવ જો,*
*રખોપાં કરજે રે મારા કંથના.*

• • •

*કુંજલડી રે સંદેશો અમારો*
*જઈ વાલમને કે'જો જી રે*

• • •

*અરરર માડી રે,છાણાં વીણવા ગઈ'તી*
*ત્યાં વીંછુડો*
*હંબો હંબો વીંછુડો,કાળો ભમ્મર વીંછુડો*
*ચટક્યો મા વીંછુડો*
*અરરર માડી રે પાટણથી પિયુને તેડાવો*
*મા વીંછુડૉ...*
*અરરર માડી રે પિયુજીને જોયા ત્યાં*
*ઊતર્યો મા વીંછુડૉ....*
*જેમ સુકાય તારી જૂઈનાં ફૂલ મારા વાલાજી રે !*
*એમ તારી ગોરી કરમાય,જઈને કે'જો મારા વાલાને રે !*
*ઉતારા દેશું ઓરડા મારા વાલાજી રે !*
*ઉતારા કરનારો પરદેશ,જઈને કે'જો મારા વાલાને રે !*

આવાં કેટલાંય લોકગીતો મળે છે જેમાં વતનથી દૂર જતા પતિનો અપ્રત્યક્ષ છતાં જબ્બર વિરોધ થયો હોય અથવા પતિને ઘેર બોલાવી લેવાની તરકીબો અજમાવાઈ હોય.એવું નથી કે આમ નારીએ જ પોતાના ઘર,ગામ કે વતન છોડવા સામે અસહમતી દર્શાવી હોય,વૃન્દાવનની ગોપીઓએ પણ ભગવાન શ્રી કૃષ્ણને કહી દીધું હતું કે અમે અહીં વૃન્દાવનમાં જ બરાબર છીએ,અમારે સ્વર્ગલોક નથી આવવું.

*મારું વનરાવન છે રૂડું*
*હું વૈકુંઠ નહીં રે આવું*
*નહીં આવું હો નંદજીના લાલ રે*
*વૈકુંઠ નહીં રે આવું*
*સરગના લોક તો છે અતિ કુડા*
*વાસી વ્રજના ચોક મારે રૂડા*
*હો નંદજીના લાલ રે,*
*વૈકુંઠ નહીં રે આવું*
*મારું વનરાવન છે...*

આમ,આપણાં લોકગીતોની નાયિકાઓ હંમેશાં 'સ્વદેશ'નીતિ સાથે જીવતી હતી. એમને મન પતિનું-પરિવારનું સાન્નિધ્ય અને સલામતી જ સૌથી મોટું સુખ હતું.

---

'વાણી', ૧, નટરાજનગર, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫, મો.-૯૪૨૬૪ ૮૧૩૮૭

# ગુજરાતી લઘુકથામાં લાઘવ, સિચ્યુએશન અને સંવેદન

*- સોમાભાઈ વિ. પટેલ*

ગુજરાતી સાહિત્યક્ષેત્રે અર્વાચીન યુગના ઉદય પછી જે નવા ઉન્મેષો પ્રગટ્યા તેમાં ઉર્મિકાવ્ય- ખંડકાવ્ય જેવા પદ્યસ્વરૂપોથી માંડીને નવલકથા -નાટક -એકાંકી -ટૂંકી વાર્તા જેવા ગદ્યસ્વરૂપોનું સર્જન નોંધપાત્ર રહ્યું છે. પણ આવાં ગદ્યસ્વરૂપોમાં એક નાનકડું/નમનીય ગદ્યસ્વરૂપ ''લઘુકથા'' રૂપે છેલ્લી અર્ધી-પોણી સદી દરમિયાન પ્રગટ્યું અને વિકસ્યું, તેની નોંધ લેવી પણ આવશ્યક ગણાય. ટૂંકી વાર્તા અને ટૂચકા જેવા લઘુ સ્વરૂપોથી ભિન્ન એવું આ ગદ્યસ્વરૂપ તેની પોતીકી લાક્ષણિકતાઓની કારણે વિકાસની ઘણી શક્યતાઓ ધરાવે છે. એમાં શંકા નથી, અલબત્ત, એનો આધાર વર્તમાન અને ભાવી સર્જકોની આ સ્વરૂપ વિશેની સ્પષ્ટ સમજ અને તેમણી સર્જનક્ષમતા ઉપર નિર્ભર રહે છે.

આ લઘુકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ શી ? ટૂંકી વાર્તા, ટૂચકો કે પ્રસંગ ચિત્ર જેવા લઘુ સ્વરૂપોથી તે કઈ રીતે જુદી પડે છે? ઉમાશંકર જોશીએ ટૂંકી વાર્તાને ''અનુભૂતિ'' કહી છે એ એ દૃષ્ટિએ ટૂંકીવાર્તાને વિશિષ્ટ ભાવ પરિસ્થિતિને સાકાર કરતી કલાસર્જનની પ્રવૃત્તિ ગણીએ તો લઘુકથા ને તેનાથી અલગ ઓળખવા માટે તેમાં કયા વિશિષ્ટ તત્ત્વોની અપેક્ષા રાખીશું.?

લઘુકથામાં લાઘવ લાભ તો અપેક્ષિત છે. લઘુકથાને તેના લાઘવના આ કારણે જ તો આ નામ મળ્યું છે એટલે લાઘવ લઘુકથાનું પ્રમુખ લક્ષણ અવશ્ય ગણાય. પરંતુ લાઘવ ટૂંકી વાર્તામાંયે હોય અને ટૂચકામાંય હોય. એટલે માત્ર લાઘવના કારણે જ કારણે જ આ સ્વરૂપ વચ્ચેની ભેદરેખા દોરવાનું સહેલું નથી. અને એથી ''લાઘવ'' લઘુકથાનું એક પ્રમુખ લક્ષણ છતાં તેનું નિર્ણાયક તત્ત્વ કે તેનો આત્મા ન બની શકે. તો, આ કથા પ્રકારનાં એવા બીજા વિશિષ્ટ તત્ત્વો છે, જે એના અન્ય લઘુસાહિત્ય સ્વરૂપોથી અલગ ઓળખ આપે છે.?

મારી દૃષ્ટિએ લઘુકથાને અને અન્ય ગુજરાતી લઘુ સાહિત્યકારોથી જુદું પાડતાં અન્ય લક્ષણો મુખ્યત: બે ગણી શકાય. એક પરિસ્થિતિ અર્થાત્ સિચ્યુએશન, અને બીજું સ્પર્શક્ષમ સંવેદન જગવવાની ક્ષમતા.

ટૂંકી વાર્તામાં કોઈ ઘટના પ્રસંગ અનિવાર્યપણે હોય. લઘુકથામાં ઘટના હોય અને ન પણ હોય. એમાં ઘટના હોય તોય તેને એનું ખાસ મહત્ત્વ નથી હોતું. ઘટનાનું મહત્ત્વ ન હોય એટલે આમાં પ્રસંગના આયોજનની અને તેના ચમત્કૃતિજન્ય અંતની અપેક્ષા પણ નથી હોતી. લઘુકથાના આદ્યસર્જક મોહનલાલ પટેલ એટલે જ લઘુકથામાં ''ઘટના'' શબ્દના બદલે ''પરિસ્થિતિ'' અને તેય ક્ષુદ્ર કે ક્ષુલ્લક પરિસ્થિતિ કે ''સિચ્યુએશન'' એવો શબ્દ પ્રયોજે છે. તેઓ વારંવાર કહે છે 'ક્ષુદ્રમાં ક્ષુદ્ર સિચ્યુએશન ''સ્થિતિ સંજોગો હોય તો પણ સફળ લઘુકથા સંભવી શકે છે અહીં ક્ષુદ્ર એટલે તુચ્છ નિરર્થક કે નકામું એવો અર્થ લેવાનો નથી.

**ક્ષુદ્ર કે સામાન્ય સિચ્યુએશન દ્વારા થતો ઊર્મિવિસ્ફોટ કે માનવીય સંવેદનાની અનુભૂતિ લઘુકથાની અનિવાર્ય શરત ગણાય. અહીં એ પણ નોંધવું જોઇએ કે લઘુકથાનો ઉદભવ ભલે કોઈ નગણ્ય, સામાન્ય કે ક્ષુદ્ર સિચ્યુએશનમાંથી થતો હોય**

લઘુકથાના વસ્તુની દૃષ્ટિએ ક્ષુદ્ર એટલે સાવ સામાન્ય, ભારેખમ નહીં એવા અલ્પ ફલકવાળું લઘુકથાનો વસ્તુફલક ભલે કોઈ ઠોસ ઘટના પર આધારિત ન હોય, એમાં નિરૂપિત પરિસ્થિતિ કે સિચ્યુએશન ભલે સાવ સામાન્ય કે ક્ષુલ્લક હોય તેમ છતાં એ ભાવકના ઊર્મિતંત્રને ઝંકૃત કરી શકવાની ક્ષમતાવાળું હોય એ અતિ આવશ્યક છે. ક્ષુદ્ર કે સામાન્ય સિચ્યુએશન દ્વારા થતો ઊર્મિવિસ્ફોટ કે માનવીય સંવેદનાની અનુભૂતિ લઘુકથાની અનિવાર્ય શરત ગણાય. અહીં એ પણ નોંધવું જોઈએ કે લઘુકથાનો ઉદભવ ભલે કોઈ નગણ્ય, સામાન્ય કે ક્ષુદ્ર સિચ્યુએશનમાંથી થતો હોય પરંતુ એ જે સિદ્ધ કરે છે તે જરાયે ક્ષુદ્ર નથી હોતું. એ ભાવકના ચિત્રમાં સ્પર્શક્ષમ સંવેદન પ્રગટાવવાનું નિમિત્ત બની જીવનના કોઈ એકાદ રહસ્યની પ્રતીતિ કરાવી જતું હોય છે.

મોહનલાલ પટેલની લઘુકથા ''લિખિતંગના પાયલાગણ''માં ઘટના સાવ ક્ષુલ્લક છે. ધંધામાં ગળાડૂબ દીકરો પિતાને ખુશી સમાચારનો ટૂંકો પત્ર લખે છે. તેમાં શરૂઆતના સંબોધનમાં કુટુંબના બીજા સભ્યોનાં નામની સાથે થોડા દિવસ પહેલાં મૃત્યુ પામેલા તેના નાના ભાઈનું નામ પણ (અગાઉની ટેવ મુજબ) લખી દે છે. પિતા આ પત્ર વાંચે છે ત્યારે સમજી જાય છે કે પુત્રએ પત્ર લખ્યો છે પણ એમાં હૃદય નથી. માત્ર ઔપચારિકતા છે, યંત્રવતતા છે. લખનારને આની ખબર નથી પણ એ વાંચનાર વૃદ્ધ પિતાના હૈયાને એ ક્ષણ કેટલી આઘાતજનક નીવડે છે!

ઉપેન્દ્ર રાવલ કૃત 'વાચા' પણ રોજ-બરોજના સાવ સામાન્ય પ્રસંગ પર આધારિત છતાં અત્યંત મર્મસ્પર્શી લઘુકથા કૃતિ છે. શેરીમાં ભીખ માંગવા ફરતી એક ગરીબ ભિખારણની સાથે ચાલતી એની દીકરીએ કેડમાં નાનાભાઈને તેડ્યો છે. લેખકે શેરીમાં દેખાતા આ રોજબરોજનાં દશ્ય અને માત્ર બે શબ્દોના ઉચ્ચારણના સિચ્યુએશનના આધારે એક ઉત્તમ લઘુકથા સર્જી છે. નાનાભાઈને પહેલી વખત વાચા ફૂટેલી સાંભળતા હર્ષઘેલી બનેલી બહેન તેની આ સિદ્ધિ વિશે તેની માને કહેવા પ્રયત્ન કરે છે અને માગવામાં વિક્ષેપ થતો હોવાને કારણે એક વાર તો તેને માના હાથનો તમાચો ખાવો પડે છે.પણ છેવટે અવકાશ મળતાં ભાઈના પ્રથમ ઉચ્ચારેલા શબ્દો 'આપો બા' ની વાત કરતાં રાજી રાજી થઈ જાય છે. કુટુંબમાં કમાઉ દીકરાનો ઉમેરો થયો છે. એનો મા-દીકરીને થતો આનંદ ઘણું કહી દે છે. પણ બીજી તરફ ભાવકપક્ષે આ ઘટનાના સંદર્ભમાં હૃદયમાં જાગતી કરુણાજનક સભાનતા પણ ઓછી સ્પર્શક્ષમ નથી.

**લઘુકથામાં આલેખાયેલ ઘટના ક્ષુલ્લક હોય કે મહત્ત્વની હોય, સર્જકનું લક્ષ્ય તેમાંથી સહજ રીતે પ્રગટતા ઊર્મિવિસ્ફોટ કે તીવ્ર સંવેદન સિદ્ધ કરવા તરફ હોઈ, તીવ્ર સંવેદન જગાવ્યા પછી તે ઘટનાના વિસ્તારને કોઈ જ અવકાશ હોતો નથી**

લઘુકથામાં ઘટના ન જ હોય, કે પરિસ્થિતિ અર્થાત્ સિચ્યુએશન ક્ષુલ્લક જ હોય એ આવશ્યક નથી. કેટલીક લઘુકથાઓમાં કંઈક ઠોસ ઘટના અને તેનું આયોજન પણ હોય છે. કોઈ કોઈ લઘુકથામાં આવી ઘટના અને તેનો વિકાસ ટૂંકી વાર્તાની લગોલગ પહોંચી જાય એવો હોય છે. પણ આવા વખતે લઘુકથાનો લેખક ટૂંકી વાર્તા નીપજાવવાની લાલચમાં ન ખેંચાઈ જાય એટલી સભાનતા આવશ્યક ગણાય. ટૂંકી વાર્તામાં form અને totality of effect ઉપર સર્જકની સતત નજર હોય છે અને એ માટે જરૂરી આયોજન પ્રત્યે એ ખૂબ સભાન હોય છે. લઘુકથામાં સર્જકની નજર કોઈ પરિસ્થિતિ કે સિચ્યુએશનની પસંદગી અને તેમાંથી તથા ઊર્મિવિસ્ફોટ દ્વારા જીવનનું કોઇ રહસ્ય સૂચિત કરવા તરફ હોય છે. ટૂંકમાં, લઘુકથામાં ઘટના હોય તોયે સર્જકનું લક્ષ્ય તો એવી પરિસ્થિતિ કે એવી સિચ્યુએશનને પારખી લેવા તરફ હોય જે ઊર્મિવિસ્ફોટક બનવાની ક્ષમતા ધરાવતું હોય.

રમેશ ત્રિવેદીની લઘુકથા 'સફર'માં ઘટના વાસ્તવભૂમિ પર ક્યાંય ઘટતી નથી, તેમ છતાં તેમાં ઘટના છે, જે કથાનાયકની મનોભૂમિમાં ઘટે છે. સ્વજનવિહોણા એકાકી વૃદ્ધની આ કરુણગર્ભ સંવેદન કથા એક સારી ટૂંકી વાર્તા પણ બની શકે, પરંતુ એમાં એવાં સિચ્યુએશનને કેન્દ્રમાં રાખ્યું છે, જેના દ્વારા કથાનાયકના મનોવિશ્વમાં રહેલાં અતીતનાં સંસ્મરણો અને સ્વજન સહચર્યની ઝંખનાનું સ્પર્શક્ષમ આલેખન થઈ શકે.

વાર્તાના આરંભમાં ૬૦ની વયમાં પ્રવેશેલા પ્રો.જી.કે. અર્થાત્ ફાધર ઓફ ફિલોસોફી રોકેટગતિએ અવકાશમાં સફર કરતા હોય એવું આલેખન છે. કથાનાયકની આ અવકાશી સફર વસ્તુતઃ કયાંય ઘટતી નથી અથવા ઘટે છે તો માત્ર તેમની મનોભૂમિમાં પ્રો.જી.કે.નો આ જન્મદિવસ છે. સવારે નવ વાગ્યે ઘરની બહાર નીકળે છે. વાર્ધક્યના કારણે મંદગતિ છે. પોળના ખૂણેથી ટ્રાફિકવાળા રસ્તા પર આવી ઊભા રહે છે. કોઈનું સહચર્ય નથી. એકલા છે. જીવનમાં પણ પત્ની, પુત્ર-પૌત્રાદિ સર્વ સ્વજનો અવસાન પામ્યાં છે. જન્મદિને ઊભરાતાં અતીતનાં સંસ્મરણો સ્વજન-સાહચર્યની પૂર્વ અનુભૂતિની ક્ષણો અને એ માટેની ઝંખના મનોગતમાં તીવ્રપણે જાગી ઊઠે છે અને આ ક્ષણો દરમિયાન એ અવકાશી સફરમાં લીન થાય છે.હવે એમને ઓગળી જતાં વૃક્ષો, નદીઓ, પહાડો, મહાસાગરો ઉપખંડો બધું નજર સામે તરવરે છે. સાહચર્યની તીવ્રક્ષણોને ઝંખતા કથાનાયકને સર્વ સ્વજનોના અવાજો પણ અવકાશની અભેદ્ય દીવાલોની પેલે પારથી સંભળાય છે. પણ બીજી જ ક્ષણે મંદગતિએ ચાલતા કથાનાયકનું છાણના પોદળામાં ખૂંપી ગયેલું ચંપલ તેમને વાસ્તવભૂમિમાં પાછા ખેંચી લાવે છે. હવે એમને ટાવરના ડાયલના ગાયબ થઈ ગયેલા કાંટા બરાબર દેખાય છે અને નવના ટકોરા પણ સંભળાય છે. એ સાથે પિન્ટુની વ્હાલી દાદીએ બરાબર વાર્ધક્યનો અહેસાસ આપતી નિઃસહાય એકાદી જિંદગીની સફર માટે ધીમેથી ડગ ભરતાં આગળ વધે છે. સ્વજન વિહોણા એકાકી વૃદ્ધની આ કરુણ ગર્ભકથામાં ઘટના છે પરંતુ એમાં જે સ્થિતિ-સંયોગ કે સિચ્યુએશન છે એના કેન્દ્રમાં છે, જે વૃદ્ધ નાયકની સ્વજન સાહચર્યની ઝંખનાના આલેખન દ્વારા ભાવકચિત્તમાં પણ તીવ્ર સંવેદના જગાવી જાય છે.

લઘુકથામાં આલેખાયેલ ઘટના ક્ષુલ્લક હોય કે મહત્ત્વની હોય, સર્જકનું; લક્ષ્ય તેમાંથી સહજ રીતે પ્રગટતા ઊર્મિવિસ્ફોટ કે તીવ્ર સંવેદન સિદ્ધ કરવા તરફ હોઈ, તીવ્ર સંવેદન જગાવ્યા પછીતે ઘટનાના વિસ્તારને કોઈ જ અવકાશ હોતો નથી. આમ છતાં કોઈ સર્જક તેને વિસ્તારવા જાય તો તે કૃતિનું કલાતત્ત્વ ક્ષતિ પામે એ શક્ય છે.

લઘુકથાનો સર્જક જાગૃત હોય તો લઘુકથાના સર્જન માટે નાનાં-મોટાં સિચ્યુએશન શોધવા ક્યાંય જવાની જરૂર

ગયો હતો. ચં.ચી.મહેતા ઘણા જ ગુસ્સાવાળા હતા પણ યઝદીભાઈ આ તમામ ગુસ્સો સહન કરીને પણ પોતાનો નાટકનો શોખ પોષતા હતા. ચં.ચી.મહેતા જ્યારે વડોદરાથી મુંબઈ જવાના હોય ત્યારે યઝદીભાઈને અગાઉથી લખી જણાવે કે ફલાણી તારીખે ફલાણી ટ્રેનમાં તેઓ મુંબઈ જવાના છે. તેમાં ગાડી નંબર, સીટ નંબર, કોચ નંબર પણ લખેલો હોય. આથી યઝદીભાઈ તેમનાં પત્ની સાથે સુરત સ્ટેશન ચા અને જાતજાતનું ખાવાનું લઈને પહોંચી જતા. ચં.ચી.મહેતા પોતે પણ ખાવાના ખૂબ શોખીન હતા.

યઝદીભાઈની ત્રીજી પેઢી પણ હવે નાટકમાં આવી ગઈ છે. તેમના ભાઈ મહેરનોશ, પત્ની વીરા, પુત્રી, પુત્ર પણ નાટકમાં કામ કરે છે. જોકે, તાજેતરમાં જ તેમના ભાઈ મહેરનોશનું અવસાન થયું છે. પારસી રંગમંચને જીવંત રાખવાનો જાણે તેમણે ભેખ લીધો છે. કોઈ તેમને સવાલ કરે કે પારસી રંગભૂમિ જીવંત રહેશે કે કેમ? ત્યારે તેઓ કહે છે કે જ્યાં સુધી એક પારસી પણ હશે ત્યાં સુધી પારસી રંગભૂમિ ખતમ થાય એવી કોઈ વાત જ નથી. તેમનાં પત્ની વીરા સાથેનાં લગ્નની પણ એક અનોખી કથા છે. આમ તો વીરા યઝદીભાઈના કાકાનાં પુત્રી થાય. તેમના કાકા મહારાષ્ટ્રના ઈગતપુરી ખાતે આવેલા પારસી મંદિરમાં પૂજારી હતા. તેમના દાદીને વીરા બહુ પસંદ હતી. એકવાર દાદીને ટીબી થયો એટલે હવાફેર માટે તેમને લઈ ઈગતપુરી ગયા. ત્યારે દાદીએ કાકાને કહ્યું કે વીરાના યઝદી સાથે જ લગ્ન કરીએ. તેને આપણા ઘરમાં જ રાખવી છે. આથી ૧૯૬૧માં તેમનાં લગ્ન થયાં. યઝદીભાઈ તેમની પત્ની કરતાં ઊંચાઈમાં થોડા નીચા, શરીરમાં પણ એકવડા બાંધાના તેમ છતાં તેમનો સંસાર સુખમય ચાલ્યો. યઝદીભાઈનાં પત્ની વીરાબેન કહે છે કે યઝદીભાઈ આ ઉંમરે પણ ખૂબ સારા તરવૈયા છે. યઝદીભાઈ તેનો યશ તેમના ગુરુ ચીમનલાલ લાપસીવાલાને આપે છે. ૨૦૦૬માં સુરતમાં ભયાનક પૂર આવ્યું હતું. તેમના ઘરથી ૧૦૦ ફૂટ દૂર પારસી ધર્મશાળા અને હોસ્પિટલ છે. ત્યાં રહેતા લોકોને ખાવાનું, ફળફળાદી પહોંચાડવાનું કામ યઝદીભાઈએ તરતાં-તરતાં કર્યું હતું. કારણ કે અન્ય કોઈ વિકલ્પ જ નહોતો. હોસ્પિટલમાં અને પારસી ધર્મશાળામાં ઘણા લોકો રહેતા હતા એટલે કોમન કિચનમાંથી ખીચડી તથા કેળાની લૂમ તેઓ તરીને મહામુશ્કેલીએ લઈ જતા હતા.

**પારસી રંગમંચને જીવંત રાખવાનો જાણે તેમણે ભેખ લીધો છે. તેઓ કહે છે કે જ્યાં સુધી એક પારસી પણ હશે ત્યાં સુધી પારસી રંગભૂમિ ખતમ થાય એવી કોઈ વાત જ નથી**

ભાવિ પેઢી વિશે યઝદીભાઈ ભારોભાર આશા અને આદર ધરાવે છે. જોકે તેઓ કહે છે કે હવે નાટકમાં પણ ઘણી ટેક્નોલોજી આવી ગઈ છે. તેઓ જ્યારે નાટક કરતા ત્યારે આટલી બધી સરળતા અને સાધનો પણ નહોતાં તેમ છતાં તેમને નાટકો ટકાવી રાખ્યાં. આજે પણ યઝદીભાઈ તેમની જૂની સાઈકલ પર તેમના શાહપોર-નાણાવટના ઘરેથી કેમ્બે ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ પર જતાં જોવા મળે છે. અત્યાર સુધીમાં નાટક ઉપરાંત હજારો વિદ્યાર્થીઓને તેઓ ભણાવી ચૂક્યા છે. અનેક એવોર્ડથી વિભૂષિત યઝદીભાઈને ૨૦૨૦માં પદ્મશ્રી પણ મળ્યો છે. પણ જેમ-જેમ તેમનું સન્માન વધતું જાય છે તેમ તેમ તેઓ એટલા જ નમ્ર થતાં જાય છે. તેમને મન પ્રેક્ષકો એ ભગવાન છે અને અભિનય એ પ્રેક્ષકોની પ્રસાદી છે. તેઓ માને છે કે અભિનેતાએ પ્રેક્ષકોનું ક્યારેય અપમાન કરવું જોઈએ નહીં. પોતાના નાટ્યગુરુ માટે પિતા ઉપરાંત ડૉ. રતન માર્શલને તેઓ યશ આપે છે. ૨૦૦૭માં તેમણે સુરતમાં પારસી થિયેટર એકેડમી પણ શરૂ કરી છે. યઝદી કરંજિયા થિયેટર ગ્રૂપના નામે ચાલતી આ પ્રવૃત્તિમાં વધુ ને વધુ યુવાનો જોડાઈ રહ્યા છે. તેમના મતે જો તમે એક મિનિટ પણ હસતાં નથી તો તમે તમારા જીવનની કિંમતી ૬૦ સેકન્ડ ગુમાવી એવું તેઓ માને છે.

*એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩.*
*મો-૯૮૨૫૪ ૬૪૪૮૧*



# કબીરસાહેબની હૃદય સોંસરવી ઊતરી જાય એવી સાધુકડી ભાષા

*- પુલક ત્રિવેદી*


ઈતિહાસ સાક્ષી છે કે, દુનિયામાં જેમણે જનતા સાથે જોડાઈને જે કહ્યું, એમણે લોકહૃદયમાં જબરજસ્ત સ્થાન મેળવ્યું છે. આવા સર્જકો સદીઓ સુધી જનમાસન ઉપર રાજ કરતા રહ્યા છે. કાળની થાપટ આવા સર્જકોના વિચારકોને વિસારે પાડી શકતી નથી. આ સર્જકોની પરિભાષાનું મૂળ તત્વ 'બ્રેવીટી ઈઝ સોલ ઓફ ધ રાઈટિંગ'માં સમાયેલું છે. આ સર્જકો સંક્ષિપ્તમાં ગહન સંદેશ સહજ રીતે આપી દેતા હોય છે. સદીઓથી જાગતું એક નામ એટલે 'કબીર સાહેબ'. અરબીમાં કબીરનો અર્થ થાય છે 'મહાન'. કબીરને કવિ અને વિચારક પહેલાં એક પ્રખર સમાજ સુધારક કહેવા પડે. એ સત્યના અન્વેષક અને ધર્મના સાચા વિશ્લેષક હતા. ઇસવીસન ૧૫મી સદીમાં થયેલા કબીર સાહેબ સિકંદર લોદીના સમકાલીન હતા. એ સમયમાં સમાજમાં જાત-પાતની અરાજકતા અને રૂઢિચુસ્તતાનો માહોલ હતો.

કબીરદાસ એક એવા સર્જક-વિચારક હતા કે, જેમના વિચારો અને રચનાઓએ સતત છેલ્લી છ સદીઓથી ખીલેલાં તાજાં પુષ્પ જેવાં મનમોહક સુગંધની મહેક ફેલાવી છે. આગામી કેટલીય સદીઓ આ વિચારો ચિર સ્મરણીય બની રહેશે. કબીરના વિચારો અને સર્જન જીવનના મૂળ તત્ત્વને રજૂ કરતા હોય છે. એટલે જ એમની રચનાઓમાંથી થોડામાં ઘણી સમજ મળતી હોય છે. કબીરની રચનાઓ અને અભિવ્યક્તિની પરિભાષાને 'પીથી-અર્થી રાઈટિંગ સ્ટાઈલ' તરીકે ઓળખવામાં આવે છે. 'પીથી' એટલે થોડામાં ઘણું અને 'અર્થી' એટલે લોકોના હૃદયથી જડથી જોડાયેલું તત્ત્વ.

લોકોને પોતાની ભાષા અને પોતીકી ભાવના કબીરની રચનાઓમાં અને વાણીમાં લાગે. કબીરની રચનાઓની ભાષા સાધુકડી ભાષા કહેવાય છે. સાધુકડી ભાષામાં એમણે કટ્ટરપંથીઓના અંધવિશ્વાસ અને રૂઢિઓ ઉપર જબરજસ્ત પ્રહારો કર્યા. કબીરજીના સર્જનમાં હિન્દી ભાષાની બધી જ બોલીઓ સમાયેલી લાગે. રાજસ્થાની, હરિયાણવી, પંજાબી, ખડી, અવધિ, વ્રજ, ભોજપુરી વગેરે ભાષાઓનો શંભુમેળો કબીરના સર્જનમાં બિલકુલ સહજતાપૂર્વક સરળતાથી વહેતો જોવા મળે છે. આમ જોવા જઇએ તો કબીરની પ્રસ્તુતિની પરિભાષા 'ખીચડી' ભાષા કહેવાય. 'ખીચડી' સરળતા અને ઝડપથી પચી જતો જન સામાન્યનો પ્રિય આહાર છે. એવી જ રીતે તદ્દન સરળ ભાષામાં અને ઝડપથી હૃદયમાં ઊતરી જતી 'ખીચડી' ભાષામાં પ્રસ્તુત થયેલા કબીર સાહેબના સર્જનને લોકોના હૃદયમાં અદ્ભુત સ્થાન મળ્યું છે.

ખોટા રીત રિવાજો અને કોઈપણ ધર્મમાં રહેલી અણસમજ કે ગેરસમજને ફેલાવતી વાતોનું કબીરે તેમની સહજ ભાષામાં બેબાક રીતે ખંડન કર્યું છે. લોકોને સમજ પડે એવી 'ખીચડી' ભાષામાં જીવનનો મર્મ અને સત્યની સમજ એમણે સરળતાથી પૂરી પાડી છે. તદ્દન સરળ અને સ્પષ્ટ એવા 'રામ' નામના મંત્રને લઈને કબીરે સામાજિક ચેતના જગાડવાનો ભગીરથ યજ્ઞ આરંભ્યો હતો. સંત રામાનંદજીથી પ્રભાવિત કબીરની અદ્વૈતવાદની ફિલોસોફીને જનમાનસમાં જબરજસ્ત સ્થાન પ્રાપ્ત થયું છે.

સંત કબીરના વિચારોના મજબૂત પ્રભાવનુ એક પ્રમાણ એ છે કે, ૧૫મી સદીમાં જન્મેલા કબીરના વિચારો છેક ૧૭મી સદીમાં 'કબીર બીજક' ગ્રંથમાં પ્રગટ થયા. એટલે કે બે સદીઓ સુધી કબીરના વિચારો કંઠોપકંઠ વહેતા રહ્યા. સંત કબીરના અનુયાયીઓએ તેમની વાણીના સંગ્રહને 'બીજક એવમ્ અનુરાગ સાગર' નામના ગ્રંથમાં સંકલિત કર્યા. એમના વિચારો સાખી, શબદ અને રમયની એમ ત્રણ ભાગમાં પ્રસ્તુત કરવામાં આવ્યા. 'સાખી' સંસ્કૃત શબ્દ સાક્ષી ઉપરથી અપભ્રંશ થઈને આવેલો શબ્દ છે. કબીરજીની વાણી, શિક્ષણ અને સિદ્ધાંતોનું નિરૂપણ આ 'સાખી' વિભાગમાં નિરૂપાયેલા છે. 'શબદ' વિભાગ લયબદ્ધ ગીતોથી બનેલો છે. જેમાં સંત કબીરે પ્રેમ અને અંતરંગ સાધનાની કરેલી અભિવ્યક્તિની લયબદ્ધતા છે, જ્યારે ત્રીજો વિભાગ 'રમય'ની ચોપાઈ છંદમાં લખાયો છે. જેમાં કબીરજીએ રહસ્યવાદી સાત્ત્વિક વિચારોને સુપેરે પ્રગટ કર્યા છે. કબીર સાહેબે પ્રસ્તુત કરેલા વિચારો ભક્તિ, જ્ઞાન અને સંદેશ એમ ત્રણ મહત્ત્વના આધારસ્તંભો ઉપર અડગ ઊભા છે.



સંત કબીરનું સાહિત્યમાં સર્જક તરીકે એક વિશિષ્ટ સ્થાન છે. જીવનના ગૂઢ રહસ્યોની ખૂબ મોટી વાતો અત્યંત સરળતાથી ટૂંકમાં સમજાવતાં સંત કબીર લોકોના હૃદયમાં સીધા ઊતરી જાય છે. કબીરના દોહા જીવનમાં શું કરવું જોઈએ અને શું નહીં એની સરળ અને તળપદી ભાષામાં સમજ આપે છે. જીવનની ફિલોસોફીને સાદગીથી સમજાવતાં કબીરના અનેક દોહાઓ સર્વકાલીન લોકમાનસ ઉપર છવાયેલા રહ્યા છે.

*'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,*
*પલ મેં પ્રલય હોયેગી, બહુરી કરે વો કબ'*

માત્ર બે લીટીમાં કર્મના સિદ્ધાંતને સંત કબીરદાસજી અદભુત રીતે અભિવ્યક્ત કરે છે. તેઓ કહે છે કે, ભવિષ્યની રાહ જોઈને કામનું આયોજન ન કરાય. જે કામ કાલે કરવાનું છે, એ આજે નહીં બલ્કે અત્યારે જ શરૂ કરવું જોઇએ. જીવન બહુ ટૂંકુ છે અને જો એક પળમાં જીવન સમાપ્ત થશે તો આ કામ ક્યારે કરશો?

*'ધીરે ધીરે રે મના ધીરે સબ કુછ હોય,*
*માલી સિંચે સો ઘડા, ઋતુ આયે ફલ હોયે. '*

જીવનમાં ધીરજ સૌથી મહત્ત્વનો સદગુણ છે. કર્મ કર્યા બાદ ફળ માટે ધીરજ અગત્યનું લક્ષણ છે. કબીરદાસજી આ વિચારને એમની ભાષામાં સરસ ઉદાહરણ સાથે સમજાવતાં કહે છે કે, હંમેશાં ધૈર્યપૂર્વક કામ લેવું જોઈએ. વૃક્ષને એક દિવસમાં માળી ભલે સો ઘડા પાણી આપે તોય ફળ તો એની સીઝન આવે ત્યારે જ મળી શકે.

*'દુઃખ મેં સુમીરન સબ કરે, સુખ મેં કરે ન કોઈ,*
*જો સુખ મેં સુમીરન કરે, દુઃખ કાહે કો હોય.'*

સુખ અને આનંદના સમયમાં ઈશ્વર યાદ આવતા નથી. તકલીફના સમયે ભગવાન યાદ આવે છે. સુખ દુઃખની પરિભાષાને અદ્‌ભુત રીતે અભિવ્યક્ત કરતાં સંત કબીર કહે છે કે, સુખમાં ઈશ્વરને કોઈ યાદ કરતું નથી અને દુઃખમાં બધા જ બે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરે છે. પણ જો સુખમાં ભગવાનને યાદ કરવામાં આવે તો દુઃખ આવે જ નહીં.

*'માલા ફેરત જુગ ભયા, ફીરા ન મન કા ફેર,*
*કર કા મનકા ડાર દે, મન કા મનકા ફેર.'*

ખાલી દેખાડો કરી માળા ફેરવવાથી કોઇ મતલબ સરતો નથી. આ વાતને કબીરજી સ્પષ્ટ કરતાં કહે છે કે, કેટલાક લોકો વર્ષો સુધી હાથમાં માળા ફેરવે છે, પણ એનું મન બદલાતું નથી. આવા લોકોએ માળા છોડીને મન બદલવું જોઈએ. સચ્ચાઈના રસ્તા પર ચાલવું જોઈએ.

*'જૈસા ભોજન ખાઈએ, તૈસા હી મન હોય,*
*જૈસા પાની પીજીએ, તૈસી બાની હોય.'*

અન્ન તેવો ઓડકારની મૂળતઃ પરિભાષા કબીરદાસજી સમજાવતાં કહે છે, જેવું ભોજન લેવામાં આવે, જેની સાથે ભોજન લેવામાં આવે તેના વિચારો મનમાં પ્રવેશે. જેની સાથે જેવું પાણી પીવામાં આવે તેના જેવી વાણી વિકાસ પામે છે. આનો શાબ્દિક અર્થ ન પકડતા તાત્ત્વિક અર્થ સમજવા જેવો છે. કબીર સાહેબના મતે જ્યારે કોઈની સાથે ભોજન લેવા બેસવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ બે-ચાર કલાકનો સમય પસાર થઇ જતો હોય છે. આ સમયગાળા દરમિયાન વાતચીતમાંથી સામેવાળી વ્યક્તિના વિચારો જાણે અજાણે માનસપટ ઉપર છવાતા જતાં હોય છે. એટલે જ કબીર સાહેબ કહે છે કે, જેના ઘરે બેસીને ભોજન લેવામાં આવે એના જેવા વિચારો આપણા મનમાં ઉદ્‌ભવવા લાગે. અનાજમાં કોઇ દોષ નથી હોતો. દોષ જેની સાથે બેસીને અનાજ ગ્રહણ કરવામાં આવે છે એની સાથે ગાળેલા સમય અને વિચારોનો હોઇ શકે છે.

*'જાતિ ન પૂછો સાધુ કી, પૂછ લીજીએ જ્ઞાન,*
*મોલ કરો તલવાર કા, પડા રહને દો મ્યાન'*
*'બડા હુઆ તો ક્યા હુઆ, જૈસે પેડ ખજૂર,*
*પંછી કો છાયા નહીં, ફલ લાગે અતિ દૂર'*

જાત અને સંપ્રદાય ઉપર કબીરજીની સ્પષ્ટ વાત છે કે, મનુષ્ય જ્ઞાનથી ઓળખાય છે. મ્યાનમાં પડેલી તલવાર ગમે એટલી ધારદાર હોય એ કશા ખપમાં લાગતી નથી. મનુષ્ય મોટો થવાથી કોઇ મતલબ સરતો નથી મનુષ્ય સાચો જ્ઞાનમાર્ગી હોય તે જરૂરી છે. કબીરજી કહે છે કે, ખૂબ ઊંચા બનવામાં કોઇ સાર નથી. ખજૂરનું ઝાડ ખૂબ ઊંચુ હોય છે પણ એ વટેમાર્ગુઓને છાંયડો આપવાના કામમાં નથી આવતું વળી એના ફળ પણ અત્યંત દૂર લાગતા હોઇ એ પ્રાપ્ત કરવામાં પણ કષ્ટ પડે છે.

કબીરજીએ સ્વયં અનુભવેલા સત્યના આધાર ઉપર સમાજનું માર્ગદર્શન કર્યું. એ માનતા કે, કુસંગ, છળકપટ, નિંદા, અહંકાર, જાતિભેદ, ધાર્મિક પાખંડ વગેરેનો ત્યાગ કરીને જ સાચો માણસ બની શકે. એમણે હંમેશાં શુદ્ધ આચરણ ઉપર સૌથી વધુ ભાર મૂક્યો.

મોટા મોટા ભારેખમ શબ્દો, છંદો, શબ્દાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ, શબ્દોની ચમક-દમક, વિદ્વતા દર્શાવવા માટે ચોક્કસ સારા હોઈ શકે પરંતુ જનસામાન્યના હૃદયમાં ઊતરે એવું ટૂંકું પણ ચોટદાર, સરળ છતાં હૃદયસ્પર્શી લખાણ અને વિચાર હોય એ જ કબીરજીની માફક અનંતકાળ સુધી હૃદય ઉપર રાજ કરે છે. સર્જન તો એ કહેવાય જે હૃદયમાં ઊતરે અને જનતાને જોડે. કબીર સાહેબનું સર્જન અભિવ્યક્તિનું અદ્‌ભુત માધ્યમ એટલા માટે બની ગયું છે કે એમાં આકર્ષણ જમાવવાનું તત્ત્વ લગીરેય નથી. એમા તાજગીસભર નવસંચાર સાથે જીવનકલાની સુવાસ છે.

*૫૩૩/૨, 'મનુકુંજ' નિવાસ, સૌરભ સોસાયટી,*
*સેક્ટર-૨૩, ગાંધીનગર-૩૮૨ ૦૨૩*
*મો. ૯૯૭૮૪૦૫૮૩૫*